# ગુનાહાને કબીરા

# (ભાગ-3)

## -: પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ |
|---|---|---|
| ૧ | તેત્રીસમો ગુનોહ : તકબ્બુર કરવો | 6 |
| ૨ | ચોત્રીસમો ગુનોહ : મુસલમાનો સાથે જંગ કરવી | 196 |
| 3 | પાંત્રીસમો ગુનોહ : મુર્દાર અને સુવ્વરનું ગોશ્ત ખાવું તથા લોહી પીવું | 229 |
| ૪ | છત્રીસમો ગુનોહ : નમાઝ ન પડવી | 321 |
| ૫ | સાડત્રીસમો ગુનોહ : ઝકાત ન આપવી | 416 |
| ૬ | આડત્રીસમો ગુનોહ : હજને અહેમીયત ન આપવી | 526 |

| | | |
|---|---|---|
| ૭ | ઓગણચાલીસમો ગુનોહ : વાજિબાત પૈકી કોઈ એક છોડી દેવી | 602 |
| ૮ | ચાલીસમો ગુનોહ : નાના ગુનાહોનું પુનરાવર્તન | 681 |
| ૯ | એકતાલીસમો ગુનોહ : ગીબત | 743 |
| ૧૦ | બેતાલીસમો ગુનોહ : ચુગલખોરી | 810 |
| ૧૧ | તેતાલીસમો ગુનોહ : મોઅમિનની બેઈઝ્ઝતી કરવી | 834 |
| ૧૨ | ચુંમાલીસમો ગુનોહ : મકરો ફરેબ | 914 |
| ૧૩ | પીસ્તાલીસમો ગુનોહ : અનાજની સંગ્રહખોરી | 955 |
| ૧૪ | છેતાલીસમો ગુનોહ : કુરઆને મજીદની બેહુરમતી | 962 |
| ૧૫ | સુડતાલીસમો ગુનોહ : ખાનએ | 986 |

| | | |
|---|---|---|
| | કાઅબાની બેહુરમતી | |
| ૧૬ | અડતાળીસમો ગુનોહ : મસ્જિદની બેહુરમતી | 1007 |
| ૧૭ | ઓગણપચાસમો ગુનોહ : માસૂમીન અલય્હેમુસ્સલામની કબ્રની બેહુરમતી | 1019 |
| ૧૮ | પચાસમો ગુનોહ : હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામની કબ્રની બેહુરમતી | 1030 |
| ૧૯ | બે સવાલ - બે જવાબ | 1063 |
| ૨૦ | તૌબા | 1083 |

અઊઝો બિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ

બિસ્મિલ્લા હિરરહમા નિરરહીમ

# તેત્રીસમો ગુનોહ

# અલ કિબ્રો - તકબ્બુર કરવો

તેત્રીસમો ગુનાહે કબીરા જેના વિષે નસ્સ મૌજૂદ છે તે તકબ્બુર છે, જેને ફઝલ બિન શાઝાનની રિવાયતમાં હઝરત ઇમામ અલીરઝા (અલય્હિસ્સલામ)ના હવાલાથી નોંધવામાં આવેલ છે અને શેખ અન્સારીએ ‘મકાસિબ’માં મજકૂર રિવાયત મોઅતબર હોવાનું સમર્થન કર્યુ છે. અને તેઓએ ફરમાવ્યું છે કે, તેની સનદ સહીહ રિવાયતથી ઓછી નથી. અને અઅમશની

રિવાયતમાં પણ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ગુનાહે કબીરાના વિષયમાં ફરમાવ્યું છે કે તકબ્બુર (ઘમંડ અને અન્યાય)થી કામ લેવું એ ગુનાહે કબીરા છે. આ ઉપરાંત આ એવો ગુનોહ છે જેના માટે કુરઆને મજીદમાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. સૂરએ ઝુમરમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "શું ગુરૂર કરનારાઓ (અભિમાનીઓ)નું ઠેકાણું જહન્નમ નથી ?" (સૂરએ ઝૂમર - ૩૯ આ. ૬૦)

એટલે કે જી હા, તેવા લોકોનું ઠેકાણું દોઝખમાં છે અને એ જ સૂરામાં ફરમાવ્યું છે :

"કહેવામાં આવશે કે જહન્નમનાં દરવાજાઓમાં દાખલ થઈ જાઓ (અને) હંમેશા

(માટે) તેમાં જ રહેજો. સારાંશ કે તકબ્બુર કરનારાઓનું (જહન્નમ) કેવું ખરાબ ઠેકાણું હશે ?" (સૂરએ ઝૂમર - ૩૯ - આ. ૭૨)

સૂરએ મોઅમિનમાં ખુદાવંદે આલમ ઇરશાદ ફરમાવે છે :

"એવી રીતે ખુદાવંદે આલમ દરેક મુતકબ્બીર (તકબ્બુર કરનારા) અને શિરજોરનાં દિલ ઉપર મોહર લગાવી દે છે." (સૂરએ મોઅમિન - ૪૦, આ. ૩૫)

એટલે કે, જે કોઈ પોતાની જાતને બીજા કરતા (બીજાથી વધારે) ઉચ્ચ સમજે. એટલે કે તે પોતાને એ નિશાનીઓથી ઓળખાવે. તકબ્બુર વિષે કુરઆને મજીદની ઘણી આયતો છે, પરંતુ

અત્રે ફકત એ આયતનો ઉલ્લેખ પૂરતો છે જે શૈતાનના તકબ્બુર માટે નાઝિલ થએલ છે. એટલે કે, તકબ્બુરના કારણે શૈતાન મરદુદ બન્યો અને કાયમ માટેના અઝાબમાં સપડાઈ ગયો. અલ્લાહ તઆલા સૂરએ બકરહમાં ફરમાવે છે :

"(શૈતાને આદમને સજદો કરવાનો) ઇન્કાર કર્યો. તેણે તકબ્બુર કર્યું, અને કાફિરો માંહેનો થઈ ગયો." (સૂરએ બકરહ - ૨, આ. ૩૪)

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ નહજુલ બલાગાહનાં ખુત્બએ કાએઆહ (ખુત્બો ૧૯૧)માં ફરમાવે છે :

“અલ્લાહ તઆલાએ શૈતાન સાથે જે કર્યુ છે તેનાથી ઈબ્રત હાંસિલ કરો. જયારે કે ખુદાએ તેના લાંબા સમયના અમલ અને અગણિત પ્રયત્નોને તેના એક પળના તકબ્બુરના કારણે નકામો કરી નાખ્યો. વાસ્તવમાં તેણે છ હજાર વર્ષ (ની મુદ્દત) સુધી ખુદાવંદે આલમની ઇબાદત કરી હતી. એ વાતની જાણકારી નથી કે, એ વરસોની ગણત્રી દુનિયાના વરસોની ગણત્રી મુજબની હતી કે આખેરતના વરસોની. (કેમકે આખેરતના દરેક દિવસની લંબાઈ હજાર વર્ષ જેટલી હશે.) તો પછી ઇબ્લીસ પછી તેની જેવો ગુનોહ કરીને કોણ બચી શકવાનું છે ? અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને જે ગુનાહના

કારણે જન્નતમાંથી કાઢી મૂકયો હોય તેવો ગુનાહ કરવાથી એક ઇન્સાનને જન્નતમાં જગ્યા કઈ રીતે આપે ? ખુદાવંદે આલમનો હુકમ આસમાનવાસીઓ અને જમીન ઉપર રહેનારાઓ માટે છે (અને ખુદાવંદે આલમ તરફથી કોઈ મખ્લૂકાત માટે ભેદભાવ કે દોસ્તી હોતી નથી.) ખુદાવંદે આલમે જે વાત (ઇઝઝત અને કિબ્રીયા) આખી દુનિયા માટે હરામ કરી દીધી છે તે કોઈ માટે મુબાહ હોઈ શકતી નથી.”

કેટલાક વાકયો કહ્યા પછી આપે ફરમાવ્યું :

“અને એ કાબીલ જેવા ન બની જાઓ, જેને ખુદાવંદે આલમે કોઈ વિશેષ ફઝીલત

આપી ન હતી, તેમ છતાં તેણે (પોતાના ભાઈ) હાબીલની સામે તકબ્બુર કર્યું હતું. અને દુશ્મનીના લીધે તેના દિલમાં ઘમંડ અને આત્મપ્રશંસાનો વિચાર પેદા થયો હતો. તેમજ તેના દિલમાં ગેઝો ગઝબ (ક્રોધ અને ગુસ્સા)ની આગ ભડકી ઉઠી હતી. તેમજ, શૈતાને તેના દીમાગમાં તકબ્બુર અને ગુરૂરની હવા ફૂંકી દીધી હતી. જેના લીધે અલ્લાહ તઆલાએ તેનામાં ભોંઠપ મૂકી દીધી અને તેને કયામત સુધીના કાતિલોનો જવાબદાર (બાની) નિશ્ચિત કરી દીધો. આ વાતનો સારાંશ એ છે કે, કાબિલ તેના ભાઈ સાથે તકબ્બુર કરવાના કારણે હંમેશાની બદબખ્તી અને ભયંકર અઝાબમાં ફસાઈ ગયો.

અમુક વાકયો કહ્યા પછી આપે ફરમાવ્યું : તમારી પહેલાની તકબ્બુર કરનારી ઉમ્મત ઉપર અલ્લાહ તઆલા તરફથી જે અઝાબની સખ્તીઓ, હલાકત અને અઝાબ નાઝિલ થયો હતો તેનાથી બોધપાઠ ગ્રહણ કરો અને તેઓને પડખાભેર ગાલ જમીન ઉપર રાખીને મૂકવાની જગ્યા (માટી) અને તેમના ગોંઠણીયાભેર પડવાના સ્થાન (કબરો)થી નસીહત મેળવો અને જે રીતે ભવિષ્યમાં આવનારી મુસીબતોથી સુરક્ષિત રહેવા માટે પનાહ માંગો છો તેવી જ રીતે ઉધ્ધત બનાવનારા લક્ષણોથી અલ્લાહ તઆલાની પનાહ માંગો. (નહજુલ બલાગાહ, ખુત્બએ કાસેઆહ - ખુત્બો નં ૧૯૧)

હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા ત્રણ પ્રકારના સમૂહ સાથે વાતચીત નહીં કરે. (એટલે કે તે ત્રણેય સમૂહ અલ્લાહના ગઝબનું કેન્દ્ર બનશે.) અને અલ્લાહ તેમની ઉપર રહેમતની નઝર નહીં કરે અને તેવા લોકો માટે દર્દનાક અઝાબ હશે. (૧) વૃધ્ધ ઝિનાકાર (વ્યભિચારી પુરૂષ) (૨) ઝાલિમ સત્તાધીશ (૩) મગરૂર ફકીર (કાફી પાના નં ૩૧૧)

એટલે કે, ત્રણેય સમૂહોનો અઝાબ યુવાનીમાં ઝિના કરનાર, એવો ઝાલિમ જે હાકિમ ન હોય અને એવો મગરૂર જે ફકીર ન

હોય તેના કરતા વધારે છે. આ બાબતનું કારણ પણ સ્પષ્ટ છે કે, આ ત્રણેય સમૂહને ગુનાહ કરવા માટેનું કોઈ કારણ હોતું નથી. એટલે કે, કામવાસનાની જે આગ યુવાનીમાં હોય છે તેવી વૃધ્ધાવસ્થામાં હોતી નથી. એટલે જયારે કોઈ વૃધ્ધ ઝિના કરે તો તે બિલ્કુલ બેહયા હોય છે. અને તે અહેકામે ખુદાની પરવાહ નથી કરતો, તેથી વૃધ્ધ ગુનેહગારને સજા યુવાન કરતા વધારે હોય છે. એવું જ ઉદાહરણ સત્તાધીશનું છે. ખુદાવંદે આલમે હાકિમને હકૂમત અને તાકત અદલો ઇન્સાફ ફેલાવવા માટે આપી છે, પરંતુ જો તે સત્તાધીશ તે તાકતનો ઉપયોગ ઝુલ્મો સિતમ કરવા માટે કરવા માંડે તો

ખુદાવંદે આલમ તેને તેના એ ગુનાહ ઉપરાંત ખુદાવંદે આલમની નેઅમતોનો ઇન્કાર કરવાને લીધે વાસ્તવમાં તે બંદગીનો ઇન્કાર કરનાર થઈ ગયો ગણાય છે. તેવી જ રીતે, તકબ્બુર કરનાર ફકીર માટે છે. તકબ્બુરનું એક કારણ માલ દૌલત હોય છે, જેની પાસે માલો દૌલત ન હોય અને તેમ છતાં તે તકબ્બુર કરે તો તેના વ્યવહારથી એ વાત જાહેર થાય છે કે તે દૃષ્ટ અને પોતાના માલિક ખુદાનો દુશ્મન છે.

એક માણસે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું :

કુફ્રનો નીચામાં નીચો દરજ્જો એટલે કે હકથી મુખ ફેરવવું એ કઈ બાબત છે ? ઇમામે

ફરમાવ્યું કે તેનો નીચામાં નીચો દરજજો તકબ્બુર છે. (કાફી, જીલ્દ - ૨, પાના નં ૩૦૯)

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે : ‘ઇઝઝત અને બુઝુર્ગી’ તથા ‘કિબ્રીયાઈ (મોટાઈ) વ્યકત કરવી’ એ અલ્લાહ તઆલાના બે ખાસ પોશાક પૈકીની બાબતો છે. (એટલે કે સત્તાધીશનો વિશેષ પોશાક પહેરવાનો કોઈને અધિકાર નથી હોતો તેવી જ રીતે અલ્લાહ તઆલાની આ બે સિફતો પૈકી કોઈ સિફતમાં તેની સાથે શિરકત કરવાનો મખ્લૂકને હક રહેતો નથી.) જો કોઈનામાં પણ આ બે સિફતો પૈકી કોઈ સિફત હોય એટલે કે કોઈ પોતાની બુઝુર્ગી અથવા

કિબ્રીયાઈ જાહેર કરશે, તો ખુદાવંદે આલમ તેને ઊંઘે માથે જહન્નમમાં નાખી દેશે.

આપે આ પ્રમાણે પણ ફરમાવ્યું : કિબ્ર અને બુઝુર્ગી અલ્લાહ તઆલાના બે મખ્સૂસ લિબાસ સમાન છે. જો કોઈ તકબ્બુર કરે (જે ખુદાવંદે આલમની મખ્સૂસ સિફત છે) તો તેણે ખુદાવંદે અઝઝ વ જલ્લ સામે જંગ કર્યા સમાન છે. (કાફી ભાગ ૨, પાના નં ૩૦૯)

કારણ કે તકબ્બુર કરનાર તકબ્બુરની હાલતમાં પોતાની બંદગીને ભૂલી જાય છે. ખરેખર તો તેને મળેલી તમામ વસ્તુઓ અલ્લાહ તરફથી જ છે. જયારે કે તે પોતાની જાતને સંપૂર્ણ અને કરતા હરતા સમજે છે. અને

ફિરઔનની જેમ કહે છે કે હું સૌથી મોટો અને ઉચ્ચ છું. મારામાં આવી અને તેવી શ્રેષ્ઠતા છે, અને તે રીતે ખુદાએ વાહીદની સરખામણીમાં રૂબુબીયતનો દાવો કરી બેસે છે. આ વાતનો અર્થ એ છે કે ઇન્સાન અલ્લાહ તઆલાની (એ સિવાયની) દરેક સિફતો જેમકે ક્ષમા, માફી, રહેમ, સખાવત, અહેસાન, કરમ, હિલ્મ, ઇલ્મ, મોહબ્બત, મહેરબાની વગેરેના ગુણો ધરાવી શકે છે. બલ્કે કુર્બ (નિકટતા)ના દરજ્જે એ ગુણોના વધારે કે ઓછા હોવાથી જાહેર થાય છે. પરંતુ ઇઝઝત અને અઝમત તેમજ કિબ્રીયાનો ગુણ ફકત ખુદાએ અઝઝ વ જલ્લ સાથે જોડાએલ

છે. તેથી કોઈ ઇન્સાનને આ સિફત પ્રાપ્ત કરવાનો અધિકાર નથી.

કુરઆને મજીદમાં ખુદાવંદે આલમ ફરમાવે છે : અને તમામ આસમાનો અને પૃથ્વીમાં તેની જ મોટાઈ છે. (સૂરએ જાસીયાહ - ૪૫ આ. ૩૭)

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : દોઝખમાં એક એવી ખીણ છે જે ઘમંડીઓ (તકબ્બુર કરનારાઓ) માટે ખાસ છે જેને સકર કહેવામાં આવે છે. એ સકરે પોતાની અધિક ગરમીની ખુદાવંદે આલમને ફરિયાદ કરી અને શ્વાસ લેવા માટે રજા માંગી. અને જયારે તેણે શ્વાસ લીધો

ત્યારે (તે સકર નામની) આખી જહન્નમ બળીને ખાક થઈ ગઈ. (કાફી ભાગ ૨, પાના નં ૩૧૦) આપે આ મુજબ પણ ફરમાવ્યું :

"નિઃસંશય તકબ્બુર કરનાર (કયામતના દિવસે) બારીક કીડીઓના સ્વરૂપમાં મહશૂર થશે. અને ખુદાવંદે આલમની મખ્લૂક તેમના હિસાબ કિતાબ આપશે ત્યાં સુધી આવા લોકો તેઓના પગ નીચે રગદોળાયા કરશે.

અલ્લામા મજલિસી આ હદીસના વિવરણમાં ફરમાવે છે કે, આ હદીસ એ વાતની દલીલ છે કે એ વાત શકય છે કે, કયામતના દિવસે ઇન્સાનનું કદ દુન્યવી શરીરના પ્રમાણમાં એકદમ નાનકડા કણ જેવું થઈ જાય અને તેના

શરીરના કેટલાંક અવયવો તેનામાં મૌજૂદ રહે અને તે અવ્યવોની સાથે બીજાં અવયવો જોડીને તેને મજબૂત બનાવી દેવાય. એ પણ શકય છે કે તેના શરીર સાથે જોડવામાં આવેલા અવયવોને એટલા બધા ટીપવામાં આવે અને એ પણ શકય છે કે આનો અર્થ એ હોય કે પોતાના શરીર સાથે ઝલીલ મહશૂર થાય, ભલે તેનું શરીર ખૂબ જ મોટું હોય અથવા તો કીડીના સ્વરૂપમાં મહશૂર થવાનો અર્થ તેને ઝલીલ અને નીચો દેખાડવાનો હોય શકે. એટલે કે તેનું જે પણ સ્વરૂપ હોય તે સ્વરૂપમાં તેને રગદોળવામાં આવશે.

કિબ્ર તથા તકબ્બુર અને તેના પ્રકાર :

ઇન્સાનમાં આત્મપ્રશંસાને લીધે કિબ્ર (મોટાઈ) ઉત્પન્ન થાય છે. અને તે પોતાની જાતને બીજા (અથવા બીજાઓ) કરતા મોટો અને ઊંચો સમજવા લાગે છે અને તે સંજોગોમાં તે જે વાતો અને અમલને વ્યકત કરે છે તેને તકબ્બુર કહેવામાં આવે છે. તકબ્બુરના ત્રણ પ્રકાર છે.

(૧) અલ્લાહ તઆલાની સામે તકબ્બુર

(૨) પયગમ્બર અને ઇમામની સામે તકબ્બુર અને

(૩) લોકોની સામે તકબ્બુર કરવું.

(૧) અલ્લાહ તઆલા સામે તકબ્બુર કરવાના પણ ઘણા પ્રકાર છે. કેટલીક વખત એવું બનતું હોય છે કે, જાહિલ અને મગરૂર ઇન્સાનમાં એવું ઘમંડ પૈદા થઈ જાય છે કે તે પોતાને એક સંપૂર્ણ (હસ્તી) સમજવા લાગે છે. તે પોતાની હસ્તી અને પોતાની તમામ હેસિયતોને પોતાના પ્રયત્નોનું ફળ સમજવા લાગે છે અને તે પોતાને મખ્લૂક (અલ્લાહનું સર્જન) તેના કાબૂમાં અને ખુદાના નિર્ણય (તદબીરે ખુદા) પ્રમાણે અમલ કરવો જોઈએ તેમ માનવા તૈયાર નથી. તે પોતાની જીભ અને ચારિત્રયથી પોતાના 'હુંપદ'ને વ્યકત કરે છે અને પોતાની જીભથી એમ કહે છે કે, મેં આમ

કર્યું, અને હું આમ કરીશ અને પોતાની મર્યાદિત બાહય શકિત, માલ અને સત્તાના મદમાં પોતાને પેદા કરનારની ખુદાઈ અને પરવરદિગારનો સ્વીકાર કરતો નથી. કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : તેમના અંતઃકરણોમાં પ્રબળ બનવાની ઇચ્છા (મોટાઈ અને સરકશી) સિવાય બીજું કાંઈ જ નથી, જેને તેઓ (કદી પણ) પામનાર નથી. (એટલે દુનિયા અને આખેરતમાં તે બુઝુર્ગી પામી શકવાનો નથી અને હક ઉપર તેનો કોઈ પ્રભાવ પડી શકવાનો નથી.) (સૂરએ મોઅમીન - ૪૦, આ. ૫૬)

બીજી એક જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે :-

"જે લોકો આખેરત ઉપર ઈમાન નથી રાખતા તેમના હૃદયો એવા છે કે તેઓ દરેક બાબતમાં (આ નકકર સત્ય માનવાનો) ઇન્કાર કરે છે અને તેઓ ખૂબ જ મગરૂર રહે છે." (સૂરએ નહલ - ૧૬ આ. ૨૨)

અને કયારેક આ ગુરૂર અને તકબ્બુર એટલી હદે વધી જાય છે, કે ઇન્સાન પોતાના તમામ કાર્યનો સંબંધ પોતાની જ સાથે જોડે છે. એ ઉપરાંત પોતે બીજાના રબ હોવાનો અને ઉલુહીયતનો દાવો પણ કરવા લાગે છે અને પોતે બીજા કોઈ સમૂહની વ્યવસ્થા જાળવતો હોવાનો દાવો કરે છે. અને કહેતો હોય છે કે, અમુક લોકો મારા અંકુશ હેઠળ છે અને મેં તેમને

કેળવણી આપી છે. મૂર્ખ ફિરઔન કહેતો હતો કે “અના રબ્બોકોમુલ આઅલા - હું તમારા લોકોનો સૌથી મોટો પરવરદિગાર છું.” (સૂરએ નાઝેઆત - ૭૯ આ. ૨૪) અને પોતાના દાવાની દલીલમાં નીચેની આયત રજૂ કરે છે. શું મિસરનું રાજય મારી સલ્તનતમાંથી નથી ? (અને આ સામ્રાજ્યના તમામ કામો અને) એ નદીઓ જે મારા પગની નીચે વહેતી નથી ? (સરૂએ ઝુખરૂફ - ૪૩, આ. ૫૧) અને કયારેક કહેતો હતો : હું મારી સિવાય (બીજા) કોઈને (પણ) તમારો પરવરદિગાર જાણતો નથી.” (સૂરએ કસસ, ૨૮ આ. ૩૮)

નમરૂદ બદબખ્ત જે મોત અને હયાતનો માલિક પોતાની જાતને માનતો હતો અને કહેતો હતો કે હું જીવન આપું છું અને મોત આપું છું. (સૂરએ બકરહ - ૨, આ. ૨૫૮)

ઉપરના દાવાની દલીલમાં તેણે કૈદખાનમાંથી બે આરોપીઓને બોલાવ્યા, જેમાંથી એકને કત્લ કરી નાખયો અને બીજાને જીવતો છોડી દીધો.

કયારેક માણસ ખુદાવંદે અઝઝ વ જલ્લનો મુન્કીર હોતો નથી. પણ પોતાના ઘમંડ અને અજ્ઞાનતાના કારણે ખુદાવંદે આલમની બંદગી, ઇતાઅત અને અમ્રો નવાહી - ખુદા તરફથી આપવામાં આવેલ હુકમનો અમલ અને

જે કામ કરવાની મનાઈ કરવામાં આવી છે તેનાથી બચતા રહેવાને કારણે તકબ્બુર કરે છે.

ખુદાવંદે આલમ સૂરએ નિસામાં ઇરશાદ ફરમાવે છે :-

‘મસીહ ખુદાવંદે આલમનો બંદો હોવાનો ઇન્કાર કરતો નથી. તેમજ નિકટના ફરિશ્તાઓ પણ. (અને યાદ રાખો) જે (કોઈ) તેની ઇબાદત કરવાને હલકાઈ ગણે છે અને તકબ્બુર અને સરકશી કરે તો નઝદીકમાં જ તે (અલ્લાહ) તે બધાને પોતાની પાસે ભેગા કરી દેશે. (અને તે દરેકને તેના અમલનો બદલો આપશે) પછી જે લોકો ઈમાન લાવ્યા છે તથા સત્કાર્યો કર્યા છે તેમને તેના સવાબનો (પૂરે) પૂરો બદલો

આપશે. (એટલું જ નહીં) પોતાના ફઝલો કરમથી તેમને કાંઈ વધારી (પણ) આપશે, અને જે લોકો (અલ્લાહના બંદા હોવામાં) હલકાઈ મહેસૂસ કરે છે અને અભિમાન કરે છે, તો તે તેમને દર્દનાક અઝાબ આપશે." (સૂરએ નિસા - ૪, આ. ૧૮૨, ૧૮૩)

હકીકતમાં ઇબાદત અને ઇતાઅત કરવાનું સરકશી - ઉડંતાના કારણે છોડી દેવું એ કુફ્ર છે. અને ખુદાવંદે આલમની ઉલુહીય્યત અને રબુબીયતનો ઇન્કાર છે. કેમકે, એવું કરનાર વ્યકિત તે (ખુદા)ને પ્રશંસા અને પયરવી કરવાને લાયક સમજતો નથી. ખેરખર, જો તે પોતાની જાત અને પોતાની તમામ

શક્તિઓને તેની મખ્લૂક (અલ્લાહે સર્જેલી) અને અલ્લાહ તઆલા દ્વારા પરવરીશ પામેલી સમજતો હોય તે ખુદા (બુઝુર્ગ અને બરતર) નો ઇન્કાર કરે તે વાત શકય નથી અને જો કોઈ એવા (માણસ)થી ગુનાહ થઈ જાય અને તે ખુદાવંદે આલમના હુકમની અવગણના કરે તો એ (ગુનાહ) ખુદાવંદે આલમની રબુબીયતનો ઇન્કાર અને ખુદા સામે તકબ્બુર કરવાને કારણે નહીં પણ ગફલત અને શહવત (કામવાસના) ના પ્રભાવ અને ખ્વાહીશાતે નફસાનીને લીધે હોય છે.

આ વિષે ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ દોઆએ અબૂ હમ્ઝામાં અર્ઝ કરે છે :

“બારે ઇલાહા ! મેં જયારે તારા ગુનાહ કર્યા ત્યારે (એ વખતે) હું તારી ખુદાઈનો મુન્કીર ન હતો. અને તારા હુકમને હલકો અને તુચ્છ સમજતો ન હતો. તેમજ તારા અઝાબના વાયદાને પણ હકીર સમજતો ન હતો અને તારા તરફથી મળનારી સજા વિષે મારો કોઈ વિરોધ ન હતો. ખરેખર, તે ગુનાહ માટે મારા નફસે મને ઉશ્કેર્યો હતો. અને મને છેતર્યો. અને હું મારી ખ્વાહીશોના પ્રભાવમાં આવી ગયો હતો.

જે ગુનાહ તકબ્બુર અને સરકશી (વિદ્રોહ)ને લીધે કરવામાં આવે છે. તે માફીને પાત્ર નથી. કારણ કે, એ રીતે ગુનાહ કરનારના ગુનાહ કુફ્રની સાબિતી છે. અને એ કારણથી જ ઇબ્લીસનું કુફ્ર સાબિત થયું હતું. ઇબ્લીસને હ. આદમ અલય્હિસ્સલામને સજદો કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો પણ તેણે વિદ્રોહોના કારણે ખુદાવંદે તઆલાના હુકમ પ્રમાણે સજદો કરવાનો ઇન્કાર કરી દીધો અને (ઇબ્લીસે) કહ્યું કે, હું એવો નથી કે એક એવા માણસને સજદો કરૂં જેને તેં ખણખણતી સડેલી માટીમાંથી પૈદા કર્યો હોઈ. ખુદાવંદે આલમે તેના જવાબમાં ફરમાવ્યું : તું (બેહીશ્તમાંથી) નીચે ઉતરી જા.

કારણ કે તારા માટે એ લાયક નથી કે તું અહીં રહીને ઘમંડ કર, તું અહીંથી નીકળી જા. બેશક, તું ઝલીલ માણસો (કમીનાઓ) પૈકીનો છે. (સૂરએ અઅરાફ - ૭, આ. ૧૩)

"ઇબ્લીસે સજદો કરવાનો ઇન્કાર કર્યો અને તકબ્બુર કર્યું અને કાફીરો પૈકી થઈ ગયો. (સૂરએ બકરહ - ૨, આ. ૩૪)

## તકબ્બુરના કારણે દુવા ન કરવી એ પણ કુફ્ર છે.

તકબ્બુરને કારણે ખુદાની ઇબાદત કરવાનું છોડી દેવામાં આવે અને દુવા કરવામાં ન આવે એટલે કે પોતાની જાતને અલ્લાહ તઆલાની મોહતાજ સમજવામાં ન આવે તો તે

પણ કુફ્ર માટે કારણરૂપ બને છે. કુરઆને મજીદમાં ખુદાએ બુઝુર્ગો બરતર તમારો પરવરદિગાર ફરમાવે છે : “તમે મારી પાસે દુવા માંગો (મને પોકારો) હું તમારી (દુવા) કબૂલ કરીશ. જે લોકો અમારી ઇબાદત કરવા સામે સરકશી કરે (અડકશે) તેઓ ખચીત જ નઝદીકમાં જ ઝલીલ અને ખ્વાર થઈને નિઃશંક જહન્નમમાં જશે.” (સૂરએ મોઅમિન - ૪૦, આ. ૪૦)

તફસીરે કાશેફીમાં લખ્યું છે કે દુવાનો અર્થ સવાલ કરવો તે છે. એટલે કે, (હાજત પૂરી થવાની) માંગણી કરો. કારણ કે, મારો ખજાનો માલથી ભરપૂર છે, અને મારો કરમ આરઝૂઓને

પૂરી કરે છે. એવો કયો ફકીર છે જે પોતાની આરઝૂ લઈને મારી પાસે આવ્યો હોય અને મેં તુરત જ તેની હાજત પૂરી કરી ન હોય અને એવો કયો મોહતાજ છે જેણે પોતાની જીભથી સવાલ કર્યો હોય અને મેં તેની અપેક્ષા પ્રમાણે તેની દુવાને કબૂલ કરી ન હોય ? પોતાની જરૂરીયાતના સંજોગોમાં પરવરદિગારે આલમની હુઝૂરમાં આજીજી અને નમ્રતાથી સવાલ કરવો એ દુવાની હકીકત છે અને તે જ અબ્દીયત અને ખુદાએ વાહિદની સ્વીકૃતિ છે.

હવે જો કોઈ તકબ્બુરને કારણે દુવા કરવાનું છોડી દે એટલે કે પોતાની જાતને અલ્લાહ તઆલાનો મોહતાજ ન સમજે અને

અલ્લાહને ઇબાદતને લાયક ન સમજે તો તેવો માણસ કાફિર અને જહન્નમમાં જવાને પાત્ર બને છે.

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ સહીફએ સજજાદીયા દુવા નં ૪૫ માં અર્ઝ કરી છે, અય બારે ઇલાહ, તારી બારગાહમાં સવાલ કરવાનું નામ તે ઇબાદત રાખ્યું છે. (કારણ કે, ઇબાદત એ ખુદાવંદે આલમની હુઝૂરમાં પોતાની સંપૂર્ણ ઝિલ્લત જાહેર કરવી છે.)

અને ઇબાદતની સૌથી ઉચ્ચ કક્ષા એ તેની બારગાહમાં સવાલ કરવો છે. એટલે કે, મોહતાજીની હાલતમાં ખુઝુઅ અને ખુશુઅ

(વિનય અને વિનમ્રતા)ની સાથે અને ઇબાદત ન કરવાને તે તકબ્બુર કહેલ છે. કારણ કે ખુદાએ અઝઝ વ જલ્લની બારગાહમાં દુઆ કરવાથી પોતાની જાતને પોતાના ખાલિકથી બેનિયાઝ (નિસ્પૃહ - સ્વતંત્ર) સમજવાની ભાવના વ્યકત થાય છે. અને એ બાબતોનો ઇનકાર કરવા સમાન છે કે દરેક વસ્તુઓ તેના તરફથી છે અને દરેક મુશ્કેલીઓનો ઉપાય તેના વિશાળ હાથોમાં છે.

બીજી જગ્યાએ આપે ફરમાવ્યું : તારા બંદાઓ પૈકી શ્રેષ્ઠ બંદાઓ એ છે, જે તકબ્બુર નથી કરતો અને (સતત) ગુનાહો કરવાથી બચે છે અને ઇસ્તીગ્ફારને પોતાનો નિત્યક્રમ બનાવે

છે. અને હું એ બાબતથી બેઝારી વ્યકત કરૂં છું કે હું તકબ્બુર કરૂં છું અને તારી મદદ ન માંગું.” (સહીફએ સજજાદીયા, દુવા નં ૧૨)

## હુરમાતે ઇલાહીની સામે તકબ્બુર કરવું :

અલ્લાહ તઆલાની સાથે તકબ્બુર કરવાના પ્રકારોમાંથી એક પ્રકાર એ છે કે, એવી વસ્તુઓ સામે તકબ્બુર કરવામાં આવે જેનો સંબંધ ખુદાવંદે આલમ સાથે અને હુરમાતે ઇલાહી સાથે હોય. દા.ત. અલ્લાહ તઆલાના અવામીરો નવાહી (અલ્લાહે જે કામ કરવા કે ન કરવા માટે આપેલા હુકમ મુજબના) અને હરામ મહિના ખાસ કરીને માહે રમઝાનુલ મુબારક,

બયતુલ હરામ અને મશાહેદે મુશર્રફા બલ્કે બધી મસ્જિદો પણ તેમાં શામિલ છે. કારણ કે, ખુદાવંદે તઆલાએ તમામ મસ્જિદોને સમાન ગણીને પોતાની સાથે તેનો સંબંધ જોડયો છે. અને ફરમાવ્યું છે.

વ અન્નલ મસાજેદે લિલ્લાહે - અને મસ્જિદો અલ્લાહ માટે જ છે. (સૂરએ જિન્ન - ૭૨, આ. ૧૮)

ઉપર દર્શાવેલ કોઈ પણ વસ્તુઓની સામે એ રીતે તકબ્બુર કરવામાં આવે જેનાથી તેની બેહુરમતી થતી ગણાઈ, તો તે કાર્ય સંપૂર્ણ રીતે હરામ અને ગુનાહે કબીરા છે. અને

હકીકતમાં તેવું કાર્ય ખુદાવંદે આલમ સાથે તકબ્બુર છે.

સૂરએ માએદાહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

“અય ઈમાન લાવનારાઓ ! જુઓ, અલ્લાહ તઆલાની નિશાનીઓની બેહુરમતી (અવગણના) ન કરો. (સૂરએ માએદાહ - ૫, આ. ૨) એટલે કે, ખુદાવંદે આલમ સાથે સંબધિત કરવામાં આવેલ ઉમુરની બેહુરમતીને હલાલ ગણવામાં આવી નથી.

**તકબ્બુર દુનિયા અને આખેરતની ઝિલ્લત માટે કારણરૂપ બને છે.**

હુરમાતે ઇલાહીય્યહની સામે તકબ્બુર કરવાથી જ નહીં પણ તમામ પ્રકારના તકબ્બુરના પરિણામે દુનિયા અને આખેરતની ઝિલ્લત અને રૂસ્વાઈમાં સપડાઈ જવાય છે. તેનાથી ઉલટું વિનમ્રતા (આજીજી) અને વિનય કરવાથી દુનિયા અને આખરેતમાં ઇઝઝત અને માન મરતબામાં વૃધ્ધિ થાય છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે જો કોઈ અલ્લાહ તઆલાની ખુશનુદી માટે વિનમ્રતા અને વિનય રાખશે - કરશે, તો ખુદાવંદે આલમ

તેને ઉચ્ચતા આપશે અને જો કોઈ તકબ્બુર કરશે તો અલ્લાહ તઆલા તેને હલકો કરશે (ઉતારી પાડશે)” (બેહારૂલ અન્વાર ભાગ ૧૬, બાબુત્તવાઝોઅ, પાના નં ૧૫૦)

શર્હે સહીફામાં ઉમર બિન શીબાએ નોંધ્યું છે કે તેઓએ કહ્યું કે હું મક્કાએ મોઅઝઝમામાં સફા અને મરવાની વચ્ચે હતો, ત્યારે મેં એક માણસને જોયો જે ઊંટ પર સવાર થએલો હતો અને તેના ગુલામો તેની આજુબાજુમાંથી લોકોને હટાવી રહ્યા હતા અને કોઈને તેની પાસે જવા દેતા ન હતા.

આ બનાવના થોડા દિવસ પછી હું બગદાદ ગયો. ત્યાં મેં એક માણસને ઉઘાડા

પગે જોયો, તેના વાળ વિખરાયેલા હતા. હું તેને જોઈ રહ્યો હતો. તેવામાં તેણે મને પૂછયું કે મને આ રીતે આશ્ચર્યથી કેમ જોઈ રહ્યા છો ? ત્યારે

મેં જવાબ આપ્યો કે મેં સફા અને મરવાની વચ્ચે એક ખૂબ જ ઘમંડી (મુતકબ્બીર) માણસને તકબ્બુરથી સઈ કરતા જોયો હતો. તેણે જેવું વર્તન કર્યું હતું તેનું મેં વર્ણન કર્યું. તેણે કહ્યું કે હું જ તે માણસ છું. મેં પૂછયું તમારી આવી દુર્દશા કેમ થઈ ? તેણે જવાબ આપ્યો કે જે જગ્યાએ લોકો વિનમ્રતા કરે છે ત્યાં મેં તકબ્બુર કર્યો તેથી ખુદાવંદે આલમે મને આ જગ્યાઓ (બગદાદમાં) એકદમ હલકા દરજજે મૂકી દીધો. અહીં તમામ લોકો

ઉચ્ચ કક્ષાના છે અને મારી સાથે તકબ્બુર કરી રહ્યા છે.

**પયગમ્બર અને ઇમામની સામે તકબ્બુર કરવું :**

પયગમ્બરો અને ઇમામની સાથે તકબ્બુર એ છે કે, પોતાની જાતને તેમના સમાન દરજજે અથવા તેમનાથી ઉચ્ચ સમજે અને તેમની ઇતાઅત અને તેમના હુકમનું પાલન કરવા માટે તૈયાર ન થાય. એટલે કે જે રીતે ફિરઔનના માનનારા હઝરત મૂસા અને હઝરત હારૂન અલય્હેમસ્સલામની સાથે તકબ્બુર કરતા હતા અને કહેતા હતા :

“લોકો પરસ્પર કહેવા લાગ્યા કે, અમે અમારી જ જેવા બે માણસો પર ઈમાન લાવ્યા છીએ. (વાસ્તવમાં તેઓ અમારી ઉપર કોઈ ફઝીલત ધરાવતા નથી.)” (સૂરએ મોઅમેનૂન - ૨૩, આ. ૪૭)

એવી જ રીતે બીજા લોકો જેઓ પયગમ્બરોને કહેતા હતા :

તમે પણ ફકત અમારી જ જેવા મનુષ્યો છો. (અને અમારી ઉપર કોઈ અગ્રતા ધરાવતા નથી.) (સૂરએ ઇબ્રાહીમ - ૧૪, આ. ૧૦)

અથવા તો આ પ્રમાણે કહેતા હતા “(તો પછી) અમારી ઉપર ફરિશ્તાઓ શા માટે નાઝિલ થતા નથી ?” (સૂરએ ફુરકાન - ૨૫, આ. ૨૧)

તો પછી ફરિશ્તા અમારા ઉપર શા માટે ઉતરતા નથી ? (એટલે કેમકે અમે પયગમ્બરથી અફઝલ છીએ, તે કારણથી ફરિશ્તાઓ અમારા ઉપર નાઝિલ થવા જોઈએ.) અથવા અમે અમારા પરવરદિગારને કેમ નથી જોતા ? તે લોકોએ પોતાના મનમાં પોતાને (બહુ) મોટા સમજી લીધા છે અને બહુ મોટી સરકશી કરેલ છે.

અને હઝરત નૂહ અલય્હિસ્સલામના વિધાન વિષે ખુદાવંદે આલમ ફરમાવે છે :-

"અને (અય પરવરદિગાર) મેં જયારે તેમને બોલાવ્યા કે (તેઓ તૌબા કરી લે) તો તેઓને માફ કરવામાં આવે તો તેઓએ પોતાના

કાનોમાં આંગળીઓ નાખી (જેથી મારો અવાજ તેમને ન સંભળાઈ) અને (મારાથી) છુપાવવા માટે કપડાં ઓઢી લીધા અને અકડાઈ ગયા અને હદથી વધારે અભિમાન કરતા રહ્યા. (સૂરએ નૂહ - ૭૧, આ. ૬)

અથવા તો દાખલા તરીકે હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સામે તકબ્બુર કરવું કે તેઓ કહેતા હતા કે : "આ કુરઆન તે બે હસ્તીઓ (મક્કા અને તાએફ)માં કોઈ મોટા માણસ ઉપર શા માટે નાઝિલ કરવામાં ન આવ્યું ? (સૂરએ ઝુખરૂફ - ૪૩, આ. ૩૧) એટલે કે તે યતીમ યુવાન જેની પાસે માલ, હોદ્દો કે સત્તા નથી તે

પયગમ્બરીને લાયક નથી અને કોઈ એવા માણસને કે જે જાહેરી રોબ અને દબદબો ધરાવતો હોય તેવા માણસ (જેમકે વલીદ બિન મુગીરા અને અબુ મસઉદ સકફી) ઉપર કુરઆન શા માટે નાઝિલ ન થયું,જેથી અમે તેની પયરવી કરીએ.

હકીકતમાં પયગમ્બર અને ઈમામ સામે તકબ્બુર કરવું એ અલ્લાહ સામે તકબ્બુર કરવા સમાન છે. તેવી જ રીતે, પયગમ્બર અને ઇમામના પ્રતિનિધિઓ સામે તકબ્બુર કરવું અને તેઓ તેમના પ્રતિનિધિ હોવાના કારણે તેમની ઇતાઅત ન કરવી એ પણ ખુદાવંદે આલમ સામે તકબ્બુર કરવા સમાન છે. આમ, જે

બાઅમલ ઓલમા અને માર્ગદર્શન પ્રાપ્ત કરેલ ફોકહા જે વર્તમાન યુગમાં ઉમુમી નાએબીન છે અને હઝરત હુજજત અજજલલ્લાહો તઆલા ફરજહૂ શરીફના પ્રતિનિધિ છે. (અહકામની ઇતાઅતમાં) તેઓની સામે તકબ્બુર કરવું અથવા તો તેમની તૌહીન (અપમાન - અવગણના) કરવી અને વાણી તથા વ્યવહારથી એવું જાહેર કરવું કે તમે કોણ છો કે હું તમારી પયરવી કરૂ ? આવું વર્તન કરનાર અને કહેનારે પયગમ્બર અને ઇમામની સામે તકબ્બુર કર્યું હોવામાં કોઈ શંકાને સ્થાન નથી અને ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના ફરમાન

પ્રમાણે (આવું કામ) અલ્લાહ તઆલાની સાથે શિર્ક કરવા સમાન છે.

## આલિમની સામે તકબ્બુર એ પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે તકબ્બુર કરવા સમાન છે.

ખબરદાર, આલિમની અવહેલના ન કરો અને તેમની વાતને રદ ન કરો (જૂઠલાવો નહીં), તેમની સાથે દુશ્મની ન રાખો પણ તેમને દોસ્ત રાખો. કારણ કે, ઓલમા સાથેની મિત્રતા એ ઇખ્લાસની નિશાની છે અને ઓલમા સાથે દુશ્મની નિફાક છે. સમજી લો કે, જે આલિમની તૌહીન (અપમાન) કરે તેણે મારી તૌહીન કરી

ગણાશે. અને જેણે મારી તૌહીન કરી તેણે અલ્લાહની તૌહીન કરી અને અલ્લાહની તૌહીન કરનારની જગ્યા જહન્નમ છે અને યાદ રાખો, જેણે આલિમને ઇઝઝત આપી તેણે જાણે મને ઇઝઝત આપી અને જેણે મને ઇઝઝત આપી તેણે અલ્લાહને ઇઝઝત આપી. આના કારણે તેવી વ્યકિતની જગ્યા જન્નત છે. (લે યાલીયુલ અખ્બાર, ભાગ ૨, પાના નં ૨૬૮)

## તકબ્બુર કરનાર જહન્નમી છે.

એ વાત સારી રીતે જાણી લેવી જોઈએ, કે એ આયતો અને રિવાયતો જેમાં તકબ્બુર કરનાર હંમેશા જહન્નમમાં રહેશે તેનો ઉલ્લેખ છે, તેનો અર્થ બે પ્રકારના તકબ્બુર છે. એટલે કે,

ખુદાએ તઆલા સાથે તકબ્બુર કરવું અને તેના પયગમ્બર અને ઇમામની સાથે તકબ્બુર કરવું. જે વિષે આગળ ઉલ્લેખ થઈ ચૂક્યો છે. તે પ્રમાણે, એ બંને પ્રકારના તકબ્બુર એ ખાલિકે કાએનાતનો ઇન્કાર કરવા સમાન છે. એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી, કે જે કોઈ ઈમાન લાવ્યા વગર મરશે તે હંમેશ માટે જહન્નમમાં રહેશે.

કિતાબે ‘કવાએદ’માં શહીદ ફરમાવે છે, કે તકબ્બુર ગુનાહ છે અને તે વિષેની ઘણી રિવાયતો વારિદ થઈ છે. એ વિષે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"જે માણસના દિલમાં જરા જેટલું પણ તકબ્બુર હશે તે જન્નતમાં હરગિઝ પ્રવેશી શકતો નથી." (કવાએદ શહીદ, બેહાર ભાગ 3, પાના નં ૭3)

ત્યારપછી આપ ફરમાવે છે કે "તેનો અર્થ એવું તકબ્બુર છે જે કુફ્રની હદ સુધી પહોંચાડી દે" (એટલે કે અલ્લાહ તઆલા અને પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે તકબ્બુર કરવું) અને જો તકબ્બુરનો અર્થ આ સિવાયનો કોઈ થતો હોય, એટલે કે બીજા લોકો સાથે તકબ્બુર કરવું એવો અર્થ થતો હોય તો પછી આ હદીસનો અર્થ એ છે કે ગુરૂર કરનાર માણસ ઇન્કેસારી

(નમ્રતાભર્યું વર્તન) કરનાર મોઅમિનની સાથે બેહિશ્તમાં હરગિઝ જશે નહીં. પરંતુ તે પહેલા અમુક નિશ્ચિત સમય સુધી જહન્નમની આગમાં રહેશે. (શહીદનો કોલ અહીં પૂરો થયો.) પહેલી તફસીર બહેતર છે. એ તફસીર નીચેની હદીસને સમર્થન આપે છે, જેમાં મોહમ્મદ બિન મુસ્લિમે ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે ઇમામે ફરમાવ્યું :

"જેના દિલમાં રાયના દાણા જેટલું તકબ્બુર હશે તો તે બેહીશ્તમાં નહીં જાય." (કાફી, પાના નં ૧૦)

મોહમ્મદ બિન મુસ્લિમે કહ્યું : "ઇન્ના લિલ્લાહે વઇન્ના એલય્હે રાજેઉન" ઇમામે પૂછયું

કે તમે આ આયતે ઇસ્તરજાઅ શા માટે પડયા ? મેં કહ્યું કે આપની પાસેથી આ વાત સાંભળી તેથી. ઇમામે ફરમાવ્યું "તમે જે સમજો છો તે પ્રમાણે નથી. જાણી લો કે આ કહેવા પાછળનો મારો આશય જહુદ અને ઇન્કાર છે." બીજી એક જગ્યાએ આપે ફરમાવ્યું : "આ વિધાનનો અર્થ જહુદ અને ઇન્કાર છે. (એટલે કે, એ તકબ્બુર જે જન્નતમાં જવામાં અંતરાયરૂપ બનશે તે એવું તકબ્બુર છે) જેમાં હકકનો ઇન્કાર કરવામાં આવે અને જે તકબ્બુરમાં ખુદા અને રસૂલનો (હુકમનો) ઇન્કાર શામિલ હોયં પરંતુ આ વાત ઈમાન હોવાની સાથે (એટલે કે કોઈ મોઅમિન લોકો સાથે તકબ્બુર કરનારને લાગુ પડતી

નથી, એટલે કે, તેવા મગરૂર માણસને કયારેય અઝાબથી મુકિત નહીં મળે તેવું નહીં બને.)

## લોકો સાથે તકબ્બુરભર્યો વર્તાવ

લોકો સાથે તકબ્બુર કરવું એ તકબ્બુરનો ત્રીજો પ્રકાર છે. એટલે કે, પોતાને મોટો અને બીજા લોકોને નાના (હલકા) સમજવા એટલે કે, બીજા લોકો ઉપર પોતાની મોટાઈ જાહેર કરીને પોતે કોઈ વિશેષતા કે ઉચ્ચતા ધરાવતો હોવાની માન્યતા રાખવી અને બીજા કોઈને પોતાની સમાન હોવાની વાતને ખરાબ સમજે. રસ્તામાં ચાલતી વખતે બીજાઓ કરતા આગળ ચાલે, મજલિસોમાં સૌ કરતા આગળ બેસવાની ઇચ્છા રાખે. બધા લોકો પોતાની સાથે

નમ્રતાભર્યું વર્તન કરી પોતાને સલામ કરે તેવી અપેક્ષા રાખે. જો કોઈ પોતાને સલાહ શીખામણ આપે તો તેની સલાહને કબૂલ રાખવાને બદલે તેને ધીક્કારે. એવો માણસ જયારે કોઈ ખરાબ કામ કરતો હોય અને તેને રોકવામાં આવે તો તેની ઉપર ગુસ્સે થઈ જાય. તેવા માણસને જો કોઈ વાત શીખવવામાં આવે તો તેની સામે શુક્ર અદા ન કરે, તેનો આભાર ન માને પણ તેનાથી ઉલ્ટું તેની ઉપર ઉપકાર દેખાડે. બીજાઓ પાસે પોતાની સેવા કરાવવાની અપેક્ષા રાખે. ટૂંકમાં, બીજા કરતા પોતાને સારો અને વિશેષ દરજજાવાળો સમજે. જેમકે, પોતાને જાનવરો કરતા ઉચ્ચ સમજે, અને જો પોતે શ્રીમંત હોય

તો ગરીબો, મોહતાજો અને વૃધ્ધો સાથે નમાઝે જમાઅત અને દીનના સામૂહીક કાર્યક્રમમાં હાજરી આપવા માટે તૈયાર ન થાય. હકીકતમાં આવો વ્યવહાર કરનાર ખુદાવંદે બુઝુર્ગ અને બરતરની ખાસ સિફતો એટલે કે અઝમત અને કિબ્રીયાઈમાં પોતાને શામિલ કરે છે. જેનો અગાઉ ઉલ્લેખ થઈ ગયો છે. આવો વ્યવહાર કરનાર એવા બાદશાહના ગુલામ જેવો છે જે સલ્તનતનો તાજ પોતાના માથા ઉપર રાખી દે અને બાદશાહના તખ્ત ઉપર બેસી જાય. એવો નિર્લજ્જ બંદો ખુદાના કહર અને ગઝબ (ગુસ્સો અને પ્રકોપ)ને લાયક બને છે. અક્કલમંદો તેને ચેતવણી આપે છે. કારણ કે, તમામ વ્યકિતઓ

ખુદાવંદે આલમના બંદા છે અને તે રીતે બધા જ એક સરખા અને સમાન છે. જો એક વ્યકિત કોઈ બીજાની સામે તકબ્બુર કરે અને બીજાને પોતાનાથી હલ્કો સમજે તો તેણે ખુદાવંદે આલમ સાથે એવી વસ્તુમાં જંગ કરી જે વસ્તુ ફકત ખુદાએ તઆલાને લાયક છે.

કેટલીક એવી રિવાયત જે લોકોની સાથે તકબ્બુર કરવા અને તેના પરિણામે થનારા અઝાબ વિષે નાઝિલ થઈ છે. જેનો ઉલ્લેખ પ્રસ્તુત વિષયના ચર્ચાના આરંભમાં થઈ ચૂકયો છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

"તકબ્બુર એ છે કે લોકોને હલકા, ઝલીલ અને તિરસ્કૃત સમજે, હક્કને નાદાની સમજે." (કાફી ભાગ ૨, પાના નં ૩૧૦)

આ વિષયમાં અલ્લામા મજલિસી અ.ર. ફરમાવે છે કે આનો અર્થ એ છે કે હકકની સામે નાદાની અને અધમતા આચરવી, હકકને કબૂલ ન કરવો અથવા હકકને હકીર સમજવો અને તેના મહત્વને ન સમજવો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે :

"સૌથી ઉચ્ચ દરજજાનું તકબ્બુર એ મખ્લૂકને હકીર સમજવી અને હકકને હકીર ગણવો તે છે." (કાફી ભાગ ૨, પાના નં ૩૧૦)

એટલે હકકની (સત્ય બાબતની) અવગણના કરે અને હકક પરસ્તોને મેણાં ટોણાં મારે.

ઉમર બિન યઝીદે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે હું સારો ખોરાક ખાઉં છું, સારી ખુશ્બુ લગાડું છું, ઉમદા ઘોડા પર સવારી કરૂં છું, અને ગુલામ મારી સાથે હોય છે, તો શું મારો આ વ્યવહાર તકબ્બુરમાં ગણાય ? જો તેમ હોય તો હું આ કામને છોડી દઉં. ઇમામે માથું ઝૂકાવી દીધું અને ત્યાર પછી ફરમાવ્યું : યાદ રાખો, મુતકબ્બીર મલઉન (અહંકારી - લાનતોને પાત્ર) એ છે જે લોકોને હકીર સમજે અને હકકને નઝરઅંદાઝ કરી દે. ઉમરે કહ્યું : હકક (નો અર્થ) તો સમજું

છું પણ નઝર અંદાઝ કરવાનો અર્થ સમજતો નથી. તેના જવાબમાં ઇમામે ફરમાવ્યું.

"જે લોકોને હકીર સમજે અને તેમના પર મોટાઈ વ્યકત કરે તો તે મુતકબ્બીર છે." (કાફી, ભાગ - ૨, પાના નં ૩૨૧)

જો કે લોકો સાથે તકબ્બુર ભર્યો વર્તાવ કરવાના કેટલાક પ્રકારનો કુરઆને મજીદ અને રિવાયતોમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે પૈકી કેટલીક આયતો / રિવાયતો અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

## કુરઆનની દ્રષ્ટિએ લોકો સાથે તકબ્બુર

અલ્લાહ તઆલા સૂરએ બકરહમાં ફરમાવે છે :

"અને જયારે (કાફિરો અને મુનાફિકોને) કહેવામાં આવે છે કે, ખુદાથી ડરો (અને ગુનાહ તથા ફસાદને છોડી દો તો ત્યારે જાહેલીયત અને શાનો શૌકત તેઓને ઉશ્કેરે છે અને જયારે ખુદાનું નામ અને તેનાથી ડરવાનું સાંભળે છે તો બેહુદા વાતો કરવા લાગે છે) તો ગુરૂર તેમને ઉશ્કેરે છે. પછી (એવા કમબખ્ત માટે માત્ર) જહન્નમ (નો અઝાબ) પૂરતો છે. અને તે ઘણું ખરાબ ઠેકાણું છે. (સૂરએ બકરહ - ૨, આ. ૨૦૬)

અબ્દુલ્લાહ બિન મસ્ઉદથી નોંધવામાં આવ્યું કે, જયારે કોઈને એમ કહેવામાં આવે કે "ઇત્તકીલ્લાહ" એટલે કે, અલ્લાહથી ડરો અને

જો તેના જવાબમાં તે એમ કહે કે, “અલય્ક નફસક” - જાવ, તમે તમારી (પોતાના જીવની) ફિકર કરો. તો આવો જવાબ આપવો એ સૌથી મોટા ગુનાહ છે. આવી રીતે કોઈને તેની ભલાઈ માટે એમ કહેવામાં આવે, કે ખુદાથી ડરો અને અમુક પ્રકારના ગુનાહ કરવાનું છોડી દો, ત્યારે ખુદાનું નામ સાંભળીને તે ઇન્કસારી કરવાને બદલે તકબ્બુર કરે અને ખરાબ શબ્દો બોલવા લાગે, જેમકે એવું કહે કે તમે બેવકૂફ છો, તમારે આ વાત સાથે શું લાગે વળગે ? જાવ, પહેલા તમે તમારૂં કામ સુધારો. તમારો હિસાબ મારાથી જુદો છે. અથવા તો ગુનાહો તર્ક કરવાને બદલે તેનો ઇસરાર (પૂનરાવર્તન) કરે અને વધારે

પ્રમાણમાં ગુનાહો કરવા લાગે તો તેવા માણસ માટે ઉપરની આયત યથાર્થ છે :

આનું ઉદાહરણ એ છે કે, દરેક હકક વાત કબૂલ કરવામાં તેનું તકબ્બુર અંતરાયરૂપ બની જાય છે અને તે દરેક હકક વાતને ખોટી સાબિત કરવાનો પ્રયત્ન કરે છે.

દાખલા તરીકે, કોઈ માણસ મુનાઝરા વખતે સામેવાળાની કોઈ હકક વાતને સાંભળે તો તેનું તકબ્બુર અડચણરૂપ બની જાય છે. અને તે બાતિલને છોડતો નથી. આ બાબત મુનાફિકોના ગુણ અને ચારિત્ર્ય પૈકીની છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે : "અને જે લોકો કાફિર થઈ ગયા તેઓ પરસ્પર કહેવા

લાગ્યા, આ કુરઆન સાંભળો જ નહીં અને જયારે કુરઆન પડવામાં આવે (તો) તેની (વચ્ચે) ઘોંઘાટ મચાવ્યા કરો, જેથી (તે યુકિતથી) તમે પ્રભાવિત થઈ જાઓ. (કદાચને તમે ફાવી જાઓ)" (સૂરએ હામીમ સજદા - ૪૧, આ. : ૨૬)

સૂરએ લુકમાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

"અને લોકોની સામે (અભિમાનથી) પોતાનું મુખ ફુલાવો નહીં (એટલે કે મુલાકાત કરતી વખતે લોકોની સાથે ઇન્કસારીની સાથે વાતચીત અને સલામ કરો અને તેઓ તરફથી મુખ ન ફેરવો જેવો વ્યવહાર મુતકબ્બીર લોકો

ફકીરોને હકીર અને હલકા સમજીને કરે છે. યાદ રાખો કે અમીર અને ગરીબ બંને સાથે મુલાકાત કરતી વખતે એક સરખો જ વ્‌યવહાર હોવો જોઈએ. અને જમીન ઉપર અકડાઈને ન ચાલો. (જાહીલો અને દુનિયા પરસ્ત લોકોની જેમ જેઓ ખૂબ જ ખુશી અને ગુરૂરની હાલતમાં જમીન ઉપર અકડાઈને ચાલે છે) બેશક, ખુદા કોઈ અકડાઈને (અહંકારપૂર્વક) ચાલનાર અને શેખીખોર (જે પોતાના માલ અને નેઅમતને લીધે લોકો સામે તકબ્બુર કરે છે)ને દોસ્ત રાખતો નથી.” (સૂરએ લુકમાન - ૩૧, આ. ૧૮)

અલ્લાહ તઆલા સૂરએ હોજોરાતમાં ફરમાવે છે : “અય ઈમાનદારો (તમારામાંથી

કોઈ કૌમનો) કોઈ પુરૂષ (બીજી કૌમના) પુરૂષોની ઠેકડી ન ઉડાવે (એટલે કે બીજાને હલકા અને તુચ્છ ન સમજે) શકય છે કે તે લોકો (જેની ઠેકડી ઉડાડવામાં આવી હોય તે ખુદની નઝદીક) બહેતર હોય અને ન તો સ્ત્રીઓ સ્ત્રીઓની ઠેકડી ઉડાવે. શકય છે કે ઔરત (જેની ઠેકડી ઉડાડવામાં આવી હોય) તે ઠેકડી ઉડાવનારી સ્ત્રીઓ કરતા સારી હોય અને તમે અરસપરસ એકબીજાને મેણાં ટોણાં ન મારો. (એટલે કે સમાન મઝહબવાળાઓને. કારણ કે) મોઅમિનો એક નફસ સમાન છે (જો કોઈ બીજાઓ ઉપર ઐબ લગાવે તો જાણે કે તેણે પોતાની ઉપર જ ઐબ લગાડયો) એકબીજાને

ખરાબ નામો (ઇલ્કાબ)થી ન બોલાવો. ઈમાન લાવ્યા પછી બદકારી (નું) નામ જ ખરાબ છે. જે લોકો તૌબા નહીં કરે (આમ કરવાથી અટકશે નહીં) તેઓ ઝાલિમો છે. (તેવા લોકો જાતે ખુદાવંદે આલમના અઝાબ અને ગઝબના પાત્ર બની ગયા.) (સૂરએ હોજોરાત - ૪૯, આ. : ૧૧)

વાસ્તવમાં જો કોઈ મુસલમાનને હલકી અને તુચ્છતાની દ્રષ્ટિએ જૂએ અને પોતાને તેની કરતા ઉચ્ચ સમજે તો તેનું વર્તન ઇબ્લીસ જેવું થશે. કારણ કે, તેણે હઝરત આદમ અલય્હિસ્સલામને તિરસ્કારની દ્રષ્ટિએ જોયા. અને પોતાને તેઓ (અલય્હિસ્સલામ) કરતા

ઉચ્ચ સમજતો હતો. અને કહેતો હતો કે : હું તેઓ (આદમ અલયહિસ્સલામ ) કરતા શ્રેષ્ઠ છું. કેમકે, મને આગથી પૈદા કરવામાં આવ્યો છે અને તેને માટીથી પૈદા કરવામાં આવ્યા છે. (કયાં આગ અને કયાં માટી)" (સૂરએ સાદ - ૩૮, આ. ૭૬)

ખુદાવંદે આલમે ફરમાવ્યું :

"હું તારાથી અને જે લોકો તારી તાબેદારી કરશે (તારા અનુયાયી બનશે) તે બધાથી જહન્નમને અવશ્ય ભરી દઈશ. (એ રીતે તેણે પોતાની મેળે અનંત વિનાશ વહોરી લીધો.)" (સૂરએ સાદ - ૩૮ આ. ૮૫)

## માલ અને દૌલતનું પ્રદર્શન કરવું એ પણ તકબ્બુર છે. :

પોતાના માલ, હોદ્દો, સંપતિ અને ઐશ્વર્યનું પ્રદર્શન કરવું અને લોકોને દેખાવ કરવો તથા ગર્વ અને અહંકાર કરવો પણ લોકો સાથે તકબ્બુર કરવા સમાન છે. જે વિષે ખુદાવંદે આલમ સૂરએ કસસમાં ફરમાવે છે : “બેશક, કારૂન મૂસાની કૌમમાંથી હતો, તેણે પોતાની કૌમ વિરૂધ્ધ બંડખોરી શરૂ કરી (એક દિવસ શનિવારના દિવસે કારૂન પોતાની કૌમની સાથે ખૂબ જ ઠાઠપૂર્વક શણગારની સાથે નીકળ્યો) તે એક સફેદ ઘોડા ઉપર જેની જીન સોનેરી હતી અને શાહી પોશાક પહેરીને બેઠો

અને તેજ અરસામાં પોતાની સાથે ચાર હજાર લોકોને લઈ આવ્યો અને પોતાની સંપતિ અને ભપકાનું પોતાની કૌમની સામે પ્રદર્શન કર્યું. એટલે સુધી કે તેને જમીનમાં ધકેલી દેવામાં આવ્યો. (સૂરએ કસસ, ૨૮, આ. ૭૬ અને ૮૦)

'બેહારૂલ અન્વાર'માં રિવાયત છે કે, હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ)એ ગુરૂર અને તકબ્બુર અંદાઝથી ચાલવાની મનાઈ ફરમાવી છે. જો કોઈ ઉમદા પોશાક પહેરીને તે પોશાક માટે ગર્વ કરે તો ખુદાવંદે આલમ તેને દોઝખની આગના એ તબકકામાં નાખી દેશે જયાં તેને કારૂનનો સાથી બનાવી દેશે. કારણ કે, કારૂન એ પહેલો

માણસ હતો જેણે ગુરૂર અને તકબ્બુર કર્યું હતું. એ જ કારણસર ખુદાવંદે આલમે તેના ઘરને જમીનમાં ધસાવી દીધું હતું. આ જો કોઈ અઝમતે ઇલાહીની સામે ગુરૂર કરે, તેણે જાણે કે ખુદાવંદે આલમ સામે જંગ કરી. આપે ફરમાવ્યું કે જો કોઈના કપાળ ઉપર, કોઈ મોહતાજને જોઈને કરચલી પડી જાય અથવા તો કોઈ મોહતાજ ઉપર ઝુલ્મ કરે અથવા તો તેને હકીર સમજે, તો હક તઆલા તેને બારીક કીડીઓની જેમ ઇન્સાનની શકલમાં મશહૂર કરશે. અને તેને જહન્નમમાં ધકેલી દેશે.” (બેહારૂલ અન્વાર, ભાગ - ૧૬, નવી આવૃતિ ભાગ ૭૬, પાના નં ૭૬)

## તકબ્બુર કરનાર વાસ્તવમાં દીવાનો છે

આ ઉપરાંત બેહારૂલ અન્વારમાં નોંધવામાં આવ્યું છે કે :

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એક સમૂહ પાસેથી પસાર થયા. જે સમૂહ એક જગ્યાએ ભેગો થયો હતો. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તે સમૂહના લોકોને પૂછયું કે અહીં શા માટે ભેગા થયા છો ? ત્યારે તેઓએ કહ્યું કે અહીં એક દીવાનો (પાગલ) માણસ છે, જે જાત જાતના ચેનચાળા કરે છે. ત્યારે આપે ફરમાવ્યું કે તે દીવાનો નથી પણ એક પ્રકારની બીમારીથી પીડાઈ છે. ત્યાર પછી આપે ફરમાવ્યું કે હું તમને કહું કે હકીકતમાં દીવાનો

કોણ છે ? જીહા, યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ત્યાર પછી આપે ફરમાવ્યું કે, દીવાનો એ છે કે જે રસ્તામાં અકડાઈને ચાલે અને તકબ્બુરેન કારણે અકડાઈને ડાબી જમણી બાજુ જોઈને ચાલે. (પોતાની જાત ઉપર ઘમંડ કરે) અને પોતાના બાવડાં (હાથ) અને પગને ઘમંડપૂર્વક ઊંચા નીચા કરે. પોતે ગુનાહો કરવામાં મશગૂલ હોવા પછી અને લોકો તેની બૂરાઈથી સુરક્ષિત ન હોય અને લોકો તેની પાસેથી કોઈ ભલાઈની આશા ન રાખતા હોય તેમ છતાં તે ખુદાવંદે અઝઝ વ જલ્લની પાસે બેહીશ્તની તમન્ના રાખે.”

# પોતાની જાતને પાકીઝા જાહેર કરવી એ તકબ્બુર છે

પોતાની જાતને પાકો પાકીઝા, સાહેબે મકામ અને ઉચ્ચ મરતબાવાળા સમજવું અને પાકીઝા જાહેર કરવાનો સમાવેશ પણ તકબ્બુરમાં થઈ જાય છે. સૂરએ નજમની આયત નં.૩૨માં પણ પોતાને પાકીઝા જાહેર કરવાની મનાઈ કરવામાં આવી છે. (અભિમાન કરી) તમારા નફસને પાકીઝા જાહેર કરો નહીં. જે પરહેઝગાર છે તેને તે (ખુદા સારી પેઠે જાણે છે." (સૂરએ નજમ - ૫૩, આ. ૩૨)

સૂરએ નિસામાં અલ્લાહ તઆલા ફરમાવે છે :-

"(અય રસૂલ !) શું તમે એ લોકો (ના હાલ) ઉપર નજર નથી કરી કે જેઓ પોતાની મેળે ખૂબ જ પવિત્ર બને છે. (યહૂદીઓના સમૂહની જેમકે જેઓ કસમ ખાય છે કે અમે દરેક ગુનાહોથી પાક છીએ) બલ્કે ખુદા જેને ચાહે છે તેને પવિત્ર બનાવે છે અને ઝુલ્મ તો કોઈ પર એક વાળ (સૂરતના તાંતણા) જેટલો પણ નથી. અય રસૂલ, જુઓ તો આ લોકો ખુદા ઉપર કઈ રીતે જૂઠ બાંધે છે (જેવી રીતે યહુદીઓ કહે છે કે અમે પાક છીએ અને બેહીશ્તવાસીઓ પૈકી છીએ અને નસારા કહે છે કે અમે ખુદાના દોસ્ત છીએ અને અમે બેહીશ્તવાસીઓ છીએ) અને પ્રત્યક્ષ

ગુનાહ માટે તો બસ એ જ પૂરતું છે.” (સૂરએ નિસા - ૪, આ. : ૪૯ - ૫૦)

કયારેક ઇલ્મના કારણે મોટાઈ જાહેર કરવી, જેમકે એમ કહેવું કે હું ઘણા ઉલૂમનો માલિક છું, અમુક ઉસ્તાદ અને અમુક બુઝુર્ગોને મેં જોયા છે, અમુક ઉલૂમ (ઇલ્મનું બહુવચન) મેળવવા માટે મેં ખૂબ જ ઝહેમત ઉઠાવી છે. કયારેક કોઈ ઇબાદતના હિસાબે પોતાની મોટાઈ જાહેર કરે છે. કોઈ એમ કહે છે કે મેં કેટલાય વરસો સુધી રાત્રે જાગીને ઇબાદત કરી અને દિવસના રોઝા રાખ્યા છે. કોઈ એવું ગુરૂર કરે છે, અમુક વ્યકિત પાસે મારી જેટલો માલ છે તેમ છે. કોઈ એવું ગુરૂર કરે છે કે, અમુક વ્યકિત

પાસે મારી જેટલો માલ છે તેમ છતાં તેણે હજુ સુધી હજ કરી નથી, જયારે કે હું કેટલીય વખત હજ અને ઝિયારત માટે જઈ ચૂકયો છું અને આવા જ પ્રકારના બીજા ઉદગારો કરે છે.

કયારેક સ્પષ્ટ રીતે નહીં પણ આડકત્રી રીતે બડાઈ દેખાડવામાં આવે છે. જેમકે, એમ કહેવામાં આવે છે ફલાણા માણસે મારી ઉપર ઝુલ્મ કર્યો હતો (જેના પરિણામે) તે મરી ગયો. (તે કારણે) અમુક પ્રકારના રોગનો ભોગ બની ગયો અથવા તો મોહતાજ થઈ ગયો. આવું કહેવાનો અર્થ પોતાની કરામત જાહેર કરવાનો હોય છે અથવા તો એમ કહે કે, મેં ખુદાવંદે આલમ પાસે અમુક હાજત માંગી તો તુરત જ

પૂરી થઈ ગઈ. આમ કહેવાનો તેનો અર્થ એવો હોય છે કે, હું મુસ્તજાબુદ દાવત (એવી સિધ્ધિ પામેલ વ્યકિત જેની દરેક વાત અલ્લાહની બારગાહમાં કબૂલ થતી હોય છે)

ઉપરની વાતનો સારાંશ એ છે, કે કથન અને કાર્ય બંનેની રીતે તકબ્બુરના ઘણાં પ્રકાર છે. કેટલાક ઓલમાએ રબ્બાની ફરમાવે છે કે, પોતાની ઇઝઝતની સુરક્ષા માટે હસદ, ગુસ્સો, ગઝબ, દંભ, જૂઠ, ગીબત, તોહમત વગેરેમાં એવી કોઈ બદબખ્તી નથી જેમાં તકબ્બુર કરનાર ફસાતો ન હોય અને પોતાની ઇઝઝત અને શાન ઓછી થવાના ડરથી અખ્લાકે હસના (સુચારિત્ર્ય)માં એવી કોઈ સારી વાત નથી, કે

જેનાથી (અહંકારી) મુતકબ્બીર વંચિત ન રહેતો હોય. દાખલા તરીકે નમ્રતા, ગુસ્સાને પી જવું, માફી અને ક્ષમા આપવી, સચ્ચાઈ, મોઅમિન સાથે દોસ્તી રાખવી વગેરે. અલબત્ત, તકબ્બુર કરનાર આવા ગુણો પોતાનામાં હોય તેને પોતાની નબળાઈ અને એબ સમજે છે. ખૂબ જ ઓછા લોકો આ અસાધ્ય રોગથી સુરક્ષિત છે. અને ઘણા લોકો એવી ગેરસમજણમાં હોય છે કે, તેઓ પોતે એ બીમારીઓથી સુરક્ષિત છે પણ વાસ્તવમાં તો તેવા લોકો આ બીમારીથી પીડાતા હોય છે. ઓલમાએ અખ્લાક આ બીમારીના ચિન્હોંનું વર્ણન કરતા કહએ છે કે, જો કોઈની ઉપર વર્ણવેલી નિશાનીઓ પોતાના

ચારિત્ર્યમાં જોવા મળે તો તેણે સમજી લેવું જોઈએ કે દુર્ગણોના વૃક્ષના મૂળિયા તેનાં દિલમાં મૌજૂદ છે. અને તેણે પોતાની સુધારણા માટેના કોઈ ઇલાજ શરૂ કરી દેવો જોઈએ.

## તકબ્બુરની નિશાનીઓ

(૧) જયારે કોઈ સમાન દરજજાવાળો માણસ તેની સાથે વાત કરે અને તેની જીભ ઉપર હક (સત્ય) વાત આવે અને તે વાત માનવી અને સ્વીકારવી તેના માટે અણગમતી હોય અને તે વાત સાંભળીને તેના ઉપર ખુશીના ચિન્હો અને પ્રસન્નતા વ્યકત ન થાય તો તે મુતકબ્બીર ગણાય છે.

(૨) જે કાર્યક્રમો અને મહેફીલો તેને માટે યોગ્ય હોય તેવા સ્થાનથી નીચે બેસવું તેને ગમતું ન હોય અને રસ્તામાં ચાલતી વખતે બધાની પાછળ ચાલવાનું તેને ગમતું ન હોય તો તે મુતકબ્બીર છે.

(૩) જો (હોદ્દામાં પોતાના કરતા) નીચેના માણસોને સલામ કરવી તેના માટે અણગમતી વાત હોય તો તે મુતકબ્બીર છે.

(૪) જો ફકીર અને મોહતાજની હાજત પૂરી કરવા, તેને મળવા, તેને ત્યાં જમવા જવાનું નિમંત્રણ સ્વીકારવાનું અને તેની પાસે બેસવાનું તેને ગમતું ન હોય તો પણ તે તકબ્બુરની નિશાની છે.

(૫) જો કોઈને જીવન જરૂરિયાતની વસ્તુઓ બજારમાંથી ખરીદવાનું અથવા હાથમાં ઉપાડીને ઘરે લાવવાનું કામ ગમતું ન હોય તો તે તકબ્બુર છે. પરંતુ એ કામ જે તે યુગના રિવાજ, હાલત અને તે વ્યકિતના હોદ્દા, દરજજા અને શાન પ્રમાણેનું ન ગણાતું હોય અને તેવું કામ કરવું એ લોકો માટે તે વ્યકિતની ગીબત કરવાનું કારણ બને તેમ હોય તે તકબ્બુર ગણાશે નહીં.

(૬) જો કોઈ માણસને ફાટેલો, સસ્તો અને જૂનો પુરાણો પોશાક પહેરવાનું ગમતું ન હોય અને તે કીમતી તથા ગર્વ કરી શકે તેવો પોશાક પહેરવા માટે ઇચ્છુક રહેતો હોય અને

કીમતી પોશાક પહેરવાને કારણે કુલીન અને બુઝુર્ગ સમજતો હોય તો તે મુતકબ્બીર ગણાશે. પરંતુ ઉપરના મુદ્દા નંબર પાંચમાં ઉલ્લેખ થઈ ચૂક્યો છે તે પ્રમાણે જો સસ્તો અને જૂનો પોશાક પહેરવો એ તેના માટે અપમાનિત થવાનું કારણ બનતું હોય તો તે તકબ્બુર ગણાશે નહીં.

(૭) જો કોઈને પોતાના નોકર અથવા વિદ્યાર્થીની સાથે એક દસ્તરખ્વાન (સૂફરા) ઉપર બેસવાનું પસંદ ન હોય અને તે કામ તેના માટે અણગમતું હોય તો તે તકબ્બુરની નિશાની છે.

તકબ્બુર એ ગુનાહે કબીરા હોવા વિષે તેમજ તેના અર્થની સમજણ મેળવ્યા પછી

તકબ્બુરના દુર્ગુણોના ઇલાજ કઈ રીતે થઈ શકે એટલે કે, તેનો ઇલ્મી અને અમલી ઇલાજ શું છે ? તે જાણી લેવું પણ જરૂરી છે.

## તકબ્બુરના રોગનો અમલી ઇલાજ

તકબ્બુર (ના રોગ) નો અમલી ઇલાજ એ છે, કે ઇન્સાન પોતાની ઉત્પત્તિ વિષે વિચાર (ચિંતન અને મનન કરે) અને એક વાત પોતાના દિમાગમાં રાખે કે, પોતે એક દુર્ગંધ મારતા નજીવા વિર્યબિંદુમાંથી પૈદા થયો છે, જેને તમામ લોકો નજિસ (અપવિત્ર) સમજે છે. કુરઆને મજીદમાં સ્પષ્ટ શબ્દોમાં ફરમાવવામાં આવ્યું છે કે, ઇન્સાન માટે એ જરૂરી છે કે તે ચિંતન અને મનન કરે અને એ જૂએ (વિચારે)

કે તેને કેવી વસ્તુમાંથી પૈદા કરવામાં આવ્યો છે. એટલે કે, ઉછળતા અને દુર્ગંધ મારતા પાણી (વીર્યબિંદુ)માંથી (કે જેમાં ન તો આંખ હતી, ન કાન, ન હાથ હતા અને ન પગ, ન જીભ હતી ન દિમાગ. આ કાંઈ ન હતું તેમ છતાં એ બધી વસ્તુ ખુદાએ બુઝુર્ગ અને બરતરે ઉછીની (હંગામી ધોરણે) આપી છે.

બીજી બાબત એ છે કે, ઇન્સાન દરેક રીતે તુચ્છ અને નિર્બળ હતો અને તેને શરીરના સૌથી હલકા અવયવમાંથી પૈદા કરવામાં આવ્યો છે. ખુદાવંદે આલમે ધીમે ધીમે તેની શકિતમાં વધારો કર્યો છે. પરંતુ (એ વાત યાદ રાખવી જોઈએ કે) ઇન્સાનની શક્તિ અને

કુદરત મર્યાદિત છે. જેમાં હજારો પ્રકારની નબળાઈ અને અશકિત જોવા મળે છે. જેમકે, અલ્લાહે ઇન્સાનને ભૂખ, તરસ અને ઊંઘ આપી એટલે કે ખાવા, પીવા અને ઉંઘ લીધા વગર ઇન્સાન જીવી શકતો નથી. તેવી જ રીતે ઇન્સાનને પોશાક અને રહેઠાણનો મોહતાજ બનાવવામાં આવ્યો. ઇન્સાન માટે કેટલીયે પ્રકારની બીમારીઓં આફતો અને બલાઓ છે જેણે ગણી શકાતી નથી. પ્રાચીન યુગના તબીબી શાસ્ત્રમાં બીમારીઓના ચાર હજાર પ્રકારનો ઉલ્લેખ છે.

માનવના પેટમાં હંમેશા (નજીસ) મળ અને મુત્ર ભરેલું રહે છે. જેને ખુદાવંદે આલમે

પોતાની કુદરતથી છુપાવી ન રાખ્યું હોય તો તેની તીવ્ર દુર્ગંધથી ઇન્સાન માટે જીવવું શકય ન રહેતેં.

કિતાબે ‘અદ્દસ્સીનહ’માં લખ્યું છે, કે જયારે અયાઝ (નામનો ગુલામ) મહેમૂદ બાદશાહનો સૌથી પ્રિય અને નિકટનો વ્યકિત બની ગયો ત્યારે તેની ઈર્ષા કરનારા લોકો તેને તેના દરજજાની નીચે ઉતારી પાડવાના પ્રયત્નો કરવા લાગ્યા. એક દિવસ મહેમૂદ બાદશાહના વઝીરો (પ્રધાનો) પૈકીના બે વઝીર બાદશાહની પાસે લાવ્યા અને કહેવા લાગ્યા કે, અયાઝે બેશુમાર રૂપિયા, પૈસા અને ઝવેરાતની ચોરી કરી છે અને તેને એક અલગ મકાનમાં

છૂપાવીને તે મકાનને તાળુ લગાવી દીધું છે અને તે દરરોજ સવારે પોતાના મકાનમાં તેની તપાસ માટે જાય છે અને બીજા કોઈને ત્યાં જવા દેતો નથી. આ સાંભળીને સુલ્તાન શકમાં પડી ગયો. તેણે તેના માણસોને કહ્યું કે, કાલે જયારે અયાઝ મારી પાસે આવે ત્યારે તમે લોકો તે મકાનમાં જઈને તેના મકાનના દરવાજા ખોલજો અને ત્યાંજે ને કોઈ રૂપિયાં પૈસાં જર ઝવેરાત મળે તે ભેગું કરીને લઈ આવજો. બીજે દિવસે કેટલાક લોકો કોદાળી, પાવડા, ખીલાં થેલા લઈને અયાઝના ઘરે ગયા અને તેના ઘરનું તાળું તોડી નાખ્યું અને તેના ઘરમાં પ્રવેશીને જોયું તો તેમને ત્યાં કાંઈ ના મળ્યું.

તેઓ એમ માનતા હતા કે ત્યાં મોટો ખજાનો દાટેલો હશે પણ ત્યાં એક સૂતરની ચાદર અને એક જોડી ચામડાના ચપ્પલની સિવાય કાંઈ ન હતું. તેઓ એમ માનતા હતા કે ત્યાં મોટો ખજાનો અવશ્ય હોવો જોઈએ. કારણ કે ફકત સૂરતની ચાદર અને ચામડાના ચપલ માટે મકાનને તાળું મારવાનો અને દરરોજ એકાંતમાં અહીં આવવાનું શું કારણ હોઈ શકે ? તે લોકોએ જમીન ખોદી પરંતુ તેમને તેમાંથી કોઈ જ વસ્તુ મળી નહીં. તે લોકોએ બાદશાહને આ વાતની ખબર આપી ત્યારે બાદશાહે અયાઝને પૂછયું કે આ મકાનમાં એક ચાદર અને ચપલ સિવાય કાંઈ ન હતું તેમ છતાં મકાનને તાળું મારવાનો

અને ત્યાં દરરોજ એકાંતમાં જવા પાછળનું રહસ્ય શું છે ? અયાઝે જવાબ આપ્યો કે આપનો ગુલામ બનવા પહેલા મારો પહેરવેશ એ જ હતો. પરંતુ આપના ગુલામ થવા પછી મને બધી જ વસ્તુઓ મળી ગઈ. માણસના નફસમાં સરકશી અને ઉજબ (ઘમંડ) પેદા થઈ જાય છે. તેથી હું દરરોજ મારા એ મકાનમાં મારો જૂનો અને જીર્ણ પોશાક અને ચપલ જોવા માટે જાઉં છું. જેથી હું ગુરૂર અને તકબ્બુરમાં ફસાઈ ન જાઉં. અને મને એ વાત સતત યાદ રહે, કે જે કાંઈ મારી પાસે છે તે બધું બાદશાહના લુત્ફો કરમના કારણે છે અને બધું જ હંગામી (ટેમ્પરરી) અને ઉછીનું મળેલું છે.

આટલું વિચાર્યા પછી હું બાદશાહની (આપની) ખિદમતમાં હાજર થાઉં છું.

બેશક, ઇન્સાન અને તેની નબળાઈઓ તેને તેના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવા દેતી નથી. આ નબળાઈઓ અગણિત સંખ્યામાં છે. જેમકે ઇન્સાન એવું ઇચ્છે છે કે તે એકી સાથે ઘણી બધી વાતો જાણી લે. પરંતુ તેમ કરવું શકય બનતું નથી. માણસની ઇચ્છા અમુક બાબતો યાદ કરી લેવાની હોય છે. પરંતુ તે યાદ કરી શકતો નથી. આ ઉપરાંત માણસ કોઈ બાબત જેમકે તેણે કરેલા ગુનાહને ભૂલી જવા ઇચ્છે છે. પરંતુ તે ભૂલી શકતો નથી. ઇન્સાન એવું ઇચ્છે છે કે તેની ઇચ્છાઓ મર્યાદિત રહે

અને નકામા ખયાલ અને વસવસાથી દૂર રહે પણ એવું તે કરી શકતો નથી. અને ઇન્સાન એવી બાબતો પ્રત્યે ખેંચાઈ છે જે તેના નાશનું કારણ બને છે. પરંતુ તે પોતાની કુટેવ અને ખોટા કામો પ્રત્યેના અસાધારણ આકર્ષણને લીધે તેવા કામોને છોડી શકતો નથી. વાસ્તવમાં તેને એ વાતની ખાતરી હોય છે કે, તે વસ્તુ તેના માટે નુકસાનકારક છે. કેટલીક વખત તો તે ખરાબ બાબતથી ખરાબીથી વાકેફ હોવા છતાં તેમાં જીવન વ્યતીત કરતો રહે છે.

આ ઉપરાંત માણસને હંમેશા (ચોવીસે કલાક) પોતાની શારીરિક શક્તિ ખલાસ થઈ જવાનો ડર રહ્યા કરતો હોય છે. એટલું જ નહીં,

જે વાતનું તેને ગુરૂર અને ઘમંડ હોય છે તેવી બાબતો જેમકે, માલ, ઔલાદ વગેરે ચાલ્યા જવાનો પણ ડર રહેતો હોય છે. આ વાતના સારાંશ રૂપે એમ કહી શકાય કે ઇન્સાન એવો 'ખાકી' બંદો છે જે કોઈના ઉપર અગ્રતા ધરાવતો નથી. આ વિષે અલ્લાહ તઆલા ફરમાવે છે :

"અને તે પોતાને માટે પણ નુકશાન કે નફા માટે કાબૂ ધરાવતો નથી. તેનો મૌત ઉપર કાબૂ નથી કે ન તો ઝિંદગી ઉપર અને તે મરી જવા પછી પુન : જીવિત થવા માટે શક્તિમાન નથી." (સૂરએ ફુરકાન - ૨૫, આ. :3)

આ છે માનવ જીવનની સંક્ષિપ્ત રૂપરેખા જે દુન્યવી ઝિંદગીમાં દ્રષ્ટિગોચર થાય છે અને સર્વ સામાન્ય વાતો પૈકીની વાત છે. કે ઇન્સાન હર પળ મૌત આવી જવાની શકયતાથી ગભરાતો રહે છે અને ઇન્સાનનું એટલી હદે ગભરાવાનું કારણ એ છે, કે તેને મૌતથી બચાવે તેવી કોઈ શક્તિ નથી.

## મર્યા પછી શું થશે ?

મર્યા પછી કબ્રમાં જવા પછી અને ખાક થઈ જવા વિષે જે કાંઈ જોવા અને સાંભળવા મળ્યું છે અને વિતી ગયેલા યુગના લોકોની હાલત નિહાળીને એવું લાગે કે અહીં જ બધી વાત પૂરી થઈ જાય તો ઇન્સાન માટે કોઈ ફીકર

કે ચિંતાનું કારણ ન હતું. બદબખ્ત તો એ છે, કે (મર્યા પછી) તેને અદલે ઇલાહી સમક્ષ હિસાબ કિતાબ માટે હાજર કરવામાં આવશે અને તેના નાના મોટા તમામ કામો વિષે પૂછપરછ કરવામાં આવશે, જેનો વિગતવાર ઉલ્લેખ કુર્આને મજીદ અને રિવાયતોમાં બયાન કરવામાં આવ્યો છે.

દુન્યવી દ્રષ્ટિએ મોટા ગણાતા આખેરતમાં ઝલીલો ખ્વાર થશે અને મોટા ભાગના ઉંચા ઉંચા દરજજાના લોકો ત્યાં નાનકડી કીડી જેવા બિલ્કુલ બદસૂરત આકારમાં પુન:જીવિત થશે. તેમનો દેખાવ એવો હશે કે જેની સરખામણીમાં દુનિયામાં દેખાતા સુવ્વર

(ભૂંડ) (વધારે) સારા લાગશે. પોતાની આકેબત વિષે કોઈ પણ વ્યકિત કાંઈ જાણતી નથી. અને પોતાનો અંજામ શું થશે તે કોઈ જાણતું નથી. કોઈ એ નથી જાણતું કે, પોતે આખેરતમાં ખુદાના દુશ્મનોમાંથી હશે કે સઆદતમંદોમાંથી, મગરૂરો પૈકી હશે કે ઝલીલો પૈકીનો, તેનો ચહેરો સફેદ હશે કે કાળો હશે ? ઇન્સાનની હાલત વિષેની જે વાતો બયાન કરવામાં આવી છે તો તે ગમે તે વિસ્તારોમાં રહેતા તમામ ઇન્સાનો માટે એક સરખી હશે. દરેક અકલમંદ જયારે પોતાના વર્તમાન અને ભવિષ્યના બનાવો વિષે વિચાર કરે છે ત્યારે તેને એ વાતની ખાતરી થઈ જાય છે કે માણસ ગુરૂર,

તકબ્બુર, બુઝુર્ગી, કિબ્રીયાઈ અને સરકશીને લાયક નથી. જે માણસની તમામ હેસિયતને આજેઝી અને નિર્બળતાએ ઘેરી લીધો હોય તે બુઝુર્ગી, બરતરી અને 'અના' (હું પદ)નો દાવો કઈ રીતે કરી શકે ? શું પોતાની આપવડાઈનો દાવો કરવાથી મોટું જુઠ હોઈ શકે ખરૂં ?

ઉચ્ચ કક્ષાની બાબતોને લક્ષમાં રાખવી જોઈએ ?

કેટલાક બુઝુર્ગોએ તકબ્બુરના ઇલ્મી ઇલાજ માટે ઉંડી તહેકીક બયાન ફરમાવી છે. વાંચકો તેનો વિશેષ ફાયદો ઉઠાવી શકે તે માટે તેની વિગત પ્રસ્તુત કરવામાં આવે છે. તેઓનું કહેવું છે, કે તકબ્બુર એ એવી કેફિયત છે કે જે

પોતાના કરતા નીચા લોકોને લક્ષમાં લેતા અને પોતાની કરતા ઉંચા દરજજાના લોકોની અવગણના કરવાથી ઉત્પન્ન થાય છે. એ બાબતનું વિવરણ એ છે, કે દાખલા તરીકે કોઈ માણસનો કોઈ ગુલામ હોય તો તેનો માલિક તેની ઉપર અગ્રતા અને માલિકી હક ધરાવતો હોવાની ભાવના રાખતો હોય છે. એટલે કે, તે ગુલામનો હાકીમ હોય છે અને ગુલામ તેના હુકમનું ઉલ્લંઘન કરી શકતો નથી. એટલે, ગુલામ તેના માલિકનો તાબેદાર હોય છે. તેવી રીતે માણસનો ખુદાવંદે આલમ સાથેનો સંબંધ એક મગલૂબ (ખુદાને આધિન), મકહુર (ખુદાને કોપને પાત્ર) તેનો તાબેદાર અને તેની હુકૂમત

નીચેનો છે. એટલે કે, જો કોઈ માણસ આગળ જણાવ્યા મુજબના પહેલા પ્રકારના તકબ્બુરની ભાવના (એટલે કે પોતાનાથી ઉતરતી કક્ષાના લોકોને ધ્યાનમાં લેવા) ઉપર પ્રભુત્વ મેળવી લે અને હંમેશા તે જ વાતના પ્રભાવમાં રહે તો તે તકબ્બુર છે, પરંતુ જે ખુદાવંદે આલમ સાથે પોતાનો સંબંધ એટલે કે, પોતાની કમઝોરી અને અશકિતને ધ્યાનમાં રાખે તો તેમાં ખુઝુઅ, ખુશુઅ અને ન્યાઝમંદી (આજ્ઞાકારીતા)નો ગુણ પૈદા થાય છે, જે તવાઝોઅ (નમ્રતા)નો ગુણ પેદા થાય છે જે તકબ્બુર કરતા ઉલટો ગુણ છે.

જો કે પ્રારંભમાં ઇન્સાનમાં આ કેફિયત ખુદાવંદે આલમ સાથે પેદા થાય છે, પરંતુ જેમ

આ કેફિયત વધતી જાય છે તેમ દરેક વસ્તુઓ સુધી ફેલાઈ જાય છે. એટલે કે, જો કોઈ ખુદાની હુઝુરમાં ઇન્કેસારી ભર્યું વર્તન કરે તો તે મખ્લૂકાત સાથે પણ ઇન્કેસારી અને તવાઝોઅ કરે છે. જેવી રીતે ઇન્સાન ગુસ્સાની હાલતમાં ગુનેહગાર કે તોહમતદારની સાથે બીજા લોકો સાથે પણ ગુસ્સા અને આક્રોશભર્યું વર્તન કરે છે.

આ વાતથી એ બાબત સ્પષ્ટ થાય છે, કે ખુદાએ અઝઝ વ જલ્લનો તકબ્બુર કરવું બિલ્કુલ યોગ્ય છે. કારણ કે, તે કોઈનાથી પ્રભાવિત થતો નથી કે ડરતો નથી અને અલ્લાહ જેટલો કોઈનો પ્રભાવ કે ભય હોતો નથી. એટલું જ નહીં અલ્લાહ (સુબ્હાનહુ વ

તઆલા) જેટલો તકબ્બુર કરવાનો કોઈને હક નથી. ભલે પછી તે અર્શનો બોજ વહન કરનાર ઇસ્રાફીલ કે જિબ્રઈલ પણ કેમ ન હોય ? કારણ કે, અલ્લાહ તઆલાની સરખામણીમાં કોઈનું અશકત હોવું વધારે શકય છે.

શું એ ફરિશ્તાઓ માટે એ વાત શકય છે, કે તે પોતાની મગ્લુબીયતથી બેખબર થઈ બીજાને પોતા ઉપર મગલુબ અને ઉચ્ચતર હોવા પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે અને ગુનાહે કબીરા જેવા મોટા ગુનાહોમાં ફસાઈ જાય!

આ સિવાય આપે ફરમાવ્યું : હકીકતમાં મોજૂદે હકીકી (અલ્લાહ તઆલા)ની

સરખામણીમાં પોતાની કોઈ હેસિયત નથી તેમ સમજવું જોઈએ.

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : “ખુદાની સામે કોઈની મોટાઈ અને ઉચ્ચતા જાહેર કરવાનો પ્રયત્ન ન કરો.”

ખરી હકીકત પણ એ છે, કે ઇન્સાને હંમેશા ખુદાની અઝમત પોતાના ધ્યાનમાં રાખવી જોઈએ અને ખુદાની અઝમતનો એટલો બધો ખયાલ રાખવો જોઈએ કે, તેને સામે પોતાની કોઈ જ હેસિયત સમજવી ન જોઈએ.

હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું જીવન તવાઝોઅનો શ્રેષ્ઠ નમૂનો છે :

અત્રે એ બાબતો પ્રસ્તુત કરવામાં આવે છે જે સૈયદુલ કોનૈન હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વિશેષ સિફતો પૈકીની છે.

પહેલી સિફત એ છે, કે તેઓ પોતાની ઝાત માટે કદી કોઈ ઉપર ગુસ્સે થયા ન હતા. બીજી સિફત એ છે કે તેઓ હંમેશા જમીન ઉપર બેસતા અને જમીન ઉપર બેસીને જ ખાણું ખાતા હતા. કયારેક એવું પણ બનતું કે કોઈ કનીઝ (દાસી) આપનો હાથ મુબારક પકડતી અને

આપને લોકોની શફાઅત માટે જયાં જવાની ઇચ્છા થતી ત્યાં લઈ જતી હતી. આપની સિફતોમાં એ કહેવમાં આવ્યું છે, કે આપ જયારે પણ પોતાના ઘરમાં પ્રવેશતા ત્યારે કુટુંબીજનોને મદદરૂપ બનતા હતા. (બેહારૂલ અન્વાર, ભાગ ૬, પાના નં ૨૦૪)

## તકબ્બુરનો જડમૂળમાંથી જ નાશ કરવો જોઈએ

તકબ્બુરના મૂળમાં જે બાબતો રહેલી છે, તેના વિષે ઉંડાણપૂર્વક વિચાર કરવો જરૂરી છે. તકબ્બુરના મૂળમાં ઇન્સાને કરેલી કેટલીક ભૂલો રહેલી છે અને તે ઇન્સાનના તકબ્બુર માટે કારણભૂત હોય છે. જેમકે ઇલ્મ, અમલ, વંશ

(ફળ) માલ, હોદ્દો, સત્તા, શકિત, રૂપ, દેખાવ વગેરે. સ્વસ્થ ચિત્તે વિચાર કરતા એ વાત સ્પષ્ટ જણાઈ આવશે, કે ઉપર જણાવેલી કોઈપણ બાબત વિષે તકબ્બુર કરવું એ અકકલમંદીની વાત નથી. આગળ જણાવેલ મુદ્દાઓ પૈકી ફકત ઇલ્મને વિષે વાત કરીએ, તો જો કોઈ માણસ દુન્યવી ઇલ્મનો નિષ્ણાંત હોય તો તેનું ઇલ્મ તેની ઝિંદગીનો અંત થવાની સાથે સમાપ્ત થઈ જાય છે. એટલું જ નહીં, કયારેક તો દુન્યવી ઇલ્મનો ઉપયોગ ન કરવાના કારણે ઇન્સાનની ઝિંદગીમાં જ ભૂલી જવાને લીધે ખલાસ થઈ જાય છે. એટલે દુન્યવી ઇલ્મનો ફાયદો ફકત ક્ષણિક અને આ દુનિયાના

મર્યાદિત જીવન પૂરતો જ થાય છે. તેથી, તેવા ઇલ્મ (ડીગ્રી વગેરે) માટે તકબ્બુર કરવું યોગ્ય નથી. આ ઉપરાંત માણસ જે કાંઈ ઇલ્મ પ્રાપ્ત કરે છે તેની સરખામણીમાં જે ઇલ્મ તેણે પ્રાપ્ત નથી કર્યું તેનું પ્રમાણ ઘણું વધારે હોય છે. (એટલે કે માણસ પોતાની આખી ઝિંદગી ઇલ્મ મેળવે તો પણ તે પોતે અમુક ક્ષેત્રનું બધું જ જ્ઞાન ધરાવે છે તેવો દાવો કરી શકતો નથી. કારણ કે, તે અમુક પ્રકારના ઇલ્મ કે તેના ઊંડાણ સુધી ન પહોંચી શકતો હોય તેવી શકયતા રહે છે. તેથી પોતાના ઇલ્મ માટે તકબ્બુર (ગર્વ - ઘમંડ) કરનારે આ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો જોઈએ.

જો કોઈ દીની કે આખેરતના ઇલ્મ વિષે તકબ્બુર કરે, તો તેને આ વાત ઘ્યાનમાં રાખવી જોઈએ કે, જે ઇલ્મનો સંબંધ માઅરેફતે ઇલાહી સાથે હોય તેના પરિણામે તકબ્બુરમાં નહીં પણ નમ્રતા (ખુશુઅ)માં વધારો થવો જોઈએ. આ વિષયમાં અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

"અલ્લાહના બંદાઓમાંથી માત્ર આલિમો (જ્ઞાનીઓ) જ અલ્લાહથી ડરતા રહે છે." (સૂરએ ફાતિર - ૩૫, આ. ૨૮)

જો કોઈ આલિમમાં આનાથી વિરૂઘ્ધના ગુણો જોવા મળે એટલે કે કોઈ આલિમમાં નમ્રતા,, વિનય વગેરે જોવા ન મળે તો તે

નૂરની હકીકત અને ખરા ઇલ્મે દીનથી વંચિત છે અને એમ કહી શકાય, કે તેણે ફકત ઇલ્મે દીનના કાયદાઓ મોંઢે કરી નાખ્યા છે અને તે પણ એ બાબત છે કે, ગર્વ કે તકબ્બુર કરવાને લાયક વાત નથી.

અહેકામે દીનનું ઇલ્મ એટલે કે ફીકહ પણ તેના કાનૂનો પર અમલ કરવામાં આવે તો જ ફાયદાકારક બને છે. જો કોઈ ફીકહના સિધ્ધાંતો જાણી લે, પરંતુ તેની ઉપર અમલ ન કરે તો તેનું ઉદાહરણ એ ડોકટર જેવું છે જે તબીબી વિદ્યા જાણતો હોય પણ પોતે આરોગ્યને લગતા નિયમોનું પાલન કરતો ન હોય. ઇલ્મ ઉપર અમલ ન કરનાર વિષે ફરમાને ખુદા છે :

“તેનો દાખલો એ ગધેડા સમાન છે જેની ઉપર મોટી કિતાબો લાદવામાં આવી હોય (જેણે કિતાબનો બોજો ઉપાડેલ હોય)” (સૂરએ જુમ્આ - ૬૨, આ. ૫)

એવા માણસની સરખામણી ‘બલઅમે બાઉર’ નામના બેઅમલ આલિમ સાથે કરી શકાય. બલમઅ બાઉરને કુતરા સમાન ગણવામાં આવતો હતો. જો આલિમ વિચાર કરે તો તેની ઉપર હુજજતે ખુદા પૂર્ણ થઈ ચૂકી છે અને તેના માટે એક બહુ જ મોટી જવાબદારી છે. કારણ કે (કયામતમાં) જાહિલના સિત્તેર (૭૦) ગુનાહ બક્ષી આપવામાં આવશે. ત્યારે એટલા સમયમાં આલિમના એક ગુનાહની

પૂછપરછ થતી રહેશે. આ વાતનો સારાંશ એ છે, કે ઇન્સાનના ઇલ્મમાં જેમ જેમ વૃધ્ધિ થતી જાય તેમ તેની સાથે સાથ તેના તકબ્બુરમાં નહીં પણ વિવેક, વિનય વગેરેમાં વૃધ્ધિ થવી જોઈએ.

## કબૂલ થયેલા અમલનું વિશેષ મહત્વ હોય છે

અમલ : એ વાત જાણી લેવી જોઈએ, કે જો કોઈ નેક કામ ખુઝુઅ, ખુશુખ, આજીઝી અને ઇન્કેસારી (નમ્રતા અને વિનય) સાથે કરવામાં આવે તો તે કામ બંદગીની રૂહ સમાન ઇબાદત અને પ્રશંસનીય છે અને જો તે કામ ગુરૂર અને તકબ્બુરની સાથે કરવામાં આવે તો તે કામ નિર્જીવ પદાર્થ સમાન બની જાય છે. જેનું કોઈ

મહત્વ હોતું નથી. આ વાતની સાથે એ પણ જાણી લેવું જોઈએ, કે કોઈ પણ નેક અમલ ખુદાવંદે આલમની બારગાહમાં કબૂલ થાય તો જ તેનો ફાયદો મળે છે. અને કોઈનો અમલ કબૂલ થયો છે કે તેની સચ્ચાઈ, ઇખ્લાસ અને તકવાના અભાવે કબૂલ થતો નથી. તે વાત કદી જાણવા મળતી નથી. તેથી, અગાઉ ઉલ્લેખ થઈ ગયો તે પ્રમાણે નેક અમલ પણ એ ઇલ્મ સમાન છે જેનાથી ગુરૂર અને તકબ્બુરમાં નહીં પણ આજીઝી અને ઇન્કેસારીમાં વધારો થવો જોઈએ. ખુદાવંદે આલમ મોઅમિનોની સિફાત વિષે વર્ણન કરતા ફરમાવે છે :- “એ લોકો કે જેઓ (ખુદાની રાહમાં) જે કાંઈ તેમનાથી શકય

હોય તે (ઇતાઅત, ઇબાદત અને ખયરાત સ્વરૂપે) જે કાંઈ (બની શકતું) કામ કરે છે અને પછી તેઓના દિલોમાં એ વાતનો ખટકો રહે છે કે તેઓએ તેમના પરવરદિગારની તરફ પાછું ફરવાનું છે.” (સૂરએ મોઅમેનૂન - ૨૩, આ. ૬૦)

એટલે કે, તેવા મોઅમિનો પરવદિગારની હુઝૂરમાં પોતાના નેક અમલ (કદાચ) કબૂલ નહીં થાય તે કારણસર ડરતા હોય છે. કારણ કે, ખુદાવંદે આલમ જે કાંઈ જાણે છે તે વાતો મોઅમિનોથી છૂપી હોય છે.

વંશ પરંપરાગતથી મળેલી પ્રતિષ્ઠા તકબ્બુર માટે કારણરૂપ બનવી ન જોઈએ.

જો કોઈ માણસ જાહેરી અને દુન્યવી ઇઝઝત અને શરાફત ધરાવતો હોય કે કોઈ વિશેષ ખાનદાની ધરાવતો હોય તો જયારે આ દુનિયા જ ફાની છે તો તેના ભૌતિક ઇઝઝત, શરાફત કે ખાનદાનીનો શું ભરોસો ? કેમકે, આ ક્ષણભંગુર દુનિયાની ચમક દમક નિશ્ચિત અને મર્યાદિત સમય પૂરતી જ અને નાશવંત છે. તેથી તેવી વસ્તુઓ માટે ગુરૂર અને તકબ્બુર કરવું એકદમ મુર્ખાઈ અને અણસમજભરી વાત છે.

આ વાતનો બીજો મુદ્દો એ છે, કે જે માણસ (તેના પૂર્વજો) માટે ગર્વ ને તકબ્બુર કરવામાં આવે તે એ વખતે આલમે બરઝખમાં મુસીબતોમાં ફસાએલા હોય અને ત્યાંના સૌથી નીચેના તબક્કામાં (અઝાબની) ફરિયાદ કરી રહ્યો હોય અને આ મૂર્ખ તેની સાથે પોતાનો સંબંધ હોવાને કારણે તકબ્‌બુર કરતો હોય.

જો વાસ્તવિક અને આંતરિક શરાફત હોય, જેમકે સાદાતે ઉઝઝામ સાથે વંશ પરંપરાગતનો સંબંધ હોય તો પણ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે તેમના પૂર્વજોની શરાફત, તેમની ખુદાવંદે આલમની નઝદીકી અને તેમના નફસાની ફઝાએલ (આધ્યાત્મિક

સદગુણોની ઉચ્ચતા)ને કારણે હતી જેનું કારણ ખુદા અને તેની મખ્લૂક સાથે અત્યંત ઇન્કેસારી અને તવાઝોઅ ભર્યું વર્તન હતું. આમ, જો કોઈ પોતાનો સંબંધ પોતાના પૂર્વજો સાથે જોડવા માંગે તો તેની એ વિશેષ જવાબદારી થઈ જાય છે કે તે ખુદા અને લોકો સાથે તકબ્બુર, અવિનયભર્યા વર્તન અને તેવા બીજા દુર્ગુણોથી દૂર રહે. કારણ કે તેવો દુર્ગુણ તેના દુશ્મનોના લક્ષણ છે અને મોઅમિનોએ તેનાથી મુક્ત રહેવું જોઈએ.

તેવી જ રીતે લોકોએ પણ એ વાત જાણી લેવી જોઈએ કે પોતે આલિમ હોય અને એ મુતકબ્બીર (ઘમંડી) હોય તો તે ઇલ્મની

ફઝિલતથી વંચિત રહે છે. જેનો ઉલ્લેખ આગળ થઈ ગયો છે, તો પછી જો કોઈ આલિમ સાથેના સંબંધને કારણે ગર્વ કરે તો તેની શું હાલત થાય!

## સંપત્તિના કારણે તકબ્બુર કરવું મૂર્ખાઈ છે

જો કોઈ ઇન્સાનના હાથમાં માલ આવી જાય અને તે મોટી સંપત્તિનો માલિક થઈ જાય અને ફકીરો અને જરૂરતમંદોની સામે પોતાની શ્રીમંતાઈ જાહેર કરે અને પોતાને બીજાઓ કરતા ઉચ્ચ કક્ષાનો સમજે તો તેની બેવકૂફી છે. જેમકે, કોઈ ફકીર બીમાર હોય તો (ગરીબીને લીધે) તેના ખબર અંતર ન પૂછે. ભલે પછી તે તેનો સગો અને પાડોશી હોય, અથવા કોઈ

ગરીબ કે ફકીર તેની સાથે વાત કરવા માંગતો હોય તો તેની વાત પ્રત્યે ધ્યાન ન આપે અથવા તેની સલામનો યોગ્ય પ્રત્યુત્તર ન આપે અથવા તેની સાથે કડકાઈપૂર્વક વાત કરે વગેરે.

એ મુદ્દો ખાસ લક્ષમાં લેવા જેવો છે, કે માલ ઇન્સાનની ઝાત કરતા જુદી વસ્તુ છે અને માલ વધારે કે ઓછો હોવાનો ઇન્સાનની વિશિષ્ટતા સાથે કોઈ સંબંધ નથી. તેથી, એવું શકય છે કે સૌથી હલકી કક્ષાનો ગણાતો માણસ (તેની આંતરિક શ્રેષ્ઠતાને લીધે) તેની કરતા વધુ શ્રીમંત હોય. બીજી નોંધપાત્ર બાબત એ છે કે માણસ પાસે જે માલ હોય છે તે તેનો મરવા પછી બીજી વ્યકિત પાસે ચાલ્યો જાય છે અથવા

તો કોઈ સામાન્ય અકસ્માતને પરિણામે તેનો માલ નાશ પામે છે અને કેટલાએ માલદાર, મુતકબ્બીર અને મગરૂર ઇન્સાનો પલકવારમાં ફકીર અને મોહતાજ થઈ ગયાની હકીકત ઇતિહાસના પાનાઓ ઉપર નોંધાએલી છે.

જો શ્રીમંત માણસ ઈમાન, અક્કલ અને સમજણ ધરાવતો હોય તો પોતાના માલને ફિત્નો, બલા અને પોતાની કસોટી માટેનું કારણ સમજશે અને તે માલ પોતાની પાસે હોવાને પોતાની ગંભીર જવાબદારી સમજશે કે જવાબદારીમાંથી મુક્ત થવાનું પોતાને માટે મુશ્કેલ સમજશે. ફકીરો અને ગરીબો સાથે ગુરૂર અને તકબ્બુર ભર્યું નહીં પણ નમ્રતાભર્યું વર્તન

કરવું એ માલદારની સમજણ અને તે અક્કલમંદીનો પૂરાવો છે.

જો કોઈ શ્રીમંત બેપરવાહ બની જાય અને પોતાની માલ મિલ્કત અને સંપત્તિ અને ખુદાએ આપેલી રહેમત સમાન સમજે અને પોતાની જાતને તે રહેમત મેળવવાને લાયક સમજતો હોય તો તેવા માણસે નીચેની આયત લક્ષમાં રાખવી જોઈએ.

"શું એ લોકો એવું ગુમાન કરે છે અને તેમના માલ અને ઔલાદમાં જે પ્રગતિ (બરકત) આપી રહ્યા છે તેની સાથે ભલાઈ કરવામાં ઉતાવળ કરી રહ્યા છીએ ? (એવું નથી) પરંતુ આ લોકો (ખરી હકીકત) સમજતા

નથી.” (સૂરએ મોઅમેનૂન - ૨૩, આ. ૫૫ - ૫૬)

એવું પણ શકય છે કે, માલ અને દૌલતને તેના સદભાગ્યની નિશાની ન હોય. પરંતુ દૌલતના નશામાં ગફલત અને લાપરવાહીમાં રહીને તે ગઝબે ઇલાહીમાં સપડાઈ જાય અને રહેમત તથા નેઅમતે ખુદાથી વંચિત રહી જાય. તેને માટે રહેમત ઝહેમત બની જાય. અને નેઅમતનો નિકમત (યાતના - અઝાબ)માં પરિવર્તન થઈ જાય.

જો કોઈ એ વાત જાણવા માંગતો હોય કે, પોતાની પાસે જે માલ છે તે રહેમત અને ખૈર છે કે આઝમાઈશ અને ગઝબે ઇલાહી છે તો

તે જાણવા માટે રિવાયતોમાં બે નિશાનીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક ઇન્‌કેસારી અને બીજું ઇન્ફાક (ખર્ચ કરવો)ની તૌફીક થવી. હવે જો કોઈ ખાસ સંપત્તિ હોવાની સાથેસાથ તે ગરીબો અને ફકીરોની સાથે ઇન્કેસારી (નમ્રતા), વિનય અને વિવેક તેમજ નેક કામમાં વધારે ખર્ચ (ઇન્ફાક) કરતો હોય તો તે માલ ખૈર અને રહેમતે ઇલાહી છે અને જો તેનામાં કંજૂસાઈ અને તકબ્બુર વધારે પ્રમાણમાં જોવા મળે તો તેના માલ આઝમાઈશ, શકાવત અને બદબખ્તીનું કારણ બને છે. આ વિષે ખુદાવંદે કુરઆન કરીમ ઇરશાદ ફરમાવે છે :

“જાણી લ્યો કે તમારો માલ અને ઔલાદ (એ તમારા માટે) કસોટીરૂપ છે.” (સૂરએ અન્ફાલ - ૮, આ. ૨૮)

## હોદ્દો, સત્તા અને સ્થાન જવાબદારી ભર્યા હોય છે

આગળના મુદ્દામાં માલ દૌલત, અને સંપત્તિના નાશવંત અને બિનભરોસાપાત્ર તેમજ માલ કયારેક ખૈરો નેઅમત અને કયારેક નુકસાન અને આઝમાઈશ માટે કારણરૂપ હોવા બાબતનું વર્ણન થઈ ગયું છે. એ જ વાત હોદ્દા સત્તા અને સ્થાનને પણ લાગું પડે છે .એટલું જ નહીં પણ હોદ્દા સત્તા અને સ્થાનની જવાબદારી તો વિશેષ હોય છે. તેમ જ તેનું નુકસાન પણ

મોટું હોય છે. ખાસ કરીને કોઈ શ્રીમતં પાસે હોદ્દો સત્તા કે જવાબદારી ભર્યું સ્થાન હોય તો તેની જવાબદારી વધારે ગંભીર બની જાય છે. તેનું કારણ એ છે કે, તે પોતે વઝીફએ ઇલાહીને પૂરેપૂરી અદા કરી રહ્યો છે કે નહીં તે ખાસ જોવાનું રહે છે. કયારેક તે મઝલૂમોની મદદ ન કરવાને લીધે, તકબ્બુર કરવાના સબબથી અને કોઈ મોઅમિનનું (ખાસ કરીને સૈયદ, આલિમ કે વૃધ્ધ માણસનું) અપમાન કરવાના કારણે તે અઝાબ અથવા ગઝબે ઇલાહીનું કેન્દ્ર બની જાય છે. સંક્ષિપ્તમાં કહીએ તો હોદ્દો, સત્તા અને સ્થન પણ માલની જેમ જ નાશવંત છે અને તે પણ માણસની જાતથી અલગ એક (ઉભી કરેલી)

જવાબદારી છે. (એટલે કે ઝાતી કે કુદરતી નથી હોતા) કોઈ પણ બુધ્ધિશાળી વ્યકિત ગફલતમાં રહીને પોતાના હોદ્દા, સ્થાન કે સત્તા માટે તકબ્બુર કરતી નથી. વીતેલા યુગનો ઇતિહાસ જોતા એ વાત જાણવા મળે છે કે હોદ્દો, સત્તા કે સ્થાન એ નાશવંત અને અવિશ્વસનીય બાબતો છે. આ વાતના સમર્થનમાં ઘણા દાખલાઓ ઇતિહાસના પાનાઓ ઉપર નોંધાએલા છે. જે પૈકીનો એક બનાવ કિતાબે હબીબુસ્સીયરમાં નોંધાયેલો છે. જેમાં લખ્યું છે, કે જયારે અમ્ર બિન લીસ પોતાના સિત્તેર હજાર ચુનંદા સિપાહીઓ સાથે અમીર ઇસ્માઈલ આસાનીના દસ હજાર સવારોનો મુકાબલો કરવા માટે

આવ્યો હતો. જયારે લડાઈ શરૂ થવાના ઢોલ, બુંગીયા વાગી ચૂકયા ત્યારે અમ્રના ઘોડાએ સરકશી કરી અને તેના કાબૂની બહાર નીકળી ગયો અને દુશ્મનોની હરોળમાં ચાલ્યો ગયો અને તે રીતે અમીર ઇસ્લમાઈલ લડાઈ કર્યા વગર વિજયી બની ગયો અને તેણે અમ્રને એક તંબુમાં કૈદ કરી લીધો. કહેવાય છે કે, તે વખતે અમ્રની નજર તેના એક જૂના શાગીર્દ ઉપર પડી. અમ્રએ તેને બોલાવ્યો અને ભૂખની ફરિયાદ કરી, તે શાગીર્દ તૂરત જ તેના માટે ગોશ્તનો એક ટુકડો લઈ આવ્યો. તે વખત ત્યાં કોઈ વાસણ ન હતું, તેથીતે ગોશ્તને ઘોડાના ખોરાક માટેના વાસણ (કે જે ઘોડાના ખોરાક

માટે ઘોડાના મોઢા સાથે બાંધવામાં આવતું હો છે તે)માં નાખી દીધું અને તેની નીચે આગ સળગાવી દીધી. અને ત્યાર પછી તે પોતાના કોઈ કામ માટે ચાલ્યો ગયો. યોગાનુયોગ તે તંબુમાં એક કૂતરો આવી ચડયો, તેણે પોતાનું મોઢું તે તગારામાં નાખ્યું અને વરાળની ગરમીને લીધે તૂરત જ પાછું ખેંચી લીધું. પરંતુ મોઢું તે વાસણમાં ફસાઈ ગયું અને મોઢા ઉપર ફસાએલા વાસણ સાથે જ તે કૂતરો ભાગી ગયો. અમ્ર આ જોઈને હસવા લાગ્યો ત્યારે તેના ચોકીદારે પૂછયું કે આમાં હસવા જેવી શું વાત છે ? ત્યારે અમ્રએ કહ્યું કે, એક દિવસ તારા સિપાહીએ મને ફરિયાદ કરી હતી કે આપના

રસોડાનો સામાન ત્રણસો ઘોડાઓ ઉપર માંડ માંડ ગોઠવી શકાય છે અને આજે હું જોઈ રહ્યો છું કે મારો તે ખોરાક એક કુતરો તેને સહેલાઈથી ઉઠાવીને લઈ ગયો છે. બિલ્કુલ આવો જ એક કિસ્સો બની ઉમય્યાના બાદશાહો પૈકી છેલ્લો બાદશાહ મરવાને હમ્મારનો પણ છે. સન ૧૩૩ માં જયારે તે આબે ઝાબ નામની જગ્યાએ સફ્ફાકના લશ્કરનો સામનો કરવા માટે આવ્યો હતો. બંને લશ્કરોની ટૂકડીઓ સામસામે ગોઠવાઈ ગઈ હતી ત્યારે તે પેશાબ કરવા માટે પોતાના ઘોડા ઉપરથી ઉતર્યો તેવામાં તેનો ઘોડો ભાગીને તેના માટે દુશ્મનના લશ્કરમાં ઘૂસી ગયો ત્યારે તેના સૈનિકો એમ સમજયા કે

મરવાન કતલ થઈ થયો છે અને તેનો ઘોડો ભાગીને પાછો આવ્યો છે. ત્યારે તેના લશ્કરના સૈનિકો ડરને લીધે વેર વિખેર થઈ ગયા. (આ રીતે આખો કિસ્સો વર્ણવાયો છે.) છેવટે મરવાનને પકડીને કત્લ કરી દેવાયો અને એવું કહેવામાં આવ્યું કે તેની સલ્તતનત પેશાબ કરવાને કારણે ગઈ.

આજ પ્રકારનો અબ્બાસી ખલીફાનો એક પ્રસંગ મશહૂર છે. અબ્બાસી ખલીફો આંધળો થઈ ગયો હતો અને બગદાદની જામેઅ મસ્જિદમાં નમાઝે જમાઅતની હરોળમાં ભીખ માંગતો હતો અને આ પ્રમાણે કહેતો હતો કે, અય લોકો, એવા માણસ પર રહેમ કરો, જે કાલ

સુધી તમારી ઉપર હકૂમત કરતો હતો અને આજે તમારી પાસે ભીખ માંગવા માટે હાથ લંબાવી રહ્યો છે.

## શારીરિક શક્તિ ક્ષણભંગુર છે : શારીરિક શક્તિ ઉપર તકબ્બુર કરવું

ઇન્સાન માટે હંમેશા એ વાતની શકયતા રહેલી છે કે, તે કોઈપણ સાધ્ય કે અસાધ્ય રોગમાં સપડાઈ જાય અને તેનું શરીર એકદમ નબળું પડી જાય અને તેજ હાલતમાં તેને સકરાત, મૌત અને કબ્રનો સામનો કરવો પડે. તેવી જ રીતે શારીરિક દેખાવ અને સૌંદર્ય માટે તકબ્બુર કરવું પણ નિરર્થક છે. કારણ કે, વાસ્તવિક સૌંદર્ય તો નેક અખ્લાક સાથે

જોડાએલું છે. જેમાંનો એક તવાઝોઅ છે. બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે બાહ્ય સૌંદર્યની કોઈ જ કીમત નથી. અને બાહ્ય સૌંદર્ય અમુક નિશ્ચિત સમય મર્યાદા પૂરતું જ હોય છે. એક નાનકડો અકસ્માત બને તો બધું જ બાહ્ય સૌંદર્ય નાશ પામે તેવી શકયતા રહેલી છે. આ કારણસર ઇન્સાને પોતાની કબ્રને હંમેશા નજર સમક્ષ રાખવી જોઈએ અને એ વાત પણ વિચારવી જોઈએ કે, આ બાહ્ય દેખાવ અને સૌંદર્ય આખેરતમાં કોઈ રીતે ઉપયોગી નથી. તેમજ, એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ, કે તેના શરીરમાં કેટલી ગંદકી (મળ મૂત્ર વગેરે) રહેલી છે અને

તેની ચામડીની નીચે લોહી, રસી અને બીજી ગંદી વસ્તુઓ રહેલી છે. તેથી, તેણે બીજા કોઈ ઉપર ઉચ્ચતા કે તકબ્બુર વ્યકત કરવું ન જોઈએ.

## તકબ્બુરના રોગનો વ્યવહારિક ઇલાજ

ઇન્સાનને નફસમાં જે ખ્વાહીશ (મનોકામના) ઉત્પન્ન થાય તેને તાબે થયા વગર તેનાથી ઉલ્ટો અમલ કરવામાં આવે, તો ધીરે ધીરે તે ખ્વાહીશોનો નાશ પામે છે અને તેનાથી તકબ્બુરથી વિરોધી બાબત તવાઝોઅ (વિનમ્રતા અને વિનય) છે, તેથી તકબ્બુરના રોગનો રામબાણ ઇલાજ વ્યવહારમાં વિનમ્રતા અને વિનયનો ગુણ પેદા કરવો તે છે. આ

બાબતને ધ્યાનમાં રાખીને તવાઝોઅનું મહત્વ, તેની હકીકત અને તવાઝોઅના પ્રકારનો અત્રે સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવે છે.

## તવાઝોઅની ફઝીલત

તવાઝોઅ વિષેની આયતો અને રિવાયતો મોટા પ્રમાણમાં છે. તેનો અત્રે ઉલ્લેખ કરવો આ પુસ્તકને અનુરૂપ નથી. તવાઝોઅની અગત્યતા માટે એટલી વાત કહેવી પૂરતી છે કે, પરવરદિગારે આલમ પોતાના હબીબ અશ્રફુલ મખ્લૂકાત, બાઈસે તખ્લીકે કાએનાતને તવાઝોઅનો હુકમ આપી રહ્યો છે. ઇરશાદ છે. “અને મોઅમિનો સાથે (ભલે તે ગરીબ હોય તો

પણ) ઝૂકીને મુલાકાત કરો.” (સૂરએ હીજ્ર - ૧૫, આ. ૮૮)

તેવી જ રીતે, ખુદાવંદે આલમ તેના મુકર્રબ બંદાઓની પ્રશંસા કરીને ફરમાવે છે : “અને રહમાનના ખાસ બંદા તો એ છે કે જે જમીન ઉપર નમ્રતાપૂર્વક ચાલે છે.”

શિયાઓની રિવાયતોમાં ઇમામતની નિશાનીઓના વર્ણનમાં એક નિશાની એ પણ છે, કે ઇમામ દુનિયાના કોઈ પણ માણસ કરતા વધારે વિનમ્રને વિનયી હોવા જોઈએ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે.

“જો કોઈ બંદાને તકબ્બુર કરવાની પરવાનગી આપવી એ જો ખુદાની શાનને

લાયક વાત હોતે તો તેણે પોતાના મખ્સૂસ બંદાઓ, અમ્બિયા અને અવલીયાને તકબ્બુર કરવાની પરવાનગી આપી હોત, પરંતુ ખુદાની ઝાત તમામ બૂરી સિફતોથી પાક છે. તેણે તેઓના માટે પણ તકબ્બુરને મકરૂહ ગણાવેલ છે. અને નમ્રતાને પસંદ કરેલ છે. તેઓએ પોતાની છાતીઓને જમીન ઉપર લગાવી અને પોતાના ચહેરાઓ માટીમાં રગદોળાયેલા રાખ્યાં, અને મોઅમિનોની સામે નમ્રતાપૂર્વક ઝૂકતા રહ્યા અને તે રીતે દુનિયામાં કમઝોર હાલતમાં રહ્યા.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે :

“જેનામાં શ્રેષ્ઠ અખ્લાક અને સૌથી વધુ તવાઝોઅ હશે તે કયામતના દિવસે મને સૌથી વધારે પસંદ અને મારાથી સૌથી વધુ નજદીક હશે અને તકબ્બુર કરનારા કયામતના દિવસે મારાથી સૌથી વધારે દૂર હશે.” (બેહારૂલ અન્વાર)

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :-

“આસમાનમાં બે ફરિશ્તાઓને દરેક વ્યકિત માટે મુકર્રર કરવામાં આવ્યા છે. જયારે કોઈ તવાઝોઅ કરે છે ત્યારે તેના માન મરતબાને વધારે છે અને જયારે કોઈ તકબ્બુર કરે છે તો તેને ઝલીલ અને ખ્વાર કરે છે.”

અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે :-

“તકબ્બુર એ બાબત છે જેનાથી ખુદાવંદે આલમે પોતાના એ મોઅમિન બંદાઓ જેઓ નમાઝ, રોઝા અને ઝકાત અદા કરે છે, તેમને સુરક્ષિત રાખ્યા છે, જેથી તેમના એ અવ્યવો રાહત મેળવે. તે આંખોને આજીઝીના અહેસાસથી ઝૂકાવી દે છે, નફસની શાંતિ આપે છે અને દિલોને એકાગ્ર બનાવીને તેમાંથી ખુદપસંદગીને નાબૂદ કરે છે. કારણ કે નમાઝમાં સજદાની હાલતમાં શરીરના નાજૂક અવયવોને તવાઝોઅ અને આજ્ઞાકારિતા સાથે જમીન ઉપર (ધૂળમાં) મૂકવામાં આવે છે અને સજદામાં

શરીરના મુખ્ય (સાત) ભાગો જમીન ઉપર રાખીને પોતાનું નાચીઝપણું વ્યકત કરવામાં આવે છે. તેમજ, રોઝા રાખીને અલ્લાહની ફરમાંબરદારીમાં પીઠ પેટ સાથે મળી જાય છે. (નહજુલ બલાગાહ, ખુત્બાનાં ૯૨, ખુત્બએ કાસીઆહ)

## ઇબાદત તકબ્બુર નાશ કરે છે

ઉપરના મુદ્દાઓથી એ વાત જાણવા મળે છે, કે નમાઝ, રોઝા, ઝકાત વગેરે ઇબાદતો વાજિબ હોવાનું મુખ્ય કારણ તકબ્બુરના રોગને નાબૂદ કરવાનું અને તવાઝોઅની ફઝીલત પ્રાપ્ત કરવાનું છે. આથી, તકબ્બુરના રોગોને નાબૂદ કરવા માટેનો મુખ્ય ઇલાજ ઇબાદતોને

સહીહ શરતો અને મસાએલ સાથે અદા કરવાની કોશિશ કરીને કરવી જોઈએ કે જેથી તે ઇબાદતો કબૂલ થાય. તકબ્બુર સાથે કરવામાં આવતી ઇબાદત કબૂલ થતી નથી. કેમકે, ઇબાદતનો અર્થ ઇતાઅત, ફરમાંબરદારી અને બંદગી તેવો થાય છે. પોતાની જાતને ઉચ્ચ અને મહાન જાહેર કરવાનો અર્થ ઇબાદત નથી.

## તવાઝોઅનો અર્થ અને તેના પ્રકાર :

તવાઝોઅ એ નફસની એવી કેફિયતનું નામ છે જેનો અર્થ ફરૂતની, નફસને તોડવા અને પોતાને તુચ્છ અને હકીર સમજવાનો કરી શકાય. ઉત્પત્તિ, પ્રકૃતિ અને વાસ્તવિકતા પણ

એ જ છે કે ઇન્સાનની કોઈ પણ વસ્તુ પોતાના તરફથી નથી.

આ ગૂંચવાડા અને રહસ્યોથી ભરપૂર દુનિયામાં અમારી હેસિયત શું છે ?

અમારો દાખલો તો તે અલીફ જેવો છે જેનું પોતાનું કાંઈ પણ મહત્વ નથી.

તવાઝોઅના ત્રણ પ્રકાર છે

(૧) ખુદાવંદે આલમ સાથે તવાઝોઅ

(૨) પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને ઇમામ સાથે તવાઝોઅ

(૩) લોકો સાથે તવાઝોઅ

# ખુદાવંદે આલમ સાથે તવાઝોઅ

ઇન્સાનને એ વાતનું યકીન થઈ જાય, કે તેનું પોતાનું કોઈ જ અસ્તિત્વ નથી અને જે કાંઈ છે તે બધું અલ્લાહ (સુબ્હાનહુ વ તઆલા) તરફથી છે. પોતાનો કોઈ પ્રકારનો હક ન હોવા છતાં ખુદાએ તેને બેહદ અને બેશુમાર નેઅમતો આપી છે અને તેની પાસે જે કાંઈ આપ્યું છે તે બધું અલ્લાહ તઆલાએ જ આપેલું છે. આવું ખાત્રીપૂર્વક માનનારાના નફસમાં એવી કેફિયત પૈદા થઈ જાય છે કે, જેને હકકની સરખામણીમાં તુચ્છતા અને ઇન્કેસારી સાથે સરખાવી શકાય છે. માણસની એવી હાલત હોય ત્યારે કેટલીક બાબતો જરૂરી થઈ જાય છે. જે પૈકીની એક

વાત એ છે, કે તેણે ખુદાવંદે આલમની ઇતાઅત અને ખુલૂસની સાથે ફરમાંબરદારી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એટલે કે, તેણે હંમેશા ખુદાની રઝા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, તેમજ અબ્દીયતના વઝાએફ અંજામ આપવામાં ખુલૂસ સાથે હંમેશા પોતાની જાતને કસૂરવાર સમજવી જોઈએ. તેણે હંમેશા એમ માનવું જોઈએ કે ખુદાએ આલમની જે રીતે ઇબાદત અને બંદગી કરવી જોઈએ તે રીતે તેણે તેની ઇબાદત અને બંદગી કરી નથી, એટલું જ નહીં, તેણે અલ્લાહ તરફથી પોતાને અમુક વસ્તુઓ માટે હકદાર પણ ન સમજવો જોઈએ.

તેમ જ અલ્લાહ તરફથી મળેલ અનેક નેઅમતો માટે તેના શુક્રગુઝાર થવું જોઈએ.

આ ઉપરાંત જયારે કોઈ નવી નેઅમત મળે ત્યારે એને અગાઉ મળેલ નેઅમતોને યાદ કરે ત્યારે શુક્રનો સજદો કરવો મુસ્તહબ છે.

## ખુદાની નેઅમતો સામે આજેઝી

નેઅમતોને મહાન અને મોહતરમ સમજવી જોઈએ. કારણ કે એ ખરા મહેબૂબ અને મુનઈમ (નેઅમતો આપનાર) (અલ્લાહ તઆલા) તરફથી આપવામાં આવી છે. ખાસ કરીને ખાવા પીવાની નેઅમતોને ખૂબ જ મોહતરમ સમજવી જરૂરી છે. રિવાયતમાં છે કે જો કોઈ ખોરાક ખાવાથી નુકસાન થતું હોય તો

એમ ન કહો કે અમુક ખોરાક ખરાબ છે જે ખાવા પીવાના કારણે હું બીમાર થઈ ગયો. પણ એમ કહો, કે અમુક ખોરાક મારી પ્રકૃતિને અનુરૂપ નથી અને મેં તેનો યોગ્ય રીતે ઉપયોગ ન કર્યો. (તેથી મારી તબિયત બગડી ગઈ.)

જમતી વખતે ઇન્કેસારી સાથે એક ગુલામની જેમ બેસીને જમવું જોઈએ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ દસ્તરખ્વાન ઉપર નમાઝમાં તશહ્હુદની જેમ બેસીને જમતા હતા.

ઇન્કેસારી સાથે જમવાના આદાબ છે કે (ડાઈનીંગ) ટેબલ પર બેસીને (ટેબલ ખુરસીનો ઉપયોગ કરીને) ન જમવું. પણ પગરખા કાઢીને

નમ્રતાપૂર્વક જમીન ઉપર બેસીને જમવું જોઈએ. ખાસ કરીને, રોટલીને મોહતરમ સમજે. કારણ કે રોટલી વિષેની ઘણી રિવાયતો વારિદ થઈ છે. તેમ જ ઘરના તમામ સભ્યો જેમકે મા-બાપ, પુત્ર, નોકર વગેરે તમામે ભેગા મળીને એક જ દસ્તરખ્વાન પર જમણ લેવું જોઈએ. ઘરના અમુક સભ્યોએ અલગ અલગ બેસીને જમવાની પ્રથા ખોટી છે.

જમવાને લગતા ઘણાં આદાબ છે. જેમાં હુઝૂરે કલ્બ અને મુન્ઈમે હકીકી (અલ્લાહ તઆલા) તરફ સંપૂર્ણ તવજ્જો રાખવી એ મુખ્ય બાબતો છે. તેના નામથી જમવાનો પ્રારંભ કરવો એટલે કે બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ.

કહીને જમવાનું શરૂ કરવું અને જમવાનું પૂરૂં કરતી વખતે અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન કહેવું.

આગળ ઉલ્લેખ થઈ ગયો તે રીતે ખુદાવંદે આલમ સાથે તવાઝોઅ એ છે, કે ખુદાવંદે આલમના નામ મુબારકને પણ મોહતરમ સમજે. ખુદાવંદે આલમના કોઈ પણ નામને તહારત વગર અડકવું ન જોઈએ. ખાસ કરીને રસ્તામાં એ નામો (બેઅદબી સાથે) પડયા ન રહે. તેમ જ, એ નામોની સામે પગ લાંબા કરીને તેની બેઅદબી ન કરવામાં આવે. સારાંશ એ કે, ખુદાવંદે આલમ સાથે સંબંધ હોય તેવી દરેક વસ્તુનું માન જાળવવું જોઈએ.

દાખલા તરીકે મસ્જિદ જેના વિષે ખુદ અલ્લાહ તઆલા ફરમાવે છે : "અન્નલ મસાજેદ લિલ્લાહ" (સૂરએ જિન - ૭૨, આ. ૧૮)

બેશક, મસ્જિદો ખુદા માટે જ છે. તેથી મસ્જિદમાં થૂંકવું, દુર્ગંધ મારતી હાલતમાં મસ્જિદમાં જવું અથવા મસ્જિદોમાં મોટા અવાજે બોલવું અથવા દુન્યવી વાતો કરવી આ બધી બાબતો અલ્લાહ તઆલાની સાથે તવાઝોઅ કરવાની વિરૂધ્ધ છે.

## પયગમ્બર અને ઈમામની સાથે તવાઝોઅ :

ખુદાવંદે આલમ સાથે તવાઝોઅની સૌથી મોટી નિશાની (તેના) પયગમ્બર અને ઇમામ સાથે ઇન્કેસારી કરવી છે. કારણ કે, તેઓ

અલ્લાહ તઆલાની નિશાની, તેમના પ્રતિનિધિ અને ખલીફા છે. તેમની સાથે તવાઝોઅ કરવી એ અલ્લાહ તઆલા સાથે તવાઝોઅ કરવા સામાન છે. તેથી, હંમેશા એ બાબતની કોશિશ કરવી જોઈએ કે, તેઓની સાથે તવાઝોઅ કરવામાં કોઈ અધૂરાશ ન રહી જાય. પયગમ્બર અને ઇમામ સાથે તવાઝોઅ એ છે, કે તેમના નામોને તહારત વગર અડકવા ન જોઈએ. તેઓની કબ્રોને પીઠ પાછળ રાખી નમાઝ પડવી ન જોઈએ. તેમજ, તેમના નામોનો એટલો જ એહતેરામ કરવો જોઈએ એટલે કે પયગમ્બરના નામની સાથે સલ્લલ્લાહો અલય્હે વઆલેહી

વસલ્લમ અને ઇમામના નામની સાથે અલય્હિસ્સલામ કહેવું જોઈએ.

કેટલાક આલિમે દીનના મંતવ્ય પ્રમાણે ચૌદ માઅસૂમ અલય્હેમુસ્સલામ પૈકી કોઈનું નામ વઝુ કર્યા વગર બોલવું ન જોઈએ.

રિવાયતમાં છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ જયારે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું નામ લેતા ત્યારે એટલું ઝૂકતા કે તેમનો ચહેરો તેમની જાંઘ સુધી આવી જતો.

એવી જ રીતે, બાઅમલ આલિમો અને સાદાતે જલીલાની સાથે આજેઝી અને ઇન્કેસારી ભર્યું વર્તન એ પયગમ્બર અને ઇમામ સાથે

તવાઝોઅ કરવા સમાન છે, જેનો વિગતવાર ઉલ્લેખ આગળ થઈ ગયો છે.

## લોકો સાથે તવાઝોઅ

અલ્લાહે સર્જન કરેલ સૃષ્ટિના તમામ લોકો ખલ્કતની દ્રષ્ટિએ એક સરખા અને સમાન છે. બધા લોકો રબ્બુલ આલમીનની મખ્લૂક છે અને બધાને ખુદાવંદે આલમે તરબીયત આપી છે. બધા ઉપર અલ્લાહની રહેમત સમાન છે. અને બધાની પરવરરિશ અલ્લાહ તઆલા કરે છે. તેથી, કોઈપણ વિસ્તાર કે પ્રદેશમાં રહેનારને અક્કલન કે શરઅન કોઈ ગરૂર કે તકબ્બુર કે મોટાઈ જાહેર કરવાનો અધિકાર રહેતો નથી. એ ઉપરાંત બીજા કોઈ પોતાની પાસે તવાઝોઅ કરે

તેવી અપેક્ષા રાખવાનો પણ અધિકાર નથી. બધા લોકોનું ઉદાહરણ એ બાદશાહના ગુલામો જેવું છે કે તે બધાને પરસ્પર તકબ્બુર કરવાનો કોઈ અધિકાર હોતો નથી. તેવી જ રીતે તેમને પણ બીજા પાસેથી પોતાની સાથે તવાઝોઅની અપેક્ષા રાખવાનો અધિકાર હોતો નથી. કારણ કે બધા ગુલામોનો દરજજો એક સરખો હોય છે. કેમકે, જો કોઈ એક ગુલામ બીજા ગુલામ સામે તબ્બુર કરે તો અક્લન તે ટીકાને પાત્ર બને છે. બિલ્કુલ તેવી જ રીતે જો કોઈ એક વ્યકિત બીજી વ્યકિત પાસેથી આજેઝી અને તવાઝોઅની અપેક્ષા રાખે તો ઓકલા (બુધ્ધિશાળીઓ)ની દ્રષ્ટિએ તે ટીકા અને

ધિક્કારને પાત્ર છે. કારણ કે, બધા ઇન્સાન હઝરત આદમ અલય્હિસ્સલામના સંતાન છે. તેમાં કોઈ તફાવત હોય તો તે તકવા (સદાચાર) નો છે. બીજી રીતે કેટલીક વ્યકિતઓ તેમની ખાસ વિશિષ્ટતા અને ફઝીલતને લીધે અકલી અને શરઈ રીતે આદરણીય હોય છે. તેમની ઇઝ્ઝત અને એહતેરામ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. અને તે રીતે તેવી વ્યકિતઓ ખાસ આદરને પાત્ર બને છે અને લોકોએ તેમનો આદર અને માન જાળવવું જોઈએ. જેમકે, માં - બાપ સાથે તેમની ઔલાદ સદવ્યવહાર અને તવાઝોઅ કરે તે બાબત અકલન અને શરઅન જરૂરી છે. હકીકતમાં મા

બાપ સાથે તવાઝોઅ કરવી એ ખુદાવંદે આલમ સાથે તવાઝોઅ કરવા સ,માન છે. સંતાનો માં - બાપ દ્વારા હયાતી પામે છે. તેમ જ, તેમની ઉછેર અને કેળવણી પણ મા - બાપ કરે છે. તેમ જ સંતાનો પણ તેના માં - બાપની જેમ ઈમાન અને તકવાની રીતે મોઅમિનોની વ્યાખ્યામાં આવી જાય છે. દરેક મોઅમિન અને મુત્તકીની સાથે તવાઝોઅ અને ઇન્કેસારી સાથે વર્તવું જોઈએ. કારણ કે, મોઅમિન ખુદાવંદે આલમ સાથે સંબંધિત હોય છે. અને ખુદાની રહેમત અને કરમભરી નજર મોઅમિન ઉપર હોય છે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે : ખુદાવંદે આલમની

દ્રષ્ટિએ મોઅમિનની હુરમત (પ્રતિષ્ઠા જાળવવી) એ ખાનએ કાબાની હુરમત કરતા વધારે છે. હકીકતમાં મોઅમિન સાથે તેના ઈમાનના કારણે તવાઝોઅ ભર્યું વર્તન કરવું એ ખુદાવંદે આલમ અઝ્ઝ વ જલ્લ સાથે તવાઝોઅ અને ઇન્કેસારી કરવા સમાન છે. દાખલા તરીકે બાદશાહનો કોઈ ખાસ ગુલામ બાદશાહને બીજા ગુલામો કરતા વધારે પ્રિય હોય અને તેના પ્રત્યે બાદશાહ વિશેષ લાગણી ધરાતો હોય તો તેવાં ગુલામની ઇઝ્ઝત કરવી એ પણ બાદશાહની ઇઝઝત કરવા સમાન ગણાશે અને તે ગુલામનું અપમાન કરવું તે બાદશાહનાં અપમાન કરવા સમાન ગણાશે. તેવી જ રીતે આલિમ અને

મોઅલ્લિમ બંનેનું માન જાળવવું જરૂરી છે. દરેક આલિમની અઝમત એન મહાનતાને ધ્યાનમાં રાખીને તેનો એહતેરામ કરવો જોઈએ. તેવી જ રીતે વયોવૃધ્ધ લોકો, કૌમના બુઝુર્ગ મહેમાન વગેરેની ઇઝઝત કરવી અને તેમની સાથે તવાઝોઅભર્યું વર્તન કરવાની વિશેષ તાકીદ સાથે હુકમ આપવામાં આવ્યો છે.

## કાફિરો અને ફાસિકો સાથે તવાઝોઅ કરવી યોગ્ય નથી

કાફિરોની સાથે તવાઝોઅ અને ઇન્કેસારી કરવી કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી. પરંતુ તેમની સાથેના વ્યવહારમાં સમાન દરજજા અને ઉચ્ચતા દર્શાવવી જોઈએ. એટલે કે કાફિરો સાથે

કોઈ પણ પ્રકારની તવાઝોઅ દર્શાવવી ન જોઈએ. કારણ કે, કાફિર ખુદાવંદે આલમ સાથે બુગ્ઝ (દ્વેષ - ઇર્ષા) રાખતો હોય છે અને કાફિર માનવતાના દરજ્જેથી ઉતરીને સૌથી નીચેના દરજજે પહોંચી ગયો છે. કાફિર કયામતના દિવસે કહેશે કે, અય કાશ, હું ધૂળ હોત તો સારૂં હતું.

મોઅમિનની સાથે ઇન્કેસારી કરવી જોઈએ અને એક મોઅમિને પોતાને બીજા મોઅમિનથી કમતર સમજવો જોઈએ અને કાફિરની સામે પોતાને મોટા અને ઉચ્ચ મરતબાવાળા સમજવા જોઈએ. જો કોઈ મોઅમિન કાફિરની સાથે તવાઝોઅ અને

ઇન્કેસારી કરે, તો હકીકતમાં તેણે પોતાના અલ્લાહ ઉપર ઈમાનને રૂસ્વા અને કાફિરના ઘરને પસંદ કર્યું છે. એટલે કે, તેણે હકીકતથી ઉલટું વર્તન કર્યું ગણાશે. કારણ કે, ઇઝ્ઝત તો ખુદાવંદે આલમ, પયગમ્બર અને મોઅમિનો માટે જ છે.

આ ઉપરાંત, જે વ્યકિતએ ઝુલ્મ કરવાનો વ્યવસાય અપનાવી લીધો હોય અથવા ખુલ્લમ ખુલ્લા ગુનાહ (ફિસ્કો ફુજુર) કરતો હોય, એટલે કે અલ્લાહથી નિર્ભય અને લાપરવાહ બનીને ખુદાની મોહતરમ ચીઝોની અવગણના અને અપમાન કરતો હોય તો તેની સાથે ઇન્કેસારી અને તવાઝોઅ કરવી જોઈએ

નહીં. પરંતુ ખુદાવંદે આલમની (ની ખુશી) માટે તેની ઉપર ગઝબનાક થવું જોઈએ. અને તેના સાથે નારાઝગીભર્યું વર્તન કરવું જોઈએ. આ વિષે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે કે પયગમ્બરે ખુદાએ ગુનેહગારો સાથે નારાઝગી (તુર્શરૂઈ) સાથે વર્તાવ કરવાનો અમોને હુકમ આપ્યો છે.” (વસાએલુશ્શિઆ, અલ અમ્ર બિલ મઅરૂફ)

## મુતકબ્બિરો સાથે તવાઝોઅ ભર્યું વર્તન યોગ્ય નથી

જે મૂર્ખ લોકો તકબ્બુર કરતા હોય અને બીજાઓને હલકાં અને ઝલીલ સમજતા હોય તેવા લોકો સાથે તવાઝોઅ (નમ્રતાભર્યું) વર્તન

કરવું ન જોઈએ. કારણ કે સૌથી પહેલા તો મુતકબ્બીર લોકો સાથે તવાઝોઅ કરવું એ એક પ્રકારની ઝિલ્લત છે. તેમ જ અકલી અને શરઈ રીતે તે અમલ પસંદ કરવાને પાત્ર નથી. બીજું એ કે મુતકબ્બીર સાથે તવાઝોઅ કરવાથી તેના અણછાજતા વ્યવહારમાં વૃધ્ધિ થવાનું કારણ બને છે. જો મુતકબ્બિર લોકો સાથે સંબંધો (વ્યવહાર) તોડી નાખવામાં આવે એટલે કે, તેની સાથે ખરીદ વેચાણ વગેરે ન કરવામાં આવે તો તેમજ તવાઝોઅ સાથે વર્તન કરવામાં ન આવે તો તેનું લક્ષ્ય પોતાના દુર્ગુણ તરફ ખેંચાઈ અને તે ગુરૂર અને તકબ્બુર કરવાનું છોડી દે તેવી શકયતા રહે છે. અમ્રો નહીં અનિલ

મુન્કરની દ્રષ્ટિએ પણ તકબ્બુર કરનાર સાથે તવાઝોઅ કરવું ન જોઈએ.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે જયારે પણ મારી ઉમ્મતના કોઈ મુન્કસેરૂલ મીઝાજ (ઇન્કેસારીવાળા સ્વભાવના) લોકો સાથે મુલાકાત થાય ત્યારે તેઓ સાથે તવાઝોઅપૂર્ણ વર્તન કરો અને તકબ્બુર કરનાર લોકો સાથે તકબ્બુર ભરેલું વર્તન કરો. કારણ કે, તમે તેમની સાથે તકબ્બુર કરશો જે તેમના માટે ઝિલ્લતનું કારણ બનશે."

## તવાઝોઅ ન કરવા અને તકબ્બુર કરવા બંનેમાં તફાવત છે

આગળ ઉલ્લેખ થઈ ગયો તે પ્રમાણે કાફિર, ફાસિક અને મુતકબ્બીર સાથે તવાઝોઅ અને ઇન્કેસારી કરવી યોગ્ય નથી. પરંતુ તેવા લોકો સાથે મોટાઈ (ગુરૂરતા) વ્યકત કરવી જોઈએ. તેની સામે ગુસ્સે થવું જોઈએ. કારણ કે, તેવો માણસ ખુદાવંદે આલમના ગઝબનું કેન્દ્ર બનેલો છે. આ વાતનો અર્થ એ નથી, કે પોતાને બિઝ્ઝાત તેનાથી મોટો સમજવો એટલે કે પોતાને તેની કરતા હલકો સમજે અને પોતાને તેની સરખામણીમાં ઇઝ્ઝત, શાન અને સ્થાનવાળો સમજવો. એ વાત પણ ધ્યાનમાં

રાખવી જોઈએ કે પોતાને નજાત પામેલાઓમાંથી સમજવો એ તો તૌફીકે ખુદા પર આધારિત બાબત છે અને હલાકત પોતાના અમલથી થાય છે અને પોતાને અને બીજાઓને આજીઝ સમજવા જોઈએ. એ વાત શકય છે કે કાફિર અથવા ફાસિકને એ વાતની તૌફીક થઈ જાય અને તે તૌબા કરી લે એન તેની આખેરત ખેર સાથે થઈ જાય. જી હા, આપણને તેવા લોકો સાથે તકબ્બુર કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. તેથી, તેમની સાથે સખ્તીપૂર્વક વર્તવું જોઈએ. પરંતુ એમ કરવા જતા (ખુદાના ખ્વાસ્તા) આપણામાં તકબ્બુર આવી જવું ન જોઈએ.

આ વાતનો સારાશં એ છે, કે વ્યકિતત્વને જરાયે મહત્વ ન આપવું જોઈએ. પરંતુ ઇતાઅત, ફરમાંબરદારી અને ઈમાનના નિત્યક્રમ ઉપર અમલ કરવાને પોતાને જીવનક્રમ બનાવવો જોઈએ. ઉપરાંત જેને ખુદાવંદે આલમ દુશ્મન રાખે તેને પોતે પણ દુશ્મન રાખે અને તેની સાથે ઇન્કેસારી ભર્યું વર્તન ન કરે.

ખુદાવંદે આલમ માટે ગઝબ કરવા અને તકબ્બુર ન કરવામાં કોઈ તફાવત નથી. આ વાતની સ્પષ્ટતા માટે એક ઉદાહરણ પ્રસ્તુત કરીએ છીએ. જયારે કોઈ બાદશાહ પોતાના નોકરને એવો હુકમ આપે, કે મારો પુત્ર

(રાજકુમાર) કોઈ બેઅદબી કરે તો તેની પ્રત્યે નારાજગી વ્યકત કરજે અને તેન ેમારજે. એ હુકમ મળ્યા પછી જો કોઈ નોકર રાજકુમારને કોઈ ભૂલ કરતો જૂએ ત્યારે તે નોકરે રાજકુમારને મારવો જોઈએ અને તેની પ્રત્યે નારાજગી વ્યકત કરવી જોઈએ. જો નોકર તે પ્રમાણે ન કરે તો તેણે બાદશાહના હુકમની નાફરમાની કરી ગણાશે. અલબત્ત, તે નોકર રાજકુમાર કે બાદશાહ સામે તકબ્બુર નથી કરતો અને પોતાને તેના (રાજકુમાર)થી મોટો નથી સમજતો (પરંતુ તેને બાદશાહની નજરે બહુ માનવંત ગણે છે) અને જો ગુસ્સો અને તકબ્બુર બંને એકઠા મળી જાય તો સમજી લ્યો

કે તે ખુદાવંદે આલમના ગઝબને લીધે નહીં પરંતુ નફસાની ખ્વાહીશોને તાબે થવાને કારણે હશે.

## તકબ્બુર અને બંદગી એકી સાથે શકય નથી

તકબ્બુરનો અર્થ નફસની સરકશી, ખુદાએ બુઝુર્ગ અને બરતરની અઝમતથી ગાફિલ થઈ જવું અને પોતાના ઝિલ્લત અને હલકા દરજજાને ભૂલી જવો તેવો થાય છે. આ ઉપરાંત તકબ્બુરનો અર્થ પોતાનો દરજજો ઊંચો અને બીજાઓને પોતાના કરતા હલકા સમજવા તેવો થાય છે. ખુદ પરસ્તીશ (આપવડાઈ)ની હાલત ખુદા પરસ્તીની વિરૂઘ્ધ બાબત છે. તેથી,

આ બાબત કોઈપણ સંજોગોમાં ખુદાવંદે આલમની પ્રશંસાના હુકમમાં આવતી નથી, પરંતુ નીંદનીય બાબત છે. તેથી એ બાબત જાણી લેવી જોઈએ કે કાફિર, ફાસિક અને દોલતમંદની સામે તકબ્બુર કરવાનો અર્થ તે (ખુદા)ની ખુદાઈને માનવંત સમજવા અને તેની બુઝુર્ગીને જાહેર કરવી તેવો થશે. કાફિરો સામે બિલકુલ તવાઝોઅ કરવી ન જોઈએ. પરંતુ અલ્લાહ ઉપર ઈમાન જેવી મહાન નેઅમતને અગ્રતા આપીને જાહેર કરવી જોઈએ. તેવી જ રીતે ગુનેહગારો સામે પણ તકવાની અહેમીયત વ્યકત કરવી જોઈએ. કારણ કે, તકવા એ ખુદાવંદે આલમ પાસે મોહતરમ (માનનીય)

થવાનું એક માધ્યમ છે. તેમ જ શ્રીમંતો સામે અલ્લાહ તઆલાના ખજાનાઓની મહાનતા અને મહત્વ કરવું જોઈએ. કારણ કે દુનિયાની જે મામૂલી દોલત માટે અહંકાર કરવામાં આવે છે તેનું સ્થાન એકદમ નજીવું અને સામાન્ય છે અને દુનિયાની સંપત્તિ પળવારમાં નાશ પામવાની સંભાવના રહેલી છે. તેથી, શ્રીમંતો સામે કયારેય ફરૂતની (નમ્રતા) કરવી ન જોઈએ. એટલું જ નહીં, મુતકબ્બીરને મૂર્ખ અને અજ્ઞાન ગણવો જોઈએ. કારણ કે, તે એટલી વાત પણ નથી સમજી શકતો કે કિબ્રીયાઈ (મહાનતા, મોટાઈ) ફકત ખુદાવંદે આલમ સાથે

વિશિષ્ટ રીતે જોડાએલી છે. તેના સિવાય જે કોઈ તકબ્બુર કરે તે મૂર્ખ છે.

આમ, આપણે એ વાત લક્ષમાં રાખવી જોઈએ કે આપણાં અમલમાં આત્મપ્રશંસા કે પોતાની નફસાની ખ્વાહિશ ભરેલી ન હોય અને એ વાત પણ સતત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે આપણે અમલ ગુરૂર તકબ્બુર અને હઠધર્મી માટે ન હોવો જોઈએ.કેમકે ઇઝ્ઝત અને બુઝુર્ગી ફકત અલ્લાહ માટે છે. તેથી કોઈ પણ અમલ કરતી વખતે ખૂબજ એહતિયાતથી કામ લેવું જોઈએ અને એમાં કયારેય ભૂલ ન થવી જોઈએ. કયારેક એવું બને છે, કે ઇન્સાનની સામે કોઈ બૂરાઇ આવે છે અને તે ગુનાહથી બચવા

માંગે તો પણ ખ્વાહિશે નફસાનીને લીધે ગુનાહોમાં ફસાઈ જતો હોય છે.એટલુંજ નહીં કયારેક તો ગુનાહ કરનારને ગુનાહ કરતો રોકવા જતાં પોતે પણ તેનાથી વધારે ગુનાહોમાં ફસાઇ જતો હોય છે.

કોઈ એક કામ એકજ પ્રકારનું હોય પણ જો તે ખુદાની ખુશી માટે કરવામાં આવે અને તેજ કામ ખ્વાહિશે નફસ માટે કરવામાં આવે તો બંનેમાં કેટલો બધો તફાવત રહે છે.જો તે કામ ખુદાની ખુશી માટે કરવામાં આવે તો ઇબાદત અને ખુદાની નઝદીકીનું કારણ બને છે અને તેવા કામથી શૈતાન ઉપર કાબૂ મેળવી શકાય છે. અને તેજ કામ ખ્વાહિશે નફસ માટે કરવામાં

આવેતો ગુનાહમાં ફસાઈને શૈતાનના બંદા બની જવાય છે, અને શૈતાન તે કામ કરનાર ઉપર કાબૂ મેળવી લે છે.

## સંપત્તિના કારણે શ્રીમંત સાથે તવાઝોઅ કરવી એ નાશ તરફ દોરી જાય છે.

શ્રીમંત અને સંપત્તિ ધરાવતા લોકો સાથે તેમના અને સંપત્તિના કારણે અને તેની પાસેથી માલે દુનિયા મેળવવાની લાલચને કારણે તવાઝોઅ કરવામાં આવે તો તેમ કરવાની કુરઆને મજીદ અને રિવાયતોમાં સખ્તી પૂર્વક મનાઈ કરવામાં આવી છે. કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે

"(અય રસૂલ !) તેઓમાંથી કેટલાક લોકોને દુનિયાની જરા જેટલી ઝિંદગીમાં અમે રોનક આપી છે, જેથી અમે તેની કસોટી કરી લઇએ. તું તારી નઝર તેમની તરફ નહીં કર." (તું તેમની તરફ આંખ ઊંચકીને જોતો પણ નહીં.) ( સૂરએ તા હા - ૨૦ , આ. ૧૩૧)

ખરેખર, તે શ્રીમંત લોકો સાથે તવાઝોઅ કરવાની પાછળ દુનિયાનો માલ મેળવવાની મનોલાલસા છુપાએલી હોય છે. એટલે કે, તેવું વર્તન કરનાર શ્રીમંતને પ્રભાવશાળી સમજે છે અને (તેમ કરવા જતા) ખુદાની યાદથી ગાફિલ બની જાય છે અને તેનું વર્તન ખુદાની સાથે શિર્ક છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે કે જો કોઈ માણસ દોલતમંદ પાસે જાય અને તેની પાસે માલ હોવાને કારણે તેની નમ્રતા કરે તો ખુદાવંદે આલમ તેનો ૨/3 (બે તૃતિયાંશ) ભાગનો દીન ખત્મ કરી નાખશે. (બેહારૂલ અન્વાર, ભાગ ૧૫)

આજ પ્રકારની બીજી એક રિવાયત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ)થી નોંધવામાં આવી છે અને કદાચ ૨/3 (બે તૃતિયાંશ) ભાગનો દીન ચાલ્યા જવાની નિશાની એ છે કે, ઈમાનના ત્રણ દરજજા હોય છે. એઅતેકાદે બીલ.

(હ્રદયપૂર્વકની શ્રધ્ધા) ઇકરાર બીલ લીસાન (જીભથી સ્વીકાર કરવો) અને અમલ બીલ અરકાન (અમલ દ્વારા હુકમનું પાલન કરવું)

(૧) હ્રદયપૂર્વક શ્રધ્ધા

(૨) જીભથી સ્વીકાર કરવો (એટલે કે સાક્ષી આપવી.)

(૩) શરીરના અવ્યવો દ્વારા અમલ પ્રદર્શિત કરવો. (વાજિબાત બજાવી લાવવા અને હરામ કાર્યોથી બચવું.)

તેવી જ રીતે, શ્રીમંત લોકો સામેની તવાઝોઅ માલની લાલચ માટે કયારેક ફકત દિલથી કરવામાં આવે છે તો કયારેક ફકત

જીભથી તવાઝોઅ દર્શાવવામાં આવે છે. કયારેક તો એ તવાઝોઅ એટલી બધી વધી જતી હોય છે કે, શરીરના અવ્યવો દ્વારા જાહેર જાય છે. મોટા ભાગના લાલચુ લોકો અમીરો સામે દિલથી ઝૂકી જતા હોય છે અને જીભથી પણ તેમની ખુશામત કરતા હોય છે અને પોતાની વાતો દ્વારા પાતાને તેમની સામે નાના જાહેર કરતા હોય છે. તેથી, તેવા લોકોના ઈમાનના બે દરજજા નાશ પામે છે. આ ઉપરાંત જો કોઈ પોતાના શરીરના અવ્યવો દ્વારા પણ શ્રીમંત સામે ખુઝુઅ વ્યકત કરે, દાખલા તરીકે તેના હાથ અને પગ ચૂમવા લાગે તો તેના હાથમાંથી સંપૂર્ણ દીન ચાલ્યો જાય છે. કારણ કે, તેની

પાસે જે કાંઈ હતું અને તે જે કાંઈ કરી શકયો હતો તે (પોતાની જાત સહીત) બધું મખ્લૂકની સામે અર્પણ કરી દીધું અને પોતાના ખાલિકને અર્પણ કરવા માટે કોઈ વસ્તુ રહેવા ન દીધી.

## ખુદાની ખુશી માટે શ્રીમંતનો તવાઝોઅ અને ફકીરનું તકબ્બુર

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે : શ્રીમંતો ખુદાની ખુશી માટે ફકીરો સાથે તવાઝોઅ કરે તે ખૂબ જ ઉત્તમ નેક અમલ છે. (નહજુલ બલાગાહ, જિલ્દ 3)

એટલે કે, જો શ્રીમંત લોકો તવાઝોઅ કરે તો તે બહેતર અને પ્રશંસનીય અમલ ગણાશે.

કારણ કે, ગરીબોની પ્રકૃતિમાં જ તવાઝોઅ કરવાના ગુણ હોય છે. આનાથી પણ સારો અમલ ગરીબોએ, અમીરો સાથે તકબ્બુર કરવું તે છે. એટલે કે, જો કોઈ મોહતાજ હોય તો તેણે ખુદાએ અઝ્ઝ વ જલ્લ ઉપર તવકકુલ (સંપૂર્ણ ભરોસો) રાખવું જોઈએ અને દયનીય હાલતમાં ખુશામત કરવાથી તેમજ હલકી મનોવૃત્તિ દર્શાવવાથી બચવું જોઈએ અને (તે રીતે) શ્રીમંતો સામે ઇન્કેસારી ન કરવી જોઈએ. આ વાતનો અર્થ એવો નથી, કે તેમ કરીને પોતાને તેમનાથી ઉચ્ચ સમજીને પોતે તકબ્બુર કરવા લાગે. આ વાતનો વિગતવાર ઉલ્લેખ આગળ થઈ ગયો છે.

જો કોઈ શ્રીમંત પોતાના માલ અને દોલત વિષે ગર્વ અને ઘમંડ કરે તો ફકીરે ખુદાએ અઝ્ઝ વ જલ્લ પર તવકકુલ કરવું જોઈએ. જેના કબજામાં જમીન અને આસમાનના ખજાના છે અને પોતાને બેનિયાઝ બનાવી દેવો જોઈએ.

કિતાબે લેઆલીયુલ અખ્બારમાં નોંધવામાં આવ્યું છે કે એક દિવસ એક શ્રીમંત માણસે અહંકારભર્યો પોશાક પહેરીને હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવીને બેસી ગયો. ત્યાર પછી એક ફકીર આવ્યો જેણે જર્જરિત અને ફાટેલા વસ્ત્ર પહેર્યા હતા. તે ગરીબ માણસ

શ્રીમંત માણસની પાસે આવીને બેસી ગયો. તેથી પેલા શ્રીમંત માણસે પોતાનો પોશાક સંકેલી લીધો અને તે ગરીબ માણસથી થોડે દૂર ચાલ્યો ગયો.

આ જોઈ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું કે શું તને એ વાતને ડર છે કે આ ગરીબની ગરીબાઈ તને લાગી જશે ? શ્રીમંત માણસે કહ્યું : નહીં. આપે ફરમાવ્યું શું તને એ વાતનો ડર છે કે તારી દોલત ઓછી થઈ જશે ને તેની પાસે ચાલી જશે ? તે અમીરે કહ્યું : નહીં. આપે ફરમાવ્યું શું તને તારો પોશાક બગડી જવાનો ડર હતો, તેથી તું આઘો ખસી ગયો ? તેણે કહ્યું : ના. આપે પૂછયું

તો પછી તેં આમ શા માટે કર્યુ ? તે શ્રીમંતે કહ્યું કે મારો નફસ દરેક સારા કામને ખરાબ કામ તરીકે અને ખરાબ કામને સારા કામ તરીકે રજૂ કરે છે. હવે હું મારા આ દુર્ગુણની ક્ષતિપૂર્તિ (તોબા) કરવા માટે મારી તમામ દૌલતનો અડધો ભાગ આ ગરીબને બક્ષી આપું છું. આં હઝરતે તે ગરીબને પૂછયું કે શું આની દોલત સ્વીકારવા માટે તું તૈયાર છે ? તે ગરીબે કહ્યું : ના આપે પૂછયું : શા માટે ? તેણે કહ્યું કે મને એ વાતનો ડર લાગે છે કે આ શ્રીમંતને દોલત લેવાથી હું પણ તેની જેમ તકબ્બુરમાં ફસાઈ ન જાઉં.

અત્રે એ વાત પણ યાદ રાખવી જરૂરી છે કે જે કોઈ શ્રીમંતની સામે તેના માલ (ના પ્રભાવમાં આવી જવા) ના કારણે તેની તવાઝોઅ કરવામાં આવે તો ખરાબ બાબત છે. પરંતુ જો તેના તકવાના કારણે તવાઝોઅ કરવામાં આવે તો તેમ કરવામાં કોઈ વાંધો નથી. પરંતુ તેમ કરવાનો હુકમ પણ આપવામાં આવ્યો છે. એટલે કે, વ્યવહાર કરતી વખતે તેના માલ ઉપર લક્ષ ન આપવું જોઈએ. આ બાબતની ચકાસણી કરવાની નિશાની એ છે કે શ્રીમંત મુત્તકી અને ગરીબ મુત્તકી બંને સાથે એક સરખો વ્યવહાર થવો જોઈએ અને શ્રીમંતની સંપત્તિને લક્ષમાં ન રાખવી જોઈએ.

# વ્યકિતગત રીતે પણ તવાઝોઅમાં ફરક હોય છે

તવાઝોઅ કરવાની પણ એક મર્યાદા હોય છે. જો તે મર્યાદાથી વધારે પ્રમાણમાં કરવામાં આવે તો તેવા ઇન્સાનના અપમાન અને બેઇઝ્ઝતી માટે કારણરૂપ બને છે. કોઈ મોઅમિને પોતાની બેઇઝઝતી કે અપમાન થાય તેવા કામ કદી કરવા ન જોઈએ. આથી તવાઝોઅ કરતી વખતે હંમેશા વચલો માર્ગ ધારણ કરવો જોઈએ. જેમકે અજાણ્યા લોકોના પ્રમાણમાં, માં-બાપ અને સગાં વ્હાલાઓ સાથે તવાઝોઅ વધારે પ્રમાણમાં હોવી જોઈએ. તેવી જ રીતે બાઅમલ ઓલમા અને સાદાત સાથે

પણ બીજાઓના પ્રમાણમાં તવાઝોઅ વધારે કરવી જોઈએ. કોમના બુઝુર્ગોની સામે કોમના અન્ય લોકોના પ્રમાણમાં વધારે તવાઝોઅ કરવી જોઈએ. આ ઉપરાંત એ વાત ખાસ ધ્યાન રાખવી જોઈએ કે, માં-બાપ, ઓલમાઅ અને સાદાતની સામે જે રીતે તવાઝોઅ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે, જેમકે તેમના હાથ ચૂમવા વગેરે તેવી તવાઝોઅ જો સામાન્ય લોકો સાથે કરવામાં આવે તો તેવી તવાઝોઅ માણસની ઝિલ્લત અને રૂસ્વાઈ માટે કારણરૂપ બને છે. આ બાબતોને કારણે કોઈપણ વ્યકિત સાથેની તવાઝોઅમાં તેના સ્થાન અને મરતબાને ધ્યાનમાં રાખવું જોઈએ.

સફીનતુલ બેહારમાં ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામથી રિવાયત છે : એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની ખિદમતમાં આપના અસ્હાબોમાંથી એક દીનદાર માણસ તેના પૂત્ર સાથે આવ્યો. તેના આગમનથી આપ ઉભા થઈ ગયા. અને તેની સાથે ખૂબ જ તવાઝોઅ અને વિનયપૂર્વકનું વર્તન કર્યું. આપે આપના ગુલામ કમ્બરને બોલાવીને તેમના માટે જમવાની વ્યવસ્થા કરવાનું કહ્યું. કમ્બર જમવાનું લાવ્યા અને બંને સાથે મળીને જમ્યા. ત્યાર પછી હાથ ધોવા માટે કમ્બર પાણીનો લોટો, ચલમચી અને હાથ લૂછવા માટે રૂમાલ (નેપકીન) લઈ આવ્યા.

ત્યારે હઝરત અલી અલય્હિસ્સલામે કમ્બર પાસેથી પાણીનો લોટો પોતાના હાથમાં લઈ લીધો અને મહેમાન પોતાના હાથ ધોવરાવવા માટેની તૈયાર કરી. મહેમાને હાથ જોડીને કહ્યું : મૌલા, મારા જેવો એક ગુલામ પોતાના આકા પાસે હાથ ધોવરાવે એ કેમ બની શકે ? આપે કસમ ખાઈને ફરમાવ્યું : જો તમારા હાથ ધોવાથી મારા મૌલા અને આકા (એટલે કે ખુદા) મારાથી રાજી થઈ જાય તો કેવું ? તું એમ માનીને મારી પાસેથી હાથ ધોવરાવી લે જાણે કે કમ્બર તારા હાથ ધોવરાવી રહ્યા છે.

આ વાકયો સાંભળી તે મહેમાન પોતાના હાથ ધોવરાવવા માટે મજબૂર થઈ ગયો. ત્યારે

હઝરત અલી અલય્હિસ્સલામે તેના હાથ ધોવરાવ્યા અને આપના ફરઝંદ મોહમ્મદ બિન હનફીયાને લોટો આપ્યો અને તેને મહેમાનના પૂત્રના હાથ ધોવરાવવાનું કહ્યું. જેથી પિતા અને પૂત્ર બંનેનો દરજો સરખો ન રહે. આપે ફરમાવ્યું : એ વખતે જો તે છોકરાના પિતા તેની સાથે ન હોત તો તેના હું હાથ ધોવરાવી દેત, પરંતુ તેના પિતાની હાજરીમાં એમ કરી શકાય નહી. કારણ કે, પિતાનો દરજ્જો ઊંચો છે. તેથી પિતાના હાથ પિતા ધોવરાવે અને પૂત્રના હાથ પૂત્ર ધોવરાવે તે યોગ્ય છે.

# તવાઝોઅની નિશાનીઓ

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે તવાઝોઅની ચાર નિશાની છે.

(૧) માણસ મજલિસમાં સૌથી પાછળ બેસવા માટે રાજી રહે.

(૨) જે કોઈ સાથે મુલાકાત કરે તેને સલામ કરવામાં પહેલ કરે

(૩) લડાઈ ઝઘડા છોડી દે, ભલે પછી પોતાની વાત હકક હોય.

(૪) તકવાને કારણે પોતાની પ્રશંસા કરવામાં આવે તે વાતને પસંદ ન કરતો હોય, એટલે કે જે કોઈ માણસ આ ચાર બાબતનો લેહાઝ રાખે તો તેણે તવાઝોઅ ધારણ કરનાર

ગણી શકાશે અથવા તો ઉપરની ચાર બાબતો તવાઝોઅની નિશાની છે એમ કહી શકાય. (સફીનતુલ બેહાર)

અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે પોતાની વસીયતના અનુસંધાનમાં ફરમાવ્યું હતું તમે તવાઝોઅને તમારો નિત્યક્રમ બનાવી દો. કારણ કે એ એક મહાન ઇબાદત છે. (સફીનતુલ બેહાર)

સફીનતુલ બેહારમાં રિવાયત છે કે મૂસા બિન ઈમરાન (અલય્હિસ્સલામ) દરેક નમાઝ પછી ખુદાવંદે આલમની ખિદમતાં અતિશય આજીજીપૂર્વક પોતાનો ચહેરાનો ડાબો અને જમણો ભાગ (ગાલ) જમીન ઉપર રાખતા હતા

અને એજ કારણસર ખુદાવંદે આલમે તેઓને કલીમનો લકબ આપ્યો.

ઇમામ રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે તવાઝોઅ એ છે કે લોકોને એ (વસ્તુ) આપો જે તમે પસંદ કરો છો. કારણ કે, એ (પણ તમને એવી જ વસ્તુ) આપે.”

રિવાયતમમાં છે કે હસન બિન જહીમે ઇમામ અલીરઝા અલય્હિસ્સલામને પૂછયું કે તવાઝોઅનું ધોરણ અને તેની વ્યાખ્યા શું છે ? આપે જવાબ આપ્યો : તવાઝોઅના અમુક દરજજા છે. એમાંનો એક દરજજો એ છે કે ઇન્સાન પોતાના દરજ્જાને સમજે દરેક કામ તે પ્રમાણે કરે, બલ્કે એ સ્થન ઉપર કલ્બે સલીમની

સાથે પોતાનો દરજજો થોડો નીચો જાણે ને જે વસ્તુ પોતાના માટે પસંદ કરે તે જ વસ્તુ બીજા માટે પસંદ કરે. જો કોઈનામાં બૂરાઈ જૂએ તો તેની સામે નેકી કરે. (એટલે કે બદીની સામે નેકી કરે.) અને પોતાના ગુસ્સાને પી જાય અને લોકોને માફ કરી દે. બેશક, ખુદાવંદે આલમ નેકી કરનારાઓને દોસ્ત રાખે છે.

## સૌથી વધારે તવાઝોઅ આપણા અઇમ્મા (અલય્હેમુસ્સલામ) કરતા હતા

સફીનતુલ બેહારમાં રિવાયત છે કે ઇમામ મૂસા બિન જઅફર એક કાળા અને બદસૂરત સુદાની પુરૂષ પાસેથી પસાર થયા.

ત્યારે આપે તેને સલામ કરી તેની પાસે બેસી ગયા અને ઘણીવાર સુધી તેની સાથે વાતો કરી. ત્યાર પછી આપે તેને ફરમાવ્યું : કાંઈ કામ હોય તો મને કહેજે. હું (તારૂં કામ) કરી આપીશ. લોકોએ આપને કહ્યું : અય ફરઝંદે રસૂલ, આપ એવા માણસ પાસે જઈને તેની હાજત વિષે (શા માટે) પૂછો છો ? તમારી કરતા પણ વધારે મોહતાજ છે. ઇમામે ફરમાવ્‍યું : તે પણ ખુદાનો એક બંદો છે. અને આપણો દીની ભાઈ છે. અને આપણને અને તેને આપણા શ્રેષ્ઠ મઝહબ મઝહબે ઇસ્લામ અને આપણા શ્રેષ્ઠ પિતા અબૂલ બશર જ. આદમ સાથે મેળવી આપે છે. કદાચ એવો સમય પણ આવી જાય કે આપણે

તેના મોહતાજ થઈ જઈએ તો આપણે શા માટે તકબ્બુર કરવું જોઈએ ?

## તકબ્બુરને જડમૂળથી ઉખેડી નાખવો જોઈએ

મોહમ્મદ બિન અશરફ કૂફાના એક શ્રીમંત હતા. તે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ અને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના અસ્હાબમાંથી હતા. એક દિવસ ઇમામ બાકિર અલય્હિસ્સલામે કહ્યું : અય મોહમ્મદ, નમ્રતા કરો. જયારે મોહમ્મદ બિન મુસ્લિમ મદીનાથી કૂફા પાછા ફર્યા ત્યારે ખજૂર ભરેલું એક વાણસ લઈને કૂફાની જામેઅ મસ્જિદના દરવાજાને ટેકો દઈને બેસી ગયા

અને બુમો પાડવા લાગ્યા, કે જેને ખજૂર ખરીદવા હોય તે આવે અને મારી પાસેથી ખજૂર લઈ જાય. (આ કામ તે પોતાના નફસમાંથી તકબ્બુર ખતમ કરવા માટે કરી રહ્યા હતા.) આ જોઈને તેના સગા વહાલા તેને મળ્યા અને કહેવા લાગ્યા કે તમે આવું કામ કરીને અમારી આબરૂ ઘટાડી છે. ત્યારે તેઓએ જવાબ આપ્યો કે મને મારા મૌલાએ આ કામ કરવાનો હુકમ આપ્યો છે અને હું મારા મૌલાના હુકમની નાફરમાની કરી શકું નહીં. અને મારા આ બધા ખજૂર વેચાઈ નહીં જાય ત્યાં સુધી આ જગ્યાથી હટીશ નહીં. ત્યારે તેમના સંબંધીઓએ કહ્યું : જો તમારે ખરીદ વેચાણ જ કરવું હોય તો ઘઉંનો

લોટ બનાવવવામાં આવે છે તે જગ્યાએ જાઓ. તેણે એ વાત માની લીધી અને ઊંટ અને ચક્કીનો પત્થર ખરીદીને ઘઉંનો લોટ બનાવવાની મજૂરીના કામમાં મશગૂલ થઈ ગયા. જેથી તેમના નફસમાંથી તકબ્બુર ખત્મ કરી શકે અને પોતે એક સામાન્ય માણસ જેવા બની ગયા. (સફીનતુલ બેહાર, કિતાબે ઇખ્લાસમાંથી મનકૂલ)

# ચોંત્રીસમો ગુનોહ
# મુસલમાનો સાથે જંગ કરવી
# (મુહારિબતુલ મુસ્લેમીન)

ગુનાહે કબીરા પૈકી ચોંત્રીસમો ગુનોહ જે કબીરા હોવા વિષે નસ્સની સ્પષ્ટતા કરવામાં આવી છે તે ખુદાના દોસ્તો (મુસલમાનો) સાથે જંગ કરવાનો ગુનાહ છે. એઅમશની રિવાયતમાં ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે અને ફઝિલ બિન સાઝાનની રિવાયતમાં ઇમામ અલીરઝા અલય્હિસ્સલામના સંદર્ભથી આ વાતનું વિવરણ કરવામાં આવ્યું છે અને કુરઆને મજીદમાં પણ આ કામ કરનાર માટે અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. આ

ગુનાહ માટે દુનિયામાં પણ શરઈ સજા (હદ) નક્કી કરવામાં આવી છે. સૂરએ માએદહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

અને જે લોકો ખુદા અને તેના રસૂલ સાથે જંગ કરે છે (અને અહેકામને માનતા નથી) અને ફસાદ ફેલાવવાના હેતુથી ભૂમિમાં (રાજયોમાં) નાસતા ફરતા રહે છે, જેની સજા માત્ર એ છે કે (એવા લોકોને) (શોધી શોધીને) મારી નાખવામાં આવે અથવા તો તેમને શૂળીએ ચડાવી દેવામાં આવે અથવા તો તેમના હાથ પગને અવળા સવળા (એક બાજુના હાથ અને બીજી બાજુના પગ) કાપી નાખવામાં આવે અથવા તેમને (તેમના વતનની) ભૂમિમાંથી

દેશપાર કરવામાં આવે. આ તો તેમની દુનિયામાં બદનામી (ફજેતી) છે અને આખેરતમાં (તો) તેમના માટે (ઘણો) મોટો અઝાબ છે. પરંતુ હા, જે લોકો ઉપર તમે કાબૂ મેળવી લો તે પહેલા તૌબા કરી લે (તો તેમના ગુનાહ બક્ષી દેવામાં આવશે.) કારણ કે, સમજી લો કે ખુદા મહાન બક્ષનાર અને દયા કરનાર છે. (સૂરએ માએદહ - ૫, આ. ૩૩-૩૪)

‘મિન્હજ’માં લખ્યું છે કે હિજરતના છઠ્ઠા વરસે ‘અવનીયહ’ અને ‘ઉકલ’ નામના એક સમૂહ હઝરત રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને ઇસ્લામ ધર્મ સ્વિકાર્યા પછી તે લોકો

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સાથે રહેવા લાગ્યા. પરંતુ તેઓને મદીનાની આબોહવા માફક ન આવી, તેથી તેઓ બીમાર પડી ગયા. તેઓની એ હાલત વિષે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ખબર આપવામાં આવી ત્યારે આપને તેઓને મદીનાથી બહાર 'જબ્લુલ અયર' નામની જગ્યા પાસે દૂધ આપતા ઊંટોની વચ્ચે રહેવાની પરવાનગી આપી, જયાં થોડા દિવસ રહીને તેઓ ઊંટનું દૂધ અને પેશાબ પીએ, જેનાથી તેમની બીમારી દૂર થાય અને તેઓ પુનઃતંદુરસ્ત થઈ જાય. તેઓ એ વિસ્તારમાં

રહેવા ચાલ્યા ગયા. અને થોડા દિવસમાં તેમને પુનઃસ્વાસ્થય પ્રાપ્ત થઈ ગયું. એક દિવસ સવારે તે લોકોએ પરસ્પર નક્કી કરીને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ખાસ પંદર ઊંટોની ચોરી કરી અને મુરતદ (મુરતદ એટલે નામના મુસલમાન અને હકીકતમાં કાફિર) થઈ ગયા અને પોતાના કબીલા તરફ ચાલ્યા ગયા. આ ખબર મદીના મહોંચી. મદીનામાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના યસાર નામના ગુલામ હતા. તેમણે બીજા કેટલાક માણસોને સાથે લઈને તે લોકોનો પીછો કર્યો અને તેમના સુધી પહોંચી ગયા. તેઓ

વચ્ચે ઘર્ષણ થયું. છેવટે તે લોકોએ યસારને ગિરફતાર કરીને તેમના હાથ પગ કાપી લીધા અને તેમની આંખો અને જીભમાં કાંટા ખોસી દીધા. એટલે સુધી કે તેઓ શહીદ થઈ ગયા. આ વાતની માહિતી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને મળી ત્યારે તેઓએ કરબઝ બિન જાબીરને તે લોકોની પાછળ મોકલ્યા. તેઓએ તે બધાને ગિરફતાર કરી લીધા. અને તેમના હાથ બાંધીને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં પકડી લાવ્યા. તે વખતે હક તઆલા તરફથી ઉપરની આયત નાઝિલ થઈ ત્યારે હઝરત રસૂલે સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમ તે લોકોના હાથ પગ કાપીને તેમને શૂળીએ ચડાવી દેવાનો હુકમ આપ્યો.

એહલેબૈત અલય્હેમુસ્સલામ તરફથી આજ વિષયની કેટલાક મતમતાંતર સાથેની કેટલીક રિવાયતો વારિદ થએલી છે.

## મુહારિબ (જંગ કરનાર) કોણ છે ?

ફકીહોની દ્રષ્ટિએ જે કોઈ મુસલમાનોને ડરાવવા, તેમનો માલ અને (સ્ત્રીઓની લાજ, મર્યાદાને) લૂંટી લેવાના ઇરાદાથી પોતાની પાસે તલવાર, ભાલા, ચાકૂ, બંદુક, લાકડી, પત્થર વગેરે જેવા હથિયાર રાખે અથવા મુસલમાનોનું

લોહી વહેવડાવે. ભલે પછી તે એકલો હોય કે એની સાથે તેના બીજા સાથીદારો પણ હોય તો તેવા માણસને મુહારિબ કહેવામાં આવે છે. તેમ જ, ભલે પછી તેના એ કૃત્યથી તેનો એ હેતુ પૂરો થાય કે ન થાય. એટલે કે, તેનાથી મુસલમાનો ડરે કે ન ડરે, તેનો માલ લઈ જાય કે ન લઈ જાય. તેને કતલ કરે કે ન કરે. પરંતુ ફકત એ હેતુઓ સર પોતાની સાથે શસ્ત્રો રાખીને ફરે તો પણ તે મુહારિબ કહેવાય છે. એવો મુહારિબ દરિયામાં હોય કે જમીન ઉપર, શહેર અને વસ્તીમાં હોય કે નિર્જન અને રણ વિસ્તારમાં તેમાં કશો ફરક પડતો નથી. દાખલા તરીકે, કોઈ લૂંટારાની જેમ હથિયાર લઈને દિવસ કે

રાતના સમયે કોઈ મુસલમાનના ઘરમાં ઘૂસી જાય અને ઘરના રહીશો ઉપર હુમલો કરે તો પણ તે મુહારિબ ગણાય છે.

કિતાબે કાફીમાં રિવાયત છે કે, સુરત બિન કલીબે ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે જો કોઈ માણસ પોતાના ઘરેથી મસ્જિદે અથવા બીજી કોઈ જગ્યાએ જવા માટે નીકળે અને તેવામાં કોઈ તેને પાછળથી પકડે અને તેને મારે અને તેનો પોશાક આંચકી લે તો તેની ઉપર હુમલો કરનારા માણસ વિષે આપ શું ફરમાવો છો ? ત્યારે ઇમામે ફરમાવ્યું : તેવો માણસ મુહારિબ

છે અને તેની ઉપર ઇન્નમા જઝાઉલ્લઝીન મુહારેબુન ની આયત લાગુ પડે છે.

મુહારિબ મુસ્લીમ હોય કે ગૈર મુસ્લીમ, પુરૂષ હોય કે સ્ત્રી અથવા તો ઇસ્લામી શહેરમાં હોય કે ગૈરઇસ્લામી શહેરમાં તેનાથી કોઈ ફરક પડતો નથી. ઉપરોકત સંદર્ભ કરેલી આયતમાં આ શબ્દો યસઅવ્ન ફીલ અર્ઝે ફસાદ મૌજૂદ છે. તેનાથી ફલિત થાય છે કે મુહારિબનો અર્થ ફકત મુસલમાનો સાથે લડવા ઝઘડવાનો થતો નથી. પરંતુ કોઈપણ પ્રકારનો ફસાદ કરવો સામાન્ય લોકો (આમ જનતા)માં સુલેહ શાંતિનો ભંગ કરવો તેમજ ભય અને આતંક ફેલાવવો, હથિયારોનો ઉપયોગ કરવો, ખૂનની ધમકી

આપવી વગેરેનો પણ આ વાતમાં સમાવેશ થઈ જાય છે. ટૂંકમાં મુસલમાનોના જાન, માલ, સ્ત્રીઓ વગેરેને લૂંટવા અને સૂલેહ શાંતિનો ભંગ કરવાના હેતુથી સશસ્ત્ર રહેનાર તમામ વ્યકિતઓ મુહારિબ ગણાઈ છે.

## ખુદા અને પયગમ્બર સાથે જંગ

ઉપરની આયતમાં મુસલમાનો સાથે જંગ કરવાને ખુદા અને હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) સાથે જંગ કરવા બરાબર ગણાવવામાં આવેલ છે. તેનું કારણ મુસલમાનોની ઇઝઝત અને આદર છે. તે જ પ્રમાણે, મુસલમાન સાથે ખુદા અને

હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) સાથે કરવો જોઈએ તેવો જ વ્યવહાર કરવો જોઈએ. કેમકે મુસલમાનનો સંબંધ ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે જોડાયેલો છે. અથવા તો ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે કોઈપણ સંજોગોમાં મુસલમાનોનો માલ લૂંટવા, તેમનું લોહી વહેડાવવા અથવા તેમની સ્ત્રીઓની ઇઝઝત લૂંટવાની પરવાનગી આપી નથી. બલ્કે તેવા કાર્યને હરામ ગણાવ્યું છે. તેથી આ હુકમનો ઉલ્લંઘન કરનાર મુહારિબ (એટલે કે ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે જંગ કરનાર) છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે ખુદાએ અઝઝ વ જલ્લ ફરમાવે છે કે જે કોઈ મારા મોઅમિન બંદાને તકલીફ પહોંચાડે તેણે જાણે કે મારી સાથે યુધ્ધની ઘોષણા કરી (જંગનું એઅલાન કર્યું) અને મારા મોઅમિન બંદાનું માન જાળવનાર મારા ગઝબથી સુરક્ષિત રહેશે.” (કાફી, ભાગ - ૨, પાના નં ૩૫૦) આપ (અલય્હિસ્સલામ)એ આમ પણ ફરમાવ્યું.

“જે કોઈ મારા દોસ્તનું અપમાન કર્યું તેણે મારી સાથે ખુલ્લમખુલ્લા જંગ કરી છે.” (કાફી ભાગ - ૨, પાના નં ૩૫૨)

# મુહારિબની હદ

આ પહેલા કુરઆનની આયતમાં ઉલ્લેખ થઈ ગયો છે તે પ્રમાણે મુહારિબને નીચેની ચાર પૈકીની કોઈ પણ એક રીતે સજા કરી શકાય છે.

(૧) કત્લ કરવો

(૨) ફાંસી આપવી

(૩) હાથ પગ અવળા સવળા કાપવા

(૪) હદ પાર કરવા

બુરહાને કુરઆનના પાના નં ૧૮૮ પર લખ્યું છે કે ફોકહાની દ્રષ્ટિએ મુહારિબનો અર્થ એ છે કે કોઈ માણસ લોકોને શહેર, જંગલ, રણ અથવા સમૂહમાં રાત અથવા દિવસના સમયે ડરાવે, પછી તે નબળો હોય કે બળવાન, પુરૂષ

હોય કે સ્ત્રી, ફોકહાની દ્રષ્ટિએ તે મુહારિબ કહેવાશે. અને કુરઆને મજીદ એ તેના એ કાર્યને ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે યુધ્ધ કરવાના અર્થમાં ગણાવે છે. અને તેના વિષે ખુદાવંદે કરીમ કુરઆનમાં ફરમાવે છે.

ઇન્નમા જઝાઉલ્લઝીન યોહારેબુનલ્લાહ વ રસૂલહ.

એજ કિતાબમાં આ આયતના અનુવાદ પછી લખ્યું છે કે માનવંતા વાચકો, આ એક એવો તબક્કો છે કે જેમાં કેટલાક લાગણીપ્રધાન અને નાઝુક દિલવાળા અને સ્વતંત્ર વિચારધારાવાળા લોકોને આ સજાના વર્ણન

ઘેરી અસર થઈ છે અને ઇસ્લામના આ કાનૂનને તેમની નજરમાં ઘાતકી અને કડક છે. પરંતું અમોને એ વાત સમજાતી નથી કે સ્વતંત્ર વિચારસરણી ધરાવતા લોકોની હંમેશા ગુનેહગારો, ડાકુઓ અને હિંસકવૃત્તિ ધરાવતા લોકો પ્રત્યે જ તેમની સહાનુભૂતિ શા માટે દેખાડે છે ? તેવા માણસો જે નિર્દોષ લોકો, અબળા સ્ત્રીઓ અને માસૂમ બાળકોની જાન, માલ અને ઇઝઝત, હવસખોર અને ઘાતકી લોકોની ગુનાહખોરીના શિકાર બને છે. તેમના પ્રત્યે દયા કે લાગણીની ભાવના કેમ પ્રદર્શિત કરતા નથી ? શું સુલેહ શાંતિની જાળવણી અને સમાજની સુરક્ષા અને સલામતી એવા લોકો ઉપર દમન

કરવા અને કોઈ દર્દીને મૌત અને બીમારીથી બચાવવા માટે રોગના હજારો જીવાણુંઓનો નાશ કરી નાખવામાં કોઈ તફાવત છે ? શું કોઈ અક્કલમંદ માણસ કોઈ નિષ્ણાંત ડોકટરને તે જીવાણુંઓનો ઈંજેકશન કે દવાથી નાશ કરવાના કામને વિરોધકરવા પાત્ર સમજશે ? શું તેના એ કામને ઘાતકી અને સખત સમજશે ? એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે દરેક ન્યાયપ્રિય માણસ આ હુકમને સમાજ સાથે દયા અને મહેરબાની સમજશે અને ડાકુઓ અને ગુનેહગારોને આપવામાં આવતી સજાને ગુનેહગારો સાથે ન્યાયપૂર્ણ વહેવાર સમજશે. પરંતુ એ વાત પણ લક્ષમાં લેવી જરૂરી છે કે

ઇસ્લામના માનવીય કાયદાઓ તૈયાર કરનારાઓએ ગુનાહખોરી કરનારાઓ માટે પણ રહેમ અને મહેરબાની ધ્યાનમાં રાખેલ છે.

તફસીરે મજમઉલ બયાનમાં ઉપરોકત આયતના અનુસંધાનમાં ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામની રિવાયત નોંધવામાં આવી છે કે મુહારિબની સઝા તેના ઝુલ્મ પ્રમાણે છે. જે કોઈએ કત્લનો ગુનોહ કર્યો હોય તો તેને કત્લ કરવાની સજા થશે. અને જો કોઈએ કત્લ ઉપરાંત લુંટનો ગુનોહ પણ કર્યો હશે તો તેની સજા કતલ ઉપરાંત શૂળીએ લટકાવવા (ફાંસી)ની સજા પણ થશે. જો કોઈ ગુનેહગાર કોઈને કતલ કર્યા વગર ફકત લુંટ ચલાવી હશે

તો તેની સઝા રૂપે તેના (અવળા સવળા) હાથ અને પગ કાપવામાં આવશે. જો કોઈનો ગુનોહ ફકત અશાંતિ ફેલાવવા કે કોઈનો રસ્તો રોકવાનો હોય તો તેની સજા હદપારી (દેશનિકાલ) કરવાની છે. આ રિવાયતો વિષે વિચારતા જણાય છે કે ઇસ્લામની શરીઅતમાં મુહારિબને તેના ગુનાના પ્રમાણમાં સજા આપવાનું ધોરણ નક્કી કરાયું છે. અને ગુનેહગાર માટે પણ આ એક મહેરબાની છે. એટલું જ નહીં, ઇસ્લામે આ ઉપરાંત વિશેષ મહેરબાની કરી કે જો કોઈ મુહારિબ ગિરફતાર થતા પહેલા તોબા કરી લે તો સજાને પાત્ર બનશે નહીં. પરંતુ જે લોકોના જે હક ડુબાડયા

હશે તે અદા કરવા માટે જ તે જવાબદાર રહેશે. સૂરએ માએદાહની ૧૩૪ મી આયત આ વાતની દલીલ છે.

એ કિતાબના પાના નં ૧૮૫ ઉપર લખ્યું છે કે માનવ સમાજ માં આસમાની (ઇલાહી)પાંચ કાયદાઓનો હેતુ મૂળભૂત બાબતો એટલે કે જાન, અકકલ, માલ, નસલ અને લોકોની ઈઝઝત અને લાજ મર્યાદા (સ્ત્રીઓ)ની સુરક્ષા અને તેને વિનાશ અને હુમલાથી બચાવવાનો છે. કારણ કે, આ પાંચમાંથી કોઇપણ બાબતમાં વધારો ઘટાડો, લડાઈ, ખુનરેજી, અવ્યવસ્થા, ગભરાટ, બુરાઈ અને ફસાદ માટે કારણરૂપ બને છે. એ વાતમાં શંકા

નથી કે ફકત અમ્રબિલ મઅરૂફ અને નહીઅનિલ મુન્કર દ્વારા આ હેતુઓમાં સિધ્ધિ હાસિલ કરી શકાતી નથી. પરંતુ માણસને ગુનાહોની સજાઓનો ડર લોકોને આ કાર્યો કરતા રોકવાની ખાતરી આપી શકે છે.

વિખ્યાત ઇસ્લામી ફીલોસોફર અબુ રયહાન બૈરૂની તહકીલ માલલ હીંદમાં હિન્દુ ભાઈઓના ચિંતનનું વિવરણ કરતા લખે છે કે એ (હિન્દુ) ભાઈઓનું ઉદાહરણ નસરાનીઓ જેવું છે. કારણ કે તેમની વિચારધારાનો પાયો ભલાઈ ઉપર છે અને તેઓ બુરાઈથી સંપૂર્ણ રીતે દૂર રહેવામાં માને છે. તેઓ આતંકવાદ, ખુનામરકી અને બીજાઓની બુરાઈ કરવાથી

બચવાનો બોધપાઠ આપે છે. એટલુંજ નહીં, પરંતુ બુરાઈ કરનારની સાથે પણ ભલાઈ કરવામાં માને છે.તેઓ માને છે કે કોટની ઉચાપત કરી જનારને ખમીસની ભેટ આપવી. એક ગાલ ઉપર તમાચો મારનારની સામે બીજો ગાલ ધરવો અને ઇબાદતમાં દુશ્મનો માટે પણ દુઆ કરવી. (ભકિતમાં શત્રુઓની ભલાઈ માટે પણ પ્રાર્થના કરવી) બેશક આ રીત નેક અને પસંદ કરવાને પાત્ર છે. પરંતુ દુનિયામાં રહેનાર લોકો પૈકી બધા ફીલોસોફર હોતા નથી. પરંતુ દુનિયાના મોટા ભાગના લોકો ગુમરાહ છે. કટારી અને કોરડા વગર શાંતિ આવી શકતી નથી.એરીસ્ટોટલે જયારે નસરાનીઓ ઉપર

વિજય પ્રાપ્ત કર્યો ત્યારે તેણે પોતાના કોરડાઓ અને શમશીર હલાવી. કારણ કે,રાજકારણ આ બંને વસ્તુઓ વગર શકય નથી. આ કારણોસર ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં હિકમતપૂર્ણ રીતે કિસાસ (બદલો) લેવાની હિકમત બયાન કરતા ફરમાવ્યું કે : વલકુમ ફિલ કેસાસે હયાતુય્યા ઉલિલ અલ્બાબે તત્તકૂન.

ઉપરની આયતમાં એવી અકલમંદ વ્યકિતઓને સંબોધન કરવામાં આવ્યું છે કે જેઓ પોતાની આખેરતની ચિંતા કરે છે અને ઝિંદગીની કદર અને કિંમત જાણે છે. આ આયતમાં કહેવામાં આવ્યું છે કે માનવ જીવન અને સમાજ ઇન્સાફ અને બદલા સાથે સંબંધિત

છે. કારણકે, જો માણસ એ વાત જાણતો હોય કે બીજા કોઇને કતલ કરવાના બદલામાં પોતાને પણ કતલ કરી નાંખવામાં આવશે અને તેના ગુનાહ બદલ કિસાસ આપવો પડશેતો તેની ગુનાહિત વૃત્તિનો ઇરાદો પલટાઈ જશે, જેના પરિણામે પોતાની જાનના બદલાથી અને બીજાઓની જાનને હલાક થવાથી બચાવી શકાશે. આ હકીકત વિશે વિચારતા સ્પષ્ટ થાય છે, કે શરીઅતે ઇસલામે જાણી જોઈને કતલ, ઝીનાની તોહમત, ઝીના, ચોરી, લડાઈ, ઝઘડા, શરાબ પીવો અને મુરતદ થઈ જવું (એટલે કે દીનથી ફરી જવું) જેમાં ગુનાહની સજાઓને સ્પષ્ટ નુસુસમાં નિશ્ચિત કરેલ છે. અને બીજા

ગુનાહોની કોઈ ખાસ સજા મુકર્રર કરવામાં આવેલ નથી. તેની સજાનો પ્રકાર અને પ્રમાણ નક્કી કરવાની જવાબદારી હાકિમે શરઆને સોંપી છે , જેથી તેઓ ગુનાહની જગ્યા,સ્થળ વગેરેના તકાઝા (જરૂરીયાત) અને ગુનેહગારના સંજોગો જોઈને સજા નક્કી કરશે. કારણકે એ પ્રકારના ગુનાહ સમાજ અને કૌમની બદબખ્તી અને પરેશાની અને અધોગતિનું કારણ બનતા હોય છે.(બુરહાને કુરઆન માંથી સંદર્ભ અહીં પુરો થાય છે).

આ સજાઓ આપવાનો ઉલ્લેખ રિવાયતોમાં કરવામાં આવ્યો છે.આ વિશેની કાફીની એક રિવાયતમાં અમ્ર બિન શાઝાન

મદાઈની દ્વારા નોંધવામાં આવ્યુ છે કે ઇમામ રઝા અલય્હિસ્લામ એ આ આયત “ઇન્નમા જઝાઉલ્લઝીન યોહારેબૂન” વિશે પૂછવામાં આવ્યું કે માણસ કયા ગુનાહ માટે આ ચાર સજા પૈકીની કોઈ એક સજાને પાત્ર બને છે ? ત્યારે આપ (અલય્હિસ્લામ)એ ફરમાવ્યું કે જયારે ખુદા અને હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે જંગ કરે, જમીનમાં ફસાદ ફેલાવે અને કોઈને કતલ કરીને તેનો માલ લઈ જાય તો તેવા ગુનેહગારને કતલ કરવામાં આવશે અને ફાંસી દેવામાં આવશે અને લોકોનો માલ લૂંટી લે પરંતુ કોઈને કતલ ન કરે તો તેનો ડાબો હાથ અને જમણો પગ અથવા

જમણો હાથ અને ડાબો પગ (અવળા સવળા કાપી નાંખવામાં આવશે.) અને જો તલવાર ઉઠાવીને ખુદા અને તેના હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સાથે જંગ કરે અને જમીનમાં ફસાદ ફેલાવવાના પ્રયત્ન કરે પણ કોઈને કતલ ન કરે અને માલ પણ ન લુંટે તો તેને હદપાર કરવામાં આવશે. આપને પુછવામાં આવ્યું કે કઈ રીતે હદપાર કરવામાં આવશે ? ત્યારે આપે ફરમાવ્યું : જે શહેરમાં ગુનોહ કર્યો હશે તે શહેરની બહાર કાઢી મૂકવામાં (હદપાર કરવામાં) આવશે અને બીજા શહેરોમાં મોકલી આપવામાં આવશે. અને તે શહેરના લોકોને લખીને જણાવવામાં આવશે કે

આ માણસને હદપાર કરવામાં આવ્યો છે. તેની સાથે હળવા મળવાનું રાખશો નહીં, તેની સાથે કોઈ પ્રકારનો વ્યવહાર કરશો નહીં, તેની સાથે જમશો નહીં, એટલે સુધી કે, એક વર્ષ સુધી બહિષ્કાર કરવામાં આવશે.

પ્રવર્તમાન યુગમાં આ સજાનો અમલ થઇ શકતો નથી, તેથી આ વિષયનું વિસ્તૃત વર્ણન અને રિવાયતો અને હદીસોની નોંધ કરવામાં આવતી નથી. તેમજ આ વિષયની તહેકીક પણ જરૂરી જણાતી નથી.

જો મુહારિબ પકડાઈ જવા પહેલા પોતાના કૃત્ય વિષે શરમીંદગી જાહેર કરે (ભોંઠપ અનુભવે) અને તોબા કરી લે તો તેને

ઉપર જણાવેલ સજા કરી શકાતી નથી. પરંતુ જો તે માલ લઈ ગયો હોય તો તેની પાસેથી તે (લૂંટનો) માલ પાછો લઈને તેના મૂળ માલિકને પહોંચાડવામાં આવશે. અને જો તેણે કોઈને કતલ કરેલ હોય તો તે કતલનો (શરઈ) બદલો લેવામાં આવશે. પરંતુ જો જેની પાસેથી લૂંટ ચલાવાઈ હોય તે અને જેને કતલ કરવામાં આવ્યો તેના વારસદારો બક્ષી આપે તો તેને માફ કરી દેવામાં આવશે.

## ચોરીથી રક્ષણ

જે ચોર સશસ્ત્ર હોય અને માલ લૂંટવા માટે હુમલો કરે તો તે મુહારિબ છે. જો માલનો માલિક તેવા ચોરનો સામનો કરી શકતો હોય

તો તેવા ચોરનો સામનો કરી પોતાનું રક્ષણ કરવું જાએઝ છે અને જો તે ચોર સાથેના સંઘર્ષમાં ચોર કતલ થઈ જાય તો તેનું ખૂન કરનાર જવાબદાર નથી. (એટલે કે તેના ખૂન માટે મુકાબલો કરનાર જવાબદાર રહેશે નહીં) અને જો માલનું રક્ષણ કરવું વાજિબ હોય અથવા તો ચોર તેની (સ્ત્રીઓની) આબરૂ ઉપર હુમલો કરવા માંગતો હોય તો સામનો કરવામાં શક્તિ હોય તો પોતાનું અને (સ્ત્રીઓનું) રક્ષણ કરવું વાજિબ છે. પણ જો જીવ જવાનો સંદેહ હોય અને ચોર માલના માલિકને કતલ કરી નાખવાનો ઇરાદો ધરાવતો હોય તો જીવ બચાવવા માટે સામનો કરવો જોઈએ અથવા

નાસી જવું જોઈએ અથવા છૂપાઈ જવું જોઈએ અથવા એવી રીતે છટકી જવું જોઈએ જેનાથી પોતાનો જીવ બચી જાય. જો ચોર નિશસ્ત્ર (હથિયાર વગરનો) હોય તો પણ મુહારિબની વ્યાખ્યામાં આવી જશે. જે બાબતો સશસ્ત્ર ચોર માટે છે તે જ બાબતો તેની ઉપર લાગું પડશે, પરંતુ તેની ઉપરની મુહારિબની હદ જારી નહીં થાય. કારણ કે, જો તેનામાં ચોરની બધી શરતો સાબિત થતી હશે તો તેને ચોરની સજા કરી શકાશે. અને જો ચોરીની બધી શરતો સાબિત થતી નહીં હોય તો તેને ફકત તઅઝીર (થોડોક માર મારીને ધમકાવીને કે ઠપકો આપી ચેતવણી આપવાની) અથવા તાદીબ (કાઝીનાં

ફેંસલા અનુસાર સજા) ધમકાવીને ઠપકો આપવા (ની સજા) કરવામાં આવશે. એવો ચોર જે મુસ્તલિબ અથવા મુખ્તલિસ હોય. મુસ્તલિબ એ છે, કે જે ખુલ્લમ ખુલ્લા લોકોના માલની ચોરી કરે અને ભાગી જાય અને મુખ્તલિસ એ છે જે છૂપાઈને લૂંટ ચલાવે અને ભાગી જાય તો એ બંને સંજોગોમાં હાકિમે શરઅને યોગ્ય લાગે તેટલી સજા કરી શકે છે. જેમકે, તેને જેટલો માર મારવાનો યોગ્ય લાગે તેટલો માર મારે અથવા કેદમાં રાખે.

એક માણસ કોઈ છોકરીના કાનના એરીંગ ઉતારીને લઈ નાસી ગયો હતો. તે માણસ પકડીને હઝરત અમીરૂલ મોઅમેનીન

અલય્હિસ્સલામની ખિદમતમાં લાવવામાં આવ્યો. આપે ફરમાવ્યું તેની ચોરી અને લૂંટ ગુપ્ત નથી પણ જાહેર છે. ચોરીની સજા હાથ કાપવા છે તે સજા તેને કરાશે નહીં પણ તેને (થોડો મારવામાં અથવા ઠપકો આપવામાં) તઅઝીર કરવામાં આવશે. તે માણસને માર્યો અને કેદ કરી લીધો. અને ત્રીજો પ્રકાર મુખ્તાલ છે એટલે કે જે દગાબાજ હોય અને ખોટા બહાના રજૂ કરીને માલ ઉઠાવી જાય. જેમકે, ખોટી સનદ (પૂરાવા - સર્ટીફીકેટ) બનાવે અને તેનો ઉપયોગ કરીને બીજાનો માલ લઈ લે તો તેને તઅઝીરની સજા કરવામાં આવશે.

# પાત્રીસમો ગુનોહ

## મુર્દાર અને ખીંઝીર (સુવ્વર - ભૂંડ) નું ગોશ્ત ખાવું તથા લોહી પીવું.

મુર્દાર, લોહી અને ખીંઝીરનું ગોશ્ત ખાવું.

કબાએરે મન્સુસહમાં પાંત્રીસમો ગુનોહ મુર્દાર ખૂન અને ખીંઝીર (સુવ્વર - ભૂંડ) નું ગોશ્ત અને તે ગોશ્ત ખાવું જે ગોશ્તમાં જાનવરને ઝબ્હ કરતી વખતે ખુદાવંદે આલમનું નામ લેવામાં ન આવ્યું હોય તે ગુનાહે કબીરા છે. એઅમશની રિવાયતમાં ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને ફઝલ બિન સાઝાનની રિવાયતમાં ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી આ ગુનોહ ગુનાહે કબીરા

હોવાની સ્પષ્ટતા મૌજૂદ છે. કુરઆને મજીદમાં સૂરએ બકરહની આયત નં. ૧૭૬ સુરએ અન્આમની ૧૪૫ અને સૂરએ નહલની આયત ૧૧૬ માં આની હુરમતનું વિવરણ કરવામાં આવ્યું છે અને સૂરએ માએદહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

(અય લોકો) પોતાની મેળે કુદરતી રીતે મરી ગએલાં જાનવરો (મુર્દા), લોહી અને સુવ્વરનું ગોશ્ત તથા જે જાનવર ઉપર (ઝબ્હ કરતી વખતે) ખુદા સિવાય બીજા કોઈનું નામ લેવામાં આવ્યું હોય અને ગરદન મરડીને મારી નાખવામાં આવે, ટીપી ટીપીને મારી નાખવામાં આવે અને ચોટ લાગીને મરી ગયા હોય અને જે

ઉંચાણ પરથી (કૂવા વગેરેમાં) પડીને મરી જાય અથવા જેને શીંગડા (લાવવ)થી મરી ગયું હોય અથવા જેને હિંસક પ્રાણીઓએ ફાડી ખાધું હોય, તો એ બધી વસ્તુઓ તમારા માટે હરામ કરવામાં આવી છે અને ગુનાહની વાત છે. (સૂરએ માએદાહ - ૫, આ. નં. ૩)

આમ, ઉપરની આયતમાં જણાવેલ વસ્તુઓ ખાવાની મનાઈ અને તે વસ્તુઓ ખાવી ગુનાહે કબીરા હોવામાં કોઈ શંકા નથી. અલબત્ત, એ બધી વસ્તુઓના પ્રકાર અને મૂળ બાબતો વિષેના મઝહબી હુકમો જાણવા જરૂરી છે.જેની વિગત અત્રે પ્રસ્તુત છે.

# મુર્દાર

જે જાનવરો શરઈ રીતે પાક (તઝકીયહ) કર્યા વગર મરી જાય તે જાનવર મુર્દાર ગણાય છે અને તે ખાવુ હરામ છે અને જો તેનુ લોહી (ખુને જહીન્દહ) ઉછળીને નીકળતુ હોય તો તે નજિસ પણ છે.પરંતુ જો તઝકીયહ કરવામાં આવેલ હોય તો પાક છે.(આમાં કુતરા અને સુવ્વરનો સમાવેશ થતો નથી કે જે હંમેશ માટે નજિસ છે અને કયારેય પાક થતા નથી) જો (જાનવર) હલાલ ગોશ્તવાળું હોય તો તઝકીયહ કર્યા પછી ખાવું હલાલ થઈ જાય છે. આ રીતે કયા જાનવરનું ગોશ્ત હલાલ છે તેની પરખ

અને તઝકીયહની શરઈ કેફિયત જાણવી જરૂરી છે.

અંજુમને તબ્લીગાતે ઇસ્લામીનો એક લેખ સંગ્રહ પ્રસિધ્ધ થયો છે, જેમાં લખ્યું છે કે, ઇસ્લામી ફીકહમાં હલાલ ગોશ્ત જાનવરની વ્યાખ્યા ખૂબ જ સ્પષ્ટ અને સુષ્મતાપૂર્વક વિગતવાર આપવામાં આવી છે. કોઈ અકલમંદ માણસ જે આરોગ્ય - તબીબી વિજ્ઞાનનો નિષ્ણાંત હોય તે આ બાબતની જાણકારી મેળવે તો ઇલ્મી હકીકતો અને હલાલ અને હરામ ગોશ્ત જાનવરોના જે વિભાગ કરવામાં આવ્યા છે તેની હકીકત સમજી શકશે.

મઝહબે ઇસ્લામમાં સામાન્ય રીતે માંસાહારી પ્રાણીઓનું માંસ ખાવાનું હરામ ગણાવેલ છે. કારણ કે, માંસાહરી પ્રાણીઓની હોજરીમાં ગંદકી હોય છે, તેનું ગોશ્ત ગંદુ અને દુગજાધ મારતું હોય છે અને તેવા પ્રાણીઓનું ગોશ્ત ખાવાથી માણસ બીમાર પડી જાય છે. તેનાથી ઉલ્ટું મોટા ભાગના ઘાસ ખાનાર (શાકાહરી) પ્રાણીઓનું ગોશ્ત ખાવાનું હલાલ ગણવામાં આવ્યું છે. નખવાળા જાનવરોનું ગોશ્ત હરામ છે અને ખરીવાળા જાનવરોનું ગોશ્ત હલાલ છે. ખરીવાળા જાનવરો પૈકી કેટલાક જાનવરો જેમકે ઘોડા, ખચ્ચર વગેરેનું ગોશ્ત ખાવું મકરૂહ ગણવામાં આવેલ છે.

પક્ષીઓના ગોશ્ત ખાવાની જાણકારી તેની પાંખોની ગતિ ઉપરથી જાણવા મળે છે. જેમકે, જે પક્ષીઓ હવામાં ઉડતી વખતે તેની પાંખો ફેલાવીને રાખે છે તે હરામ છે અને જે પક્ષીઓની પાંખો ઉડતી વખતે (સ્થિરતા)થી વધારે ગતિમાં રહે છે તે પક્ષીઓ હલાલ છે. આ ઉપરાંત એ પણ લખવામાં આવ્યું છે, કે ઇસ્લામમાં શિકાર કરવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ જો (શિકારી) રોજી કમાવા માટે અને પોતાના કુટુંબીજનોને ફાયદો પહોંચાડવા માટે શિકાર કરે તો જ તે શિકાર હલાલ છે. પરંતુ માત્ર લહવો લહબ (નિરર્થક ખેલ કૂદ શોખ) અને જાનવરોને મારી નાખવા માટે

શિકાર કરવો જાએઝ નથી અને એવો શિકાર કરવા માટે પ્રવાસ કરનાર (શિકારી)ની નમાઝ કસર નહીં થાય અને તેણે (માહે રમઝાન મુબારકમાં પ્રવાસ કર્યો હોય તો) તેવા પ્રવાસમાં રોઝા પણ રાખવા પડશે. કારણ કે, તેનો પ્રવાસ ગૈર શરઈ અને હરામ છે. (મજમએ તબ્લીગાતે ઇસ્લામીનું વર્ણન અહીં પુરૂં થાય છે.)

હયવાનોના ત્રણ પ્રકાર છે. જમીનના પ્રાણીઓ, પાણીમાં રહેતા પ્રાણીઓ અને હવામાં ઉડતા પક્ષીઓ. જમીન ઉપર રહેતા પ્રાણીઓના બે પ્રકાર છે. પાળેલા જાનવર એટલે કે જે જાનવરો માણસો સાથે રહીને જીવન વિતાવે છે

અને જંગલી જાનવરો જે જંગલ અને નિર્જન સ્થળમાં રહે છે.

## જમીન ઉપર રહેતા પ્રાણીઓ

પાળેલા જાનવરોમાં ફકત ગાય, ઘેટાં અને ઉંટનું ગોશ્ત હલાલ જાનવર છે અને ઘોડા, ગધેડા અને ખચ્ચરનું ગોશ્ત ખાવું મકરૂહ છે. આ છ સિવાયના બીજા પાળી શકાય તેવા જાનવરો જેમકે બિલાડીનું ગોશ્ત ખાવું હરામ છે.

અમુક પ્રકારનાં હરણ સિવાયના જંગલી જાનવરોનું ગોશ્ત હરામ છે. જેમાં પહાડી બકરા, (બાર શીંગડાવાળા) જંગલી ગાય, જંગલી ગધેડા, ખચ્ચર અને તમામ હિંસક પક્ષીઓના ગોશ્તનો સમાવેશ થાય છે. એટલે કે, એવા

માંસાહારી પશુઓ અને પક્ષીઓ જે અણીદાર ચાંચ અને પંજા ધરાવતા હોય અને તે બળવાન હોય, જેમકે સિંહ, ચિત્તા, વરૂ વગેરે અથવા નિર્બળ હોય જેમકે શિયાળ, બીજું (રાની બીલાડા જેવું પશું) અને તેવી જ રીતે સસલાં જે માંસાહારી અને હિંસક ગણાતા નથી તેમ છતાં તેનું ગોશ્ત ખાવું હરામ છે. તમામ પ્રકારના કીડી મકોડા ખાવા હરામ છે. જેમકે સાંપ, ઉંદર જે પાળેલા હોય તે જંગલી ભમરા, કીડા, સાહી (એક પ્રકારનો જંગલી ઉંદર) કાળા ભમરા, જૂ વગેરે પણ ખાવા હરામ છે.

# ઉડતા પક્ષીઓ

ઉડતા પક્ષીઓ પૈકી તમામ પ્રકારના કબૂતર હલાલ છે. જેમકે, કમરી (કબુતર જેવું મધુર અવાજવાળું પક્ષી) ચકોર, બટેર, કતા, તીતર, મુરઘા, મુરઘી તેમજ મુરઘાની જાતના પક્ષીઓ, ચકલીઓ, ચકલીઓની જાતના બીજા પક્ષીઓ જેમકે, બુલબુલ, ચંડોલ (મોટું માથું, ચાંચ અને અદ્ શું શરીર કાળું અને અડધું શરીર સફેદ હોય છે.) શકરાક સવામ (કાળા રંગનું બેડોળ અને કબૂતર જેવું પક્ષી હોય છે તેની કાળી પાંખો પર લાલ લીલા અને કાળા ઘરી હોય છે.) ચમગાડર (જે અંધારાનું પક્ષી જે છત ઉપર રહે છે અને રાત્રે જ ઉડે છે) મોર અને

માંસાહારી પક્ષીઓજે બળવાન હોય, અને બીજા જાનવરોની ચીરફાડ કરતા હોય, શિકારી બાજ, ચરખ, ગરુડ, બાશહ (એક શિકારી પક્ષી જેને બાશહ કહેવાય) અથવા એ પક્ષીઓ જે નિર્બળ હોય જેમકે, ગીધ, બીનાબર એહતિયાત તમામ પ્રકારના કાગડાઓનું ગોશ્ત ખાવાથી બચવું જોઈએ. એટલું જ નહીં ઝાગ (કાક) જે ખેતરોના કાગડા જેવો અને અબકય જેનો રંગ કાળો અને સફેદ હોય છે અને તે જાડા અને કાળા રંગના કાગડા જે મુરદાર (મડદાં) ખાતા હોય છે તેનું ગોશ્ત ખાવાથી પણ બચવું જોઈએ. કારણ કે, તે હિંસક પ્રકારના પક્ષીઓ ગણાતા હોવાની સંભાવના રહે છે.

ઉપર જે બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે તેને લગતા ખાસ હુકમ રિવાયતોમાં મોજૂદ છે જે પક્ષીઓનું ગોશ્ત હરામ કે હલાલ વિષે હોવા વિષે શરીયતમાં ખાસ કોઈ હુકમ વારિદ થયો નથી. તેને પારખવા માટે શરીયતમાં બે નિશાનીઓનો ઉલ્લેખ જોવા મળે છે.

(૧) જે પક્ષીઓ ઉડતી વખતે પાંખોને સ્થિરતા કરતા વધારે હલાવતા હોય.

(૨) તેના શરીરમાં ત્રણ અવયવો હોય (એ) સીસીયહ એટલે કે એક વધારાની આંગળી જે પક્ષીની જાંઘની નીચે હોય. (બી) પેટ, હોજરી અને સંગદાનહ હલાલ ગોષ્ટ ખાવાવાળા પક્ષીનું

ઈંડું હલાલ અને હરામ ગોશ્તવાળા પક્ષીનું ઈંડુ ખાવું હરામ છે. જે ઈંડુ હરામ ગોશ્ત જાનવરનું છે કે હલાલ ગોશ્ત જાનવરનું તેની માહિતી ન હોય તો તેના બંને છેડાનું નિરીક્ષણ કરવું જોઈએ. જો તે ઈંડાનો આગળ અને પાછળનો છેડો સરખો ન હોય. એટલે કે મુરઘી અને કબૂતના ઈંડા જેવા ઈંડા હોય તો તેવાં ઈંડા ખાવા હલાલ છે. અને જો તેના બંને તરફના છેડા બરાબર (સરખાં) હોય તો તેવા ઈંડા ખાવા હરામ છે.

ટૂંકમાં એ વાત યાદ રાખવી જોઈએ કે હલાલ ગોશ્તવાળા જાનવરનું ગોશ્ત ખાવું બે કારણોસર હરામ થઈ શકે છે.

(૧) નજાસત ખાવાના કારણોસર અથવા

(૨) ઇન્સાનના તે પ્રાણી સાથે સંભોગ કરવાના કારણે. આ બંને બાબતો વિગતવાર હુકમો (અમલીયાના રીસાલા) મસાએલની કિતાબોમાં આપેલી હોય છે.

## પાણીમાં રહેતા પ્રાણીઓ

પાણીમાં રહેતા પ્રાણીઓ પૈકી ફકત ભીંગડા (છીલકા) વાળી માછલી હલાલ છે. તેના ભીંગડાનો અર્થ ખરેખરા ભીંગડા જ છે. એ માછલીના ભીંગડા પાછળથી (કોઈ કારણસર ખરી કે) ઘસાઈ ગયા હોય જેમકે, એવી માછલીઓને 'કનઅત' (કબા માછલી)ના

નામથી ઓળખવામાં આવે છે. જે ખૂબ જ તોફાની ગણાય છે. અને તે માછલી પોતાના શરીરને પાણીમાં મારતી હોય છે અને પાણી સાથે શરીરને ઘસતી હોય છે. જેના કારણે તેના ભીંગડા ખરી જાય છે અને મોટા ભાગે તેની ભીંગડાવાળી પૂંછડી બાકી રહી જતી હોય છે.

પ્રાણીઓને પાક કરવાં :

જે પ્રાણીઓનું લોહી ઝબ્હ કરતી વખતે ઉછળીને નીકળતું હોય તેને શરઈ રીતે બે રીતથી પાક (તઝકીયહ) કરી શકાય છે.

(૧) શિકાર કરીને અને (૨) ઝબ્હ કરીને (કાપીને) : પ્રાણીઓનો શિકાર કરીને તેને હલાલ કરવાની બે રીત છે. (એ) પાળેલા કૂતરા

દ્વારા એટલે કે પાળેલો કૂતરો (માલિકના) હૂકમને માનતો હોવો જોઈએ. અર્થાંત, તેને એમ કહેવામાં આવે કે "ચાલ્યો જા", તો તે ચાલ્યો જવો જોઈએ અને તેને કહેવામાં આવે કે "આવ" તો તે પાછો આવી જતો હોવો જોઈએ. તે પોતે કરેલા શિકારને ખાઈ જવા (ફાડી ખાવા) માટે ટેવાએલો ન હોવો જોઈએ. તે શિકાર માટે કૂતરાને છોડનાર મુસલમાન હોવો જોઈએ અને કૂતરાને શિકાર માટે છોડતી વખતે અલ્લાહનું નામ લીધું હોવું જોઈએ. અને શિકાર માટે છોડવામાં આવેલો કૂતરો શિકારીની નજરથી અદ્રષ્ય ન થવો જોઈએ. (બી) શિકારના પ્રાણીને હલાલ કરવાની બીજી રીત તલવાર, નેજાં અને

લોખંડના બીજા તીક્ષ્ણ હથિયારો, કારતૂસ વગેરેથી છે. એ હથિયાર જાનવરના શરીરની આરપાર નીકળી જવું જોઈએ. એ હથિયાર લોખંડનું (આહની) કે બીજી કોઈ ધાતુનું બનેલું હોય તો તેનાથી શિકાર હલાલ ગણાશે. પરંતુ તેની શરત એ છે કે તીરંદાઝ મુસલમાન હોવો જોઈએ અને તીર ચલાવતી વખતે તેણે બિસ્મિલ્લાહ કહ્યું હોવું જોઈએ. અને તે શરતો સાથે જ શિકારી કૂતરાને છોડવામાં આવે અને તીર અને નેઝા ચલાવીને શિકારના પ્રાણીને મારી નાખવામાં આવે તો તેનું ગોશ્ત ખાવું જાએઝ થશે. પરંતુ જો શિકારીને તેના શિકારનું પ્રાણી જીવતું અથવા તો આગળ ઉલ્લેખ થએલી

શરતો પ્રમાણે મરી જાય તો તેને ઝબ્હ કરવું જોઈએ.

આ ઉપરાંત બીજા પ્રાણીઓનો જાળ ફંદા વગેરેથી કરવામાં આવેલો શિકાર નાજાએઝ છે. પરંતુ જો શિકારી પહોંચે ત્યારે તેના શિકારનું પ્રાણી જીવતું હોય અને શિકારી તેને ઝબ્હ કરે તો તેનું ગોશ્ત ખાવું જાએઝ થશે.

આ ઉપરાંત ફકત હલાલ ગોશ્તવાળા જે જંગલી જાનવરો નાસી અથવા ઉડી શકતા હોય તેનો શિકાર કરવાથી જ તે હલાલ અને પાક થઈ શકે છે. આ નિયમ મુજબ હરણનું જે બચ્ચું ભાગી ન શકતું હોય અથવા ચકોરનું જે બચ્ચું ઉડી શકતું ન હોય તો તેનો શિકારી કૂતરા

અથવા હથિયારથી શિકાર કરતા હલાલ અને પાક થઈ શકતું નથી.

## માંસાહાર વિષે ચર્ચા

તફસીરે ‘મીઝાન’માં સૂરએ માએદહની ત્રીજી આયતના અનુસંધાને ત્રણ મુદ્દાઓમાં ઉપયોગી બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે જે અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

માંસાહાર વિષેની વિવિધ વિચારધારા :

બીજા પ્રાણીઓની જેમ ઇન્સાનનું શરીર ભૌતિક છે અને પાચનતંત્ર ધરાવે છે. તેમ જ ખાદ્ય પદાર્થો અને જે પદાર્થ શરીરનું અવયવ બની શકતો હોય તેમજ તંદુરસ્તીને કોઈ રીતે નુકસાનકારક ન હોય તેવી વસ્તુઓ એટલે કે જે

વસ્તુઓ ચાવવા અને ગળવાને લાયક હોય તે ખાઈ શકે છે. પરંતુ નુકસાનકારક અથવા તબિયતને સૂગ (ધૃણા) થાય તેવી વસ્તુઓથી પરહેજ કરવું (બચવું) જોઈએ. જેમકે, કોઈ એ વાત જાણતું હોય કે અમુક વસ્તુમાં ઝેર વગેરે વસ્તુઓ ભરેલી હોવાને લીધે શારીરિક રીતે નુકસાનકર્તા છે અથવા તો કોઈ એ વાત જાણતું હોય કે અમુક વસ્તુ ખાવી અર્થપૂર્ણ (આંતરિક) રીતે તેના માટે નુકસાનકર્તા છે (તો તેવી વસ્તુઓ ખાવી હરામ છે), જેમકે એ ખાદ્ય પદાર્થ જે અમુક મઝહબ અને શરીઅતમાં હરામ ગણવામાં આવે છે.

તફક્કુર (સૂગ-અગણમો) : જો માણસ કોઈ વસ્તુને નજિસ સમજતો હોય તો તે વસ્તુ ન ખાવાનો તેને અધિકાર છે. જેમકે, ઇન્સાન પોતાના પાયખાના (જુલાબ)ને ખાતો નથી. કારણ કે તેને ગંદુ અને ગલીઝ સમજે છે. (શરીઅત પ્રમાણે પણ તે ખાઈ શકાતું નથી) કેટલીક વખત અમુક વસ્તુઓ ન ખાવાનું કારણ અગણમો, નફરત અને અકીદો હોય છે. દાખલા તરીકે, મુસલમાનો સુવ્વર (ભૂંડ) નું ગોશ્ત નજિસ અને ગંદુ સમજે છે. પરંતુ નસરાનીઓ તે જ ગોશ્તને પાક અને તાહીર સમજે છે. અમુક ગૈરમુસ્લીમો પણ કેટલાક જાનવર જેમકે ખેખડાં, (વીંછી જેવા જંતુ) દેડકા અને ઉંદર ખાવાને

જાએઝ સમજે છે. જયારે મુસલમાનો તે જાનવરને ખાવા લાયક સમજતા નથી.

ઉપરની બાબતો જોતા એ વાત સ્પષ્ટ થાય છે, કે ગોશ્ત ખાવા (માંસાહાર) વિષે લોકો વિવિધ વિચારધારા ધરાવે છે. ઉદાહરણ તરીકે, બૌધ્ધ ધર્મના બંધારણ મુજબ તમામ પ્રકારના જાનવરોનું માંસ ખાવાનો નિષેધ કરવામાં આવ્યો છે. આ નિષેધ પાછળનું મુખ્ય કારણ ઘણાં વર્ષો પૂર્વના આફ્રીકન લોકોને તમામ પ્રકારના પશુ પક્ષીનો માંસાહાર કરતા રોકવાનો હતો. તો તે જમાનામાં આફ્રીકન લોકો તમામ પ્રકારના પશુ પક્ષીઓ એટલે કે ઇન્સાનું ગોશ્ત પણ ખાતા હતા. એ જમાનામાં અરબ લોકો

તમામ ચોપગાં પ્રાણીઓ ઉપરાંત ઉંદર અને ગરોળીનું માંસ પણ ખાતા હતા. તેમ જ તે જાનવર પોતે (કુદરતી રીતે) મરી ગયું હોય અથવા તો પૂંછડી કાપીને મારી નાખવામાં આવ્યું હોય અથવા બીજી કોઈ રીતે મરી ગયું હોય તો પણ તેનું ગોશ્ત ખાતા હતા અને આમ કરવામાં એવી દલીલ કરતા હતા કે "તમે લોકો જે જાનવરોને તમારા હાથે મારી નાખો છો તેને તો ખાઓ છો પણ જેને ખુદા મારે છે (એટલે કે તઝકીયહ વગર આપમેળે મરી જાય) છે તેને કેમ નથી ખાતા ?"

ચીનના કેટલાક બૂતપરસ્ત લોકો દરેક પ્રકારના જાવનર અને કીડા જેમકે, કૂતરો,

બિલાડી, કીડાં, સાંપ, દેડકા, સીપી (એક પ્રકારનું દરિયાઈ જંતુ જેના પેટમાંથી મોતી નીકળે છે) અને બીજા જીવજંતુઓ પણ ખાતા હોય છે. પરંતુ ઇસ્લામે મધ્યમ માર્ગ અપનાવેલ છે. એટલે કે, ઇન્સાન જે ગોશ્તને (સ્વભાવગત) તબિયતને અનુરૂપ અને સારૂં સમજે છે તે ખાવાને ‘મુબાહ’ ગણાવેલ છે અને તેની સંક્ષિપ્ત વિગત પ્રસ્તુત છે.

ચોપગાં જાનવરોમાં ઘેટું, બકરી, ગાય અને ઉંટનું ગોશ્ત હલાલ ગણવામાં આવેલ છે. ચોપગાં પ્રાણીઓમાં અમુક પ્રાણીઓ જેમકે, ઘોડા અને ગધેડાનું માંસ મકરૂહ ગણાવેલ છે. બીન શિકારી પક્ષીઓમાં જે પક્ષીઓને સીંગદાનહ

હોય, ઉડતી વખતે પાંખ ફફડાવતા હોય અને કબૂતર જેવા પંજા ન હોય તેવાં પક્ષીઓને હલાલ ગણવામાં આવ્યા છે. દરિયાઈ જાનવરોમાં અમુક પ્રકારની માછલીઓને હલાલ ગણવામાં આવી છે. જેનો વિગતવાર ઉલ્લેખ ફીકહની કિતાબો (તવઝીહુલ મસાએલ વગેરે)માં કરવામાં આવ્યો છે. જાનવરોનું લોહી, મુરદાર અને એવા જાનવરો કે જેને અલ્લાહનું નામ લીધા વગર ઝબ્હ કરવામાં આવ્યા હોય તેનું ગોશ્ત ખાવું હરામ છે. આ હુકમ પાછળ ઇસ્લામનો હેતું એ હતો કે કાનુને ફીત્રત એટલે કે ઇન્સાનના ભવિષ્યને બૂનિયાદી રીતે માંસાહાર દ્વારા જીવિત રાખે. આ વિષયમાં સાચી

વિચારધારા અને તબ્એ સલીમ (શાંત પ્રકૃતિ)નો આદર કરવાનો છે અને સાચી વિચારધારાને અને તબ્એ સલીમ કયારેય નુકસાનકારક અને માનવજાતને માટે ધૃણાસ્પદ હોય કે જે વસ્તુઓનો ઉપયોગ કરતા અગણમો થાય તેવી વસ્તુઓને ખાવા કે વાપરવાનું સૂચવતી નથી.

## શું કોઈ જીવંત પ્રાણીને મારી નાખવું એ માનવતાવિહોણું કૃત્ય છે ?

એ વાત સંભવ છે કે, કોઈ વ્યકિત એવો પ્રશ્ન ઉઠાવે કે પ્રાણીઓમાં પણ રૂહ હોય છે. તેને પણ ઇન્સાનની જેમ મોતની કડવાશનો અનુભવ થાય છે. તો પછી તે જાનવરોને ઝિંદગી જેવી નેઅમતથી વંચિત કરી દેવા અને તેમના

જીવવની મીઠાશને મૌતની કડવાશમાં પરિવર્તિત કરી દેવી કેટલા અંશે વ્યાજબી છે ? ખુદા તો અરહમુર રાહેમીન છે. તેની નેઅમત તો અપાર છે. તે જાનવરોને નિર્દયતાથી કતલ કરી નાખવાનો અને તેનું માંસ ખાઈને ઇન્સાનને આનંદ માણવાનો અને ફાયદો ઉઠાવવાનો હુકમ શા માટે આપે ? વાસ્તવમાં તો ઇન્સાન અને હયવાન બંનેની લાગણી (અહેસાસ) સરખાં છે.

ઉપરોકત પ્રશ્નોનો જવાબ એ છે, કે જે પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા છે તે માત્ર લાગણી અને અહેસાસને કારણે છે. (યાદ રાખો કે) શરીઅત અને કાયદાઓ દૂરંદેશીઓને તાબે હોય છે, તેમાં કાલ્પનિક લાગણીઓ અને

(સંવેદનશીલતા) અહેસાસને કોઈ અવકાશ નથી. આનું વિશ્લેષણ એ છે કે : જમીનમાંથી ઉગતી વસ્તુઓ (વનસ્પતિ વગેરે) જમીનમાંથી ખાય છે અને જમીનને પોતાની અંદર સમાવી લે છે અને તેનું સ્વરૂપ પણ જમીન જેવું થઈ જાય છે. (જેમકે ઇન્સાન, પ્રાણીઓ અને પક્ષીઓ) ત્યારપછી ફરીવાર જમીન તેને ખાઈ લે છે અને તેનો નાશ થઈ જાય છે. જમીન સતત વનસ્પતિમાં અને વનસ્પતિ સતત જમીનના રૂપમાં બદલાતા રહે છે. આ ઉપરાંત જીવંત પ્રાણીઓ પાણી અને વનસ્પતિમાં પોષણ મેળવતા રહે છે. કેટલાક પ્રાણીઓ બીજા પ્રાણીઓનો (ખોરાક તરીકે) ઉપયોગ કરીને

ખાય છે. જેમકે, હિંસક પ્રાણીઓ બીજા શાકાહારી પ્રાણીઓનો શિકાર કરીને તેનું માંસ ખાય છે તેવા પ્રાણીઓનું પાચનતંત્ર એવું હોય છે કે તે હિંસક પ્રાણીઓ માંસ સિવાયના બીજા કોઈ ખાદ્ય પદાર્થ પચાવી શકતા નથી. દાખલા તરીકે, પંજાવાળા (તીષ્ણ નહોર ધરાવતા) હિંસક પ્રાણીઓ કબૂતર જેવા પક્ષીઓ પકડીને ખાય છે. નાના પક્ષીઓ પણ અનાજના દાણા ઉપરાંત માખી, મચ્છર, યસુ (એક પ્રકારનું ઝેરી જંતુ) જંતુઓ ખાય છે. આ જંતુઓ ઇન્સાન અને બીજા પ્રાણીઓનું લોહી પીને ફાયદો ઉઠાવતા હોય છે. અને છેવટે આ બધા જીવંત પ્રાણીઓ જમીનમાં સમાઈ જાય છે. આ પ્રમાણે ઉત્પત્તિનું

વ્યવસ્થાતંત્ર અને સર્જનહાર જે સંસારના તમામ સર્જન ઉપર (કોઈ પણ અંતરાય વગર) સંપૂર્ણ રીતે કાબૂ ધરાવે છે અને દરેક વસ્તુઓ તેના તાબામાં છે. ખાલિકે ફિતરત (ફિતરતને પેદા કરનાર) વિધાતાએ તેનું ગોશ્ત વગેરે ખાવાનો હુકમ આપ્યો છે અને ઇન્સાનના શરીરને એવી રીતનું બનાવવામાં આવ્યું છે કે ઇન્સાન માંસાહાર અને શાકાહાર બંને કરી શકે છે. એટલે કે, ગોશ્ત અને વનસ્પતિ બંને પચાવી શકે છે. ઇન્સાનનું શરીર ઘેટા જેવું નથી. ઘેટાના દાત તીક્ષ્ણ હોતા નથી, તેથી તે માંસ ખાઈ શકતું નથી, તે વજન ઉપાડી શકતું નથી. તેમજ તે હિંસક પ્રાણીઓની જેમ માંસને ચાવી શકતું કે

નરમ કરી શકતું નથી. જયારે ઇન્સાનના શરીરમાં આ બધું કરી શકવાની ક્ષમતા છે. એટલું જ નહીં, ઇન્સાનમાં સ્વાદ પારખવાની અને માણવાની શક્તિ પણ હોય છે. તેથી ઇન્સાન માંસ ખાઈને તેની લિજજત માણી શકે છે. તેમ જ, કુદરતે માનવ શરીરમાં માંસને પચાવવાની અને તેમાંથી માંસ બનાવવાની શક્તિ પણ આપી છે. આ બધી શકિતઓ ઉત્પત્તિ, સર્જન, માર્ગદર્શન અને એ બાબત મુબાહ અને જાએઝ હોવા પ્રત્યે અંગુલિનિર્દેશ છે અને ઇસ્લામ એક દીને ફિતરત (પાકૃતિક ધર્મ) છે, જેમાં તેને પેદા કરવાના હેતુ પ્રત્યે માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને તેવી

વસ્તુઓ તેના માટે મુબાહ ગણાવવામાં આવી છે. આ ઉપરાંત બીજા કાનૂન પણ પ્રકૃતિના ઘડવૈયાએ ઘડયા છે. એટલે કે, એ ગોશ્ત જે શારીરિક અથવા આંતરિક રીતે નુકસાનકારક હોય અથવા તો એ બધી વસ્તુઓ જે તબ્એ સલીમને ખરાબ લાગે અને જે ખાવાથી નફરત પેદા થાય તેવી વસ્તુઓ ખાવા પીવાથી બચવાનો હુકમ આપવામાં આવ્યો છે. ટુંકમાં એમ કહી શકાય કે જે વસ્તુનો શારીરિક અથવા રૂહાની વિકાસ અથવા માનવ સમાજની દૂરંદેશીની વિરૂધ્ધ હોય અને નુકસાન પહોંચે તેમ હોય, જેમકે જુગાર અથવા ખાસ રીતે તીરંદાઝીથી ગોશ્તની વહેંચણી કરવામાં આવી

છે તેને હરામ ગણાવવામાં આવેલ છે. તેવી જ રીતે નજિસ વસ્તુઓ જે માનવ પ્રકૃતિને રૂચિકારક ન લાગે તેને પણ હરામ ગણાવાઈ છે.

બાકીના એઅતેરાઝ - વિરોધ જેમાં પ્રાણીઓને ઝબ્હ કરવામાં દયા, મહેરબાની વગેરે લાગણીશીલ બાબતોને અંતરાયરૂપ સમજવામાં આવે છે. તેના જવાબમાં એમ કહી શકાય, કે રહેમ અને દયા એક જન્મજાત ગુણ છે. જે ગુણ ઇન્સાનમાં અને બીજા પ્રાણીઓમાં પ્રાકૃતિક રીતે જ જોવા મળે છે. આ જન્મજાત મહેરબાની અને દયાનો અમલ તમામ ક્ષેત્રે કરવાનો હોતો નથી. કેમકે, આ ઉત્પત્તિ અને સર્જન દયા અને રહેમદિલી સંપૂર્ણ રીતે બધી

જગ્યાએ લાગુ પડતી નથી. કારણ કે, જો એમ હોત તો દુનિયામાં ઇન્સાનો અને પ્રાણીઓ માટે કોઈ જાતની મુસીબતો, પરેશાની, બીમારીઓ વગેરે તકલીફનું નામો નિશાન ન હોત. આ ઉપરાંત રહેમ અને મહેરબાની ઇન્સાનની અદલ (માનવતા - ન્યાય) અને સદ્ચારિત્રય માટે એવું નથી કે તે જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પાડી શકાય. આપણા માટે ઝાલિમોનો પ્રતિકાર કરવો અથવા તો ગુનેહગારોને સજા આપવી અથવા દુશ્મનો સાથે દુશ્મની કરવી એ બધા કામોમાં રહેમદિલીથી કામ લેવાતું નથી. જો આપણે આ બધા એ પ્રમાણે કરવા લાગીએ તો

જમીન અને જમીનના વાસીઓ ફીત્ના અને ફસાદથી નાશ પામે.

સામાન્ય સંજોગોમાં દયા અને પ્રેમની લાગણી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે. એટલે કે, જાનવરોને ઘાતકી રીતે અને તકલીફ આપીને ઝબ્હ કરવા ન જોઈએ. જાનવરની રૂહ તેના શરીરમાંથી નીકળી જાય તે પહેલા તેના શરીરના અવ્યવોને કાપવા અને તેના શરીરની ખાલ (ચામડી) ઉતારવી જાએઝ નથી. મુનખનકહ એટલે ગળું દબાવીને અને મૂકુઝહ એટલે કે જાનવરને એટલો માર મારવો કે જેનાથી તે મરી જાય તેમ કરવું પણ હરામ ગણાવવામાં આવ્યું છે. એક જાનવરની નજર

સામે બીજા જાનવરને ઝબ્હ કરવાની પણ મનાઈ કરવામાં આવી છે. એ પ્રકરણમાં લખ્યું છે કે જાનવરોને ઝબ્હ કરતા પહેલા તેને પાણી પીવડાવવું જોઈએ. અને જાનવરને શક્ય હોય તેટલું હળવેથી ઝબહ કરવું જોઈએ. આ સિવાયના ઝબ્હ કરવાના મસાએલનું વર્ણન ફીકહની કિતાબોમાં વિગતવાર આપવામાં આવ્યું છે.

એક મુદ્દો એ છે, કે ખુદા અરહમુર રાહેમીન છે અને તેમાં રહેમતે ઇલાહીની દલીલ કરવામાં આવે છે તે રહેમતે ઇલાહીનો અર્થ ‘રકત કલ્બી’ દયા ભાવના (હૃદયની કોમળતા) અને સંવેદનશીલતા નથી, પણ તેનો અર્થ

યોગ્ય હકદાર (મુસ્તહક)ને તેની યોગ્યતા અને પાત્રતા પ્રમાણે ફાયદો અને રહેમત પહોંચાડવી તેવો થાય છે. મોટા ભાગે એવું બનતું હોય છે કે, આપણે અમુક બાબતો (સંજોગો અને બનાવો) વિષે એવું વિચારતા હોઈએ છીએ કે આ બનાવ એ એક અઝાબ છે. પરંતુ હકીકતમાં તો તેમાં ખુદા તરફથી રહેમત અને ખૈર (ભલાઈ) હોય છે. આનાથી ઉલ્ટું પણ બની શકે છે. પણ કાયદા બનાવતી વખતે આપણી લાગણીઓ અને અંગત માન્યતાઓ દ્વારા ખુદાવંદે આલમના હુકમને ખોટો માનવા હકીકતથી ઉલ્ટા સમજવા અને ગફલતથી નિર્ણય કરવા હીકમતે ઇલાહીની નજરમાં જાએઝ નથી. આગળ ઉપર જે

બાબતોનું વર્ણન થઈ ગયું છે તેનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે ઇસ્લામમાં માંસાહારને જાએઝ ગણવામાં આવ્યો છે અને માંસાહાર માટેની જે શરતો અને પ્રતિબંધને મુબાહ અને જાએઝ ગણવામાં આવ્યા છે તેમાં ફિતરતની પયરવી કરવામાં આવી છે. (ફિતરતલ્લાહીલ્લતી ફતરન્નાસ અલય્હા લા તબ્દીલ લે ખલ્કીલ્લાહે ઝાલેકદ્દીનુલ કય્યેમે)

## ઇસ્લામમાં પ્રાણીઓને ઝબ્હ કરવાનો હુકમ શા માટે અપાયો છે ?

અમે એ વાત સ્વિકારીએ છીએ કે ગોશ્ત ખાવું ફિતરત અને ખિલ્કત પ્રમાણે જાએઝ સમજવામાં આવ્યું છે. તો પણ બીજો પ્રશ્ન એ

ઉભો થાય છે કે માંસાહાર જાએઝ હોય તો રહેમદિલી માટે આ કામ ફકત મરી ગએલા જાનવરના ગોશ્ત ખાવા પૂરતું મર્યાદિત કેમ રાખવામાં નથી આવ્યું ?

આ પ્રશ્નનો જવાબ બીજા મુદ્દામાં જે બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં આવી જાય છે. કારણ કે રહેમતનું ઉપર જણાવ્યા મુજબનું અર્થઘટન કરવું વાસ્તવિક હુકમોને (હકીકી અહેકામ) બાતિલ કરવા સમાન છે. ઇસ્લામે માનવ જાતમાં રહેમની લાગણી જાળવી રાખવા માટે રહેમ કરવાને લગતા હુકમો આપ્યા છે.

મરેલાં જાનવરનું ગોશ્ત ખાવાનું હરામ કરવામાં આવ્યું છે. તેની પાછળનું કારણ એ છે કે મુરદા જાનવરનું ગોશ્ત ખાવાથી કશો ફાયદો થતો નથી. એટલું જ નહીં, મુરદા જાનવનું ગોશ્ત ખાવાથી કશો ફાયદો થતો નથી. એટલું જ નહીં મુરદા જાનવરનું ગોશ્ત ખાવું શારીરિક અને રૂહાની રીતે નુકસાનકારક પણ છે અને એ કાર્ય રહેમની વિરૂધ્ધનું છે. કારણ કે મુરદા જાનવરનું ગોશ્ત ખાવું ઇન્સાન માટે મુશ્કેલી, તકલીફ અને ઝહેમતરૂપ બને છે અને જો મુરદા જાનવરનું ગોશ્ત ખાવાનું જાએઝ ગણાતું હોય તો લોકો જાનવરનું ગોશ્ત ખાવા માટે તેના મરવા સુધી રાહ જોતે. (તફહીમે મીઝાનમાંથી)

યાદ રાખો, કે ખોરાકમાં ઉપયોગમાં લેવાતા પ્રાણીઓને ઝબ્હ કરવામાં આવે તો તેનાથી જાનવરો ઉપર ઝુલ્મ થયો ગણાતો નથી. પરંતુ તેને ઝબ્હ કરવું એ કાર્યોને પૂરા કરવા માટે જરૂરી છે. કેમકે ઝબ્હ કરવા પહેલાં પ્રાણી મુંગુ (ખામોશ) હોય છે. તેનામાં સમજણ કે અકલ હોતી નથી, તે કોઈ વાતને સમજી શકતું નથી. પરંતુ ઝબ્હ કર્યા પછી એટલે કે તેનું ગોશ્ત ખાધા પછી ગોશ્ત માણસના શરીરમાં ગોશ્તનું સ્વરૂપ બની જાય છે. તેથી બોલવું - સમજતું અને અક્કલમંદ બની જાય છે. દાખલા તરીકે ઘેટાની જીભથી કોઈ ફઝીલત કે શ્રેષ્ઠતા વ્યકત થતી નથી. પરંતુ જયારે તે જ ઘેટું

માનવશરીરનો ભાગ બની જાય છે ત્યારે તે હકીકતોને જાહેર કરવા લાગે છે. ખુદાની હમ્દો સના કરે છે અને તેવી જ રીતે ઇન્સાનના શરીરના બીજા અવયવો દ્વારા જે નેક કામ વ્યકત થાય છે તે કરવા લાગે છે.

## ઝિબ્હે શરઈ દ્વારા પ્રાણીના તઝકીયહ

## (ઝબ્હ કરવાની રીત)

તઝકીયહની રીતમાં બીજી રીતે ઝબ્હે શરઈ છે. એટલે કે, પ્રાણીની ગરદનની ચાર મોટી રગોને ગળાના ઉપસેલા ભાગથી નીચેની બાજુએથી કાપી નાખવી. (આ ચાર રગોનો અર્થ એ થાય છે કે એક શ્વાસનળી, બીજી અન્ન નળી અને ગરદનની બે મોટી રગ જે શ્વાસ નળીની

બાજુમાં હોય છે) ઝિબ્હે શરઈની પાંચ શરતો નીચે મુજબ છે.

(૧) પ્રાણીને ઝબ્હ કરનાર મુસલમાન હોવો જોઈએ. મુસલમાન સ્ત્રી, પુરૂષ કે સારા ખરાબની સમજ ધરાવતો બાળક પ્રાણીને ઝબ્હ કરી શકે છે.

(૨) પ્રાણીની ગરદનને લોખંડના તીક્ષ્ણ ધારવાળા હથિયારથી કાપવું જોઈએ. જો લોખંડની વસ્તુ ન મળે તો કાચ કે પત્થર જેવી તીક્ષ્ણ ધારદાર વસ્તુથી પ્રાણીની ચારેય રગ કપાઈ જાય તેવી રીતે ઝબ્હ કરવું જોઈએ.

(૩) જાનવરને ઝબ્હ કરતી વખતે તેનું મુખ, હાથ, પગ અને પેટ કીબ્લા તરફ હોવા

જોઈએ. પરંતુ ઝબ્હ કરનાર તેમ કરવાનું ભૂલી જાય અથવા તો કીબ્લો કઈ દીશામાં છે તેની જાણકારી ન હોય અથવા જાનવરને કીબ્લા તરફ ફેરવી શકે તેમ ન હોય તો કોઈ વાંધો નથી.

(૪) ઝબ્હ કરતી વખતે ખુદાનું નામ લઈને બિસ્મિલ્લાહ કહેવું પૂરતું છે અને તેમ કરતા ભૂલી જાય તો વાંધો નથી.

(૫) ઝબ્‌હ કર્યા પછી જાનવર તેનું શરીર હલાવે, ભલે ફકત આંખ ફેરવે અથવા પૂંછડી હલાવે કે પગ જમીન ઉપર મારે. એહતીયાત એ છે કે જાનવરના શરીરમાંથી

સામાન્ય રીતે જે પ્રમાણમાં લોહી વહી જતું હોય છે તેટલું લોહી નિકળી જવા દેવું જોઈએ.

ઉંટને ઝબ્હ કરવા માટે ઉપરોકત પાંચ શરતોના અમલ ઉપરાંત તેની ગરદન અને છાતીની વચ્ચે ખાડો હોય છે તે જગ્યાએ છરી અથવા લોખંડની ધારદાર (ગોશ્ત કાપી) શકાય તેવી વસ્તુ ભોંકી દેવી જોઈએ.

જો કોઈ પ્રાણી વિદ્રોહી હોય અને તેને શરઈ રીતે ઝબ્હ કરવું શકય ન હોય અને દાખલા તરીકે તેવું જાનવર કૂવામાં પડી જાય તે કુવામાં જ મરી જાય તેવો સંદેહ હોય તો તેના શરીરના કોઈપણ ભાગમાં મરી જાય તેટલો ઝખ્મ કરી શકાય છે. અને તેનાથી તે

હલાલ થઈ જાય છે. તેવા સંજોગોમાં જાનવરનું કીબ્લા તરફ હોવું જરૂરી નથી. પરંતુ એ સિવાયની બીજી શરતો ઉપર અમલ કરવો જરૂરી છે.

માછલીને જીવતી પકડીને પાણીની બહાર કાઢી નાખવાથી તેના તઝકીયહ થઈ જાય છે અને તે માછલી પાક ગણાય છે. જો ભીંગડાવાળી માછલીને પાણીમાંથી જીવતી બહાર કાઢી લેવામાં આવે તો તેને ખાવી જાએઝ છે અને જો તે માછલી પાણીમાં જ મરી જાય તો પણ પાક છે. કારણ કે તેનું લોહી ઉછળીને નિકળતું નથી. પરંતુ તેવી રીતે પાણીમાં મરી ગએલી માછલી ખાવી હરામ છે. માછલીનો

શિકાર કરનાર મુસલમાન હોય તેવું જરૂરી નથી. જો કાફિર માછલીનો શિકાર કરે તો પણ તે માછલી ખાવી જાએઝ છે. પરંતુ માછલી બહાર આવીને મરી છે કે કેમ તે જાણવું જરૂરી છે. (ટીડડી) તીડને જીવતી પકડી લેવાથી તેના તઝકીયહ થઈ જાય છે. ટીડડીને હાથથી અથવા બીજી કોઈ રીતે જીવતી પકડી લેવામાં આવે તો તેનો જીવ નીકળી જવા પછી તેને ખાવી હલાલ છે. તેને પકડનાર મુસલમાન હોય અને પકડતી વખતે તેણે અલ્લાહનું નામ લીધું હોવું જરૂરી નથી.

જે ટીડડી (તીડ)ની પાંખ ફુટી ન હોય અને ઉડી શકતી ન હોય તેવી ટીડડી ખાવી

હરામ છે. જો શિકાર અથવા ઝબ્હ કરવામાં આવેલા પ્રાણીના પેટમાંથી બચ્ચું નીકળે તો તેના શરીર ઉપર ઉન અથવા વાળ ઉગી ગયા હોય તો તે બચ્ચું પાક અને ખાવું જાએઝ છે કારણ કે તેની માનું ગોશ્ત હલાલ છે.

## (તઝકીયહથી) હરામ ગોશ્તવાળું જાનવર પાક થઈ શકે ?

આગળ વર્ણન થઈ ગયું છે તે પ્રમાણે કુતરા અને ભુંડ સિવાયના બધા જ હરામ ગોશ્તવાળા પ્રાણીઓ તઝકીયએ શરઈથી પાક થઈ જાય છે. પરંતુ તેનું ગોશ્ત ખાવું હરામ છે. અને તઝકીયહ કરવામાં ન આવે તો તેનું મુરદાર નજિસ પણ રહે છે. અલબત્ત જે પ્રાણી

- જંતુઓનું લોહી ઉછળીને નિકળતું નથી. તે તઝકીયહથી વગર મરી જાય તો તેને ખાવું હરામ છે પરંતું ન્જીસ ગણાતું નથી. જેમકે સાંપ અને કીડા જેવા જંતુઓ, હલાલ ગોશ્ત ધરાવતા બધા પ્રાણીઓનું ગોશ્ત શરઈ તઝકીયહ કર્યા પછી ખાવું હલાલ થઈ જાય છે. અને જો તે પ્રાણી તઝકીયહ વગર મરી જાય તો નજિસ છે અને તે પ્રાણીનું ગોશ્ત ખાવું હરામ છે અને જે પ્રાણીઓનું લોહી ઉછળીને ન નિકળતું હોય તો તેનું ગોશ્ત ખાવું હરામ છે, પરંતુ તે નજિસ નથી. જેમકે એ માછલી જે પાણીમાં મરી જાય તે નજિસ ગણાતી નથી. આ પ્રમાણે દરેક મુરદાર નજિસ છે જે પ્રાણીઓ શરઈ તઝકીયહ

કર્યા વગર મરી જાય તે નજિસ ગણાતી નથી. આ પ્રમાણે દરેક મુરદાર નજિસ છે તે પ્રાણીઓ શરઈ તઝકીયહ કર્યા વગર મરી જાય ભલે પછી તે બીમારીથી મરે, કુદરતી મોતથી મરે, અથવા બાહય કોઈ કારણોસર (અકસ્માત વગેરેના કારણે) મરે અથવા ધીમે ધીમે તેને મોત આવી જાય તો પણ તે મુર્દારના અર્થમાં ગણાઈ જશે. જો કે બાહય કારણોસર મરનારા પ્રાણીઓની સંખ્યા ઓછી હોય છે તેમ છતાં એવા કારણોસર મરનાર પ્રાણીઓને પણ મુર્દાર જ ગણવામાં આવે છે. આ પ્રકારના મુરદારના પાંચ પ્રકારનો આયતે શરીફામાં વિશેષ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને એ બધાને

મુર્દાર ગણવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) મુન્ખનકહ : એ પ્રાણીઓ જે ગળુ રૂંધાઈ જવાથી મરી જાય તેનું કારણ (ટકરાઈ જવા વગેરેને કારણે) આકસ્મિક હોય અથવા કોઈ જાણીબૂજીને તેનું ગળું દબાવીને મારી નાખે અથવા તો કોઈ સાધનથી તેનું ગળું દબાવીને મારી નાખવામાં આવે, જેમકે કોઈ પ્રાણીના ગળામાં દોરડું નાખીને ગળું એટલું બધું ભીંસવામાં આવે કે તેના કારણે તે મરી જાય. અથવા તો તેનું માથું (ગરદન) બે લાકડાની વચ્ચે દબાવી દેવામાં આવે. આ રીત અને

આના જેવી બીજી રીતો (ઇસ્લામના પહેલાના) અજ્ઞાનતાના યુગમાં પ્રચલિત હતી.

(૨) મૌકુઝહ : એ પ્રાણી કે જેને એટલું બધું મારવામાં આવી કે આવા મારના કારણે તે મરી જાય.

(૩) મુતરદદીયહ : એ પ્રાણી જે ઉંચાઈ પરથી પડીને મરી જાય. જેમકે પહાડ ઉપરથવ અથવા કૂવામાં પડીને મરી જાય.

(૪) તીતીયહ : એવું પ્રાણી કે જે બીજા પ્રાણીઓને શીંગડા માર્યા હોવાના કારણે મરી જાય.

(૫) મા અકલ સબોઅ : એ પ્રાણી જેને હિંસક પશુઓએ ફાડી નાખ્યું હોય અને તેનો

અમુક ભાગ તે પશુઓ ખાઈ ગયા હોય તો તેનો બાકીનો ભાગ હરામ છે.

આ આયતે શરીફામાં મા ઝોબેહ અલન્નોસોબે નો અર્થ જાહેલીયતના યુગના રીતરિવાજોનું અનુકરણ કરવાની મનાઈ છે. આ પ્રકારના રિવાજ ઇસ્લામના પ્રચાર પહેલાના જાહેલીયતના જમાનામાં પ્રચલિત હતા જેમાં કાઅબા અને તેની આજુબાજુના વિસ્તારમાં મુશરીકો પત્થરાને જમીનમાં ગોઠવતા, તેને પવિત્ર માનતા, તેને પૂજનીય ગણતા અને તેની ઉપર પ્રાણીઓને ઝબ્હ કરતા હતા.

વ અન તસ્ તકસમૂ બિલ અઝલામે આ આયતમાં કુરબાનીના ઘેટા અને બીજા ચોપગા

પ્રાણીઓના શરીરના ટૂકડાઓ કરવાની મનાઈ કરવામાં આવી છે. અને તે જમાનામાં કયા પ્રાણીનો કયો ભાગ કાપવો અને ક્યાં ભાગ કરવા વગેરેની પરખ માટે ખાસ તીર વાપરવમાં આવતા હતા જે એક પ્રકારનો જુગાર હતો જેની મનાઈ કરવામાં આવી છે. આ પ્રકારના જુગારનો ઉલ્લેખ જુગાર વિષેના પ્રકરણમાં આવી ગયો છે.

## મુર્દાર શા માટે હરામ છે ? :

કિતાબે કાફીમાં અને અમાલીમાં મુફઝઝલ બિન ઉમરૂથી રિવાયત કરવામાં આવી છે કે તેમણે ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે ખુદાવંદે આલમે

મુર્દાર, લોહી અને સુવ્વરનું ગોશ્ત હરામ શા માટે કર્યું છે ? ઇમામે ફરમાવ્યું એવું નથી કે ખુદાવંદે આલમ પોતાના બંદાઓ માટે અમુક વસ્તુઓ હરામ કરી અને અમુક વસ્તુઓ હલાલ કરી જેથી કરીતે જે વસ્તુઓ બંદાઓ માટે હરામ કરી છે (નઉઝોબીલ્લાહ) તેનાથી તે (અલ્લાહ) પોતાની ખ્વાહીશો પૂરી કરે અને જે વસ્તુઓની તેને ખ્વાહીશ નથી તેને બંદાઓ માટે હલાલ કરી છે. (આ વાતનો સારાંશ એ છે કે ખુદાવંદે આલમ પોતાના ફાયદાને કોઈપણ બાબતમાં ધ્યાનમાં રાખીને હલાલ અને હરામના કાનૂન બનાવ્યા નથી) પરંતુ (હકીકત તો એ છે કે) ખુદાએ મખ્લૂકને પૈદા કરી છે, તેથી તે જ જાણે

છે કે માનવ શરીર માટે કઈ વસ્તુઓ જરૂરી અને ફાયદાકારક છે અને તેવી જ વસ્તુઓને પોતાના ફઝલથી મુબાહ અને હલાલ ગણાવે છે અને ઇન્સાનના શરીરને કઈ વસ્તુઓ નુકસાન પહોંચાડે છે તે પણ અલ્લાહ જ જાણે છે, તેથી તેવી વસ્તુઓને ખાવાની (ઉપયોગ કરવાની) મનાઈ ફરમાવી છે અને હરામ ગણાવેલ છે. અલબત્ત, આ હરામ ગણાવેલ વસ્તુઓ જે માણસ મજબૂર હોય અને તેની પાસે પોતાની જિવ બચાવવા માટે એ (મુર્દાર, સુવ્વરનું ગોશ્ત વગેરે હરામ) વસ્તુઓના ઉપયોગ કરવા સિવાય બીજી કોઈ ઉપાય ન હોય તો તે માણસ માટે (એ હરામ વસ્તુઓ) હલાલ ગણાવી છે. પરંતુ તે

માણસને તેનો જીવ બચી શકે એટલા જ પ્રમાણમાં તે વસ્તુઓનો ઉપયોગ કરવાની (ખાવાની) રજા આપવામાં આવી છે.

ત્યારપછી આપે ફરમાવ્યું કે મુર્દાર ખાવાથી શરીર નબળું અને અશકત થઈ જાય છે. અને શક્તિ ચાલી જાય છે. વંશ અટકી જાય છે (જાતિય નબળાઈ આવી જાય છે) આ ઉપરાંત ખાનારને અચાનક મોત આવી જાય છે.

કદાચ આ પ્રકારની અવળી અસરનું કારણ એ હોય કે ગળું રૂંધાઈ જવાને લીધે અથવા તો કુદરતી રીતે જે જાનવર મરી જાય છે, એકાદ ક્ષણમાં જ તેના શરીરમાં પરિભ્રમણ કરતું લોહી અટકી જાય છે. તેની રગોમાં શુધ્ધ

અને અશુધ્ધ બંને પ્રકારનું લોહી ભેગું થાય છે જેના લીધે મુર્દાર અને ગળું રૂંધાઈને મરી ગએલા જાનવરનું ગોશ્ત ગંદુ અને ઝેરી થઈ જાય છે. જયારે ઝબ્હ થએલા જાનવરનું એવું લોહી બહાર નીકળી જતું હોય છે અને ઝબ્હ થએલાં જાનવરનું ગોશ્ત ઝેરી અને ગંદુ થઈ જવાથી સુરક્ષિત રહેતું હોય છે. આ વિષે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને હદીસે એહતેજાજમાં આ બાબત પ્રત્યે અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે, જયારે ઝીન્દીકે ઇમામને પૂછયું કે મુર્દાર શા માટે હરામ કરવામાં આવ્યું છે ? ત્યારે જવાબમાં ઇમામે ફરમાવ્યું મુર્દારને હરામ કરવામાં આવ્યું છે, તેનું કારણ એ છે કે

(મુર્દાર) જાનવર અને જે જાનવરને ઝબ્હ કરતી વખતે ખુદાનું નામ લેવામાં આવ્યું નથી તેમાં તફાવત છે. આ ઉપરાંત મુર્દાર મરી જાય છે ત્યારે તેનું લોહી તેના શરીરમાંથી નીકળી જતું નથી. પરંતુ તેના શરીરમાં જ રહે છે. (શરીરમાં જ પાછું ફરી જાય છે) અને લોહી થીજી જવાના કારણે તેનું ગોશ્ત ભારે અને બેસ્વાદ થઈ જાય છે અને તેવા મુર્દારનું ગોશ્ત ખાવાથી તે ગોશ્ત તેના લોહી સાથે ખાધેલું ગણાય છે. ત્યારે ઝીન્દીકે કહ્યું તો પછી માછલીનું ગોશ્ત પણ મુર્દાર અને હરામ હોવું જોઈએ. કેમકે માછલીના શરીરમાંથી પણ લોહી કાઢી નાખવામાં આવતું નથી. ઇમામે ફરમાવ્યું માછલીને પાણીમાંથી

બહાર કાઢવાથી તે તેની મેળે મરી જાય છે અને તેના કારણે તઝકીયહ થએલ ગણાય છે. અને તેને (માછલીને) ઝબ્હ કરવી જરૂરી નથી. તેવી જ રીતે ટીડડીને પણ પકડી લીધા પછી ઝબ્હ કરવાની જરૂર રહેતી નથી. (બેહારૂલ અન્વાર, એહતેજાજે ઇમામ સાદિક અલય્હિસ્સલામ પાના નં ૨૫૦)

અલ્લામા મજલિસી બેહારૂલ અન્વારના ચોથા ભાગમાં આ હદીસના વિવરણમાં ફરમાવે છે કે, જાનવરના મુર્દા હોવા અને તેના ખાવાની મનાઈ હોવાના બે કારણે છે, એક એ કે જેમાં ઝબ્હ અને નહર (જાનવરની કુરબાની કરવાની શરતોને ધ્યાનમાં લીધા વગર પ્રાણીને મારી

નાખવું અને બીજું ઝબ્હ કે નહર ન કરવું (એટલે કે પ્રાણી કુદરતી રીતે મરી જાય) આમાં પહેલા પ્રકારમાં મુર્દારના હરામ હોવાનું કારણ ઇમામે મઝહબી અને આંતરિક હુકમ ગણાવેલ છે. આમ જો પ્રાણીને ઝબ્હ કરતી વખતે ખુદાનું નામ લેવામાં આવે તો દુનિયા, આખેરત, બાહય અને આંતરિક બરકત, જે ઇન્સાનના શરીરને રૂહની મુકદ્દર હોય છે તે પ્રાપ્ત થાય છે અને જો તેમ કરવામાં ન આવે તો ઇન્સાન તે બરકતથી વંચિત રહી જાય છે.

જો પ્રાણી બીજી રીતે એટલે કે ઝબ્હ કે નહર કર્યા વગર મરી જાય તો તેનું લોહી તેની નસોમાં પાછું ફરે છે, જેથી તેવા પ્રાણીનું ગોશ્ત

ખાવાની સાથે લોહી પણ ભળી જાય છે અને લોહી પણ ખાવામાં આવી જાય છે અને ઇન્સાનને લોહી ખાવાથી થતા નુકસાન થાય છે. ત્યારે પ્રશ્ન કરનારે એ મુદ્દો ઉઠાવ્યો કે આ પ્રમાણે માછલીને ઝબ્હ કર્યા વગર ખાવી મુર્દાર અને હરામ ગણાવી જોઈએ. કારણ કે માછલીને પણ ઝબ્હ કરવામાં આવતી નથી અને તેમાંથી પણ લોહી વહી (નીકળી) જતું નથી. આ પ્રશ્નના જવાબમાં ઇમામે ફરમાવ્યું કે માછલીના શરીરમાં વધારે પ્રમાણમાં લોહીને બહાર કાઢી નાખવાનું જરૂરી નથી. માછલીના શરીરમાં જે સામાન્ય પ્રમાણમાં લોહી હોય છે તેનું પ્રમાણ બીજા જાનવરના શરીરમાં ઝબ્હ કર્યા પછી

બાકી રહેતા લોહી જેટલું હોય છે, જે નુકસાનકારક હોતું નથી અને હલાલ હોય છે.

## લોહી :

લોહીના બે પ્રકાર હોય છે, (૧) નજિસ અને (૨)પાક, ઇન્સાન અને એ તમામ પ્રાણીઓ જેનું લોહી ઉછળીને નિકળતું હોય તેનું લોહી નજિસ છે. એટલે જો તેની ધોરી નસ કાપવામાં આવે તો તેનું લોહી ઉછળીને નીકળતું હોય, પ્રાણીઓને દોહવામાં આવે ત્યારે તેના દૂધમાં જે લોહી દેખાય, જેનું પ્રમાણ ઓછું હોય કે વધારે તે નજિસ છે અને તે લોહીથી દૂધ પણ નજિસ થઈ જાય છે. તેવું દૂધ પીવું હરામ છે અને

ઈંડામાં જે સાધારણ (ટપકા જેવું) લોહી દેખાય તેવું ઈંડું ખાવાથી પણ બચવું જોઈએ.

પરંતુ બે પ્રકારના લોહી પાક છે.

(૧) એવાં દરેક પ્રકારના જંતુનું લોહી પાક છે, જેનું લોહી ઉછળીને નીકળતું ન હોય, જેમકે માછલી, મચ્છર વગેરે.

(૨) હલાલ ગોશ્તવાળા જાનવર જેને ઝબ્હ કર્યા પછી તેના શરીરમાં જે લોહી બાકી વધે તે હલાલ (પાક) છે. જો જાનવરને શરઈ હુકમ પ્રમાણે ઝબ્હ કરવામાં આવે અને તેના શરીરમાંથી સામાન્ય રીતે (નિયમ મુજબ) નીકળવું જોઈએ તેટલું લોહી નીકળી ગયા પછી જે લોહી બાકી રહે તે પાક છે, પરંતુ જો

જાનવરના શ્વાસ લેવના કારણે અથવા તો જાનવરનું માથું ઉંચાઈ પર રાખ્યું હોવાના કારણે તેના શરીરમાંથી નીકળી ગએલું લોહી તેના શરીરમાં ફરી પાછું દાખલ થાય તો બાકીનું લોહી પાક રહેશે નહીં.

આ ઉપરાંત એક નિયમ તરીકે એ વાત યાદ રાખવી જોઈએ કે લોહી પાક હોય કે નજિસ તેને ખાવું (પીવું) હરામ છે. પરંતુ એ પાક લોહી જે માછલી અને ઝબ્હ કરેલા જાનવરના શરીરનો ભાગ હોય એટલે કે તે લોહીને તે જાનવર શરીરનો (ગોશ્ત સાથેનો) ભાગ ગણવામાં આવે તો તે ખાવામાં કોઈ વાંધો

નથી. અલબત્ત જો તેણે ખાધું (કે પીધું) એમ કહેવામાં આવે તો તે ખાવું (કે પીવું) હરામ છે.

## લોહી પીવું હરામ હોવાનું કારણ :

તફસીરે અયાશીમાં ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરવામાં આવી છે કે આપે ફરમાવ્યું : લોહી (પીવું) હૃદયની બિમારી, તીવ્ર તરસ લાગવી અને ગાંડપણ) કઠોર હૃદયના થઈ જવા અને બેરહેમ (નિર્દય) બની જવા માટે કારણરૂપ બને છે. લોહી પીનારો ગમે ત્યારે પોતાના મા-બાપનું અથવા સગા વહાલાનું ખૂન કરી બેસે છે.

આપે ફરમાવ્યું લોહી પીવાથી શરીરમાં પીળુ પાણી ઉત્પન્ન થાય છે. (કાફી) અને (લોહી

પીનાર) ઇન્સાનનું શરીર દુગજાધ મારે છે અને તેને બદ અખ્લાક બનાવી દે છે. તેમ જ, તેના વંશમાં એક પ્રકારનું ગાંડપણ પેદા થાય છે. અને તેને બેરહેમ બનાવી દે છે. (વસાઈલ)

ઝિન્દીકે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે વહાવી દીધેલ લોહીને હરામ કરવાનું શું કારણ છે ?

ઇમામે ફરમાવ્યું લોહી પીવાથી કઠોર બને છે અને તે માણસ નિર્દય બની જાય છે. શરીરમાં દુર્ગંધ પેદા થાય છે અને ચામડીનો રંગ બદલાઈ જાય છે. અને લોહી પીનાર માણસને કુષ્ઠ રોગ (કોઢ)ની બિમારી થવાની શકયતા રહે છે.

હઝરત ઇમામ અલીરઝા અલય્હિસ્સલામ ફરમાવે છે કે લોહી પીનાર માણસના શરીરમાં પ્લેગ, ઝખમ અને ફોડલા પેદા થાય છે. જે ઇન્સાનની મોતનું કારણ બને છે.

## ખીંઝીર (ભૂંડ - ડુકકર)

કૂતરો અને સુવ્વર (ખીંઝીર) નજીસુલ ઐન પ્રાણી છે. તેના શરીરના નખ અને વાળ (જેમાં જીવ હોતો નથી.) સહીતના તમામ ભાગ નજિસ છે. આ બંને પ્રાણીઓને ઝબ્હ કરવા એ એક બેહુદું કાર્ય છે. એટલે કે એ બંને પ્રાણી કોઈ પણ રીતે પાક થઈ શકતા નથી. અને આ બંને પ્રાણીઓનું ગોશ્ત ખાવું હરામ અને ગુનાહે કબીરા છે.

ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ ખીંઝીરનું ગોશ્ત ખાવાના કારણ વિષે ફરમાવે છે કે ખુદાવંદે આલમે સુવ્વર (નું ગોશ્ત) ખાવું હરામ હોવાનો હુકમ ફરમાવ્યો છે. કેમકે આ એક હયબતનાક અને કદરૂપું પ્રાણી છે. ખુદાવંદે આલમે આ પ્રાણીને ઇન્સાનની નસીહત માટે પૈદા કર્યું છે. જેથી લોકો (તેને જોઈને) બોધપાઠ અને નસીહત પ્રાપ્ત કરે. (એટલે કે સુવ્વરનો બેડોળ અને કદરૂપો દેખાવ જોઈને સમજી લે કે ખુદા બધાથી વધારે શકિતશાળી છે અને પોતાનું માનવ સ્વરૂપ અને સુડોળ દેખાવ જોઈને ખુદાનો શુક્ર અદા કરે) આ ઉપરાંત અયોગ્ય રીતે કામવાસના સંતોષવા અને બેહુદા

કામોથી બચે. કેમકે, એવાં કાર્યો કરવાથી કયાંક ખુદા તેનો દેખાવ બદલાવીને તેને સુવ્વરના રૂપમાં બદલી ન નાખે. અગાઉની ઉમ્મતો વિષે ફરમાવ્યું કે એ લોકો સુવ્વર જેવા (બેશરમી ભર્યા) કૃત્યો કરવાને કારણે બરઝખ અને કયામતમાં સુવ્વરના સ્વરૂપમાં પુનઃજીવિત કરવામાં આવશે.) તેથી, સુવ્વર જેવા પ્રાણીઓને ઇન્સાનોની વચ્ચે રાખવામાં આવ્યા જેથી પોતાની અગાઉની ઉમ્મતો જે ઇન્સાનના સ્વરૂપમાંથી જાનવરના સ્વરૂપમાં બદલાઈ ગઈ હતી તેના પૂરાવા તરીકે જળવાઈ રહે. સુવ્વરનું ગોશ્ત હરામ કરવાનું બીજું કારણ એ છે કે સુવ્વરનો ખોરાક એકદમ ગંદી અને નજિસ

વસ્તુઓ હોય છે. અને સુવ્વરના લોહીમાં ખૂબ જ બગાડ અને નુકસાન હોય છે. (ઓયુનીલ અખ્બારે રઝા અલય્હિસ્સલામ, વસાઈલ ભાગ - ૧)

ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે :

ખુદાવંદે આલમે કેટલીક કોમને જુદા જુદા જાનવરોના રૂપમાં ફેરવી નાખી હતી. જેમાં કેટલાંકને સુવ્વર, વાંદરા, રીંછ અને બીજા જાનવરના રૂપમાં બદલી નાખ્યા હતા. પછી તે જાનવરોનું ગોશ્ત ખાવાની મનાઈ ફરમાવવામાં આવી. જેથી લોકો તેનાથી બોધપાઠ ગ્રહણ કરે અને (ઇન્સાનના સ્વરૂપને જાનવરના સ્વરૂપમાં

બદલાઈ જવાના) અઝાબને હલકો ન સમજે. (તફસીરે અયાશી અને કિતાબુલ અતએમહ વલ અશરેયત વસાઈલ બાબ અવ્વલ પાના નં ૨૪૮)

અંજુમને તબ્લીગાતે ઇસ્લામીની ઇસ્લામ વ ઇલ્મે ઇમરૂઝ નામની કિતાબમાં લખ્યું છે કે સુવ્વરને પ્રાણી શાસ્ત્રના નિષ્ણાંતો જાડી ચામડીવાળા પ્રાણીઓ પૈકીનું પ્રાણી ગણે છે.

જંગલી સુવ્વર અને પાણીમાં રહેતા ઘોડાને એક જ કુળના પ્રાણી ગણવામાં આવે છે. સુવ્વરનું ગોશ્ત ખાવાના અનેક નુકસાન છે. પરંતુ અત્રે તેનું ગોશ્ત ખાવાના જાહેરી નુકસાનનું વર્ણન કરવામાં આવે છે.

ખુદાવંદે આલમે યહુદી કોમને સુવ્વરનું ગોશ્ત ખાવાની મનાઈ ફરમાવી છે અને મુસલમાનો માટે સુવ્વરને હરામ ગણવામાં આવ્યું છે. ઇસાઇઓ (ક્રિશ્ચન લોકો) આજે પણ સુવ્વરનું ગોશ્ત ખાય છે અને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે તે લોકો સુવ્વરના ગોશ્તને નુકશાનકારક સમજી ચૂકયા છે. તેમ છતાં સુવ્વરનું ગોશ્ત ખાવાનું બંધ કરતા નથી. આરોગ્ય શાસ્ત્રના નિષ્ણાંતો સુવ્વરના ગોશ્તથી કયા પ્રકારના નુકસાન થાય છે એ વાત સ્પષ્ટ રીતે સમજી ગયા છે અને આ દુનિયામાં એ નુકસાનથી બચવાનો ઇલાજ સુવ્વરનું ગોશ્ત ખાવાનું બંધ કરી દેવા સિવાય બીજો કોઈ નથી.

જે દેશમાં સુવ્વરનું ગોશ્ત વધારે પ્રમાણમાં ખાવામાં આવે ત્યાં મરડાની બીમારીનું પ્રમાણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. જયારે તેનાથી ઉલ્ટું ઇસ્લામી દેશોમાં સુવ્વરનું ગોશ્ત બિલ્કુલ ખાવામાં નથી આવતું ત્યાં એ બિમારીનું પ્રમાણ બિલ્કુલ નથી.

## સુવ્વરનું ગોશ્ત ખાવાથી અને થતા નુકસાનની વિગત :-

આંતરિક અને ચારિત્ર્યનું નુકસાન :-

તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ એ વાત સાબિત થઈ ચૂકી છે, ઇન્સાન જે પ્રાણીનું માંસ ખાય છે તેના અખ્લાક તે પ્રાણી જેવા થઈ જાય છે. દાખલા તરીકે, જો કોઈ ગાયનું ગોશ્ત ખાય

તો તેના શરીરમાં ગાય જેવા ગુણ અને શક્તિ ઉત્પન્ન થાય છે. જો કોઈ ઘેટાનું દૂધ પીવે અને તેનું ગોશ્ત ખાય તો તેના રહેમદિલી અને ઘેટા જેવા ગુણ પેદા થાય છે. તેવી જ રીતે સુવ્વરનું ગોશ્ત ખાનારમાં સુવ્વર જેવા ગુણ પેદા થાય છે. સુવ્વર બેશરમી નિર્લજજતા માટે વિખ્યાત છે. ખાસ કરીને તે પ્રાણીમાં (જાતીય) નિર્લજજતા જોવા મળે છે. સુવ્વર એવું પ્રાણી છે કે બીજા નર સુવ્વરને પોતે ઉપયોગ કરી હોય તેવી માદા સુવ્વર સાથે જાતીય સંબંધ બાંધવા માટે બોલાવે છે અને પોતાની માદા (સુવ્વર) સાથે બીજો નર સુવ્વર જાતીય આનંદ માણે તે જોઈને ખુશ થાય છે, એટલે કે, જાતીય

વિકૃતિના જેટલા બેશરમીના ગુણો છે તે બધા સુવ્વરમાં જોવા મળે છે.

યુરોપીયન લોકો સુવ્વરની આ બધી ખરાબીઓને જાણે છે, તેમ જ જયારે કોઈને બેશરમ હોવા અંગેના મેણા ટોણા મારવા હોય ત્યારે તેને સુવ્વર કહીને સંબોધે છે અને આ નામને તેઓ મોટી ગાળ સમજે છે. તેમ છતાં તેનું માંસ ખાવાનું છોડતા નથી. સુવ્વરના માંસનું બીજું નુકસાન એ છે કે સુવ્વર ગંદકી ખાય છે. સુવ્વર જયારે મળ ત્યાગ (પાયખાનું) કરે છે ત્યારે પોતાનું મળ ખાય જતું હોય છે. સુવ્વર બધી જ ગંદકી ખાઈ જતું હોય છે તેથી તેનું સમગ્ર અસ્તિત્વ ગંદુ છે.

આ એ કદરૂપું જાનવર છે તેને જોઈને ઇન્સાનને અણગમો થાય છે. આ અત્યંત ગંદુ અને ગંદકી ખાનાર જાનવર છે. જેનું ગોશ્ત ખાવાના નુકસાનથી મુર્ખ યૂરોપીયન લોકો માહિતગાર છે તેમ છતાં સુવ્વરને મોંઘા ભાવે ખરીદીને તેના આંતરડામાં લોહી અને ચરબી ભરીને શોખથી ખાતા હોય છે. જો કે ઘેટાનું ગોશ્ત સસ્તુ અને ફાયદાકારક હોય છે, તેમ છતાં તેનો કુદરતી ફાયદો મેળવવાને બદલે વધારે ખર્ચ કરીને નુકસાન અને બદબખ્તી ખરીદે છે. એ વાત વિખ્યાત છે, કે સુવ્વર શૈતાનનું કેન્દ્ર છે. આ વાત પશ્ચિમના લોકો પણ માને છે જે આ જાનવરના મુરીદ છે. તે મઝહબના લોકો

જયારે શૈતાનનો આકાર રજૂ કરે છે ત્યારે સુવ્વરના સ્વરૂપમાં રજૂ કરે છે. ઇન્જીલ બરનાબામાં આ હકીકતની સ્પષ્ટતા તેમના લખાણથી જોવા મળે છે. તેઓએ સુવ્વરને શૈતાનના કેન્દ્ર તરીકે ઉલ્લેખ કર્યો છે. અને સુવ્વરના શરીમાં શૈતાનની રૂહ હોવાનું કહેવાય છે. હાલમાં જે ઇન્જીલ (બાઈબલ) ઇસાઇઓ પાસે વિદ્યમાન છે તેમાં પણ આ વાતનું સમર્થન કરવામાં આવ્યું છે. 'મતી'માં તરક અને 'મરકસ'માં ૧૧ થી ૫ સુધી અને લૂકા માં ૨૮ થી ૨૯ સુધી હઝરત ઇસા એ શૈતાનને સુવ્વરના ગળામાં દાખલ કરવાનો તેને નદી તરફ મોકલવાનું વિવરણ કરવામાં આવ્યું છે. આમ

આંતરિક રીતે ઇસાઇઓ પણ સુવ્વરનું ગોશ્ત ખાવાની ખરાબીને જાણે છે. તેમ છતાં સુવ્વરનું ગોશ્ત ખાવનું બંધ કરતા નથી.

### શારીરિક નુકસાન

સુવ્વરનું ગોશ્ત ખાવાથી ઘણાં શારીરિક નુકસાન થાય છે. જેમાંના મુખ્ય નુકસાન બે છે : (૧) ટ્રીકીન, જે સુવ્વરના ગોશ્તના ટ્રાઈકીનોસ નામના કીડાથી પૈદા થાય છે અને (૨) બીજી કરમ કદદૃ નામની બીમારી થાય છે, જેની વિગત નીચે પ્રમાણે છે.

### ટ્રીકીન :

ટ્રીકીન નામના જીવાણું સુવ્વરના ગોશ્તમાં સ્થાન જમાવી દે છે. ટ્રીકીનનું નર

જીવાણું એકથી દોઢ મીલી મીટર લાંબુ હોય છે અને તેના માદા જીવાણુંની લંબાઈ ૩ મીલી લિટરની હોય છે. આ જીવાણું એક મહીનામાં દસ થી પંદર હજારની સંખ્યામાં ઈંડા મૂકે છે. ફકત સુવ્વરનું ગોશ્ત ખાવાને કારણે ટ્રીકીનના જંતુઓ માનવ શરીરમાં પ્રવેશી જાય છે. અને પ્રારંભમાં લોહીના લાલ કણો (રકતકણો) વધી જાય છે અને ત્યાર પછી રકતકણો નાશ પામવા લાગે છે. અને એ વાત એટલી આગળ વધે છે કે રકતકણોની સંખ્યા એકદમ ઘટી જાય છે અને તેના કારણે માનવ શરીરમાંથી લોહીનું પ્રમાણ એકદમ ઘટી જાય છે અને તે હાલતમાં કયારેક

તો ઇન્સાન મોતના મુખમાં પણ ધકેલાઈ જાય છે.

જયારે આ ટ્રીકીન નામના જીવાણું હોજરીમાં દાખલ થાય છે ત્યારે હોજરીમાં રહેલું પ્રવાહી પણ તેનાથી પ્રભાવિત થાય છે. અને તેના લીધે હોજરીની મજબૂત દિવાલો તુટી જાય છે. અને તે જીવાણુંઓની સંખ્યામાં ઉત્તરો ઉત્તર વધારો થતો જાય છે. અને તે જીવાણુંઓ હોજરી અને લોહી દ્વારા આખા શરીરમાં પરિભ્રમણ કરવા માંડે છે.

ઉપરની જણાવેલ પ્રક્રિયાની સૌથી પહેલી અસર એ થાય છે, કે (સુવ્વરનું ગોશ્ત ખાનાર) દર્દીને ચકકર આવવા લાગે છે અને

તેને એક ખાસ પ્રકારનો તાવ આવે છે. આ તાવની અસર શરીરની પાચન શક્તિ ઉપર થાય છે અને દર્દીને ઝાડા (ડાએરીયા) થઈ જાય છે. આ તાવ પ્રારંભમાં ઓછો હોય છે પરંતુ ધીમે ધીમે વધતો જાય છે અને છેવટે તાવ ઉતરતો નથી.

આ ઉપરાંત બીજી બીમારીઓ, જેમકે શરીરના સ્નાયુઓમાં ખેંચાણ થવું, આખા શરીરમાં ખૂજલી થવી (ચળ આવવી), આખા શરીરમાં સુસ્તી રહેવી, થાક લાગવો, શરીરમાં અશકિતને કારણે દર્દ રહેવું અને આ બધી નિશાનીઓ પછી ચાર પાંચ દિવસમાં જ તે દર્દી મૌતને શરણે થઈ જાય છે.

આ સિવાયની બીજી બિમારીના ચિન્હો દર્દીને ચાવવા, ગળવા અને શ્વાસમાં લેવામાં પડતી તકલીફથી વ્યકત થાય છે અને આ સિવાયના બીજા ચિન્હોથી પણ તેવા દર્દીને મોત આવી જવાની શકયતા રહે છે. કારણ કે અગાઉ ઉલ્લેખ થઈ ગયો તે જીવાણુંઓ તેના પ્રવેશ પછીના ત્રીજા સપ્તાહમાં સ્નાયુઓ ઉપર હુમલો કરવાનું શરૂ રી દે છે. અને તે હુમલો સાતમા સપ્તાહમાં તો તેની પરાકાષ્ઠએ પહોંચી જાય છે ત્યારે રોગની શક્તિ પ્રબળ બની જાય છે અને તે દર્દીનો ભોગ લઈ લે છે.

ટ્રીકીન નામના જીવાણુંઓથી જે રોગ ઉત્પન્ન થાય છે તે ટ્રીકીનોઝ નામથી મશહુર છે.

જે દેશોમાં સુવ્વરનું ગોશ્ત વધારે પ્રમાણમાં ખવાય છે. ત્યાં આ રોગ વધારે હોય છે અને જે ઇસ્લામી દેશોમાં સુવ્વરનું ગોશ્ત ખાવું હરામ ગણાય છે (અને તે ગોશ્ત વેચવા અને ખાવા ઉપર પ્રતિબંધ છે) ત્યાં આ રોગનું બિલ્કુલ નામોનિશાન નથી. એક વખત ટ્રીકીન જીવાણું હોજરીમાં પ્રવેશી જાય પછી કોઈ પણ જીવાણુંનાશક દવા તેનો નાશ કરી (મારી) શકતી નથી. જયારે નવજાત ટ્રીકીન સ્નાયુમાં સ્થાન મેળવી લે તે પછી તેનો કોઈપણ ઇલાજ રહેતો નથી. અને તે જિવાણુંઓ દર્દી માટે જીવલેણ નીવડે છે.

આ દર્દના ખતરનાક હોવાની સાબિતી માટે એટલું કહેવું પુરતું છે કે સુવ્વરના એક કીલો ગોશ્તમાં ચારસો (૪૦૦) મીલીયન (એક મીલીયન એટલે દસ લાખ) નવજાત ટ્રીકીન હોવાની સંભાવના હોય છે.

## મરડાની બીમારી :

સુવ્વરનું ગોશ્ત ખાવાને કારણે માણસને ખતરનાક બીમારીઓ થઈ શકે છે. આ બીમારીઓમાં એક બીમારીનું નામ મરડાની બીમારી છે. જેનો પ્રારંભ કરમ કદદુ નામના જીવાણુંથી થાય છે. એ જીવાણુંનું શરીર એક માથાનું બનેલું હોય છે. એ જીવાણુંના બે સાંકળના આકારના વર્તુળના બીજા ચાર

તાંતણા ફેલાએલા હોય છે જેનાથી તે જીવાણું માણસની હોજરીમાંની દિવાલ સાથે ચોંટી જાય છે. ત્યાર પછી તે જીવાણું તેના વર્તુળની ચારે બાજુ ફેલાઈ જાય છે અને કયારેક તો તે વર્તુળનો આકાર કેટલાએ મીટર લાંબો થઈ જાય છે. તે જીવાણુંના માથાનો ભાગ નાનો હોય છે. અને તે ભાગ માથાથી જેમ જેમ દૂર થતો જાય છે તેમ તેમ કડક બનતો જાય છે અને હંમેશા તેના નવા વર્તૂળ અને માથા બનતા જાય છે અને વર્તૂળની વચ્ચે કીડાની લંબાઈ વધતી જાય છે. અને સાથે સાથે કીડાનો અંતિમ ભાગ તેના ઈંડાઓથી ભરાઈ જાય છે અને તે ભાગ જુદો થઈને અલગ પડી જાય છે. તે કીડાના

દરેક વર્તૂળમાં બે નર અને માદા હોય છે તેથી તેની પ્રજોત્પત્તિ પણ ચાલુ રહે છે. સુવ્વરના શરીરના એ કીડાઓ જે તેના પાયખાના (મળ) માંથી બહાર નિકળે છે તેને પણ સુવ્વર ખાય જાય છે અને ફરીથી તે જીવાણુંઓ સુવ્વરના પેટમાં પ્રવેશી જાય છે. અને ફરીથી એ ઈંડા પ્રજનન શરૂ કરી દે છે. જો એ સુવ્વરનું ગોશ્ત ખાવામાં આવે તો (સુવ્વરના ગોશ્તમાં જંતુ ન હોય તેવું ભાગ્યે જ બને છે) એ કીડા માનવના આંતરડામાં પ્રવેશી જાય છે અને પછી તેનો વિકાસ થાય છે અને તેના બીજા જંતુઓ બની જાય છે. જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. આનાથી ઉલ્ટું કરમ કદદુ એકથી વધારે

સંખ્યામાં હોતા થી. પરંતુ એવા કેટલા કીડા માનવ શરીરમાં પ્રવેશી જાય તે કોઈ કહી શકતું નથી. કરમ કદદુ માનવ શરીરમાં પ્રવેશી જાય પછી બીજી ઘણી બિમારીઓ માટે કારણરૂપ બને છે. તબીબી વિજ્ઞાનના નિષ્ણાંતોના મત મુજબ એ બધી બિમારીઓથી બચવાનો એકમાત્ર ઉપાય સુવ્વરનું ગોશ્ત ન ખાવું તે છે.

જે દેશોમાં સુવ્વરનું ગોશ્ત વધારે ખવાય છે તે દેશોમાં મરડાની બીમારીનું પ્રમાણ વધારે હોય છે. સુવ્વરનું ગોશ્ત ખાવાથી ઉપર ઉલ્લેખ થએલી બીમારીઓ થવા ઉપરાંત તે પાચન શક્તિ માટે સખત હોય છે અને તે ખાવાથી હોજરીને ખૂબ જ તકલીફ થાય છે.

મોટા ભાગના લોકોના શરીરમાં સુવ્વરનું ગોશ્ત ખાવાને લીધે ઝેર ઉત્પન્ન થાય છે. જેને વ્યવહારિક ભાષામાં ‘બૂતલીસ્યામ’ કહેવામાં આવે છે.

ખરેખર, એ લોકોની હાલત જોઈને ખૂબ જ અફસોસ થાય છે કે જેઓ વ્યવહારિક અનુભવો ઉપરથી સુવ્વરનું ગોશ્ત ખાવાના નુકસાન સમજી ચુકયા છે તેમ છતાં તેનાથી પરહેઝ કરતા નથી. આ વિષયમાં ઇસ્લામની અઝમત સ્વીકારવી જોઈએ કે તેરસો વર્ષ (૧૩૦૦ વર્ષ) પહેલા જયારે દુનિયા આ પ્રશ્નોથી અજાણ અને દૂર હતી ત્યારે સુવ્વરના

ગોશ્તથી થતા નુકસાનને લક્ષમાં લઈને તે ખાવાનું હરામ કરી દીધું હતું.

તેવી જ રીતે દીને ઇસ્લામે કૂતરાને પણ નજીસુલ અય્ન પ્રાણી ગણાવ્યું છે અને કૂતરાને ઘરમાં રાખવાની મનાઈ ફરમાવી છે. એ હકીકત પણ સાબિત થઈ ચૂકી છે કે કૂતરાથી ઘણી બીમારીઓ (અને તેના જંતુઓ) નો ચેપ ઇન્સાનોને લાગે છે. જેમકે ખૂજલી, માથામાં ટાલ પડી જવી અને બીજા રોગો જે જીવાણુંઓની અસરને લીધે પેદા થાય છે જેમાં સૌથી મોટો રોગ કરમ કદદુ સુગ નામનો છે. કૂતરાના શરીરમાંથી માણસના શરીરમાં કેટલીએ જૂ

પ્રવેશી જતી હોય છે. તેમ જ ફેફસાનો રોગ વગેરે કૂતરાથી ફેલાઈ છે.

આ બધા રોગનો ઉલ્લેખ મજકુર કિતાબમાં કરવામાં આવ્યો છે. તેમ જ એ પણ લખ્યું છે કે એ વાત પણ સાબિત થઈ ચૂકી છે જે વાસણ કૂતરો ચાટી જાય અને તેના પરિણામે જે જીવાણું તે વાસણમાં લાગી જાય છે તે માટી સિવાય બીજી કોઈ વસ્તુથી દૂર થઈ શકતા નથી. તેથી, ઇસ્લામમાં કૂતરાના ચાટવાથી નજિસ થએલા વાસણને માટીથી માંજી (ઘસી)ને પાક કરવાનો હુકમ આપ્યો છે.

# છત્રીસમો ગુનોહ

# ઈરાદા પૂર્વક નમાઝ ન પડવી

# (તારેકુસ્સલાત અમદન)

કબાએરે મન્સૂસહ પૈકી છત્રીસમો ગુનોહ ઈરાદાપૂર્વક નમાઝ ન પડવી તે છે. હઝરત અબ્દુલ અઝીમના સહીફામાં ઈમામ મોહમ્મદ તકી (અલય્હિસ્સલામ), ઈમામ અલી રઝા (અલય્હિસ્સલામ), ઈમામ મૂસા કાઝીમ (અલય્હિસ્સલામ) અને ઈમામ જાફર સાદિકે (અલય્હિસ્સલામ) આ કાર્ય ગુનાહે કબીરા હોવાનું સમર્થન કર્યું છે. તેવી જ રીતે, હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) પણ તે

કામને ગુનાહે કબીરા હોવાની સ્પષ્ટતા કરી છે. આમ, જો કોઈ માણસ તેનો (નમાઝ વાજિબ હોવાનો) ઈન્કાર કરીને નમાઝ ન પડે તો તે કાફિર અને દીને ઈસ્લામની બહાર થઈ ગએલો ગણાય છે. કારણ કે, નમાઝ નો ઈન્કાર, રીસાલત અને કુરઆને મજીદનો સ્વીકાર ન કરવા સમાન છે. અને તેવો માણસ કાફર છે અને જો કોઈ નમાઝ વાજિબ હોવાનો ઈન્કાર તો ન કરે, કુરઆને પાક અને ખાતેમુલ અંબિયા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની રીસાલતને સત્ય સમજે અને નમાઝ ખુદાવંદે આલમ તરફથી વાજિબ કરવામાં આવી છે તેવો અકીદો પણ રાખતો હોય; પરંતુ સુસ્તી અને

લાપરવાહીને કારણે નમાઝ ન પડતો હોય તો તેવો માણસ ફાસિક છે.

ઉપરની વિગતના પહેલા પ્રકારમાં જણાવેલ બાબત વિષે, એટલે કે નમાઝનો બિલકુલ ઈન્કાર કરનાર (નમાઝ ન પડનાર) વિષે ઘણી રિવાયતો વારીદ થઈ છે અને તે બધી રિવાયતોનો વિષય એક છે. (લોઆલીયુલ અખ્બાર, પાના નંબર ૩૯૪, સલાતુલ વસાઈલ).

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "એક માણસ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે, 'મને

કંઈક વસિયત ફરમાવો.' ત્યારે, આં હઝરતે (અલય્હિસ્સલામ) એ ફરમાવ્યું કે, નમાઝને જાણી જોઈને ન છોડો. કારણ કે, જે કોઈ જાણી જોઈને (ઈરાદાપૂર્વક) નમાઝ પડવાનું છોડી દે છે, તો તે મિલ્લતે ઈસ્લામમાંથી બહાર નીકળી જાય છે." (સલાત, વસાએલુશ્શિઆ, ભાગ -3, પાના નંબર - ૨૯).

હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે, "ઈરાદા પૂર્વક નમાઝ ન પડવી અથવા નમાઝને હલકી અને હકીર સમજવી એ બાબત મુસલમાનને કાફર બનાવી દે છે." (વસાએલુશ્શિઆ, ભાગ - 3, પાના નંબર - ૨૯).

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ પ્રમાણે ફરમાવ્યું, “નમાઝ છોડી દેવા સિવાય (નું બીજું કોઈ કામ ) ઈમાન અને કુફ્ર વચ્ચે કોઈ અંતર ધરાવતું નથી.” (વસાએલુશ્શિઆ, ભાગ - ૩, પાના નંબર - ૨૯)

અલ્લામા મજલીસી (ર.) કાફીમાં ફરમાવે છે કે, એ રિવાયતોમાંથી અમુક એ વાતની દલીલ છે, કે તમામ વાજિબાતો અથવા તો તેમાંથી અમુક ને ઈરાદા પૂર્વક છોડી દેવી કુફ્ર છે અને તે કાર્ય કુફ્રના અર્થમાંથી છે, જેના વિષે આયતો અને રિવાયતો વારિદ થઈ છે. રિવાયતમાં છે કે, ઈરાદાપૂર્વક નમાઝ ન

પડનાર કાફર છે. ઝકાત ન આપનાર કાફર છે અને હજ ન કરનાર કાફર છે.

આ કારણોસર રિવાયતોમાં છે કે, ખાસ કરીને વાજિબાતને છોડવાને ગુનાહે કબીરાનો ભાગ ગણવામાં આવેલ નથી. કદાચ, એનું કારણ એ (હોય શકે) છે કે હરામ કામ કરવા માટે ઈન્સાન ઉપર મોટે ભાગે શહવત (કામ વાસના) છવાઈ જાય છે અને તેના કારણે માણસ ગુનાહ કરવા માટે ઉશ્કેરાઈ જાય છે.જેમક, ઝિના કરવાનો ગુનાહ. આ ઉપરાંત ઈન્સાનને ગુસ્સો આવે ત્યારે તે ઝુલ્મ કરવા, અપશબ્દો બોલવા કે કતલ કરવા જેવા નિષ્ઠુર કૃત્ય કરવા તૈયાર થઈ જાય છે. વાજિબાત

છોડવામાં, જેમ કે નમાઝ ન પડવી એ શહવત અથવા ગુસ્સાનું કારણ હોતું નથી અને તેવા કોઈ કારણથી માણસ નમાઝ પડવી છોડી દે તેવું બનતું નથી. દીની હુકમોને હલકા અને હકીર સમજવા અને સુસ્તી દાખવવી એ નમાઝ ન પડવા પાછળના મુખ્ય કારણ છે. આજ કારણસર વાજિબાત છોડી દેવી ખુદાવંદે આલમ સાથેનું કુફ્ર કરવું ગણાય છે. નમાઝ ન પડવાને છોડી દેવામાં દીનને અહેમીયત ન આપવાની બાબત સ્પષ્ટ રીતે વ્યકત થાય છે. ખાસ કરીને, આ હદીસમાં નમાઝ છોડી દેવાને કુફ્ર ગણવામાં આવેલ છે. કારણ કે, ઝકાત આપવાનું કે હજ કરવાનું છોડી દેવા પાછળનું કારણ સામાન્ય

રીતે માલની લાલચ હોય છે. રોઝા ન રાખવા માટે પેટની ભૂખ અંતરાયરૂપ બનતી હોય છે; પરંતુ નમાઝ ન પડવા પાછળનું કારણ દીનને હલકો સમજવા સિવાય બીજુ કંઈ હોતું નથી.

સદક (અ.ર.) ‘અલલુશ્શરાએઅ’માં લખે છે કે, ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું : “બે નમાઝીને કાફર કહેવાય છે, જયારે ઝીનાકાર અને શરાબીને કાફર શા માટે કહેવામાં નથી આવતા ?” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “ઝીના વગેરે શહવત (કામ વાસના, ઉત્તેજના) વગેરેને કારણે કરવામાં આવે છે. પરંતુ નમાઝને હકીર સમજીને પડવામાં નથી

આવતી. ઝીનાકારને ઝિના કરવાથી લઝઝત મળતી હોય છે અને તેવી લઝઝત મેળવવા માટે જ તે ઝિના કરતો હોય છે; પરંતુ નમાઝ નહીં પડનારને, નમાઝ નહીં પડવાના કારણે કોઈ લઝઝત મળતી નથી.”

આ હદીસથી સ્પષ્ટ થાય છે, કે જો દીનને હલકો સમજીને વાજિબાત બજાવવાનું છોડી દેવામાં આવે તો તે કુફ્ર છે. હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “નમાઝને હકીર (હલકી) સમજનારા અમારામાંથી નથી.”

બીજી હદીસમાં છે કે, “નમાઝને હલકી સમજનારને અમારી શફાઅત પ્રાપ્ત નહીં થાયફ

કેફી ફ્વ્યોનો ઉપયોગ કરનાર અમારામાંથી નથી. ખુદાની કસમ, જે કોઈ શરાબ પીતો હોય તે હૌઝે કૌસર ઉપર આવી નહીં શકે.” (ફરોગે કાફી, ભાગ - 3 પાના ના. ૨૭૧)

ઈમામ જાફર સાદીકે (અલય્હિસ્સલામ) તેમના અંતિમ સમયે ફરમાવ્યું, હઝરત અબુલ હસન મૂસા બિન જાફરથી રિવાયત છે કે, મારા વાલીદે બુઝુર્ગવારે તેમના અંતિમ સમયે મને ફરમાવ્યું : “નમાઝને હલકી સમજનારને અમો અહલેબૈત (અલય્હિસ્સલામ)ની શફાઅત પ્રાપ્ત નહીં થાય.” (ફરોગે કાફી, ભાગ - 3, પાના ન. ૨૪૧ )

## કેટલાક બુધ્ધિહીન લોકોની ગેરસમજણ :

કેટલાક બેનમાઝીઓને નમાઝ પડવાની નસીહત કરવામાં આવે છે અને તેઓને પૂછવામાં આવે છે કે તમે નમાઝ શા માટે નથી પડતા ? ત્યારે તેઓ જવાબમાં એમ કહેતા હોય છે કે, અલ્લાહ તઆલા અમારી નમાઝ અને રોઝાનો મોહતાજે નથી. વાસ્તવમાં આવો જવાબ આપનારની આ એક શેતાની વિચારસરણી છે. એટલે કે, નમાઝનો ઈન્કાર કરવો એ પરવરદિગારે આલમની બેનીયાઝી નથી પરંતુ તે લોકોની અજ્ઞાનતાનું કારણ છે. હકીકત તો એ છે, કે તેવાં લોકો પોતાને પરવદિગારે આલમના બંદા અને મોહતાજ

સમજતા નથી. આ ઉપરાંત, પોતાને અલ્લાહના અહેસાન અને નેઅમતોથી ઘેરાએલા સમજતા નથી અને તેથી જ તેણે શુક્રગુઝારી અને વઝીફએ બંદગી (અલ્લાહની બંદગીનો હક અદા) કરવાનું છોડી દીધું હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો તેવો માણસ નમાઝનો ઈન્કાર કરે તેની પાછળના કારણોમાં કઠોર હ્રદય, ઝૂલ્મ અને અતિરેક તેમ જ હઠધર્મી છે. ખુદાવંદે આલમના અદ્લનો તકાઝો એ છે કે, દરેક વસ્તુઓને તેના નિયત સ્થાને રાખો. તેથી, જે નફસ ગંદા, પત્થર તથા લોખંડ કરતા સખ્ત હોય તેને ખુદાવંદે આલમ જહન્નમમાં સ્થાન આપશે અને તેનાથી ઉલ્ટું કુરઆનની આયતો

અને રિવાયતોથી જાણવા મળે છે તે મુજબ નેક અને સાલેહ વ્યકિતઓ જે તેના પરવરદિગારથી ડરે છે તેને પરવરદિગાર દારેસ્સલામમાં સ્થાન આપશે.

## કુરઆને મજીદમાં અઝાબનો વાયદો :

ઈરાદાપૂર્વક નમાઝ ન પડવી, એ એવો ગુનાહે કબીરા છે જે વિષે કુર્આને મજીદમાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે, ખુદાવંદે આલમ સુરએ મુદ્દસ્સીરમાં ફરમાવે છે : "જન્નતી લોકો જહન્નમીઓને (ગુનેહગારોના સંબંધમાં (અને) ખુદ ગુનેહગારોને પણ) પૂછી રહ્યા હશે કે તમને કઈ બાબત જહન્નમમાં ધસડી લાવી ? ત્યારે, તે લોકો કહેશે કે અમે ન તો નમાઝ

પડતા હતા અને ન તો મોહતાજોને (નિરાધારોને) ખાણું ખવડાવતા હતા. (વાજિબ સદકાત અદા કરતા ન હતા) અને બાતિલ લોકો સાથે અમે પણ ખરાબ કામમાં ફસાઈ ગયા હતા. (નિરર્થક બકવાસ કરતા હતા તેમની સાથે અમે પણ નિરર્થક બકવાસ કરતા હતા.) અને અમે બદલાના દિવસને જુઠલાવતા હતા.* (સુરએ મુદ્દસ્સીર - ૭૪, આ : ૪૦ - ૪૬)

સુરએ કયામતમાં ખુદાવંદે આલમ ફરમાવે છે : "કાફિર લોકો એવું ગુમાન કરે છે કે તેમને ફરીથી ઉઠાડવામાં (પુનઃજીવિત કરવામાં) નહીં આવે અને તેથી જ તેઓ પયગમ્બરનું સમર્થન કરતા નથી કે કયાંક તેઓ ઉપર

જવાબદારી આવી ન પડે. (અથવા તો વાજિબ સદકાત અદા નથી કરતા અને બંદગી અને ઈબાદતની જગ્યાઓ તરફ આગળ વધતા નથી) અને ન તો નમાઝ ગુઝાર બને છે પરંતુ ખુદાને જુઠલાવે છે, અને હક પરસ્તોથી મુખ ફેરવી લે છે અને ગુરૂર અને તકબ્બુરની હાલતમાં પોતાના ઘરની (બાલ બચ્ચા) તરફ અકડાઈને ચાલે છે.” (સુરએ કયામત - ૭૫, આ : ૩૧ - ૩૨ )

ઉપરની આયતોમાં કયામતનો ઈન્કાર કરનારાઓ અને કાફીરોની ખરાબ સિફતો પૈકી કેટલીક સિફતોનું વર્ણન કરવામા આવ્યું છે જે નીચે મુજબ છે :

(૧) પયમ્બરોનું સમર્થન કરતા નથી અને એક માત્ર ખુદા હોવાની વાતને સ્વીકારતા નથી.

(૨) નમાઝ એ ઈમાનના પાયાની નિશાનીઓમાંથી એક નિશાની છે અને નમાઝ ન પડવી એ કુફ્ર છે, તેમ છતાં નમાઝ પડતા નથી.

(૩) પયગમ્બરો ઉપર જુઠ બોલવાનો આક્ષેપ કરે છે.

**હક્ક વાતથી મુખ ફેરવી લે છે :**

ભયના સ્થાન અને તેવા માણસોની હલાકતની ખબર આપ્યા પછી ફરમાવે છે : અવ્લા - લક - ફ - અવ્લા. તફસીર કર્તાઓ પૈકી અમુકનું કહેવું છે કે, આ શબ્દોનો અર્થ 'વય્લુલ લક' છે અને આ વાતનું ચાર વખત

પુનરાવર્તન એ વાતની તાકીદ માટેછે અથવા તો ચાર વખત ઈશારો કરવાનો અર્થ હલાકત છે. એટલે કે, (૧) દુનિયામા હલાકત (૨) કબ્રમાં અઝાબ (૩) કયામતમાં ડર અને (૪) હંમેશા માટે દોઝખમાં રહેવું.

ખુદાવંદે આલમ સુરએ માઉનમાં ફરમાવે છે : "(અફસોસ છે તે નમાઝીઓ માટે) એ નમાઝીઓની ગવાહી (નાશ) છે, જેઓ પોતાની નમાઝથી ગાફીલ (બેદરકાર) રહે છે અને દેખાડવા માટે કરે છે. (નમાઝ પડે છે)" (સુરએ માઉન - ૧૦૭, આ : ૪ - ૬ )

એટલે કે, તેવા માણસોને નમાઝનો સવાબ મળવા વિષેનો એઅતેકાદ હોતો નથી

અને નમાઝ ન પડવાથી થતા અઝાબથી તેવા લોકો ડરતા નથી હોતા અને તેઓ જાહેરમાં તો નમાઝ પડતા હોય છે, જેથી તેઓને મુસલમાનોથી હાનિ ન પહોંચે. પરંતુ તેવા લોકો એકાંતમાં નમાઝ અદા નથી કરતા અને હકદારોને ઝકાત નથી આપતા.

નમાઝમાં ગફલત કરનારા માટે ‘વય્લુન’ (સખ્ત અઝાબ) છે. નમાઝ દીનનો સ્તંભ છે અને ઈસ્લામ તથા કુફ્રની વચ્ચે સરહદ છે. વય્લુન એ જહન્નમના તબક્કાઓ પૈકીના એક તબક્કાનું નામ છે અથવા તેમાં મૌજૂદ એક કૂવાનું નામ છે અથવા અઝાબ માટેનો શબ્દ છે. ‘વય્લુન’ના ‘લામ’ ઉપરની તન્વીન (બે પેશ)

તેની વિશિષ્ટતા વ્યકત કરે છે, જેનો અર્થ મોટો અઝાબ એવો થાય છે. સુરએ મરીયમમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : “પછી તેઓ (પયગમ્બરો) પછી કેટલાક અયોગ્ય લોકો તેના જાનશીન (વારસદાર) થયા જેઓએ નમાઝને નકામી કરી નાખી અને પોતાની નફસાની ખ્વાહીશોના ચેલાં બની ગયા. નજદીકમાં તેવા લોકો ગયમાં પહોંચશે.” (સુરએ મરીયમ - ૧૯, આ : ૫૯ ). ‘ગય’ જહન્નમની એક ખીણ છે, જયાં જહન્નમના બીજા તબકકાઓ કરતા વધારે સખ્ત અઝાબ છે અને જહન્નમવાસીઓ એ ‘ગય’ નામની ખીણના અઝાબથી ખુદાની પનાહ માંગે છે. ઈબ્ને અબ્બાસથી મનકુલ છે કે, તે ખીણમાં

એક એવો સાંપ છે જેની લંબાઈ ૬૦ (સાંઈઠ) વરસને પહોળાઈ ૩૦ (ત્રીસ) વરસના અંતર જેટલી છે અને જયારથી તે સાંપને પેદા કરવામાં આવ્યો ત્યારથી તે બેનમાઝી અને શરાબીઓને ગળી જવા માટે જ પોતાનું મુખ ખોલે છે. અલ્લાહ તઆલા સુરએ રૂમમાં ફરમાવે છે :

"(નમાઝ પાબંદી સાથે પડો અને મુશ્રીકો માંહેના ન થઈ જાઓ." (સુરએ રૂમ - ૩૦, આ : ૩૧ )

ઉપરોકત આયતમાં એ બાબત પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે કે, નમાઝ ન પડનારને બૂતપરસ્ત અને મુશ્રીક સમાન

ગણવામાં આવ્યો છે. કુર્આને મજીદમાં નમાઝની અહેમીયત વિષેની ઘણી આયતો છે. પરંતુ અત્રે જે આયતો પ્રસ્તુત કરવામાં આવી છે તે પૂરતી છે.

નમાઝ ન પડનાર માટે દુનિયા અને આખેરતના પરિણામ :

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “નમાઝને હલકી સમજનાર અને નમાઝ અદા કરવામાં સુસ્તી કરનારને ખુદાએ અઝઝ વ જલ્લ પંદર બલાઓમાં ફસાવે છે. (જેમાંથી) છ દુનિયાને લગતી છે, ત્રણ સકરાત (અંતિમ સમય)ને લગતી છે, ત્રણ બલા કબ્રમાં અને ત્રણ

કયામતના દિવસે એટલે કે કબ્રમાંથી બહાર આવશે તે દિવસ સાથે સંબંધિત છે.”

## દુનિયાને લગતી છ બલાઓ :

(૧) ખુદાવંદે આલમ તેનું આયુષ્ય ઘટાડી દે છે.

(૨) તેની રોઝી (આજીવિકા) પૂરી કરી નાખે છે.

(૩) તેના ચહેરા ઉપરથી નેક લોકોની નિશાની ચાલી જાય છે.

(૪) બેનમાઝી જે કંઈ નેક કામ કરશે તે કબૂલ નહી થાય અને તેનો કોઈ બદલો નહીં મળે.

(૫) તેની દુવા કબૂલ નહીં થાય.

(૬) નેક લોકોની દુવાઓથી તેને કોઈ ફાયદો નહીં પહોંચે.

## મોત (સકરાત)ને વખતે આવતી ત્રણ બલાઓ :

(૧) ઝીલ્લત અને ખ્વાર (અપમાનિત અને તિરસ્કૃત) થઈને મરશે.

(૨) ભૂખ્યો મરશે.

(૩) એટલી બધી તીવ્ર તરસ (પ્યાસ)થી મરશે કે દુનિયાની બધી જ નહેરોનું પાણી પણ તેને તૃપ્ત નહીં કરી શકે.

## કબ્રમાં આવતી ત્રણ બલાઓ :

(૧) તેના માટે કબ્રમાં એક ફરિશ્તો નીમવામાં આવશે જે ફિશારે કબ્ર (કબ્રમાં થતી ભીંસ) અને સરઝનીશ (ઠપકો આપતા) રહેશે.

(૨) તેની કબ્ર તેના માટે સાંકડી કરી દેવાશે.

(૩) તેની કબ્ર અંધારી અને ભયંકર બની જશે.

## કયામતના દિવસની ત્રણ બલાઓ :

(૧) કયામતના દિવસે ફરિશ્તા તેને હિસાબ માટે એટલો બધો ખેંચીને લઈ જશે કે લોકો તેને જોઈ રહ્યા હશે.

(૨) તેનો હિસાબ સખત રીતે લેવામાં આવશે.

(૩) ખુદાવંદે આલમ તેની ઉપર રહેમતની નજર નહીં કરે, તેને પાકીઝા નહીં કરે અને તેના માટે દર્દનાક અઝાબ હશે.

## નમાઝ સૌથી ઉચ્ચ વાજિબાતે ઈલાહી

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "કયામતમાં ઈન્સાનને સૌથી પહેલા જે બાબત વિષે પૂછપરછ કરવામાં આવશે તે વિષય નમાઝ છે. જો તે (નમાઝ) કબૂલ થઈ ગઈ તો બીજા બધા આમાલ કબૂલ થશે અને જો નમાઝ રદ થઈ ગઈ તો બીજા બધા અમલ પણ રદ થઈ જશે." (બેહારૂલ અનવાર - ભાગ ૧૮, પાના નંબર ૫૩)

મોઆવીયા ઈબ્ને વહબે ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછયું, “એવો કયો શ્રેષ્ઠ અમલ છે જેના કારણે ઈન્સાન પોતાના રબથી નજદીક થઈ શકે ?” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “(હું) ખુદા, નબી અને માઅરેફત પછી નમાઝથી અફઝલ અમલ બીજો કોઈ નથી જાણતો. શું તમે નથી જાણતા કે ખુદાના સાલેહ બંદા હઝરત ઈસા (અલય્હિસ્સલામ) એ ફરમાવ્યું કે ‘હું જયાં સુધી જીવતો છું ત્યાં સુધી ખુદાવંદે આલમે મને નમાઝ પડવા અને ઝકાત આપવાનો હુકમ આપ્યો છે.” હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ‘અફઝલ

અમલ' વિષે પૂછવામાં આવ્યું ત્યારે આપ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, "તમામ અમલમાં સૌથી બહેતર અમલ એવી નમાઝ છે, જે અવ્વલે વકત (નમાઝનો સમય થવાનો પ્રારંભનો સમય)માં અદા કરવામાં આવે." (કુરૂએ કાફી, ભાગ - ૩, પાના નંબર ૨૬૪).

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "નમાઝ દીનનો સુતૂન (સ્તંભ) છે. નમાઝ ખય્મા (તંબુ)ની વચ્ચેના થાંભલા જેવી છે, જયાં સુધી તે સ્થિર હોય છે ત્યાં સુધી ખય્માની દોરીઓ અને ખીલાઓ ટકી રહે છે અને જયારે તે

થાંભલાઓ અસ્થિર થઈ જાય તો તૂટી જાય ત્યારે ખીલાઓ અને દોરીઓ પણ પોતાની જગ્યાએથી ઉખડી જાય છે અને ખય્મો પડી જાય છે.” (બેહારૂલ અનવાર, ભાગ ૧૮, ફઝલુસ સલાતના પ્રકરણમાં પાના નંબર ૯, નવી આવૃતિ ભાગ - ૮૩, પાના નંબર - ૮૨ ).

તેવી જ રીતે, ઈમાન અને ઈબાદત નમાઝ સાથે સંબંધિત છે. જો તે (નમાઝ) છોડવામાં આવે તો બધા જ આમાલ નિરર્થક થઈ જાય છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) આ આયત “જે કોઈ ઈમાન લાવ્યા પછી કાફર થઈ જાય તેનો અમલ

બાતિલ છે.” ના વિવરણમાં ફરમાવે છે કે, “આ આયત કોઈ બીમારી કે મુસીબત વગર (ઈરાદાપૂર્વક) નમાઝ છોડી દેવા વિષેની છે. એટલે કે, એવી બીમારી ને મુસીબત, જે (નમાઝ ને) ભૂલાવી દેવા માટે કારણરૂપ બને.” (બેહારૂલ અનવાર, ભાગ - ૧૮, નવી આવૃત્તિ,ભાગ - ૮૨)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “દીને ઈસ્લામનો પાયો પાંચ બાબતો ઉપર રાખવામાં આવ્યો છે. નમાઝ, ઝકાત, હજ, રોઝા, અને વિલાયત” (બેહારૂલ અનવાર, ભાગ -૧૧૧,

છેલ્લુ પ્રકરણ, ફઝીલુસસલાત વ એકાબો તારેકેહા, પાના નંબર ૧૪).

ઝરારાહે પૂછયું કે, “આ (બાબતો)માંથી કઈ બાબત અફઝલ છે ?” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “વિલાયત. કારણ કે, વિલાયતે આલે મોહમ્મદ (અલય્હિસ્સલામ) બાકીની બાબતોની ચાવી સમાન છે અને વિલાયત પછી નમાઝ સૌથી અફઝલ છે. કારણ કે, હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે, **અસ્સલાતો અમુદો દીનેકુમ**. નમાઝ તમારા માટે દીનનો સ્તંભ છે.”

પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જયારે કયામત બરપા થશે ત્યારે વીંછી જેવું એક જાનવર દોઝખની બહાર આવશે. તેનું માથું સાતમા આસમાન ઉપર, તેની પૂંછડી જમીન ઉપર અને તેનું મુખ પૂર્વથી પશ્ચિમ સુધી હશે. તે જાનવર કહેતું હશે કે, તે લોકો કયાં છે જે ખુદા અને તેના રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે જંગ કરતા હતા ? ત્યારે જિબ્રઈલે અમીન નાઝીલ થશે અને પૂછશે કે તારે કયા સમૂહની જરૂર છે ? તે કહેશે કે પાંચ સમૂહની. (૧) નમાઝ ન પડનારા (૨) ઝકાત ન આપનારા (3) વ્યાજ ખાનારા (૪)

શરાબ પીનારા અને (પ) એ લોકો જે મસ્જિદોમાં દુન્યવી વાતો કરતા હતા. (એટલે કે મસ્જિદોમાં હરામ પ્રકારની) વાતચીત કરનારા. જેમ કે, મુસલમાનોની ગીબત કરવી, તેમના ઉપર તોહમત મૂકવી અથવા બાતિલ અમલમાં મૂકવો, ઝાલિમની પ્રશંસા કરવી, કોઈ એવા માણસના વખાણ કરવા જે વખાણ કરવાને લાયક ન હોય અને એવાની ટીકા કરવી જે ટીકાને પાત્ર ન હોય વગેરે. (લોઆલીયુલ અખબાર).

આપે આ પણ ફરમાવ્યું : "જહન્નમમાં એક એવી ખીણ છે જેના અઝાબની તીવ્રતાથી જહન્નમીઓ દરરોજ સિત્તેર વખત ચીસ પાડે છે.

તેમાં આગનું એક ઘર છે જે ઘરમાં આગનો એક કૂવો છે. તે કૂવામાં તાબૂત (પેટી) છે જેમાં એક સાંપ છે જેના એક હજાર માથા છે અને દરેક માથામાં એક હજાર મુખ છે અને તે દરેક મુખમાં એક હજાર ડંખ (ઝેરી કાંટો) છે. અને દરેક ડંખની લંબાઈ હજાર ગજ છે.” તેણે કહ્યું : “યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ અઝાબ કોના માટે છે ?” ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું,“શરાબ પીનારા અને નમાઝ ન પડનારા માટે.” નમાઝ ન પડનારાઓ માટે સખત અઝાબની ઘણી રિવાયતો વારીદ થઈ છે; પરંતુ અત્રે જે

રિવાયતો પ્રસ્તુત કરવામાં આવી છે તે પૂરતી છે.

## નમાઝ ન પડનારની મદદ

ઘણી રિવાયતોમાં નમાઝ ન પડનારની મદદ કરનાર માટે સખત અઝાબનો ઉલ્લેખ જોવા મળે છે. પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જો કોઈ ખોરાક અથવા પોશાક આપીને બેનમાઝીને મદદ કરશે તો તેણે જાણે કે સિત્તેર (૭૦) અંબિયાને કતલ કર્યા. જેમાં પહેલા હઝરત આદમ (અલય્હિસ્સલામ) અને છેલ્લા હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે

વ આલેહી વસલ્લમ) છે.” (લોઆલીયુલ અખબાર, ભાગ -૪, પાના નંબર - ૫૧)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું : “જો કોઈ (બેનમાઝીને ) એક ઘૂંટડો પાણી દે તો એવું છે કે તેણે મારી અને તમામ અંબિયાની સાથે જંગ કરી છે.” આપે એમ પણ ફરમાવ્યું કે, “જો કોઈ બેનમાઝીની સાથે હસે તો તેણે (જાણે કે) (૭૦) સિત્તેર વખત ખાન-એ-કાઅબાને તોડી નાખ્યો.” (લોઆલીયુલ અખબાર પાના નંબર ૩૯૫).

એ વાત સ્પષ્ટ છે કે, આ હદીસનો અર્થ એ છે કે એવી મદદ અને અહેસાન કરવાથી

બેનમાઝીની હિંમતમાં વૃધ્ધિ ન થવી જોઈએ. જો એવી મદદ કરવાથી બેનમાઝીની ગુનાહ કરવાની હિંમતમાં વધારો થાય એને તેવી મદદ ગુનેહગારના ગુનાહ ચાલુ રહેવા માટે કારણરૂપ બનતી હોય તો તેની મદદ કરવી હરામ છે અને નહીં અનીલ મુન્કરની દ્રષ્ટિએ તેવા માણસ ઉપર અહેસાન ન કરવો વાજિબ છે.

તેવી જ રીતે, જો નમાઝ ન પડનારને મદદ કરવી તેના નમાઝ ન પડવાની હિંમત માટે કારણરૂપ ન બને એટલે કે મદદ કરવાથી કે ન કરવાથી (તેના નમાઝ ન પડવાની બાબતમાં) કોઈ અસર થાય તેમ ન હોય તો એ બાબત ઉપરની રિવાયત પ્રમાણે છે કે કેમ,

તેની જાણકારી નથી. કેટલીક વાર એવું બનતું હોય છે, કે મદદ અને અહેસાન કરવાથી, તેના (નમાઝ ન પડવાના) ગુનાહને છોડી દેવા માટે કારણરૂપ બની જાય છે, તેવા સંજોગોમાં તેવા માણસને મદદ કરવી બહેતર હોવામાં કોઈ શંકા નથી. પરંતુ અમુક સંજોગોમાં તો મદદ કરવી વાજિબ પણ થઈ જતી હોય છે.

## નમાઝ છોડવાના અમુક પ્રકાર છે

(૧) નમાઝનો સંપૂર્ણપણે ઈન્કાર કરીને નમાઝ ન પડવી અને તેના વાજિબાતે ઈલાહીમાંની એક વાજિબાત ન સમજવી અને નમાઝ પડવી પોતાના માટે જરૂરી ન સમજવી, આ બધી બાબતોનો આગળ ઉલ્લેખ થઈ ગયો

છે. કારણ કે, તેમ કરનાર દીનના એક જરૂરી વાજિબ કામનો ઈન્કાર કરનાર છે અને તેવો માણસ કાફર થઈ જાય છે. વાસ્તવમાં તેવા માણસે પેદા કરનાર ખુદાની ખુદાઈ અને ખાતેમુલ અંબિયા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને કુરઆનનો ઈન્કાર કર્યો છે. આ એવો માણસ છે જે અનંત અઝાબને પાત્ર બનશે અને તેના માટે મુક્તિનો કોઈ માર્ગ નથી.

(૨) નમાઝને સંપૂર્ણ રીતે ન પડવી, પરંતુ નમાઝ (વાજિબ હોય) તો ઈન્કાર કરીને નહી, પરંતુ આખેરતના કામો પ્રત્યે બેદરકારી અને લાપરવાહી દાખવી અને નફસાની

ખ્વાહીશો તથા દુન્યવી કામોમાં મશગૂલ રહેવાને કારણે છે. નમાઝ ન પડવાનો આ પ્રકાર ફિસ્ક માટે કારણરૂપ છે અને તેવો માણસ ગુનાહે કબીરા કરનાર છે. કેટલીક આયતો અને રિવાયતોમાં તે માટે સખત અઝાબની વિગત આપવામાં આવી છે, જેનો ઉલ્લેખ અગાઉ થઈ ચૂકયો છે. તેઓ માણસ ઈમાનની હાલતમાં દુનિયાથી વિદાય લેશે તો પણ નમાઝ ન પડવાને કારણે અઝાબની શિક્ષા ભોગવ્યા પછી જ નજાત મેળવી શકશે. પરંતુ નમાઝ ન પડનારનું ઈમાન સાથે દુનિયાથી વિદાય થવું બહુ જ મુશ્કેલ અને દુર્લભ છે. કારણ કે, ઈમાનનું પાત્ર દિલ છે અને (તેવા માણસનું)

દિલ ગુનાહોને કારણે સખત અને અંધકારમય થઈ જાય છે અને તેમાંથી ઈમાનનું નૂર સમાપ્ત થઈ જાય છે. પરંતુ જો ખુદાવંદે આલમ તેની ઉપર ફઝલો કરમ કરે અને અહલેબૈત (અલય્હિસ્સલામ)ની મોહબ્બત અને દોસ્તીને લીધે તેઓ (અલય્હિસ્સલામ) મોતના વખતે તેની મદદ કરે તો જ તે ઈમાનની હાલતમાં મરી શકે છે અને તેઓની શફાઅતના કારણે તેના અઝાબમાં ઘટાડો થવાની અથવા અઝાબ ટળી જવાની શકયતા છે. પરંતુ એ હઝરાતથી રિવાયત કરવામાં આવી છે કે જેઓ પોતાની નમાઝને હલકી સમજે અને તેને નકામી કરી

નાખે તેને અમો અહલેબૈત (અલય્હિસ્સલામ)ની શફાઅત નહીં પહોંચે.

(3) અમુક સમયે નમાઝ ન પડવી. એટલે કે ઈમાનની કમઝોરી અને આખેરતના કામો પ્રત્યે લાપરવાહીના કારણે કયારેક નમાઝ પડે અને કયારેક ન પડે અથવા નમાઝને અહેમીયત આપતા નથી અને પછી નમાઝ પડી લેશું એવું વિચારીને ફઝીલતના સમયે નમાઝ અદા કરતા નથી.

બેનમાઝીનો આગળ ઉલ્લેખ થએલ પહેલા અને બીજા પ્રકાર જેવો નથી; પરંતુ એવો માણસ નમાઝને વ્યર્થ કરી નાખનાર અને હલકી સમજનાર ગણાશે અને નમાઝ વ્યર્થ કરી

નાખનાર અને હલકી સમજનાર વિષે જે કાંઈ વારીદ થયું છે, તે આ પ્રકારના માણસને પણ લાગું પડે છે. આ પ્રકારના માણસ વિષે ખાસ પ્રકારની રિવાયતો પણ વારીદ થઈ છે. એક રિવાયતમાં હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : જે કોઈ નમાઝનો સમય પસાર થઈ જવા પછી વાજિબ નમાઝ પડે તો તેવી નમાઝ અંધકારમય અને ભયંકર હાલતમાં ઉપર જાય છે અને પોતાને પડનાર (નમાઝી)ને કહે છે તેં મને વ્યર્થ કરી નાખી, તેવી જ રીતે ખુદા તને વ્યર્થ કરી નાખે” અને

ફરમાવ્યું કે, "જયારે બંદો કયામતના દિવસે બારગાહે ખુદાવંદીમાં હાજર થાય છે ત્યારે તેને સૌથી પહેલાં જે બાબત વિષે સવાલ કરવામાં આવશે તે નમાઝ છે. જો નમાઝ સહીહ થશે તો બીજા આમાલ પણ સહીહ છે અને જો નમાઝ સહીહ ન થાય તો બીજા આમાલ વ્યર્થ થશે." (વસાએલુશ્શિઆ, ભાગ -૩, પ્રકરણ - ૧ પાના નંબર ૮૦)

તેવી જ રીતે હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : "જે માણસ વાજિબ નમાઝનો સમય થઈ જવા પછી નમાઝ પડવામાં એટલું મોડું કરે કે નમાઝનો સમય પૂરો થઈ જાય, તો

તેવા માણસ સુધી અમારી શફાઅત નહીં પહોંચે.” (સલાત, વસાએલુશ્શિઆ, હદીસનું પ્રકરણ - ૧૨, ભાગ - 3, પાના નંબર ૧)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું : “જયાં સુધી ઈન્સાન શકિતમાન હોય અને દિવસ રાતમાં પાંચ સમયની નમાઝ સમયસર અદા કરતો રહે તો શેતાન તેનાથી લડતો રહે છે અને તેની પાસે જતો નથી અને જયારે તે (નમાઝ) છોડી દે છે ત્યારે શેતાન તેની ઉપર સવાર થઈ જાય છે. અને તેને મોટા ગુનાહોમાં ફસાવી દે છે.” (વસાએલુશ્શિઆ, હદીસનું પ્રકરણ -૧૨ મું, ભાગ - 3, પાના નંબર ૮૧)

## અવ્વલે વક્તના સમયમાં નમાઝ પડવાની તાકીદ :

રિવાયતોમાં નમાઝના સમયને જરૂરી બાબત ગણાવીને નમાઝ તેના સમય દરમિયાન જ બજાવી લાવવાની ખૂબ જ તાકીદ કરવામાં આવી છે, જેથી નમાઝને અવ્વલે વકતમાં (પ્રારંભના સમય)માં જ અદા કરવામાં આવે. કોઈ કારણોસર સિવાય નમાઝ પડવામાં તેના સૈયદઅવવલે વકત કરતા મોડું ન કરવુ જોઈએ. આપણા રાહબરોએ ખૂબ જ કપરાં સમયમાં પણ નમાઝ તેના અવ્વલે વકતમાં અદા કરવાનું છોડયું ન હતું.

‘ઈરશાદુલ કોલુબ’માં રિવાયત છે, કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) જંગે સીફફીનમાં એક દિવસ જંગમાં મશગૂલ હતા અને એ હાલતમાં જયારે કે બે સફો (હરોળ)ની વચ્ચે હતા ત્યારે વારંવાર સૂર્યની સામે જોઈ રહ્યા હતા. ઈબ્ને અબ્બાસે (ર.હ.) પૂછયું : “કે શા માટે સુર્યની સામે ન જોઈ રહ્યા છે ?” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું “હું ઝવાલનો સમય (જે નમાઝે ઝોહરનો અવ્વલ વકત છે તે) જાણવા માંગુ છું જેથી નમાઝ અદા કરી શકાય.” ઈબ્ને અબ્બાસે (ર.હ.) કહ્યું કે “શું જંગની આ હાલત એ નમાઝ પડવાનો સમય છે ?” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું :

“આપણે આ કૌમ સાથે શા માટે લડી રહ્યા છીએ ? આપણો આ જંગ કરવાનો આશય નમાઝને બાકી રાખવાનો છે.”

ઈબ્ને અબ્બાસ કહે છે કે, “આં હઝરત અલી (અલય્હિસ્સલામ)ની નમાઝે શબ પણ કયારેય કઝા થતી ન હતી. એટલે સુધી કે લયલતુલ હરીર (જંગે સીફફીનમાં ઠંડીની રાતો)માં પણ આપ (અલય્હિસ્સલામ) નમાઝે શબ અદા કરતા હતા.”

રિવાયતમાં છે, કે આશુરાના દિવસે ઝવાલના સમયે અબુ સમામહ સયદાવી, હઝરત સૈયદુશ શોહદા ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયા

અને અર્ઝ કરી, "અય મારા મૌલા, અમને કતલ કરી નાખવામાં આવશે એ વાત નિશ્ચિત છે. નમાઝે ઝોહરનો સમય થઈ ચૂકયો છે, (તેથી) આપ નમાઝ પડાવો. (એટલે કે નમાઝે જમાઅત પડાવો) અમને લાગે છે કે આ અમારી અંતિમ નમાઝ છે અને આશા છે કે, અમે આ ઉચ્ચ સ્થાન ઉપર અલ્લાહ તઆલાની ફરજો પૈકી એક ફરજ અદા કરતા કરતા તેની સાથે મુલાકાત કરશું." ઈમામ (અલય્હિસ્સલામ)એ નજર ઉઠાવીને આસમાન તરફ જોયું અને ફરમાવ્યું : "તમે નમાઝને યાદ કરી, ખુદાવંદે આલમ તમોને નમાઝ ગુઝારોમાં શામીલ કરે. હા, આ નમાઝનો સમય છે" અને ફરમાવ્યું :

"અઝાન દયો, ખુદા તમારી ઉપર રહેમત નાઝીલ કરે." જયારે અઝાન કહેવામાં આવી ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, "અય પીસરે સાદ, શું શરીઅતે ઈસ્લામીને ભૂલી ગયો ? શું નમાઝ પડવા માટે જંગ અટકાવવામાં નહીં આવે જેથી નમાઝ પડયા પછી જંગ કરવામાં આવે ?" ત્યારપછી ઈમામ (અલય્હિસ્સલામ) પોતાના અસ્હાબ સાથે નમાઝે ખૌફ અદા કરી, જેમાં ઝોહૈર ઈબ્ને કૈન અને સાઅદ બીન અબ્દુલ્લાહ ખફી સૈયદુશ શોહદાએ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની સામે (આગળ) ઊભા હતા અને જે બાજૂએથી ઈમામ (અલય્હિસ્સલામ) ઉપર તીર અને નેઝા આવતા

હતા તે બાજૂએ પોતે ઢાલ બની જતા હતા. એટલે સુધી કે નેઝા અને શમશીરના ઝખમ ઉપરાંત, સઈદના શરીરમાં તેર (૧૩) ઝખમ લાગ્યા અને તેઓ જમીન ઉપર પડી ગયા અને દુનિયાથી વિદાય લીધી.

## વાજિબાતે નમાઝ પૈકી કોઈ વાજિબાતને છોડી દેવી :

કોઈ માણસ નમાઝ તો પડતો હોય પરંતુ જે રીતે નમાઝ પડવાનો મઝહબમાં હુકમ આપવામાં આવ્યો છે તેવી રીતે અદા કરતો ન હોય એટલે કે, નમાઝની શરતો (નિયમો) વગેરેની પરવાહ ન કરતો હોય અને તેને કોઈ અહમીયત આપતો ન હોય. જેમ કે, નમાઝને

ગસબી પોશાક અથવા જગ્યામાં અથવા નજાસતમાં પડતો હોય અથવા કીરઅત અને ઝીક્ર (સહીહ અરબી ઉચ્ચારણ સાથે ) ન પડતો હોય અથવા તો ગલત પડતો હોય અને સહીહ અરબી ઉચ્ચારણ કરવાની કોશિશ કરતો ન હોય અથવા વાજિબ ઝિક્ર વખતે શરીરને સ્થિર રાખતો ન હોય અને આવું કરનારની નમાઝ નિરર્થક અને વ્યર્થ હોવાની વાત સ્પષ્ટ છે. એટલું જ નહીં, એવા નમાઝી નમાઝને વ્યર્થ કરનાર અને હકીર સમજનારા પૈકી છે, અને નમાઝને હલકી સમજનારા વિષે જે કોઈ વર્ણન થઈ ગયું છે તે એવા નમાઝીને પણ લાગું પડે જ છે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ એક દિવસ હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બેઠા હતા ત્યારે એક માણસ આવ્યો અને નમાઝ પડવામાં મશગૂલ થઈ ગયો. તેણે પોતાની નમાઝના રૂકુઅ અને સજદા સંપૂર્ણ રીતે અદા ન કર્યા. (અર્થાત તેણે વાજિબ ઝિક્રને છોડી દીધો અથવા સહીહ રીતે ન પડયો અથવા અકવાલ (ઝિક્ર) અને અફઆલ (કાર્યો)માં આત્મવિશ્વાસ ન રાખ્યો. ત્યારે હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “આ (માણસ) કાગડો પોતાની ચાંચ જમીન ઉપર મારે છે અને ઉપાડે

છે તેવી રીતે પોતાના માથાને જમીન ઉપર મારી રહ્યો છે. જો તે આવી રીતે નમાઝ પડતા પડતા મરી જશે તો તે દીન (દીને ઈસ્લામ) ઉપર નહીં મરે.” (વસાઈલ પ્રકરણ - ૯)

હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “બધા ચોરમાં સૌથી મોટો ચોર એ છે, જે પોતાની નમાઝમાં ચોરી કરે” કોઈએ પૂછયું, “યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાની નમાઝમાં કઈ રીતે ચોરી થઈ શકે ?” ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જવાબમાં ફરમાવ્યું : “રૂકુઅ અને સજદા સહીહ રીતે અદા ન કરીને

(ચોરી થઈ શકે છે)” (વસાએલ, પ્રકરણ - ૮, હદીસ ના. ૧૮)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જે કોઈ નમાઝના રૂકુઅ અને સીજદા સહીહ રીતે અદા ન કરે તો તેણે નમાઝ ન પડયા બરાબર છે.” સલાત, મુસ્તદરકલ વસાએલ, પ્રકરણ - ૮, હદીસ ૧૮)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ પણ ફરમાવ્યું કે, “જે કોઈ નમાઝના રૂકુઅ, સિજદા અને બીજી તમામ વાજિબાતને સહીહ રીતે અદા કરે તો તેની નમાઝ નૂરાનીયત અને આનંદમય રીતે ઉપર જાય છે અને તે નમાઝ માટે આસમાનના

દરવાજા ખુલી જાય છે અને તે નમાઝ કહે છે : તેં મારૂ રક્ષણ કર્યું, ખુદા તારૂં રક્ષણ કરે અને ફરિશ્તો કહે છે કે એવા નમાઝ પડનારા ઉપર ખુદાવંદે તઆલાની સલવાત અને રહમત થાય. જો વાજિબાતે નમાઝને સહીહ રીતે અદા ન કરવામાં આવે તો તેવી નમાઝ અંધકારમય (કાળાશની) હાલતમાં ઉપર જાય છે. અને તે નમાઝ માટે આસમાનના દરવાજા બંધ થઈ જાય છે. અને તે નમાઝ કહે છે કે તેં મને નકામી કરી, ખુદા તને (નમાઝીને) નકામો કરી નાખે અને તેવી નમાઝ નમાઝીના મોંઢા ઉપર મારવામાં આવે છે.” (સલાત, મુસ્તદરકુલ વસાએલ, પ્રકરણ - ૮, હદીસ ૧૮)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ પ્રમાણે પણ ફરમાવ્યું : "દરેક વસ્તુની એક સૂરત હોય છે જે તેના શરીર (સમગ્ર ભાગ)માં ઉચ્ચ અને શ્રેષ્ઠ હોય છે અને તમારા દીનનો ચહેરો અને સૂરત નમાઝ છે. તમારામાંથી કોઈ નમાઝને ખરાબ અને કદરૂપી ન કરે. કારણ કે, જે રીતે શરીરની સૂરત ચહેરો છે, તેવી જ રીતે દીનની સૂરત નમાઝ છે."

આ વિષેની ઘણી રિવાયતો છે, પરંતુ અત્રે આ વિષયની સ્પષ્ટતા કરવા માટે આટલી રિવાયતો પૂરતી છે કે જે કાંઈ વાજિબાતે નમાઝમાંથી કોઈ એક વાજિબાત, જે નમાઝને સહીહ કરવા માટે જરૂરી હોય, તેને છોડી દે તો,

બેનમાઝી (નમાઝ ન પડનાર), માણસ જેવો ન ગણાશે.

**નમાઝ કબૂલ થવાની બીજી શરતો પણ છે :**

જે કોઈ નમાઝને સહીહ રીતે પડે તો તે તારેકુસ્સલાત (નમાઝને છોડી દેનાર) નથી અને તેની જવાબદારી પૂર્ણ થઈ જાય છે. તેમ જ, તેના માટે કોઈ અઝાબ નથી. પરંતુ (તે નમાઝ) બારગાહે ખુદાવંદે આલમમાં કબૂલ થવા તેમજ તેનો અઝીમ અજરો સવાબ પ્રાપ્ત થવા માટે બીજી શરતો છે.(જેમાં) સૌથી મહત્વની બાબત હુઝુરે કલ્બ (મનની એકાગ્રતા) છે અને જો કોઈ નમાઝી માણસ નમાઝની કબૂલીયતની શરતો ને ધ્યાનમાં રાખે તો તે બલંદ દરજ્જા અને

મકામાત સુધી પહોંચી જાય છે, તે સ્થાન સુધી બીજા કોઈ અમલ દ્વારા પહોંચી શકાતું નથી. અહીં સંક્ષિપ્તમાં કેટલીક એવી રિવાયતો પ્રસ્તુત કરવી પૂરતી છે. ઈન્શાઅલ્લાહ તેનો ઉલ્લેખ ફાયદાકારક થશે. હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જો કોઈ પોતે શું કહી રહ્યો છે એ સમજીને બે રકાત નમાઝ અદા કરે, તો જયારે તે નમાઝ પૂરી કરે ત્યારે ખુદાવંદે આલમ તેના તમામ ગુનાહ બક્ષી આપશે.” (કાફી, સલાત, વસાએલુશ્શિઆ, અબવાબ ફઝાએલુસ સલાત, પ્રકરણ -૨, ભાગ - ૪, પાના નંબર ૬૮૪)

આપ (અલય્હિસ્સલામ)એ આ મુજબ પણ ફરમાવ્યું : "તમારી નમાઝમાં તમે જે કાંઈ હુઝુરે કલ્બ (એકાગ્રતાથી) સાથે પડયું છે તે જ તમારી પાસે છે અને જો તમારી આખી નમાઝમાં ગાફીલ રહ્યા અથવા તો નમાઝના આદાબને છોડી દીધા તો તે નમાઝને લપેટીને નમાઝીના મુખ ઉપર મારવામાં આવશે." (સલાત, વસાએલુશ્શિઆ, અબવાબે અફઆલુસ્સલાત, બાબ -3, હદીસ -૧)

"તમારામાંથી કોઈ સુસ્તી, થકાવટ અને અર્ધજાગ્રત (ઝોંકાખાવા)ની અવસ્થામાં નમાઝ ન પડે અને નમાઝની હાલતમાં પોતાના નફસની અને બીજી બાબતોની ચિંતા પણ ન

કરે. કારણ કે, નમાઝની હાલતમાં તે પોતાના પરવરદિગારની બારગાહમાં હાજર હોય છે અને ઈન્સાને જેટલી નમાઝ હુઝુરે કલ્બ સાથે પડી હશે તે (પ્રમાણમાં) નમાઝ જ કબૂલ થશે.” (વસાએલ અબવાબ, અફઆલુસ્સલાત, બાબ-3, હદીસ-3, ભાગ-૪, પાના નં.૬૮૭

“હુઝુરે કલ્બ સાથે ટૂંકમાં બે રકાત નમાઝ પડવામાં આવે અને તેના અર્થ વિષે ગોરો ફીક્ર (ચિંતન અને મનન) કરવામાં આવે, તો તેનો સવાબ આખી રાત નમાઝમાં વિતાવવા કરતા બહેતર છે.” (વસાએલ સલાત, પ્રકરણ -૧૭, હદીસ-૧૩, ભાગ-3, પાના નં.૫૪)

આપ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું "જે માણસની નમાઝમાં હુઝુરે કલ્બ ન હોય તે (તેની નમાઝ)ને ખુદા કબૂલ કરતો નથી." (મુસ્તદરક, બાબ -૧૬)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, " જયારે તમે નમાઝની તૈયારી કરી લો ત્યારે તમારા દિલને તે તરફ વાળી દયો. કારણ કે, જયારે તમે નમાઝ પઢવા માટે કદમ ઉપાડશો ત્યારે ખુદાવંદે આલમ પણ પોતાની રહેમતની દિશા તમારી તરફ ફેરવશે. જયારે તમે નમાઝથી મુખ ફેરવશો, (નમાઝ પ્રત્યે) ગફલતમાં હશો અથવા નમાઝના આદાબ અને શરતોને છોડી દેશો ત્યારે અલ્લાહ

તઆલા પણ તમારી તરફ નજરે રહેમત નહી કરે. એટલા માટે જ, કેટલીક વખત ત્રીજા ભાગની, ચોથા ભાગની કે છઠ્ઠા ભાગની નમાઝ સિવાયની નમાઝ જેમાં નમાઝીના હુઝુરે કલ્બનું જેટલું પ્રમાણ હોય તેટલા પ્રમાણ સિવાયની નમાઝ કબૂલ થતી નથી. જો કોઈ આખી નમાઝમાં ગાફીલ રહે તો ખુદાએ બુઝુર્ગ વ બરતર તેને કોઈ ચીજ આપતો નથી." (સલાત, વસાએલ વ મુસ્તદરક અલ વસાએલ, બાબ - ૧૭, હદીસ-૪)

મરહુમ નરાકી (અ.ર.) તેઓની કિતાબ 'મેઅરાજુસ્સઆદાહ'માં ફરમાવે છે કે, નમાઝ એવી મઅજૂને ઈલાહી ઈબાદત છે, જે વિવિધ

ભાગોથી બનેલી છે. જેમાંનો અમુક ભાગ રૂહનો દરજજો ધરાવે છે અને અમુક ભાગ શાસકની હેસિયત ધરાવે છે અને બીજા ભાગો અન્ય અવ્યવો જેવા છે. આ વાતનું વિવરણ આ રીતે છે, કે ઈન્સાનનું શરીર વિવિધ ભાગો વડે બનેલ છે આ બધા ભાગો ન હોય તો ઈન્સાનનું શરીર સંપૂર્ણ ગણાતું નથી. શરીરના કેટલાક ભાગોનો સંબંધ રૂહ સાથે છે. જેનો આપણે અનુભવ કરી શકીએ છીએ. જે ભાગો પૈકી અમુક ભાગો શરીરની અંદર છે અને અમુક ભાગ શરીરની બહાર છે. આ અવ્યવો જુદા જુદા છે. જેમાંના કોઈ અવ્યવ ન હોય અથવા તો નષ્ટ થઈ ગયું હોય તો માણસ જીવતો રહી શકતો નથી જેમ કે,

હૃદય, કાળજું, માથું વગેરે, અમુક અવ્યવો એવા છે જે ન હોય તો માણસ મરતો નથી. પરંતુ તેનામાં તેની ખોટ જણાય છે જેમ કે, હાથ, પગ, આંખ, જીભ વગેરે. અમુક અવ્યવો એવા હોય છે જે ન હોય તો માણસનું સૌંદર્ય નાશ પામે છે. એટલે કે, માણસ કદરૂપો અને બેડોળ દેખાય છે જેમકે, ભવાં પાંપણ, દાઢી, કાન વગેરે અને અમુક ભાગ એવા હોય છે જે સપ્રમાણ ન હોય તો માણસના સૌંદર્યની પૂર્ણતા નાશ પામે છે જેમ કે આંખો મોટી હોવી, વાળ કાળા હોવા, ચહેરો ગુલાબી હોવો વગેરે. આવી જ રીતે નમાઝ પણ એક વિવિધ ભાગોનો સમૂહ છે, જેને શરીઅતે મુકેસહમાં વિવિધ કામોથી બનાવવામાં

આવેલ છે અને આપણને તે કામ બજાવી લાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. નમાઝની રૂહ નિયત, કુરબત, ઈખ્લાસ અને હુઝૂરે કલ્બ છે. તેના અરકાન (ભાગો) તકબીરતુલ અહેરામ, રૂકુઅ, સિજદા, તશહહુદ અને કેયામ છે, જે શાસકની હેસિયત ધરાવે છે, જેને છોડી દેવાથી નમાઝ નાશ પામે છે અને બીજા વાજિબ આઅમાલ કીરાઅત, ઝીક્ર, રૂકુઅ, સિજદા, તશહહુદ અને સ્થિરતા એ વાજિબાતમાંથી છે, જેને ઈરાદાપૂર્વક છોડી દેવાથી નમાઝ બાતિલ થઈ જાય છે. જેવી રીતે શરીરમાં હાથ, પગ અને જીભનું સ્થાન છે, જે કામ કરતા બંધ થવાથી કયારેક માણસ મૃત્યુ

પામે છે અને કયારેક મૃત્યુ પામતો નથી અને મુસ્તહબ આમાલ જેમકે, તકબીરાત( તકબીરતુલ અહેરામની તકબીર સિવાયની તકબીર) મુસ્તહબ કુનુત અને મુસ્તહબ ઝીક્ર વગેરે આંખ પરના ભવાં, પાંપણ અને કાળી આંખો સમાન નથી અને તે પૈકી અમુક ભાગ ન હોવાથી સૌંદર્ય નાશ પામે છે અને અમુક ભાગ ન હોવાથી સૌંદર્યની પૂર્ણતા નાશ પામે છે વગેરે વગેરે.

ઉપરની વિગતથી એ વાત સ્પષ્ટ થાય છે, કે હુઝુરે કલ્બ અને નમાઝ કબૂલ થવાની શરતો નમાઝની રૂહ સમાન છે. જે નમાઝમાં એ શરતો અને બાબતો , પૂરી થતી ન હોય તે રૂહ

વગરના (નિર્જીવ) શરીર સમાન છે, જેવી રીતે નિર્જીવ શરીર સમગ્ર ઈન્સાનની વિશેષતા અને પરિણામથી ખાલી હોય છે બિલકુલ તેવી જ રીતે, જે નમાઝમાં હુઝુરે કલ્બ બિલકુલ ન હોય તેવી નમાઝ પડનાર તમામ ખાસિયત અને પરિણામોથી વંચિત રહે છે, જેમકે, નમાઝની અનેક વિશિષ્ટતાઓ પૈકી એક વિશિષ્ટતા કુરઆનના શબ્દોમાં આ પણ છે કે : “બેશક, નમાઝ (નમાઝીઓને) દરેક (નિર્લજજ અને અયોગ્ય વાતોથી ખરાબ અને હરામ કામોથી રોકે છે.” (સુરએ અન્કબૂત-૨૯ આ : ૪૪)

આમ, જો કોઈ નમાઝીથી ગુનાહ થતા હોય તો તેનો અર્થ એ થયો કે તેની નમાઝનો ઢાંચો યોગ્ય નથી.

## હુઝુર અને ઈકબાલે કલ્બ શું છે ?

ઈકબાલે કલ્બ (દિલની એકાગ્રતા)નો અર્થ એ થાય છે, કે ઈન્સાન એ વાત સમજે કે પોતે નમાઝમાં શું કહી રહ્યો છે અને શું કરી રહ્યો છે ? નમાઝમાં ખુદાવંદે અઝઝ વ જલ્લની અઝમતને યાદ કરવી અને યાદ રાખવી જોઈએ. કેમ કે, સાધારણ માણસો સાથેની વાતચીત અને ખુદાવંદે આલમને સંબોધન એ બંને સરખી બાબત નથી.પરંતુ નમાઝીના દિલમાં ખુદાવંદે આલમની હયબત અને ખોફ

હોવો જોઈએ અને અબદીયત અને બંદગી અદા કરવામાં પોતાની જાતને કસૂરવાર સમજે અને ખુદાવંદે આલમની સામે હયા (શર્મ) અને શર્મસારીની હાલતમાં પોતાની ભૂલો (ગુનાહો)નો સ્વીકાર કરે અને તેની ‘રહેમતે વાસેઅહ’ અને અસાધારણ ફઝલો કરમની આશા વ્યકત કરે. ટૂંકમાં નમાઝી અલ્લાહનો ખોફ અને તેની રહેમતની આશા એમ બંને રાખતો હોવો જોઈએ. હુઝુરે કલ્બના કેટલાક મરતબા અને દરજજાછે, જેમા સૌથી ઊંચો દરજજો અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને પ્રાપ્ત થયો છે. આપ (અલય્હિસ્સલામ) નમાઝમાં એટલી હદ સુધી મશગૂલ રહેતા કે આપ (અલય્હિસ્સલામ)ના

શરીરમાં ખૂંચી ગએલું તીર ખેંચી લેવામાં આવ્યું, છતાં આપને તે વાત મહેસુસ પણ ન થઈ. જંગે સીફફીનમાં આપ (અલય્હિસ્સલામ)ની જાંઘ મુબારકમાં તીર ખૂંચી ગયું હતું જે તીર કાઢવા માટે સાધારણ હાલતમાં ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા; પરંતુ આપ (અલય્હિસ્સલામ)ને અસહય દર્દ થતું હોવાથી તીર કાઢવું શકય ન હતું. આ વાતની ઈમામ હસન (અલય્હિસ્સલામ)ને જાણ કરવામાં આવી, ત્યારે આપે ફરમાવ્યું કે હઝરત અલી (અલય્હિસ્સલામ) નમાઝ પડવા માટે ઊભા થાય ત્યાં સુધી સબ્ર કરો. કેમ કે, નમાઝની હાલતમાં તેઓ દુન્યવી બાબતોથી એટલા બધા

અલિપ્ત થઈ જાય છે કે તેઓ (અલય્હિસ્સલામ)ના પગમાંથી તીર ખેંચી લેવામાં આવે તો પણ તેઓનું ધ્યાન નહીં ખેંચાય. ઈમામ હસને મુજતબા (અલય્હિસ્સલામ)ના ફરમાન મુજબ હઝરત અલી (અલય્હિસ્સલામ)ના પગમાંથી તીર ખેંચી લેવામાં આવ્યું અને પગમાંથી લોહી વહેવા લાગ્યું. ત્યારે આપે પૂછયું કે, “આ શું થયું ?” ત્યારે જવાબ આપવામાં આવ્યો કે, “આપ (અલય્હિસ્સલામ) નમાઝની હાલતમાં હતા, ત્યારે પગમાંથી તીર ખેંચી કાઢવામાં આવ્યું.”

‘સફીનતુલ બેહાર’ના બીજા ભાગમાં પાના નંબર ૧૪૫ ઉપર નોંધવામાં આવ્યું છે :

કોઈ એક ગઝવહમાં રસુલ (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ)ના લશ્કરમાં એક રાતે લશ્કરે ઈસ્લામના રક્ષણની જવાબદારી એબાદ બિન બુશર અને અમ્માર બિન યાસીરને સોંપવામાં આવી હતી. હઝરત અમ્માર યાસીર સૂઈ ગયા હતા. એકલા એબાદ બિન બુશર જાગતા હતા. તેઓ નમાઝ પડી રહ્યા હતા, તેવામાં કાફરોમાંથી એક માણસ ખૂના મરકી કરવાના ઈરાદાથી નીકળ્યો, તેને એમ લાગ્યું કે કોઈ ચોકી કરતું નથી અને બધા સૂઈ ગયા છે. તેણે એબાદ બિન બુશરને ઊભેલા જોયા; પરંતુ તેને સમજાયું નહીં કે એ માણસ છે, ઝાડ છે કે કોઈ પ્રાણી ઊભું છે. તેણે ખાતરી કરવા માટે

એક તીર ફેંકયું જે એબાદ બિન બુશરને વાગ્યું; પરંતુ તેઓએ તેની કોઈ પરવાહ કરી નહીં. તેણે બીજું તીર માર્યું જેનાથી એબાદ સખત રીતે ઝખ્મી અને લોહી લુહાણ થઈ ગયા છતાં, તેની પણ કોઈ પરવાહ કરી નહીં. એટલું જ નહીં તેઓએ જરાપણ હલનચલન કરી નહીં; પરંતુ જયારે ત્રીજૂં તીર વાગ્યું ત્યારે તેઓએ પોતાની નમાઝ ટૂંકાવી નાખી અને અમ્મારે યાસીરને જગાડયા. અમ્મારે યાસીરે જોયું કે એબાદ બિન બુશરના શરીરમાં ત્રણ તીર વાગેલાં છે અને તેઓનું આખું શરીર લોહી લુહાણ છે. તેઓએ કહ્યું કે "પહેલું તીર વાગ્યું ત્યારે મને કેમ જગાડયો નહીં ?" એબાદ બિન બુશરે કહ્યું. "હું

નમાઝમાં સુરએ કહફની તિલાવત કરી રહ્યો હતો તે તિલાવત અધૂરી છોડવાનું મને યોગ્ય ન લાગ્યું. જો દુશ્મન નજદીક આવી ન પહોંચ્યો હોત અને હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને નુકસાન પહોંચવાનો ભય ન હોત તથા મને રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી ન હોત અને તેમાં અધૂરાશ રહેવાનો ડર ન હોત તો હું મારી નમાઝ હરગિઝ ટૂંકાવત નહીં, ભલે પછી મારો જીવ પણ કેમ ન ચાલ્યો જાય ?"

નમાઝમાં ખુઝુઅ અને ખુશુઅ (શાંતિ અને એકાગ્રતા) જરૂરી છે. એટલે કે જયારે પણ નમાઝ પડવામાં આવે ત્યારે જાણે ઝિંદગીની

છેલ્લી નમાઝ પડી રહ્યા હોઈએ અને નમાઝને ‘અલ-વિદાઅ’ કરી રહ્યા હોઈએ અને બીજી વખત તોબા અને ઇસ્તિગફાર કરવાનો મોકો મળવાનો નથી તેમ સમજીને નમાઝ અદા કરવી જોઈએ અને નમાઝી નમાઝમાં જે કાંઈ કહી રહ્યો હોય તે સાચું હોય, જેમ કે, સુરએ હમ્દમાં કહેવામાં આવે છે કે, ઈય્યાક નઅબોદો વ ઈય્યાક નસ્તઈન એટલે કે, અમો ફકત તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ સહાય માંગીએ છીએ. તો એ ઝીક્ર કર્યા પછી તેનું માથું ફકત અલ્લાહની જ સામે ઝૂકવું જોઈએ અને દરેક મામલામાં તેણે અલ્લાહને જ પોતાનો માર્ગદર્શક અને મદદગાર સમજવો જોઈએ.

(બસ આ એક જ વાકયમાં બંદગી અને ઝિંદગીનું રહસ્ય છૂપાએલું છે.)

## રૂકાવટોને દૂર કરવી જોઈએ

નમાઝીએ શયતાનના બહેકાવવાથી બચવું જોઈએ અને જે બાબતો ઈબાદત કબૂલ થવામાં રૂકાવટ ઊભી કરે તેનાથી દૂર રહેવું જોઈએ. જેમાં હુંપદ શામીલ છે. નમાઝી પોતાના અમલને મોટો અને સારો સમજે અને પોતાનો દેખાવ ગર્વને પાત્ર સમજે તો તે બાબતો ઉજબ (હુંપદ)માં શામીલ છે.

નમાઝની કબૂલીયત માટે અંતરાયરૂપ બનતી બાબતોમાં ઝકાત ન આપવી, વાજિબ હકોને અદા ન કરવા, હસદ કરવો, તકબ્બુર

(ઘમંડ) કરવું, હરામ ખાવું, શરાબ પીવો અને ખાસ કરીને સ્ત્રીઓએ પોતાના પતિના વાજિબ હુકમોમાં તેમની ઈતાઅત ન કરવી શામીલ છે. બલ્કે ખુદાએ બુઝુર્ગ વ બરતરના ફરમાન મુજબ:

"ઈન્નમા યતકબ્બલુલ્લાહો મેનલ મુત્તકીન" (સુરએ માએદાહ-૫, આ. ૨૭)

ખુદાવંએ આલમ તો ફકત પરહેઝગારોનો અમલ કબૂલ કરે છે. (અલ્લાહ તો પરહેઝગારોની જ કુરબાની કબૂલ કરે છે.)

આ કારણોસર બધા ફાસિક અને ગુનેહગારની નમાઝ કબૂલ થતી નથી. એ બધી બાબતો જે નમાઝના અજરો સવાબને ઘટાડી

નાખે છે તેનાથી બચવું જોઈએ. એટલે કે, સુસ્તી, અર્ધનિંદ્રાવસ્થા અને ગફલતની હાલતમાં નમાઝ ન પડવી જોઈએ. નમાઝમાં ઉતાવળ ન કરવી જોઈએ. નમાઝ પડતી વખતે પેશાબ, પાયખાના કે હવા (ગેસ)ને રોકી ન રાખવો જોઈએ. તેમ જ આસમાન તરફથી બીજી કોઈ જગ્યાએ પણ નજર ન કરવી જોઈએ; પરંતુ આજીજીભરી અને નમ્રતાભરી આંખો રાખીને નમાઝ પડવી જોઈએ. એટલે કે આંખ અડધી ખુલ્લી રાખવી જોઈએ. નમાઝમાં જે બાબતો ખુશુઅની વિરૂધ્ધ હોય તેનાથી બચવું જોઈએ. આ ઉપરાંત જે બાબતોથી નમાઝ પડવાના સવાબમાં વૃધ્ધિ થાય તે બાબતો ઉપર અમલ

કરવો જોઈએ. જેમ કે, નમાઝ પડતી વખતે ખુશબુ (અત્તર) લગાડવું, સૌથી વધુ પાકીઝા અને સારા વસ્ત્રો પહેરવા, હાથમાં અકીકની વીંટી પહેરવી, વાળ ઓળવવા, દાંતોમાં મીસ્વાક (દાંતણ) કરવું વગેરે જે બાબતો નમાઝ પડતી વખતે મુસ્તહબ છે તે બાબતો ઉપર અમલ કરવો જોઈએ.

## વાજિબ નમાઝોના પ્રકાર

વાજિબ નમાઝો છ પ્રકારની છે. જેની વિગત અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

(૧) દિવસ રાતની પાંચ સમયની નમાઝ :

આ નમાઝ કુલ સત્તર રકાત વાજિબ છે. સુબ્હની બે રકાત, ઝોહરની ચાર રકાત, અસ્રની ચાર રકાત, મગરીબની ત્રણ રકાત અને ઈશાની ચાર રકાત નમાઝ.

(૨) નમાઝે આયાત :

જયારે ધરતીકંપ થાય, સૂર્ય ગ્રહણ કે ચાંદ ગ્રહણ થાય અથવા કોઈ આસમાની કે ઝમીનની આફત આવે જેના કારણે મોટા ભાગના લોકોમાં ખોફ પેદા થઈ જાય, તો તે સમયે નમાઝે આયાત પડવી વાજિબ છે. (નમાઝે આયાત બે રકાત પડવાની હોય છે, જેની વિગત તવઝીહુલ મસાએલમાં આપવામાં આવી છે)

(૩) નમાઝે તવાફ :

જયારે કોઈ ખાન-એ-કાઅબાનો વાજિબ તવાફ કરે તો તેણે મકામે ઈબ્રાહીમમાં બે રકાત નમાઝ અદા કરવી જોઈએ.

(૪) જે નમાઝ નઝર કરવાથી અને અહદ કે કસમ ખાવાથી અથવા (કોઈ મરહુમની નમાઝ) ઉજરત (મહેનતતાણું લઈને પડવાનું નક્કી કર્યું હોય તો તે નમાઝો પડવી વાજિબ છે)

(૫) પિતાની કઝા નમાઝ :

પિતાની એ નમાઝો (માતાની બિના બર એહવત) જે કઝા થઈ હોય અને તે દુનિયાથી ઈન્તેકાલ ફરમાવી જાય તો તેવી નમાઝ પડવી

મોટા પુત્ર પર વાજિબ છે. તે વાલેદૈન (માં બાપ) તરફથી તેની કઝા નમાઝ બજાવી લાવે.

(૬) નમાઝે મૈયત :

જયારે કોઈ મુસલમાન સ્ત્રી કે પુરૂષ દુનિયાથી વિદાય થાય ત્યારે તેને ગુસલ અને કફન આપ્યા પછી તેની નમાઝે મૈયત પડવી વાજિબ છે. જે મુસલમાન બાળકની ઉંમર છ વરસની હોય તેની નમાઝે મૈયત પણ પડવી વાજિબ છે.

જયારે કોઈ (એવી વ્યકિત જેની ઉપર નમાઝ વાજિબ હોય તે) વ્યકિત કોઈ નમાઝ પડવાનું ચૂકી જાય તો તેની કઝા અદા કરવી વાજિબ છે. ભલે પછી તે નમાઝ ઈરાદાપૂર્વક ન

પડી હોય અથવા પડવાનું ભૂલી ગયો હોય અથવા તો નમાઝના પ્રારંભના સમયથી તે અંતિમ સમય સુધી સૂતો રહ્યો હોય અથવા તો એ નમાઝો જે પડવામાં આવી હોય પણ હકીકતમાં બાતિલ થએલી હોય, તેની કઝા અદા કરવી પણ વાજિબ છે. જેમકે : નમાઝમાં તહારત ન હોય અથવા નમાઝનો કોઈ રૂકન ભૂલી ગયો હોય અથવા કોઈ વાજિબ રૂકનને ઈરાદાપૂર્વક અદા ન કર્યો હોય.

અલબત્ત, જે નમાઝો દીવાનગી અને બેહોશીની હાલતમાં ન પડી શકાતી હોય તેની કઝા અદા કરવી વાજિબ નથી અને તેવી જ રીતે એ નમાઝ જે કૂફ્રની હાલતમાં પડવામાં ન

આવી હોય તેની કઝા મુસલમાન થવા પછી અદા કરવી વાજિબ નથી. તેવી જ રીતે સ્ત્રીઓએ હૈઝ અથવા નિફાસની હાલતમાં જે નમાઝ ન પડી હોય તેની કઝા અદા કરવી વાજિબ નથી; પરંતુ શરાબના નશામાં શરાબીની જે નમાઝ કઝા થઈ હોય તેની કઝા કરવી વાજિબ છે. પંજગાના નમાઝ સિવાયની બીજી જે વાજિબ નમાઝ અદા ન કરી હોય તેની કઝા અદા કરવી વાજિબ છે. જેની વિગતનું વર્ણન રિસાલએ અમલીયહ (તવઝીહુલ મસાએલ)માં આપવામાં આવી છે.

# ન પડાએલી નમાઝની કઝા અવશ્ય અદા કરવી જોઈએ

વાજિબ નમાઝોની કઝા અદા કરવામાં સુસ્તી કરવી જાએઝ નથી. જો કોઈ વ્યકિત ઉપર અમુક કઝા નમાઝ અદા કરવાની બાકી રહી ગઈ હોય તો તેને અદા કરાવવાની વસિયત કરવી વાજિબ છે. તેમ જ, વારસદાર માટે મરનારના માલના ત્રીજા ભાગમાંથી મરનારે વસિયત કરી હોય તે પ્રમાણે નમાઝ, રોઝા અદા કરાવવા માટે ઉજરત (મહેનતાણું) આપે. (એટલે કે મહેનતાણું ચૂકવીને મરનાર વતી તેની કઝા નમાઝ રોઝા અદા કરાવે.) જો મરનારે વસિયત કરી ન હોય અને તેનો કોઈ

એવો માલ પણ ન હોય જેના માટે તેણે વસિયત કરી હોય તો તેના મોટા પુત્ર ઉપર તેની કઝા નમાઝ અદા કરવી અથવા મહેનતાણું દઈને અદા કરાવવી વાજિબ છે. પરંતુ જો મરનારને સંતાનમાં પુત્ર ન હોય તો, મરનારે વસિયત ન કરી હોય તે સંજોગોમાં બીજા વારસદારો ઉપર મરહુમની કઝા નમાઝ અદા કરાવવી વાજિબ નથી; પરંતુ એહતીયાત એ છે કે, બીજા વારસદારો મરહુમની કઝા નમાઝ અદા કરે. અથવા તો દરેક વારસદાર પોતાના ભાગ પ્રમાણે મહેનતાણું આપીને નમાઝ પડાવે.

મુડદાઓ માટે જીવિત વ્યકિતઓ દ્વારા તેમના વતી જે અમલે ખૈર કરવામાં આવે છે તેનો ફાયદો પહોંચવો અથવા જીવિત લોકો દ્વારા મુડદાઓની વાજિબાતની કઝા બજાવી લાવવાથી મુડદા અઝાબથી મુક્ત પામે છે. આ વિષયને લગતી વિવિધ મોઅતબર રિવાયતો અહલેબૈત (અલય્હિસ્સલામ)થી વારીદ થએલી છે અને વાસ્તવમાં આ હુકમ ફઝલે ઈલાહીના દરવાજાઓ પૈકી એક દરવાજો છે. જે લોકો દુનિયામાંથી ઈમાન સાથે વિદાય લે છે, ફકત તેમના માટે જ આ (ફાયદો) છે.

યાદ રાખો, કે આ નિયાબત (મુડદા વતી જીવિત વ્યકિતનું પ્રતિનિધિત્વ)થી (ફકત)

અઝાબ દૂર થાય છે અને સવાબના અમુક મરતબા સુધી પહોંચાય છે; પરંતુ પોતે જીવતા હોવાની હાલતમાં (પોતાની હયાતી દરમિયાન) નમાઝ, રોઝા, હજ અને ઝકાત અદા કરવાથી જે મોટો ફૈઝ મળે છે અને અલ્લાહ તઆલાની નઝદીકી પ્રાપ્ત થાય છે તેવો ફૈઝ નિયાબતથી મળી શકતો નથી. કેમ કે, જો નાયબ વ્યકિતનો કુરબતનો ઈરાદો હોય તો અને એ ઈબાદત અને અલ્લાહ તઆલાની નઝદીકીનો ફૈઝ નાયબ વ્યકિતને મળે છે. ટૂંકમાં, બુધ્ધિમાન વ્યકિતએ પોતાના મર્યા પછી બીજા કોઈ (વારસદાર) વાજિબાત અદા કરશે તેમ માનીને વાજિબાત અદા કરવામાં સુસ્તી કરવી જોઈએ

નહીં. તેનું પહેલું કારણ તો એ છે કે, પોતાના મરવા પછી વારસદારોને તેના પ્રત્યે સહાનુભૂતિ રહેશે કે નહીં, અને (મરનારની) પોતાની જવાબદારી અદા થઈ શકે તેટલી સહીહ રીતે બજાવશે કે નહીં તેની જાણકારી (વિશ્વસનીયતા) રહેતી નથી અને બીજું કારણ એ છે કે, તે પોતે એ અમલ કરીને જે સવાબ મેળવી શકયો હોત તે સવાબ મેળવવાથી વંચિત રહી જાય છે.

રિવાયતમાં છે કે, હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના સહાબીઓ પૈકી એક સહાબીએ વસિયત કરી હતી કે, તેમના મરવા પછી તેમનું ખજૂરોનું ભરેલું એક ગોદામ રાહે ખુદામાં ખેરાત કરી દેવું

અને હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના મુબારક હાથે તે ગોદામની ખજૂર સદકા તરીકે વહેંચી દેવી. તેઓની વસિયત મુજબ હઝરત પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તે ખજૂરના ગોદામની તમામ ખજૂર વહેંચી દીધી. તેમાંથી એક ખજૂરનો દાણો (પેશી) જમીન ઉપર પડી રહી હતી, તે ઉપાડીને આપે(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું : "જો આ એક (નાનકડો) દાણો તે (પોતાની હયાતીમાં) પોતે રાહે ખુદામાં સદકો કરતે, તો ખજૂરોના આ ઢગલા (જે તેના મર્યા પછી આપવામાં આવ્યા તેના) કરતા બહેતર હતો."

જીવિત વ્યકિતઓના અમલથી મુડદાઓને ફાયદો પહોંચી શકે છે, એ વાતનું સમર્થન કરતી ઘણી સાબિતીઓ છે અને તે વિષે ઘણા સાચા સ્વપ્નનું વર્ણન જોવા મળે છે. જેના નમૂનારૂપે એક સ્વપ્નનું વર્ણન મરહુમ નૂરી સાહેબની કિતાબ ‘દારૂસ્સલામ’માંથી પ્રસ્તુત કરીએ છીએ.

હાજી મુલ્લા અલી તેહરાની, જેઓ ખૂબ જ મુત્તકી અને પરહેઝગાર હતા, તેમણે તેમના પિતા બુઝુર્ગવાર મરહુમ મીરઝા ખલીલના હવાલાથી નોંધ્યું છે કે, તેઓએ ફરમાવ્યું કે તહેરાનના એક હમામ (જાહેર સ્નાનગૃહ) નો એક ખાદીમ (નોકર) હતો. તેનું નામ અલી તાલીબ હતું જેને લોકો પાદુના નામથી

ઓળખતા હતા. તે નમાઝ રોઝા વગેરે બજાવતો ન હતો. એક દિવસ તે કોઈ મિસ્ત્રી પાસે ગયો અને તેણે પોતાના માટે એક હમામ બનાવી દેવાનું કહ્યું. મિસ્ત્રીએ પૂછયું કે "તું એ માટેના પૈસા કયાંથી લાવીશ ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે, "તારે એ વાત સાથે શું લેવાદેવા ? તું પૈસા લે અને મને હમામ બનાવી આપ." તે મિસ્ત્રીએ તેના વિખ્યાત નામ અલી તાલીબના નામથી એક હમામ બનાવી આપ્યું. મીરઝા મરહુમ ખલીલ ફરમાવે છે કે, હું જયારે નજફે અશરફમાં હતો ત્યારે મેં એક સ્વપ્ન જોયું કે અલી તાલીબ નજફે અશરફમાં 'વાદીઉસ્સલામ'માં આવ્યા છે. મને જોઈને ઘણું

આશ્ચર્ય થયું. મેં તેમને પૂછયું કે, “તમે આ સ્થાને કેવી રીતે પહોંચી ગયા ? ખરેખર તો (દુનિયામાં) નમાઝ પડતા ન હતા અને રોઝા પણ રાખતા ન હતા.” ત્યારે તેમણે કહ્યું : “જયારે હું મર્યો ત્યારે ફરિશ્તાઓ મને ગળામાં તોક અને સાંકળોથી બાંધીને અઝાબ આપવા માટે લઈ જતા હતા તે વખતે હાજી મુલ્લા મોહમ્મદ કીરમાનશાહી આવ્યા (તેઓ તહેરાનના મોટા આલિમ હતા). ખુદાવંદે આલમ તેઓને જઝાએ ખૈર આપે. તેઓને અમુક નામના માણસને નાયબ બનાવીને મારા વતી હજ કરાવી અને અમુક માણસ પાસે મારી કઝા નમાઝો અદા કરાવી, અમુક માણસને મારો

નાયબ બનાવીને મારા વતી ઝકાત અદા કરાવી. જેની ઉપર મેં ઝુલ્મ કર્યા હતા તેના હકોને અદા કર્યા. ટૂંકમાં તેઓએ કોઈ બાબત એવી બાકી નથી રાખી કે જે મારા વતી અદા કરવામાં આવી ન હોય અને એ રીતે મને અઝાબથી મુકિત મળી. ખુદાવંદે આલમ તેઓને જઝાએ ખૈર આપે.”

આ સ્વપ્નું જોઈને હું ખૂબ જ ડરીને જાગી ગયો. મને તે સ્વપ્ન જોઈને ઘણું જ આશ્ચર્ય થયું. થોડા દિવસ પછી તહેરાનથી કેટલાક લોકો આવ્યા. મેં તેઓને અલી તાલીબ વિષે પૂછયું. તેઓએ મને જે કાંઈ કહ્યું તેની વિગત મારા સ્વપ્ન મુજબની હતી. એટલે સુધી

કે અલી તાલીબે મને સ્વપ્નમાં તેમના જે નાયબના નામ કહયા તે પણ બિલકુલ સરખા હતા. આમ, આ સ્વપ્નની વિગત સાચી જણાતા મને ખૂબ જ આશ્ચર્ય થયું.

# સાડત્રીસમો ગુનોહ

# ઝકાત ન આપવી - અદમો દફઈઝ

## ઝકાત

કબાએરે - મનસૂસહ પૈકી સાડત્રીસમો ગુનાહે કબીરા વાજિબ ઝકાત અદા ન કરવી તે છે. હઝરત અબ્દુલ અઝીમના સહીફામાં ઈમામ મોહમ્મદ તકી અ., ઈમામ હઝરત અલી રઝા અ., ઈમામ મૂસા કાઝીમ અ. અને ઈમામ જાફર સાદિક અ. થી રિવાયત નોંધવામાં આવી છે કે, આ એવો ગુનાહ છે જેના વિષે કુર્આને મજીદમાં સ્પષ્ટ રીતે અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. ઉપરના સંદર્ભમાં જણાવેલ સહીફામાં ઝકાત

ન આપવી એ ગુનાહે કબીરા હોવા વિષે સુરએ તૌબાની ૩૪ મી આયત દલીલ રૂપે રજૂ કરી છે. જે નીચે મુજબ છે.

"................અને જે લોકો સોનું અને ચાંદી ભેગુ કર્યે જાય છે અને તેને ખુદાની રાહમાં ખર્ચ નથી કરતા, તો (અય રસુલ સ.અ.વ.) તેઓને દર્દનાક અઝાબની ખુશ ખબરી સંભળાવી દે. (તે દિવસે) કે જે દિવસે તે (સોનું ચાંદી) જહન્નમની આગમાં ગરમ (અને લાલ) કરવામાં આવશે પછી તેના કપાળ, પડખાં અને પીઠોમાં ડામ દેવામાં આવશે. (અને તેઓને કહેવામાં આવશે કે) આ એજ છે જે તમે (દુનિયામાં) તમારા માટે સંગ્રહ કરતા હતા; માટે

(હવે) તમે જે સંગ્રહ કરતા તેની (તમારી કરણીની) મજા ચાખો.” (સુરએ તૌબા - ૯, આ : ૩૪ - ૩૫)

રિવાયતમાં બયાન કરવામાં આવ્યું છે કે, ઉપરની આયતે શરીફામાં ‘કન્ઝ’નો અર્થ એ બધો માલ છે કે જેમાંથી ઝકાત અને બીજા વાજિબ હકકો અદા કરવામાં ન આવ્યા હોય.

સુરએ આલે ઈમરાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

“અને જે લોકોને ખુદાવંદે આલમે પોતાના ફઝલ (અને કરમ)થી કંઈક આપ્યું છે (અને પછી) તેઓ કંજૂસાઈ કરે છે તેઓ એવું હરગિઝ ન વિચારે કે તેમની આ કંજૂસાઈ

તેમના માટે સારી છે; પરંતુ તેમના માટે (ઘણી જ) ખરાબ છે.(દુનિયામાં પણ કારણ કે તેના માલમાંથી બરકત ચાલી જાય છે અને આખેરતમાં પણ તેઓ અસાધારણ પ્રમાણમાં અઝાબ અને શિક્ષાને પાત્ર બનશે.) (કારણ કે) જે (માલ)માં કંજૂસાઈ કરવામાં આવે છે, નજદીકમાં જ કયામતના દિવસે તે માલ (એ જ વસ્તુઓ)નો તોક બનાવીને તેમના ગળામાં પહેરાવવામાં આવશે. અને સમગ્ર આસમાન અને જમીનનો વારસો ખુદાના માટે છે અને જે કાંઈ તમે કરો છો તેનાથી ખુદા જાણકાર છે.” (સુરએ આલે ઈમરાન - 3, આ : ૧૮૦)

જે લોકોના કબઝામાં ફકત અમુક નિશ્ચિત સમય માટે માલ આપવામાં આવ્યો છે તે બધા એક દિવસ મરી જવાના છે અને ફકત ખુદાએ અઝઝ વ જલ્લની ઝાત બાકી રહેવાની છે, તો તમારી પાસેથી માલ ચાલ્યો જાય (એટલે કે લઈ લેવામાં આવે) અને તમે તે માલથી વંચિત થઈ જાઓ તે પહેલા તેને રાહે ખુદામાં ખર્ચીને ફાયદો મેળવી લ્યો.

તફસીરે ‘મીન્હાજુસ્સાદેકીન’માં લખ્યું છે કે હદીસોમાં છે કે જે કોઈને ખુદાવંદે તઆલાએ માલ આપ્યો હોય અને જો તે માણસ કંજૂસાઈને કારણે તે માલમાંથી ઝકાત અદા ન કરે, તો તેનો તે માલ કયામતના દિવસે એક મોટા

સાંપનું સ્વરૂપ લઈ લેશે. તેમાં ખૂબ જ ઝેર હશે અને તે(ઝેર) ખતરનાક હોવાને કારણે તેના માથા ઉપર વાળ નહીં હોય, તેની આંખની નીચે બે કાળા નિશાન દેખાતા હશે અને તે ઝેરીલો સાંપ હશે. આ સાંપ તે (ઝકાત ન આપનાર) તેની ગરદનમાં તોકના સ્વરૂપમાં નાખવામાં આવશે. તે સાંપ તેના ગળાને બંને બાજુથી દબાવશે અને તેને ઠપકો આપીને કહેશે કે હું તારો એ માલ છું જે માલ વિષે દુનિયામાં તું બીજાઓ ઉપર ગર્વ કરતો હતો.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવ્યું : “જે કોઈ પણ (માણસ) પોતાના માલની ઝકાત અદા ન કરે

તો કયામતના દિવસે તે માલ આગના અજગરના સ્વરૂમાં તેની ગરદનમાં હશે અને તેનો હિસાબ પૂરો થતા સુધી તેનું ગોશ્ત ચાવતો રહેશે.” (ઝકાત, વસાઈલ, પ્રકરણ - 3, ભાગ ૬, પાના નંબર ૧૧)

આપ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું, “જો કોઈની પાસે તેના કોઈ સગા આવે અને તેને ખુદાએ કરીમે પુષ્કળ માલ આપ્યો હોય, તેમાંથી કાંઈ માંગે અને તે કંજૂસાઈને કારણે તેને કંઈ ન આપે, તો ખુદાવંદે આલમ દોઝખમાંથી એક અજગરને બહાર કાઢશે, જે તેના મુખની બહાર જીભ ફેરવતો

રહેશે કે તે (માણસ) આવે અને તેની ગરદનનો તોક બની જાય.”

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જો કોઈ સોના ચાંદીનો માલિક તે (તેના માલ)ની વાજિબ ઝકાત (અથવા તો વાજિબ ખુમ્સ જેનો ઉલ્લેખ તફસીરે ‘કુમ્મી’માં કરવામાં આવ્યો છે) અદા ન કરે, તો કયામતના દિવસે ખુદાવંદે આલમ તેને એક સપાટ અને ચળકતા રણમાં કેદ કરી લેશે અને તેની પાછળ એક અજગર મૂકવામાં આવશે જેના માથાના વાળ, તેના શરીરના કાતિલ ઝેરના કારણે ખરી ગએલા હશે અને જયારે તે અજગર તે માણસને પકડવા માંગશે ત્યારે તે માણસ ભાગવા

લાગશે; પરંતુ જયારે તે મજબૂર થઈ જશે અને તેને એમ લાગશે કે, તે (પોતે) ભાગી શકે તેમ નથી ત્યારે તે પોતાનો હાથ તે (અજગર)ની પાસે રાખી દેશે અને તેના હાથને (ફહલ) નર ઊંટની જેમ ચાવવા લાગશે અને તેની ગરદનમાં તોકની જેમ વીંટળાઈ જશે. ખુદાવંદે આલમ ફરમાવે છે કે, જો ઘેટાં, ગાય અને ઊંટનો કોઈ માલિક પોતાના માલની ઝકાત અદા ન કરે તો ખુદાએ અઝઝ વ જલ્લ કયામતના દિવસે તેને ચળકતા વેરાન રણમાં કેદ કરી દેશે અને દરેક જાનવર તેને રગદોળશે અને દરેક તિષ્ણ દાંતવાળા તેને ચીરશે અને ફાડશે. અને જો કોઈ પોતાના ખજૂરના ઝાડ,

ફક્ષ અથવા ખેતીની ઝકાત અદા નહીં કરે તો કયામતના દિવસે જમીનનો તે ભાગ સાત માળના તોકની જેમ તેની ગરદનમાં નાખવામાં આવશે."(ઝકાત, વસાએલુશ્શિઆ, પ્રકરણ - ૩, હદીસ ૧, ભાગ - ૬, પાના : ૧૧,કાફી)

ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "ખુદાવંદે આલમે ઝકાતને નમાઝની સાથે (સમાન) ગણાવેલ છે અને ફરમાવ્યું છે કે નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો. જો કોઈ નમાઝ પડે અને ઝકાત અદા ન કરે તો તેણે જાણે નમાઝ પડી (જ) નથી. કાણ કે, તે બંને સાથે મળીને બનેલા છે."

આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “એક દિવસ હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મસ્જીદમાં તશરીફ ફરમાવી રહ્યા હતા. આપે તે વખતે પાંચ માણસોને તેના નામ લઈને સંબોધન કર્યું અને ફરમાવ્યું : “ઉઠો, અને અમારી મસ્જિદોની બહાર નીકળી જાઓ અને અહીં નમાઝ ન પડો. કારણ કે, તમે ઝકાત આપતા નથી.” (ઝકાત, વસાએલુશ્શિઆ, પ્રકરણ-૩, હદીસ નં.૧૩)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જો કોઈ પોતાના માલની ઝકાત અદા ન કરે, તો તેની મોતને વખતે પોતાને દુનિયામાં પાછો મોકલવાની ઈચ્છા વ્યકત

કરશે, જેથી કરીને ઝકાત અદા કરી શકે.” આ વિષે અલ્લાહ તઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે : “અય પરવરદિગાર ! મને દુનિયામાં પાછો મોકલી દે જેથી મેં જે નેક કાર્યો (અમલે સાલેહ) કરવાનું છોડી દીધું હતું તે બજાવી શકું. “ એટલે કે, મોત વખતે તે કહેશે કે, “અય પરવરદિગાર મને દુનિયામાં પાછો મોકલ જેથી જે માલ રાખી મૂકયો છે, તેમાંથી નેક કામ કરી શકુ. તેને કહેવામાં આવશે કે એવું નહીં થઈ શકે. એટલે કે, તને પાછો મોકલી નહીં શકાય.”

**આ ઉપરાંત આ આયત :**

“ખુદાવંદે આલમ તેના આમાલને તેના માટે અફસોસનાક હાલતમાં દેખાડશે અને તે

જહન્નમની બહાર નહીં આવી શકે.” જેની તફસીરમાં ફરમાવે છે : એ માણસ જે પોતાના માલને સંભાળીને રાખે છે અને રાહે ખુદામાં ઈન્ફાક (ખર્ચ) કરવાથી કંજૂસાઈ કરે છે અને (તેવો માણસ) જયારે મરે છે ત્યારે તે માલ લોકો માટે મૂકતો જાય છે, જે (લોકો) રાહે ખુદામાં તેની ઈતાઅતમાં ખર્ચ કરે અથવા ગુનાહના કામોંમાં વાપરે. જો તેનો માલ રાહે ખુદામાં ખર્ચ કરવામાં આવે, તો તેની નેકી બીજાઓના નામ-એ-આમાલમાં જોવા મળશે. અને તે જોઈને અફસોસ કરશે. કારણ કે, હકીકતમાં તે માલ ગુનાહના કાર્યોમાં ખર્ચ કરવામાં આવે તો અને તેના માલથી (તેને

ગુનાહ કરવામાં) બળ મળે તો આ પણ તેના માટે નિરાશાની વાત થશે. આ વિષયની રિવાયતોને અય્યાશી, મુફીદ, સદૂક અને તબરીએ પોતાની કિતાબોમાં હઝરત મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) અને હઝરત જાફર સાદિક (અલય્હિસ્સલામ)ના સંદર્ભથી પણ નોંધી છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “કંજૂસાઈ સમાન કોઈ બાબત ઈસ્લામનો નાશ કરતી નથી. ત્યાર પછી ફરમાવ્યું : “કંજૂસાઈનો માર્ગ કીડીઓના રસ્તા જેવો છે જે પ્રત્યક્ષ દેખાતો નથી. અને શીર્કના પ્રકારોની જેમ કંજૂસાઈના

પણ ઘણા પ્રકારો છે.” (વસાઈલ, પ્રકરણ - ૫, ભાગ - ૬, પાના ૨૧)

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જે વખતે લોકો ઝકાત અદા નથી કરતા ત્યારે જમીનમાંથી તેની પેદાશ, તેના મેવા અને તેના ખનીજપદાર્થની બરકત ઉઠાવી લેવામાં આવે છે.” (સફીનતુલ બેહાર)

પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “સદકો આપીને તમારી બીમારીનો ઈલાજ કરો, મુસીબતો અને બલાઓના ઝંઝાવાતને દુઆથી દૂર કરો અને ઝકાત આપીને તમારા માલની

સુરક્ષા કરો.” (વસાઈલ, પ્રકરણ ૧, હદીસ - ૧૩)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “ખુદા માટે જમીનમાં એવા સ્થાન છે, જેને ‘બદલો લેનારા’ કહેવામાં આવે છે. જયારે પણ ખુદાવંદે આલમ તેના બંદાને માલ આપે છે ત્યારે તે (બંદો) ખુદાએ વાજિબ કરેલા હક તે માલમાંથી અદા કરતો નથી તો (ખુદા) એ સ્થાનમાંથી અમુક સ્થાન તેના માટે નિશ્ચિત કરે છે અને તે (બંદો) તે માલને એ જગ્યાએ જ ખર્ચે છે અને તે પછી (તે એ જ સ્થાનમાં) રહી જાય છે અને માલને બીજા ઓ માટે છોડી જાય છે અને કેટલીક રિવાયતોમાં ઉલ્લેખ થયો છે કે,

જે કોઈ માલને રાહે ખૈરમાં ખર્ચ કરે તો તેને તે કરતાંય કેટલોય વધારે માલ (રાહે શર) બૂરાઈના માર્ગમાં ખર્ચ કરવો પડશે. ઝકાતના પ્રકરણમાં વારીદ થએલી રિવાયતોની સંખ્યા ઘણી છે; પરંતુ અત્રે જે રિવાયતો પ્રસ્તુત કરી છે તે પૂરતી છે.

## ઝકાત ન આપનાર કાફર છે

ઝકાત અદા ન કરવાથી થતી યાતનાઓ અને તેના ગુનાહે કબીરા હોવાનો ઉલ્લેખ થયો છે. આ કાર્ય દુરાચાર હોવાનું કારણ છે અને આ સંજોગોમાં જો ઝકાત વાજિબ હોવા ઉપર એઅતેકાદ રાખતો હોય અને કંજૂસાઈના કારણે ઝકાત ન આપતો હોય અને

એઅતેકાદ ન હોવાને કારણે ઝકાત ન આપતો હોય તો તેવો માણસ કાફર અને નજિસ છે. કારણ કે, ઝકાતની વાજિબાત નમાઝની જેમ દીનના સર્વ સ્વીકૃત હુકમોમાંનો એક હુકમ છે. જો કોઈ જરૂરીયાતે દીનમાંથી કોઈ એક બાબતનો પણ ઈન્કાર કરે તો તે ઈસ્લામમાંથી બહાર થઈ જાય છે. અને તે રીતે ઝકાત વાજિબ હોવાનો ઈન્કાર કરવો અને તે (ઝકાતની રકમ) પોતાના માટે હલાલ સમજવા પ્રત્યે અંગૂલીનિર્દેશ છે. જે રિવાયતોમાં ઝકાત ન આપનારનો કાફર તરીકે વિવરણ કરવામાં આવ્યું છે તેમાં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “બેશક, ખુદાવંદે

આલમે ફકીરો માટે શ્રીમંતોના માલમાં (અમુક) ભાગ વાજિબ કર્યો છે અને આ એવી વાજિબાત છે કે જે અદા કરવા માટે શ્રીમંત લોકોની પ્રશંસા કરવામાં આવે છે અને ઝકાત અદા કરનારનું લોહી વહેવડાવવું હરામ થઈ જાય છે અને ઝકાત અદા કરનાર મુસલમાન કહેવાય છે.” (વસાઈલ, પ્રકરણ - ૪, હદીસ - ૨, ભાગ - ૬, પાના ૧૮ )

એટલે કે, જો શ્રીમંત લોકો (ઝકાત આપવાનો ઈન્કાર કરવાને કારણે) ઝકાત ન આપે તો મુસલમાન નથી અને તેનું લોહી વહેવડાવવું હરામ નથી.

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જો કોઈ એક કીરાત (૧-૨૦ દીરહમ એટલે કે જવના ૪ દાણા) જેટલી વાજિબ ઝકાત ન આપે તો તે મોમીન કે મુસલમાન નથી અને તે એવો માણસ છે, જેના મૃત્યુ વખતે (એટલે કે મરવાની હાલત)ની ખુદાવંદે આલમે ખબર આપી છે કે તે કહેશે કે પરવરદિગાર, મને (દુનિયામાં) પાછો મોકલી દે, જેથી જે નેક કાર્યો મેં કર્યા નથી તે બજાવી શકું.” (વસાઈલ, ભાગ - ૬, પાના ૧૮)

આપે વધુમાં ઈરશાદ ફરમાવ્યું કે, “ઈસ્લામમાં બે પ્રકારના (લોકોનું) લોહી વહાવવું ખુદાવંદે આલમ તરફથી હલાલ

કરવામાં આવ્યું છે અને ખુદાવંદે આલમ એ બંને વિષે જયાં સુધી કાએમે આલે મોહમ્મદ (અલય્હિસ્સલામ) ઝહૂર નહીં ફરમાવે ત્યાં સુધી કોઈ હુકમ આપવામાં નહીં આવે અને જયારે આપ (અલય્હિસ્સલામ) ઝહૂર ફરમાવશે ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ બંને (લોહી) વિષે ખુદાવંદે આલમના હુકમ ઉપર અમલ કરશે. એ બે બાબતોમાંથી એક તો એ માણસ જેણે પોતાની પત્ની હોવા છતાં ઝિના કર્યા હોય તો તેવા માણસને સંગસાર કરવામાં આવશે અને બીજો ઝકાત ન આપનાર છે, જેથી ગરદનને ઉડાડી દેવામાં આવશે."(ઝકાત, વસાઈલ, ભાગ - ૬, પાના ૧૯ અને કાફી)

આપ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું : “ઝકાત ન આપવાના લીધે દરિયા અને રણમાં માલ નાશ પામે છે અને જયારે કાએમે આલે મોહમ્મદ (અલય્હિસ્સલામ) કેયામ ફરમાવશે ત્યારે ઝકાત ન આપનારને પકડીને તેની ગરદન ઉડાડી દેશે.” (વસાએલુશ્શિઆ, પ્રકરણ-૫, હદીસ-૮, ભાગ-૬, પાના. ૨૦)

અલ્લાહ તઆલા ફરમાવે છે : “અને એ મુશરિકો ઉપર અફસોસ છે જે એ ઝકાત નથી આપતા અને આખેરતનો ઈન્કાર કરે છે.” (સૂરએ હા-મીમ, સજદાહ - ૪૧, આ : ૬-૭)

હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : "તે ખુદાની કસમ, કે જેના કબ્ઝએ કુદરતમાં મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની જાન છે, ખુદાવંદે આલમની સાથે એ મુશ્રીક સિવાય કોઈ ખયાનત નથી કરતો જે પોતાના માલની ઝકાતમાંથી કોઈ વસ્તુ નથી આપતો." (મુસ્તદરક)

પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, "અય અલી, આ ઉમ્મતના દસ પ્રકારના લોકો ખુદાએ બુઝુર્ગ વ બરતરના કાફર છે. ૧. ચુગલખોર ૨. જાદુગર ૩. દય્યુસ (એટલે એવો માણસ કે જે

જાણતો હોય કે પોતાની પત્ની ઝિના કરે છે તેમ છતાં તેને કોઈ ગૈરત ન હોય) ૪. એ માણસ જે અજાણી સ્ત્રીની પાછળ સમાગમ કરે. ૫. જે માણસ પ્રાણી સાથે સમાગમ કરે. ૬. જે માણસ પોતાની મહેરમ સ્ત્રી (જેમ કે માં, બહેન વગરે) સાથે ઝિના કરે. ૭. જે ફિત્નાની આગ ભડકાવવાનો પ્રયાસ કરે. ૮. એવો માણસ જે એવા કાફરને શસ્ત્ર વેચે જે મુસલમાનો સાથે જંગ કરતો હોય. ૯. ઝકાત ન આપનાર અને ૧૦. જે શક્તિ (અને શરઈ શરતો પૂરી થતી) હોવા છતાં હજ માટે ન જાય, અને હજ કર્યા વગર જ મૃત્યુ પામે.” (ખેલાસ, પાના ૪૫૦, પ્રકરણ-૧૦)

આ પ્રકારની રિવાયતોથી એ વાત જાણવા મળે છે કે, ઝકાત ન આપવી અને તેવી જ રીતે નમાઝ ન પડવી, હજ ન કરવી, આ બધા કાર્યો ઈન્કાર કરવાને લીધે તો તે કાફર છે અને તેવો માણસ આખેરતની બરકતો જે જહન્નમથી નજાતનું માધ્યમ છે, તેનાથી વંચિત રહેશે. બિલકુલ આજ રીતે દુનિયામાં ઈસ્લામના જાહેરી હુકમો જેમકે, મુસલમાનોનું પાક હોવું, એકબીજાનો વારસો લેવો, નિકાહ, અકદ કરવા વગેરેથી પણ વંચિત રહે છે. બેશક, જો આ બધા હુકમોનું પાલન અલ્લાહના હુકમોનો ઈન્કાર કરવાને લીધે ન કરતો હોય, પરંતુ કંજૂસી અને સુસ્તી (આળસ)ને લીધે હોય તો

તેવો માણસ કાફર નથી. જો કે જાહેરી રીતે તે મુસલમાન તો છે ; પરંતુ વાસ્તવમાં તેનો સંબંધ બાતેની (આંતરિક) કુફ્ર અને શિર્કના પ્રકારમાંથી એક પ્રકાર સાથે છે. જો આવા માણસ દુનિયાથી બાઈમાન વિદાય લેશે તો પણ જે અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે તેવા સખત અઝાબમાં ફસાએલા રહેશે.

## ઝકાત વાજિબ થવાનું કારણ

ઝકાત અને તે પ્રકારના બીજા સદકાત વાજિબ થવા પાછળ જે હિકમત છૂપાએલી છે તેમાંથી કેટલીક તો રિવાયતોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે કે, આ (ખુદા તરફથી) શ્રીમંતોની એ બાબતની કસોટી છે કે

તેઓ ખુદાવંદે આલમને વધારે અઝીઝ અને મહેબૂબ રાખે છે કે આ ફાની દુનિયાના માલને અધિક પ્રિય ગણે છે ? તેનો સવાબ, બેહીશ્ત અને જઝાએ ઈલાહી (અલ્લાહ તરફથી મળનાર બદલા) ઉપર સાચા દિલથી ઈમાન રાખે છે કે નહી ? તેઓ પરવરદિગારે આલમની બંદગીમાં સાચા છે કે નહીં ? ઝકાત આપવાનો બીજો ફાયદો એ છે કે ઝકાત દ્વારા પરેશાન અને તંગદસ્ત લોકોને રોઝગાર મળે છે. ઈમામ જાફરે સાદિક (અલય્હિસ્સલામ) ઝકાતના ફાયદા બયાન કરતા ફરમાવે છે કે, "બેશક, શ્રીમંતોની કસોટી કરવા અને ગરીબોની હાજત પૂરી કરવા માટે ઝકાત વાજિબ કરવામાં આવી છે અને

(નિશંક) જો લોકો પોતાના માલની ઝકાત અદા કરતે તો મુસલમાનોમાં કોઈ ગરીબ કે ફકીર ન હોત, કોઈ એક બીજાના મોહતાજ ન હોત, કોઈ ભૂખ્યુ કે નિઃવસ્ત્ર ન રહેત. પરંતુ શ્રીમંતો ઝકાત અદા ન કરતા હોવાના (ગુનાહને) લીધે ગરીબો પરેશાન રહે છે. આ સંજોગોમાં અલ્લાહ તઆલા ઉપર એ વાત વાજિબ થાય છે કે જે કોઈ પોતાના માલમાંથી હકો અદા ન કરતો હોય તેને પોતાની રહેમતથી દૂર રાખે. હું ઝાતે ખુદાની કસમ ખાઉ છું કે જેણે તમામ મખ્લૂકાતને પેદા કરી છે અને તેમની રોઝીમાં વિશાળતા આપી છે. બેશક, સૂકા અને ભીના (ખુશ્કી અને તરી)માં ઝકાત અદા કરી હોય

એવો કોઈ માલ નાશ પામતો નથી. ત્રીજો ફાયદો એ છે કે (ઈન્સાનનો) નફસ ઝલાલતથી પાક થઈ જાય છે અને તેને તબાહ અને બરબાદ કરી દેનારી બીમારીથી મુક્તિ મળે છે.” (કાફી, વસાઈલ, પ્રકરણ -૧, હદીસ - ૯)

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા પોતાના પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ફરમાવે છે :

“(અય રસૂલ !) તમે તેમના માલની ઝકાત લો અને તે રીતે તેઓને (ગુનાહોથી) પાક અને સાફ કરી દયો.” (સૂરએ તૌબા - ૯, આ : ૧૦૩)

સૂરએ હશ્રમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

“અને જે માણસ પોતાના નફસને હવા અને હવસ (આંતરિક ઈચ્છાઓ અને મનોવાસના)થી સુરક્ષિત રાખે તો તેવા જ લોકોની દિલી મુરાદ પૂરી થશે.” (સૂરએ હશ્ર - ૫૯, આ : ૯)

કંજૂસાઈનો ઈલાજ માલમાંથી સખાવત કરવી તે જ છે અને સતત સખાવત કરતા રહો જેથી સખાવતની ટેવ પડી જાય અને શકય હોય તે રીતે સખાવતના આદાબને લક્ષમાં રાખીને સદકાતને અદા કરનાર જીવલેણ બીમારીઓથી પણ મુક્તિ પામી શકે છે.

# ઝકાત અને સદકાતથી માલમાં વૃધ્ધિ થાય છે

ઝકાતનો દુન્યવી ફાયદો એ છે કે તેનાથી માલમાં વૃધ્ધિ થાય છે. જો રાહે ખુદામાં તેની શરતો સાથે ઈન્ફાક (ખર્ચ) કરવામાં આવે તો ખુદાએ અઝ્ઝ વ જલ્લનો ખાતરીપૂર્વકનો વાયદો છે કે તેમાં બરકત થશે અને આનાથી ઉલ્ટુ જો શૈતાની વિચારોને કારણે કંજૂસ અને લોભિયા માણસો એવું વિચારે કે રાહે ખુદામાં ઈન્ફાક કરવાથી પોતાનો માલ ઓછો થઈ જશે. અને પોતે ફકીર થઈ જશે અને એવા શેતાની વિચારો તેને ઈન્ફાક કરવાથી અટકાવે, તો એવા લોકો માટે કુર્આને મજીદ સ્પષ્ટ ફરમાવે છે કે

ખુદાવંદે આલમ ખૈરાતને વધારી દે છે.” (સૂરએ બકરહ - ૨, આ : ૨૭૬)

“એટલે કે ખુદા દુનિયામાં તે માલમાં બરકત આપશે અને આખેરતમાં પણ તેનો (અજર જઝીલ) ઉત્તમ બદલો અતા કરશે. બીજી જગ્યાએ ખુદાવંદે આલમ ફરમાવે છે : અને તમે લોકો જે કાંઈ પણ (તેની રાહમાં) ખર્ચ કરો છો, તે તેનો બદલો (આ દુનિયામાં) આપશે અને તે સૌથી સારો રોઝી આપનારો છે.” (સૂરએ સબા - ૩૪, આ :૩૯)

સૂરએ રૂમમાં ખુદા ફરમાવે છે :

“અને તમારામાંથી જે લોકો ખુદાની ખુશી પ્રાપ્ત કરવા માટે જે ઝકાત (વાજિબ અને

મુસ્તહબ સદકાત) અદા કરે છે, તો તેવા જ લોકો ખુદાની બારગાહમાં પોતાના માલ તથા સવાબને વધારનારા છે.” (સૂરએ રૂમ - ૩૦, આ : ૩૯)

આ આયતે મુકદ્દસમાં માલમાં બરકત થવાનો અને ઘણો વધારે અજરો સવાબનો, બંનેનો ઉલ્લખ છે અને આ વાતના સમર્થનમાં ઘણી રિવાયતો છે જેમાં હઝરત ફાતેમા ઝહેરા (સલામુલ્લાહે અલય્હા) ખુત્બએ ફિદકમાં છે કે, “ખુદાવંદે આલમે શિર્કની નજાસતથી પાક થવા માટે ઈમાન પ્રાપ્તીને વાજિબ ગણાવેલ છે. અને વર્ગ અને ઘમંડની બીમારી દુર થવા માટે નમાઝને વાજિબ કરેલ છે અને લોભ તથા

કંજૂસીથી મુકિત મેળવવા માટે ઝકાતને વાજિબ કરેલ છે. (જેથી લોકો સખાવતની ફઝીલતથી માહીતગાર થાય અને ગુનાહોથી પાક થઈ જાય) અને આ (ઝકાત આપવી) તમારી રોઝીમાં વધારાનું કારણ પણ છે.” (બેહારૂલ અનવાર, ભાગ ૮, પાના ૧૦૯)

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)થી રિવાયત છે :

“જે કોઈ નેકીના માર્ગમાં ખર્ચ કરે તો ખુદાવંદે આલમ તેનો બદલો દુનિયામાં પણ આપે છે અને આખેરતમાં પણ તેના અજ્રમાં વધારો કરે છે (કાફી) આપે આગળ ફરમાવ્યું કે : “સદકા વડે તમારી રોઝી માંગો.” (વસાઈલ,

સદકાનું પ્રકરણ, હદીસ ૧૯, ભાગ - ૬, પાના ૨૫૯)

કિતાબ 'ઈદ્દતુદ્દાઈ'માં લખ્યું છે કે ઈમામ જાફર સાદિકે (અલય્હિસ્સલામ) પોતાના ફરઝંદને પૂછયું કે, "ઘર ખર્ચ માટે કેટલી રકમ મોજૂદ છે ?" તેઓએ જવાબ આપ્યો કે : "ચાલીસ દીનાર" ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, "તે બધી રકમ રાહે ખુદામાં સદકો આપી દો." આપ (અલય્હિસ્સલામ)ના ફરઝંદે કહ્યું કે : "આ સિવાય આપણી પાસે કોઈ રકમ નથી." ઈમામ (અલય્હિસ્સલામ) ફરમાવ્યું : "તમે બધી રકમ સદકામાં આપી દો. ખુદાવંદે આલમ તેનો અજ્ર (બદલો) આપશે. શું તમે

નથી જાણતા, કે દરેક વસ્તુની એક ચાવી હોય છે અને રોઝીની ચાવી સદકો (ખૈરાત) છે.” ત્યારપછી ઈમામ (અલય્હિસ્સલામ)ના ફરઝંદ મોહમ્મદે તે બધા દીનાર સદકામાં આપી દીધા. હજુ થોડા દિવસ પસાર થયા હશે ત્યાં ઈમામ (અલય્હિસ્સલામ) પાસે કયાંકથી ચાર હજાર દીનાર આવ્યા. ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “બેટા, આપણે ચાલીસ દીનાર આપ્યા તો ખુદાવંદે આલમે તેના બદલામાં આપણને ચાર હજાર દીનાર આપ્યા.”

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જયારે (તમે) ફકીર અને મોહતાજ થઈ જાઓ ત્યારે સદકો

આપીને ખુદાવંદે આલમ સાથે વેપાર કરો.” હઝરત ઈમામ રઝા (અલય્હિસ્સલામ)એ પોતાના ગુલામને ફરમાવ્યું : “શું આજે તેં કોઈ વસ્તુ રાહે ખુદામાં આપી છે ?” ગુલામે અર્ઝ કરી, “ખુદાની કસમ, નહી.” ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, “(તો) પછી ખુદાએ અઝઝ વ જલ્લ આપણને બદલો કયાંથી આપશે ?”

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) એક હદીસના અનુસંધાનમાં આ આયત, ફ હોવ યુખ્લેફો એટલે કે, જે કાંઈ રાહે ખુદામાં ખર્ચ કરવામાં આવે તેનો બદલો ખુદા તરત જ આપે છે. આ આયત વિષે આપ ફરમાવે છે કે, “શું

તમે એવું ગુમાન કરો છો કે ખુદા વાયદાનો ભંગ કરે છે ?” રાવીએ અર્ઝ કરી : “નહીં.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, “તો પછી તમે તમારા ઈન્ફાકનો બદલો કેમ નથી મેળવતા ?” તેણે અરજ કરી કે, “હું નથી જાણતો.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “જો તમારામાંથી કોઈ હલાલ રોઝી મેળવે અને તેમાંથી એક દિરહમ પણ હલાલ માર્ગમાં ખર્ચે તો તેનો બદલો અવશ્ય મળે છે. “એટલે કે, જો તેનો બદલો ન મળે તો તે માલ હરામ રીતે મેળવેલો હશે અથવા તો તે હરામ માર્ગમાં ખર્ચ કરવામાં આવ્યો છે.

આ વિષયની ઘણી આયતો અને રિવાયતો છે. પરંતુ આ વિષયને અહીં ટૂંકાવી નાખીએ છીએ. મરહૂમ નૂરીએ તેમની કિતાબ કલ્મએ તયબ્બાહમાં રાહે ખુદામાં સદકા અને ખયરાતની ફઝીલતનું વર્ણન કરતા ચાલીસ હિકાયત લખી છે. જેમાં તેઓના એક વિશ્વસનીય આખુંદ મુલ્લા ફતેહઅલીનો એક સત્ય પ્રસંગ નોંધ્યો છે. તેઓ આ પ્રસંગ આ રીતે બયાન કરે છે : એક વરસે મોંઘવારી ખૂબ જ વધી ગઈ હતી. મારી પાસે જમીનનો એક ટૂકડો હતો. તે જમીનને મેં ખેડી રાખી હતી. યોગાનેયોગ એવો થયો હતો કે તે વર્ષે મારા ખેતરની નીપજ બીજા લોકોની સરખામણીમાં ઘણી સારી અને

લીલીછમ થઈ હતી અને મારા ખેતરનો પાક વહેલો ઉપયોગમાં લેવા યોગ્ય થઈ (પાકી) ગયો. એ વરસે સમાજમાં બધા વર્ગના લોકો મુશ્કેલીમાં અને ગંભીર હાલતમાં હતા. તેથી મારૂ હૃદય તડપી ગયું. મેં મારા દિલમાંથી નફાનો વિચાર કાઢી નાખ્યો. હું મસ્જિદમાં ગયો અને ત્યાં જઈને મેં એવી જાહેરાત કરી કે : મારી એ જમીન ઉપર જે જવનો પાક થયો છે તેની ઉપરથી હું મારો હક ઉઠાવી લઉ છું. તે જમીનમાં ઉગેલા પાકને ફકત જરૂરતમંદો સિવાય કોઈ હાથ ન લગાવે અને ફકીર પણ પોતાની અને પોતાના કુટુંબની જરૂરીયાત કરતા વધારે ન લે એ શરતે, બીજા બધા ખેતરનો

પાક તૈયાર થઈ જાય ત્યાં સુધી મારા ખેતરમાંથી જવ લઈ જવાની પરવાનગી આપું છું. મારી એ જમીન ઉપર ફકીરો દરરોજ જતા અને પોતાની જરૂરિયાત મુજબના જવ લઈ જતા. મને (ત્યાં કેટલો પાક થયો છે અને લોકો કેટલો લઈ ગયા છે) તેની કોઈ ફીકર ન હતી. કારણકે, હું એ જમીનના પાકથી અલગ થઈ ગયો હતો. અને મને તે જમીનની ફસલની કોઈ આશા ન હતી. જયારે બીજા બધા ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો અને લોકોના દુઃખ સુખમાં ફેરવાઈ ગયા. મને મારા બીજા બધા ખેતરોનો હિસાબ કિતાબ પતાવીને નવરાશ મળી ત્યારે મેં ફસલ કાપનારા મજૂરોને જે જમીનનો પાક મે

લોકો માટે વકફ કરી દીધો હતો તે જમીનની તપાસ કરવા માટે મોકલ્યા. મને એવો ખયાલ હતો કે, ત્યાં ઝાડી - ઝાંખરામાં કદાચ થોડા ઘણા જવ બાકી rhyરહ્યા હોય. જયારે મજૂરોએ એ જમીનમાં જઈને ફસલ કાપી અને સાફ કરી ત્યારે તે જવનો પાક મળ્યો તે બીજી બધી જમીનોના પાક કરતા બમણો (ડબલ) હતો. એટલે કે , એ જમીનના પાકમાંથી ફકીરો જવ લઈ ગયા હતા. તેમ છતાં તેમાંથી જરાએ જવ ઓછા થયા ન હતા. પરંતુ તેના કરતા વધી ગયા હતા. આ બનાવ અસાધારણ (ચમત્કારિક) હતો. તેના કરતાંય આશ્ચર્યની વાત તો એ બની, કે પાનખર રૂતુના આરંભમાં જયારે બીજી જે

જમીનમાં ખેતી કરવામાં આવી હતી તેમાં એક વર્ષ સુધી કોઈ પાક થતો ન હતો એટલે કે, એક વર્ષ સુધી તે જમીનમાં ખેતી કરી શકાતી ન હતી ; પરંતુ મારી તે જમીનના ભાગમાં બી વાવવામાં ન આવ્યા, હળ ચલાવવામાં આવ્યું ન હતું અને ખેતી પણ કરવામાં આવી ન હતી અને રૂતુ પણ બદલાઈ ગઈ હતી. બરફની રૂતુ પણ પૂરી થઈ ગઈ હતી. ત્યારપછી અમે જોયું કે તે જમીન ઉપરનો પાક લીલો અને સંદર થયો હતો. તે વર્ષમાં બીજી વખત સુંદર નીપજ થઈ હતી.

આ બનાવથી મને એટલું બધું આશ્ચર્ય થયું કે, મને એવી શંકા થવા લાગી કે મારી

જમીનના બદલે બીજા કોઈની જમીન તો નથી ને ? અને જયારે પાકની કાપણી કરવામાં આવી તો બીજા ખેતરો કરતા કેટલીયે વધારે હતી.

આ ઉપરાંત મરહૂમે બીજી એક વાત પણ નોંધી છે : તેઓનો એક ફક્ષનો બગીચો રસ્તાની બાજુ ઉપર આવેલો હતો. બગીચામાં જયારે ફક્ષનાં વેલાઓ ઉપર પહેલી વખત ફક્ષ આવી ત્યારે તેઓએ બગીચાના ચોકીદારને હુકમ આપ્યો હતો કે બગીચાનો જે ભાગ સડકના કીનારે આવેલો છે તેને રાહદારીઓ માટે છોડી દેવો, જેથી, ત્યાંથી પસાર થનારા લોકો એ ફક્ષ ખાઈ શકે અને પોતાની સાથે પણ લઈ જઈ શકે અને તે ભાગમાંથી ફક્ષ તોડતા

કોઈને ન અટકાવવાનો હુકમ આપ્યો. જયારે ફક્ષની મોસમ પૂરી થઈ બીજી બધી જગ્યાએથી ફક્ષ તોડવાનું કામ પૂરૂં થયું ત્યારે સડકના કીનારે આવેલા ફક્ષના તે વેલાઓમાં કોઈ ફક્ષ રહી ગઈ હોય અથવા તો પાંદડાઓની વચ્ચે અમુક ફક્ષ રાહદારીઓને દેખાઈ ન હોય અથવા તોડવાની રહી ગઈ હોય તો તેવી ફક્ષ તોડવામાં આવી ત્યારે તે ફક્ષનું પ્રમાણ બગીચાના બીજા ભાગો કરતા કેટલાગણું વધારે હતું અને તમામ પ્રવાસીઓએ તેમાંથી ફક્ષ ખાધી હોવા છતાં તેમાંથી ફક્ષ ઓછી થઈ ન હતી.

આ ઉપરાંત એ વાત પણ લખવામાં આવી છે કે, દર વરસે જયારે ઘઉનો પાક

તૈયાર થઈ જતો ત્યારે તેને પાક અને સાફ કરીને ઘરે લઈ જવામાં આવતો અને ત્યાર પછી તેમાંથી ઝકાત આપવામાં આવતી. પરંતુ એક વર્ષ ઘઉને પાક સાફ કરીને ઘરે લાવતા પહેલા જ એવો વિચાર થયો કે, ઘઉંની ઝકાત આપવામાં વિલંબ કરવો યોગ્ય નથી. ઘઉં હાજર છે, ફકીર લોકો પણ હાજર છે. તેથી જે ફકીર લોકો વિષેની જાણકારી હતી તેમને બોલાવ્યા અને ઘઉંનો હિસાબ કરીને ફકીરોને અલગ અલગ ભાગ કરીને આપી દીધા. બાકીના ઘઉં ઘરે લઈ ગયા. ઘરમાં ઘઉંના મોટા મોટા ડબ્બા ભરી લીધા. તે બધા ઘઉંનું પ્રમાણ કેટલું છે તેની માહિતી હતી ! પરંતુ, જયારે હિસાબ કર્યો

ત્યારે ખબર પડી કે ફકીરોને ઝકાત પેટે જે ઘઉં આપવામાં આવ્યા હતા તેટલું પ્રમાણ ઓછું થયું નથી અને ઝકાત આપ્યા પહેલા જેટલા ઘઉં હતા તેટલા જ પ્રમાણમાં રહ્યા છે.

એ જ કિતાબમાં હાજી મહદી સુલ્તાન આબાદીએ લખ્યું છે કે, એક વર્ષે જયારે મેં ખેતીવાડીની ઉપજ લેવાનું કાર્ય પૂરૂં કરીને ઘઉંનું વજન કર્યું અને તેની ઝકાત જે જગ્યાએ સ્થળ ઉપર જ આપી દીધી. ત્યાર પછી એક માસ સુધી ઘઉં તે જ જગ્યાએ પડયા રહ્યા. તેમાંથી જાનવર અને ઉંદર ઘઉં ખાતા રહ્યા. ત્યાર પછી જયારે મેં તે ઘઉંનું વજન કર્યું તો તે ઘઉંનું વજન પહેલા દિવસ જેટલું જ થયું. એટલે

કે, જે અનાજ ઝકાત પેટે આપ્યું હતું અને જાનવર વગેરેએ જેટલું નુકશાન પહોંચાડયું હતું તેટલા ઘઉં પણ તેમાંથી ઓછા થયા ન હતા.

## ઝકાતના પ્રકાર અને પ્રમાણ

ઝકાતના બે પ્રકાર છે. વાજિબ અને મુસ્તહબ. વાજિબ ઝકાતના બે પ્રકાર છે, માલની ઝકાત અને શરીરની ઝકાત.

(ઝકાતે ફિત્રા). માલની ઝકાત નવ વસ્તુઓ ઉપર છે. જેમાં ચાર પ્રકારના ખાદ્ય પદાર્થ (ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ (ફક્ષ). ત્રણ પ્રકારના જાનવર (ઘેંટા, ગાય અને ઊંટ) અને બે પ્રકારની ધાતુ (સોનું અને ચાંદી)

ચાર પ્રકારના ખાદ્ય પદાર્થ ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ (ફક્ષ) તેના નિશ્ચિત પ્રમાણ સુધી પહોંચે ત્યારે તેની ઉપર ઝકાત વાજિબ થાય છે. તે પ્રમાણ ૨૮૦ મણ તબરેઝીથી ૪૫ ઓછું એટલે કે લગભગ ૮૪૭ કીલો ગ્રામ થાય છે. જો ઘઉં, જવ, ખજૂર અને કિસમિસની સિંચાઈ વરસાદના પાણીથી અથવા નહેરથી થઈ હોય અથવા જમીનની ભીનાશથી (જેમ કે મિસરની અમુક જમીનમાં થાય છે) કરવામાં આવી હોય તેની ઝકાત દસમો (૧૦) ભાગ થશે અને જો કૂવાના પાણીથી કરવામાં આવી હોય તો વીસમો (૨૦) ભાગ ઝકાત થશે. ત્રણ પ્રકારના જાનવરની ઝકાત નીચે મુજબ છે.

(૧) ઘેટાની ઝકાતના પાંચ ધોરણ છે :

નિસાબ : (ધોરણ)

(નિસાબ એટલે ઝકાત વાજિબ થવા માટેનું પ્રમાણ)

પહેલો નિસાબ : ચાલીસ છે અને તેની ઝકાત એક ઘેટું છે અને ચાલીસથી ઓછા ઘેંટા ઉપર ઝકાત નથી.

બીજો નિસાબ : એકસો એકવીસ (૧૨૧) છે. તેની ઝકાત બે ઘેટાં છે.

ત્રીજો નિસાબ : બસો એક (૨૦૧) છે. તેની ઝકાત ત્રણ ઘેટાં છે.

ચોથો નિસાબ : ત્રણસો એક(૩૦૧) છે. તેની ઝકાત ચાર ઘેટાં છે.

પાંચમો નિસાબ : ચારસો અથવા તેનાથી વધારે છે. એ સંજોગોમાં દરેક સો સો નો ભાગ કરીને દરેક એકસો ઘેટાં ઉપર એક ઘેટું ઝકાત છે.

(૨) ગાયના બે નિસાબ છે :

પહેલો નિસાબ : ગાયની ઝકાતનો પહેલો નિસાબ ત્રીસ (૩૦) છે. (એટલે કે કોઈની પાસે ત્રીસ ગાય હોય તો તેની ઉપર ઝકાત વાજિબ થઈ જાય છે) અને તેની ઝકાત ગાયનું એક એવું (બચ્ચું) વાછરડું છે જે બીજા વર્ષમાં પ્રવેશી ગયું હોય અને ત્રીસની ઓછી સંખ્યા ઉપર ઝકાત નથી.

બીજો નિસાબ : બીજો નિસાબ ચાલીસ(૪૦) છે. અને તેની ઝકાત એક માદા બચ્ચું જે ત્રીજા વર્ષમાં પ્રવેશી ગયું હોય તે છે. સાંઈઠ(૬૦) ગાય ઉપર બે વર્ષના બે વાછરડા, સિત્તેર (૭૦) ઉપર એક બે વરસનું અને એક ત્રણ વરસનું વાછરડું અને તેવી જ રીતે પ્રમાણ વધતું જાય તો ત્રીસ અથવા ચાલીસ ચાલીસનો હિસાબ કરીને ઝકાત આપવી જોઈએ.

(૩) ઊંટની ઝકાતના બાર ધોરણ છે :

પહેલો નિસાબ : પાંચ (૫) ઊંટ છે. તેની ઝકાત એક ઘેટું છે અને જો ઊંટની સંખ્યા પાંચથી ઓછી હોય તો તેની ઉપર ઝકાત વાજિબ નથી.

બીજો નિસાબ : દસ (૧૦) ઊંટ છે અને તેની ઝકાત બે ઘેટાં છે.

ત્રીજો નિસાબ : પંદર (૧૫) ઊંટ છે અને તેની ઝકાત ત્રણ ઘેટાં છે.

ચોથો નિસાબ : વીસ (૨૦) ઊંટ છે અને તેની ઝકાત ચાર ઘેટાં છે.

પાંચમો નિસાબ : પચ્ચીસ (૨૫) ઊંટ છે અને તેની ઝકાત પાંચ ઘેટાં છે.

છઠ્ઠો નિસાબ : છવ્વીસ (૨૬) ઊંટ છે અને તેની ઝકાત બે વરસનું એક ઊંટ છે.

સાતમો નિસાબ : છત્રીસ (૩૬) ઊંટ છે અને તેની ઝકાત ત્રણ વરસનું એક ઊંટ છે.

આઠમો નિસાબ : છેતાલીસ (૪૬) ઊંટ છે અને તેની ઝકાત ચાર વરસનું એક ઊંટ છે.

નવમો નિસાબ : એકસઠ (૬૧) ઊંટ છે અને તેની ઝકાત પાંચ વરસનું ઊંટ છે.

દસમો નિસાબ : છોંતેર (૭૬) ઊંટ છે અને તેની ઝકાત ત્રણ વરસના બે ઊંટ છે.

અગિયારમો નિસાબ : એકાણું (૯૧) ઊંટ છે અને તેની ઝકાત ચાર વરસના બે ઊંટ છે.

બારમો નિસાબ : એકસો એકવીસ (૧૨૧) ઊંટ છે અને તેની ઉપર જેટલા પ્રમાણમાં સંખ્યા વધતી જાય તો તેની ઝકાત દરેક ચાલીસ ઊંટ ઉપર ત્રણ વરસનું એક ઊંટ

થશે. અથવા દરેક પચાસ ઊંટ ઉપર ચાર વરસનું એક ઊંટ થશે.

**સોના અને ચાંદીનો નિસાબ :**

ચાંદીના સિકકાના બે પ્રકારના નિસાબ છે.

પહેલો નિસાબ : પહેલો નિસાબ એકસો પાંચ (૧૦૫) મિસ્કાલ છે. જો તે ચાંદી એક વર્ષ સુધી પડી રહી હોય અને તેનો કોઈ સોદો (વ્યવહાર) કરવામાં આવ્યો ન હોય તો તેમાંથી ૧/૪૦ (ચાલીસમો ભાગ) એટલે કે બે મિસ્કાલ અને પંદર ચણા જેટલી ઝકાત આપવી પડશે. (અને જો તેટલા પ્રમાણમાં ચાંદી ન હોય તો તેની ઝકાત આપવી વાજિબ નથી.

બીજો નિસાબ : એકવીસ મિસ્કાલ છે. એટલે કે જો એકસો પાંચ (૧૦૫) મિસ્કાલથી એકવીસ મિસ્કાલ અને વધારે થઈ જાય તો પછી બધી જ એકસો છવ્વીસ મિસ્કાલ ચાંદીની ૧/૪૦ (ચાલીસમો ભાગ) ઝકાત તરીકે આપવી. અને જો અમુક વરસો સુધી (ચાંદી) પડી રહી હોય તો દરેક વર્ષે ચાલીસમો ભાગ ઝકાત તરીકે આપવી, સિવાય કે પહેલા નિસાબથી પણ ઓછું હોય.

**સોનાના સિકકાના પણ બે નિસાબ છે :**

પહેલો નિસાબ : વીસ મિસ્કાલ શરઈ છે. જેમાંથી દરેક મિસ્કાલ અઢાર ચણા બરાબર થાય છે. જે સામાન્ય રીતે પંદર મિસ્કાલ જેટલો

છે. અને જયારે પણ વીસ મિસ્કાલ શરઈ સોનું એક વર્ષ સુધી પડયું રહે તો તેનો ૧/૪૦ (ચાલીસમો ભાગ) જે ચણાના નવ દાણા જેટલો થાય છ તેટલી ઝકાત આપવી પડશે.

બીજો નિસાબ : ચાર મિસ્કાલ શરઈ છે. એટલે કે, જયારે વીસ મિસ્કાલમાં ચાર મિસ્કાલ વધી જાય ત્યારે તે બધાનો ૧/૪૦ (ચાલીસમો ભાગ) અદા કરે. જો ઓછો વધારો થયો હોય તો તે પહેલા પ્રમાણ મુજબ નવ ચણા જેટલું માપ પૂરતું છે. તેવી જ રીતે જેટલું પ્રમાણ વધે એટલે કે ચાર વધે તો તે બધાની ઝકાત અદા કરે. જો ચારથી ઓછો વધારો થયો હોય તો વધારાની ઝકાત નથી. આમ સમગ્ર રીતે જયારે ચાંદી

એકસો પાંચ મિસ્કાલ અને સોનું પંદર મિસ્કાલથી સામાન્ય વધારે હોય તો તે બધા ૧/૪૦ (ચાલીસમો ભાગ) અદા કરે. તો વાજીબુલ અદા થઈ જશે. બલકે તો પણ વધારે જ આપ્યું છે.

આગળ ઉલ્લેખ થઈ ગયો છે તે પ્રમાણે ઉપર જણાવ્યા છે તે બધા ઝકાતના જનરલ હુકમો છે. તેના વિગતવાર મસાએલ અને કુરઆત રિસાલએ અમલીય્યાહમાં મોજૂદ છે અને જે (વ્યકિત) જાણવા માંગે તો તેમાં (રિસાલએ અમલીય્યાહ)નો અભ્યાસ કરીને જાણી શકે છે.

*(અનુવાદકની નોંધ : ઝકાત વગેરેના પ્રમાણ માટે જે મુજતહીદે આલમની તકલીદમાં હોઈએ તેમની તવઝીહુલ મસાએલની કિતાબમાંથી વિગતવાર માહિતી જાણીને પછી અમલ કરવા વિનંતી છે.)*

## ઝકાતે ફિત્રા :

જે માણસ ઈદુલ ફીત્રની રાત્રે (એટલે કે શવ્વાલ મહીનાની પહેલી રાત્રે) સૂર્યાસ્ત વખતે બાલીગ, આકીલ અને ગની (એટલે કે જેની પાસે કોઈ કામ-કમાવાનું સાધન હોય, મહીના અથવા વર્ષના અંતે પોતાની આવકના સાધનોમાંથી પોતાના આખા વર્ષનો ખર્ચ કાઢી શકતો હોય તે ગની કહેવાય છે) થઈ જાય તો

તેની ઉપર તેનો પોતાનો અને પોતાની ઉપર જે લોકોની ખાધા ખોરાકીની જવાબદારી હોય- જેમાં દૂધ પીતા બાળકો અને મહેમાનનો પણ સમાવેશ થઈ જાય છે. તે બધાના માટે એક સાઅ જે લગભગ ત્રણ કીલો ગ્રામ થાય છે તેટલા ઘઉં અથવા ખજૂર અથવા કિસમિસ અથવા ચોખા અથવા રોટલી વગેરે (ફીતરા તરીકે) કોઈ મુસ્તહકને આપે અને જો તે વસ્તુઓની તેટલી કિંમત (રકમ) અદા કરે તો પણ પૂરતું છે.

યાદ રાખજો, કે ઝકાતે ફિત્રાનો તાત્કાલિક થતો લાભ એ છે કે ઝકાતે ફિત્રા અદા કરનાર વ્યકિત તે વર્ષે મોતથી સુરક્ષિત રહે છે.

(એટલે કે આકસ્મિક મોતથી સુરક્ષિત રહેશે. કુદરતી રીતે મોત નિશ્ચિત હશે તો ઈન્તેકાલ પામશે.)

રિવાયત છે કે, ઈમામ જાફરે સાદિક (અલય્હિસ્સલામ) પોતાના આર્થિક વ્યવસ્થાપકને ફરમાવ્યું કે, “જાઓ, મારા ઘરના તમામ સભ્યોની ઝકાતે ફિત્રા અદા કરો અને તેમાંના કોઈની પણ ઝકાતે ફિત્રા અદા કરવાનું ભૂલતા નહીં. કેમકે, જો કોઈની ઝકાતે ફિત્રા અદા કરવામાં ન આવે. તો તેમનો નાશ થવાનો મને ડર રહેશે.” તેણે પૂછયું : “નાશ થવાનો શું અર્થ ?” ત્યારે આપે(અલય્હિસ્સલામ) જવાબ આપ્યો : “મોત અને તે (ઝકાતે ફિત્રા) અદા

કરવાનો સવાબ એ છે કે તેનાથી એક મહીનાના રોઝા કબૂલ થાય છે.”

ઈમામ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું : “ઝકાતે ફિત્રા માહે મુબારકે રોઝાને સંપૂર્ણ કરે છે.”

## ઝકાતે ફિત્રા કોને આપવી ? :

“નિઃસંશય ઝકાત (ખૈરાત) તો (ફકત) ફકીરોનો હક છે અને મોહતાજોનો અને તે (ઝકાત) ભેગી કરનારાઓ માટે છે અને જેમના અંતઃકરણો (ઈસ્લામ તરફ) વળેલા છે. વળી ગરદન છોડાવવા માટે (ગુલામોને આઝાદ કરાવવા) અને કર્ઝદારો માટે (જે પોતાની જાતે પોતાનું કર્ઝ અદા કરી શકતા ન હોય) અને

ખુદાની રાહમાં જેહાદ કરનારાઓનો અને પરદેશીઓની મદદમાં (ખર્ચ કરવો જોઈએ) (આ હકો) ખુદા તરફથી નિશ્ચિત કરાએલા (ઝકાતના નિયમો) છે અને ખુદા ખૂબ જ મોટો જ્ઞાની અને હીકમતવાળો છે.” (સુરએ તૌબા - ૯, આ : ૬૦)

ઝકાતના માલને આઠ જગ્યાએ ખર્ચ કરી શકાય છે જેનો ઉલ્લેખ ઉપરની આયત શરીફામાં કરવામાં આવ્યો છે, જેની વિગત નીચે મુજબ છે.

૧. ફકીર : ફકીર એટલે એવો માણસ જેની પાસે પોતાના કુટુંબીજનોની આખા વર્ષની ખર્ચની રકમ ન હોય. (એટલે કે સિલક મોજૂદ

ન હોય) અને પછી પણ તે આખા વર્ષનો ખર્ચ કરી શકે તેમ ન હોય. જો કોઈ પાસે હુન્નર ઉદ્યોગ, (વ્યવસાય) સંપત્તિ હોય અને જો તે પોતાનો અને પોતાના બાલ બચ્ચાનો આખા વર્ષનો ખર્ચ પૂરો કરી શકે તેમ હોય તો માણસ 'ફકીર' ગણાતો નથી.

(૨) મીસ્કીન : મીસ્કીન એવી વ્યકિત છે જે ફકીર કરતા પણ વધારે તંગદસ્ત હોય.

(૩) એ વ્યકિતને પણ ઝકાત આપી શકાય છે કે જે ઈમામ (અલય્હિસ્સલામ) અથવા નાએબે ઈમામ તરફથી ઝકાત એકઠી કરતા હોય અને ઈમામ (અલય્હિસ્સલામ), નાએબે

ઈમામ અથવા મુસ્તહકને ઝકાતની રકમ પહોંચાડતા હોય.

(૪) એ મુસલમાનો કે જેનું ઈમાન કમઝોર હોય અને તેનું ઈમાન મજબૂત કરવા માટે અને તેને સાબિત કદમ રાખવા માટે ઝકાતની રકમ ખર્ચી શકાય છે.

(૫) જે ગુલામ મુશ્કેલીમાં ફસાએલો હોય તેને આઝાદ કરાવવાની નિય્યતથી અથવા તેને ખરીદવા માટે ઝકાતની રકમનો ખર્ચ કરી શકાય છે.

(૬) એ કર્ઝદાર જે પોતાનું કર્ઝ અદા કરવાની શક્તિ ધરાવતો ન હોય તેને ઝકાતની રકમ આપી શકાય છે.

(૭) રાહે ખુદામાં ઝકાતની રકમ ખર્ચી શકાય છે અને તેનો અર્થ એ છે કે એવા દરેક કામ જેનો સમગ્ર રીતે દીની ફાયદો થતો હોય. જેમ કે, મસ્જિદો અથવા એવા મદ્રેસા સ્થાપવા, જયાં દીની તાલીમ આપવામાં આવતી હોય અથવા પુલ બનાવવા અથવા બે સમૂહો અથવા બે વ્યકિતઓ વચ્ચે સમાધાન કરાવવા અથવા ઈબાદતમાં મદદ કરવી વગેરે.

**મુસ્તહબ ઝકાત :**

સાત વસ્તુઓમાંથી ઝકાત આપવી મુસ્તહબ છે.

(૧) સંપત્તિ : એટલે એવો માલ જેનાથી માણસ વેપારના વ્યવહારમાં ખર્ચ કરવા માંગતો હોય.

(૨) દાળના વિવિધ પ્રકાર, જેમ કે ચોખા, દાળ, અડદ વગેરે. પરંતુ શાકભાજી જેમ કે રીંગણા, કાકડી, તરબૂચ, સાકરટેટી વગેરે ઉપર ઝકાત નથી.

(૩) માદા ઘોડી.

(૪) આભૂષણ અને શણગારની વસ્તુઓ મોઅમીનોને ઉછીની આપવી.

(૫) છૂપો અથવા દફન કરાએલો માલ જે માલનો ઉપયોગ થતો ન હોય તો

ઈસ્તેતાઅતના સંજોગમાં તેની એક વરસની ઝકાત આપવી મુસ્તહબ છે.

(૬) જો કોઈ ઝકાતથી છુટકારો મેળવવાના હેતુથી તે પ્રમાણે ખર્ચ કરે (એટલે કે, ઝકાતના પોતાની પાસેના માલ, જાનવર વગેરેમાંથી એક વર્ષ પૂરૂં થવા પહેલા તેમાંથી અમુક ભાગને વેચી દે) તો તેવા માલમાંથી પણ વર્ષ શરૂ થતા વખતે ઝકાત આપે.

(૭) માલે ઈજારા એટલે કે ઘર, દુકાન, બાગ, હમામ, વગેરેના ભાડા અને ઈજારાની રકમમાંથી ઝકાત આપવી મુસ્તહબ છે.

**અન્ય વાજિબ ઈન્ફાક :**

ઝકાત પછી સૌથી વધારે અગત્યની વાજિબે ઈલાહી ખુમ્સ છે, જેને ખુદાવંદે આલમે પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેની આલ માટે મુકર્રર કરેલ છે. કેમ કે, ઝકાત તેમના માટે હરામ છે. જે કોઈ ખુમ્સમાં એક પણ દીરહમ અથવા તેનાથી પણ ઓછી રકમ અદા ન કરે, તો તે આલે મોહમ્મદ (અલય્હિસ્સલામ)ના હક ઉપર સિતમ કરનાર અને ગસ્બ કરનારાઓમાંથી હશે અને જો તે માલને પોતાના માટે હલાલ સમજે અને તે (ખુમ્સ) વાજિબ હોવાનો ઈન્કાર કરે તો કાફરોમાંથી છે. કેમ કે, ખુમ્સનું વાજિબ હોવું ઈસ્લામના સમૂહ અને કુર્આને મજીદે તો તેને

ખુદા પર ઈમાનની એક શર્ત ગણાવી છે. અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

“.....અને જાણી લ્યો જે નફો તમે કોઈ વસ્તુમાંથી મેળવો (લડાઈ દરમિયાન તમે જે વસ્તુ લૂંટના માલ તરીકે મેળવો) તો તેમાંથી પાંચમો ભાગ ખુદા અને રસુલ અને(રસુલના) સગાં વહાલાઓનો, યતીમો, મીસ્કીનો અને મુસાફરોનો છે અને જો તમે ખુદા પર અને તે (ગૈબી મદદ) પર ઈમાન રાખતા હો જે અમે અમારા (ખાસ) બંદા (હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) નિર્ણયના દિવસે (જંગે બદરમાં) ઉતારી હતી જે દિવસે (મુસલમાનો અને કાફરો) બે પક્ષો સામ

સામા થઈ ગયા હતા. અને ખુદા તો દરેક વસ્તુ ઉપર કાબુ ધરાવનાર છે.” (સુરએ અન્ફાલ -૮, આ : ૪૧)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “અમો અહલેબૈત ઉપર ખુદાવંદે આલમે ઝકાત હરામ કરી છે અને અમારા માટે ખુમ્સ મુકર્રર કર્યુ છે. સદકો અમારી ઉપર હરામ છે. ખુમ્સ અમારા માટે વાજિબ અને હદીયો(ભેટ-પુરસ્કાર) અમારા માટે જાએઝ છે.” (મનલન યહઝરૂલ ફકીહ, ભાગ - ૨, પાના ૪૧)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “કયામતના દિવસે લોકો માટે સૌથી કપરો સમય એ હશે

જયારે ખુમ્સના હકદાર ઊભા થશે અને જે લોકોએ (ખુમ્સ) અદા નથી કર્યું તેમની પાસે પોતાના હકની માંગણી કરશે.” (કાફી, ભાગ - ૧, પાના નંબર ૫૪૬)

## રોઝીમાં વૃધ્ધિ, માલની પાકીઝગી - આવતી કાલ માટે સંગ્રહ :

હઝરત ઈમામ અલી રઝા (અલય્હિસ્સલામ)ના દોસ્તો પૈકી ફારસના એક વેપારીએ ઈમામ (અલય્હિસ્સલામ)ને પત્ર લખ્યો અને પોતાના જે માલમાંથી ખુમ્સ કાઢયું ન હતું તેમાંથી વાપરવાની પરવાનગી માંગી. તેના જવાબમાં ઈમામ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે લખ્યું : બેશક, ખુદાવંદે આલમ વાસેઅ

(વધારનાર) અને કરીમ છે. જે કોઈ ખુદાવંદે આલમના હુકમ ઉપર અમલ કરે તેના માટે સવાબ અને જઝાએ ખૈરની જામીનગીરી આપી છે અને જે કોઈ તેના હુકમની અવગણના કરે તેના માટે અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. બેશક, ઈન્સાન માટે ખુદાવંદે આલમે જે માલ હલાલ કર્યો છે તે (વાપરવો) જ જાએઝ છે. નિઃસંશય ખુમ્સ અમારી જરૂરત છે અને અમારા દીનનો હુકમ છે. અમારા દોસ્તો માટે રોઝગારનું માધ્યમ છે અને તે અમારી ઈઝઝતના રક્ષણ (એટલે કે જે લોકો તરફથી અમને તકલીફ પહોંચવાની શકયતા છે તેનાથી બચવા ખર્ચ) કરવા માટે છે. તેથી અમોને

ખુમ્સ(ની રકમ) આપવાનું ટાળો નહીં અને શકય હોય ત્યાં સુધી તમે અમારી દુવાઓથી વંચિત ન રહો. બેશક, ખુમ્સ આપવું એ તમારી રોઝીનું વિશાળ થવાનું અને ગુનાહોથી પાક થવા માટેનું કારણ છે. અને તે પરેશાની અને નિસહાયતા (કયામત) ના દિવસ માટેનો સંગ્રહ છે અને મુસલમાન તે જ છે જેણે ખુદાવંદે આલમની ઈતાઅત અને બંદગી માટે જે વાયદો કર્યો છે તેને પૂરો કરે અને જે કોઈ મોંઢેથી (વાયદાની) કબૂલાત કરે પણ દિલથી તેનો વિરોધ કરે તો તે મુસલમાન નથી.(વાફી, કાફી અને તહેઝીબમાથી)

હઝરત હુજજત ઈબ્નીલ હસને અ.ત.ફ. આપ (અલય્હિસ્સલામ)ના ખાસ નાયબ મોહમ્મદ બિન ઉસમાન મારફત અબુલ હસન અસદીને એક પત્ર મોકલ્યો હતો જેમાં લખ્યું હતું:

બિસ્મિલ્લાહિર રહમાનીર રહીમ :

અલ્લાહ તઆલા, મલાએકા અને તમામ લોકોની એ ઈન્સાન ઉપર લાઅનત થાય છે, જે અમારા માલમાંથી એક દીરહમને પણ જાએઝ સમજે.

અબુલ હસન અસદી કહે છે કે, મેં એમ માન્યું કે જે કોઈ ઈમામ (અલય્હિસ્સલામ) નો કોઈ પણ પ્રકારનો માલ ખાવાને જાએઝ સમજે

તે લાઅનતને પાત્ર છે. (અને જે માણસ હલાલ સમજયા વગર ખાય તે લાઅનતને પાત્ર નથી) અને તમામ મોહર્રમાતે - ઈલાહીનો આ જ હુકમ છે. એટલે કે જે કોઈ ખુદાએ હરામ ઠેરવેલ બાબતોને હલાલ સમજે તો તે લાઅનતને પાત્ર થશે અને આ રીતે ઈમામ (અલય્હિસ્સલામ) નો માલ ખાવા અને બીજા હરામ કામોમાં કોઈ ફર્ક નથી.

ખુદાની કસમ, જેણે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને બશારત દેનાર તરીકે મોકલ્યા. મેં જોયું તો તે પત્રમાં જે કાંઈ લખાણ હતું તે ભૂંસાઈ ગયું અને તેની જગ્યાએ આ પ્રમાણે લખાઈ ગયું કે,

અમારા માલ(હકે સાદાત) માંથી અમારી મંજૂરી વગર એક દીરહમ પણ ખાનાર માણસ ઉપર ખુદાએ અઝઝ વ જલ્લ અને તમામ લોકોની લાઅનત છે. (ઈકમાલુદ્દીન - સદુક અ.ર., બાબે તોકીઆત, પાના નંબર ૫૬૩ ) એટલે કે, બેશક તેને હલાલ ન સમજતો હોય. આ ઉપરાંત પણ ખુમ્સની તાકીદમાં ઘણી રિવાયતો છે.

## ખુમ્સ કઈ વસ્તુ ઉપર વાજિબ અને ખુમ્સની રકમ કયાં વાપરવી ?

ખુમ્સ સાત વસ્તુઓ ઉપર વાજિબ છે :

(૧) લડાઈમાં મળેલો માલે ગનીમત.

(૨) જવાહેરાત જે સમુદ્રમાં ડૂબકી લગાવીને કાઢવામાં આવે છે.

(૩) ખાણ.

(૪) ખજાના.

(૫) ધંધા વગેરેમાં થતો નફો.

(૬) એ હલાલ માલ કે જે હરામ માલમાં ભળી ગયો હોય અને તેના પ્રમાણની માહિતી ન હોય.

(૭) એ જમીન જે કાફીરે ઝીમ્મી (કોઈ) મુસલમાન પાસેથી ખરીદે.

ઉપર જણાવેલ તમામ વસ્તુઓ ઉપર ખુમ્સ કઈ રીતે અદા કરવું તેની શરતો અને હુકમોનું રિસાલએ અમલીય્યાહમાં વર્ણન કરવામાં આવ્યું છે.

ખુમ્સના બે ભાગ કરવા જોઈએ. જેમાંથી એક ભાગ સાદાતનો છે, જે કોઈ એવા સૈયદને આપવો જોઈએ, જે ફકીર અથવા યતીમ હોય અથવા મુસાફરીમાં જેની પાસે ખર્ચની રકમ ખલાસ થઈ ગઈ હોય. ખુમ્સનો બીજો ભાગ ઈમામે ઝમાના અ.ત.ફ. નો છે જેઓ ગૈબતમાં છે. તેઓની ગૈબતના ઝમાનામાં તેઓનો હિસ્સો તેઓના નાએબ મુજતહીદ જામેઉશ્શરાએતને આપવો જોઈએ અથવા તે રકમનો ઉપયોગ એવા કામોમાં કરવો જોઈએ જે કામમાં તે રકમનો ઉપયોગ કરવાની જામેઉશ્શરાએત પરવાનગી આપે.

કલમએ તય્યબહ નામની કિતાબમાં સાદાતે જલીલહની સાથે નેકી અને અહેસાન કરવા વિષે અને તેનાથી થતા ફાયદાઓ વિષે ચાલીસ હિકાયત લખવામાં આવી છે. અમે તે પૈકી ફકત એક હિકાયત પ્રસ્તુત કરી રહ્યા છીએ. ‘અરબઈન’, ‘મુન્તખબુદ્દીન’, ‘કિતાબે ફઝાઈલેશાઝાન’, અને ‘તોહફતુલ અઝહાર’,વસીલતહુલ માલ’ નામની કિતાબોમાં જેદી જેદી સનદો સાથે આ વાત નોંધવામાં આવી છે કે, ઈબ્રાહીમ બિન મહેરાન કહે છે : કૂફામાં મારા પાડોશમાં અબુ જાફર નામના એક નેક અખ્લાક પડોશી રહેતા હતા.જયારે કોઈ સૈયદ તેની પાસે જઈને કોઈ વસ્તુ માંગતા

ત્યારે તે આપતા. જો કોઈ સૈયદ તે વસ્તુની કિંમત ચૂકવતા તો તે લઈ લેતા અને જો કોઈ ન આપે તો પોતાના ગુલામને કહેતા કે (ખાતામાં) લખી નાખો કે આ રકમ અલી ઈબ્ને તાલિબે લીધી છે. ઘણાં લાંબા સમય સુધી તેની આ પ્રથા ચાલુ રહી. જયારે તેની હાલત ખરાબ થઈ ગઈ અને તે ફકીર અને મોહતાજ થઈ ગયા ત્યારે તે પોતાના ઘરમાં બેઠા બેઠા હિસાબ કિતાબના જૂના રજીસ્ટર (ખાતાવહી) જોઈ રહ્યા હતા જેમાંથી તેના કોઈ કર્ઝદાર જીવતા હોય તો પોતાના માણસને મોકલીને તેની પાસેની બાકીની રકમ મંગાવી લેતા અને જો કર્ઝદાર ઈન્તેકાલ કરી ગયો હોય અને તેનો માલ પણ

ન હોય તો તેના ખાતાની નીચે લીટીનું નિશાન કરી નાખતા. એ જ દિવસોમાં એક દિવસ તે ઘરના દરવાજા પાસે બેઠા બેઠા તેના જૂના રજીસ્ટર તપાસી રહ્યા હતા ત્યારે એક નાસેબી (હઝરત અલી અલય્હિસ્સલામનો વિરોધી) માણસ ત્યાંથી પસાર થયો. તે નાસેબીએ તેની મશ્કરી કરતા ટોણો માર્યો કે તારા મોટા કર્ઝદાર હઝરત અલી ઈબ્ને અબી તાલીબે (અલય્હિસ્સલામ) તારી સાથે શું કર્યું ? અબુ જાફરને આ વાત સાંભળીને ઊંડું દુઃખ થયું. તેઓ ત્યાંથી ઉઠીને ચાલ્યા ગયા. તે જ રાત્રે તેમણે એક સ્વપ્નું જોયું. જેમાં તેમણે જોયું કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) તશરીફ લાવ્યા છે. તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સાથે ઈમામ હસન(અલય્હિસ્સલામ) અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પણ છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેઓને ફરમાવ્યું કે, "તમારા વાલીદ કયાં છે ?" ત્યારે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) કે જેઓ પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાછળ બેઠા હતા. તેઓ (અલય્હિસ્સલામ) એ જવાબ આપ્યો કે, "હું અહીં મોજૂદ છું" અથવા રસૂલલ્લાહે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું કે, "આ માણસનો હક કેમ

અદા નથી કરતા ?” ત્યારે તેઓએ ફરમાવ્યું, “યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) હું આ માણસનો હક લઈને આવ્યો છું.” રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “તેમને આપી દો.” ત્યારે તેઓએ સફેદ ઉનની થેલી તેઓને આપી અને ફરમાવ્યું, “આ તમારો હક છે.” ત્યાર પછી રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું કે, “આ લઈ લો એ જયારે પણ તેમના (હઝરત અલી અલય્હિસ્સલામના) ફરઝંદોમાંથી કોઈ તારી પાસે આવે અને તારી પાસે કોઈ વસ્તુ હોય તે માંગે તો તેને ખાલી હાથે પાછો ફેરવતો

(કાઢતો) નહીં, જા આ પછી તારી કોઈ પરેશાની કે મોહતાજી નહીં રહે.”

એ માણસનું કહેવું છે કે, તે જયારે ઊંઘમાંથી સ્વપ્ન જોઈને જાગ્યો ત્યારે મારા હાથમાં તે થેલી મોજૂદ હતી. મેં મારી પત્નીને જગાડી અને તેને દીવો સળગાવવા કહ્યું. જયારે તે થેલી ખોલીને જોયું તો તેમાં એક હજાર અશરફીઓ હતી. મારી પત્નીએ મને કહ્યું કે, “અય બંદે ખુદા, ખૌફે ખુદા કરો, કયાંક તમે વેપારીનો માલ લઈ લેવા માટે પ્રેરાયા તો નથી ને અને આ બીજા કોઈનો માલ તો નથીને ?” મેં કહ્યું, “ખુદાની કસમ, એવું નથી.” એમ કહીને મેં મારા સ્વપ્નની આખી વાતનું વર્ણન કર્યું. ત્યારે

મેં મારા કર્ઝદારનું રજીસ્ટર મંગાવ્યું. તેમાં અલી ઈબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)ના ખાતામાં તેમની ઔલાદ (સાદાત)ને જે રકમ આપી હતી તે ખાતામાં જોયું તો તેમાં એક હજાર અશરફી બાકી લખી હતી અને મને મળેલી થેલીમાં પણ બરાબર એક હજાર અશરફી મોજૂદ હતી.

## એ કુટુંબીજનો જેમનો નિર્વાહ ખર્ચ આપવો વાજિબ છે.

(કાએમી નિકાહ કરેલી) પત્ની જે આજ્ઞાકારી હોય તેનો અને તેના સંતાન અને તેના સંતાન એ રીતે નીચેના ક્રમે જે સંતાનો જરૂરતમંદ હોય તેના જીવન નિર્વાહનો ખર્ચ

આપવો વાજિબ છે અને માં બાપ અને બાપના બાપ, માં ની માં અને તેવી રીતે ઉપરના ક્રમે જતા જઈએ તે બધામાં જે જરૂરતમંદ હોય તેમનો જીવન નિર્વાહ ખર્ચ આપવો વાજિબ છે. જે ઈન્સાનમાં વાજિબ જીવન જરૂરી ખર્ચ આપવાની શક્તિ હોય, તેમ છતાં તે ન આપે તો તે કત્એ રહેમ ગણાશે. જેની વિગત આગળના ભાગોમાં કત્એ રહેમના પ્રકરણમાં આવી ગઈ છે.

(૧) મુસ્તહબ ઈન્ફાક :

(ઈન્ફાક એટલે જીવન નિર્વાહ માટે આપવામાં આવતો ખર્ચ)

મુસ્તહબ ઈન્ફાકના ઘણા પ્રકાર છે. મુતવાતીર આયાત અને રિવાયતમાં તે વિષે

ઘણી જ તાકીદ કરવામાં આવી છે. ખાસ કરીને, એ દિવસો જેમકે જુમ્આનો દિવસ, અરફાનો દિવસ, માહે મુબારક રમઝાન અથવા ખાસ વ્યકિતઓ જેમકે પાડોશી, સગા વહાલાં વગેરે. સદકો એ બીમારીની દવા, બલાઓને દૂર કરનાર, માલમાં વૃધ્ધિ કરનાર અને ઓચિંતી આવતી આફતો જેમ કે : ખરાબ મોત, બળી જવું, ડૂબી જવું વગેરેથી સલામત રાખે છે. એટલે સુધી કે સદકાથી સિત્તેર (૭૦) બલાઓ દૂર થાય છે. સદકામાં જેટલું વધારે આપવામાં આવે તેટલું પરિણામ સારૂં મળે છે અને સદકાનું પ્રમાણ ઓછું હોવાની પણ કોઈ મર્યાદા નથી.

ઓછામાં ઓછા ખજૂરના એક દાણા જેટલો સદકો પણ આપી શકાય.

## (૨) હદિયો :

કોઈ માણસ સાથે મિત્રતા વધારવાના હેતુથી પોતાના કોઈ ગરીબ કે અમીર મોમીન ભાઈને કોઈ વસ્તુ (ભેટ) આપવામાં આવે અને તેમાં કુરબતની નિયત હોય તો તેને અફઝલ ઈબાદતમાંની એક ઈબાદત છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે : "જો હું મારા મોમીન ભાઈને હદિયા તરીકે કોઈ વસ્તુ આપું તો તેને સદકો આપવાથી વધારે પસંદ કરૂં છું." (કાફી, ભાગ - ૫, પાના - ૧૪૪)

### (3) મહેમાનગતિ :

મોમીનોની મહેમાન નવાઝી કરવાની ફઝીલતમાં ઘણી રિવાયતો છે. આ ગુણ અમ્બીયાએ કેરામ (અલય્હિસ્સલામ)ના સદ્ગુણોમાંથી એક એક સદગુણ છે. રિવાયતમાં છે કે, હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ત્યાં સાત દિવસ સુધી કોઈ મહેમાન ન આવ્યો ત્યારે આપ (અલય્હિસ્સલામ) રડતા રડતા કહેવા લાગ્યા કે, “મને એ વાતનો ડર છે કે કયાંક ખુદાવંદે આલમે મારા ઉપરથી લુત્ફો કરમની નજર હટાવી ન લીધી હોય.”

હકક માઅલૂમ અને મહેરૂમ :

(સ્પષ્ટ અધિકાર અને તેનાથી વંચિત રાખવું)

કોઈ મુસલમાન પોતાના માલ મિલ્કતમાંથી પોતાની હેસિયત મુજબ માલનું અમુક પ્રમાણ દરરોજ અથવા દર અઠવાડીયે અથવા મહિને નિયમિત રીતે પોતાના સગા વહાલા અને જરૂરતમંદોને આપવાનું નક્કી કરે. ખુદાવંદે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે કે, “અને જેઓના માલમાં માંગનાર અને (શરમના કારણે) ન માંગનાર (મહરૂમ) માટે એક ભાગ નક્કી કરવામાં આવ્યો છે.” (સૂરએ મઆરીજ - ૭૦, આ : ૨૪ -૨૫)

હઝરત ઈમામ મૂસા બિન જાફર (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે, બની ઈસરાઈલના લોકોમાંથી એક સાલેહ માણસ હતો. તેની પત્ની પણ સાલેહ (નેક સદગુણવાળી) હતી. તે માણસે એક દિવસ એક માણસને સ્વપ્નમાં જોયો. તે માણસ કહી રહ્યો હતો કે ખુદાવંદે આલમે તારી આટલી ઉંમર નક્કી કરી છે. જેમાંથી તારી અડધી ઉંમર ખુશહાલીમાં વીતશે. અને બીજી અડધી ઉંમર ગરીબી અને તંગદસ્તીમાં વીતશે. ખુદાવંદે આલમે તને એ વાતની પસંદગી કરવાનો અધિકાર આપ્યો છે કે, તું તારી ઝિંદગીની પ્રારંભનો અડધો ભાગ ખુશાલીમાં વીતે તેવું

ઈચ્છે છે કે પાછળનો અડધો ભાગ ખુશહાલીમાં વીતે તેવું ઈચ્છે છે ? તે માણસે સ્વપ્નમાં જવાબ આપ્યો કે, મારી એક નેક પત્ની છે જે મારા દરેક નેક કામમાં મારી સહભાગી બને છે. હું તેની સાથે મશ્વેરો કરીને જવાબ આપીશ. સવાર પડી ત્યારે તે માણસે તેની પત્ની સાથે એ બાબતે મશ્વેરો કર્યો. તેણીએ કહ્યું કે, જીવનના પ્રારંભના ભાગમાં ખુશહાલી મળે તેવું કબૂલ કરો, તેની સુખ શાંતિ મેળવી લેવામાં ઉતાવળ કરો. કદાચ ખુદાએ અઝ્ઝ વ જલ્લ આપણી ઉપર રહેમ ફરમાવે અને તેની રહેમતો આપણી ઉપર સંપૂર્ણ કરે. બીજા દિવસે જયારે તે માણસને સ્વપ્નમાં પૂછવામાં આવ્યું ત્યારે તેણે

કહ્યું કે : મારા જીવનની શરૂઆતનો ભાગ ખુશહાલીમાં વીતાવવા માંગું છું. ત્યારે તેને કહેવામાં આવ્યું કે, તારી ઈચ્છા મુજબ થશે. ત્યારપછી તો દરેક પ્રકારની નેઅમત અને સુખ સગવડ મળી ગઈ. તેની માલો દૌલત અને જાહોજલાલી વધી ગઈ. તેની પત્નીએ તેને કહ્યું કે, તું તારા સગા વહાલા અને મોહતાજોને મદદ કર અને તેઓ સાથે નેકી ભર્યું વર્તન કર. અમુક પાડોશી અને અમુક સાથીદારને અમુક વસ્તુઓ ભેટ આપ. તે માણસે તેની નેક પત્નીની સલાહ ઉપર અમલ કર્યો અને પોતાના કારે ખૈરમાં કાંઈ ઓછપ રહેવા ન દીધી. આવા નેક કામો કરતા કરતા જ અડધી ઝિંદગી પસાર થઈ ગઈ.

તે માણસે ફરીથી તે જ માણસને સ્વપ્નમાં જોયો જે એમ કહી રહ્યો હતો કે તેં રાહે ખુદામાં ઈન્ફાક (ખર્ચ) કરવાનું બંધ કર્યું નથી. તેથી ખુદાવંદે આલમે તારા નેક અમલના બદલામાં તારી ઝિંદગીના બાકીના અડધા ભાગમાં પણ ખુશહાલી લખી દીધી છે.

## ખેતીવાડીની ઉપજનો હક :

ખેતીવાડીના પાકનું જે પ્રમાણ જે પાક લણતી વખતે ઝકાતમાં હિસાબ કર્યા વગર રસ્તામાં પસાર થતાં લોકોને એક એક મૂઠી આપવામાં આવે જે વિષે ખુદાવંદે આલમ ફરમાવે છે : "અને ફસલ કાપવાના દિવસે ખુદાનો હક આપી દો." (સૂરએ અન્આમ - ૬,

આ : ૧૪૧,) સદકાના પ્રકારોમાંથી આ બે પ્રકારના સદકા મુસ્તહબ છે, જેનો આયતો અને રિવાયતોમાં ખાસ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી તેના મહત્વને લક્ષમાં લઈને તેનો જુદો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## કર્ઝુલ હસના :

કર્ઝે હસના એટલે જે મુસલમાનને કર્ઝની જરૂરત હોય તેને (કર્ઝ આપવાને) કર્ઝુલ હસના કહેવામાં આવે છે. ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “બેહીશ્તના દરવાજા ઉપર લખ્યું છે કે સદકો આપવામાં દસ નેકીઓ છે અને કર્ઝે હસના આપવામાં અઢાર નેકીઓ છે.” (કાફી) આપ

(અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું : “જયારે પણ કોઈ મોમીન ખુદાની ખુશી માટેકોઈ મોમીનને કર્ઝ આપે તો ખુદાવંદે આલમ તે (કર્ઝ) પાછું મળવા સુધી તેને સદકા (આપવા)માં ગણે છે.”

એટલે કે, એ દરેક પળ જે ખુદાની ખુશી માટે કર્ઝદારને મોહલત આપે તે એવું જ છે કે જાણે તેણે તે તમામ માલને સદકામાં આપી દીધો. કારણ કે, તે પોતાનો માલ પાછો મેળવવાનો અધિકાર ધરાવતો હોવા છતાં તેની માંગણી નથી કરતો. તેથી, તેણે પોતાના માલમાંથી બીજી વખત કર્ઝ આપ્યું (ગણાઈ) છે.

તેથી તે એ માલનો બીજો અજ્ર એટલે કે સદકો આપવાના (સવાબનો) મુસ્તહક થશે.

આ ઉપરાંત આપ (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે, જે કામ ન કરવા માટે અલ્લાહ તઆલાએ કુર્આને મજીદમાં અઝાબનો વાયદો કર્યો છે તે ઝકાત નહીં પણ તેનો અર્થ જરૂરતમંદોને કર્ઝ આપવું અને ઘરેલું સામાન ઉછીનો (હંગામી ધોરણે વાપરવા) માંગનારને તે વસ્તુઓ આપવી છે.

અબુ બસીરે આં હઝરતને અર્ઝ કરી કે, “અમારા પાડોશી જયારે પણ અમારી પાસેથી કોઈ વસ્તુ ઉછીની (વાપરવા) લઈ જાય છે, ત્યારે તેને તોડી ફોડી નાખે છે અથવા ખરાબ

કરી નાખે છે. જો તેને આપવાની ના પાડીએ તો શું અમારા માટે ગુનાહ છે ?” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “જો તે લોકો એવા છે તો તમારા માટે કોઈ ગુનાહ નથી.”

## કર્ઝદારને મુદ્દત આપવી અથવા તેનું કર્ઝ માફ કરી દેવું :

એવા કર્ઝદાર જે પાછું ભરપાઈ કરવાની શક્તિ ન ધરાવતો હોય, તેનું કર્ઝ માફ કરી દેવું અથવા કર્ઝદારને મુદ્દત આપવા વિષે ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જે કોઈ એ દિવસે ખુદાએ બુઝુર્ગ વ બરતરથી પનાહ મેળવવા ઈચ્છતો હોય જે દિવસે તેની પનાહ સિવાય બીજા કોઈની પનાહ નહીં હોય

તો તેણે (તેના) મજબૂર અને લાચાર કર્ઝદારને મુદ્દત આપવી જોઈએ અથવા તેના કર્ઝને બક્ષી આપવું જોઈએ.”

હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જે કોઈ મજબૂર કર્ઝદારને મુદ્દત આપે તો (તેના માટે) તેનો સવાબ ખુદાવંદે આલમ પાસે તેનો તે (કર્ઝ તરીકે આપેલો) માલ પાછો આવી ન જાય ત્યાં સુધી તે માલને સદકામાં આપવા જેટલો છે.”

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે, “એક માણસનો ઈન્તેકાલ થઈ ગયો છે. તે અબ્દુર

રહેમાન બિન સબાબહનો કર્ઝદાર હતો. અમે તેમને કહ્યું કે તેનું કર્ઝ માફ કરી દે પણ તે વાતમાં તે સહમત થતો નથી.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “વાય (અફસોસ) થાય તે માણસ ઉપર, શું તે નથી જાણતો કે જો મરહુમnના કર્ઝને બક્ષી આપે તો ખુદાવંદે આલમ તેના દરેક (એક) દીરહમને બદલે દસ દીરહમ આપશે. અને જો તે નહીં બક્ષે તો તેને તેના એક દીરહમને બદલે એક જ દીરહમ મળશે.”

## જરૂરતમંદો માટે પોશાક અને મિસ્કીનો (અસહાય)ને સખાવત :

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જે કોઈ પોતાના મોમીન ભાઈને ઠંડી અથવા ગરમીનો પોશાક પહેરાવશે (આપશે) તો તેનો ખુદાવંદે આલમ પર એ હક થશે કે તેને બેહીશ્તના પોશાકમાંથી એક પોશાક પહેરાવે અને મોતની સકરાતના સમયની સખ્તીઓથી તેને સુરક્ષિત રાખે. અને તેની કબ્રને તેના માટે વિશાળ કરે અને કયામતમાં જયારે તે પોતાની કબ્રમાંથી બહાર નીકળે ત્યારે મલાએકા તેની સાથે

આનંદથી મુલાકાત કરે.” (કાફી, ભાગ - ૨, પાના ૨૦૪) આ રીતે આગળ ફરમાવ્યું :

“જો કોઈ વ્યકિત કોઈ મુસલમાન ફકીરને નગ્નતામાંથી મુક્તિ માટે વસ્ત્ર પહેરાવે અથવા (ઘર, માલ વગેરે આપીને) આર્થિક મદદ કરે, તો ખુદાવંદે આલમ તેના માટે સાત હજાર ફરિશ્તા નિયુકત કરશે, જે કયામત સુધી તેના દરેક ગુનાહનો ઈસ્તિગફાર કરતા રહે.” (કાફી, ભાગ - ૨, પાના ૨૦૫)

## ઈઝ્ઝત અને એહતેરામે - નફસની સુરક્ષા :

પોતાની ઇઝઝત અને સ્વમાનની સુરક્ષા માટે બૂરા લોકોની બૂરાઈ તેમજ ઝાલિમોના ઝુલ્મથી બચવા માટે માલની સખાવત -

રિવાયતમાં છે કે ઈઝઝતની રક્ષા કરવામાં આવે તે શ્રેષ્ઠ ઈન્ફાક (ખર્ચ) છે.

**ખૈરાતે - જારીયાહ : (અનંત પરિણામ આપતું દાન)**

ખૈરાતે જારીયાહ અને લોકોના ફાયદા માટે માલ ખર્ચવો જેમકે, મસ્જિદ, મદ્રેસા, પુલ, જાહેર રસ્તા વગેરે બનાવવા અથવા વહેતા પાણીનું ઝરણું ખોદાવવું, અથવા દીની કિતાબો છપાવવી વગેરે એવા કામો છે જેની અસર લાંબા સમય સુધી રહે છે અને તે કાર્યો કરનારને તેનો સવાબ સતત મળતો રહે છે.

મરહૂમ હાજી નૂરી (રહ.) દારૂસ્સલામ નામની કિતાબમાં શેખ બુઝુર્ગવાર આલિમે

રબ્બાની શેખ અબ્દુલ હુસૈન (રહ.) તેહરાનીના હવાલાથી નોંધે છે કે, તેઓએ ફરમાવ્યું કે, મિર્ઝા નબી ખાન, જે મેહમૂદશાહ કાજારના ખાસ માણસોમાંથી હતા. જયારે તેઓનો ઈન્તેકાલ થઈ ગયો ત્યારે તે પોતાના ફિસ્કો ફજૂર (નિરર્થક કાર્યો અને દુરાચાર) માટે પ્રખ્યાત હતા. એક રાતે મને સ્વપ્ન આવ્યું કે હું બેહીશ્તના બાગો અને ઈમારતોમાં ફરી રહ્યો છું. એક માણસ મારી સાથે સાથે ચાલી રહ્યો છે. જે મને બેહીશ્તના મહેલો અને ઈમારતો દેખાડી રહ્યો છે. હું એક જગ્યાએ અટકી ગયો. ત્યાં તેણે મને કહ્યું કે : આ મિર્ઝા નબીખાનનો મહેલ છે. જો તમે તેનો મહેલ જોવા માંગતા હો તો તે ત્યાં

બેઠો છે. તે માણસે એક જગ્યા તરફ ઈશારો કરીને મને એ જગ્યા દેખાડી. મેં ઘ્યાનપૂર્વક જોયું તો એક માણસ એકલો એક મોટા હોલમાં બેઠો હતો. તેણે જયારે મને જોયો ત્યારે મારી તરફ ઈશારો કર્યો કે ઉપર આવી જાઓ. હું તેની પાસે પહોંચ્યો ત્યારે તેણે ઊભા થઈને મને સલામ કરી અને મને મુખ્ય સ્થાને બેસાડયો અને પોતે દુનિયામાં જે રીતે બેસતો હતો તેવી જ રીતે બેસી ગયો. તેને બેહીશ્તમાં એ સ્થાને જોઈને મને અનહદ આશ્ચર્ય અને પરેશાની થઈ. તેણે મારી સામે જોઈને કહ્યું : શેખ, તમે મારૂં આ સ્થાન જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયા કારણ કે, દુનિયામાં મારા કાર્યો ઘણાં ખરાબ અને

અઝાબને પાત્ર બને તેવા હતા. હકીકતમાં એમ જ હતું. પરંતુ તાલકાનની સરજમીનમાં મારી મીઠાની એક ખાણ હતી જેના ભાડાની રકમ હું દર વર્ષે મજલિસે અઝાના આયોજન માટે તાલકાનથી નજફે અશરફ મોકલી આપતો હતો. ખુદાવંદે આલમે મારા એ કાર્યના બદલામાં મને અહીં આ મહેલ આપ્યો છે.

શેખ મરહૂમ (રહ.) કહે છે કે, એ આશ્ચર્યકારક સ્વપ્ન જોઈને હું જાગી ગયો. મેં મારા વર્ગના વિધાર્થીઓ સમક્ષ મારા એ સ્વપ્નની વાતનું વર્ણન કર્યું ત્યારે આલિમો ફાઝીલ મુલ્લા મુતીઅ તાલકાનીના વંશજમાંથી એકે કહ્યું કે આપના સ્વપ્નની વાત સાચી છે.

તેમની તાલકાનમાં નીમકની એક ખાણ હતી અને તેના ભાડાની રકમ લગભગ એકસો તુમાન હતી, તે રકમ દર વર્ષે તે નજફે અશરફ મોકલતો હતો અને મારા પિતાને તે રકમ મજલીસે હુસૈન (અલય્હિસ્સલામ) ખર્ચ કરવા માટે નિયુકત કરવામાં આવ્યા હતા. મરહૂમ શેખ ઉસ્તાદ ફરમાવે છે કે, એ સમય સુધી મને એ વાતની ખબર ન હતી કે તે માણસનો તાલકાન સાથે કોઈ સંબંધ છે અને તે દર વર્ષે નજફે અશરફમાં મજલીસે અઝાનું આયોજન (પોતાના તરફથી) કરાવે છે.

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે :

"ઈન્સાનને મરવા પછી ત્રણ વસ્તુઓ સિવાય બીજી કોઈ વસ્તુ ફાયદો પહોંચાડી શકતી નથી.

(૧) એવો સદકો જે (તેણે) દુનિયામાં આપ્યો હતો અને કર્યા પછી પણ તે ચાલુ રહે.

(૨) એવી સુન્નત જેનો તેણે પાયો નાખ્યો હોય (જેમ કે, અઝાન કહેવી) અને તેના મરવા પછી પણ તે સુન્નત ઉપર અમલ કરવામાં આવે.

(૩) સાલેહ (નેક) ફરઝંદ જે તેના માટે દુવા અને ઇસ્તિગફાર કરે. (અને તેના વતી

અમલે ખૈર બજાવે જેનો ઉલ્લેખ બીજી રિવાયતોમાં કરવામાં આવ્યો છે)”

# આડત્રીસમો ગુનોહ

# હજને અહેમીયત ન આપવી

## હજને અહેમીયત ન આપવી (મકકાની યાત્રાને મહત્વ ન આપવું) :

ગુનાહે કબીરા પૈકી આડત્રીસમો ગુનોહ વાજિબાતને હલકી સમજવી અને તેને મહત્વ ન આવું તે છે. એઅમશે ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી અને ફઝલ બિન સાઝાને ઈમામે રઝા (અલય્હિસ્સલામ)થી જે રિવાયત નોંધી છે તેમાં આ બાબતને હલકી સમજવાને ગુનાહે કબીરા હોવાનું વિવરણ કરવામાં આવ્યું છે. હજની વાજિબાત પણ નમાઝની જેમ

ઈસ્લામની વાજિબાત પૈકી એક જરૂરી વાજિબાત છે. તેથી, જે માણસ હજની અહેમીયત ન સમજે અને તે જરૂરી હોવાનો ઈન્કાર કરીને હજ ન કરે, તે (જાહેરી અને બાતેની બંને રીત) કાફર છે. તેમ જ, હજને મહત્વ ન આપે અને દુન્યવી કામોમાં વ્યસ્ત રહેવાને કારણે હજ છોડી દે, તો તેણે ખુદાના એક અગત્યના હુકમને તિરસ્કૃત કર્યો ગણાશે જેની એટલી બધી તાકીદ કરવામાં આવી છે અને હજ ન કરવાના ગુનાહને ગુનાહાને કબીરા ગણવામાં આવ્યા છે.

## ઈસ્તેતાઅતના વર્ષથી મોડું કરવું હરામ છે :

હજને સંપૂર્ણ રીતે છોડી દેવી ગુનાહે કબીરા છે. એટલું જ નહીં, પણ ઈસ્તેતાઅત (હજ કરવા જવા માટેના આર્થિક, શારીરિક વગેરે સામર્થ્ય)ના વર્ષથી હજ કરવા જવામાં મોડું કરવું પણ ગુનાહે કબીરા છે. ભલે, પછી એક વર્ષ પછી પણ હજ કરવામાં આવે. કારણ કે, હજ એ વાજિબાતમાંથી એક વાજિબ છે, જેને તૂરંત જ બજાવી લાવવી જોઈએ. એટલે કે, જો કોઈ હજના જમાનામાં (હજ માટે જવાના દિવસો દરમિયાન) ઈસ્તેતાઅત ધરાવતો હોય

તો તેણે એ જ વર્ષે હજ બજાવી લાવવી જોઈએ. તેમાં એક વર્ષ જેટલું મોડું કરવું હરામ છે.

મોહકકીક ‘શરાએઉલ ઈસ્લામ’માં ફરમાવે છે કે, હજ કરવામાં ઈસ્તેતાઅવાળા વરસથી મોડું કરવું તે હલાક કરી દેનારો ગુનાહે કબીરા છે. શહીદે સાની ‘મસાલીક’માં ફરમાવે છે કે, આ મસઅલામાં ઓલમાએ ઈમામીયાહ વચ્ચે કોઈ મતમતાંતર નથી; પણ બધા એ વાતમાં સહમત છે. આ વિષે કિતાબ અને સુન્નતમાં ઘણી દલીલ મોજૂદ છે, જેનાથી સાબિત થાય છે કે ઈસ્તેતાઅતના વરસમાં હજ કરવામાં મોડું કરવું એ ગુનાહે કબીરા છે. આથી, એ બાબત સ્પષ્ટ

થાય છે કે, હજ કરવામાં મોડું કરવું એ (હજની) એક વાજેબાતને મહત્વ ન આપવા સમાન છે.

આ ગુનોહ, ગુનાહે કબીરા હોવા વિષે એટલું કહેવું પૂરતું છે કે, ખુદાવંદે આલમે કુર્આને મજીદમાં હજ ન કરવાને 'કુફ્ર' સાથે સરખાવેલ છે. એટલે કે, હજ ન કરવી એ ખુદાનો ઇન્કાર અને શિર્ક કરવા સમાન છે. જેવી રીતે શિર્ક અને કુફ્ર માફ કરવાને પાત્ર નથી, બિલકુલ તેવી જ રીતે હજ ન કરવી પણ માફ કરવાને પાત્ર ગુનાહ નથી. ખુદાવંદે આલમ કુર્આને મજીદમાં ફરમાવે છે :

"જે માણસો મકક-એ-મોઅઝઝમાં પહોંચવાની શક્તિ (સમર્થતા) ધરાવતો હોય

તેની ઉપર હજ અને ખાન-એ-ખુદાની ઝિયારત વાજિબ છે. અને જો તેને છોડી દે તો તે કાફર થઈ જશે અને ખોટમાં રહેશે. કારણ કે, ખુદા તો દુનિયાવાળાઓથી બેનિયાઝ (બે પરવાહ) છે.” (સૂરએ આલે ઈમરાન - ૩, આ : ૯૬)

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ઉપરની આયતમાં ‘કફર’ શબ્દનો અર્થ છોડી દેવું એવો થાય છે એટલે કે, જે લોકો હજ નથી કરતા.”

અલી બિન જાફરે (અલય્હિસ્સલામ) પોતાની સહીહમાં રિવાયત નોંધી છે કે, મારા ભાઈ હઝરત મૂસા બિન જાફર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “બેશક, ખુદાએ મુસ્તીતઅ લોકો

ઉપર હજ વાજિબ કરેલ છે. એટલે કે, બધા સ્વરૂપે જો તે ઈસ્તેતાઅતના વર્ષે હજ બજાવી ન લાવે તો તેની ઉંમરના છેલ્લા વર્ષ સુધી તે હજ વાજિબ થતી રહેશે. આ બાબતના વિવરણમાં બીજા કારણો પણ દર્શાવવામાં આવ્યા છે. જેથી વધારે વિગતો માટે ઉરવતુલ વુસ્કા નો અભ્યાસ કરી શકાશે અને આ ખુદાનો હુકમ છે, જે ફરમાવે છે કે, ખુદા તરફથી મુસ્તતીઅ લોકો ઉપર ખાન-એ-કાઅબાની હજ વાજિબ છે અને જે કાફર થઈ જાય અને હજ બજાવી ન લાવે તો ખુદા આ દુનિયામાં રહેનારા લોકોથી બેનિયાઝ (નિસ્પૃહી) છે.

અલી બિન જાફર કહે છે કે, “મેં આપ (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી કે અમારામાંથી જે વ્યકિત હજ બજાવી ન લાવે તો શું તે કાફર થઈ જશે ?” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, “ના બલ્કે જે વ્યકિત હજ વાજિબ હોવાનો ઈન્કાર કરે અને તેના મહત્વનો સ્વીકાર ન કરે તો તે કાફર થઈ ગયો ગણાશે.”

ઝરીહ મહારબીએ તેમની સહીહમાં હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ની આ રિવાયત નોંધી છે કે, જે માણસને હજ અદા કરવામાં કોઈ રૂકાવટ ન હોય એટલે કે તેની કોઈ જરૂરત અથવા પરેશાની ન હોય અથવા તો તે બીમાર ન હોય

અને કોઈ બળવાન માણસ તેના માર્ગમાં અવરોધ પણ ન બનતો હોય તેમ છતાં તે હજ અદા ન કરે તો કયામતના દિવસે તે યહૂદી અથવા નસારાની જેમ પુનઃજીવિત થશે. (વસાએલુશ્શિઆ, ભાગ ૮, પાના નંબર ૧૮)

આ ઉપરાંત નીચેની રિવાયત પણ છે કે આપે ફરમાવ્યું કે "જે માણસે જાણી બુજીને હજ કરવામાં મોડું કર્યુ હોય એટલે સુધી કે મરી જાય તો અલ્લાહતઆલા કયામતના દિવસે તેને યહુદી અથવા નસરાનીના સ્વરૂપમાં ઉઠાડશે. (વસાએલુશ્શિઆ, ભાગ-૮, પાના નં.૨૧)

મોહદ્દીસે ફય્ઝ કિતાબે 'વાફી'માં ફરમાવે છે કે, આગળની (વસાએલુશ્શિઆ, ભાગ ૮,

પાના નંબર ૧૮ ઉપરની) હદીસમાં 'હાજતહુ તજહફો' શબ્દનો અર્થ એવી જરૂરત છે, જે તે માણસને મુફલીસ બનાવી દે અથવા તો તેને ભવિષ્યમાં મુફલીસ બનાવી દે તેમ હોય અને ઈમામ (અલય્હિસ્સલામ)એ જે ફરમાવ્યું કે, કોઈ પણ કારણ (ઉઝર) વગર હજ ન કરનાર યહુદી અને નસરાની મરશે. તેમ ફરમાવવાનું કારણ એ છે કે, હકીકતમાં તેવી વ્યકિતનું ખુદાના હુકમ પ્રમાણે (હજ બજાવવા) ઉપર ઈમાન અને એઅતેકાદ નથી. કારણ કે, જો હજ વિષે તેનો એઅતેકાદ હોત અને તેને હજ બજાવવા માટે કોઈ અડચણ પણ ન હોત તો તે (તે જ વર્ષે)

હજ બજાવી લાવત. કેમ કે, કદાચ તે પછીના વર્ષે જીવિત પણ ન રહે.

ઈસ્હાક બિન અમ્માર કહે છે કે, મેં હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને આ પ્રમાણે ફરમાવતા સાંભળ્યા છે કે, “જે માણસ સ્વસ્થ અને શ્રીમંત હોય (એટલે કે હજ કરી શકતો હોય) તેમ છતાં હજ બજાવી ન લાવે તો તે માણસ કયામતમાં આંધળો પુનઃજીવિત કરશું.” ઈસ્હાકે આશ્ચર્ય પામીને પૂછયું કે, “શું તેવો માણસ કયામતમાં આંધળો ઉઠશે ?” ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “હા, ખુદા તેને બેહિશ્તનો માર્ગ જોવાથી આંધળો કરી દેશે.”

(એટલે કે તેને જન્નતનો માર્ગ દેખાશે નહીં) (વસાએલુશ્શિઆ, ભાગ ૮, પાના નંબર ૧૮)

મોહમ્મદ બિન ફઝલ કહે છે કે : મેં મૂસા બિન જાફર (અલય્હિસ્સલામ)ને નીચેની આયતનો અર્થ પૂછયો:

“મન કાન ફી હાઝેહી અઅમા ફ હોવ ફીલ આખેરતે અઅમા વ અઝલ્લો સબીલા.”

જે માણસ આ દુનિયામાં આંધળો હશે તે આખેરતમાં પણ આંધળો અને વધારે ગુમરાહ હશે.

ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “આ એવો માણસ છે, જે હજ માટે જવામાં એ સંજોગોમાં પણ વિલંબ કરે છે, જયારે તેની પાસે

હજ કરવા માટે માલ અને ખર્ચ (આવવા જવાનો ખર્ચ અને બીજી સુવિધાઓ) મોજૂદ હોય છતાં એ (દર વર્ષે) એમ કહેતો રહે છે કે, આવતા વર્ષે હજ કરી લઈશ. એટલે સુધી કે હજ કર્યા વગર મરી જાય છે.” (વસાએલુશ્શિઆ, ભાગ ૮, પાના નંબર ૧૮)

## કુરઆનની એ આયતો જેમાં હજ છોડી દેનારનું વર્ણન છે. :

સૂરએ મુનાફેકૂનમાં ખુદાવંદે આલમ ફરમાવે છે : “અમે જે કાંઈ તમો લોકોને આપ્યું છે તેમાંથી અમારી રાહમાં ખર્ચ કરો એ પહેલાં કે તમારામાંથી કોઈને મોત આવી જાય અને તે કહેવા લાગે કે અય પરવરદિગાર, તેં મારી

મોતમાં વિલંબ શા માટે ન કર્યો અને મને થોડી વધારે મોહલત શા માટે ન આપી, જે સમયમાં હું સદકો આપતે (એટલે કે ઝકાત અને બીજા વાજિબ હકકો અદા કરી લેતે) અને નેક કામ (હજ) કરનારા પૈકી થઈ જાત. પરંતુ જયારે કોઈ માણસના મોતનો સમય આવી જાય છે ત્યારે ખુદા તેના મોતમાં વિલંબ કરતો નથી અને ખુદા તમારા કૃત્યો (ચારિત્ર્ય)થી માહિતગાર છે.” (સૂરએ મુનાફેકૂન - ૬૩, આ : ૧૦ - ૧૧)

ત્યારપછી ઈમામ મૂસા બિન જાફરે (અલય્હિસ્સલામ) ફરમાવ્યું કે, “ફસ્સદકનો અર્થ

વાજિબ સદકો અને અકુમ મેનસ્સાલેહીન નો અર્થ હજ કરવી તેવો થાય છે.”

આ ઉપરાંત કુરઆને મજીદની નીચેની આયતમાં છે : “(અય રસૂલ !) તું કહી દે કે શું અમે તમને તે લોકોની હકીકતથી વાકેફ કરીએ જેઓ વર્તનની રૂએ સૌથી વધુ હાનિ ભોગવનારા (ખૌફમાં) છે ? તેઓ તે છે કે જેમના દુનિયાની ઝિંદગીના સર્વ પ્રયાસ એળે ગયા છે અને તેઓ એવું ગુમાન કરતા રહે છે કે તેઓ સત્કાર્યો જ કરી રહ્યા છે.” (સૂરએ કહફ - ૧૮, આ : ૧૦૩, - ૧૦૪)

ઈમામ મૂસા બિન જાફર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, આ આયતમા

એવા લોકો વિષે નિર્દેશ છે જેમાં હજની વાજિબાત અદા કરવા પ્રત્યે ગફલતમાં રહે છે, તેમ જ હજ અદા કરવામાં મોડું કરે છે અને દર વર્ષે એમ કહે છે કે આવતા વર્ષે હજ કરીશ. હજની અદાએગીમાં મોડું કરવા અને હજ ન કરવાને ગુનાહે કબીરા ગણવામાં આવ્યા હોય તેવી ઘણી રિવાયતો છે; પરંતુ અહીં જેટલી રિવાયતો પ્રસ્તુત કરવામાં આવી છે તે પૂરતી છે.

## હજ ન કરવાના દુન્યવી પ્રત્યાઘાત

એ વાત જાણી લેવી જોઈએ કે, હજ ન કરવાથી કેટલાક પરિણામો દુનિયામાં ભોગવવા પડે છે જેનો હદીસોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો

છે, જેમાંથી એક પોતાના એ હેતુની પ્રાપ્તિમાં નિષ્ફળતા છે, જેના કારણે તેણે હજ કરવાનું છોડી દીધું હોય.

હઝરત ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જો કોઈ માણસ અમુક વસ્તુ પ્રાપ્ત કરવા માટે અથવા દુન્યવી કામને કારણે હજ ન કરે તો તે બાબત જોઈ લેશે કે લોકો હજ બજાવીને પાછા પણ આવી ગયા છે પણ તેનું કામ પૂરૂં થયું નથી અને ન તો તેનો હેતુ સફળ થયો છે. હજ ન કરવી એ ગરીબી માટે પણ કારણરૂપ બની શકે છે.” (ફકીહ, ભાગ - ૧, પાના નંબર ૨૨૦)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ગદીરે ખુમના મેદાનમાં પોતાના ખુત્બામાં આ પ્રમાણે ફરમાવ્યું હતું :

"અય લોકો ! ખાન-એ-ખુદાની હજ કરો. જે કુટુંબો હજ બજાવી લાવે છે તે અમીર (શ્રીમંત) થઈ જાય છે. અને જે કુટુંબો હજ છોડી દે છે તે મુફલીસ (ગરીબ) થઈ જશે. આમ; હજ ઈન્સાનની તવંગરીનું કારણ બને છે." (એહતેજાજે તબરસી)

"અય લોકો ! ખુદા હજ કરનારની મદદ કરે છે અને તેઓ જે કાંઈ ખર્ચ કરે છે તે તેનો અજ્ર તેઓને (આ દુનિયામાં જ) મળી જાય છે.

અને ખુદા (આખેરતમાં) નેક લોકોનો અજ્ર નકામો જવા દેતો નથી.” (અહેતેજાજે તબરસી)

ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ત્રણ બાબતોનો સવાબ આખેરત ઉપરાંત દુનિયામાં પણ મળી જાય છે.

(૧) હજથી મુફલીસી (ગરીબી) નો અંત આવે છે.

(૨) સદકાથી બલાઓ દૂર થાય છે.

(૩) નેકી અને અહેસાન જેનાથી આયુષ્યમાં વૃધ્ધિ થાય છે.

(મુસ્તદરક, ભાગ ૨૪, હદીસ ૩૧)

ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જે લોકો હજ કરવાનું છોડી દે તો તેમની

ઉપર અઝાબ નાઝિલ થવામાં વિલંબ નહીં થાય અથવા તો એમ ફરમાવ્યું કે તેમની ઉપર અઝાબ નાઝિલ થશે.”

સમાઅહ કહે છે કે ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)એ મને પૂછયું કે, “તમે શા માટે આ વર્ષે હજ માટે નથી ગયા ?” મેં કહ્યું કે, “અમુક લોકો સાથે સોદો કર્યો છે. આ ઉપરાંત મારા બીજા પણ અમુક રોકાણ હતા, મને આશા છે કે જે કારણોસર હું હજ માટે નથી જઈ શકયો તે (મારા હકમાં) બહેતર થશે.” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “ખુદાની કસમ, તમારા હજની અદાએગીમાં જે કામ રૂકાવટ નાખે તે કામમાં ખુદાએ કોઈ ભલાઈ રાખી નથી.

દરેક (તેવી) વ્યકિત પોતે કરેલા ગુનાહોના કારણે હજ કરવાથી વંચિત રહે છે.” (કાફી)

ઈસ્હાક બિન અમ્મારે ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી : “એક માણસે હજ માટે જવા વિષે મારી સલાહ માંગી હતી. તે માણસની હાલત નબળી હતી. (એટલે કે તે શારીરિક અને આર્થિક રીતે નબળો હતો) તેથી મેં તેને હજ માટે જવાની મનાઈ કરી દીધી.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “તે માણસને હજ માટે જતો રોકવાને કારણે તુ એ સજાને પાત્ર છે કે, એક વર્ષ સુધી તું કોઈ બીમારીમાં સપડાએલો રહેશે.”

ઈસ્હાક કહે છે કે, “ઈમામ (અલય્હિસ્સલામ)એ જે પ્રમાણે ફરમાવ્યું હતું તે પ્રમાણે હું એક વર્ષ સુધી બીમાર રહ્યો.” આ હદીસથી એક વાત જાણવા મળે છે કે, કોઈ પણ માણસને કોઈ નેક કામ ખાસ કરીને હજ કરવા જવાથી રોકવો ન જોઈએ. જો કોઈ તેમ કરે તો તેણે જાણે કે, સદ અન સબીલીલ્લાહ ખુદાનો રસ્તો બંધ કરી દીધો. બલ્કે માણસોને નેક કામ કરવામાં ઉતાવળ કરવાની પ્રેરણા આપવી જોઈએ, કયાંક એવું ન થાય કે તેનાથી એ નેક કામ કરવાનું રહી જાય. તેવી જ રીતે, કોઈ માણસને તેની દ્રષ્ટિએ જે કામ નેક હોય તે કામ કરવાથી અટકાવીને પોતે જે કામને નેક માનતા

હોય તેવાં બીજા નેક કામ કરવા માટે ફેરવવો ન જોઈએ. કારણ કે, કદાચ એવું બને કે જે નેક કામ પોતે બરતો હોય તે છોડી દે અને બીજું નેક કામ પણ ન કરી શકે.આમ, જો નેકીના કામ કરનારને પ્રોત્સાહિત કરે અને તેના નેક કાર્યો જલદી પૂરા કરાવવા માટે માર્ગદર્શન આપે તો તેની ગણતરી અમ્ર બિલ માઅરૂફ કરનારાઓમાં થશે. ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "તમારા દીની ભાઈઓને હજ કરવાની મનાઈ કરવાથી ડરો અને પરહેઝ કરો. જો કોઈ એવું કરશે (કોઈને હજ કરવા માટે જતાં અટકાવશે) તો આખેરતના અઝાબ ઉપરાંત તેને આ દુનિયામાં પણ બલાઓમાં ફસાવું પડશે."

# હજની ફઝીલત

જે રીતે હજ ન કરવા માટે સખત સજાઓ મુકર્રર કરવામાં આવી છે તેવી જ રીતે હજની અદાએગીમાં મોટા ઈનામો અને દુનિયા તથા આખેરતમાં ઘણાં જ ફાયદાઓ અને ખૂબીઓ રાખવામાં આવી છે. જેનો ઉલ્લેખ ઘણી રિવાયતોમાં મળે છે. જે પૈકી કેટલીક રિવાયતો અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “હજ કરનારાઓના ત્રણ પ્રકાર છે.

(૧) પહેલો પ્રકાર એ છે કે જેમાં હજ કરનાર લોકોનો ભાગ બીજા કરતા વધારે છે. તેવા લોકોના આગળ પાછળના ગુનાહ બક્ષી દેવામાં આવશે. અને ખુદાવંદે આલમ તેને કબ્રના અઝાબથી સુરક્ષિત રાખશે.

(૨) બીજા પ્રકારના લોકોના ફકત પાછળના ગુનાહ બક્ષી દેવામાં આવશે.

(3) ત્રીજા પ્રકારના લોકો જયારે હજ મટે જશે ત્યારે તે હજમાંથી પાછા ફરશે ત્યાં સુધી તેનો માલ અને ઔલાદ ખુદાની હીફાઝતમાં રહેશે.” (કાફી)

અન્ય એક હદીસ મુજબ ત્રીજા પ્રકારમાં એવો માણસ શામિલ છે જે હજ કબૂલ થવાની

શરતો પૂરી ન કરે તો તે કારણે તે આખેરતનો સવાબ નહીં મેળવી શકે; પરંતુ તે હજથી પાછો ફરે ત્યાં સુધી તેના કુટુંબીજનો અને બાળકો સુરક્ષિત રહેશે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને એક માણસે મસ્જિદુલ હરામમાં પૂછયું કે, “સૌથી મોટો ગુનેહગાર કોણ છે ?” ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “એ માણસ જે બે સ્થાન (એટલે કે અરફાત અને મશઅરૂલ હરામ)ની વચ્ચે ઊભો રહે, સફા અને મરવાની વચ્ચે દોડતો રહે, ત્યારપછી ખાન-એ-ખુદાની આજુબાજુ તવાફ કરે અને મકામે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)માં નમાઝ

પડે અને તે પછી પણ એમ સમજે કે ખુદાએ તેને બક્ષ્યો નથી, તે માણસના ગુનાહ સૌથી મોટા છે. (કારણ કે, તે ખુદાવંદે આલમની રહેમતથી નિરાશ છે અને આ પહેલાના ભાગોના પ્રકરણમાં એ વાતનો ઉલ્લેખ થઈ ગયો છે કે ખુદાની રહેમતથી નિરાશ થવું એ પણ ગુનાહે કબીરા છે)"

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) આપ (અલય્હિસ્સલામ)ના બાપ દાદાઓથી રિવાયત કરે છે કે, "એક અરબ હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યો અને કહેવા લાગ્યો કે :

"અય રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! હું હજ માટે રવાના થયો પરંતુ પહોંચી શકયો નહીં. હકીકતમાં હું શ્રીમંત છું. આપ હુકમ આપો કે હું કેટલો માલ ખર્ચ કરૂં કે જેથી મને હજનો સવાબ મળી જાય ? આં હઝરતે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અબુ કુબૈસના પહાડ તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે 'આ (આખો પહાડ) લાલ સોનાનો થઈ જાય, તારી મિલ્કતમાં આવી જાય અને તું તે બધું જ સોનું રાહે ખુદામાં અર્ચ કરી નાખ તો પણ તું હજ કરનારના મરતબા સુધી પહોંચી શકીશ નહીં.' ત્યારપછી આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : 'જયારે કોઈ હજ

કરનાર હજના પ્રવાસની વ્યવસ્થા કરવા (સામાનની તૈયારી)માં મશગુલ થાય છે અને જે કોઈ વસ્તુ ઉપાડીને સામાનમાં મૂકે છે, તો તેના બદલામાં તેના નામ ઉપર દસ નેકીઓ લખવામાં આવે છે અને તેના દસ દરજજાઓ બુદ કરવામાં આવે છે. જયારે તે ઊંટ ઉપર સવાર થાય છે ત્યારે જે ડગ ભરે છે ત્યારે તેનો પણ તેટલો જ સવાબ મળે છે. જયારે તે ખાન-એ-ખુદાનો તવાફ કરે છે ત્યારે તે ગુનાહોથી પાક થઈ જાય છે. જયારે તે સફા અને મરવાની વચ્ચે દોડવાનું પૂરૂં કરે છે ત્યારે ફરી ગુનાહોથી પાક થઈ જાય છે. જયારે તે અરફાતમાં રોકાઈ છે ત્યારે ફરી ગુનાહોથી પાક થઈ જાય છે.

જયારે તે મશઅરૂલ હરામમાં રોકાઈ છે ત્યારે ફરી ગુનાહોથી પાક થઈ ગયો. જયારે તેણે રમી જમરાત કરી (શૈતાન ઉપર કાંકરીઓ ફેંકી) ત્યારે ફરી ગુનાહોથી પાક થઈ ગયો. આવી રીતે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) દરેક સ્થાન વિષે બયાન કરતા જતા અને ફરમાવતા જતાં કે તે ગુનાહોથી પાક થઈ ગયો. પછી આપ (અલય્હિસ્સલામ)એ તે અઅરાબીને ફરમાવ્યું : તું હજ કરનારના દરજા સુધી કેવી રીતે પહોંચી શકે ?" (તહઝીબ, ભાગ ૫, પાના નંબર ૧૯)

ત્યારપછી હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે :

“હજ કરનાર વ્યકિતના ગુનાહ ચાર મહિના સુધી લખવામાં નથી આવતા બલ્કે, જો તે ગુનાહે કબીરા ન કરે તો તે સમયગાળા દરમિયાન ફકત તેની નેકીઓ જ લખવામાં આવે છે.” (તહઝીબ, ભાગ ૫, પાના નંબર ૧૯, સવાબુલ હજ)

મોહદ્દીસે ફય્ઝ આ હદીસના વિવરણમાં ફરમાવ્યું કે ગુનાહોના વિવિધ પ્રકાર હોય છે. પરિણામદાયી દિલને કાળું કરનાર અને ગુનાહોના નાના અથવા મોટા હોવાના પ્રમાણમાં તેના દરજજા હોય છે. કદાચ આ હદીસનો એવો અર્થ થતો હોવો જોઈએ કે હજ કરનાર દરેક સ્થાન ઉપર એક ખાસ પ્રકારના ગુનાહથી પાક

થઈ જાય છે અથવા તે અમુક મરતબાના ગુનાહથી પાક થઈ જાય છે. હદીસમાં છે કે અમુક ગુનાહ એવા છે કે જેનાથી ફકત અરફાહના દિવસે અરફાતમાં રોકાવાથી પાક થઈ શકાય છે અને આવી રીતે આમ પણ ફરમાવ્યું કે, હજ અને ઉમરા કરનારાઓ ખુદાના ઘરના મહેમાન હોય છે. જો તેઓ ખુદા પાસે કાંઈ માંગે તો તેને તે વસ્તુ અતા કરે છે અને જો તેને બોલાવે છે તો તેને જવાબ આપે છે. જો તે કોઈની સિફારીશ કરે તો તેને કબૂલ રાખે છે અને જો તે મૌન રહે છે તો તેને માંગ્યા વગર આપે છે અને તે હજના માર્ગમાં જે એક દિરહમ

વાપરે છે તેના બદલામાં હજાર હજાર દિરહમ આપશે.

એ વાત સ્પષ્ટ રીતે સમજવી જોઈએ કે, ગુનાહોના વિવિધ પ્રકાર હોય છે. માલને લગતા ગુનાહ. શરીરના ગુનાહમાં પણ અમુક કૌલી (જીભથી અદા થતા) અને અમુક ફેઅલી (કાર્યથી થતા) ગુનાહ છે. ફેઅલી ગુનાહમાં શરીરના જુદા જુદા અવ્યવોને લગતા ગુનાહ હોય છે. જેના અમુક પ્રકાર છે અને દરેક પ્રકારની (જુદી) તાસીર હોય છે. અમુક બલાઓ(ગુનાહ)ને કારણે દુવાઓ કબૂલ થતી નથી. અમુક ગુનાહોના કારણે વરસાદ થતો નથી. અમુક ગુનાહથી રોઝી તંગ થાય છે,

અમુક ગુનાહ આકસ્મિક મોત માટે કારણરૂપ બને છે. આ બાબત વિષે દુવાએ કુમૈલમાં અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. દરેક બીમારી માટે વિશેષ દુવા હોય છે. જે તાસીર બીજી દુવાઓમાં હોતી નથી. તે પ્રમાણે હજના આમાલમાં દરેક અમલની સુધારણા માટે તેના અમલના પ્રમાણમાં કફ્ફારો હોય છે. કેટલાંક ગુનાહોની તાસીર શારેય (શરીઅત બનાવનારા) સિવાય કોઈ જાણતું હોતું નથી અને જે ગુનાહ અરફાતમાં મેદાનમાં બક્ષી આપવામાં આવે છે, તેનો અર્થ કદાચ નિર્દયતા (સખતી) અથવા ગુનાહોની મહેફીલમાં રોકાવું અથવા એ પ્રકારનો ગુનાહ હોય શકે છે. (વાફી)

આ ઉપરાંત આપે આ પ્રમાણે ફરમાવ્યું કે, જયારે હાજી મક્કા પહોંચે છે ત્યારે ખુદાવંદે આલમ બે ફરિશ્તા નિયુકત કરી દે છે જે તવાફ, નમાઝ અને સઈ કરતી વખતે તેની સુરક્ષા કરે છે. અરફાહના દિવસે જયારે તે ઊભો રહે છે ત્યારે તેનો જમણો ખભો થાબડે છે અને કહે છે કે ખુદાએ તારા પાછલા ગુનાહ બક્ષી આપ્યા, હવે ભવિષ્યની ચિંતા કર. હજની ફઝીલત વિષે ઘણી હદીસો છે; પરંતુ આટલી હદીસો પૂરતી છે.

## હજ વાજિબ થવાની શરતો :

(૧) બુલુગીયત એટલે કે કોઈ બાળક બાલિગ થવા પહેલા હજ કરે તો બીજી ઈબાદતોની જેમ સહીહ અને મુસ્તહબ છે; પરંતુ

તે વાજિબ હજની જગ્યાએ ગણાશે નહીં. જો તે બાળકના બાલીગ થવા પછી હજની તમામ શરતો મુજબ તેની ઉપર હજ વાજિબ થતી હોય તો તેના માટે હજ કરવી વાજિબ છે.

(૨) અક્કલ (અકલમંદ હોય).

(૩) આઝાદ હોય (એટલે કે ગુલામ ન હોય).

(૪) હજ કરવાના કારણે એટલો બધો મજબૂર ન થઈ જાય કે તેને કોઈ હરામ કામ કરવું પડે અથવા તો કોઈ વાજિબ કામને છોડવું પડે. (કેટલાંકનું કહેવું છે કે આ બાબતમાં જરૂરી બાબતોની અગ્રતાને ધ્યાનમાં લેવી જોઈએ).

(૫) હજ માટે જવાની ઈસ્તેતાઅત (સામર્થ્ય) ધરાવતો હોય.

(૬) મુસ્તતીઅ.

મુસ્તતીઅ (હજ વાજિબ હોવાના સામર્થ્ય)નો આધાર અમુક બાબતો પર રહેલો છે, જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) સૌથી પહેલા હજ માટે જવા અને પાછા આવવા માટેનો પ્રવાસ ખર્ચ વગેરે તથા વાહન હોવું જોઈએ અને તે વ્યકિત પાસે એટલો માલ (પૈસા) હોવા જોઈએ જેમાંથી તે પોતાની હેસિયત પ્રમાણે પ્રવાસ ખર્ચ અને વાહનમાં જવાની વ્યવસ્થા કરી શકે.

(૨) હજ માટે જનારની એટલી શારીરિક તંદુરસ્તી અને શક્તિ હોવી જોઈએ જેથી તે હજ અદા કરી શકે.

(૩) માર્ગમાં એવી કોઈ રૂકાવટ ન હોવી જોઈએ જેના કારણે હજના પ્રવાસમાં અડચણ ઊભી થાય. જો કોઈને એ વાતનો ડર હોય કે હજના પ્રવાસમાં તેની જાન, માલ અથવા આબરૂ ચાલી જશે તો તેની ઉપર હજ વાજિબ નથી.

(૪) હજ પૂરી કરવા સુધીનો સમય તેની પાસે હોવો જોઈએ.

(૫) હજ માટે જવા અને હજ કરીને પાછા ફરવા સુધી પોતાના કુટુંબીજનોના

નિર્વાહનો ખર્ચ હોવો જોઈએ. તેના કુટુંબીજનોમાં એવા લોકોની ગણતરી થાય છે જેનું ભરણપોષણ અને સરપરસ્તી હજ માટે જનાર વ્યકિત કરતી હોય અને તેનું ભરણપોષણ તે વ્યકિત પર વાજિબ હોય. જેમકે, પત્ની, સંતાનો અથવા તો એવી વ્યકિતઓ જેનું ભરણપોષણ વાજિબ ન હોય, જેમકે નાનો અથવા મોટો ભાઈ, જે તંગદસ્ત હોય અને સરપરસ્તી ઉપર તે ભાઈની ખાધા ખોરાકીની જવાબદારી હોય, અથવા કોઈ યતીમ જેને તે સરપરસ્તે પોતાની પાસે (ઉછેર, કેળવણી વગેરે) માટે રાખ્યો હોય અને તેનું ભરણપોષણ તે કરી રહ્યો હોય અથવા તો નોકર વગેરે.

(૬) હજ કરીને પાછા ફર્યા પછી વ્યવસાય વગેરેને લગતી મુશ્કેલી ઉઠાવી પડે તેમ ન હોય. એટલે કે, તેની રોજીનું સાધન, સંપત્તિમાંથી થતી આવક અથવા તો પોતાની અને પોતાના ઘરના સભ્યો માટે જીવનનિર્વાહ માટે (આવક) નું સાધન હોય, જેના કારણે તેની મુશ્કેલી કે પરેશાનીનો સામનો કરવો પડે તેમ ન હોય.

એ વાત જાણી લેવી જોઈએ કે, ઝિંદગીમાં એકથી વધુ વખત હજ કરવી વાજિબ નથી. વાજિબ હજ અદા કર્યા પછી શકય હોય તો બાકીના દરેક વર્ષે હજ કરવી મુસ્તહબ છે. ઉપર જણાવેલ છ શરતો પૂરી થતી હોય તો તે

જ વર્ષે હજ કરવી વાજિબ છે. હજ વાજિબ થવા પછી આવતા(એટલે કે તે પછીના) વર્ષ સુધી હજ કરવામાં વિલંબ કરવો હરામ અને ગુનાહે કબીરા છે. આગળ ઉલ્લેખ થઈ ગયો તે પ્રમાણે ગફલતના કારણે જો હજ વાજિબ થયા પછી તે જ વર્ષે હજ કરવામાં ન આવે તો તે પછીના વર્ષે હજ કરવી વાજિબ છે. ભલે પછી બીજા વર્ષે ઈસ્તેતાઅત ન હોય અને તે મુસીબત અને પરેશાનીમાં હોય તો પણ હજ કરવી પડશે. જો પછીના વર્ષમાં માલી ઈસ્તેતાઅત તો હોય પણ કોઈ બીમારીમાં ફસાઈ જવાને કારણે હજ કરી શકે તેમ ન હોય અને તે બીમારીમાંથી સાજા થવાની પણ આશા ન હોય તો પોતાના તરફથી

બીજા કોઈને નીયાબતમાં હજ માટે મોકલવો વાજિબ છે. એટલે કે, કોઈ એક માણસને નિયુકત કરે જે તેના વતી અમુક રકમ લઈને હજ કરે અને તેનો ખર્ચ હજ કરાવનારે આપવાનો રહે છે. જો તેવો માણસ કોઈ નાયબને મોકલીને પોતાના વતી હજ કરાવ્યા વગર મૃત્યુ પામે તો તેના વારસદારોએ તેની સંપત્તિમાંથી હજ કરાવવી વાજિબ છે, ભલે પછી મરનારે પોતાના વતી હજ કરાવવાની વસિયત કરી હોય કે ન કરી હોય અને ભલે પછી હજ માટે રકમ ખર્ચ કર્યા પછી કોઈ રકમ વધતી ન હોય કે વધતી હોય અને તેના વારસદારો નાબાલીગ હોય તો પણ વારસામાંથી જ હજ

કરાવવી પડશે. કારણ કે, મરનારના અન્ય કર્ઝની જેમ બાકી રહેલી હજ અદા કરાવવાને પણ અગ્રતા આપવી જોઈએ. એટલે કે, પહેલા તેનું કર્ઝ અને હજ અદા કરાવવી જોઈએ અને ત્યાર પછી બાકી રહેલી રકમની તેના વારસદારોએ શરીઅત મુજબ વહેંચણી કરવી જોઈએ.

જો મરનારે પોતાના વતી હજ કરાવવાની વસિયત કરી હોય તો હજ માટેના ખર્ચની રકમનો હિસાબ વારસાના માલમાંથી ૧/3 (એક તૃત્યાંસ) ભાગમાંથી કરવો જોઈએ.

## જીવંત અથવા મૃત વ્યકિત માટે નાયબ નક્કી કરવો મુસ્તહબ છે :

મુસ્તહબ હજ માટે જીવંત અથવા મૃત વ્યકિત તરફથી નાયબ નક્કી કરવો મુસ્તહબ છે. વસાઈલમાં રિવાયત છે કે મોહમ્મદ બિન ઈસા યકતીન કહે છે કે ઈમામ રઝા (અલય્હિસ્સલામ) એ મને તથા મારા ભાઈ મૂસા અને યુસુફ બિન અબ્દુર રહેમાનને હજ અદા કરવા જવા માટે અમુક રકમ મોકલી હતી.

અબ્દુલ્લાહ બિન સનાન કહે છે કે, હું ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)ની પાસે હતો ત્યારે આપની ખિદમતમાં એક માણસ હાજર થયો. ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ)એ પોતાના

ઈન્તેકાલ કરી ગએલા ફરઝંદ જ. ઈસ્માઈલ વતી હજ અને ઉમરાના કાર્યો બજાવી લાવવા માટે તેને ત્રણ દીનાર આપ્યા. ત્યાર પછી આપે ફરમાવ્યું કે જો તમે આ પ્રમાણે કરશો તો ઈસ્માઈલને એક મુસ્તહબ હજનો સવાબ મળશે. કારણ કે, આ હજની રકમ તેના માલમાંથી ખર્ચવામાં આવી છે અને તમને નવ હજનો સવાબ મળશે. કારણ કે, તમે હજની તકલીફો અને ઝહેમતો ઉઠાવશો (કાફી, ભાગ ૪, પાના નંબર ૨૪૮)

# ઈમામના નાયબ પરહેઝગાર હોવા જોઈએ. :

‘વસાએલુશ્શિઆ’માં લખ્યું છે કે, અબુ મોમ્મદ અલજીના બે પુત્ર હતા. જેમાં એક પરહેઝગાર હતો અને બીજો બદકાર હતો. અમુક શીઆઓએ તેઓને અમુક રકમ ઈમામ હુજજત ઈબ્નીલ હસન (અલય્હિસ્સલામ) તરફથી હજ કરાવવા માટે નાયબ મુકર્રર કરવા માટે આપી. આ કાર્ય શીઆઓની એક સારી ઈબાદત હતી. અબુ મોહમ્મદે તે રકમ તેના બદકાર પુત્રને આપી અને તેની સાથે હજમાં ગયો. અબુ મોહમ્મદ કહે છે કે, મેં અરફાહના દિવસે એક ઘઉંવર્ણા ખૂબસૂરત અને સુંદર

વસ્ત્રોમાં સજજ એક યુવાનને જોયા. તેઓ દુવાઓ માંગવામાં અને આહોઝારી કરવામાં સૌથી વધારે મશગૂલ હતા. જયારે લોકો અરફાતથી મશઅર તરફ જવા માટે રવાના થયા ત્યારે તે યુવાને મને કહ્યું, “અય શેખ, શું તમને ખુદાની શરમ નથી આવતી ?” મેં પૂછયું : “કેમ ?” ત્યારે તેઓએ કહ્યું : “શું તમને એમ કહેવામાં આવ્યું ન હતું કે એવા નાયબ મારફત હજ કરાવો જેને તમે ઓળખતા હો અને તમે હજ માટે એવા માણસને રકમ આપી દીધી જે શરાબ પીવે છે અને ગુનાહો કરવા માટે પૈસા ખર્ચે છે.” ત્યારપછી તેઓએ મારી એક આંખ તરફ ઈશારો કરીને કહ્યું કે “શું તારી આંખ

આંધળી થવાથી ડરતો નથી ? આ સાંભળીને મેં ઘણી ભોંઠપ અનુભવી. જયારે હું સ્વસ્થ થયો ત્યારે મેં ચારે બાજુ નજર ફેરવી પણ મને તે યુવાન દેખાયા નહીં. એ વાતને ચાલીસ દિવસ પસાર થવા પહેલાં જ મારી જે આંખ તરફ ઈશારો કરવામાં આવ્યો હતો તે આંખમાં જખમ થયો અને તે આંખમાંથી દ્રષ્ટિ ચાલી ગઈ.”

કિતાબે ‘કાફી’માં મૂસા બિન કાસીમ રિવાયત કરે છે :

મેં હઝરત જવાદ (અલય્હિસ્સલામ) ખિદમતમાં અર્ઝ કરી કે, “હું આપ અને આપના બુઝુર્ગો તરફથી તવાફ કરવા માંગુ છું પરંતુ અમુક લોકો કહે છે કે ઈમામ (અલય્હિસ્સલામ)

તરફથી તવાફ કરવો જાએઝ નથી.”ઈમામે(અલય્હિસ્સલામ) ફરમાવ્યું કે : “જે રીતે તવાફ કરી શકતા હોય તે રીતે કરો. આ કામ જાએઝ હોવામાં કોઈ શંકા નથી.” રાવી કહે છે કે, તે વાત પછી ત્રણ વર્ષ પછી હું ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો અને મેં અર્ઝ કરી કે, “અમુક વર્ષ પહેલા મેં આપ (અલય્હિસ્સલામ)ના બાપ દાદાઓ તરફથી તવાફ કરવા માટે ઈજાઝત માંગી હતી અને આપ (અલય્હિસ્સલામ)એ તે ઈજાઝત આપી હતી. આથી, ખુદાવંદે આલમે મને જેટલી તૌફીક આપી હતી તેટલા તવાફ મેં કર્યા છે. એક દિવસ રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) તરફથી તવાફ કર્યો, એક દિવસ અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) તરફથી તવાફ કર્યો અને તેવી રીતે છેલ્લા દિવસે મેં આપના વતી તવાફ કર્યો. મારા આકા, જે લોકો (મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને આલે મોહમ્મદ અ.) નો મેં ઉલ્લેખ કર્યો, તે એવા લોકો છે જેઓની મોહબ્બતને હું મારો દીન અને મારૂં ઈમાન સમજું છું.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “આ સંજોગોમાં તેં એવો દીન પ્રાપ્ત કર્યો છે, જેના સિવાય ખુદા બીજો કોઈ દીન કબૂલ કરતો નથી.” પછી મેં કહ્યું કે, “હું અમુક વખતે હઝરત ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) માટે તવાફ કરૂં

છુ અને અમુક વખતે નથી કરતો.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે : “તમને યોગ્ય લાગે તે રીતે આ કામ કરી શકો. બેશક, આ કામ બીજા તમામ કામોથી અફઝલ છે.”

## હજ વાજિબ થવાના કારણો :

એહલેબૈત (અલય્હિસ્સલામ)ની કેટલીક રિવાયતોમાં હજ વાજિબ હોવાના કારણો અને તેના મનાસીક (હજ દરમિયાન કરવામાં આવતી વિવિધ ઈબાદતો)ની હિકમતનું વર્ણન કરવામાં આવ્યું છે. વસાએલુશ્શિઆમાં ઈમામ રઝા (અલય્હિસ્સલામ)ની એક રિવાયત બયાન કરવામાં આવી છે જેનો સારાંશ અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “લોકોને હજ કરવાનો હુકમ એ માટે આપવામાં આવ્યો છે જેથી તેઓ ભૌતિક અને રૂહાની ફાયદાઓ મેળવી શકે. હજના અમુક ફાયદાઓ નીચે પ્રમાણે છે.

(૧) હજ કરવાથી કુરબતે ખુદાવંદી પ્રાપ્ત થાય છે.

(૨) હજ કરવાથી ઘણો અજ્ર અને સવાબ મળે છે.

(૩) હજ કરનારથી જે ગુનાહ થયા હોય તેનાથી મુકિત મળે છે; પરંતુ તેની શરત એ છે કે તે ભૂતકાળમાં થઈ ગએલા ગુનાહોથી

શરમીંદગી અનુભવે અને તે ભવિષ્યમાં ખુદાની બંદગી અને ઈતાઅત કરવા માંગતો હોય.

(૪) ખુદાની રાહમાં પોતાનો માલ ખર્ચવાની અને ખુદા (ના હુકમ) માટે પોતાના શરીરોને તકલીફ આપવાની તૌફીક મળે છે.

(૫) પોતાના કુટુંબીજનોથી જુદા થઈને તેમનો સંપર્ક તોડી નાખવાથી ખુદાવંદે આલમની કુરબત મેળવી શકાય છે.

(૬) પોતાના નફસને ખુશીઓ પ્રાપ્ત કરતા રોકી રાખવા અને ઠંડી તથા ગરમીની રૂતુઓમાં આજીજી અને ઈન્કેસારીથી ખુદાની બારગાહમાં હાજર થવું. ટૂંકમાં, દુનિયાના તમામ

સંપર્ક તોડીને ઈબાદતમાં સંપૂર્ણ રીતે તન્મય બની જવું.

(૭) હજની ઈબાદતથી દુનિયાભરના મુસલમાનોને ઘણા ફાયદાઓ થાય છે. તે ફાયદાઓ મક્કામાં કે બીજા શહેરોમાં થઈ શકે છે. એ ફાયદાઓમાં માલનો વેપાર, ભાઈચારો, ખરીદ વેચાણ, મજૂરી અને વસ્તુઓ ભાડે આપવાથી થઈ શકે છે. બહુ જ ગરીબ લોકોને કાંઈ ને કાંઈ ફાયદો થાય છે અને ઘણા એવા મુસલમાનો હોય છે જેઓની હાજત એક સ્થળે ઘણા લોકો ભેગા થવાને લીધે પૂરી થઈ જાય છે.

(૮) હજ માટે એકઠા થવાથી ઘણા લોકોને અકાએદ અને અહેકામે દીની જાણવા મળે છે અને એહલેબૈત (અલય્હેમુસ્સલામ)થી રિવાયતો બેખબર અને અજાણ લોકો સુધી પહોંચી જાય છે.

## ફરિશ્તાઓ સાથે સરખામણી સમાન ખુદાની બંદગી :

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) નહજુલ બલાગાહના એક ખુત્બામાં ઈરશાદ ફરમાવે છે કે, ખુદાવંદે આલમ અઝઝ વ જલ્લે તમારી ઉપર ખાન-એ-કાઅબાની હજ વાજિબ કરી દીધી છે અને તેને લોકોનો કિબ્લો નક્કી કર્યો છે. ત્યાં હજ

કરનારાઓ એવી રીતે એકઠા થાય છે, જે રીતે ચોપગા (એ ઘરમાં લોકો સવાબ પ્રાપ્ત કરવા માટે ભેગા થાય છે તેનું ઉદાહરણ પાણીના ઝરણાની આજુબાજુમાં ભેગા થતા પ્રાણીઓના સમૂહ જેવું છે) અને કબૂતરોને પોતાના માળા તરફ જવાનો જેવો શોખ હોય છે તેવો શોખ ત્યાં પહોંચવા માટે લોકોમાં હોય છે.

ખુદાએ બુઝુર્ગ અને બરતરે એ ઘરને પોતાની બુઝુર્ગી અને અઝમતની સરખામણીમાં લોકોની આજીજી અને પોતાની સલ્તનત(ની સરખામણીમાં લોકોની આજીજી અને પોતાની ઇઝઝત અને સલ્તનત)ના સમર્થનની નિશાની ગણાવી છે અને પોતાના એ સાંભળનારા

બંદાઓ માટે પસંદ કરેલ છે.જેમણે (ત્યાં જવા માટેનું) નિમંત્રણ કબૂલ કર્યું અને ત્યાં જવા માટેનો ખુદાના હુકમને સાચો માનીને તેની ઉપર અમલ કર્યો. પયગમ્બરોની જગ્યાએ ઊભા રહીને પોતાને એ મલાએકા સમાન ગણાવેલ છે, જેઓ અર્શે ઈલાહીનો તવાફ કરે છે. હજ કરનારા લોકો પોતાના ઈમાનની સંપત્તિથી ખુદાની ઈબાદતનો વ્યાપાર કરીને ખૂબ જ નફો મેળવે છે અને તેમાં એક બીજાથી આગળ વધી જવાની સ્પર્ધા કરે છે. ખુદાએ તે ઘર (ખાન-એ-કાઅબા)ને ઈસ્લામની નિશાની અને રક્ષણ ઈચ્છનારાઓ માટે રક્ષણની જગ્યા ગણાવી છે. તે જગ્યાએ હજ કરવી વાજિબ કરી છે અને તેનો

એહતેરામ કરવો જરૂરી ગણાવ્યો છે અને ત્યાં જવાનો હુકમ આવ્યો છે. “ સુરએ આલે ઈમરાનની આયત નં.૧૮માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે : “ બૈતુલ હરામની હજ ખુદાનો એ લોકો ઉપર હક છે (અને એ હક અદા કરવો વાજિબ છે) જે લોકો ત્યાં જવાની ઈસ્તેતાઅત અને શક્તિ ધરાવતા હોય તેમ છતાં કાફર થઈ જાય (એટલે કે સાધન અને શક્તિ હોવા છતાં ખુદાનો હુકમ બજાવી ન લાવે) તો તેનાથી ખુદાનું કોઈ નુકસાન નહીં પહોંચે. કારણ કે, ખુદા તો તમામ દુનિયાવાળાઓથી બેનિયાઝ છે. (ખુદાવંદે આલમને લોકોના ઈમાન અને ઈબાદતની આવશ્યકતા નથી. જે લોકો ખુદાના

હુકમની નાફરમાની કરે છે તેઓને જ નુકસાન થાય છે)" (નહજુલ બલાગાહ, ભાગ ૧, ફૈઝુલ ઈસ્લામ, ખુત્બા નં. ૨, પાના નં.૩૨)

અલ્લામા નરાકીએ હજના આંતરિક અને જાહેરી કારણો અને રહસ્યોનું વર્ણન 'મેઅરાજુસ્સાદહ' નામની કિતાબમાં સુંદર રીતે કર્યું છે, જેનો અમુક ભાગ અત્રે પ્રસ્તુત છે. હજ એ દીનની ખૂબ જ મહત્વની ઈબાદતો પૈકી એક ઉમદા ઈબાદત છે. હજની ઈબાદત ઈન્સાનને ખુદાની નજદીક પહોંચાડે છે. હજ અલ્લાહ તરફથી નક્કી કરેલ એક મહત્વની ફરજ અને સખત શારીરિક પરિશ્રમ પડે તેવી ઈબાદત છે. જાણી જોઈને હજની ઈબાદત છોડનારની

ગણત્રી યહુદીઓ અને નસરાનીઓમાં થાય છે અને તે વ્યકિત બેહીશ્તથી વંચિત રહે છે. હજ કરવાની ફઝીલત અને હજ ન કરનારની મઝીમ્મતમાં જુદી જુદી હદીસો મશહુર છે. અને સદરહુ હદીસો કિતાબોમાં લખેલી છે. માનવની ઉત્પત્તિનો મૂળ હેતુ એ છે કે તે ખુદાને ઓળખે અને ખુદા સાથે મોહબ્બત અને નઝદીકી રાખે. આ બાબતોનો આધાર તેના નફસની પાકીઝગી ઉપર રહેલો છે અને જે નફસની પાકીઝગીનો આધાર ખ્વાહીશાતે નફસાનીથી દૂર રહેવા પર છે. ઈન્સાન પોતાના નફસને શહવાતી લઝઝતોથી બચાવે, દુનિયાનો માલ અને સંપત્તિ છોડી દે, ખુદાની ખુશી માટે શરીરને

સખત પરિશ્રમ પડે તેવી ઈબાદત કરે, અને ખુદાને સતત યાદ કરતો રહે. તેમ જ પોતાના દિલ અને શરીરના અવ્યવોને ખુદાની ઈબાદતમાં તલ્લીન રાખે. આ બધા કારણોસર ખુદાએ હજની ઈબાદત મુકર્રર કરી છે. જેથી ઈબાદતનાઉપર જણાવેલ હેતુઓ પૂરા થાય.

ખુદાની રાહમાં કરવામાં આવતી ઈબાદતો પૈકી અમુક ઈબાદતોનો સંબંધ માલ ખર્ચવા સાથે છે અને એ ઈબાદતોને કારણે દિલમાંથી દુનિયાની માલ અને દૌલતની મોહબ્બત દૂર થાય છે. જેમ કે, ઝકાત, ખુમ્સ અને સદકાત, અમુક ઈબાદતોમાં ખ્વાહીશો અને લઝ્ઝતોને છોડી દેવી પડે છે, જેમ કે રોઝા.

અમુક ઈબાદતો ખુદાને યાદ કરવા અને તેના પ્રત્યે એકાગ્ર બનવામાં શરીરના અવ્યવોનો ઉપયોગ કરવા સાથે સંબંધ ધરાવે છે. જેમ કે, નમાઝ અને હજની ઈબાદત, હજની ઈબાદતમાં આગળ ઉલ્લેખ કરવામાં આવેલ તમામ હેતુઓ લાગુ પડે છે. હજ માટે વતન છોડવું, શરીરનો ઉપયોગ કરવો. માલની ખૈરાત કરવી, આશાઓ તોડવી, મેહનત અને પરિશ્રમ સહન કરવો, ખુદા સાથે કરવામાં આવેલ વાયદાનો પુનુરૂચ્ચાર કરવો,તવાફ, દુવા, નમાઝ અને એવા બીજા કામોમાં મશગુલ થવાનો સમાવેશ થાય છે. અમુક એવા કામો છે જે કામો અક્કલ સમજી શકતી નથી. જેમ કે, કાંકરીઓ મારવી,

સફા અને મરવા વચ્ચે સઈ કરવી. આ એવા કાર્યો છે જેમાં ખૂબ જ બંદગી ઝીલ્લત અને દરિફ્તા વ્યકત થાય છે. કારણ કે, આ બધી ઈબાદતોના કાર્યો એવા છે જેના અસબાબો-અલલ (કારણો અને પરિણામો) (તે ઈબાદત કરવા પાછળનો તર્ક) અમુક અકકલોને સમજાય છે અને તે ઈબાદત કરવા પ્રેરણા થાય છે અને તે ઈબાદત વારંવાર બજાવી લાવવામાં આવે છે. પરંતુ હજના અમુક આમાલ એવા છે જેના ઊંડાણ સુધી આપણી કક્ષાના લોકોની અકકલ પહોંચી શકતી નથી. તેથી તે ઈબાદતોના આમાલ પાછળના કારણો અને પરિણામોને લક્ષમાં લીધા વગર પોતાના ખુદાનો હુકમ અને

તે હુકમ ઉપર અમલ કરવા માટે ખુદાની બંદગી સમજીને કરવામાં આવે છે અને તે હુકમનું પાલન કરીને બંદગી કરવામાં આવે છે. કારણ કે, સાચી બંદગી એ કાર્યોને કહેવામાં આવે છે જેનો હેતુ ખુદાવંદે આલમની ઈતાઅત સિવાય બીજો કશો હોતો નથી. આ જ કારણ હતું કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ હજ વિષે ફરમાવ્યું કે : " અય ખુદા, મેં તને ખાલિસ (નિર્મળ) બંદગી અને તારી ઈતાઅતથી હજ કરીને જવાબ આપ્યો છે. " અને બીજી ઈબાદતો વિષે આ પ્રમાણે ફરમાવ્યું નથી. તેથી જ એવી ઈબાદતો જેના કારણોની (તર્ક) ઊંડાણની જાણકારી

મેળવવા સુધી કોઈની અકકલ ન પહોંચી શકે અને તે ફકત અલ્લાહની ખુશનુદી માટે તે ઈબાદત બજાવી લાવે તો તે બંદગી વ્યકત કરવામાં કામીલ છે. હવે જે લોકો એ આશ્ચર્ય વ્યકત કરે છે અને બંદગીના રહસ્યો જાણ્યા વગર ખુદાના હુકમનું સંપૂર્ણ રીતે પાલન કરે તો તે હજની વિશિષ્ટ ઈબાદતની એક વિશેષતા છે.

હજના દરેક અમલમાં આખેરતની કોઈને કોઈ કેફીયતનો નમૂનો હોય છે અથવા તો તેનું કોઈ કારણ હોય છે. એ બાબતનો ઉલ્લેખ આગળ થઈ ગયો છે. આ ઉપરાંત હજની ઈબાદત કરનારાઓ માટે જરૂરી છે કે, તેઓ એક એવી જગ્યાએ એકઠા થાય જયાં વહી લાવનારા

ફરિશ્તાઓ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતામાં આવતા જતા રહ્યા હોય અને આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પહેલા ખુદાના ખલીલ (હ. ઈબ્રાહીમ અ. નું ઘર હતું અને ત્યાં તેઓ અ.) પાસે પણ મલાએકા નાઝીલ થતા હતા.

આ ઉપરાંત એ એવી પાક જમીન છે, જયાં આદમ અ. થી માંડીને ખાતેમુન્નબીય્યીન (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સુધીના મોટા મોટા અંબિયા સતત રહેતા હતા અને તે જગ્યાએ જ વહી નાઝીલ થતી રહી છે. એ જગ્યાએ ફરિશ્તાઓ ઉતરતા રહ્યા અને આ

જગ્યા એ સૈયદુલ અંબિયા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વિલાદત થઇ હતી.આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને બીજા અમ્બીયાના પવિત્ર ચરણ આ ધરતી ઉપર પડતા રહયાં. ખુદાવંદે આલમે આ પવિત્ર જગ્યાને 'બયતી' એટલે કે મારૂં ઘર કહ્યું છે અને તેને પોતાના બંદાઓની ઈબાદત માટે બનાવ્યું છે. પોતાના ઘરની આજુબાજુના ભાગને હરમગાહ બનાવી છે. અરફાતને પોતાના ઘર સાથે જોડાએલું મેદાન ગણાવેલ છે. એ મેદાનમાં પ્રાણીઓને તકલીફ આપવા તેમ જ ઝાડ અને ઘાસને ઉખાડવાના કાર્યને હરામ ગણાવેલ છે. એ જગ્યાઓને બાદશાહોના

સામ્રાજયની જેમ વિશેષ અને ઉચ્ચ દરજજો આપ્યો છે. આ બધી વિશેષતા પાછળનું કારણ એ છે કે લોકો દૂર દૂરના દેશોમાંથી વિખરાએલા વાળ અને ધૂળ અને માટીથી ખરડાએલાં શરીર સાથે ત્યાં આવે અને તે ઘરના (ખુદાવંદે કરીમ) સમક્ષ ઝૂકે અને તેમની જીભ વડે એ વાતનો સ્વીકાર કરે કે ઝમાં અને મકાન (કાળ અને સ્થળ)થી ઉચ્ચતર અને પાકો પાકીઝા છે.

એ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી, કે ખાન-એ-કાઅબા જેવાં પવિત્ર સ્થળે એકઠાં થવાના કારણે મુસલમાનોમાં મોહબ્બત અને ભાઈચારો ઉત્પન્ન થાય છે. દુનિયાભરમાંથી હજ માટે એકઠાં થનાર મુસ્લીમોમાં અરસપરસ

મુલાકાત થાય છે અને પ્રેમ ઉત્પન્ન થાય છે. એ જગ્યાએ દુવા કરનાર લોકોની દુવા જલદી કબૂલ થાય છે. હજ માટે જનારા મુસલમાનોને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની અઝમત અને તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ દીને ઈલાહી અને ઈલાહી હુકમોના પ્રચાર માટે કરેલી તમામ કોશિષો અને ખિદમતો યાદ આવે છે. આ તમામ બાબત મળીને નફસને પાકો પાકીઝા બનાવી દે છે અને હરમે ખુદામાં એકઠાં થએલાં લોકોના દિલોમાં મોહબ્બત પેદા થાય છે. એટલું જ નહીં, ઈસ્લામની શાનો શૌકત અને

ઈસ્લામમાં માનનારાઓની એકતાનું પ્રદર્શન થાય છે.

## ઓગણચાલીસમો ગુનોહ

## વાજિબાત પૈકી કોઈ એક છોડી દેવી

વાજિબાતે ખુદા પૈકી કોઈ એક વાજિબાતને છોડી દેવી તે ઓગણચાલીસમો ગુનાહે કબીરા હોવાનું સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવ્યું છે. આ બાબત હ. અબ્દુલ અઝીમની સહીહમાં ઈમામ જવાદ (અલય્હિસ્સલામ), ઈમામ રઝા (અલય્હિસ્સલામ), ઈમામે કાઝિમ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું છે કે, “કોઈ એવી

બાબત છોડવી જેને ખુદાવંદે આલમે વાજિબ ગણાવી હોય, તે ગુનાહે કબીરા છે. કારણ કે, હઝરત રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું છે કે નિઃશક, જો કોઈ માણસ નમાઝને જાણી જોઈને છોડી દેશે તો તે હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની જવાબદારી અને પનાહથી દૂર રહેશે.”

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જે કામનો ખુદાવંદે આલમે હુકમ આપ્યો છે તે કરવાનું છોડી દેવું કુફ્ર છે.” આ વિષે ઈરશાદે રબ્બુલ ઈઝઝત છે : “શું તમે આસમાની કિતાબોના અમુક આસમાની હુકમો

અને ખુદાવંદે આલમના અમુક હુકમોને માનો છો અને અમુક હુકમોનો (ભાગોને) નથી માનતા ? તમારામાંથી જો કોઈ માણસ એવું કરતો હોય તો તે તેની સજા (આલોકની) દુન્યવી ઝિંદગીમાં (નામોશી સિવાય બીજો શું બદલો છે ?) કયામતમાં સખતમાં સખત અઝાબમાં ફસાવા સિવાય બીજું શું હોય શકે છે ? અને તમે જે કાંઈ કરો છો તેનાથી ખુદા અજાણ નથી.” (સુરએ બકરહ - ૨, આ : ૮૪)

ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, ખુદાવંદે આલમે જે કામ કરવાનો હુકમ આપ્યો છે તેને છોડી દેનાર લોકોને, તે (વાજિબાતના) અમલ છોડવાના કારણે કાફર ગણ્યા છે. કારણ

કે, જે હુકમ તેણે આપ્યો છે તેનો તો સ્વીકાર કર્યો પરંતુ તેના ઈમાનને કબૂલ ન કર્યું અને તેના માટે ફાયદાકારક સમજયા નહીં” અને ફરમાવ્યું કે “તેવા લોકોની સજા દુનિયામાં અપમાન અને બેઈઝઝતી અને આખેરતનો સખત અઝાબ છે.”

આ હદીસનો ખુલાસો એ છે કે, ખુદાના કોઈ વાજિબ હુકમને છોડી દેવો કુફ્રના દરજજામાંનો એક દરજો છે. જેનો ઉલ્લેખ પ્રસ્તુત આયતમાં કરવામાં આવ્યો છે, જેમાં ખુદાવંદે આલમે ફરમાવ્યું છે કે, શું તમે અમુક અહેકામે ઈલાહી પર ઈમાન લાવ્યા છો અને અમુક અહેકામનો ઈન્કાર કરો છો ? આ

હદીસથી સ્પષ્ટ થાય છે કે, કોઈ વાજિબાતને છોડવી એક એવા ગુનાહ છે કે જેના વિષે કુર્આને મજીદમાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. આ બાબતમાં ઉપરોકત આયતમાં છેલ્લે જણાવવામાં આવ્યું છે કે, એવાં માણસની સજા દુનિયામાં રૂસ્વાઈ અને આખેરતમાં અઝાબ છે.

આ ઉપરાંત આપે ફરમાવ્યું કે, “જે માણસ કોઈ વાજિબ (કામ)ને છોડી દે અથવા તો કોઈ ગુનાહે કબીરા કરે તો ખુદાવંદે આલમ તેની ઉપર રહેમતની નજર નથી કરતો અને તેને ગુનાહોથી પાક નથી કરતો.” રાવીએ આશ્ચર્ય પામીને પૂછયું કે, “શું ખુદા એવા માણસ ઉપર રહેમતની નજર નહીં કરે ?” ઈમામ

(અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “હા, કારણ કે એવો માણસ મુશ્રીક થઈ ગયો છે અને તેણે (બીજાને) ખુદાના શરીક માની લીધા છે.” રાવીએ ફરીથી આશ્ચર્ય વ્યકત કરતા પૂછયું કે, “શું તે મુશ્રીક થઈ ગયો.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “કારણ કે, ખુદાએ એક વાતનો હુકમ આપ્યો અને શૈતાને પણ એક વાતનો હુકમ આપ્યો (એટલે જે વાતનો ખુદાએ હુકમ આપ્યો, શૈતાને તે કામ છોડી દેવાનો હુકમ આપ્યો) તો તેણે ખુદાના હુકમને છોડી દીધો અને શૈતાનના હુકમને માની લીધો. (એટલે વાજિબાતને છોડી દીધી અને હરામ કામ કર્યું) આમ, એવો માણસ શૈતાનના

હુકમનું અનુસરણ કરવાને કારણે જહન્નમના સાતમાં તબકકામાં (જે મુનાફીકોની જગ્યા છે ત્યાં) શૈતાનની સાથે રહેશે.” (વસાએલુશ્શિઆ, ભાગ ૧, પાના નંબર ૨૫)

ઈમામ (અલય્હિસ્સલામ)ના ઉપરોકત બયાનથી સ્પષ્ટ થાય છે કે, અહીં શીર્કનો અર્થ ‘ ઈતાઅતમાં શીર્ક છે, જેનો ઉલ્લેખ શીર્કના પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

## ફીત્નો અને દર્દનાક અઝાબ :

જે આયતોમાં ખુદાવંદે આલમના વાજિબ હુકમોનો વિરોધ કરવાથી સખત ડરાવવામાં આવ્યા છે તેમાં સુરએ નૂરની નીચેની આયતો પણ છે, જેમાં કહેવામાંઆવ્યું છે

કે : “જેઓ હુકમે ખુદાનો વિરોધ (રસુલની આજ્ઞાની અવગણના) કરે છે તેઓએ ડરવું જોઈએ. (કારણ કે , તેઓ ઉપર બલા અથવા દર્દનાક અઝાબ નાઝીલ થશે).” (સુરએ નૂર - ૨૪, આ : ૬૩)

અમુક તફસીરકર્તાઓનું કહેવું છે કે, શકય છે કે ‘ફીત્ના’નો અર્થ દુન્યવી બલાઓ અને આખેરતનો દર્દનાક અઝાબ અને એ પણ શકય છે કે, ફીત્નો અને અઝાબ બંને આખેરત સંબંધી હોય. શરઈ વાજિબાત અદા કરવા વિષે ઘણી રિવાયતો ઉપલબ્ધ છે, જે પૈકી એક રિવાયત નીચે મુજબ છે.

હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવ્યું કે, "મેઅરાજની રાત્રે ખુદાવંદે આલમે મને કહ્યું કે, જયાં સુધી મારા બંદાઓ પર મેં જે કાંઈ વાજિબ કર્યું છે તેની ઉપર અમલ ન કરે ત્યાં સુધી મારો કોઈ બંદો કોઈ વસ્તુ દ્વારા, મારી બારગાહમાં મારી કુરબત (નજદીકી) મેળવી શકતો નથી." (કાફી, ભાગ - ૨, પાના નંબર ૮૨)

આ ઉપરાંત ફરમાવ્યું કે, "વાજિબાતે ખુદા ઉપર અમલ કરો, જેથી તમે લોકોમાં સૌથી વધારે મુત્તકી થઈ જાઓ." બીજી રિવાયતમાં છે કે, "જેથી તમે શ્રેષ્ઠ ઈન્સાન બની જાઓ."

## વાજિબાત શું છે ? :

એ દરેક કામ કે જેનો ખુદાએ હુકમ આપ્યો છે અને જે કામ કરવામાં સવાબ છે અને તે કામ ન કરવામાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે તેને ‘ફરીઝહ’ અને ‘વાજીબ’ કહેવામાં આવે છે. ખુદાવંદે આલમ તરફથી નિશ્ચિત કરવામાં આવેલ ફરાએઝ અને વાજિબાત ઘણાં છે; પરંતુ તેમાં સૌથી વધારે અગત્યના અને જેના ઉપર ઈસ્લામનો પાયો રાખવામા આવ્યો છે તેવી મુખ્ય પાંચ બાબતો છે. (૧) નમાઝ (૨) રોઝા (૩) હજ (૪) ઝકાત (૫) વિલાયત. અમુક રિવાયતો પ્રમાણે આ પાંચેય વસ્તુઓને અરકાને દીન (દીનના ભાગ) શરીઅતે ઈસ્લામ

કહેવામાં આવેલ છે. કિતાબે ‘વસાઈલ’ના સંપાદકે આ વિષયની અમુક રિવાયતો બયાન કર્યા પછી ફરમાવયું છે કે, અમ્ર બિલ માઅરૂફ અને નહીં અનીલ મુન્કર એ પણ જેહાદનો એક પ્રકાર છે અને જેહાદ વિલાયતના હુકમમાં આવે છે. રિવાયતોમાં એ બાબતો પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે કે, ખુમ્સ (જેનો વિગતવાર ઉલ્લેખ આગળના ભાગોમાં થઈ ચૂકયો છે) ઝકાતના બદલામાં સાદાતે ઉઝઝામનો હક છે અને તબર્રા પણ વિલાયતનો જ મહત્વનો ભાગ છે. આ રીતે અરકાને દીન અને ફુરૂઆત બધા મળીને દસ થાય છે. (૧) નમાઝ (૨) રોઝા (૩) હજ (૪) ઝકાત (૫) ખુમ્સ (૬) જેહાદ (૭) અમ્ર

બિલ માઅરૂફ (૮) નહીં અનીલ મુન્કર (૯) તવલ્લા અને (૧૦) તબર્રા. નમાઝ, હજ, ઝકાત અને ખુમ્સ અદા ન કરવું ગુનાહે કબીરા છે. જેનો વિગતવાર ઉલ્લેખ આગળના પ્રકરણમાં થઈ ચૂકયો છે અને બાકીની બાબતોનો સંક્ષિપ્ત રીતે ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે.

## રમઝાન મહીનાના રોઝા :

માહે મુબારકે રમઝાનમાં રોઝા વાજિબ હોવા દીનની જરૂરિયાતમાંથી છે. રોઝા વાજિબ હોવાનું ન માનનાર મુરતદ અને વાજિબુલ કતલ છે. જો કોઈ માણસ જાણી જોઈને કોઈ શરઈ કારણો (ઉઝરે શરઈ) વગર રોઝા ન રાખે, ભલે પછી તે રોઝા વાજિબ હોવાનો

ઈન્કાર કરતો ન હોય તો પણ તેને સજા તરીકે પચ્ચીસ કોરડા મારવા જોઈએ અથવા તો હાકીમે શરઅને યોગ્ય લાગે તેટલા કોરડા મારવા જોઈએ. જો બીજી વખત રોઝા ન રાખે તો ફરીથી સજા કરવી જોઈએ અને ત્રીજી વખત રોઝા ન રાખે તો કતલ કરી નાખવો જોઈએ. ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જે કોઈ માહે (મુબારક) રમઝાનમાં કોઈ ઉઝરે શરઈ (શરઈ કારણો વગર) એક દિવસ પણ ખાણું ખાય તો તેનાથી ઈમાનની રૂહ નીકળી જાય છે.” (ફકીહ, ભાગ - ૨, પાના નંબર ૧૧૮)

સુમાઅહના ‘મોસેકહ’માં મનકુલ છે કે, મેં એવા માણસ વિષે પૂછયું કે જેણે માહે

રમઝાનમાં કોઈ ઉઝર (કારણ) વગર ત્રણ વખત ઈફતાર કર્યું એટલે કે ખાણું ખાધું અને તેને ત્રણ વખત ઈમામ (અલય્હિસ્સલામ) સમક્ષ હાજર કરવામાં આવ્યો ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, ત્રીજી વખત (આ ગુનોહ કરે ત્યારે) તેને કતલ કરી નાખવો જોઈએ. (ફીકહ, ભાગ - ૨, પાના નંબર ૧૧૮ )

## રાહે ખુદામાં જેહાદ :

જેહાદ પણ નમાઝ, રોઝાની જેમ દીને ઈસ્લામના અરકાનમાંથી ગણાઈ છે, જેનો રિવાયતમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની અહેમીયત અને ફઝીલત વિષે અને

તેને છોડનારને ડરાવવા વિષેની ઘણી આયતો અને રિવાયતો છે. જેહાદના અમુક પ્રકાર છે.

(૧) પહેલો પ્રકાર : કાફરોને દાવતે ઈસ્લામ આપવા માટે જંગનો પ્રારંભ કરવો. આ પ્રકારના જેહાદની અમુક શરતો છે અને તે શરતો પૈકી એક શરત ઈમામ (અલય્હિસ્સલામ) અથવા તેઓના ખાસ નાએબની જેહાદ માટે પરવાનગી છે. આપણા પ્રવર્તમાન યુગમાં ઈમામ (અલય્હિસ્સલામ) ગૈબતમાં છે અને તેઓ (અલય્હિસ્સલામ)ના ખાસ નાએબ પણ નથી. તેથી આ પ્રકારના જેહાદનો પ્રારંભ કરવો જાએઝ નથી.

(૨) બીજો પ્રકાર : એ કાફરો સાથે જેહાદ કરવાનો છે, જેઓએ ઈસ્લામ અને ઈસ્લામના ચિન્હો નાબૂદ કરવા માટે મુસલમાનો પર હુમલો કર્યો હોય આ પ્રકારના જેહાદ માટે ઈમામ (અલય્હિસ્સલામ) અથવા તેમના નાએબની પરવાનગીની શરત નથી. પરંતુ તમામ મુસલમાનો એટલે સુધી કે લડવાની શક્તિ ધરાવતી સ્ત્રીઓ પર પણ જંગ કરવી વાજિબ (વાજીબે કીફાઈ) છે. મુસલમાનોએ ઈસ્લામના વિસ્તારોની સુરક્ષા માટે ઈસ્લામના વિરોધીઓ અને કાફરોના ઉપદ્રવ અને ફસાદનો અંત લાવવા માટે જંગ કરવી જોઈએ.

(૩) ત્રીજો પ્રકાર : કાફરોના એવા સમૂહસાથે જંગ કરવી જેઓએ મુસલમાનોને કતલ કરવા અને તેઓનો માલ સામાન લૂંટવા માટે હુમલો કર્યો હોય. તેમનો ઈરાદો (મુસલમાનોના) મઝહબને ફેરવવાનો અને ઈસ્લામનો નાશ કરવાનો ન પણ હોય, તેમ છતાં તેવા કાફરો સાથે જંગ કરી શકાય છે. જેહાદના આ પ્રકારમાં પણ ઈમામ (અલય્હિસ્સલામ) અથવા તેમના નાએબની પરવાનગીની આવશ્યકતા નથી.

(૪) ચોથો પ્રકાર : આત્મ સંરક્ષણ માટે જેહાદ છે. આ જેહાદ જાન, માલ, ઈઝઝત અને સ્ત્રીઓના રક્ષણ માટે દરેક મુસલમાન ઉપર

વાજિબ છે. આ પ્રકારનો જેહાદ દરેક એવા માણસની વિરૂધ્ધ કરવો વાજિબ છે જે તેને અથવા બીજા કોઈ મુસલમાનને કતલ કરી દેવા માંગતો હોય અથવા તેની ઈઝઝત અને સ્ત્રીઓ અથવા બીજા મુસલમાનની ઈઝઝત અથવા સ્ત્રીઓ પર હુમલો કરે અથવા તેનો અથવા બીજા મુસલમાનનો એવો માલ સામાન લૂંટી લે તેનું રક્ષણ કરવું વાજિબ હોય. આ જેહાદ માટેની શરત એ છે કે, તે જેહાદ કરવાની શક્તિ ધરાવતો હોય અને જોખમથી સુરક્ષિત હોય અને સુરક્ષાની શરતો પ્રમાણે પોતાની અને બીજાઓની સુરક્ષા કરી શકતો હોય.

જેહાદના ઉપર જણાવેલ ચારેય પ્રકારના જુદા જુદા ઘણા અહેકામ અને વિગતો છે, જેનો ઉલ્લેખ ફીકહની કિતાબોમાં ઉપલબ્ધ છે.

મરહુમ કાશેફુલ ગેતા કિતાબ ‘અસલુશ્શિઆ’માં જેહાદ વિષે આ પ્રમાણે લખે છે. જેહાદ ઈસ્લામી ઈમારતના પાયાના પત્થર અને ઈસ્લામના તંબૂનો મુખ્ય સ્તંભ છે. કારણ કે, જેહાદથી ઈસ્લામનો તંબૂ સ્થિર ઊભો રહે છે અને દુનિયાદારીના વિસ્તારોમાં વિશાળતા પેદા થાય છે. શરીઅતના રસ્તાઓ ખુલ્લા રહે છે. જો જેહાદ ન હોત તો ઈસ્લામ દુનિયાવાસીઓ માટે રહેમત અને ઈન્સાનો માટે બરકત સમાન ન રહેત.

જેહાદ જાન અને માલની ખેરાત અને રાહે ખુદામાં કુરબાન થવાની હોય છે, જેથી જેહાદ દ્વારા દુશ્મનો પર પ્રભુત્વ મેળવી શકાય અને ઈસ્લામનો ધ્વજ ઊંચો થાય અને જમીન પરથી ઝુલ્મ અને તબાહીનો અંત આવી જાય.

આપણા અકીદા પ્રમાણે જેહાદ બે પ્રકારની હોય છે. એક જેહાદે અકબર જે આંતરિક દુશ્મનો એટલે કે નફસનો સામનો કરવો તે છે. એટલે કે, એ જંગ વડે નફસને અયોગ્ય બાબતો જેમ કે, અજ્ઞાનતા, ઝુલ્મ, સિતમ, અભિમાન, ઘમંડ, હસદ, કંજૂસી અને બીજી ખરાબ બાબતોથી રોકી શકાય. ફરમાવ્યું છે કે, તમારો સૌથી મોટો દુશ્મન તમારો નફસ

છે, જે તમારા બંને ખભાઓની વચ્ચે રહે છે. બીજી, જેહાદે અસગર અને બાહ્ય દુશ્મનો સામેની જેહાદ છે. જે હકકના, ભલાઈના, ખૂબી અને ફઝીલતના તથા દીનના દુશ્મનો સામેની જેહાદ છે.

નફસનો ઈલાજ, અવગુણો અને ખરાબ ટેવોને દૂર કરવી, જે નફસમાં પહેલેથી ઘર કરી ચૂકી છે. નફસમાં ઘર કરી ગએલા અવગુણો, ખરાબ ટેવો અને દૃષ્ટતા જે બીજો સ્વભાવ બની ચૂકી છે તેને દૂર કરી તેનો ઈલાજ કરવો એટલો બધો અઘરો અને મુશ્કીલ છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ તે પ્રકારના જેહાદને જેહાદે

અકબર કહયો છે. અને ખુદ આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને આપના (અલય્હિસ્સલામ)ના સાથીઓ જીવનભર એ બંને સાથે જેહાદ કરવામાં વ્યસ્ત રહ્યા હતા. એ લોકોએ ઈસ્લામને એટલી ઈઝઝત અને એહતેરામ આપીને ઉચ્ચતાના દરજજે પહોંચાડી દીધો છે કે આપણે જયારે કલમ (પેન) મૂકીને ગઈ કાલના (સદરે ઇસ્લામ) મુસલમાનોના જેહાદની કલ્પના કરીએ છીએ ત્યારે આંખમાંથી આંસુના બદલે લોહી વહેવા લાગે અને આહો ફરિયાદની જગ્યાએ છાતીમાં દિલના ટૂકડા બહાર નીકળી જાય અને એક લખાણ ઉપર બીજું લખાણ અને એક વાકય ઉપર બીજું

વાકય અગ્રતા મેળવી જાય તો તેમાં આશ્ચર્ય પામવું નહીં. તમે પોતે એ વાતની કલ્પના કરી લ્યો, કે મારી કલમને કઈ બાબતે અંકુશમાં રાખું, અને મારૂં બયાન કઈ રીતે રોકું ? કઈ બાબતે મારા દિલને મીણ જેવું નરમ કરી દીધું, મારા ગમમાં જોશ પેદા કરી દીધો અને વાત કરતી વખતે ગુપ્ત રહસ્યોને જાહેર કરવાની સ્વતંત્રતા પણ મારી પાસેથી ખૂંચવી લેવાઈ.

## અમ્ર બિલ માઅરૂફ અને નહીં અનીલ મુન્કર :

અમ્ર બિલ માઅરૂફ એટલે બીજા લોકોને (અલ્લાહની) ઈતાઅત માટે તૈયાર કરવા અને નહીં અનીલ મુન્કર એટલે બીજાઓને ગુનાહથી

રોકવા. આ બંને બાબતો અગાઉ જણાવેલ છે. વાજિબાતોની જેમ ઈસ્લામના અરકાન (સ્તંભો) અને મહત્વની ફરજો પૈકી છે અને જેહાદનો એક ભાગ છે. ઘણી રિવાયતોમાં તેનો ઉલ્લેખ સ્પષ્ટ થએલ છે. આ વાજિબાત વિષે ઘણો સખત હુકમ છે અને તેને છોડનારને ડરાવવામાં આવ્યા હોય તેવી ઘણી આયતો અને રિવાયતો મળે છે. જે પૈકી અમુકનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે. સુરએ આલે ઈમરાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે, "તમારામાંથી એક સમૂહ (એવા લોકોનો પણ) હોવો જોઈએ જે (બીજા) લોકોને નેકીની તરફ બોલાવે અને સારા કામોનો હુકમ આપે. અને ખરાબ કામોથી રોકે અને એવા

લોકો જ સફળતા પામશે.” (સરુએ આલે ઈમરાન - 3, આ : ૧૦3 )

ખુદાવંદે કરીમે આ આયતમાં અમ્ર બિલ માઅરૂફ અને નહીં અનીલ મુન્કરની તાકીદ કરીને તેની તબ્લીગ કરવી વાજિબ ગણાવી છે. આ જ સુરામાં ખુદાવંદે આલમ અન્ય જગ્યાએ ફરમાવે છે, “તમે મુસલમાનો શ્રેષ્ઠ ઉમ્મત છો. જેઓને ખુદાએ લોકો સામે જાહેર કરેલ છે. કારણ કે, તમે અમ્ર બિલ માઅરૂફ અને નહીં અનીલ મુન્કર કરો છો. તેમ જ ખુદા ઉપર ઈમાન રાખો છો.” (સુરએ આલે ઈમરાન - 3, આ : ૧૦૯)

(જે ઉમ્મતો લોકોની હીદાયત માટે પેદા કરવામાં આવી (છે) તેઓમાં તમે સર્વ શ્રેષ્ઠ હોવાના કારણે (લોકોની) નેકી કરવા માટે આજ્ઞા કરો છો તથા બદીની મના કરો છો.)

સુરએ માએદાહમાં જે લોકોએ નહીં અનીલ મુન્કર કરવાનું છોડી દીધું છે, તેમની મઝમ્મત કરતા ખુદાવંદે આલમ ફરમાવે છે :

“યહુદીઓ અને ઈસાઈઓના આલિમો પોત પોતાની ઉમ્મતને ગુનાહની વાતો, જેમ કે, (કિતાબમાં ફેરફાર અને હકકનો વિરોધ) રીશ્વતખોરી અને હરામ ખાવાથી શા માટે રોકતા નથી ? ખરેખર, આ કેટલું ખરાબ કાર્ય

છે, જે આ લોકો કરી રહ્યા છે.” (સુરએ માએદાહ - ૫, આ : ૬૩)

“અને તું તેઓમાંથી ઘણાઓને એવી હાલતમાં જોશે કે ગુનાહ અત્યાચાર અને હરામખોરી પર એક બીજાની સાથે હરિફાઈ કરે છે. બેશક, તેઓ જે કાંઈ કરે છે તે ઘણું જ ખરાબ (કરે છે)” (સુરએ માએદાહ - ૫, આ : ૬૨)

અસ્હાબે સબ્તના કિસ્સામાં ખુદાવંદે આલમ આ પ્રમાણે ફરમાવે છે : “આ એવી કોમ હતી જેમના માટે ખુદાવંદે આલમે શનિવારના દિવસે માછલીનો શિકાર કરવો હરામ કરી દીધો હતો, તો તેઓએ તેનો વિરોધ કર્યો. તેઓમાંના

એક સમૂહ તેઓને નસીહત કરીને શિકાર કરવાની મનાઈ કરતો હતો. અમુક લોકો મૌન રહ્યા હતા અને તેઓને બૂરાઈ (હરામ કામ) કરતા રોકતા ન હતા. બલ્કે મનાઈ કરનારને ચૂપ રહેવાનું કહેતા હતા. અને કહેતા હતા કે તે લોકો સાથે સંબંધ જ ન રાખો અને તેમને હલાક થઈ જવા દો. જયારે તે કોમ ગુનાહમાં ડૂબી ગઈ ત્યારે તેઓ ઉપર ખુદાનો અઝાબ નાઝીલ થયો. તેઓ પૈકી ફકત બૂરાઈ કરનારને રોકનાર જ નજાત મેળવી શકયા અને બાકીના એટલે કે ગુનેહગારો અને એ લોકો જે બૂરાઈ કરનારને રોકતા ન હતા તે બધા મસ્ખ થઈને (હડધૂત થએલા) વાંદરા થઈ ગયા અને હલાક થઈ

ગયા.” (સુરએ અઅરાફ - ૭, આ : ૧૬૨ - ૧૬૩)

“અને (અય રસુલ !) તેમને તે ગામની સ્થિતિ પૂછી લે કે જે સમુદ્ર તીરે (વસેલું) હતું, જયારે તે (ગામવાળાઓ) સબ્ત (શનિવાર) પાળવાના સંબંધમાં હદ બહાર જતા હતા ત્યારે તે એ સબ્ત (શનિવાર) પાળતા ત્યારે તેમના માટે તે દિવસે (પુષ્કળ) માછલાં પાણીની સપાટી પર આવી લાગતા અને જે દિવસે તેઓ સબ્ત (શનિવાર) પાળતા ન હતા ત્યારે (મુદ્દલ) માછલાં આવતા ન હતાં. તેઓ નાફરમાન હોવાથી આવી રીતે અમે તેમની કસોટી કર્યા કરતા હતા.”

“અને (તે સમયને યાદ કરો) જયારે તેઓ માહેના એક ટોળાએ એમ કહ્યું હતું કે તમે એવા લોકોને નસીહત જ શાને કરો છો કે જેમનો અલ્લાહ નાશ કરી નાખનાર અથવા તેને સખત અઝાબ આપનાર છે. ત્યારે (તેમણે) કહ્યું કે, (અમે તો) તમારા પરવરદિગારની હઝૂરમાં (અમારા પરથી) આ૧ોપ ઉતરવાના હેતુથી (નસીહત કરીએ છીએ) અને એ માટે કે કદાચને તેઓ બચીને ચાલે.”

“પછી જયારે તેમને જે (નસીહત) કરવામાં આવી હતી તે તેમણે વિસારી દીધી ત્યારે અમોએ તે લોકોને કે જેઓ બદીથી અટકાવતા હતા. (તેમને તો) બચાવી લીધા.

અને જેઓ ઝુલ્મગાર હતા તેમની નાફરમાનીના કારણે દુષ્ટ અઝાબમાં ગિરફતાર કર્યા.”

“પછી જયારે તેમને જે (કાર્ય)ની મનાઈ કરવામાં આવી હતી (તેની) અવગણના કરી ત્યારે અમોએ તેમને કહી દીધું કે (હવે તેમને મનુષ્યોમાંથી) હડધૂત થએલા વાંદરા બની જાઓ.” (સુરએ અઅરાફ - ૭, આ : ૧૬૩ - ૧૬૬)

ઉપરની આયતોથી સ્પષ્ટ થાય છે કે, અમ્ર બિલ માઅરૂફ અને નહીં અનીલ મુન્કર કરવાનું છોડી દેવું એ એવા ગુનાહ છે જે ગુનાહ માટે કુરઆને મજીદમાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે અને નહીં અનીલ મુન્કર

કરવાનું છોડી દેનાર અને તેમ કરવામાં મૌન સેવનારા બંને સમાન અઝાબને પાત્ર છે. કારણ કે, જે રીતે બૂરાઈ કરનારે હરામ કામ કર્યુ છે, તેવી જ રીતે નહીં અનીલ મુન્કર કરવાનું છોડી દેનાર પણ વાજિબે ઈલાહી નહીં અનીલ મુન્કર છોડીને ગુનેહગાર બની ગયો છે. (વિગત માટે તફસીરે અલ-મીઝાન, ભાગ - ૨, પાના નંબર ૩૭૨ નું વાંચન કરવા વિનંતી છે.) બની ઇસરાઈલમાંથી (જેઓ ઈમાન લાવ્યા ન હતા) જે લોકો કાફર થઈ ગયા હતા, તેઓ ઉપર હ.દાવૂદે પોતાની જીભથી લાનત કરી. (કારણ કે, તે લોકોએ હ. દાવૂદના શનિવારના દિવસે માછલીના શિકારની મનાઈના હુકમને માન્યો ન

હતો.) અને (મરીયમના પુત્ર) હ. ઈસા (અલય્હિસ્સલામ) જેઓએ (અસ્હાબે માએદાહ પર લાનત અને નફરત કરી હતી.) આ લાનત કે જેના પરિણામે તેઓ મસ્ખ થઈ ગયા તેઓ પર એ માટે પડી કે એક તો તેઓ નાફરમાનીમાં હદ ઓળંગી ગયા હતા. (અત્યાચાર કરતા હતા) અને બીજું તેઓમાંથી (જે બદી તેઓ કરતા હતા) અમુક લોકો બીજા અમુક લોકોને ખરાબ કામ કરવાથી રોકતા ન હતા. અને બધી રીતે તેઓ બદકાર હતા. (અને) ખચિતજં તેઓ જે કાંઈ કરતા હતા તે ઘણું જ ખરાબ હતું.” (સૂરએ માએદાહ - ૫, આ. ૭૮-૭૯)

ઉપરની આયતોમાં નહી અનીલ મુન્કર ન કરનારાઓને સખત ચેતવણી આપવામાં આવી છે. ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “આ લોકો કે જેઓ નહી અનીલ મુન્કર ન કરવાના કારણે પયગમ્બરોની લાનતને પાત્ર બની ગયા અને તેમના ચહેરા મસ્ખ (વિકૃત) થઇ ગયા. તેઓ પોતે ક્યારેય ગુનેહગારો સાથે ઉઠતા બેસતા ન હતા અને ન તો તેમની મહેફીલો અને મજલિસોમાં જતા હતા; પરંતુ તેઓ જયારે આવા (ગુનેહગારો)ને જોતા હતા ત્યારે તેઓ સાથે હસીને મળતા હતા અને તેઓ પ્રત્યે મોહબ્બત વ્યક્ત કરતા હતા.”

- (વસાઈલ, કિતાબે અમ્ર બીલ માઅરૂફ,પાના નં. ૫૧૦)

## હદીસોમાં અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર :

ઈમામે રઝા (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "તમારે અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવું જોઈએ. જો તમે નહી કરો તો તમારી ઉપર ખરાબ લોકો પ્રભાવિત થઇ જશે, પછી તમારા(માંના) નેક લોકો ગમે તેટલી દુઆઓ કરશે (તો પણ કબૂલ નહી થાય)"

- (વસાએલુશ્શિઆ, કિતાબે અમ્ર બીલ માઅરૂફ, પાના નં. ૫૧૦)

મરહુમ આયતુલ્લાહ કાશેફુલ ગેતાએ તેમની કિતાબ ‘અસ્લ વ ઉસુલુશ્શિઆ’મા આ પ્રમાણે લખ્યું છે કે, અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર ખૂબજ મહત્વની વાજિબાતોમાંથી એક વાજિબાત છે અને તેવી બુનીયાદોમાંથી એ બુનિયાદ છે, જેના ઉપર દીને ઇસ્લામ ટકી રહ્યો છે. આ બંને બાબતોમાં ઇબાદતોમાં અફઝલ, ફરમાબરદારીમાં અકમલ (પૂર્ણતમ) જેહાદના દરવાજાઓમાંથી એક દરવાજો, હક તરફ નિમંત્રણ, મખ્લુકની હિદાયતના દ્વાર તેમજ ગુમરાહી અને બાતીલની સામે અડગ રહેવાનું નામ છે. જે કોમને ખુદાવંદે આલમે ઝીલ્લતમાં સપડાવી હોય અને

બદબખ્તીનો પોષક પહેરાવ્યો હોય, જેથી તે કૌમ હિંસક પશુઓ અને ઝાલીમોના ખોરાક બની જાય છે. તે સિવાયની કોઈ કોમે આ બે વસ્તુઓને છોડી નથી.”

સાહેબે શરીઅતે ઇસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અઇમ્મએ માસૂમીન (અલય્હેમુસ્સલામ)થી જે હદીસો નોંધવામાં આવી છે, તેમાં અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરની ફરજો બજાવવાની તાકીદ કરવામાં આવી છે અને તેને છોડવા માટે ડરાવવામાં આવ્યા છે અને ચેતવણી આપવામાં આવી છે આ બંને બાબતો પ્રત્યે ગફલત

રાખવાથી જે ફસાદ અને નુકસાન થાય છે, તેનું વર્ણન કરવામાં આવ્યું છે, જેનાથી પીઠ અને કમર વળી જાય છે બલકે એ વાતો કે જેનાથી આપણને એ વાજિબાત પ્રત્યે સુસ્તી કરવા અને તે કામથી સંબંધ તોડવા માટે ડરાવવામાં આવ્યા છે. આ બધી બાબતો દલીલની મોહતાજ નથી. આ બધી બાબતો છોડી દેવાના ખરાબ પરિણામ આપને રોજિંદા જીવનમાં સગી આંખે જોઈ અને અનુભવી રહ્યા છીએ. કદાચ, આપણે ફક્ત અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાનું છોડવાનું જ પૂરતું સમજ્યા હોત (અને તેનાથી આગળ ન વધ્યા હોત તો કેવું સારૂં થાત ?) આ તો આપણે તેનાથી પણ

આગળ હદ ઓળંગીને મુન્કરને માઅરૂફ અને માઅરૂફને મુન્કર તરીકે બદલાવી ન નાખત. માઅરૂફનો હુકમ આપનાર પોતે જ તે કામ કરવાનું છોડી ન દેત અને મુન્કરથી રોકનારા ખુદ પોતે જ તે કામ ન કરત. લોકોના ખરાબ અમલને કારણે જમીને ખુદાની સૂકી અને ભીની બાબતોમાં ખરાબી પેદા થાય છે.

આ પછી એ કિતાબના હાંશિયામાં આ પ્રમાણે લખ્યું છે કે, અલ્લાહ તઆલાએ ઇસ્લામમાં તમામ રાજકારણના કાયદાઓ, દીની અને દુન્યવી ભલાઈ, શહેરી જીન્દગી અને પ્રગતિના પાયાના કારણો એકઠાં કર્યા છે. કારણ કે, શરીઅત બનાવનારે માનવજાત માટે

કાયદાઓ બનાવ્યા છે અને મર્યાદાઓ અને પ્રતિબંધો સ્પષ્ટ કર્યા છે. અને અમ્રો નવાહીને શરીઅતની હેસિયત મુજબ (વાજિબ) ઠરાવ્યું અને સ્વભાવગત શક્તિ કુવ્વતે તનફીઝીની મોહતાજ છે. તેથી કાનૂન બનાવવા અને અમલમાં મૂકવાની જવાબદારી તમામ મુસલમાનોના શીરે મૂકવામાં આવી છે અને દરેક મુસલમાન માટે અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરને વાજિબ કર્યું, જેથી દરેક મુસલમાન વ્યક્તિ પોતાને તે હુકમનું પાલન કરનાર અને જવાબદાર સમજે.

કુલ્લો રાઈન વ કુલ્લોકુમ મસ્ઉલુન અર રઈય્યતેહ એટલે કે, દરેક વ્યક્તિ એ ઢોર

ચરાવવાની જેમ રખેવાળ છે અને દરેક રખેવાળ પોતાના ઘેટાં બકરાં (ની રખેવાળી) માટે જવાબદાર હોય છે.

ઉપરના વિધાનના અર્થમાં તમામ વ્યક્તિઓને એક બીજાના આમાલ (કાર્યો) ઉપર દેખરેખ રાખનાર ગણાવવામાં આવેલ છે અને દરેક વ્યક્તિ ઉપર ત્રણ વાતો વાજિબ કરવામાં આવી છે.

(૧) પોતે શીખે અને તેની ઉપર અમલ કરે.

(૨) બીજાઓને પણ શીખવે.

(૩) પોતાની ઉપરાંત બીજાઓને પણ ઇલમ અને અમલ માટે તૈયાર કરે.

આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “બેશક, ખુદાવંદે આલમ એવા નિર્બળ મોમીનને દુશ્મન રાખે છે જેનો દીન નથી. કોઈએ પૂછ્યું : “નિર્બળ મોમીન કોણ છે, જેનો કોઈ દીન નથી ?” આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “ એવો નિર્બળ, જે કોઈ બૂરાઈને જૂએ પણ તેને રોકવા અને સમજાવવાની કોશિશ ન કરે.”

- (વસાએલુશ્શિઆ, ભાગ ૧૧, પાના નં. ૩૯૩)

હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જયારે મારી ઉમ્મત અમ્ર બીલ માઅરૂફ અને

નહી અનીલ મુન્કર કરવાનું છોડી દે ત્યારે ખુદાના કહર અને ગઝબ (ગુસ્સા અને પ્રકોપ) નાઝીલ થવાની રાહ જૂએ.”

- (વસાએલુશ્શિઆ)

હઝરત ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જે કૌમ અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર છોડી દેશે તેની ઉપર સખ્ત અઝાબ નાઝીલ થશે.”

- (વસાએલુશ્શિઆ, ભાગ ૧૧, પાના નં. ૩૯૭)

અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “બેશક, ખુદાએ તમારી પહેલાના લોકો ઉપર અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર છોડી દેવાના કારણે લાનત કરી

છે. (ગઝબમાં ગિરફ્તાર કર્યા છે) આથી, નાદાનો ઉપર ગુનાહ કરવા માટે અને બુધ્ધિશાળીઓ ઉપર નહી અનીલ મુન્કર છોડવાના કારણે લાનત કરવામાં આવી છે.”

- (નહજુલ બલાગાહ, સબરીસ્સાલેહ, ખુત્બા નં. ૧૯૨)

## અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરની શરતો :

નીચે મુજબની ચાર શરતો હોય તો અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવું વાજિબ થઇ જાય છે.

### (૧) માઅરૂફ અને મુન્કરનું ઇલ્મ :

જે કામનો બીજા કોઈને હુકમ આપવા માંગતા હોઈએ તે માટે જરૂરી છે કે, તે કામનો હુકમ આપનાર (અમ્ર બીલ માઅરૂફ કરનાર)ને પોતાને તે કામ વાજિબ હોવાની ખાતરી હોય. દાખલા તરીકે, તે કામ જરૂરિયાતે દીનમાંથી હોય તે એવું કામ હોય જેના વિષે તમામ મુજતહીદ એકમત હોય. જો કોઈ મતમતાંતરવાળો મસઅલો હોય તો તે કામ માટે અમ્ર બીલ માઅરૂફ કરવું વાજિબ નથી. કારણકે, એ વાત શક્ય છે કે, તે કામ ન કરનાર એવા મુજતહીદની તકલીદમાં હોય, જે તે કામને વાજિબ સમજતા ન હોય અને એ સંજોગોમાં પણ જયારે કે એવું ગુમાન હોય કે તે વાજિબ

કામને છોડનાર શરઇ અથવા અકલી (કારણ)ને લીધે તે કામ કરતો નથી. તો તેવા સંજોગોમાં પણ એ કામનો હુકમ આપવો વાજિબ નથી. તેવી જ રીતે, નહી અનીલ મુન્કરમાં પણ જે કામ માટે રોકવા (કામ કરતા અટકાવવા) માંગતા હોઈએ તે કામ હરામ હોવાની બાબત સર્વસ્વીકૃત હોવી જોઈએ. જેમ કે, જો કોઈ મુસલમાનની ગીબત થતી સાંભળે અને એવું ગુમાન હોય કે તે સંજોગોમાં શરઈ રીતે (ગીબત કરવી) જાએઝ છે, તો ત્યાં ગીબત કરતા રોકવી વાજિબ નથી. એટલું જ નહી, જો (ગીબત કરતા રોકવું) તેની રૂસ્વાઇ માટે કારણરૂપ બને તેમ હોય તો પણ જાએઝ નથી. ટૂંકમાં, જે કામ

કરવાનો હુકમ દેવા માંગતો હોય તે માઅરૂફ હોવાની (હુકમ અને વિષય બંને રીતે) જાણકારી હોવી જોઈએ અને જે કામથી રોકવા માંગતા હોઈએ તે મુન્કર હોવાનું (હુકમ અને વિષય બંને રીતે) સંપૂર્ણ રીતે સાબિત હોવું જોઈએ.

(૨) અમ્રબીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાના ફાયદા અને અસર ગુમાન મજબૂત હોવું જોઈએ. જો એ વાતની ખાતરી હોય કે 'અમ્ર' અને 'નહી' કરવાથી કોઈ ફાયદો નહી થાય તો તેની ઉપર વાજિબ નથી.

મસઅદહ કહે છે કે, "મેં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને હઝરત પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની એ

હદીસ વિષે પૂછ્યું જેમાં ફરમાવ્યું હતું કે, જેહાદનો સર્વશ્રેષ્ઠ પ્રકાર ઝાલિમ હાકીમની સામે હક્ક વાત કહેવી તે છે.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “આ એવા સંજોગો અને સ્થાન માટે છે જયારે હુકમ આપનાર પોતે મસઅલો જાણતો હોય અને સાથે સાથે પોતે પણ તે સ્વીકારવા માટે તૈયાર હોઈ. જો હુકમ આપનાર મસઅલો જાણતો ન હોય અને માણસ સ્વીકારશે તેવી આશા પણ ન હોય તો પછી ન કહે.”

(3) હઝરત ઈમામે જાફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર એવા મોમીન

માટે હોય છે જે નસીહત કબૂલ કરનાર હોય. જે નસીહત માની લે, અને એનું પરિણામ દેખાઈ આવે અથવા એવા જાહિલ માટે હોય જે ઇલ્મ હાંસિલ કરવા માંગતો હોય, જેથી તેની અજ્ઞાનતા દૂર થાય. (અને ડહાપણ આવી જાય) પરંતુ એવો શક્તિશાળી માણસ કે જેના હાથમાં કોરડો અથવા તલવાર હોય અને જે નસીહત માનવા કે સાંભળવા માટે તૈયાર ન હોય તો તેને અમ્ર અને નહી કરવાનું જરૂરી નથી. (કારણ કે, તેમ કરવાથી કાંઈ ફાયદો નહી થાય)”

- (વસાએલુશ્શિઆ, ભાગ ૧૧, પાના નં. ૪૦૧)

જે વ્યક્તિએ માઅરૂફ છોડી દીધું હોય અથવા મુન્કર કરતો હોય તેણે વાજિબાત છોડી

દીધી હોય અથવા હરામ કામ કરી રહ્યો હોય અથવા તો તે વાજિબાત છોડીને હરામ કામનું સતત પુનરાવર્તન કરી રહ્યો હોય. હવે જો તેવી વ્યક્તિ પોતાના તે કામો માટે શરમીંદગી અનુભવે અને તેણે ગુનાહો કરવાનું છોડી દીધું હોય તો અમ્ર અને નહી જરૂરી નથી. એટલે કે, તેવી વ્યક્તિને અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાની જરૂર રહેતી નથી. કેટલાક ફોકહાનું કહેવું છે કે, જયારે તેવી વ્યક્તિમાં (ગુનાહો કરવા બદલ) શરમીંદગીના ચિહ્નો વ્યક્ત થાય અને તેનો ઈરાદો ગુનાહો છોડી દેવાનો હોય અથવા ન હોય તો પણ અમ્ર અને નહી સાકીત છે, ભલે પછી તે વ્યક્તિની

હરામ કામ છોડી દેવાની અથવા વાજિબાત અદા કરવાની જાણકારી પણ ન હોય.

(૪) અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાથી ખરાબી કે નુકસાન ન થવું જોઈએ. જો અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરમાં પોતાના અથવા કોઈ મુસલમાનની જાન અને માલ તેમજ ઈઝઝત અને આબરૂના નુકસાનની આશંકા હોય તો આ વાજિબાત અદા કરવાની રહેતી નથી. પરંતુ આ હદીસ બયાન કરવામાં આવે છે કે શહીદોમાંથી શ્રેષ્ઠ શહીદ એ છે કે કોઈ ઝાલિમ સામે હક વાત કહે અને તે ઝાલિમ તેણે કતલ કરી નાખે. આ હદીસ એવા સંજોગોમાં લાગુ પડે છે કે જયારે પ્રારંભમાં

નુકસાન પહોંચવાની અને ફસાદ થવાની શક્યતા ન હોય. પરંતુ, એવું ગુમાન હોય કે તેમાં કોઈ નુકસાન નહી થાય અને પછી હક વાત કહે અને (તે કહેવાને કારણે) કતલ થઇ જાય.

## વહેમ અને મામૂલી નુકસાનની પરવા ન કરવી :

માત્ર નુકસાન થવાના સંદેહને કારણે અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાનું છોડી દેનારની મઝમ્મત કરવામાં આવી હોય તેવી હદીસો પણ મળે છે. જેમ કે, જાબીર ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી એક લાંબી હદીસ નોંધે છે જેમાં એ વાતનો ઉલ્લેખ છે કે, આખર ઝમાનાના લોકોમાં એવા

રીયાકાર અને બેવકૂફ લોકો હશે...... (જેઓ) અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાનું એ સમય સુધી વાજિબ નહી સમજે જ્યાં સુધી પોતે નુકસાનથી સુરક્ષિત હોય અને તેઓ પોતાના માટે કારણ અને બહાનાઓ રજુ કરશે. એટલે નહી અનીલ મુન્કર ન કરવા માટેના બહાનાઓ શોધશે. ત્યારપછી આપે ફરમાવ્યું : તેઓ નમાઝ, રોઝા અને એવા કામો કે જેનાથી પોતાના નફસ અને માલને કોઈ નુકસાન ન થાય તેવા કામો બજાવી લાવશે. અને જો એ આમાલ કરવાથી પણ તેના નફસને કોઈ નુકસાન થવાની શક્યતા હશે તો તે (વાજિબાત) પણ છોડી દેશે. આવા માણસોએ

ખુદાએ નક્કી કરેલ અગત્યની ફરજોને માત્ર નુકસાન પહોંચવાની શંકાને લીધે છોડી દીધા.

- (કાફી, ભાગ-પ, પાના નં. પપ)

આ પ્રકારની હદીસોના બે કારણો હોય શકે. (૧) એ રિવાયતોમાં જે નુકસાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે નુકસાનની શંકા, નુકસાન અથવા શંકા અને સંદેહવાળા નુકસાનના અર્થમાં હોય શકે. એટલે કે, નુકસાનની આંતરિક (પરિણામોની) જાણકારી મેળવ્યા વગર તે ફક્ત વહેમ અને શંકા, કુશંકાને કારણે અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાનું છોડી દેશે અને એવું માનશે કે કદાચ એમ કરવાથી ક્યાંય પોતાને નુકસાન વેઠવું ન પડે. તેનાથી એ

વાત સ્પષ્ટ છે કે, આવું વિચારવું એ દીન અને ઈમાનની કમઝોરીની દલીલ છે. તેથી એમ કરવાની મઝમ્મત કરવામાં આવી છે. (૨) બીજું કારણ એ હોય શકે કે તેનો અર્થ અંશત : અને બહુ જ ક્ષુલ્લક નુકસાન હોય શકે, જે એક દીનદાર, અક્કલમંદ માણસની દ્રષ્ટીએ નોંધપાત્ર ન હોય. ક્યારેક એવું પણ હોય શકે કે તે હરામ કામ કરવાને માત્ર એવી ધારણાથી નથી રોકતો કે ક્યાંક તેના પરિણામે પોતાને થનાર સંભવિત ફાયદો ન થાય, જેની પોતાને આશા હોય. ખુદાવંદે આલમની દ્રષ્ટિએ નહી અનીલ મુન્કર ન કરવાનું આ કોઈ કારણ નથી.

આ બાબતનો સારાંશ એ છે કે, જયારે કોઈ એવું નુકસાન જે અક્કલમંદ લોકોની દ્રષ્ટિએ હમદર્દીને પાત્ર હોય શકે જેની જાણકારી હોય અથવા ગુમાન હોય કે અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવામાં આવે તો નુકસાન ઉઠાવવા પડશે તો ફક્ત એ સંજોગોમાં જ અમ્ર અને નહીની વાજિબાત સાકીત થાય છે.

## વધારે મહત્વની બાબતને પ્રાધાન્ય આપો :

એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે, અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરની વાજિબાત ફક્ત એ વખતે સાકિત થાય છે, જયારે તેને છોડવાથી અને 'નહી' કરવાથી કોઈ નુકસાન થતું હોય. નહીંતર પછી નુકસાનના

દરજ્જા ધ્યાનમાં લેવા પડશે. એટલે કે, જો અમ્ર બીલ માઅરૂફ કરવામાં અને નહી અનીલ મુન્કર છોડી દેવામાં તેના કરતા વધારે નુકસાન હોય તો છોડી દેવું જોઈએ. દાખલા તરીકે, કોઈ માણસ જૂએ કે લોકો એક નિર્દોષ મુસલમાનને નાહક કતલ કરવા માંગે છે અથવા તેનો માલ કે ઇઝ્ઝત લૂંટી લેવા માંગે છે અને તે લોકોને તેમ કરતા રોકી શકે તેમ છે અને તેનો પ્રભાવ પડી શકે તેમ છે; પરંતુ, તેમ કરવા જતા તેણે થોડા મેણા ટોણા સાંભળવા પડશે અને તકલીફ ઉઠાવવી પડશે તો એ સંજોગોમાં તેણે નહી અનીલ મુન્કર કરવું જોઈએ. કારણ કે, નહી અનીલ મુન્કર કરવાથી પેલા મુસલમાનને

થનાર નુકસાન (પોતાને અંગત રીતે થનાર નુકસાન) કરતા વધારે હશે. (સંપાદક કહે છે કે) પુસ્તકના કદને સંક્ષિપ્તમાં રાખવાની બાબત ધ્યાનમાં છે તેથી આ વાતને અહી જ ટૂંકાવી નાખવામાં આવે છે.

**નહી અનીલ મુન્કરના દરજ્જા :**

નહી અનીલ મુન્કરના ત્રણ દરજ્જા છે. (૧) દિલ (૨) જીભ અને (૩) હાથ વડે રોકવું. આ ત્રણેય પ્રકારના પણ બીજા ઘણા દરજ્જા છે. જેની શરતો વગેરે લક્ષમાં રાખવી જરૂરી છે. એટલે કે, જ્યાં સુધી વધારે સરળ અને હળવામાં હળવી પધ્ધતિથી અસર થઇ શકે તેમ હોય ત્યાં સુધી વધારે સખત રીતનો ઉપયોગ કરવો

જાએઝ નથી. જેની વિગતનું વર્ણન હવે કરવામાં આવશે.

**(૧) દિલથી અણગમો વ્યક્ત કરવો :**

કોઈ વ્યક્તિમાં ઈમાન હોય તો તે માટે જરૂરી છે કે તેણે દરેક ખરાબ હરામ બાબતો ખરાબ લાગે અને તેવી વાતોથી તે નફરત કરે અને દરેક નેકી અને દરેક સારા કામને તે પસંદ કરે. જયારે પણ કોઈ હરામ કામ તેની સામે આવે ત્યારે તેના પ્રત્યે તે દિલી નફરત કરે અને તે કામથી તે મુખ ફેરવી લે તે કામ કરનાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરે અને તેની સાથે વાત કરવાની છોડી દે અને જો તેવા માણસ સાથે

વાત કરવા માટે મજબૂર હોય તો વાત કરતી વખતે તેનાથી મૂખ ફેરવી લ્યે.

અમીરૂલ મોઅમેંનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ અમને ગુનેહગારો સાથે કઠોર વર્તન કરવાનો હુકમ આપ્યો છે."

- (વસાઈલ, ભાગ – ૧૧, પાના નં. ૪૧૩)

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "અલ્લાહ તઆલાએ કોઈ શહેરના લોકોને હલાક કરવા માટે બે ફરિશ્તાઓને મોકલ્યા. જયારે તે ફરિશ્તાઓ તે શહેરમાં પહોંચ્યા ત્યારે તેઓએ એક આબીદને ઈબાદત કરવામાં મશગુલ જોયો. તેઓએ બારગાહે ઈલાહીમાં અર્ઝ

કરી : અય પાલનહાર, તારો અમુક બંદો તો ઈબાદતમાં મશગુલ છે, અમે તે શહેર પર અઝાબ કઈ રીતે નાઝીલ કરીએ ? ત્યારે અવાજ આવ્યો, તે માણસની પરવા ન કરો, કારણ કે તેણે કદી મારી ખુશનુદી માટે ગુસ્સો કર્યો નથી અને ગુનેહગારો સાથે ક્યારે પણ ચેતવણીપૂર્ણ સ્વરમાં વાત કે વર્તન કર્યું નથી.”

- (વસાએલુશ્શિઆ, ભાગ – ૧૧, પાના નં. ૪૧૫)

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ)એ નહી અનીલ મુન્કર છોડી દેવા સબબ પોતાના કેટલાક અસ્હાબની મઝીમ્મત કરી. રાવી કહે છે કે, “અમે રોકીએ છીએ તેમ છતાં તે લોકો

માનતા નથી અને બૂરાઈ કરવાનું છોડતા નથી.”

આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, “તેવા લોકોની સોહબતથી દૂર રહો અને તેમની મજલિસો (બેઠક - મીટીંગ)માં હાજરી ન આપો.” આપે એક અન્ય હદીસમાં ફરમાવ્યું : “બૂરાઈ અથવા હરામ કામ કરનારને કહી દો કે અમારાથી દૂર થઇ જાઓ અથવા તો બૂરાઈ છોડી દો. અને જો તેઓ ન માને તો તેઓથી બચો અને વિખૂટા પડી જાઓ.”

જ્યાં સુધી નહી અનીલ મુન્કરના પ્રાથમિક તબક્કા પૂરા ન થાય ત્યાં સુધી છેલ્લા તબક્કા ઉપર અમલ કરવો ન જોઈએ અને

પ્રાથમિક તબક્કામાં પણ જ્યાં સુધી સહેલી રીતે ઉપર અમલ થઇ શકે તેમ હોય અને તેની અસર પણ સ્પષ્ટ થઇ શકે તેમ હોય ત્યાં સુધી વધારે સખત રીત ઉપર અમલ ન કરવો જોઈએ. જેમ કે, ચેતવણીભર્યા સ્વરમાંથી વાત કરવાને મુખ ફેરવી લેવા અને મુખ ફેરવી લેવાનો સંબંધ તોડી નાખવા ઉપર અગ્રતા આપવી જોઈએ. આ વાતનો સારાંશ એ છે કે, નહી અનીલ મુન્કરના મરતબાઓનો સહેલામાં સહેલો (એક પછી એક દરજ્જા પ્રમાણે) દરજ્જાનો ખયાલ રાખવો જોઈએ. એટલે કે, પહેલા તબક્કા પછી બીજો તબક્કો અને બીજા તબક્કા પછી ત્રીજો તબક્કો એવી રીતે છેવટ

સુધીના જે રીત ઉપર અમલ કરી શકાતો હોય તે અસરકારક રીત ઉપર અમલ કરવો જોઈએ અને ત્યારપછી બીજી રીત ઉપર અમલ કરવો જોઈએ. કેટલીક વખત એવું બને છે કે અમુક વ્યક્તિઓ માટે અમુક રીતે જેમાં ફક્ત દિલથી ઇનકાર કરવો, બીજી રીતો જેમ કે, મોંઢેથી ઇન્કાર કરવો એ વધારે સખત રીત બનતી હોય છે. દાખલા તરીકે, હળવાશથી વાત કરવી, એ ગુસ્સા અને સંબંધ તોડી નાખવા કરતા સહેલી રીત હોય છે, એ સંજોગોમાં બીજી રીતને પહેલી રીત ઉપર અગ્રતા આપવી જોઈએ.

(૨) જીભથી ઇન્કાર (રોકવું) :

આમાં પહેલી સહેલી રીતો પૈકી વધારે સહેલી રીત અપનાવવી જોઈએ. પ્રાથમિક તબક્કામાં નરમાશથી વાતચીત અને નસીહતથી કામ લેવું જોઈએ. જે રીતે ખુદાવંદે આલમે હ. મુસા (અલય્હિસ્સલામ)ને ફરમાવ્યું હતું : **“(હવે) તમે બંને ફીરઓન પાસે જાઓ (કારણ) કે તે (અત્યંત) ઉધ્ધત (અને શીરજોર) બની ગયો છે.”**

**“પછી તમે તેની સાથે નરમાશથી વાતો કરજો કે જેથી (કદાચને) તે બોધ ગ્રહણ કરે અથવા (અમારા અઝાબથી) ભય પામે.”**

**-** (સૂરએ તા-હા - ૨૦, આયત નં. ૪૩ - ૪૪)

આ ઉપરાંત નરમાશ અને સખ્તાઈથી વાત કરવામાં પણ દરજ્જાને ધ્યાનમાં લેવો જોઈએ.

(3) હાથથી ઇન્કાર (હાથથી રોકવું) :

જયારે જીભથી રોકવાની અસર ન થાય ત્યારે હાથથી (એટલે કે શારીરિક અવયવોથી) રોકવું જોઈએ. ભલે તે માટે મારપીટ કરવી પડે અથવા તો સજા વગેરે કરવી પડે; પરંતુ, જ્યાં સુધી સરળ રીત અસરકારક બની શકતી હોય ત્યાં સુધી અઘરી અને સખત રીત અપનાવવી ન જોઈએ. તેવી જ રીતે, જો થોડી મારપીટ કરવાથી ફાયદો ન થાય તો સખત મારપીટ કરવામાં પણ કોઈ વાંધો નથી; પરંતુ તેમ

કરવાની શરત એ છે કે તેની અસર થવી જોઈએ. (એટલે કે જેને સજા કરવામાં આવે તે ખરાબ કામ કરવાથી અટકે અથવા સારૂં કામ કરતો થઇ જવો જોઈએ)

જયારે આ વાતની ખાતરી હોય, કે જે ખરાબ કામની મનાઈ કરવામાં આવી રહી છે તે ગુનાહ સાહેબે શરીઅતને સખત નારાજ કરનારા ગુનાહ હોય (જેમ કે, પરિણીત સ્ત્રી સાથે ઝીના કરવા અથવા લવાત એટલે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરવું) અને એવી ધારણા હોય કે એવો માર કે જેનાથી જખમ પડી જાય તેવો માર મારવાથી અસર થઇ શકે, તેમ જ તે ખરાબ કામ કરતો અટકી જાય તેમ હોય, તેમ જ તેમ કરવા છતાં

સાધારણથી વધારે નુકસાન પણ ન થાય તેમ હોય (મામૂલી નુકસાન સહન કરી શકાય તેવું હોય) તો એ સંજોગોમાં પણ બૂરાઈથી રોકવા માટે સખત મારપીટ કરવી વાજિબ છે. જયારે કોઈ પણ પ્રકારની રીત કે ચેતવણી કે મારપીટના પ્રકારની અસર ન થાય તો નહી અનીલ મુન્કર કરવું સાકીત થઇ જાય છે.

## જીવતાઓ વચ્ચે એક મડદું :

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “કેટલાક મોમીનો દિલ, ઝબાન અને હાથ વડે નહી અનીલ મુન્કર કરે છે. એવા લોકો દરેક દ્રષ્ટિએ સારી વિશેષતા ધરાવે છે. અમુક લોકો દિલ અને

ઝબાનથી નહી અનીલ મુન્કર કરે છે. તેઓમાં બે સારી વિશેષતા હોય છે અને ત્રીજી વિશેષતાની ઓછપ હોય છે. અમુક લોકો ફક્ત દિલથી નહી અનીલ મુન્કર કરતા હોય છે. તેઓમાં એક સારી વિશેષતા હોય છે અને તેવી વ્યક્તિ બે વિશેષતાથી વંચિત રહે છે. પરંતુ, જે વ્યક્તિમાં આ ત્રણમાંથી એક પણ વિશેષતા ન હોય તે જીવંત વ્યક્તિઓ વચ્ચે મુડદા સમાન છે. અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરની સરખામણીમાં બીજા તમામ નેક આમાલ અને રાહે ખુદામાં કરવામાં આવતી જેહાદ આખા સમુદ્રમાં એક ટીપાં સમાન છે. અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કર કરવાથી કોઈ

મોત નજદીક આવતી નથી અને કોઈ રોજી પણ ઓછી થતી નથી.”

- (વસાએલુશ્શિઆ, ભાગ ૧૧, પાના નં. ૪૦૪)

## તવલ્લા અને તબર્રા :

વાજિબ કામોમાં ખુદાની મોહબ્બત અને એવા લોકો સાથે મોહબ્બતનો સમાવેશ થાય છે, જેમની સાથે દોસ્તી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે, તેમાં સૌથી અગ્રતા ક્રમે ચૌદ માઅસુમ (અલય્હેમુસ્સલામ) છે. ત્યારપછી તેઓના એ શીઆઓ અને તેમની સાથે મોહબ્બત કરનારાઓ, તેઓની પાક ઔલાદ અને તેઓ (અલય્હેમુસ્સલામ) સાથે સંબંધિત હોવાના કારણે સાદાત બુઝુર્ગ નસ્લનો સમાવેશ

થાય છે. કુરઆને મજીદમાં તેઓ સાથે મોહબ્બત અને દોસ્તી કરવાને રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) રીસાલતનો અજર (બદલો) ગણાવવામાં આવ્યો છે.

ઈરશાદે રબ્બુલ ઈઝઝત છે :

**"કુલ લા અસ્અલોકુમ અલયહે અજરન ઈલ્લલ મવદ્દત ફીલ કુરબા."**

- (સૂરએ શુરા - ૪૨, આયત નં. ૨૩)

"અય રસૂલ ! તું કહી દે કે હું તો આ તબ્લીગે રીસાલતનો મારા કરાબતદરો (મારા નિકટના સ્નેહીઓ) એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની મોહબ્બત સિવાય તમારી પાસે બીજો કોઈ બદલો (મહેનતાણું) માંગતો

નથી.” તબર્રા અને બરાઅતનો અર્થ ખુદાના તમામ દુશ્મનો અને ખુદાનાતમામ દોસ્તોના દુશ્મનોને દુશ્મન સમજવો તેવો થાય છે. જેમાં સૌથી પહેલા આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)નો હક ગસ્બ કરનાર અને તેઓ ઉપર ઝુલ્મો સિતમ કરનાર આવે છે. ટૂંકમાં, જે વ્યક્તિથી ખુદા અને તેના રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) નારાજ હોય તેને દુશ્મન સમજવો જોઈએ. આનો અર્થ ગુનેહગારોને દુશ્મન સમજવા તેવો પણ થાય છે. આમ, ઈબાદત અને ઈતાઅત તેમ જ ઈબાદત કરનારાઓને દોસ્ત રાખવા તવલ્લા છે. આ બંને વાજિબાતે ખુદા (તવલ્લા અને

તબર્રા) જે અરકાનમાં ગણાય છે, તેના વિષે કુરઆનમાંથી ઘણી આયતો અને મુતવાતીર રીવાયતો મળે છે. આ બંને બાબતો મઝહબની જરૂરી બાબતો પૈકી છે તેથી તેનો બહુ વિગતવાર ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી. તેમ છતાં, અમુક હદીસોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે.

ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ઇસ્લામની બુનિયાદ પાંચ વસ્તુ પર રાખવામાં આવી છે. નમાઝ, રોઝા, ઝકાત, હજ અને વિલાયત. આ પાંચેય બાબતો પૈકી વિલાયત માટે જે રીતે

હુકમ આપવામાં આવ્યો છે તેવી રીતે બીજી કોઈ બાબતોનો હુકમ આપવામાં આવ્યો નથી.”

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૧૮)

બીજી એક હદીસમાં ફરમાવ્યું છે કે, “એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના દોસ્તો સાથે દોસ્તી રાખવી અને તેના દુશ્મનો સાથે દુશ્મની રાખવી અને એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની ઈતાઅત અને તાબેદારી કરવી દીનની બુનિયાદમાં ગણાય છે.”

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૧૮)

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે હઝરત અબા અબ્દીલ્લાહ જાફર સાદિક (અલય્હિસ્સલામ)એ ઈરશાદ ફરમાવ્યું કે,

“હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના અસ્હાબને પૂછ્યું કે ઈમાનનો સૌથી દ્રઢ સંબંધ (જે બજાવી લાવનારને નજાત અપાવે અને સઆદતે અબદી – અનંત સદભાગ્ય સુધી પહોંચાડે) તે શું છે ?” તેઓએ જવાબ આપ્યો ખુદા અને તેના રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ (નો જવાબ સારી રીતે જાણે છે) અમુકે કહ્યું : “નમાઝ”, અમુકે કહ્યું : “રોઝા”. અમુકે કહ્યું : “ઝકાત”. કેટલાક અસ્હાબોએ કહ્યું : “હજ અને ઉમરાહ”. અમુકે કહ્યું : “જેહાદ”. હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “જે કામોનો ઉલ્લેખ થયો છે તે

બધાની ફઝીલત છે; પરંતુ તે બધા મજબૂત વસીલા નથી. પરંતુ ઈમાનનો સૌથી મજબૂત સંબંધ ખુદાની ખુશી માટે દોસ્તી અને ખુદાની ખુશી માટે દુશ્મની રાખવી તે છે. ખુદાના દોસ્તો સાથે દોસ્તી રાખવા અને ખુદાના દુશ્મનો પ્રત્યે બેઝારી, નારાઝગી વ્યક્ત કરવી તે છે.”

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૧૨૫)

હઝરત ઈમામ રઝા (અલય્હિસ્સલામ) પોતાના પત્રમાં ઈસ્લામી કાનૂનો વિષે લખે છે કે, જે લોકોએ આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ) પર ઝુલ્મ કર્યા તેઓ પ્રત્યે નારાજગી દર્શાવવી વાજિબ છે.

નાકેસીન, કાસેતીન અને મારેકીન (જંગે જમલમાં હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે જંગ કરનારાઓ, સીફ્ફીનમાં મોઆવીયા મલઉન તરફથી લડનારાઓ અને નહરવાનના ખારજીઓ) સાથે બેઝારી (નફરત) અને તેવી જ રીતે હઝરત અમીરૂલ મોઅમેંનીન (અલય્હિસ્સલામ)ની વિલાયતનો ઇન્કાર કર્યો હોય તેવા અને તેઓમાંના પ્રથમ અને છેલ્લા આવનારાઓ પ્રત્યે નફરત કરવી વાજિબ છે.

હઝરત અલી (અલય્હિસ્સલામ) અને તેઓની તાબેદારી કરનારાઓ જેમ કે, સલમાન (રહ.), અબુઝર (રહ.), અમ્માર, મીકદાદ (રહ.), અબુલ હયસમ (રહ.), સહલ બિન હનીફ઼ા (રહ.),

એબાદહ બિનલ સામિન (રહ.), અબુ અય્યુબ અન્સારી (રહ.), ખરીમહ બિન સાબિત (રહ.), અબુ સઈદ ખુદરી (રહ.) વગેરેની દોસ્તી અને તેઓને માનનારા લોકોની દોસ્તી વાજિબ છે.

- (ઓયુનુલ અખ્બારે રઝા અલય્હિસ્સલામ, પાના નં. ૨૬૮)

જો કોઈ વ્યક્તિ ઈમાનની હાલતમાં ખુદાવંદે આલમ સાથે મુલાકાત કરવાની ઈચ્છા ધરાવતી હોય તો તેણે ખુદા, રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને મોમીનો (જેમાં સૌથી પહેલા બાર ઈમામ અલય્હિસ્સલં ગણાય છે) સાથે મોહબ્બત કરે અને તેઓના દુશ્મનો સાથે દુશ્મની રાખે.

- (રોઝહ, કાફી - ૫)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ખુદાની કસમ, જો પત્થર પણ અમોને દોસ્ત રાખશે તો ખુદા તેને પણ અમારી જ સાથે મહશુર કરશે.” તો શું દીનની હકીકત દોસ્તી અને દુશ્મની (જેની વિગતનું વર્ણન આગળ થઇ ગયું છે) સિવાય પણ કાંઈ છે ?

## એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના હકનો ઈન્કાર કરવો :

કિતાબ ‘વસાઈલ’ના બાબતે ‘તયઅઉન કલાએર’માં ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) કબીરા ગુનાહો વિષેની એક હદીસ નોંધવામાં

આવી છે કે, “અમો એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના હકનો ઈન્કાર કરવો પણ ગુનાહે કબીરા છે.” બીજી એક હદીસમાં આપ (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ખુદાવંદે કરીમે જે અહેકામ કુરઆને મજીદમાં નાઝીલ ફરમાવ્યા છે, તેનો ઇન્કાર કરવો ગુનાહે કબીરા છે.”

એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના હકનો ઇન્કાર કરવાનો અર્થ એ જ વિલાયત છે જેનો આગળ ઉલ્લેખ થઇ ચૂક્યો છે. તેવી જ રીતે **‘મા અન્ઝલલલ્લાહ’**નો ઇન્કાર કરવાનો અર્થ આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ના હક અને તેઓની વિલાયત છે અમુક આલિમોના મતે ‘અલ્લાહના દોસ્તોની સાથે જંગ કરવી’ જેનો ઉલ્લેખ બીજી

રિવાયતમાં ગુનાહે કબીરા તરીકે કરવામાં આવ્યો છે, તેનો અર્થ એટલે મોહમ્મદ અલય્હેમુસલ્લમનો વિરોધ કરવો અને તેઓની દુશ્મની કરવી તેવો થાય છે.

ટૂંકમાં ઉપરના ત્રણેય લખાણોમાં હદીસો છે તેનો અર્થ વિલાયત થાય છે.

પરંતુ તહેકીક એ છે કે, એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના હકનો અર્થ ‘વિલાયત’ શબ્દ ‘વાવ’માં ‘ઝેર’ (કસરહ) સાથે છે, જેનો અર્થ એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની હુકૂમત તેવો થાય છે, એટલે કે તેઓ (અલય્હેમુસ્સલામ)ને ઉલીલ અમ્ર સમજવા. મઝહબે ઈમામીયા તેના વાજિબ અને ઇકરારે ઉસુલે મઝહબ સમજે છે.

આ વાતનો ઇન્કાર કરનાર ઈમાનના વર્તુળમાંથી સંપૂર્ણપણે બહાર થઇ જાય છે. તેવી જ રીંતે ‘વલાયત’ - વાવ ઉપર ઝબર (ફત્હ) શબ્દનો અર્થ એહલેબૈત (અલય્હેમુસ્સલામ) સાથેની મોહબ્બત અને તેઓનું રક્ષણ તેવો થાય છે. જે મઝહબની જરૂરિયાતમાંની એક જરૂર છે, જેનો ઇન્કાર કરનાર નાસ્બીઓની જેમ દીને ઇસ્લામની બહાર અને નજિસ છે.

‘મા અન્ઝલલ્લાહ’નો ઇન્કાર કરવાનો સ્પષ્ટ અર્થ ખુદાવંદે આલમે નાઝીલ ફરમાવેલી તમામ બાબતો જે વિવિધ વિષયોને લગતી હોય છે તેનો ઇન્કાર કરવો છે. આમ, ખુદાવંદે આલમે જે કાંઈ (સ્પષ્ટ રીતે) નાઝીલ ફરમાવ્યું છે

તેમાંથી એક પણ બાબતનો ઇન્કાર કરવો એ ગુનાહે કબીરા છે. અને અમુક સંજોગોમાં તો તે કુફ્ર માટે પણ કારણરૂપ બને છે અને ખુદાવંદે આલમે જે અતિ અગત્યની વસ્તુ સખત તાકીદ સાથે નાઝીલ ફરમાવી છે તે 'વિલાયત' છે. તેથી તેનો ઇન્કાર કરવો એ સખત ગુનાહે કબીરા છે. બલ્કે એ ગુનાહે કબીરાનો અમુક પ્રકાર (જેમ કે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની દુશ્મની) વાસ્તવમાં કુફ્રનું કારણ છે જેનો ઉલ્લેખ આગળ થઇ ચૂક્યો છે.

હવે અવલીયાએ ખુદાની સાથે જંગ કરવાની વાત રહી તો (ઉપરની વિગતથી) એ વાત સ્પષ્ટ છે કે, તેઓ ખુદાના દોસ્તો છે એ

વાત જાણતા હોવા છતાં જે વ્યક્તિ ખુદાના કોઈ દોસ્તની સાથે દુશ્મની રાખે તો તેણે ગુનાહે કબીરા કર્યા ગણાશે અને આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ) ખુદાના તમામ દોસ્તોમાં સૌથી ટોચના દોસ્તો છે. તેથી તેઓ (અલય્હેમુસ્સલામ) સાથે અદાવત રાખવી અને જંગ કરવી કુફ્રનો સૌથી સખત પ્રકાર છે. ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે :

"કયામતના દિવસે મુનાદી એલાન કરશે કે, એ લોકો ક્યાં છે જેઓ અમારા દોસ્તોનો વિરોધ અને રૂકાવટ કરતા હતા ? (આડખીલી રૂપ બનતા હતા)." એ સાંભળીને અમુક એવા લોકો ઊભા થશે જેમના ચહેરા ઉપર ગોશ્ત નહી

હોય ત્યારે કહેવામાં આવશે કે, “આ એવા લોકો છે જેઓ મોમીનોને સતાવ્યા કરતા હતા, તેમનો વિરોધ કર્યો હતો, તેમની સાથે દુશ્મની રાખી હતી. અને તેમના દીનને સતત નુકસાન પહોંચાડયું હતું. તેઓ માટે એવો હુકમ થશે કે તેઓને દોઝખમાં નાખી દેવામાં આવે.”

- (કાફી)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું કે, “મેઅરાજની રાત્રે ખુદા તરફથી મારી ઉપર આ પ્રમાણે વહી નાઝીલ થઇ હતી.

જે કોઈ મારા દોસ્તો પૈકી કોઈ દોસ્તને ઝલીલ અને પરેશાન કરશે તો હું તેની સામે

જંગ કરીશ. બેશક, તેને જંગમાં મારી ઉપર (ફરેબ રાખીને ઓચિંતો) હુમલો કર્યો અને જે કોઈ મારી સાથે જંગ કરશે હું તેની સાથે જંગ કરીશ. મેં કહ્યું : અય્ પાલનહાર, આ તારો દોસ્ત કોણ છે ? હું એ તો સમજી ગયો કે જે તારી સાથે જંગ કરશે તેની સાથે જંગ કરીશ. ખુદાએ ફરમાવ્યું : આ એ વ્યક્તિ છે જેની સાથે મેં તમારી, તમારા વસી (અલી અલય્હિસ્સલામ) અને તમારી અને તમારા વસીની ઔલાદ અને નસલ (એટલે કે અઈમ્મએ ઈસ્નાઅશરી અ.)ની દોસ્તી અને પયરવીનો વાયદો કર્યો છે."

# ચાલીસમો ગુનોહ

# નાના ગુનાહોનું પુનરાવર્તન

## નાના ગુનાહોનું પુનરાવર્તન :

ચાલીસમો ગુનાહે કબીરા જેની નસ્સ મોજૂદ છે, તે ગુનાહોનું પુનરાવર્તન એટલે વારંવાર ગુનાહો કરવા તે છે. અઅમશ ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત નોંધે છે કે, "સગીરા (નાના) ગુનાહોને વારંવાર કરવા પણ ગુનાહે કબીરા છે." તેવી રીતે સદૂકે ઈમામે રઝા (અલય્હિસ્સલામ)ની રિવાયત નોંધી છે કે આપ (અલય્હિસ્સલામ)એ વલ્ ઇસ્રારૂન અલ્ઝ ઝોનુબે ને ગુનાહે કબીરાનો ભાગ સમજે છે. તેવી જ

રીતે, ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)ની રિવાયત નોંધી છે કે :

"જે ગુનાહે સગીરાને વારંવાર કરવામાં આવે તે (ગુનાહ) સગીરા રહેતા નથી; પરંતુ કબીરા થઇ જાય છે. તેવી જ રીતે જે ગુનાહે કબીરા જે કરનારે તે ગુનાહ છોડીદેવાનો નિર્ણય કરી લીધો હોય તે ગુનાહ (ગુનાહે) કબીરા રહેતા નથી. એટલે કે, (જો તેની તોબા શરતો પ્રમાણે હોય અને કબૂલ થાય તો) તેની સજા બાકી રહેતી નથી.

- (કાફી, ભાગ - ૪, પાના નં. ૨૮૪)

આ હદીસથી એ વાતની દલીલ મળે છે કે, ગુનાહે સગીરાને વારંવાર કરવાથી તે કબીરા બની જાય છે.

અબુ બસીર કહે છે કે, મેં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને આ પ્રમાણે ફરમાવતા સાંભળ્યા કે, "ખુદાની કસમ, જ્યાં સુધી બંદો પોતાના ગુનાહને વારંવાર કરતો રહેશે ત્યાં સુધી ખુદા તેની કોઈ ઈબાદતને કબૂલ નહી કરે." (કાફી, ભાગ - ૨, પાના નં. ૨૮૮) આ હદીસ પણ એ વાતની સાબિતી છે કે ગુનાહોનું પુનરાવર્તન કરવું એ ગુનાહે કબીરા બની જાય છે. કારણ કે, કુરઆને શરીફમાં ખુદાવંદે આલમ ફરમાવે છે કે : **"જો તમે (મોટા**

**ગુનાહો) ગુનાહે કબીરાથી બચતા રહેશો તો અમે તમારા નાના (સગીરા) ગુનાહોને પણ દરગુજર કરશું અને ઇઝઝતવાળા પ્રવેશ સ્થાનમાં દાખલ કરશું.”**

- (સૂરએ નીસા - ૪, આયત નં. ૩૧)

**ગુનાહોનું પુનરાવર્તન ન કરવું એ મુક્તિની શર્ત છે :**

વારંવાર ગુનાહો કરવાથી તે ગુનાહ ‘કબીરા’ થઇ જતા હોવાની એક સાબિતી એ છે કે, ખુદાએ ગુનાહોને છોડી દેવાને ગુનાહોની બક્ષીશ અને બેહીશ્તમાં પહોંચવાની શરત ગણાવી છે. આ બાબતમાં ખુદાવંદે તઆલા કુરઆને મજીદમાં ઈરશાદ ફરમાવે છે :

"અય લોકો જયારે પણ કોઈ (અપકૃત્ય) ખરાબ કામ (ગુનાહે કબીરા) કરે છે અથવા પોતાના નફસ ઉપર ઝુલ્મ કરે છે (એટલે કે ગુનાહે કબીરનું પુનરાવર્તન કરે છે) તો ખુદાને યાદ કરે છે અને ખુદા પાસે પોતાની મગફેરત ચાહે છે અને ખુદા સિવાય ગુનાહોને બક્ષનાર કોણ હોય શકે છે ? અને આ લોકો એ વાત જાણે છે કે જયારે તેઓ પોતે કરેલા ગુનાહોને વારંવાર નહી કરે, તો તેના પરિણામે ખુદાની મગફેરત (ક્ષમા) અને બેહીશ્તમાં કાયમી રહેવાનું હશે, જેમાં ઘણી નહેરો હશે અને (સદકૃત્યો કરનારાઓ) બાઅમલ લોકોનો અંત કેટલો સારો છે ?"

- (સૂરએ આલે ઈમરાન – ૩, આયત નં. ૧૩૫)

તફસિરે મીઝાનમાં લખ્યું છે કે : ‘ફાહેશા’નો અર્થ ખરાબ કામ છે અને સામાન્ય રીતે તેનો અર્થ ‘ઝીનાકર’ માટે વાપરવામાં આવે છે. આથી, જો આ આયતમાં ખાસ રીતે ઝીના કરવા અર્થ છે, તો અંત ઝુલ્મનો અર્થ ખાસ ગુનાહે કબીરા તેવો થશે અને ‘ઝકરૂલ્લાહ’ શબ્દ (જે ઉપરની આયતમાં મોજૂદ છે) તેનો અર્થ એ થશે કે તોબા અને ઈસ્તીગફારની પાયાની શરત એ છે કે ઇન્સાન ખુદાદને યાદ કરે અને દિલના ઊંડાણથી ખુદાની યાદમાં તન્મય થાય, નહિતર માત્ર મોઢેથી અસ્તગફેરૂલ્લાહ અથવા તોબા તોબા અથવા તો ટેવના કારણે કાંઈ કહેવામાં

આવે છે તેનો કશો જ ફાયદો નહી થાય અને આ વાક્ય **વ લમ યોસીરૂ મા ફઅલૂ** થી તોબા અને ઈસ્તીગફારને ગુનાહોનું પુનરાવર્તન ન કરવાની શરતો સાથે જોડી દેવામાં આવેલ છે. કારણ કે, વારંવાર ગુનાહોનું પુનરાવર્તન કરવાથી ઇન્સાનના નફસમા એક એવી કેફિયત પેદા થઇ જાય છે કે જે ઇન્સાનમાં તેવી હાલતનો અર્થ ખુદાની યાદમાં (ઈબાદત)થી પણ કોઈ ફાયદો થતો નથી. અને તેવી હાલતનો અર્થ ખુદાના હુકમને અહેમીયત ન આપવી, તેના હુકમની અહેમીયતને લા પરવાહી કારણે ન જાણવા અને પોતાની જાતને ખુદાની પવિત્ર બારગાહમાં ઉચ્ચ સમજવી તેવો થાય

છે. એ વાત સ્પષ્ટ છે કે, ઇન્સાનમાં જયારે એવી કૈફિયત પેદા થાય છે ત્યારે તેનામાં કોઈ બંદગી રહેતી નથી જેના પરિણામે તેની વાણીની પણ કોઈ અસર થતી નથી. એ વાત સ્પષ્ટપણે જાણી લેવી જોઈએ કે, જયારે જાણી જોઈને ગુનાહોનું પુનરાવર્તન કરવામાં આવે ત્યારે આમ બને છે. તેથી જ ફરમાવવામાં આવ્યું છે **'હુમ યઅલમૂન'**.

## સૌથી મોટા ગુનાહ :

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, " વારંવાર ગુનાહો કરવાથી ડરો અને તેનું (ગુનાહોનું) પુનરાવર્તન ન કરો, કારણ કે, ગુનાહોનું પુનરાવર્તન કરવું એ મોટા ગુનાહે કબીરા છે

અને સૌથી મોટો અપરાધ છે.” (કિતાબે ગોરરે આમદી, ભાગ - ૧, પાના નં. ૧૫૧) આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “ખુદાની દ્રષ્ટિએ સૌથી મોટા ગુનાહ એ છે જે ગુનાહ કરનાર તેને વારંવાર કર્યા કરે છે.”

તેવી જ રીતે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “ગુનાહોને વળગી રહેવું એ સૌથી મોટા ગુનાહ છે.”

- (કિતાબ ગોરરે આમદી, ભાગ - ૧, પાના નં. ૧૫૧)

મોહક્કીક ખ્વાનસારી (અ.ર.) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ના ઉપરોક્ત વાક્યોનું વિવરણ અને ભાષાંતર

કરતા ફરમાવે છે કે, જેટલા મોટા ગુનાહ હશે તેના પ્રમાણમાં તેના પુનરાવર્તનથી ગુનાહ પણ વધારે થશે. પહેલા ગુનાહના પ્રમાણમાં બીજા ગુનાહ વધારે મોટા ગણાશે. તેથી ‘હવબતન’ને ‘ઝબર’ સાથે પડવામાં આવે અને શક્ય છે કે ‘હીબતહ’ ‘ઝેર’ સાથે પડવામાં આવે તો તેનો અર્થ એ થાય છે કે, ગુનાહોનું પુનરાવર્તન વધારે મોટા ગુનાહ છે. ટૂંકમાં, તેનો અર્થ એક જ ગુનાહને વારંવાર કરવા તેવો છે. ભલે પછી તે ગુનાહ ‘ગુનાહે સગીરા’ હોય અને એ પણ શક્ય છે કે તેનો અર્થ એ પણ હોય કે ગુનાહોનું પુનરાવર્તન બીજા તમામ ગુનાહે કબીરા કરતા પણ વધારે મોટા હોય શકે અને તેનું સમર્થન

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ)ની આ રિવાયતથી થાય છે, જેમાં આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "ખુદાની કસમ, કોઈ પણ ,માણસના ગુનાહોને વળગી રહેવાના કારણે તેની ઈબાદત અને ઇતાઅત કબૂલ નહી થાય."

## ગુનાહોના પુનરાવર્તનનો અર્થ શું ?

તમામ ફોકહા એ વાત ઉપર એક મત જ નહી, બલકે આ બાબત ઉપર તેઓની બહુમતી છે કે વારંવાર ગુનાહે સગીરા કરવાથી તે ગુનાહે કબીરા બની જાય છે; પરંતુ 'ઇસરાર' (વારંવાર કરવા – પુનરાવર્તન) કરવાના અર્થ વિષે મતમતાંતર છે. આ વિષયના વિવિધ

અર્થઘટન છે જેમાં સર્વસ્વીકૃત અને સર્વસામાન્ય વાત પુનરાવર્તન અને કબીરા એ છે કે તે વ્યક્તિ જે સગીરા ગુનાહ કર્યા પછી શરમીંદગી ન અનુભવે બલકે તે ગુનાહ વારંવાર કરે છે, એટલે કે તે સગીરા ગુનાહ કરવાનું સતત ચાલુ રાખે છે. દાખલા તરીકે, રેશમી કપડાં પહેરવા અને હાથમાં સોનાની વીંટી પહેરવી જે કામ પુરૂષો માટે હરામ છે. અલબત્ત, એ કામો ગુનાહે કબીરા હોવાનું શરઈ રીતે સાબિત થયું નથી; પરંતુ એ સંજોગોમાં જો તે રેશમી કપડાં અને સોનાની વીંટી પહેરવાનું બંધ ન કરે પણ સતત ચાલુ રાખે તો તે કામ (વારંવાર કરવાના લીધે) સ્પષ્ટ રીતે ગુનાહે કબીરા થઇ જાય છે. દાખલા

તરીકે, જો કોઈ એક માણસ કોઈ નામહેરમ સ્ત્રીને સતત તાકીને જોઈ રહે અથવા હંમેશા કોઈના ઘરમાં પરવાનગી લીધા વગર પ્રવેશ કરતો રહે અને તેને પોતાના તે કાર્ય બદલ શરમીંદગી થવી જોઈએ એટલે કે તેના દરેક અમલ માટે શરમીંદગી અનુભવે અને દરેક નજર માટે તેણે ઈસ્તીગફાર કરવો જોઈએ, તેના બદલે તે સતત ગુનાહ કરતો રહે, તો તેવા પુનરાવર્તનને તમામ ફોકહાએ એક મતે 'ગુનાહે કબીરા' કહેલ છે.

જયારે કોઈ વ્યક્તિ એકી સાથે ઘણા ગુનાહે સગીરા કરતો હોય અને તે ગુનાહ કરવા બદલ શરમીંદગી ન અનુભવે અને ઈસ્તીગફાર પણ ન કરે, જેમકે રેશમી વસ્ત્રો પરિધાન કરે,

તેની સાથે હાથ મેળવે, તેના શરીર સાથે પોતાનું શરીર ટકરાવે તો તે બાબતે શહીદ અલયરહમા તેમની કિતાબ ‘કવાએદ’મા અને કેટલાક બીજા ફોકહાએ ફરમાવ્યું છે કે, આવા કાર્યો પણ સગીરા ગુનાહોનું પુનરાવર્તન અને કબીરા ગુનાહ ગણાય છે. એટલે કે, તેઓના મતે શાબ્દિક રીતે અથવા જનસાધારણની ભાષામાં એક જ પ્રકારના સગીરા ગુનાહ વારંવાર કરવા અથવા જુદા જુદા કેટલાએ પ્રકારના સગીરા ગુનાહનું પુનરાવર્તન કરવામાં કોઈ તફાવત નથી.

કેટલાક ફોકહાએ ફરમાવ્યું છે કે, કોઈ બીજી વખત ઈરાદાથી એક વખત ગુનાહે

સગીરા કરે તો પણ તે ગુનાહનું પુનરાવર્તન ગણાય છે. એટલે કે, ફક્ત ગુનાહને બીજી વખત કરવાનો ઈરાદો જ ગુનાહોનું પુનરાવર્તન છે અને શહીદ (અ.ર.) 'કવાઈદ'માં એ બાબતને 'ઈસરારે હકમી' (કાયમના પુનરાવર્તનનું નામ આપ્યું છે.)

કેટલાક ફોકહાએ ફરમાવ્યું છે કે, થઇ ગએલા ગુનાહો માટે શરમીંદગી ન અનુભવવી અને તોબા ન કરવી એ 'ઇસરાર' છે અથવા તે ગુનાહ કરવાનો ઈરાદો પણ ન રાખતો હોય; પરંતુ તહેકીકથી જે વાત નજરોમાં આવી છે, તે એ છે કે બંને છેલ્લા સંજોગોમા શબ્દકોષ અથવા જન સાધારણની દ્રષ્ટિએ તેણે પુનરાવર્તન કહેવું

મુશ્કિલ છે. પરંતુ ઇસરાર શબ્દના મુખ્ય અર્થથી પણ ઉલટો છે.

ઉપરના છેલ્લા બે મુદ્દાઓનું પ્રાપ્તિસ્થાન બે રીવાયતો હોઈ શકે છે. એક જાબીરની રિવાયત જે ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) થી રિવાયત છે, જેમાં આગળ ઉલ્લેખ ફરમાવે છે કે, “ઇસરાર (ગુનાહોનું પુનરાવર્તન) એ છે કે, કોઈ માણસ ગુનાહ કરે અને તેનો ઈસ્તીગફાર ન કરે અને તે ગુનાહને છોડી દેવાનો ઈરાદો પણ ન હોય.”

- (ઉસુલે કાફી, ભાગ - ૧, પાના નં. ૨૮૮)

ઈમામ (અલય્હિસ્સલામ)ના ઉપરોક્ત કથનનો અર્થ ઉપરની આયતમાં છે તે બયાન

કરવાનો હોય અને જે ઇસરાર ગુનાહે કબીરામા ગણાય તે ન પણ હોય શકે.

બીજી રિવાયત ઇબ્ને અમ્રે ઈમામ બાકિર (અલય્હિસ્સલામ)થી નોંધી છે તેનો જે ભાગ અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે તે આ પ્રમાણે છે.

“દરેક મોમીન ગુનેહગારને તેણે કરેલા ગુનાહની સજા મળશે સિવાય કે, કરેલા ગુનાહ માટે તે શરમીંદગી અનુભવે. જયારે તે પોતાના ગુનાહ માટે શરમીંદગી અનુભવે અને તોબા (પ્રાયશ્ચિત) કરે તો તે શફાઅતનો હકદાર છે અને ઇસરા કરનાર બક્ષીશને પાત્ર નહી થાય. કારણ કે, તે એ વાત ઉપર ઈમાન ધરાવતો નથી કે જેનો વાયદો (અલ્લાહ તઆલાએ) કર્યો

છે. જો તેને ખુદાના વાયદા ઉપર યકીન હોય તો તેને પોતાના ગુનાહ માટે અવશ્ય શરમીંદગી થશે.”

- (વસાઈલ, કિતાબે જેહાદ, ભાગ -૧૧, પાના નં. ૨૬૬)

ઉપરની હદીસમાં જાબીરની હદીસની જેમ ઈમામ (અલય્હિસ્સલામ)એ ગુનાહો ઉપર શરમીંદગી ન અનુભવવાને અને થઇ ગયેલા ગુનાહ માટે તૌબા અને ઇસ્તીગ્ફાર ન કરવાને ‘ઇસરાર’ ગણેલ છે. ભલે પછી, ફરી વાર તે ગુનાહોનું પુનરાવર્તન કરવામાં ન આવે, બલકે ફરીથી ગુનાહ કરવાનો ઈરાદો ન પણ હોય તો પણ તે ઇસરાર ગણાય છે; પરંતુ આપે જોયું તે

રીતે પ્રથમ તો ઈમામ (અલય્હિસ્સલામ)એ જે બયાન ફરમાવેલ છે તે વિષય ગુનાહે કબીરા છે અને એ વાતમાં પણ સંદેહ છે કે ગુનાહે કબીરાની તોબા ન કરવી તે ઇસરાર જણાતો હોય, પરંતુ ગુનાહે સગીરામાં તે ગુનાહોને વારંવાર કરવા પણ ઇસરાર બને છે.

બીજી વાત એ છે કે, ગુનાહો માટે શરમીંદગી ન અનુભવે અને તોબા ન કરવાને સ્વભાવગત 'ઇસરાર' કરવામાં આવતું હોય. ઈમામ બાકિર (અલય્હિસ્સલામ)ની નીચે મુજબની હદીસ વારીદ થઇ છે.

"ગુનાહોનું પુનરાવર્તન કરવું એ અઝાબે ઈલાહી માટે કારણરૂપ બને છે અને અઝાબે

ઈલાહીથી ફક્ત નુકસાન ઉઠાવવાવાળા જ નિર્ભય રહેતા હોય છે.” સંક્ષિપ્તમાં ‘ઇસરાર’નો સ્વીકૃત અર્થ ;ગુનાહોને વારંવાર કરવા’ તેવો અને તે ગુનાહોને કરવા પછી શરમીંદગી ન અનુભવવી અને તોબા ન કરવી તેવો છે. તેવી જ રીતે જન સાધારણની ભાષામાં એમ કહેવાય કે તે ગુનાહ કરવાનું ચાલુ રાખે છે અથવા ગુનાહોમાં વૃધ્ધિ કરે છે. તેવા માણસને ‘ગુનાહ પર ઇસરાર કરનાર’ કહેવામાં આવે છે.

**ગુનાહોને નાના (હલકાં) સમજવા :**

અમુક ઓલમાના મતે દરેક ગુનાહે સગીરા કરવાથી કબીરા ગુનાહ બની જાય છે અને તેની કેટલીક બાબતો એવી છે જે સગીરાને

લાગુ પડે છે અને તે સગીરા ગુનાહને ગુનાહે કબીરામાં ફેરવી નાખે છે. જેમ કે, ગુનાહને નાના (હલકાં) સમજવા એટલે જયારે કોઈ વ્યક્તિથી કોઈ ગુનાહ થઇ જાય ત્યારે તે ગુનાહને નાના સમજે અને પોતાને ખુદાની સજાને પાત્ર ન સમજે તો તેના તે ગુનાહ ‘કબીરા’ બની જાય છે અને તે ગઝબે ખુદાને પાત્ર બને છે. કારણ કે, તે સંજોગોમાં તેને ખુદાએ મનાઈ કરેલી બાબતોની અવગણના કરી અને તે બંદગીના માર્ગથી હટી ગયો. રિવાયતના પ્રકાશમાં એવું કરનાર (ના ગુનાહ) બક્ષીશને પાત્ર રહેતા નથી.

ઉપરોક્ત કથનની પાયાની વાત એ છે કે, ગુનાહે કબીરા કરવાથી દૂર રહેવા પછી

સગીરા ગુનાહો વિષે પૂછપરછ ન થવી એ ખુદાવંદે કરીમની રહેમત અને ફઝલ છે. નહીંતર, ખુદાએ મના કરેલા કોઈ પણ કાર્ય કરવાથી ભલે પછી તે સગીરા હોય કે કબીરા હોય બુધ્ધિગમ્ય રીતે તે ગુનાહ કરનાર સજાને પાત્ર હોવાનું સાબિત છે. એ વાત સ્પષ્ટ છે કે, ખુદાનો ફઝલ ફક્ત એ માણસ ઉપર થાય છે જે ખુદાવંદે આલમની ઇતાઅત અને બંદગીના માર્ગમાં અંતરાય રૂપ ન બને અને જો કોઈ તકબ્બુર અને નખરા કરતો હોય તો પોતાની અજ્ઞાનતાને લીધે ખુદાની બુઝુર્ગી અને અઝમતને ન ઓળખવાને કારણે ગુનાહને હકીર (હલકાં) સમજતો હોય તો તેની ઉપર ખુદાનો

ફઝલ થઇ શકતો નથી. બલકે, તેવા ગુનાહ કરનાર વ્યક્તિ ઝીલ્લત અને રૂસવાઈને પાત્ર બનશે. અર્થાત, ખુદાવંદે આલમ પોતાના ફઝલો કરમથી એ વ્યક્તિના ગુનાહે સગીરા (જે ગુનાહે કબીરા છોડી દીધા પછી કરવામાં આવ્યા હોય તે) બક્ષી દેશે જે ગુનાહ તેણે નાના અને હકીર સમજ્યા નથી.

હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “સૌથી મોટા અને સખત ગુનાહ એ છે કે જેને હકીર સમજવામાં આવે.”

- (વસાઈલ, ભાગ – ૧૧, પાના નં. ૨૪૬)

હઝરત ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જે ગુનાહ બક્ષવામાં નહી આવે

તેમના એક ગુનાહ કોઈ વ્યક્તિનું એમ કહેવું પણ શામિલ છે કે કાશ, આ ગુનાહ મેં કર્યા તે સિવાયના ગુનાહ વિષે કોઈ બદલો ન હોત. (એટલે કે, આ ગુનાહ તો કાંઈ નથી)”

- (વસાએલુશ્શિઆ - ૧૧, પાના નં. ૨૪૭)

ઈમામ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું, “એ ગુનાહથી ડરતા રહો જે નાના અને હકીર સમજવામાં આવે છે અને આ (નાના નાના ગુનાહો) તે વ્યક્તિના નામે જમા થઇ જશે એટલે સુધી કે તે (મોટા ગુનાહ બનીને) તેને હલાક કરી નાખશે.”

- (વસાએલુશ્શિઆ, ભાગ - ૧૧, પાના નં. ૨૪૭)

ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “એ ગુનાહોથી ડરો અને બચો જેને નાના અને હકીર સમજવામાં આવે છે.” રાવીએ પૂછ્યું : “કયા ગુનાહ હકીર છે ?” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “કોઈ એક વ્યક્તિ ગુનાહ કર્યા પછી એમ કહે કે આ ગુનાહ સિવાય મારા અન્ય કોઈ ગુનાહ ન હોત તો હું કેટલો ખુશનસીબ થાત, આ ગુનાહ તો નાના અને નાચીઝ છે.”

## ગુનાહ કરીને ખુશ થવું :

એ બાબતો જે સગીરા ગુનાહોને કબીરા બનાવી દે છે, તેમાં થઇ ગયેલા ગુનાહો માટે ખુશી અને આનંદ વ્યક્ત કરવાનો પણ સમાવેશ

થઇ જાય છે. કારણ કે, ખુદા અને કયામત પર ઈમાન લાવવાની ખાસિયત એ છે કે થઇ ગયેલા ગુનાહો માટે અફસોસ અને ભોંઠપ અનુભવવી જોઈએ. ભલે તે ગુનાહ સગીરા જ કેમ ન હોય. આ વિષે હઝરત રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે : "જે માણસ નેક કાર્યો કર્યા પછી ખુશ અને ખરાબ કામ કર્યા પછી ઉદાસ થઇ જાય તે મોમીન છે."

- (વસાએલુશ્શિઆ ભાગ - ૧૧, પાના નં. ૨૬૬)

જે રીતે ખુદા બુઝુર્ગ અને મહાન છે તેવી જ રીતે તેના અમ્ર (હુકમ) અને નવાહી (તેણે મનાઈ કરેલ બાબતો)ની વિરૂધ્ધ આચરણ કરવું

એ મોટા ગુનાહ છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે, “ગુનાહ કરતી વખતે એ બાબત તરફ લક્ષ ન આપો કે તે તમારી નજરોમાં નાના હોય, બલકે એ ખુદાની અઝમત અને બુઝુર્ગી પર નજર રાખો જેની વિરૂધ્ધ તમે આચરણ કરી રહ્યા છો.”

- (વસાએલુશ્શિઆ, કિતાબે જેહાદ, ભાગ - ૧૧, પાના નં. ૨૪૭)

જે રીતે ગુનાહ કર્યા પછી તે ગુનાહ માટે શરમીંદગી અને ઉદાસી તે ગુનાહોને નાબુદ કરી દે છે અને ગુનાહ કરનારને પાક કરી દે છે. તેવી જ રીતે, ગુનાહ કર્યા પછી ખુશી આનંદ વ્યક્ત કરવાથી ગુનાહને મોટા, મજબૂત અને દ્રઢ

બનવી દે છે. વાસ્તવમાં ગુનાહ કરીને ખુશ થવું કહાર અને અઝાબે ઇલાહીથી લાપરવાહી કરવા સમાન છે. એ ગુનાહમાં વૃધ્ધિ (અલ અમ્નો મીન મકરીલ્લાહ ના અનુસંધાનમાં) વિષેની વિગત બયાન થઇ ચૂકી છે.

- (વસાએલુશ્શિઆ, કિતાબે જેહાદ, ભાગ - ૧૧, પાના નં. ૨૪૭)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જે માણસ ગુનાહ કરીને ખુશ થાય અને હસે તો તે રડતો રડતો જહન્નમમાં જશે.”

- (જેહાદ, વસાઈલ, ભાગ - ૧૧, પાના નં. ૨૪૦)

ગુનાહની ચાર બાબતો તે ગુનાહ કરતા પણ બદતર છે. (૧) ગુનાહને નાના સમજવા (૨) ગુનાહ કર્યા પછી ગર્વ કરવો (૩) તે ગુનાહ કરવા માટે ખુશ થયું અને (૪) તે ગુનાહનું પુનરાવર્તન કરવું. (મુસ્તદરક)

**ગુનાહને વ્યક્ત કરવા :**

પોતે કરેલા ગુનાહનું બીજા સામે વર્ણન કરવું અને વ્યક્ત કરવા પણ ગુનાહે કબીરા છે અને ગુનાહોને વ્યક્ત કરવા એ ખુદાના હુકમની તૌહીન પણ છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, જે મન્સ નેક અમલ કરીને તેને લોકોથી ગુપ્ત રાખે તો તે નેકીનો સવાબ (બીજી) એ નેકીના

પ્રમાણમાં જે જાહેર કરી હોય) સિત્તેર ગણો થઇ જાય છે. અને જે માણસ ગુનાહો કરે અને તેને (બે હયાઈ અને શરીઅતના હુકમો પર વિશ્વાસ ન રાખવાના કારણે) જાહેર કરે તો તે ખુદાની નજરોમાં ઝલીલ (તિરસ્કૃત) થશે. (એટલે કે તેને તોબા કરવાની તોફીક નહી થાય અને તેવો માણસ ખુદાના લુત્ફો કરમથી વંચિત રહેશે) અને જો તે (ગુનાહને શર્મો હયાના કારણે) ગુપ્ત રાખે તો બક્ષી દેવામાં આવશે.”

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૪૨૮)

એ વાત જાણી લેવી જોઈએ કે, બે સંજોગોમાં ગુનાહો વ્યક્ત કરવામાં નુકસાન નથી.

(૧) જયારે અક્કલનો તકાઝો હોય. જેમ કે, ડોક્ટર પાસે તે ગુનાહના ઈલાજ માટે ગુનાહનું વર્ણન કરવું જરૂરી હોય અથવા કોઈ આલીમ સમક્ષ તે ગુનાહ વિષેના શરઈ હુકમ જાણવા માટે જરૂરી હોય.

(૨) બારગાહે ઈલાહીમાં ઇઝહારે બંદગી અને લાચારી કરતા પોતાને ગુનેહગાર જાહેર કરવો જાએઝ બલકે શ્રેષ્ઠ અમલ છે. જેમ કે, સામાન્ય ભાષામાં બારગાહે ઈલાહીમાં અર્ઝ કરે : ખુદાવંદા, હું તારો ગુનેહગાર શ્યામ ચહેરાવાળો બંદો છુ. હું ગુનાહોના ઝંઝાવાતમાં સપડાએલો છુ. મારાથી મોટા મોટા ગુનાહો થઇ ચૂક્યા છે, મને બક્ષી આપ. પરંતુ એક ખાસ ગુનાહનો

ઉલ્લેખ કરવો યોગ્ય નથી. જેમ કે, હું શરાબ પી રહ્યો છું વગેરે. પરંતુ ખુદાવંદે આલમની બારગાહમાં ગુનાહોનો સ્વીકાર કરવો એ સારી ઈબાદત અને મુનાજાત છે. તેમ જ દુવાના કબૂલ થવા માટે અને દિલમાં ઈમાન પ્રજવલિત કરવા અને દરજ્જા બલંદ કરવા માટે પણ આ કાર્ય ઘણું ફાયદાકારક છે.

ગુનાહ કર્યા હોવાની કબૂલાત અને ભૂલોનો સ્વીકાર એ ગર્વ અને ઘમંડની વિરૂધ્ધની બાબત છે. દીનના બુઝુર્ગ લોકો આવા કાર્ય પસંદ કરે છે. એટલે સુધી કે, તેઓ પોતાના પત્રો અને પુસ્તકોમાં પોતાના લકબ આસી (ગુનાહકાર), મુઝનીબ (ગુનેહગાર), અકળ (સૌથી

ઓછો દરજ્જો) ખાતી (ખતાકાર), અહકરૂલ એબાદ (સૌથી હકીર બંદો) વગેરે જેવા લકબ લખતા હતા.

## માણસની સામાજિક સ્થિતિ અને ગુનાહ :

જયારે કોઈ માણસ સમાજમાં એટલો સુવિખ્યાત હોય કે તેની વાણી અને વર્તનની લોકોના વ્યવહારમાં અસર પડતી હોય જેમ કે, અહલે ઇલ્મ, પાકીઝા અને તકવા માટે વિખ્યાત લોકો જેઓ દુનિયાના લોકો માટે રૂહાની મર્ગદર્શક થવાને પાત્ર હોય, તેવા લોકોથી જો કોઈ ગુનાહે સગીરા પણ થઇ જાય તો તેવા લોકો તે (ગુનાહે સગીરા કરતા હોવાના) કારણે અન્ય લોકોને ગુનાહે કબીરા કરવાની હિમ્મત

થાય છે. બલ્કે, અમુક સંજોગોમાં તો તેવા લોકોના ગુનાહથી અન્ય લોકોનું ઈમાન અને અકીદો પણ ડગમગી જાય છે. તો તેવા લોકો માટે એમ કહી શકાય કે તેમના ગુનાહે સગીરા પણ તેઓને તેમના ગુનાહ માટે ‘મુન્કરનો હુકમ આપવા’ની વ્યાખ્યામાં આવી જાય છે. આ ઉપરાંત અકલ અને શરીઅતની નજરોમાં અહલે ઇલ્મ અને ફઝીલત ધરાવતી વ્યક્તિઓની અગત્યતા અને હેસિયત વધારે છે. કારણ કે, તેઓના ગુનાહે સગીરા જાહીલોના ગુનાહે કબીરા સમાન છે. રિવાયતમાં છે કે, હઝરત અબા અબ્દીલ્લાહ ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે, “જાહિલના સિત્તેર

ગુનાહ માફ કરવામાં આવશે ત્યારે આલીમનો એક ગુનાહ માફ કરવામાં આવશે.”

**ઝીલ્લતુલ આલમે – તુફસેહુલ અવાલેમે :**

મોહકીકે ખ્વાનસારી હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ના ઉપરોક્ત વાક્યનું વિવરણ અને અનુવાદ કરતા ફરમાવે છે કે, આલીમની ચૂકની ઘણી દૂરગામી અસર પડે છે, આલીમની ભૂલનો અર્થ એ ભૂલ છે તેવો પોતે કરે અથવા તો તે ભૂલ ચૂક છે જે તેના હુકમે શરઈના અમલ વિષે થતી હોય છે અને આ બંને બાબતો પૈકી દરેક બાબત કેટલીય દુનિયાઓ (વિવિધ સામાજિક વર્તુળ)ને ફાસીક કરી નાખે છે એ સંજોગોમાં કે જયારે આલીમ

ઇલ્મ અને અકલ ધરાવતા હોવા છતાં ગુનાહ કરે તો તે (એ ગુનાહ) ને ખરાબી, સમાજના મોટા ભાગના લોકોની દ્રષ્ટિમાંથી દૂર થઇ જાય છે. અને લોકો તે ગુનાહ કરવા માંડે છે. એટલું જ નહી, તેવા ગુનાહને મામૂલી ગણવા માંડે છે અને જો તે ભૂલ અને અપરાધ કોઈ શરઈ હુકમમાં કરે તો શક્ય છે કે અમુક વખતે એવું પણ બને કે તે (ભૂલ ભરેલો) હુકમ લોકોમાં લાંબા સમય સુધી ચાલુ રહે. (એટલે કે લોકો તેના ભૂલ ભરેલા શરઈ અમલનો પાયો તે ભૂલ ભરેલી બાબત બની રહે. આથી, જરૂરી છે કે આલીમ ગુનાહોથી બચે અને ભૂલો કરવામાં અન્ય લોકોની સરખામણીએ પોતાની જાતને

વધારે સાવચેતીપૂર્વક બચાવે. આપ (અલય્હિસ્સલામ)એ આ પ્રમાણે ફરમાવ્યું :

"આલીમની ભૂલનું ઉદાહરણ એક કશ્તીના તૂટી જવાના સમાન છે, જે પોતે ડૂબી જાય છે અને પોતાની સાથે બીજાને પણ ડૂબાડી દે છે."

- (આમદી, ભાગ - ૪, પાના નં. ૧૦૯)

**ગુનાહોનું પુનરાવર્તન 'ગુનાહે કબીરા'માં ગણાય છે :**

આ અગાઉ એ વાતનો ઉલ્લેખ થઇ ગયો છે કે, ગુનાહે સગીરાના ઘણા પ્રકાર છે જેમાં :

(૧) ઈસ્તીહકાર (ગુનાહને હકીર સમજવા અને લાપરવાહી ગુનાહ કર્યે રાખવા.)

(૨) ઈસ્તીસગાર ( ગુનાહને નાના અને હકીર સમજવા.)

(૩) ગુનાહ કર્યા પછી રાજી થવું.

(૪) વારંવાર ગુનાહ કરવા અને તેની તોબા ન કરવી.

(૫) ઇલ્મ એટલે કે, ગુનાહ કરનારને એ બાબતની જાણ કરી હોય કે તે ગુનાહોનું પુનરાવર્તન કરવાથી તે સગીરા ગુનાહ ‘કબીરા’ બની જાય છે અને તેની સજા સખત અઝાબ છે.

બીજી વાત ઓલમાએ ફીકહમાં સ્વીકૃત છે કે, મજકુર ચાર પ્રકારના ગુનાહ જયારે ગુનાહે કબીરાના સ્વરૂપમાં ફેરવાઈ જાય છે તે સંજોગોમાં શું સગીરા ગુનાહ કરનાર વ્યક્તિ

ફાસિક બની જાય છે અને તેની અદાલત ચાલી જાય છે કે નહી ? તેનો જવાબ એ છે કે વાસ્તવિક બાબત (હકીકતે હાલ)ની જાણકારી નથી; પરંતુ જાહેરી રીતે અદાલત બાકી રહે છે.

## ગુનાહોના પુનરાવર્તનનું માપદંડ :

આગળ ઉલ્લેખ થઇ ગયો છે તે પ્રમાણે એક ખાસ પ્રકારના ગુનાહના પુનરાવર્તનને ઇસરાર કહેવામાં આવે છે; પરંતુ દરેક વખતે ગુનાહ કર્યા પછી તોબા કરવામાં ન આવે કે શરમીંદગી ન અનુભવવામાં આવે અથવા સાધારણ રીતે જુદા જુદા પ્રકારના ઘણા ગુનાહ કરવામાં આવે, પરંતુ એક જ પ્રકારના ગુનાહ કેટલી વખત કરવામાં આવે તેની સંખ્યાની ગણતરી જન સાધારણની

દ્રષ્ટિ પ્રમાણે કરવામાં આવે છે. તેના માટે કોઈ નિશ્ચિત માપદંડ નથી. કારણ કે, સગીરા ગુનાહ પોતાના આંતરિક વિરોધાભાસ તેમજ કબીરા ગુનાહથી નજદીક અને દૂર હોવાનું પ્રમાણ જુદું જુદું હોય છે. કેટલાક સગીરા ગુનાહ ત્રણ વખત કરવાથી કબીરા બને છે, કેટલાક તેથી વધારે તો કેટલાક તેથી ઓછી સંખ્યામાં કરવાથી કબીરા બને છે. સંક્ષિપ્તમાં તેની ગણતરી સાધારણ લોક મત અનુસાર થઇ શકે.

## નોંધપાત્ર બાબત :

પ્રસ્તુત પુસ્તક ગુનાહે કબીરા ઉર્દૂના એક થી છ ભાગ સુધીમાં એક થી ચાલીસ જુદા જુદા ગુનાહે કબીરાનું વર્ણન કરવામાં આવ્યું છે, તે

એવા ગુનાહ છે જે ગુનાહે કબીરા હોવાનું મોઅતબર હદીસોમાં સ્પષ્ટ રીતે વર્ણન થયેલું છે અને તેનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. કિતાબ ‘વસાએલુશ્શિઆ’ના બાબે તઅય્યુન અલ કબાએરમાં કિતાબે જેહાદની બે મુરસલ રીવાયતો નોંધવામાં આવી છે જેમાંની એક ઇસ્તહલાલે – એહલેબૈત છે, જેનો ઉલ્લેખ મોટા ભાગના કબાએરે ગૈરે મન્સુસહ (કુરઆને મજીદની આયતો, રિવાયતો વગેરેથી પ્રમાણિત ન હોય તેવા મોટા ગુનાહ)ના પ્રકરણોમાં થશે. અત્રે અલ હય્ફ ફીલ વસિય્યતે નો સંક્ષિપ્ત ઉલ્લેખ કરવામાં આવે છે, જેથી વર્ણન કરવામાં

આવે તે ગુનાહ પૈકી કોઈ બાબત રહી જવા ન પામે.

**અલ જન્ફો ફીલ વસિય્યતે :**

વસિયતમાં ‘હય્ફ’નો અર્થ એ થાય કે પોતાના તમામ વારસદારો અથવા તેમના અમુકને વારસાના હકથી વંચિત રાખીને તેમની ઉપર ઝુલ્મો સિતમ કરવો. તફસીરે ‘કુમી’માં સૂરએ બકરહની આયત નંબર ૧૮૧ના વિવરણમાં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ની રિવાયત નોંધવામાં આવી છે કે, વંચિત રાખવા અને ‘ઇસમ’ એ છે કે (વસિયતમાં) આતિશકદા (અગ્નિપૂજા માટેના સ્થાન)ને આબાદ કરવા તેમ જ કેફી દ્રવ્યો

તૈયાર કરવાનો હુકમ આપવો. ટૂંકમાં પોતાના માલમાંથી હરામ કામમાં પૈસા વાપરવાની વસિયત કરવી. ઉપરના બંને સંજોગોમાં વારસદાર (વસી)ની જવાબદારી એ છે કે તે એ બંનેમાંથી કોઈ પણ બાબત ઉપર અમલ ન કરે.

**ફકીર વારસદારને ધ્યાનમાં રાખવા જરૂરી છે :**

જો વારસદાર અમીર હોય તો વસિયત કરનાર પોતાના માલના ત્રીજા ભાગની વસિયત કરી શકે છે અને તેનાથી વધારે પ્રમાણમાં વસિયત કરવી વારસદારોની પરવાનગી ઉપર અવલંબે છે અને જો અમુક વારસદારો વધારે ગરીબ અથવા વધારે નેક અને મુત્તકી હોય તો

વસિયત કરનાર તેવા લોકો માટે પોતાના ત્રીજા ભાગના માલમાંથી તેમના વારસાના હક કરતા વધારે માલ આપવાની વસિયત કરી શકે છે.

જો વારસદાર મુફલીસ હોય તો વધારે સારૂં એ છે કે, વસિયત ન કરે અથવા તો માલના છઠ્ઠા અથવા પાંચમાં ભાગની ૧/૪ (એક ચતુર્થાંશ) ભાગથી વધારેની વસિયત ન કરે. કારણ કે, મુફલીસ વારસદારોની જરૂરતને પૂરી કરવી એ ખુદ નેક કામોમાં ખર્ચ કેવા પૈકી એક શ્રેષ્ઠ કામ છે અને ખાસ કરીને જયારે વારસદાર બાલીગ ન હોય તો સીલે રહેમ પણ છે.

હઝરત ઈમામ અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે, “મારી દ્રષ્ટિએ વારસાના માલના

પાંચમાં ભાગની વસિયત કરવી ચોથા ભાગની વસિયત કરવા કરતા સારૂં છે અને ચોથા ભાગની વસિયત ત્રીજા ભાગની વસિયત કરવા કરતા સારી છે અને જે માણસે ત્રીજા ભાગના માલની વસિયત કરી તેણે જાણે કે (પોતાના પાછળ) કાંઈ ન છોડયું એટલે કે પોતે જેટલા ભાગની વસિયત કરી શકતો હતો તેટલા ભાગની વસિયત કરી અને પોતાના વારસદારોને જેટલા વંચિત રાખી શકતો હતો તેટલા વંચિત રાખ્યા.

- (બેહારૂલ અનવાર, ભાગ - ૩૩, પાના નં. ૪૬,
નવી આવૃત્તિ, ભાગ - ૧૦૩, પાના નં. ૧૯૭)

ઈમામ રઝા (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “મુસ્તહબ છે કે કોઈ વ્યક્તિ પોતાના માલમાંથી અમુક ભાગ પોતાના એવા સગા વહાલામાં જે તેના વારસદાર ન હોય તેમને આપવાની વસિયત કરે. જો કોઈ એ પ્રમાણે વસિયત ન કરે તો મરતી વખતે તેનો અમલ અલ્લાહની નાફરમાની ઉપર સંપૂર્ણ થયો ગણાશે.”

- (ફીકહે રઝામાંથી નોંધ) (બેહારૂલ અનવાર, ભાગ - ૧૦3, પાના નં. ૧૯૯)

ઉપરની હદીસમાં તેવા માણસનું ગુનેહગાર હોવાનું કારણ એ હોય શકે કે, તેમને સગા વહાલાના હકોનો ખયાલ ન રાખ્યો હોય,

જે હકોનો ખયાલ રાખવો અગત્યની વાજિબાતે ખુદામાં શામિલ છે. એ સંજોગોમાં કે ઉપર જણાવ્યા મુજબની વસિયત ન કરવી લોકોની દ્રષ્ટિએ સામાન્ય રીતે કત્એ રહમ, જેમ કે, કોઈ શ્રીમંત તે ગરીબ સગા વિષે કોઈ વસિયત ન કરે તો સંપૂર્ણ રીતે હરામ અને કબીરા ગુનાહ છે, જેનો ઉલ્લેખ થઇ ચૂક્યો છે.

## વારસદારોને બીજા ઉપર પ્રાધાન્ય છે :

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "અનસાર પૈકી એક માણસનો ઇન્તેકાલ થઇ ગયો. તેના ઘણા નાના નાના બાળકો હતા. દુન્યવી માલમાં તેની પાસે ફક્ત છ ગુલામ હતા. મરતી વખતે તેણે તે ગુલામોને

આઝાદ કરી દીધા (પોતાના બાળકો માટે કાંઈ ન રાખ્યું) જયારે તેના આ અમલની જાણ રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને થઇ ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પૂછ્યું : તમે લોકોએ તેની સાથે શું વ્યવહાર કર્યો ? લોકોએ કહ્યું, અમે તેને દફન કરી દીધા. ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : જો મને (આ વાતની પહેલા) ખબર હોત તો હું તેમને મુસલમાનોની સાથે દફન થવા ન દેત. કારણ કે, તેમણે પોતાના સંતાનોને ભીખ માંગવા મજબૂર કરી દીધા.”

- (વાફી, ભાગ - ૭, પાના નં. ૯)

## શરીઅત મુજબ વારસાની વહેંચણી :

સંક્ષિપ્તમાં કોઈપણ વ્યક્તિ માટે પોતાના માલના ૧/3 (ત્રીજા) ભાગ કરતા વધારે માલ માટે વસિયત કરવી જાએઝ નથી. જો કોઈ વધારે માલની વસિયત કરે તો તેના વારસદાર માટે જરૂરી છે કે, તે ફક્ત ત્રીજા ભાગના માલની વસિયત ઉપર અમલ કરે. (પરંતુ જો મરનારે વધારે પ્રમાણમાં માલના માટે વસિયત કરી હોય અને વારસદારો રાજી હોય તો તે પ્રમાણે અમલ કરી શકે છે.) આ ઉપરાંત હરામ કામો માટે વસિયત કરવી જાએઝ નથી અને જો મરનારે એવી વસિયત કરી હોય તો પણ તેની ઉપર અમલ ન કરે. તે ઉપરાંત અમુક

વારસદારોને વારસાથી વંચિત કરી દેવા પણ જાએઝ નથી અને વારસદારોના જે હક ખુદાએ મુકર્રર કર્યા છે તે પ્રમાણે તેનો હિસ્સો આપવો વારસો મૂકનાર માટે વાજિબ છે.

નોંધ : વસિયતના મસાએલ જાણવા માટે રીસાલએ અમલીયહ (તવઝીહુલ મસાએલ) અને ફીકહી કીતાબોનો અભ્યાસ કરી માર્ગદર્શન મેળવવા વિનંતી છે.

એવી શ્રીમંત વ્યક્તિના પહેલા તબક્કાના વારસદારો (જેમ કે, સંતાન અને માં બાપ) મોજૂદ હોય અને બીજા તબક્કાના વારસદારો (એટલે કે ભાઈ અને બહેન) અથવા ત્રીજા તબક્કાના વારસદાર (જેમ કે, કાકા, ફૂઇ,

માસા, મામા) જે નિર્ધન હોય તો તેમના માટે વસિયત કરવી જોઈએ. તેના વારસામાંથી અમુક ગરીબ સગા વહાલાને આપવા માટે પણ વસિયત કરવી જોઈએ. જો તે એ પ્રમાણે વસિયત ન કરે તો તેણે કત્એ રહમ કર્યો ગણાશે અને તે ગુનેહગાર મર્યો ગણાશે. જેનો વિગતવાર ઉલ્લેખ આગળ થઇ ચૂક્યો છે. હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)એ વસિયત કરી હતી કે, "તેઓ (અલય્હિસ્સલામ)ના કાકાના દીકરા હસન અબતસને ૭૦ (સિત્તેર) અશરફીઓ આપવામાં આવે." તેમ જ આપ (અલય્હિસ્સલામ)એ આપના સગા વહાલાને થોડો માલ આપવાની

વસિયત ફરમાવી હતી. એક માણસે આપને કહ્યું કે, “અય આકા, આપ (અલય્હિસ્સલામ) એવા માણસને આપી રહ્યા છો કે જેણે આપની ઉપર હુમલો કર્યો હતો અને જે આપ (અલય્હિસ્સલામ)ની ઉપર ચાકૂથી હૂમલો કરીને આપને કતલ કરી નાખવા માંગતો હતો.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “શું તું એવું ઈચ્છે છે કે મારી ગણતરી એવા લોકોમાં ન થાય જેની સીલે રહમ કરવાના કારણે ખુદાવંદે કરીમે પ્રશંસા કરી છે ? અને તેઓની પ્રશંસામાં ફરમાવ્યું છે કે ....” આના અનુસંધાને આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવેલી આખી હદીસ કત્એ રહમ વિષેની છે.

# ભાગ બીજો

# એવા ગુનાહે કબીરા જેના વિષે કોઈ નસ્સ મળતી નથી.

પહેલી ફસલ : આ વિષયના પહેલા પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે ગુનાહે કબીરા ચાર પૈકી કોઈ એક રીત પ્રમાણે સાબિત થવા જોઈએ.

(૧) પહેલું તો તે ગુનાહ કોઈ મુસ્તનદ નસ્સમાં સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવ્યા હોય.

(૨) બીજું કુરઆને મજીદ અથવા કોઈ મોઅતબર રીવાયતોમાં સ્પષ્ટ રીતે અથવા

ઈશારા રૂપે તે કામ કરવા માટે જહન્નમ અને અઝાનો વાયદો કરવામાં આવ્યો હોય.

(3) કિતાબ અથવા સુન્નતમાં એ સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવ્યું હોય કે આ ગુનાહ એ કબીરા ગુનાહોથી પણ મોટા છે, જે ઉપર જણાવેલ બે રીતથી સાબિત થઇ ચૂક્યું છે.

(૪) ચોથા એ ગુનાહ તે દીન અને વ્યક્તિઓની (સામાજિક) દ્રષ્ટિએ મોટા હોય.

ઉપર જણાવેલ ચાર રીત પૈકી પહેલા ભાગ (ગુનાહે કબીરા ઉર્દૂ પુસ્તકના ભાગ ૧ થી ૬)માં ગુનાહે કબીરા ના ૧ થી ૪૦ નું વર્ણન બીજા ભાગની ત્રણ ફસલોમાં કરવામાં આવશે. એ ગુનાહો વિષે જાણતા પહેલા કે જે ગુનાહો

માટે જહન્નમનો વાયદો આપવામાં આવ્યો છે. એ ગુનાહો વિષે જાણતા પહેલા કે જે ગુનાહો માટે જહન્નમનો વાયદો આપવામાં આવ્યો છે. એ વાત જાણી લ્યો કે, આ હુકમનું પ્રાપ્તિસ્થાન તે ઘણી બધી રીવાયતો છે, જેમાં આ વાત સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવી છે એ રીવાયતો પૈકી એક રિવાયત ઇબ્ને અલી યઅફૂરના સહીહામાં ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)થી નોંધવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિની અદાલત તે કબીરા ગુનાહ છોડવાથી પારખી શકાય છે. જે ગુનાહો માટે ખુદાએ જહન્નમનો વાયદો કર્યો છે. (વસાઈલ)

ઉપરના ફરમાનથી એ વાત સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે કે, જે ગુનાહ કરવા માટે જહન્નમનો વાયદો કરવામાં આવ્યો છે તે કબીરા છે. તેવી જ રીતે અલી બિન જાફર (અલય્હિસ્સલામ)ના સહીહામાં ઉલ્લેખ છે કે તેઓ (અલય્હિસ્સલામ)ના મોટા ભાઈ હઝરત મુસા બિન જાફર (અલય્હિસ્સલામ)એ ગુનાહે કબીરા વિષે પૂછે છે જેનો ખુદાવંદે કરીમે કુરઆને મજીદમાં ઉલ્લેખ કર્યો છે **"ઇન તજતનેબુ કબાએર મા તુનહવ્ના અન્હો કાલ અલય્હીસ્સલામો અલ કબાએરૂલ્લતી અવજબલ્લાહો અઝઝ વ જલ્લ અલય્હન્નાર"**

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૨૭૬)

ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, “એ ગુનાહે કબીરા કે જે ગુનાહ કરવા બદલ ખુદાવંદે આલમે દોઝખ જરૂરી ગણાવી છે” અને ‘કાફી’માં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)નું આ પ્રકારનું કથન હલબી દ્વારા નોંધવામાં આવ્યું છે કે અબુ બસીર કહે છે કે મેં ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) પાસેથી સાંભળ્યું છે કે અબુ બસીર કહે છે કે “જયારે તેમણે આયતની તિલાવત કરી કે : **“વ મંય યુઅતિલ હિકમત ફ કદ ઉતી ખયરન કસીરા”** (કાફી, ભાગ - ૨, પાના નં. ૨૭૬) જેને હિકમત આપવામાં આવી તેને ઘણી ખયર (ભલાઈ) પણ આપવામાં આવી. ત્યારે ઈમામ

(અલય્હિસ્સલામ)એ (હિકમતનો) અર્થ બયાન કરતા ફરમાવ્યું : ઈમામને ઓળખવા અને ગુનાહે કબીરાથી બચવું (ઈમામ (અલય્હિસ્સલામ)ને ન ઓળખવા અને કબીરા ગુનાહોથી દૂર ન રહેવું એ છે કે જેનું સ્થાન ખુદાવંદે આલમે દોઝખમાં બનાવ્યું છે.)”

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૨૮૪)

મોહમ્મદ બિન મુસ્લીમ આપ (અલય્હિસ્સલામ)થી જ રિવાયત કરે છે કે, “જે ગુનાહની સજા ખુદાએ જહન્નમ ગણાવી છે એ બધા કબીરા છે.” (કાફી, ભાગ - ૨, પાના નં. ૨૭૭) તેનો સ્પષ્ટ અને સીધો હુકમ જેનો સમાવેશ કબીરામાં થાય છે જેમ કે, બે નમાઝી

દોઝખમાં જશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ખુદાવંદે કરીમ ફરમાવે છે :

**"ત્યારપછી અમુક કપૂત (નાલાયક) તેના જાનશીન થયા તેઓએ નમાઝ ગુમાવી અને નફસાની ખ્વાહીશો (વિષય વાસના)ના ચેલા બની બેઠા, નજદીકમાં જ એ લોકો ગુમરાહીનો બદલો (જહન્નમ)માં જઈ મળશે."**

**-** (સૂરએ મરયમ - ૧૯, આયત નં. ૫૯)

અથવા સીધો જહન્નમી હોય જેમ કે રિવાયતમાં છે કે, નમાઝ છોડી દેનાર મુશરીક છે. ત્યારપછી ફરમાવે છે કે મુશરીકનું ઠેકાણું જહન્નમ છે.

**“અને પાબંદી સાથે નમાઝ પડો અને મુશરીકોમાંથી ન થઈ જાઓ. તેના અમલના બદલા રૂપે જહન્નમી જ્વાળાઓનો વાયદો કરવામાં આવ્યો છે.”**

- (સૂરએ રૂમ - ૩૦, આયત નં. ૩૧)

એ નમાઝીઓ માટે જહન્નમ છે, જેઓ પોતાની નમાઝોમાં ગાફીલ રહે છે અથવા તો ઈશારા રૂપે વાયદો કરવામાં આવ્યો હોય. દાખલા તરીકે, હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે, “જે કોઈ જાણી બુજીને નમાઝ પડવાનું છોડી દે તે ખુદા અને રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પનાહની બહાર નીકળી જાય છે.”

- (વસાએલુશ્શિઆ, ભાગ - 3, પાના નં. ૨૯)

ઉપરના કથનમાં નમાઝ છોડનારા માટે હંમેશા રહેનારા અઝાબનો વાયદો કરવામાં આવ્યો હોવાની અને હલાકતની વાત પ્રત્યે ઈશારો કરવામાં આવ્યો છે. આથી, અબ્દુલ અઝીમ (અ.ર.)ના સહીફામાં પણ નમાઝ પડવાની છોડી દેવાને ગુનાહે કબીરા હોવાની દલીલમાં ઉપરોક્ત હદીસ દલીલરૂપે રજૂ કરવામાં આવી છે. તે વાતથી ઇબ્ને અબ્બાસનો એ કોલ સાચો સાબિત થાય છે કે કબીરા ગુનાહોની સંખ્યા સાતસો જેટલી છે. કારણ કે, જે ગુનાહો માટે કિતાબ અથવા મોઅતબર સુન્નતમાં સ્પષ્ટ રીતે અથવા ઈશારા રૂપે અઝાબનો

વાયદો કરવામાં આવ્યો હોય તેવા ગુનાહ ઘણા છે. જે બધા વિગતવાર જુદા જુદા એકઠાં કરવામાં આવે તો તેની સંખ્યા સાતસોથી પણ વધી જશે. એ બધા ગુનાહોની વિગત એકઠી કરવી સમયના અભાવના લીધે ખૂબ જ અઘરૂં અને મુશ્કીલ છે. તેથી અત્રે એવા ગુનાહોની વિગત રજૂ કરવામાં આવે છે જેમાં મોટા ભાગના ફસાએલા હોય છે.

અત્રે એ વાત યાદ અપાવવી જરૂરી છે કે જે ગુનાહોનું પહેલા ભાગ (ઉર્દૂ કિતાબમાં ભાગ ૧ થી ૬)માં વર્ણન કરવામાં આવ્યું છે, તે બધા ગુનાહે કબીરા હોવાનું સ્પષ્ટ રીતે બયાન

કરવામાં આવ્યું છે અને તે ગુનાહો કરવા બદલ ખુદાવંદે આલમે અઝાબનો વાયદો પણ કર્યો છે.

# એકતાલીસમો ગુનોહ

## ગીબત

## ગીબત (નિંદા, કૂથલી)

એ ગુનાહે કબીરા કે જેના માટે કુરઆને મજીદ અને ઘણી હદીસોમાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે, તે પૈકી સૌ પહેલો ગીબત (નિંદા, કૂથલી) છે. ખુદાવંદે આલમ સૂરએ નૂરમાં ફરમાવે છે :

**"એ લોકો કે જેઓ મોમીનો વિષે નિર્લજ્જ (ચારિત્ર્યહીનતાની – જેમકે ઝીના અને**

**જાત જાતની) વાતો ફેલાવવાનું પસંદ કરે છે, નિઃસંશય તેમના માટે દુનિયામાં પણ દુઃખદાયક અઝાબ છે અને આખેરતમાં (પણ) અને અલ્લાહ (ખરી હકીકત) સારી પેઠે જાણે છે જે તમે નથી જાણતા.”**

- (સૂરએ નૂર - ૨૪, આયત નં. ૧૯)

ઇબ્ને અબી ઉમૈર ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે, જો કોઈ માણસ કોઈ મોમીન વિષે પોતે પોતાની બે આંખોથી જોએલી અને પોતાના બે કાનોથી જે કાંઈ સાંભળેલી હોય તે વાતો બયાન કરી દે તો તે એવા લોકો પૈકી છે, જેના વિષે ઇરશાદે ખુદાવંદી છે કે, જે લોકો મોમીનની ખરાબ વાતો

જાહેર કરવી પસંદ કરે છે તેમના માટે દર્દનાક અઝાબ છે

- (ઉસુલે કાફી, ભાગ - ૨, પાના નં. ૩૫૭)

આ રિવાયતે સહીહ પ્રમાણે ગીબતનો સમાવેશ એ આયતમાં થાય છે જે વિષે કુરઆને મજીદમાં અઝાબનો સ્પષ્ટ વાયદો કરવામાં આવ્યો છે.

કુરઆને મજીદમાં ઈરશાદ છે :

**“અને તમારામાંથી અમુલ લોકોએ બીજાઓની નિંદા કરવી ન જોઈએ. શું તમારામાંથી કોઈ પણ આ (કૃત્ય)ને પસંદ કરે છે કે તે પોતાના મરી ગયેલા ભાઈનું માંસ ખાય ?**

**(નહી બલ્કે) એ (કૃત્ય) તો તમે ખરાબ જ સમજશો”**

**-** (સૂરએ હોજોરાત - ૪૯, આયત નં. ૧૨)

આ આયતમાં ગીબત કરનાર ઉપર આખેરતમાં જે અઝાબ નાઝીલ થશે તેની કેફીયતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આખેરતમાં તેને થનાર અઝાબની કેફીયતનો ઉલ્લેખ એ રીતે કરવામાં આવ્યો છે કે, જેની ગીબત કરવામાં આવી છે તે મુર્દા આખેરતમાં ગોશ્ત ખાનારના સ્વરૂપમાં આવી જશે. આ સંદેહનું સમર્થન હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની આ રિવાયતથી થાય છે કે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)એ ફરમાવ્યું કે : **“મેઅરાજની રાત્રે મેં અમુક લોકોને જહન્નમમાં જોયા જેઓ મુર્દાર ખાઈ રહ્યા હતા. મેં જિબ્રઈલ (અલય્હિસ્સલામ)ને પૂછ્યું કે : આ કેવા લોકો છે ? ત્યારે તેમણે જવાબ આપ્યો : આ એ લોકો છે જેઓ દુનિયામાં લોકોનું ગોશ્ત ખાતા હતા (એટલે કે લોકોની ગીબત કરતા હતા)”**

- (મુસ્તદરક, કિતાબે હજ, પ્રકરણ ૧૩૨)

બીજી બાબત એ છે કે, જેનાથી હુકમ નક્કી થાય છે એટલે કે, શરીઅતના હુકમ પ્રમાણે ગીબત કરવી એ માણસનું ગોશ્ત ખાવા સમાન છે જેની ગીબત કરવામાં આવી હોય. મુર્દારનું ગોશ્ત ખાવાનો ઉલ્લેખ આગળના ભાગ

(ઉર્દૂ કિતાબ ભાગ પાંચમાં) માં થઈ ગયો છે. અકલુલ મયતતે એટલે કે મુર્દારનું ગોશ્ત ખાવું ગુનાહે કબીરા છે.

ઈમામ હસન અસ્કરી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, આ વાત જાણી લેવી જોઈએ કે તમારા મોમીન ભાઈ જો આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ના શીઆ હોય તેમની ગીબત કરવી, મુર્દારનું ગોશ્ત ખાવાથી પણ મોટા ગુનાહ છે. જેના વિષે ખુદા ફરમાવે છે કે **"તમે એક બીજાની ગીબત ન કરો."** ઉપરની બંને બાબતોથી એ વાત સ્પષ્ટ થાય છે કે ગીબત ગુનાહે કબીરા છે."

- (મુસ્તદરક, તફસીરે અસ્કરીથી મનકુલ)

તેવી જ રીતે સૂરએ હોમોઝાહમાં ફરમાવે છે : **“વયલુલ લે કુલ્લે હોમઝતીલ લોમઝહ.”**

તફસીરે ‘મીઝાન’માં લખ્યું છે કે આ વાક્ય મિત્રોમાં વિખવાદ કરાવનાર દરેક ગીબત કરનાર અને ચુગલખોર માટે ખુદાવંદે કરીમ તરફથી અઝાબનો વાયદો છે.

અમુકે આનાથી ઉલટું કહ્યું છે કે અને અમુકે લખ્યું છે કે ‘હોમઝહ’ એ જહન્નમના એક કુવાનું નામ છે. આ શબ્દ પ્રયોગ સખત અઝાબ કરવામાં આવે છે. આમ, આ એવા ગુનાહે કબીરા છે જે ગુનાહ માટે કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ અઝાબના વાયદા કરવામાં આવ્યા છે.

**ગીબત અને એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની રિવાયત :**

ગીબત કરનાર માટે સખત અઝાબનો વાયદો કરવામાં આવ્યો હોય તેવી ઘણી રીવાયતોમળે છે, જેની સાતત્ય એકમતે છે; પરંતુ અત્રે ફક્ત શેખ અન્સારી (અ.ર.) ‘મકાસિબ’માં લખેલ રિવાયતનો ઉલ્લેખ કરવામાં આવે છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઘણા સિલસિલામાં રિવાયત કરી છે. આપે ફરમાવ્યું : “ગીબતના ગુનાહ ઝીના **(વ્યભિચાર)થી પણ વધારે ખરાબ છે. જો વ્યભિચાર કરનાર તોબા કરે તો ખુદા બક્ષી દે**

**છે; પરંતુ ગીબત કરનાર (ના ગુનાહ)ને જ્યાં સુધી જે વ્યક્તિની ગીબત કરવામાં આવી હોય તે માફ ન કરે ત્યાં સુધી માફ કરવામાં આવતો નથી.”**

- (મકાસિબે મોહર્રમહ કલાનતર)

એક દિવસ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના ખુત્બામાં વ્યાજના ગુનાહ કેટલા સખત છે તે વિષે બયાન ફરમાવ્યું અને ફરમાવ્યું : **“વ્યાજનો એક દિરહમ ખાવાના ગુનાહ છત્રીસ (૩૬) વખત ઝીના કરવાથી પણ વધારે સખત છે.”** પછી ફરમાવ્યું : **“બેશક, સૌથી ખરાબ**

પ્રકારની વ્યાજખોરી મુસલમાનોને બેઆબરૂ કરવા અને બે ઈઝઝતી કરવી તે છે.”

- (મકાસિબે મોહર્રમહ)

ઉપરની બંને હદીસોના પ્રકાશમાં જણાય છે કે, ગીબતના ગુનાહ, ગુનાહે કબીરા હોવાનું એ રીતે પણ સાબિત છે કે તે ગુનાહ ઝીના અને વ્યાજથી પણ ખરાબ છે. ઝીના અને વ્યાજ ગુનાહે કબીરા હોવાનો વિગતવાર ઉલ્લેખ આગળના ભાગોમાં થઈ ચૂક્યો છે.

આ ઉપરાંત આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “જો કોઈ માણસ કોઈ મોમીનની ગીબત કરતો હોય એટલે કે, જે બૂરાઈ તે (મોમીન)માં હોય તેને

બયાન કરતો હોય તો ખુદાવંદે આલમ તે માણસને અને તે મોમીનને બેહીશ્તમાં એકઠા નહી કરે અને જો કોઈ મોમીનની એવી બૂરાઈ જે તેનામાં ન હોય તેને બયાન કરે તો તે બંને વચ્ચે જે દીનની પાકીઝગી અને સંબંધ છે તેનો અંત આવી જશે અને પછી ગીબત કરનાર તે મોમીનથી અલગ થઈ જશે અને હંમેશ માટે જહન્નમ રહેશે, જે ઘણું ખરાબ ઠેકાણું છે.” (મકાસિબે મોહર્રમહ, પાના નં.૩૧૮) યોગ્ય સમજદારી ધરાવનાર માણસ માટે ઉપરની રિવાયત પૂરતી છે.

**“જો કોઈ માણસ લોકોની ગીબત કરીને તેમનું ગોશ્ત ખાતો હોય અને એવું માનતો હોય**

કે પોતે હલાલઝાદો છે, તો તેની એ ધારણા ખોટી છે. ગીબત કરવાથી બચો. કારણ કે, તે જહન્નમના કૂતરાઓનો ખોરાક છે.”

- (મકાસિબે મોહર્રમહ)

“જો કોઈ પોતાના દીની ગીબત કરવા અને તેના ગુપ્ત ઐબને જાહેર કરવા માટે પોતાની જગ્યાએથી ચાલે (ગતિ કરે) તો સમજી લ્યો કે તેણે પોતાનું પ્રથમ ડગ જહન્નમમાં મૂક્યું.”

- (મકાસિબે મોહર્રમહ)

“ગીબત કરનાર (પોતાના તે ગુનાહની) તોબા કરી લે તો પણ બેહીશ્તમાં તે સૌથી છેલ્લે

**પ્રવેશ પામશે અને જો તે તોબા કર્યા વગર મરી જશે તો જહન્નમમાં સૌથી પહેલા દાખલ થશે.”**

- (મકાસિબે મોહર્રમહ, બાબુલ ગીબત)

શહીદે સાની (રહ.) હઝરત પયગંબર અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે : “કોઈ એક માણસ બીજા માણસ પાસેથી એક શબ્દ સાંભળે અને તેને ઝલીલ અને રૂસ્વા (ઉતારી પાડવા - તિરસ્કૃત કરવા)ના હેતુથી એ શબ્દને યાદ રાખે તો, તે વાતની કુફ્રની સૌથી વધુ નજદીક છે અને એવા લોકોને આખેરતમાં કોઈ ફાયદો નહી થાય.”

- (કશકૂલ રબીયહ, સંપાદન : શહીદે સાની)

આ વિષયના અનુસંધાનમાં કેટલીક રીવાયતો ઉસુલે કાફીમાં નોંધવામાં આવી છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે :

**"માણસના શરીરમાં કોઢની બીમારી ફેલાઈ જાય છે તેના કરતા વધારે ઝડપથી ગીબત (ગીબત કરનાર) માણસના દીન ઉપર અસરકર્તા બને છે."**

- (ઉસુલે કાફી, ભાગ - ૨, પાના નં.૩૫૭)

**"ગીબત કરવી દરેક મુસલમાન માટે હરામ છે. એ વાતમાં કોઈ સંદેહ નથી કે, ગીબત નેકીઓને એવી રીતે ખાઈ જાય છે (નાશ કરીને**

**નાબૂદ કરો નાખે છે) જેવી રીતે આગ લાકડાને ખાઈ જાય છે. (નાબૂદ કરી નાખે છે)"**

- (ઉસુલે કાફી, મિસ્બાહુલ શરીઅહ, મકાસિબે મોહર્રમહ, બાબે ગીબત)

શેખ ફરમાવે છે કે, "ગીબત નેકીઓને ખાઈ જાય છે" એ વાક્યનો અર્થ એ છે કે, ગીબતથી કરવામાં આવેલ નેક આમાલ બાતિલ થઈ જાય છે. અથવા તો તેનો અર્થ એ છે કે તેના અગાઉના તમામ સવાબના પ્રમાણમાં તેની સજા વધી જાય છે અથવા તો ગીબત કરનારની નેકીઓ એ માણસ (જેની ગીબત કરવામાં આવી હોય તે)ના નામએ આમાલમાં

લખી નાખવામાં આવે. આ વાતનો ઉલ્લેખ ઘણી હદીસોમાં કરવામાં આવ્યો છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત છે : "કયામતના દિવસે એક માણસને હિસાબો કિતાબના સ્થાને લઇ જવામાં આવશે અને તેના હાથમાં તેનું આમાલનામું આપવામાં આવશે. જયારે તે માણસ પોતે દુનિયામાં જે નેક આમાલ કરતો હતો તેની નોંધ પોતાના નામએ આમાલમાં નહી જૂએ ત્યારે કહેશે કે : ખુદાયા, આ મારૂ આમાલનામું નથી, કારણ કે આમાં મારા નેક આમાલ દેખાતા નથી. ત્યારે તેને કહેવામાં આવશે કે તારો ખુદા ભૂલ કરતો નથી

કે કોઈ વાત ભૂલી જતો નથી. તું લોકોની ગીબત કરતો હતો, તેથી તારા નેક આમાલ નાબૂદ થઈ ગયા છે. પછી બીજા માણસને લાવવામાં આવશે અને તેનું આમાલનામું આપવામાં આવશે ત્યારે તે માણસ (પોતાના આમાલનામામાં) એવી નેકીઓ જોશે જે નેકીઓ તેણે દુનિયામાં કરી નહી હોય. ત્યારે તે કહેશે અય ખુદા, આ આમાલનામું મારૂ નથી. કારણ કે, આમાં જે નેકીઓ લખી છે તે મેં દુનિયામાં કરી ન હતી. ત્યારે તેને કહેવામાં આવશે, આ ફલાણા માણસની નેકીઓ છે, જેણે તારી ગીબત કરી હતી અને તેના બદલામાં તેની નેકીઓ તને બક્ષી આપવામાં આવી છે.

ઉપરોક્ત રિવાયતો નોંધવા પછી શેખ અન્સારી (રહ.) ફરમાવે છે કે, આ હદીસોથી સ્પષ્ટ થાય છે કે, ગીબત ગુનાહે કબીરા છે. અમુક ફોકહાએ ફરમાવ્યું છે કે ગીબત કબાએર (ઝીના અને વ્યાજ)થી પણ વધારે સખત ગુનાહ છે, જેનો ઉપરની રિવાયતમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ થયો છે.

આ ઉપરાંત ખયાનત કરવી એ પણ ગુનાહે કબીરામાં શામિલ છે, જેના વિષે નસ્સ મોજૂદ છે. (જેનો ઉલ્લેખ આગળના ભાગમાં થઈ ગયો છે) ગીબતને પણ ખયાનતનો એક ભાગ ગણી શકાય છે. કારણ કે, પોતાના દીની ભાઈનું (જે અજાણ હોય તેનું) ગોશ્ત ખાવા કરતા મોટી

ખયાનત બીજી કઈ હોઈ શકે ? તેમ જ દીની ભીના રહસ્યને જાહેર કરવા અને તેના ગુપ્ત ઐબોને જાહેર કરવા કરતા મોટી બીજી કઈ ખયાનત હોઈ શકે ?

એ વાત સ્પષ્ટ જાણી લેવી જોઈએ કે, ફક્ત મોમીનની ગીબત કરવી હરામ છે. એટલે કે જે વ્યક્તિ મઝહબે હકના અકાએદ ઉપર સંપૂર્ણ અકીદો રાખતી હોય જેમાં અઈમ્મએ ઇસ્નાઅશરી (અલય્હેમુસ્સલામ) ની ઈમામતનો અકીદો પણ શામીલ છે, એ રીતે આ અકીદાનો વિરોધ કરવાની ગીબત કરવી હરામ નથી. પરંતુ એહતીયાત રૂપે ઇસ્લામના કોઈ પણ ફિરકા સાથે સંબંધિત હોય તેવી કોઈ વ્યક્તિની

ગીબત ન કરવી જોઈએ. ખાસ કરીને, જેઓ હક પ્રત્યે દુશ્મનાવટ ન રાખતા હોય તેમજ અકાએદે હક્કાની માઅરેફત મેળવવા માટે અશક્ત હોય એવા લોકોની ગીબત ન કરવી જોઈએ. એ વાત પણ જાણી લ્યો કે, ફક્ત બાલિગ મોમીનની ગીબત કરવી જ હરામ નથી; પરંતુ એ નાબાલિગ બાળક જેને ગીબતની અસર થાય અને ગીબત (ની વાત સાંભળવા) થી પ્રભાવિત અને દુઃખી થાય (એટલે કે સારા ખરાબનો ભેદ પારખનાર બાળક)ની ગીબત કરવી પણ હરામ છે. અમુક ફકીહોએ ફરમાવ્યું છે કે મોમીનના બાળકો સમજદાર હોય કે અણસમજુ હોય તેની ગીબત કરવી સંપૂર્ણ રીતે હરામ છે.

## ગીબતનો અર્થ અને સંજોગો :

હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ગીબતની વ્યાખ્યામાં ફરમાવે છે :

“તમે તમારા મોમીન ભાઈનો ઉલ્લેખ તેને પસંદ ન હોય (બલ્કે તે નારાજ હોય) તેવી રીતે કરો – તે ગીબત છે.”

- (મકાસિબે મોહર્રમહ)

ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “ગીબત એ છે કે તમે તમારા મોમીન ભાઈના એ ઐબ બયાન કરો જે (ઐબ) ને ખુદાએ છૂપાવ્યા છે.”

- (કાફી, ભાગ - ૨, પાના નં. ૩૫૭)

ઈમામ મુસા બિન જાફર (અલય્હિસ્સલામ) ફરમાવે છે, “જો કોઈ વ્યક્તિ બીજી કોઈ ગેરહાજર હોય તેવી વ્યક્તિ વિષે એવી વાત કહે જે (અવગુણ) તેનામાં મોજૂદ હોય અને તે વિષે લોકો પણ જાણતા હોય તો તે ગીબત નથી. અલબત્ત, જો કોઈ એવી વાત કહેવામાં આવે જે તેનામાં મોજૂદ હોય પણ લોકો તે જાણતા ન હોય તો તેણે ગીબત કરી ગણાશે. અને જો કોઈ એવી વાત કહે જે (અવગુણ) તેનામાં બિલકુલ ન હોય તો તેણે બોહતાન (આળ) મૂક્યું”

- (ઉસુલે કાફી, ભાગ - ૨, પાના નં. ૩૫૭)

આમ, બીજી કોઈ રિવાયત મુજબ કોઈ મોમીનના એવા ઐબ જે સાંભળનાર અને બીજા લોકોથી છૂપા ન હોય તો તેની ગણતરી ગીબતમાં થતી નથી. અલબત્ત, તેની ગણતરી મોમીનની મઝીમ્મત, ચેતવણી (ઠપકો વગેરે) આપવા મોમીનને તકલીફ પહોંચાડવા અને મોમીનનું અપમાન કરવામાં થતી હોય તો હરામ છે, જેનો ઉલ્લેખ કરવામાં આવશે.

શબ્દકોષમાં અર્થ, ગીબત વિષેની જુદી જુદી રિવાયતો અને ગીબત વિષેના તમામ દ્રષ્ટિકોણનો અભ્યાસ અને ખાતરી કર્યા પછી શેખે જે વિચારો વ્યક્ત કર્યા છે તેનો સારાંશ એ છે કે ગીબતનો સંબંધ ત્રણ પ્રકારે છે.

(૧) ખાતરીપૂર્વકની સ્પષ્ટ ગીબત અથવા

(૨) જાહેરી ગીબત અથવા

(૩) જે જાહેરી રીતે ગીબત ન હોય

(૧) પહેલો પ્રકાર : તે સંપૂર્ણ રીતે ગીબત હોય છે. એક એવી વાતનો ઉલ્લેખ કરવો જે કોઈ વ્યક્તિ સાથે સંબંધિત તેની કોઈ શરઈ અધૂરાશ હોય અથવા જન સાધારણની દ્રષ્ટિએ ઐબ હોય અને તે પણ સાંભળનારથી ગુપ્ત હોય (એટલે કે જે વાત કરવામાં આવે તે વિષે લોકોને કાંઈ માહિતી ન હોય) અને તે વાત જાહેર કરવાથી જેની ગીબત કરવામાં આવે તે રાજી ન હોય અને ગીબત કરનાર તેને અપમાનિત કરવા અને તેના ઐબ શોધવાની નિયત રાખતો હોય.

સારાંશ એ કે જો કોઈ વ્યક્તિ કોઈ મોમીનને ટીકાનું નિશાન બનાવવા માટે તેના ગુપ્ત ઐબોને જાહેર કરે તો તે ગીબત અને ગુનાહે કબીરા હોવામાં કોઈ સંદેહ નથી.

(૨) બીજો પ્રકાર :

બીજાના ગુપ્ત ઐબોને જાહેર કરવા, જે જાહેરી રીતે ગીબત ગણાય છે એટલું જ નહી, તેને તિરસ્કૃત કરવા, તેના દુર્ગુણો શોધવા હલકો પાડવા માટે નહી પરંતુ બીજા કોઈ હેતુસર જેમ કે, મજાક મશ્કરીમાં અથવા દલીલ અને સાબિતી શરૂ કરવા અથવા હમદર્દી વ્યક્ત કરવા અથવા ઉદાહરણ આપવા માટે બીજાના ગુપ્ત ઐબોને જાહેર કરવામાં આવે તો પણ તે

હરામ હોવામાં કોઈ શંકા નથી. રિવાયતોથી પણ એ સ્પષ્ટ થાય છે કે, આ બધી બાબતો પણ ગીબતની વ્યાખ્યામાં આવી જાય છે.

(૩) ત્રીજો પ્રકાર :

એવી વ્યક્તિના ઐબ બીજી કોઈ એવી વ્યક્તિ સમક્ષ જાહેર કરવા જે (ગીબત સાંભળનાર) વ્યક્તિ તે ઐબ વિષે વાકેફ હોય. અમુક રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે, આ બાબતનો સમાવેશ ગીબતમાં થતો નથી. પરંતુ અમુક રિવાયતોથી સાબિત થાય છે કે, આ વાત પણ ગીબત ગણાય છે. ખાસ કરીને એ સંજોગોમાં કે જયારે વાત કરનાર ઠપકો આપીને ફીટકાર કરી રહ્યો હોય તો એ સંજોગોમાં ગીબત

સંપૂર્ણ રીતે હરામ છે. જો કે તે ગીબત હોવી શંકાસ્પદ બાબત છે. પરંતુ જે વાતથી મોમીનનું દિલ ભાંગી જાય અને મોમીનની તોહીન માટે કારણરૂપ હોય તો તે બાબત હરામ હોવામાં કોઈ શંકા (શક્) નથી. જો મઝીમ્મત કરનારનો ઈરાદો આવી વ્યક્તિને ઉતારી પાડવાનો ન હોય પરંતુ મજબૂરીથી મઝીમ્મત થઈ જતી હોય. જેમ કે, કોઈનો ઉલ્લેખ એવા ઈલ્કાબ અને સિફતોથી કરવામાં આવે જે તેની મઝીમ્મત થઈ જાય. જેમ કે, ફલાણો માણસ યહુદીની ઓલાદ છે અથવા ફલાણા માણસનીમાં બદકાર હતી, તો આ વાત પણ હરામ છે. સૂરએ હોજોરાતમાં બીજાઓને ખરાબ ઈલ્કાબથી યાદ કરવાની

સ્પષ્ટ રીતે મનાઈ કરવામાં આવી છે. ઈરશાદ છે :

“તમે પરસ્પર એકબીજાને ખરાબ નામોથી ન સંબોધો. ઈમાન લાવ્યા પછી (બૂરા નામ રાખવાનું) બદકારીનું કામ ખરાબ છે.”

- (સૂરએ હોજોરાત - ૪૯, આયત નં. ૧૦)

## ગીબતના પ્રકાર :

સ્પષ્ટ રિવાયતો અને ફોકહાના વિધાન પ્રમાણે કોઈના શારીરિક, વારસાગત, અખ્લાકી, ચારિત્ર્ય વિષયક, દીન વિષે કે દુનિયા વિષેના કોઈ ઐબ કે ઉણપ બયાન કરવામાં આવે તો તે ગીબત હોવા વિષે કોઈ ફર્ક પડતો નથી. કેટલાકે પોષક, મકાન, વાહન વગેરેનો ઉલ્લેખ કર્યો છે.

તો કેટલાકે દરેકના ઉદાહરણ પણ પ્રસ્તુત કર્યા છે. દાખલા તરીકે, શારીરિક ગીબતમાં કોઈ એમ કહે કે ફલાણો અઅમશ (જેની આંખોમાં હંમેશા પાણી ભરાઈ રહેતું હોય તેવો) છે અથવા ફાંગો (ત્રાંસી આંખવાળો) છે અથવા કાણો (એક આંખવાળો) અથવા ટાલિયો છે, અથવા ઠીંગણો, લાંબો, કાળો, પીળો વગેરે કહે અર્થાત કોઈ વ્યક્તિના એવા ગુણોનું વર્ણન કરવું જે સાંભળીને તે નારાજ અને ગમગીન થાય તેવી જ રીતે કૌટુંબિક (વંશ બાબત) ગીબતમાં કોઈ એમ કહે કે ફલાણાનો બાપ ફાસિક અથવા ધૂર્ત (પાપી), કંજૂસ અથવા બદમાશ અથવા જુલાહા, બદઝાત વગેરે હતો. અખ્લાકી ગીબત એ છે કે

દાખલા તરીકે કોઈ કહે કે ફલાણો બદ ચારિત્ર્ય, કંજૂસ, અભિમાની, ડરપોક, અશક્ત, મુનાફીક, ચોર અથવા ઝાલિમ છે.

દીની કામો બાબતની ગીબત એ છે કે કોઈ એમ કહે કે, ફલાણો માણસ જુઠો, શરાબી અથવા નમાઝમાં ગફલત કરનારો છે. દુન્યવી બાબતોમાં ગીબત એ છે કે કોઈ એમ કહે કે ફલાણો અસભ્ય, અનુપકારી છે, પોતાની હેસિયત નથી જાણતો, વાતોડિયો, ખાઉધરો અને ઊંઘણશી છે. પોષાક વિષેની ગીબત એ છે કે કોઈ એમ કહે કે ફલાણાનો પોષાક મેલો, ફાટેલો, જૂનો, લાંબો અથવા ટૂંકો છે. તેવી જ રીતે કોઈને એવી ખરાબ રીતે યાદ કરવામાં આવે જેના

કારણે તેને અણગમો થાય તો તે બાબત પણ ગીબતમાં ગણાય છે.

એ વાત પણ જાણી લેવી જોઈએ કે, ગીબત જીભથી કરવામાં આવે કે અમલ અથવા ઈશારાથી અથવા આડકતરી રીતે (બીજા શબ્દોમાં) કરવામાં આવે તેમાં કશો ફેર પડતો નથી. અમુક સંજોગોમાં શબ્દોમાં ગીબત થાય છે. તેના કરતા આડકતરા ઇશારાના પ્રહારો વધારે વેધક હોય છે. દાખલા તરીકે એમ કહેવામાં આવે કે, અલ્હમદો લિલ્લાહ, ખુદાવંદે આલમે અમને હકુમતની લાલચ નથી આપી અથવા ઝાલિમોના સાથીદાર નથી બનાવ્યા અથવા સંપત્તિની લાલચ નથી આપી અથવા

ઝાલિમોના સાથીદાર નથી બનાવ્યા અથવા સંપત્તિની તૃષ્ણા નથી આપી અથવા એમ કહેવામાં આવે કે, લાલચ અથવા કંજૂસાઈ અથવા બેશરમીથી ખુદાની પનાહ, ખુદા અમોને શેતાનના હૂમલાથી સુરક્ષિત રાખે. આવા વિધાનો કહેવા પાછળનો હેતુ એવા અવગુણ ધરાવતી વ્યક્તિઓ તરફ ઈશારો કરવાનો હોય.

ઘણી વખત એવું બને છે કે, અમુક કપટી માણસો કોઈની ગીબત કરવા ઇચ્છતા હોય તો પહેલા તેના વખાણ કરે છે. દાખલા તરીકે, એમ કહે કે ફલાણો માણસ કેટલો સારો હતો પરંતુ અફસોસ કે તે શેતાનની જાળમાં ફસાઈ ગયો અને હવે આવો થઈ ગયો છે. ક્યારેક કોઈના

વિષે દાંભિક રીતે પોતાના ગમ અને ગુસ્સો આવા શબ્દોમાં વ્યક્ત કરવામાં આવે છે. અફસોસ, આ વાત સાંભળીને દુઃખ થયું. અમુક માણસના એ કામ વિષે જાણીને મારો જીવ બળીને ખાક થઈ ગયો. પરંતુ જો હકીકતમાં તે માણસનો દોસ્ત હોત તો અને જો હકીકતમાં તેને દુઃખ થયું હોત તો તેણે તેના હમદર્દ તરીકે તેના રહસ્યો જાહેર ન કરવા જોઈએ અને તેને બૂરાઈ સાથે યાદ કરવો ન જોઈએ.

## નિશ્ચિત અને અનિશ્ચિત વ્યક્તિઓની ગીબત :

જયારે કોઈ ખાસ વ્યક્તિનો ઉલ્લેખ કરીને વાત કરવામાં આવે ત્યારે તે ગીબત

ગણાય છે. જયારે કોઈ વ્યક્તિનું નામ અને ગુણોનું વર્ણન કર્યા વગર ગીબત કરવામાં આવે તો કોઈ વાંધો નથી. દાખલા તરીકે, જો કોઈ એમ કહે કે મેં એક માણસને જોયો જે આ પ્રકારનો હતો તો તે ગીબત ગણાતી નથી. અલબત્ત, જયારે અમુક વ્યક્તિઓ પૈકી કોઈ ખાસ વ્યક્તિનો ઉલ્લેખ કર્યા વગર ગીબત કરવામાં આવે જેમ કે, એમ કહે કે ફલાણા માણસના પૂત્રો પૈકી એક પૂત્ર આવો છે, તો એમ કહેવું હરામ છે. કારણ કે, એ રીતે તે બધા (પૂત્રો)ને તકલીફ અને દુઃખ પહોંચશે. જો ઘણા લોકો પૈકી ફક્ત એક વ્યક્તિની ગીબત કરવામાં આવે. જેમ કે, કોઈ કહે કે એક ઈસ્ફેહાની

(ઈસ્ફહાન નો રહેવાશી) અથવા શીરાઝી આ પ્રકારનો હતો તો તેમ કહેવું જાએઝ છે અથવા તો એમ કહે કે અમુક ઈસ્ફહાનીઓમાં ફલાણી બૂરાઈ જોવા મળે છે. તો તે કહેવું જાએઝ છે; પરંતુ એમ કહે કે તમામ ઈસ્ફહાનીઓ અથવા તમામ શીરાઝીઓમાં ફલાણી બૂરાઈ જોવા મળે છે તો તેમ કહેવું નિઃસંદેહ હરામ છે. કારણ કે, તેમ કહેવાથી તે શહેરના તમામ રહેવાસીઓની ગીબત થઈ ગણાય છે.

જો કોઈ એમ કહે કે, ફલાણા શહેરના મોટા ભાગના લોકોમાં આ પ્રકારની બૂરાઈ જોવા મળે છે. તો એ વાત અહેતીયાતની વિરુધ્ધ છે.

બલ્કે તે બાબત હરામ હોવાની મજબૂત શક્યતા છે.

## ગીબતનો કફ્ફારો અને તોબા :

ગીબત કરવી એ ગુનાહે કબીરા છે. તેથી, જો કોઈ એ ગુનાહ કરવામાં ફસાઈ જાય તો તેમ કરનારે તુરંત જ પોતાના ગુનાહ માટે શરમીંદગી અનુભવવી વાજિબ છે. કારણ કે, ગીબત કરનારે પોતાના ગુનાહ માટે શરમિંદા થયા પછી જીભથી ઈસ્તીગફાર કરે અને ફરીથી તે ગુનાહ (ગીબત) તરફ ન ફરકવાનો દ્રઢ નિર્ણય પણ કરે. અમુક રિવાયતોમાં ઉલ્લેખ છે તે પ્રમાણે જેની ગીબત કરવામાં આવી હોય તેની ગીબત કરનાર ઉપર હક થઈ જાય છે,

તેની શક્ય હોય તો ગીબત કરનારે જેની ગીબત કરી હોય તેની માફી માંગી લેવી જોઈએ અને તેને પોતાનાથી રાજી કરી લેવો જોઈએ અને જેવી રીતે તેની ગીબત કરી હોય તેટલા જ પ્રમાણમાં તેને નેકીથી યાદ કરવો જોઈએ. (એટલે કે તેના વખાણ કરવા જોઈએ) જેની ગીબત કરવામાં આવી હોય તેનું અવસાન થઈ ગયું હોય અથવા તેને મળવું શક્ય ન હોય અથવા માફી માંગવા જતા તેનાથી વિમુખ થઈ જવાય તેમ હોય અથવા તેમ કરવા જતા તે નારાજ થઈ જાય તેવી શક્યતા હોય, દાખલા તરીકે તેની ગીબત કરવામાં આવી છે તે વાતથી તે અજાણ હોય અને તે વાત સાંભળે તો

તે ખૂબ જ ગુસ્સે અને નારાજ થઈ જાય તેમ હોય અને માફી માંગવાનો હેતુ સિધ્ધ થઈ શકે તેમ ન હોય તો એ સંજોગોમાં ખુદાવંદે આલમની બારગાહમાં તે વ્યક્તિ માટે મગફેરત ચાહવી જોઈએ અને ખુદાની બારગાહમાં વિનંતી કરવી જોઈએ : અય્ પાલનહાર, આ માણસને રાજી કરી દે. સહીફએ સજ્જાદીયાની દુવા નં. ૩૯ અને સોમવારની દુવામાં આ વાતનું વર્ણન કરવામાં આવ્યું છે.

## એ સંજોગો, જ્યાં ગીબત કરવી જાએઝ છે:

ફકીહોના મતે અમુક સંજોગોમાં ગીબત કરવી જાએઝ છે. અત્રે ફક્ત શેખે મકાસિબે મોહર્રમહમાં જે લખ્યું છે તે પ્રસ્તુત કરીએ છીએ. (૧) એવા માણસની ગીબત થઈ શકે છે જેના ગુનાહ ગુપ્ત ન હોય પણ જાહેર હોય. જેમ કે તે જાહેર માર્ગો ઉપર ખુલ્લમખુલ્લા શરાબનો પ્યાલો હાથમાં લઈને શરાબ પીતો હોય.

જયારે કોઈ ગુનેહગાર જાહેરમાં ગુનાહ કરે તો તે એહતેરામને પાત્ર નથી. અને તેની ગીબત હરામ નથી.

- (મકાસિબે મોહર્રમહ, ભાગ - ૪, પાના નં. ૨૭)

તેવી જ રીતે ફરમાવે છે કે, જો કોઈ શર્મો હયાની ચાદર ઉતારીને ફેંકી દે એટલે કે,

તેને લોકોની સામે ગુનાહ કરવામાં શરમ ન થતી હોય તો તેની ગીબત, ગીબત ગણાતી નથી. (એટલે કે, તેની ગીબત કરવી હરામ નથી)

- (મકાસિબે મોહર્રમહ, ભાગ - ૪, પાના નં. ૨૭)

એ વાત જાણી લેવી જોઈએ કે, એ ગુનાહ જે ખુલ્લમખુલ્લા કરવામાં આવે તેના કારણે (તેની) ગીબત કરવી જાએઝ થઈ જાય છે. પરંતુ ગુપ્ત રીતે ગુનાહ કરવામાં આવે તો તેવા ગુનાહની ગીબત કરવી જાએઝ હોવાની જાણકારી નથી. જો કે શેખ ફરમાવે છે કે : જાહેરી ગુનાહ - ખાનગી ગુનાહ કરતા ભારે છે. તેથી જાહેરી ગુનાહનો ઉલ્લેખ કરવામાં વાંધો

નથી. પરંતુ વધારે એહતીયાત તે ઝિક્ર ન કરવામાં છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, જાહેરમાં ગુનાહ કરનારની ગીબત એ સંજોગોમાં જાએઝ છે જયારે તે પોતે પોતાના ગુનાહનો સ્વીકાર કરતો હોય; પરંતુ જો તે પોતાના અમલ માટે યોગ્ય કારણ રજૂ કરતો હોય તો તેની ગીબત કરવી જાએઝ નથી. જેમ કે, તેનો દાવો હોય કે તે શરાબની દવા તરીકે ઉપયોગ કરે છે અથવા ઈલાજ માટે શરાબ પીવે છે અથવા એવા આલિમનો મુકલ્લીદ છે, જેઓ એવા (બીમારીના ઇલાજના) સંજોગોમાં શરાબ પીવાનું જાએઝ સમજતા હોય અથવા

દાખલા તરીકે માહે મુબારક રમઝાનમાં દિવસે જમવા માટે પોતે બીમાર કે મુસાફર હોવાનું કારણ અથવા બીજું સ્વીકારવા યોગ્ય કારણ રજૂ કરે અથવા એવો માણસ જે ગુનાહ કરતો હોય અને ઝાલિમોને સહકાર આપતો હોય અને પોતાના તે અમલ માટે કોઈ કારણ રજૂ કરતો હોય પણ તેની શરત એ છે કે તેના એ અમલમાં અને રજૂ કરેલા કારણમાં ખુલ્લમખુલ્લા બૂરાઈ જાહેર થતી ન હોય. એહતીયાતન એવા માણસની ગીબત પણ ન કરવી જોઈએ જે કોઈ અજાણ્યા શહેર અથવા મોહલ્લામાં ખુલ્લમખુલ્લા ગુનાહ કરતો હોય.

(૨) જો કોઈ મઝલૂંમ પોતાની ઉપર કરવામાં આવેલ ઝુલ્મ વિષે ઝાલિમ વિરૂધ્ધ ફરિયાદ કરે તો તેમાં કોઈ વાંધો નથી અને તે બાબત ગીબતમાં ગણાતી નથી. ખુદાવંદે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે :

**"જે માણસ પોતાની ઉપર ઝુલ્મ થયા પછી ઝાલિમો પાસેથી તેનો બદલો (વ્યાજબી રીતે જ) લે છે અને જે તેવા લોકોની મદદ કરે છે જેમની ઉપર ઝુલ્મ થયો હોય અને તેના ઝુલ્મને દૂર કરે એટલે ઝુલ્મનો બદલો લે છે તો તેની ઉપર કોઈ અઝાબ કે દોષ (મૂકવાનો માર્ગ) નથી."**

“અને જેઓ એવા છે કે જયારે તેમની સાથે (કોઈ પ્રકારનો) અત્યાચાર થાય છે ત્યારે જ તેનો બદલો (વ્યાજબી રીતે જ) લે છે.”

“અને દરેક બદીનો બદલો તેવી જ બદી હોય છે છતાં જે (કોઈ) માફ કરી દે અને સમાધાન કરી લે તો તેનો બદલો અલ્લાહના શિરે છે. ખરેખર તે ઝુલ્મગારોને દોસ્ત રાખતો નથી.”

“અને જે ઝુલ્મ સહન કરી લીધા પછી બદલો લે તો તેના ઉપર (દોષ) મૂકવાનો માર્ગ નથી.”

- (સૂરએ શૂરહ - ૪૨, આયત નં. ૩૯ થી ૪૧)

(ઝાલિમોના ઝુલ્મનો બદલો લેવામાં કોઈ ગુનાહ નથી) વાસ્તવમાં ગુનાહ અને અઝાબ (એવા લોકોને) થાય છે જેઓ બીજા લોકો ઉપર ઝુલ્મ કરે છે અને કોઈ કારણ કે દલીલ વગર હદ ઓળંગી જાય છે, તેવા લોકો માટે દર્દનાક અઝાબ છે.

ખુદાવંદે આલમ સૂરએ નીસામાં ફરમાવે છે : **"ખુદાવંદે આલમ બૂરાઈને જાહેર કરવાનું પસંદ નથી કરતો; પરંતુ જો તે મઝલૂમ હોય તો ઝાલિમની બૂરાઈને જાહેર કરી શકે છે."**

- (સૂરએ નીસા - ૪, આયત નં. ૧૪૮)

એહતીયાત રૂપે એવા માણસ પાસે પોતાના ઝુલ્મનું વર્ણન કરવું જોઈએ જેની

પાસેથી ન્યાય મેળવવાની આશા હોય; પરંતુ જો કોઈને એ વાતની જાણકારી હોય કે તે માણસથી ન્યાય નહી થઈ શકે અથવા તે ન્યાય કરવી નહી શકે તો તેની પાસે ઝાલિમની ફરિયાદ ન કરે અને તેની સામે ઝુલ્મનો ઉલ્લેખ પણ ન કરે.

(૩) સલાહ માંગનારને નસીહત : જયારે કોઈ મુસલમાન કોઈ એવા વ્યવહાર માટે જે કોઈ ખાસ માણસ સાથે કરવા માંગતો હોય તે વિષેની કોઈની સલાહ માંગે ત્યારે તે (સલાહ આપનાર) એ માણસનો કોઈ એવો ઐબ જાણતો હોય અને તે જાહેર ન કરવાથી તે મુસલમાન (સલાહ લેનાર) મુશ્કેલી અને નુકસાનમાં પડી

જાય તેમ હોય તો તે સંજોગોમાં તેનો ઐબ જાહેર ન કરવો અને તે મુસલમાનને મુશ્કેલીમાં મૂકવો એ તેની સાથે ખયાનત કરી ગણાશે. એ સંજોગોમાં (જેના વિષે સલાહ માંગવામાં આવી છે) તે માણસના ઐબ બયાન કરવામાં કોઈ વાંધો નથી.

એ વાત જાણી લેવી જોઈએ કે, આ મસઅલામાં બે વાતો ધ્યાનમાં રાખવી જોઈએ. એક એ કે, એ માણસના ઐબ એ સંજોગોમાં જાહેર કરે જયારે તે ન કહેવાથી નુકસાન વધારે થાય અને જો તેનાથી ઉલટું હોય એટલે કે સલાહ લેનારને થતા નુકસાન કરતા તેની (જેના ઐબ જાહેર કરવામાં આવે તેની) બેઈઝ્ઝતી

અને રૂસ્વાઈનું નુકસાન વધારે હોય તો તેવા ઐબ જાહેર કરવાથી બચવું જોઈએ. બીજું એ કે, તે માણસના ઐબ જાહેર કરવા એ સંજોગોમાં જાએઝ થશે જયારે તે વ્યવહારથી (સલાહ લેનારને) થનારા નુકસાનથી બચાવવા માટે ઐબ જાહેર કરવા માટે તે મજબૂર હોય. જો ઐબ જાહેર કર્યા વગર પ્રશ્નનો નિકાલ થઈ જતો હોય દાખલા તરીકે એટલું જ કહી દે કે : મને આ વ્યવહારમાં ભલાઈ દેખાતી નથી અને તેમ કરવાથી સલાહ લેનાર માંની જાય અને વ્યવહાર ન કરે તો તેટલું જ કહે (તેનાથી આગળ વધીને કોઈના ઐબ જાહેર ન કરે).

નહી અનીલ મુન્કરની નિય્યતથી જયારે તેની તમામ શરતો પૂરી થતી હોય ત્યારે ગીબત કરવામાં કશો વાંધો નથી. એટલે કે, જયારે કોઈ મુસલમાનનું કોઈ દૃષ્ટ કાર્ય જૂએ અને એવો સંદેહ હોય કે તેની ગીબત કરવાથી તે વ્યક્તિ તે કામ છોડી દેશે તો ગીબત જાએઝ છ. એ સંજોગોમાં કે તે જાણતો હોય કે તે માણસ ખરેખર તે કામ કરી રહ્યો છે; પરંતુ જયારે એવું ગુમાન હોય કે કદાચ તેણે તે કામ કરવાનું છોડી દીધું હશે તો તેનો ઉલ્લેખ કરવો જાએઝ નથી. તેવી જ રીતે આગળના મસઅલાની જેમ ગીબત કરવાના નુકસાન અને તેની ખરાબી ધ્યાનમાં રાખવી જોઈએ. એટલે કે જો તે

મુસલમાનની કુખ્યાતિનું નુકસાન, તે ખરાબ કામ (જે તે કરી રહ્યો હોય તે)ના નુકસાન કરતા વધારે હોય તો તેની ગીબત કરવી જાએઝ નથી. ભલે પછી એ વાતની ખાતરી હોય કે ગીબત કરવાથી તે માણસ તે ગુનાહ છોડી દેશે.

ઉપર જે મસઅલાનું વર્ણન કરવામાં આવ્યું છે તેનો સારાંશ એ છે કે, જયારે કોઈ મુસલમાનના ગુનાહ જોવામાં આવે ત્યારે તે ગુનાહ સાથે જોડાયેલી તમામ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. અને તેના ખોટા દ્રષ્ટિકોણને ધ્યાનમાં લીધા વગર જો તે ગુનાહ હોવાનું સ્પષ્ટ રીતે સાબિત થાય અને તેને સાચું (યોગ્ય) સમજી શકાય તેમ ન હોય, તો એ

સંજોગોમાં જયારે તે મુસલમાને એ ગુનાહ કરવાનું છોડી દીધું હોય અથવા તે ગુનાહને બીજી વખત ન કર્યા હોય તો તે ગુનાહનો ઉલ્લેખ કરવો હરામ છે. તેવી જ રીતે તેને એ ગુનાહથી રોકવો અથવા તે ગુનાહ માટે ઠપકો આપવો પણ જાએઝ નથી. કારણ કે નહી અનીલ મુન્કરનો હેતુ તે ગુનાહ છોડાવી દેવાનો છે અને જયારે કોઈએ આપમેળે જ ગુનાહ છોડી દીધા હોય તો તેને ગુનાહ કરતો રોકવાની જરૂર રહેતી નથી અને જો તેણે ગુનાહ છોડી દીધા ન હોય પણ ગુનાહ કરવાનું ચાલુ રાખ્યું હોય તો એ સંજોગોમાં છુપાયેલા ગુનાહને જાહેર કરવા અને તેનો ઉલ્લેખ કરવો હરામ છે. આમ, નહી

અનીલ મુન્કરની તમામ શરતોને ધ્યાનમાં લઈને ગુનાહ કરનારને રોકવો જોઈએ અને જો ન રોકે અને એ વાત જાણતો હોય કે તેના ગુનાહનું વર્ણન બીજા પાસે કરવાથી તે ગુનાહ કરતો અટકી જશે તો તેના ગુનાહનું વર્ણન કરવું જાએઝ છે. પરંતુ એ શરતો સાથે કે તે ગુનાહોને છોડવા તે મુસલમાનનું બેઈઝઝતી અને કુખ્યાતિ કરતા વધારે મહત્વની વાત હોય.

ઉપરની વાતોનો સારાંશ એ છે કે, કોઈ મુસલમાનની ગીબત નહી અનીલ મુન્કરના હેતુથી કરવી એ સંજોગોમાં જાએઝ છે કે, જયારે તે મુસલમાન પોતાના એ ગુનાહોનું પુનરાવર્તન કરી રહ્યો હોય અને તે ગુનાહ કરતો રોકવાથી

પણ ગુનાહ કરવાનું બંધ કરતો ન હોય અને ગુનાહથી થતું નુકસાન તેની બેઈઝઝતી અને કુખ્યાતિ કરતા પણ વધારે હોય અને એ વાતની પણ જાણકારી હોવી જોઈએ કે જો તેની ગીબત કરવામાં આવશે તો તે ગુનાહને છોડી દેશે અને ઉપર દર્શાવેલી ચાર શરતોમાંથી કોઈ એક શરત પણ પૂરી થતી ન હોય તો તેની ગીબત કરવી હરામ છે.

(૫) એવો માણસ જે પોતે ગુમરાહ હોય અને બીજાઓને પણ ગુમરાહ કરી રહ્યો હોય અને દીને ખુદામાં બિદઅત (ખુદનો હુકમ ન હોય તેવી નવી બાબતો શરૂ) કરી રહ્યો હોય તેની ગીબત કરવી અને તેના એ ઐબ જાહેર કરવા

જાએઝ છે. તેની ગીબત અને ઐબ જાહેર કરવાનો હેતુ લોકો તેનાથી ફરેબ ન ખાય, અને તેની જાળમાં ન સપડાઈ તે હોવો જોઈએ.

(૬) જયારે ગુનેહગારો કોઈ રિવાયત બયાન કરી હોય અથવા કોઈ વાતની ગવાહી આપી હોય તો તેની ગીબત એ નિય્યતથી કરી શકાય છે કે લોકો તેના ગુનાહથી વાકીફ થઈ જાય અને તેની વાતની અસરમાં ન આવી જાય.

(૭) કોઈ માણસના એવા ઐબ અને ખોડખાંપણને જાહેર કરવી જે માટે તે વિખ્યાત અને પ્રખ્યાત હોય, જેમ કે અઅમશ (જેને ઓછુ દેખાતું હોય અને તેની આંખોમાં હંમેશા પાણી ભરાઈ રહેતું હોય), ફંગો, લંગડો વગેરે નામથી

ઓળખવો. આમ કહેવામાં કહેનારનો હેતુ તે ઐબ જાહેર કરવાનો ન હોવો જોઈએ બલ્કે ફક્ત તેની ઓળખ જાહેર કરવાનો જ હેતુ હોવો જોઈએ અને જેની ઓળખ તે રીતે આપવામાં આવી હોય તે પણ તેવા સંબોધનથી નારાજ ન થવો જોઈએ. જો તે નારાજ ન થતો હોય તો જ તેમ કહેવું જાએઝ છે, નહીંતર તેમ કહેવાથી બચવું જોઈએ અને તેવા માણસની ઓળખાણ બીજી કોઈ રીતે કરાવવી જોઈએ.

(૮) કોઈ એવા માણસની વાતને રદીયો આપવો જે કોઈ ખાનદાન અથવા નસલ સાથે પોતાનો સંબંધ હોવાનો ખોટો દાવો કરતો હોય. કારણ કે, નસલ અને ખાનદાનની સુરક્ષા કરવાનું મહત્વ

દાવો કરનારની રૂસ્વાઈના નુકસાન કરતા વધારે મહત્વનું છે. તેથી તેવા સંજોગોમાં ગીબત જાએઝ છે.

(૯) કિતાબે કશફુર રીબહમાં ફકીહોએ એ વાત નોંધી છે કે જયારે બે માણસોએ સાથે કોઈ માણસને ગુનાહ કરતો હોયો હોય તો તેની ગેરહાજરીમાં તે બંને અરસપરસ તે વાતનો ઉલ્લેખ કરે તો તે કામ જાએઝ છે. કારણ કે, વાત કહેનાર અને સાંભળનાર બંને એ વાત જાણતા હોય છે અને બંનેમાંથી કોઈથી એ વાત છુપી નથી અને જે વાત બંનેએ જોઈ છે તેનો જ ઉલ્લેખ થાય છે.

શહીદે સાની ફરમાવે છે કે, જયારે એવો ખયાલ હોય કે સાંભળનાર તે વાત ભૂલી ગયો હશે અથવા તો તે મૂળ વાત ફેલાઈ જવાની શક્યતા હોય તો તેવી વાતચીત પણ ન કરવી જોઈએ.

શેખ અન્સારી (તા.સ.) ફરમાવે છે કે, તે બે માણસોનો અરસપરસ તે (માણસના) ગુનાહનો ઉલ્લેખ કરવાનો હેતુ તે માણસને ઉતારી પડવાનો અને તેના ઐબ જાહેર કરવાનો હોય તો હરામ છે, નહીંતર જાએઝ છે. આ વાતનો સાર એ છે કે જયારે કોઈ મોમીનની ગીબત કરવાની મસ્લેહત તેની બેહુરમતી અને બેઈઝઝતીના નુકસાનથી વધારે હોય, જેમ કે

પોતાના વ્યવહારમાં ગવાહી આપવી તો ગીબત કરવી જાએઝ છે.

## ગીબત સાંભળવી પણ હરામ છે :

જેવી રીતે ગીબત કરવી હરામ છે તેવી જ રીતે ગીબત સાંભળવી પણ તમામ ફકીહોની દ્રષ્ટિએ સંપૂર્ણ રીતે હરામ છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : "ગીબત સાંભળનાર પણ ગીબત કરનારના હુકમમાં આવી જાય છે."

- (મુસ્તદરકુલ વસાઈલ, કિતાબે હજ, ભાગ – ૧૩૬)

અને ફરમાવ્યું : "કાન દઈને ગીબત સાંભળનાર ગીબત કરનારાઓ પૈકી છે."

- (કશફૂર રબીયહ)

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “કોઈ મુસલમાનની ગીબત કરવી એ કુફ્ર સમાન છે. અને ગીબત સાંભળવી અને તેનાથી (ગીબત સાંભળીને) ખુશ થવું શિર્ક સમાન છે.”

- (મુસ્તદરક, કિતાબે હજ, ભાગ - ૧૩૬)

મોમીનની શાન વિષેની જે રિવાયતો વારીદ થઈ છે તેના અભ્યાસથી જાણવા મળે છે કે મોમીનનું માન જાળવવું એ ખાન-એ-કાઅબાની હુરમત જાળવવા કરતા પણ વધારે મહત્વ ધરાવે છે અને મોમીનની બેઈઝઝતી તેનું લોહી વહેવડાવવા સમાન ગણવામાં આવી છે. તેના ગુપ્ત રહસ્યોને જાહેર કરવા એ દર્દનાક

અઝાબનું કારણ ગણવામાં આવ્યું છે. ગીબતનો સૌથી મોટો ભાગ (પણ) અને મોમીનનું અપમાન કરવા માટે જવાબદાર ગીબત સાંભળનાર માણસ હોય છે. કારણ કે, જો સાંભળનાર ન હોય અથવા તો તે ગીબત સાંભળવા તૈયાર ન થાત તો ગીબત થવાનો પ્રશ્ન જ ઉભો થાત નહી. આથી દરેક મુસલમાન ઉપર વાજિબ છે કે જયારે તે કોઈ મોમીનની ગીબત થતી જૂએ ત્યારે તેને ન સાંભળે, બલ્કે તેની વાતને રદીયો આપે અને તે રીતે મોમીનનું રક્ષણ કરે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, "જો કોઈની સામે તેના મોમીન ભાઈની ગીબત થઈ રહી

હોય અને તેના માટે તેની તરફેણ કરવી શક્ય હોય તો તેણે તેની તરફેણ કરવી જોઈએ. (જો તેમ કરશે) તો દુનિયા અને આખેરતમાં ખુદા તેની મદદ કરશે અને જો શક્ય હોવા છતાં તેની મદદ ન કરે તો ખુદા પણ તેને તેના હાલ ઉપર છોડી દેશે અને દુનિયા અને આખેરતમાં તેની મદદ નહી કરે.”

- (અલ મજાલીસ)

આ ઉપરાંત આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું :

“જો કોઈ બેઠકમાં કોઈ મોમીન ભાઈની ગીબત થઈ રહી હોય અને કોઈ માણસ પોતાના મોમીન ભાઈના ઐબને બે ઐબ (દુર્ગુણને

સદગુણ તરીકે) જાહેર કરીને તેની સાથે નેકી કરે અને તેની તરફેણ કરે તો ખુદા દુનિયા અને આખેરતમાં હજારો પ્રકારની બૂરાઈઓ અને નુકસાન તેનાથી દૂર કરશે. અને જો તે માણસ (પોતાનાથી) શક્ય હોવા છતાં ગીબત (ની વાત) ને રદીયો ન આપે તો તેના ગુનાહ ગીબત કરનારના ગુનાહ કરતા સિત્તેર ગણા વધારે ગણાશે.”

આ હદીસ નોંધ્યા પછી શેખ ફરમાવે કજે કે, એ ગીબત સાંભળનારના ગુનાહ કે જેણે ગીબત સાંભળ્યા પછી તેને રદીયો ન આપ્યો હોય, ગીબત કરનારના ગુનાહ કરતા વધારે હોવાનું કારણ એ છે કે તે મોમીન અને બીજા

લોકો જેઓ ગીબત સાંભળે છે. તેના કારણે તેઓમાં ગીબત કરવાની હિમ્મત વધે છે અને સ્પષ્ટ એ છે કે, ગીબતને રદ કરવી તે ગીબતને રોકવી ગણાય છે અને જે માણસે ગીબત કરી હોય તેની ગીબત સાંભળીને ચૂપ રહેવું તે ગીબત કરનારની મદદ છે.

જો કોઈના દુન્યવી ઐબ વિષે ગીબત થતી હોય તો કહે કે, આ ઐબ નથી પણ ઐબ તો એ બાબતો છે જેને ખુદાવંદે આલમે ઐબ ગણાવી છે અને જે વાતો કરવાની મનાઈ કરી છે, તેમાં પોતાના ભાઈ વિષે એવી વાતો જોડી કાઢવાનો પણ સમાવેશ થાય છે જેને ખુદાવંદે આલમે ઐબ ગણેલ નથી. એટલે કે, તમારૂ આ

ગીબત કરવાનું કાર્ય ઐબ છે અને જો વાત દીની ઐબ વિષેની હોય જેમ કે કોઈ દીની ભાઈના વિષે વાત કરતું હોય તો તેની પ્રમાણિત બાજુ રજૂ કરે અને જો તેનું સાચું કારણ રજૂ કરવું શક્ય ન હોય તો એમ કહે કે, મોમીન માસૂમ તો નથી હોતો, શક્ય છે કે તેનાથી પણ ગુનાહ થઈ જાય. તેથી આપને તેની મગ્ફેરતની દુવા કરવી જોઈએ, તેને ઠપકો ન આપવો જોઈએ અથવા બદનામ કરવાનું કામ તેના ગુનાહથી વધારે ખરાબ હોય.

એ વાત પણ જાણી લ્યો કે, આગળ દર્શાવેલ દસ સંજોગોમાં ગીબત સાંભળવી હરામ છે અને (જે મોમીનની ગીબત થતી હોય)

તેની હિમાયત કરવી વાજિબ છે. ગીબત ત્રણ પ્રકારની હોઈ શકે છે.

(૧) એ વાત જાણવી જોઈએ કે, દસ અપવાદ રૂપ સંજોગોમાં ગીબત સાંભળવી જાએઝ છે અને તે સંજોગોમાં ગીબત થતી રોકવી વાજિબ નથી.

(૨) જયારે એ વાતની ખાતરી થઈ જાય કે, આ ગીબતનો ઉલ્લેખ થયેલ દસ સંજોગોમાં સમાવેશ થતો નથી, તો તેવી ગીબત સાંભળવી સંપૂર્ણપણે હરામ છે અને તેવી ગીબતને શક્ય હોય ત્યાં સુધી રોકવી વાજિબ છે.

(૩) જયારે એ વાતનો સંદેહ હોય કે, આ પ્રકારની ગીબત જાએઝ છે કે નહી પરંતુ ગીબત ન સાંભળવા, ગીબતની વાત રદ કરવા, બલ્કે

ગીબત કરનાર પાસે મોમીનની ઈઝઝતની સુરક્ષા માટે મોમીનની હિમાયત કરવા માટે પ્રયાસ કરે. જેમ કે, ગીબત કરનારને એમ કહે કે કદાચ, આ વાતમાં આપની ગેરસમજ થઈ છે અને ગીબત વિરૂધ્ધમાં તે ઐબની કોઈ વ્યાજબી અને સાચી સ્પષ્ટતા કરે.

## બે મુખ અને બે જીભ :

શેખ અન્સારી (અ.ર.) 'મકાસિબે મોહર્રમહ'માં ગીબતની ચર્ચાના અંતમાં ફરમાવે છે કે, જો ગીબત કરનાર એવો હોય કે જેની ગીબત કરતો હોય તેને મોંઢે તેની પ્રશંસાના પુલ બાંધતો હોય અને તેની પીઠ પાછળ તેની ઐબ અને ઉણપોનું વર્ણન કરતો હોય તો એવા

માણસ ઉપર બમણો અઝાબ થશે અને શરીઅતમાં તેને ‘ઝૂલ લેસાનય્ન’ ‘બે જીભવાળો’ કહેવામાં આવે છે અને તે સંજોગોમાં ગીબત સખત હરામ થઈ જાય છે. રિવાયતોમાં કહેવામાં આવ્યું છે :

બે મુખવાળો (વણંશંકર) માણસ કયામતમાં આવશે ત્યારે તેના માટે આગની બે જીભ હશે.

- (મકાસિબે મોહર્રમહ)

# બેતાલીસમો ગુનોહ

# ચુગલખોરી

## ચુગલખોરી (ચાડી ખાવી, પીઠ પાછળ નિંદા કરવી) :

બીજો ગુનોહ જેના કબીરા હોવા વિષેનો ઉલ્લેખ કુરઆન અને હદીસમાં અઝાબના વાયદા સાથે સાબિત થાય છે તે ચુગલખોરી (ચડી ખાઈને અન્યને બેઆબરૂ કરવા) છે. શહીદે સાની ‘કશકુર રબીય્હ”માં અને શેખે અન્સારીએ ‘મકાસિબે મોહર્રમહ’માં ચુગલખોરીને કબીરા ગુનાહ હોવાનું સ્પષ્ટ રીતે બયાન કર્યું છે અને

તેઓએ કુરઆને મજીદની નીચેની આયતને દલીલ રૂપે રજૂ કરી છે.

**“અને જે લોકો એવા લોકોને જુદા કરે છે જેમને ભેગા કરવાનો (પરસ્પર સંબંધ જોડવાનો) ખુદાએ હુકમ આપ્યો છે અને જમીનમાં ફસાદ ઉત્પન્ન કરે છે તેવા લોકો માટે ખુદાની રહેમતથી અંતર (લાઅનત) અને આખેરતની ખરાબી (એટલે આખેરતનો અઝાબ) છે.”**

- (સૂરએ રઅદ - ૧૩, આયત નં. ૨૫)

ઉપરની આયતથી સ્પષ્ટ છે કે, ચુગલખોર એક માણસ પાસેથી કોઈ વાત સાંભળીને બીજાને તે વાત સંભળાવે છે (અને

તેમાં પોતાની મનઘડત, કાલ્પનિક વાતો પણ ઉમેરે છે) અને તેમ કરીને જે સંબંધો જોડવાનો ખુદાવંદે આલમે હુકમ આયો છે તે તોડે છે અને પૃથ્વીમાં ખરાબી ફેલાવે છે તેમ કરીને મોમીનોમાં પરસ્પર મોહબ્બત, એકતા અને સંપને દ્રઢ બનાવવાને બદલે પરસ્પર નફરત, જુદાઈ અને દુશ્મનીના બીજ વાવે છે. તેવા ચુગલખોર માણસ ઉપર ખુદાની લાનત અને આખેરતનો અઝાબ છે. સૂરએ બકરહમાં ફરમાવવામાં આવ્યું છે :

**“ફિત્નો (ફસાદ) ફેલાવવો કતલથી પણ વધારે ભયંકર છે.”**

- (સૂરએ બકરહ - ૨, આયત નં. ૧૯૧)

"ફિત્નાઅંગેઝી કતલ (લોહી રેડવા) કરતા પણ મોટા (ગંભીર) ગુનાહ છે." (સૂરએ બકરહ - ૨, આ : ૨૧૭)

એ વાત પણ સર્વવિદિત છે કે, ચુગલખોર વ્યકિત પોતાની ચુગલખોરીથી ફીત્ના અને ફસાદની આગને ભડકાવે છે.

સૂરએ નુનમાં એ કુફ્ફારો, જેઓ જહન્નમની આગમાં નાખવાને પાત્ર છે તેમની સિફતોનું વર્ણન કરતા ફરમાવવામાં આવ્યું છે :

આ લોકો ચુગલખોરીને કારણે સળગનાર છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ જાદુના પ્રકારો બયાન કર્યા

પછી ફરમાવે છે કે બેશક, જાદુમાં પ્રકારોમાં સૌથી મોટો પ્રકાર ચુગલખોરી છે, જે મિત્રોમાં વિખવાદ નાખે છે. એક સરખી વિચારધારા ધરાવનારાં સ્વચ્છં (નિર્મળ ભાવનાવાળા) અને પાકીઝા લોકો વચ્ચે દુશ્મની ઉભી કરે છે. ચુગલખોરીના કારણે લોહી વહે છે, ઘરો વીરના થઈ જાય છે. ચુગલખોરીથી ગુપ્ત વાતો જાહેર થાય છે અને પૃથ્વી પર રહેનારાઓમાં ચુગલખોરી સૌથી ખરાબ બાબત છે.” (એહતેજાજ, ભાગ-૨, પાના નં.૮૨)

જાદુ ગુનાહે કબીરા હોવાનું (આગળના ભાગોમાં) સાબિત થઈ ચૂકયું છે અને ચુગલખોરી એ જાદુનો સૌથી મોટો પ્રકાર છે, જે

સંપૂર્ણ રીતે ગુનાહે કબીરા છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પૂછયું : શું હું તમને સૌથી ખરાબ માણસ કોણ છે તેનાથી વાકેફ કરી દઉં ? લોકોએ કહ્યું : જરૂર, અય પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ. આપે ફરમાવ્યું : ચુગલખોરી માટે જનારા, દોસ્તોમાં જુદાઈ પડાવનારા અને પાક લોકોના એૈબ (દુર્ગુણો) શોધનારા (સૌથી) બદતરીન છે.” (કાફી, ભાગ - ૨, પાના નં ૩૬૯)

ઇમામ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે : “એ જૂઠા લોકો જેઓ ચુગલખોરી માટે જાય

છે, તેમની ઉપર જન્નત હરામ છે.” (કાફી, ભાગ - ૨, પાના નં ૩૬૯)

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : જો કોઈ (વ્યકિત) બે માણસો વચ્ચે ચુગલખોરી કરવામાં દોડધામ કરે તો ખુદા તેની કબ્રમાં એક આગ મૂકશે જે તેને બાળી નાખશે અને જયારે તે કબ્રની બહાર નિકળશે ત્યારે તેની ઉપર એક મોટો કાળો સાંપ મુકવામાં આવશે જે તેના જહન્નમમાં દાખલ થવા સુધી તેનું ગોશ્ત ખાતો રહેશે. (સવાબુલ આમાલ, પાના નં ૩૩૫)

રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જો કોઈ

(વ્યકિત) બે માણસો વચ્ચે ચુગલખોરી કરવામાં માટે દોડધામ કરે તો ખુદા તેની કબ્રમાં એક આગ મૂકશે જે તેને બાળી નાખશે અને જયારે તે કબ્રની બહાર નીકળશે ત્યારે તેની ઉપર એક માટો કાળો સાંપ મૂકવામાં આવશે જે તેના જહન્નમમાં દાખલ થવા સુધી તેનું ગોશ્ત ખાતો રહેશે.” (સવાબુલ આમાલ, પાના નંબર ૩૩૫)

આ ઉપરાંત આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જયારે હું મેઅરાજ માટે ગયો હતો ત્યારે મેં એક સ્ત્રીને જોઈ જેનું માથું ભૂંડ જેવું અને શરીર ગધેડા જેવું હતું અને તેની ઉપર હજાર પ્રકારની સખતીઓ (સજાઓ) થઈ રહી હતી.” પછી કોઈએ

રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પૂછયું, “એ ઔરત શું કરતી હતી ?” (તેના કયા આમાલની એ સજા હતી ?) આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “તેનું કામ ચુગલખોરી, બીજાને ઈજા પહોંચાડવી, જૂઠુ બોલવું હતું.”

‘વસાએલુશ્શિઆ’ની કિતાબે હજમાં ચુગલખોરી હરામ હોવા વિષેની બાર હદીસો નોંધવામાં આવી છે તેમાં કહેવામાં આવ્યું છે કે, ચુગલખોરી ઉપર જન્નત હરામ છે.

ખુદાવંદે આલમે સુરએ હોમઝહમાં ફરમાવે છે : “વયલુલ લે કુલ્લે હોમઝતીલ લોમઝહ” ‘વય્લ’ જહન્નમના તબકાઓ પૈકી એક

તબકાનું નામ છે અથવા વય્લનો અર્થ સખત અઝાબનો છે અને ‘હોમઝહ’નો અર્થ ચુગલખોર છે. શહીદે સાનીએ કશફુર રબીઅહમાં આ બાબતને સ્પષ્ટ રીતે બયાન કરેલ છે. કેટલાંક આલિમોએ એ આયતનો સંદર્ભ આપેલ છે, જેનો સારાંશ એ છે કે : જે બીજાઓની ગુપ્ત વાતો ખાનગી નથી રાખતા અને ચુગલખોરી કરે છે, તેવા લોકો હરામઝાદા છે. કારણ કે, ‘ઝનીમ’નો અર્થ પોતાની સાથે સંબંધિત માણસ એટલે કે હરામઝાદાનો છે, જેના બાપની ખબર ન હોય અને તે બળજબરીપૂર્વક પોતાનો સંબંધ પોતાના બાપ સાથે જોડી દેતો હોય.

# ચુગલખોરીના કારણે વરસાદ વરસતો નથી

જયારે બની ઈસરાઈલની કૌમ ઉપર દુકાળ પડયો ત્યારે હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ ખુદા પાસે વરસાદ માટે દુવા માંગી ત્યારે વહી આવી : “હું તારી તથા તારી સાથે જે લોકો છે તેની દુવા કબૂલ નહીં કરૂં. કારણ કે, તમારી વચ્ચે એક ચુગલખોર (માણસ) છે, જે ચુગલખોરી કરવાથી દૂર નથી રહેતો.” હઝરત મૂસા (અલય્હિસ્સલામ)એ અર્ઝ કરી : “ખુદાયા, એ કયો માણસ છે (તે જણાવ), જેથી અમે તેને અમારી વચ્ચેથી દૂર કરીએ.” ખુદાએ ફરમાવ્યું : “હું ખુદ (પોતે) જ તને ચુગલખોરી કરવાથી રોકું છું તો હું બીજાના

રહસ્યને કેમ જાહેર કરૂ ?” આ પછી બધાએ સામુહિક રીતે તોબા કરી અને તેઓમાં જે ચુગલખોર હતો તેણે પણ એ બધા લોકોની સાથે મળીને તોબા કરી. ત્યાર પછી તેઓ માટે પાણી વરસ્યું. (વસાએલુશ્શિઆ, કિતાબે હજ)

## ચુગલખોરીનો અર્થ

શેખ અન્સારી (તા.સ.) ‘મકાસિબ’માં આમ પણ ફરમાવ્યું છે કે : ચુગલખોરી કુરઆન, સુન્નત ઈજમાઅ અને અક્કલની રીતે હરામ અને ગુનાહે કબીરા છે અને ચુગલખોરીનો અર્થ એવી વાત એવા માણસ વિષે કરવામાં આવી હોય જે સાંભળનારને ખબર આપતો હોય અને તેની સામે તે વાતને પુનઃરજૂ કરતો હોય. આપે એ

પણ ફરમાવ્યું કે : જયાં સુધી વાત કરનાર એ વાત માટે રાજી ન હોય કે પોતે કહેલ વાતને બીજા કોઈ પાસે કરવામાં આવે તો તેમ કરવું ચુગલખોરી ઉપરાંત ગીબત પણ છે અને તેમ કરનાર ગીબતની સજાને પાત્ર બને છે અને ચુગલખોરીને કારણે જેટલો ફસાદ વધારે થશે તેટલા પ્રમાણમાં તેની સજા પણ વધારે થશે.

શહીદે સાની 'કશફુર રબીયહ'માં ફરમાવે છે કે, ચુગલખોરી એવા રહસ્યોને જાહેર કરી દેવાને કહેવામાં આવે છે જે રહસ્યો વાત કરનાર ખરાબ સમજતો હોય અથવા જેના વિષે વાત કરવામાં આવી રહી હોય અને જેને કહેવામાં આવી રહી હોય તે ખરાબ સમજતો હોય અથવા

ત્રીજી વ્યકિતની દ્રષ્ટિએ ખરાબ હોય ભલે તે જીભથી કહેવામાં આવે અથવા લખીને વ્યકત કરવામાં આવે અથવા ઈશારાથ કે આડકતરી રીતે કહેવામાં આવે અથવા અમલથી જાહેર કરવામાં આવે અથવા ઐબ અને બૂરાઈની વાત હોય કે ન હોય. કારણ કે, હકીકતમાં ચુગલખોરી એવા ગુપ્ત રહસ્યો અને ખાનગી વાતોને જાહેર કરી દે છે જે જાહેર થવાથી ખરાબ પરિણામ આવે છે. તેથી, લોકોને જે વાતો જાણવા મળે તેમાંથી ફકત એટલી જ વાતો કહેવી જોઈએ જેટલી મુસલમાનોના હકમાં ફાયદાકારક હોય અથવા જેનાથી ગુનાહ દૂર થાય. અલબત્ત, જો કોઈ વ્યક્તિ કોઈનો માલ ઉઠાવી જવાતો જોઈ

લે અને તેની પાસે ગવાહી માંગવામાં આવે તો તેણે (ચુગલખોરીના ભયથી) ગવાહી છુપાવવી ન જોઈએ. પરંતુ, જો કોઈએ પોતાનો માલ કોઈ જગ્યાએ છુપાવ્યો હોય અને તે જોઈ જાય તો તેનો ઉલ્લેખ કરવો ચુગલખોરી અને રહસ્યોને જાહેર કરવા સમાન છે. અને જો ઉણપ અને રહસ્ય જેના વિષે વાત હોય તેને લગતા હોય તો (ચુગલખોરી ઉપરાંત) ગીબત પણ છે.

આ ઉપરાંત આપ ફરમાવે છે કે, ચુગલખોરીના ઘણા કારણો હોય છે.પહેલું જે માણસની ચુગલખોરી કરી હોય તેની બૂરાઈ કરી તેને નુકસાન પહોંચાડવાનો ઈરાદો હોય, બીજું જેને તે વાત કરવામાં આવે તેના પ્રત્યે

ખેરખ્વાહીનો ઈરાદો જાહેર કરવા માટે, ત્રીજું જે માણસ પાસે ચુગલખોરી કરવામાં આવે તેની સાથે ખુશમિજાજી વ્યકત કરવા માટે અને વધારે વાતો કરવાના હેતુસર.

જે માણસ પાસે ચુગલખોરી કરવામાં આવે તેની છ ફરજો હોય છે. તેની ઉપર અમલ કરવો જોઈએ. શહીદે સાની ફરમાવે છે કે, જો કોઈ માણસ તમને એમ કહે કે, ફલાણા માણસે તમારા વિષે આમ વાત કહી છે. અથવા તો તેણે જેમ તેમ કહ્યું છે અથવા તે તમારૂં કામ બગાડવા અને તમારી હાલત તબાહ કરવા તૈયાર થયો છે. તો તે સંજોગમાં તમારે તેનો

સામનો કરવા માટે છ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

(૧) પહેલું તો એ કે તેની વાતો ઉપર ભરોસો જ ન કરો અને તેની વાતને કબૂલ ન કરો. કારણ કે ચુગલખોર ફાસિક હોય છે અને ખુદાવંદે આલમ ફરમાવે છે :

“જો કોઈ ફાસિક (દુરાચારી) તમારી પાસે કોઈ ખબર લાવે તો તમે તેને સાચી ન માનો; પરંતુ જુદા જુદા માધ્યમથી તેની (સચ્ચાઈની) સારી રીતે તહેકીક (ખાતરી) કરી લ્યો.” (સુરએ હોજોરાત - ૪૯, આ : ૬)

(૨) બીજું તેને ચુગલખોરી કરતા રોકો અને તેને નસીહત કરો અને તેના કામને ખરાબ સમજો. કારણ કે, ખુદા ફરમાવે છે કે :

"(લોકોને) નેકી કરવાની આજ્ઞા કર અને બૂરાઈઓથી રોક (બદીથી લોકોને અટકાવ)" (સુરએ લુકમાન - ૩૧, આ : ૧૭)

(૩) ખુદાની ખુશનુદી માટે તેની વાતોને કારણે તેને દુશ્મન સમજો. કારણ કે, ખુદા ચુગલખોરોને દુશ્મન સમજે છે અને ખુદાના દુશ્મન સાથે દુશ્મની રાખવી વાજિબ છે.

(૪) ચુગલખોરના કહેવાથી તમારા દીની ભાઈ પ્રત્યે બદગુમાની ન કરો. કારણ કે, ખુદાવંદે આલમ ફરમાવે છે :

"વધારે પડતું ગુમાન (તર્ક) કરવાથી બચો. વાસ્તવમાં અમુક ગુમાન (તર્ક) ગુનાહ છે."

"(ઘણાં) તર્ક (વિતર્ક) દોડાવવાથી બચો. નિઃસંશય કેટલાક તર્કો ગુનાહ છે." (સૂરએ હોજોરાત - ૪૯, આ : ૧૨)

(૫) ચુગલખોરની વાતો ઉપર તહેકીક અને તપાસ (જાસૂસી) શરૂ ન કરો કારણ કે, ખુદાવંદે આલમ ફરમાવે છે : "વલા તજસ્સા" એટલે કે, શંકા અને સંદેહને કારણે જાસુસી ન કરો; પરંતુ તેની વાતને સાંભળી જ નથી તેમ રાખો.

(૬) ચુગલખોરના કામને તમારા માટે પસંદ ન કરો. એટલે કે, તેની વાતો ઉપર અમલ ન કરો તેમ જ તેની વાતોને બીજા કોઈ સમક્ષ બયાન ન કરો. કારણ કે, તેમ કરવાથી કયાંક તમે પણ ચુગલખોર અને ગીબત કરનાર ન બની જાઓ.

કિતાબ ‘કશકુર રબીયહ’માં શહીદ (અ.ર.) ફરમાવે છે કે, કોઈ એક આલિમે દીન હતા. એક દિવસ તેના દોસ્ત તેઓને મળવા માટે આવ્યા. વાતચીત દરમિયાન તેમણે તે આલિમને એક એવી વાત કહી કે જે વાત કોઈએ તે આલિમ વિષે કરી હતી. આ સાંભળીને તે આલિમે તેમના મિત્રને કહ્યું : તમે ઘણા

સમય પછી મને મળવા આવ્યા ત્યારે ખયાનત તમારી સાથે લેતા આવ્યા છો. (૧) એક તો તમે મારા અને મારી વિષે વાત કરનાર માણસની વચ્ચે દુશ્મની પેદા કરી દીધી. (૨) બીજી મારા ખાલી દિલને તેની વાતોમાં ગૂંચવી નાખ્યું અને (૩) ત્રીજી વાત એ છે કે તમે તમારી જાતને મારી નજરોમાં ખયાનત કરનાર બનાવી દીધી. આ ઉપરાંત આપે ફરમાવ્યું : જે કોઈ બીજાની વાત તમારી પાસે કરતો હોય તો એ વાતની ઘણી શકયતા એ છે કે તે તમારી વાતને પણ બીજા સમક્ષ કરતો હશે. તેથી તેવા માણસને વિશ્વસનીય ન સમજો. કોઈ શાએરે કેટલું સુંદર કહ્યું છે (ફારસી પંકિતનો ભાવાર્થ)

“જો કોઈ બીજાના એબ તમારી સામે બયાન કરે તો નિશ્ચિત જાણજો કે તે તમારા એબ પણ બીજાઓ સમક્ષ ભેટ તરીકે લઈ જતો હશે.”

આવી વાતોથી સખત રીતે દૂર રહેવું જોઈએ. ત્યારપછી નીચે મુજબની હીકાયતનું વર્ણન કરવામાં આવ્યું છે.

એક માણસ ગુલામ વેચી રહ્યો હતો. તે કહી રહ્યો હતો કે, આનામાં ચુગલખોરીના એબ સિવાય બીજો કોઈ એબ નથી. એક ગ્રાહકે કહ્યું : કાંઈ વાંધો નહીં. આમ કહીને તે ગુલામને ખરીદી લીધો. તે ચુગલખોર ગુલામે તેના માલિકની પત્નીને કહ્યું કે, તમારા પતિ તમને

પસંદ કરતા નથી. તેઓ એક કનીઝ ખરીદવાના છે. તે જયારે સૂઈ જાય ત્યારે તેમની દાઢીમાંથી એક વાળ કાપીને મને આપજો. હું જાદુ કરી દઈશ, જેના કારણે તમારો પતિ તમારો આશિક થઈ જશે. બીજી બાજુ તે ચુગલખોર ગુલામે તેના માલિકને કહ્યું કે, તમારી પત્ની બીજા કોઈ ઉપર આશિક થઈ ગઈ છે અને તે આપને કતલ કરી નાખવા માંગે છે. આપ જરા સુવાનો ડોળ કરીને ધ્યાન રાખજો કે તેણી તમારી સાથે શું વ્યવહાર કરે છે ? ગુલામનો માલિક સૂવાનો ઢોંગ કરીને ધ્યાન રાખતો રહ્યો. તેણે જોયું કે તેની પત્ની હાથમાં તલવાર લઈને તેની પાસે આવી અને તેની દાઢી પકડી. તેને ખાતરી થઈ

ગઈ કે તેની પત્ની તેને કતલ કરી નાખશે. તેથી તે કૂદીને ઊભો થઈ ગયો અને તે જ તલવારથી તેની પત્નીને કતલ કરી નાખી. તે પત્નીના સગાવહાલા આવ્યાં તેઓએ પતિને કતલ કરી નાખ્યા. પછી પતિના સગાવહાલાં પણ આવી ગયા. આમ ખૂબ જ કત્લેઆમ થઈ અને ઘણું લોહી રેડાયું.

# તેતાલીસમો ગુનોહ

## મોમીનની બેઇઝઝતી કરવી

ગુનાહે કબીરામાંથી ત્રીજા ગુનાહમાં મોમીનને બેઆબરૂ કરવો, ગાળો દેવી, મેણાં ટોણાં મારવા, ઉતારી પાડવો, અપમાન કરવું અથવા ઠપકો આપી મઝીમ્મત કરવી, તકલીફ પહોંચાડવી આ બધી બાબતોનો સમાવેશ થાય છે. જે કામો માટે ખુદાએ અઝાબનો વાયદો કર્યો છે. મોમીનને કોઈ પણ રીતે બેઈઝઝત કરવો એટલે કે, તેની મજાક ઉડાવવામાં આવે, ગાળો દેવામાં આવે, જેમ તેમ કહેવામાં આવે અથવા તેના એબ બયાન કરવામાં આવે અથવા અથવા તેને તિરસ્કૃત કરીને હલકો પાડીને

તકલીફ પહોંચાડવામાં આવે તો એ બધી બાબતો હરામ છે.

**મોમીન માનવંત અને આદરણીય હોય છે :**

એ આયતો અને રિવાયતો જે કોઈ મોમીનની શાન વિષે મળી આવે છે તેનાથી જાણવા મળે છે કે, મોમીનની શાનો શૌકત અને શરાફત (ખાનદાની) જાળવવા માટે ખુદાવંદે આલમે અસાધારણ પ્રમાણમાં પ્રબંધ કર્યો છે. મોમીનની શાનને બીજી બધી આદરણીય વસ્તુઓ કરતા વધારે આદરને પાત્ર ગણાવેલ છે અને મોમીનની બેઈઝઝતીને ઘણા મોટા ગુનાહ અને તેનું લોહી વહાવવા સમાન સમજેલ છે. મોમીનને પોતાની પવિત્ર ઝાત સાથે

સંબંધિત સમજીને ફરમાવ્યું છે : “ખુદા એ લોકોનો વલી છે, જેઓ ઈમાન લાવ્યા છે. (જે લોકો ઈમાન લાવ્યા, અલ્લાહ તેમનો હિમાયતી છે)” (સૂરએ બકરહ - ૨, આ : ૨૫૭)

અને પોતાને તે લોકોના દોસ્ત અને મદદગાર ગણાવે છે.

આ એ માટે કે, ખુદા ઈમાનદારોનો સરપરસ્ત (મદદગાર) છે અને (તેણે) પોતાની ઉપર મોમીનોની મદદ વાજિબ કરી દીધી છે.

“આ એ માટે કે અલ્લાહ તે લોકોનો મદદગાર છે કે જે લોકો ઈમાન લાવ્યા (છે) અને ખરેખરજ ઈમાન નહીં લાવનારાઓ માટે

કોઈપણ મદદગાર નથી.” (સૂરએ મોહમ્મદ - ૪૭, આ : ૧૧)

તમારી ઉપર મોમીનોની મદદ કરવી જરૂરી છે.

મોમીનને સાચી ઈઝઝત આપીને તેનો પયગમ્બરોની સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

“ખરેખરી ઈઝઝત તો ખાસ ખુદા અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને મોમીનો માટે છે.”(સૂરએ મુનાફેકુન - ૬૩, આ : ૮)

મોમીનને શ્રેષ્ઠ અને ઉચ્ચતમ ઈન્સાન સમજવામાં આવેલ છે.

"બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને સદ્કાર્યો કર્યા તે લોકો જ સર્વસૃષ્ટિમાં શ્રેષ્ઠ છે." (સૂરએ બય્યેનહ - ૯૮, આ : ૭)

ખુદાવંદે આલમ સૈયદુલ મુરસલીન (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને તેઓ સાથે નમ્રતાભર્યું વર્તન અને એહતેરામ સાથે વર્તવાનો હુકમ આપ્યો છે.

"અને જે મોમીનો તારા અનુયાયી છે તેમની સાથે નમ્રતાપૂર્વક વર્ત." (સૂરએ શોઅરા - ૨૬, આ : ૨૧૫)

અને હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને આ પ્રમાણે હુકમ આપ્યો.

“જે લોકો અમારી આયતો ઉપર ઈમાન લાવે છે તેઓ તારી પાસે આવે તો તું તેમને સલામુન અલૈકુમ (તમારી ઉપર સલામતી હજો) કહી દે.” (સૂરએ અન્આમ - ૬, આ : ૫૪)

પોતાની રહેમત મોમીનો માટે વાજિબ કરી દીધી છે.

“તમારા પરવરદિગારે પોતાની (ઝાત) ઉપર રહેમત વાજિબ કરી (લીધી) છે.” (સૂરએ અન્આમ - ૬, આ : ૫૪)

અને પોતાને મોમીનોની જાન અને માલનો ખરીદનાર કહ્યો છે.

"બેશક, ખુદાએ મોમીન પાસેથી તેની જાન અને માલ ખરીદી લીધા." (સૂરએ તોબા - ૯, આ : ૧૧૧)

મોમીનોને પોતાના દોસ્ત કહ્યા.

જેઓને ખુદા દોસ્ત રાખે છે અને તે તેને દોસ્ત રાખે છે.

જે લોકો મોમીનો છે તેઓ તેની સાથે કેટલી વધારે મોહબ્બત કરે છે.

આમ, ખુદા સાથે મોમીનનો સંબંધ અને આત્મીયતા સ્પષ્ટ થાય છે. જયારે સંબંધ કોઈ માનવંત વ્યક્તિ સાથે હોય છે તો તે સંબંધનું અપમાન કરવું તે હકીકતમાં તે માનવંત વ્યક્તિને ઉતારી પાડવા સમાન છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું : “બેશક, ખુદાવંદે આલમ મોમીનને પોતાની બુઝુર્ગી અને કુદરતનો નમૂનો બનાવીને પેદા કર્યા છે. જેણે મોમીનને મેણાં ટોણાં માર્યા અથવા તેની વાતને રદ કરી નાખી તો સમજી લ્યો કે તેણે ખુદાના કોલને રદ કર્યો.” (વસાઈલ, કિતાબે હજ, પ્રકરણ ૧૬૯, ભાગ - ૮, પાના નંબર ૬૧૨)

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલય્હિસ્સલામ) કાઅબએ મોઅઝઝમની સામે ઊભા રહીને ફરમાવ્યું : ‘અય કાબા, તારો હક કેટલો ઉચ્ચ છે ! ખુદાની કસમ, મોમીનનો હક

તારાથી પણ વધારે ઉચ્ચ છે.' (સફીનતુલ બેહાર, ભાગ - ૧, પાના નંબર ૨૯૦)

ઉપરની બાબતોથી જાણવા મળે છે કે, મોમીનને બેઆબરૂ કરવો એ કેટલા મોટા ગુનાહ છે. હવે, અમારા માનવંત સુજ્ઞ વાંચકો માટે ઉપરના વિષયો પૈકી દરેક વિષયની જુદી જુદી આયતો અને હદીસોનું વર્ણન કરવામાં આવેલ છે.

## મજાક ઉડાડવી

કોઈ માણસની કોઈ વાત, અમલ અથવા ટેવનું વર્ણન એ રીતે કરવામાં આવે કે જેનાથી હસવું આવે તે વર્ણન વાતચીત હોય,અમલથી હોય કે આડકતરી રીતે ઈશારાથી

હોય તે મજાક ગણાય છે. આ પ્રકારની મજાક ગુનાહે કબીરા હોવામાં કોઈ શંકા નથી. કારણ કે, કુરઆને મજીદ અને મુતવાતીર રિવાયતોમાં આવા કાર્યો માટે અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. સૂરએ તોબામાં કહેવામાં આવ્યું છે :

"જે લોકો મજાક ઉડાડવાના હેતુથી ખેરાત કરનારા મોમીનોના એબ શોધે છે તેમની બક્ષિશો અને તેઓના પોતાના એબ શોધે છે કે તેઓ પાસે વધારે માલ જ નથી જે રાહે ખુદામાં ખર્ચી શકે; પરંતુ એટલું જેટલો તેમણે રાહે ખુદામાં પ્રયત્નો કરેલ છે. ખુદા તેવા મજાક ઉડાડનારની મજાક ઉડાડે છે. (એટલે કે,

તેઓની મજાકનો તેમને બદલો આપશે) અને તેઓ માટે દુઃખદાયક અને દર્દનાક અઝાબ છે.”

(મોમીનમાંથી સ્વેચ્છાએ દાન કરનારાઓને જેઓ મેણાં મારે છે અને તેમને પણ કે જેમને પોતાની મહેનત સિવાય કાંઈ પ્રાપ્ત થતું નથી. પછી (એવી રીતે તે) સઘળાઓથી હસે છે. અલ્લાહ તેમની હાંસી ઉડાડશે અને તેમના માટે દુઃખ દાયક અઝાબ છે.) (સૂરએ તોબા - ૯, આ : ૭૯)

ઉપરની આયતની શાને નુઝૂલમાં ઘણી રિવાયતો છે, જેનો સારાંશ એ છે કે ગઝવએ તબૂકમાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ લશ્કરે ઈસ્લામનો ખર્ચ

પૂરો કરવા માટે હુકમ આપ્યો : “દરેક માણસ પોતાનાથી જે બની શકે તે આપે. કેટલાક માલદાર લોકો ઘણો માલ લાવ્યા, કેટલાંક ગરીબ મુફલીસ લોકો જેમની પાસે માલ ઓછો હતો તેઓએ ઓછું આપ્યું. અબુ અકીલ અન્સારી લગભગ પોણા બે શેર ખજૂર લાવ્યા અને કહ્યું કે, મેં ગઈ રાત સવાર સુધી કામ કર્યું જેની મજૂરીમાં મને સાડા ત્રણ શેર ખજૂર મળી હતી, જેમાંથી અડધી મેં મારા બાળકો માટે રાખી લીધી અને અડધી રાહે ખુદામાં આપી દીધી. આ જોઈને મુનાફીકોએ બંને પ્રકારના લોકોની મજાક કરી અને બંનેમાં ઉણપ કાઢી. જેઓ રાહે ખુદામાં વધારે આપ્યું હતું તેના વિષે કહેવા લાગ્યા કે :

આટલો માલ લોકોને દેખાડવા અને પ્રદર્શન માટે આપ્યો અને જેઓએ ઓછું આપ્યું હતું તેમના વિષે કહેવા લાગ્યા તે પોતાને ખેરાત કરનાર લોકોમાં ગણાવવા અથવા લોકો તેમને યાદ રાખે અને સદકાતમાંથી લોકો કાંઈ ને કાંઈ આપે તે હેતુથી આપ્યું છે. મોમીનોની મજાક ઉડાવનારની સજા એક તો તેમની સાથે ખુદાની મજાક છે અને બીજું તેની આખેરતની (સજા) રહેવાની જગ્યા જહન્નમ હશે. દાખલા તરીકે, ખુદાવંદે આલમ મજાક ઉડાવનારાઓને દુનિયામાં મોહલત આપે છે અને તે એશો આરામમાં વ્યસ્ત રહે છે અને જયારે તેની ઉધ્ધતા પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે અચાનક

તેને હલાક કરી દેવામાં આવે છે અને તે રીતે આ વાત તેની મજાક બની જાય છે. કેમ કે, દુનિયાની આ મોહબ્બત અને એશો આરામ જાહેરમાં તો નેઅમત હોય છે, પરંતુ હકીકતમાં તેને ધીરે ધીરે હલાકત તરફ ધકેલી દે છે અને આખેરતની મજાક એ રીતે છે કે જયારે મોમીનો બેહિશ્તમાં પોત પોતાની બેઠકો પર બિરાજમાન હશે અને કાફરો દોઝખમાં પડયા હશે તે વખતે ખુદાના હુકમથી બેહિશ્ત તરફથી દોઝખનો એક દરવાજો ખોલવામાં આવશે. જયારે (દોઝખમાં રહેલા) મુનાફીકો બેહિશ્તને જોશે ત્યારે ખૂબ જ ઝડપથી અને મુશ્કીલો વેઠીને તે દરવાજા સુધી પહોંચશે અને મોમીનોને જન્નતના આલીશાન

દરવાજા ઉપર નિહાળશે; પરંતુ તેઓ જેવા બેહીશ્તના દરવાજામાં પ્રવેશવાનો પ્રયત્ન કરશે કે તરત જ દરવાજા બંધ થઈ જશે અને મોમીનો તે જોઈને હસવા લાગશે. દુનિયામાં તેઓ મોમીનોની મજાક ઉડાડતા હતા તેની આ સજા હશે.

**આજે મોમીનો કાફરો ઉપર હસશે :**

ખુદાવંદે આલમ સુરએ મુતફફેફીનમાં ફરમાવે છે :

"ખરેખરા ગુનેહગારો મોમીનો ઉપર મજાક અથવા કટાક્ષમાં હસે છે અને જયારે તેઓ સામે મળી જાય છે તો આપસમાં (ટકોર) કરી આંખ મારે છે અને પરસ્પર ધીમે ધીમે અને

ઈશારાથી એબ શોધવા લાગે છે.(પછી ફરમાવે છે) તો કયામતમાં જયારે મોમીનો બેહીશ્તમાં તખ્તાઓ પર તકીયા લગાવીને બેઠા હશે ત્યારે કાફરો ઉપર હસશે. એટલે કે, જે કાફરો દુનિયામાં મોમીનોની હાંસી ઉડાડતા હતા તેમના જવાબમાં આખેરતમાં મોમીનો તેમના ઉપર હસશે.” (સુરએ મુતફફેફીન - ૮૩, આ : ૨૯)

ઉપરની આયતમાં મોમીનો પર હસનારને ગુનેહગાર અને મુજરીમ (આરોપી) કહેવામાં આવ્યા છે. જેનો અર્થ છે, ગુનાહથી લદાએલા અને કુફ્ર ઈખ્તીયાર કરનારા. હક અને નેકીથી દૂર અને કયામતમાં તેઓને મોમીનોની સામે જગ્યા મળશે. જે મોમીનો

જન્નતમાં હશે અને સ્પષ્ટ છે કે જન્નતની સામેની જગ્યા દોઝખ હશે.

## કદાચ એ લોકો વધારે સારા હોય

સૂરએ હોજોરાતમાં ખુદાવંદે આલમ ફરમાવે છે :

“તમારામાંના એક સમૂહના પુરૂષ બીજા સમૂહોના પુરૂષોની હાંસી ન ઉડાવે, કદાચ હાંસી ઉડાવનાર કરતા તે ખુદાની નજદીક (બલંદ દરજજા અને ઉચ્ચ મરતબાવાળા) બહેતર હોય અને સ્ત્રીઓ (બીજા સમૂહની) સ્ત્રીઓની પણ હાંસી ન ઉડાડે. કદાચ તે સ્ત્રીઓ તેનાથી વધારે સારી હોય અને ન આપસમાં એકબીજાને ટોણાં મારો અને ન એકબીજાના ખરાબ નામો રાખો.

ઈમાન (લાવ્યા) પછી બૂરા નામ રાખવા ઘણી ખરાબ વસ્તુ છે. (એટલે કે, પોતાના સમાન મઝહબવાળા લોકોની ઠેકડી ન ઉડાડે) (અલબત્ત, તમામ મોમીનો એક નફસની જેવા છે. બીજાના એબ શોધવા એ પોતાના એબ શોધવા જેવું છે) અને એકબીજાને ખરાબ ઈલ્કાબથી ન સંબોધો (બૂરા નામથી ન બોલાવો).” (સૂરએ હોજોરાત - ૪૯, આ : ૧૧)

તફસીરે ‘મજમઉલ બયાન’માં નોંધવામાં આવ્યું છે કે સાબિત બિન કૈસ જયારે પણ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની બેઠકમાં આવતા ત્યારે તેઓને ઓછું સંભળાતું હોવાથી અસ્હાબો તેમને

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે બેઠક આપતા હતા જેથી તેઓ રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વાતોને સાંભળી શકે. એક દિવસ સુબ્હની નમાઝમાં તેમને છેલ્લી હરોળમાં જગ્યા મળી, નમાઝ પછી તેઓ ઊભા થયા અને લોકો ઉપર પગ દેતા દેતા આગળ ચાલ્યા અને આગળની સફમાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની અને તેમની વચ્ચે ફકત એક માણસનું અંતર રહયું એટલે સુધી પહોંચી ગયા. તેમણે વચ્ચેના માણસને કહ્યું કે : “આઘા ખસો, જેથી હું રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ની પાસે બેસી શકું.” તે માણસે કહ્યું કે “ત્યાં જ બેસી જાઓ,” સાબિત નારાજ થઈને ત્યાં બેસી ગયા. જયારે અજવાળુ થયું ત્યારે સાબિતે તેની તરફ જોયું અને પૂછયું : “તું કોણ છે ?” પેલા માણસે જવાબ આપ્યો : “મારૂ નામ ફલાણું છે.” સાબિતે કહ્યું : “ફલાણાના પુત્ર ફલાણા,” અને તેની માતાનું નામ લીધું જે ઈસ્લામના પ્રચાર પહેલા ઝિના અને બદકારી માટે વિખ્યાત હતી. તે માણસ પોતાના આવા અપમાનથી શરમાઈ ગયો અને માથું નમાવીને ચાલ્યો ગયો. પછી ઉપરની આયત નાઝિલ થઈ અને વલન્નીસા મીનન્નીસા આયતના આ ભાગ વિષે લખ્યું છે કે અનસ કહે છે : “એક દિવસ

ઉમ્મે સલમા (રઝ.) એ કમરમાં સફેદ નાડી બાંધી હતી અને તેનો છેડો પીઠ પાછળ હતો તે જમીન ઉપર લટકી રહ્યો હતો. આઈશાએ મજાકમાં હફશાને કહ્યું કે : ઉમ્મે સલમાની પાછળ નાડીનો છેડો લટકી રહ્યો છે તે કૂતરાની જીભ કૂતરાના મોઢાની બહાર લટકતી હોય તેવો લાગે છે.” એટલું નહીં, કેટલાંક રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પત્ની અને હય બિન અખતબની પુત્રી સફીયહને ઉતારી પાડવાના હેતુથી યહૂદીની ઓલાદ કહેતા હતા. ખુદાએ વહી મોકલી કે એક બીજા ઉપર એબ ન લગાવો અને એક બીજાને ખરાબ ઈલ્કાબથી સંબોધો નહીં.

પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “કયામતમાં મજાક કરનારાઓને લાવવામાં આવશે. તેમાંથી એકના માટે બેહિશ્તના દ્વાર ખોલવામાં આવશે અને તેને કહેશે કે આમાં ઝડપથી દાખલ થઈ જા. તે ગમ અને શોકમાં ડૂબેલો હશે, જેવો તે પેલા દ્વારમાં પ્રવેશવા જશે કે તરત જ દ્વાર બંધ કરી દેવામાં આવશે. પછી બીજી બાજુના દ્વાર ખોલીને કહેવામાં આવશે કે ઝડપથી દાખલ થઈ જા. જેવો તે દ્વાર પહોંચશે કે તરત જ તે દ્વાર પણ બંધ કરી દેવામાં આવશે. અને તે એવી જ રીતે મુસીબતમાં સપડાએલો રહેશે. અને કોઈ પણ દ્વારમાંથી બેહિશ્તમાં પ્રવેશ પામી શકશે

નહીં અને છેવટે નિરાશ થઈ જશે અને જયારે તેને ફરી વાર કહેવામાં આવશે કે ઝડપથી આવ ત્યારે તે નહીં આવે.”(મોહજજતુલ બયઝા, ભાગ - ૫, પાના નંબર ૩૨૬)

## ગાળો ભાંડવી અને મેણાં ટોણાં મારવા

મોમીનોનો સંબંધ ખરાબ વાતો સાથે જોડવો અને તેમના માટે ખરાબ શબ્દો વાપરવા ફોકહાની ભાષામાં ઝિના અને હરામઝાદગીનો સંબંધ જોડવો કઝફ (જૂઠ) કહેવાય છે જેનો આગળના ભાગોમાં ઉલ્લેખ થઈ ગયો છે. અને બીજી ખરાબ વાતોને ગાળ કહેવામાં આવે છે. જેમ કે, કોઈને વ્યાજખોર, શરાબી, મલઉન (લાનત પામેલો) ખયાનતકાર, ગધેડો, કૂતરો,

સુવ્વર, ફાસિક, બદકાર વગેરે જેવા સંબોધન કરવા અને તેવાં સંબોધનનો હેતુ તેને ઉતારી પાડવાનો હોય.

પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે :

“મોમીનોને ગાળ દેવી એ પોતાને હલાકતમાં નાખવા સમાન છે.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૯)

અને કદાચ આનો અર્થ એ છે કે, મોમીનને ગાળ દેવાથી દીનના વર્તુળમાંથી લગભગ બહાર નીકળી જવાઈ છે. કારણ કે, કબીરા ગુનાહોના પુનરાવર્તનનો અંત કુફ્ર હોય છે. આ ઉપરાંત આપે ફરમાવ્યું :

મોમીનને ગાળ દેવી ફિસ્ક છે. તેની સાથે લડવું કુફ્ર અને તેનું ગોશ્ત ખાવું (પીઠ પાછળ બૂરાઈ કરવી) ગુનાહ છે અને તેના માલની હુરમત તેના લોહીની જેમ સુરક્ષિત છે.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૬૦)

અલ્લામા મજલિસી આ હદીસના વિવરણમાં ફરમાવે છે કે, અહીં ફિસ્કનો અર્થ ગુનાહે કબીરા છે જે કુફ્રની નજદીક હોય છે. આ હદીસથી સમજાય છે કે ગાળ દેવાના ગુનાહ ગીબતથી પણ મોટા હોય છે. ખાસ કરીને એ રીતે કે મોમીનની ગીબત કરવાની સરખામણીમાં તેને ગાળ દેવાથી વધારે તકલીફ પહોંચે છે. કારણ કે, ગાળ દેવાથી તકલીફ

રૂબરૂમાં અને ગીબતની તકલીફ પીઠ પાછળથી પહોંચે છે અને 'કેતાલોહુ કુફ્ર'ના વિવરણમાં ફરમાવે છે કે કુફ્રનો અર્થ ગુનાહે કબીરા કરનાર તરીકે કરવામાં આવ્યો છે અથવા તો અમુક સંજોગોના કારણે તેના કતલને જાએઝ સમજે છે અથવા તેના ઈમાનના કારણે તેની સાથે લડે છે અથવા એ કે મોમીન સાથે લડવું કુફ્રનું કારણ બને છે.

## બદતરીન મોત

ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "જો કોઈ માણસ મોમીનને તેના રૂબરૂ (મોંઢામોંઢ) મેણાં મારે તો તે બદતરીન મૌતથી મરશે અને તેણે એવું કામ કર્યું છે કે તે કદી નેકી

તરફ ફરી શકશે નહીં.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૬૦)

અલ્લામા મજલીસી આ વિવરણમાં ફરમાવે છે કે, બદતરીન મોત અથવા દુનિયાની રીતે જેમ કે ડૂબી જવું અથવા બળી મરવું અથવા ઈમારતની નીચે દબાઈ જવું અથવા જાનવરના ખોરાક બની જવું અથવા આખેરતની રીતે જેમ કે, કાફર મરવું, અવા તોબા કર્યા વગર મરવું અથવા ખૈર (નેકી)નો અર્થ ઈમાનની હાલતમાં અમલે સાલેહ બજાવવા અને તોબા કરવાનો છે.

## કયારેક મઝલૂમ પણ ઝાલિમ બની જાય છે

બે માણસો એક બીજાને ગાળો દઈ રહ્યા હતા તેમના વિષે હઝરત મૂસા બિન જાફરે (અલય્હિસ્સલામ) ફરમાવ્યું : “ગાળો (દેવાની) શરૂ કરનાર વધારે ઝાલિમ છે અને પોતાના અને બીજાના ગુનાહ તેની ગરદન ઉપર છે. જયાં સુધી મઝલૂમ એટલે કે, બીજો માણસ હદ ઓળંગી ન જાય એટલે કે, જો બીજો માણસ જવાબ આપવામાં હદ ઓળંગી ન જાય તો પછી તેના ગુનાહ પણ તેના (ગાળો દેવાની શરૂઆત કરનાર) ઉપર છે.”

આ હદીસના વિવરણમાં અલ્લામા મજલીસી (અ.ર.)ના બયાનનો સારાંશ આ

પ્રમાણે છે : જેણે ગાળો દેવાનો પ્રારંભ કર્યો હોય તે બંનેની ગાળોના ગુનાહ માટે જવાબદાર છે. કારણ કે, હરામ કાર્યની શરૂઆત પહેલા ગાળો આપનારે કરી છે અને તે જ માણસ બીજા માણસની ગાળ માટે જવાબદાર છે જો તેણે પહેલા ગાળ ન દીધી હોત તો બીજો માણસ પણ મૌન રહેત. બીજા માણસે જવાબમાં જે ગાળ આપી છે તે પહેલા માણસની ગાળનો જવાબ અને તેની ગાળનો રદીયો છે. આમ છતાં તે ગુનાહનું કામ છે; પરંતુ ખુદાએ તે ગુનાહની જવાબદારી ગાળ દેનારના શિરે મૂકી છે. પરંતુ તેની શરત એ છે કે બીજો માણસ પોતાની હદ ઓળંગી ન જાય તો તે પોતે ગાળ દેવાની

શરૂઆત કરનારની વ્યાખ્યામાં શામીલ થઈ જશે.

## ગાળ દેવામાં હદ ઓળંગી જવી

જવાબમાં અતિશયોક્તિ કયારેક ગાળનું પુનરાવર્તન કરવાથી થાય છે. જેમ કે, કયારેક શરૂઆતમાં ગાળ દેનાર એક વખત કહે કે, અય કૂતરા. તે જવાબમાં બે વખત કહે કે, ‘અય કૂતરા, અય કૂતરા.’ કયારેક જવાબમાં વધારે સખત ગાળ અપાતી હોય છે. જેમ કે, કોઈ માણસ કહે કે ‘અય ગધેડા.’ તો તેના જવાબમાં કહેવામાં આવે : ‘અય કૂતરા.’

જયારે કોઈ એક સમાન એક સરખી જ ગાળ આપે તો તેના ગુનાહ ગાળ આપનારની

શરૂ કરનાર ઉપર જ છે. એ જરૂરી નથી કે એ વાત હકીકત પ્રમાણે હોય. જયારે અસલ ગાળ જૂઠ ન હોય, જો કોઈ કહે કે, અય ઝાની (વ્યભિચારી) અથવા અય ચોર, તો જયારે ગાળ દેનાર ચોર ન હોય તો બીજો જવાબ આપનાર તેને અય ચોર કહી શકતો નથી. અર્થાત એવી ગાળના જવાબમાં એવી ગાળ આપવા સુધી મર્યાદામાં રહેવું જોઈએ, જે ધમકી કે ઠપકા માટે વપરાતી હોય. જેમ કે એમ કહે કે અય બેવકુફ, જાહીલ, ઝાલિમ, ગાફિલ વગેરે.

## કડવા વેણ બોલનાર પર જન્નત હરામ છે

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “વાસ્તવમાં

ખુદાએ દરેક બેહયા અને બેઆબરૂ ગાળો દેનાર ઉપર બેહિશ્ત હરામ કરી છે. જેને એ વાતમાં કોઈ હીચકીચાટ નથી હોતો કે પોતે શું કહી રહ્યો છે અને પોતાને શું કહેવામાં આવશે ? કારણ કે, જો તેના વિષે શોધખોળ કરવામાં આવે તો તે ઝિનાથી (પેદા થયો) છે અથવા શૈતાન શરીક હતો.” અર્ઝ કરવામાં આવી, “યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), માણસોમાં શૈતાન પણ શરીક થાય છે ?” ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “શું તમે ખુદાનું એ ફરમાન નથી વાંચ્યું કે અય શૈતાન, તું માલ અને ઓલાદમાં તે લોકો સાથે શરીક થઈ જજે

?” (ઉસૂલે કાફી, બાબુલ બઝાઅ, ભાગ - ૨, પાના નંબર ૩૨૩)

અલ્લામા મજલિસીએ શેખ બહાઈથી નોંધ્યું છે કે, કદાચ આનો અર્થ એ છે કે અમુક સમય સુધી તેની ઉપર જન્નત હરામ છે અથવા તેનો અર્થ કોઈ વિશેષ જન્નત છે, જેનાથી તે વંચિત રહેશે જે ગાળો ન દેનાર મોમીન માટે તૈયાર કરવામાં આવી હોય. આ વિષયમાં નીચેની રિવાયત પણ છે.

સમાઅહ કહે છે કે, હું ઈમામ જાફર સાદીક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ વાતચીતના આરંભમાં મને કહ્યું : “અય

સમાઅહ, તારે તારા સારબાન (ઊંટના રખેવાળ) સાથે શું ઝઘડો થઈ ગયો ?" કયાંક એમ તો નથી કે તું ગાળો બકનાર, બદઝબાન અને લાનતને પાત્ર બની જા ?" મેં જવાબમાં કહ્યું : "ખુદાની કસમ, એવું જ થયું, કારણ કે તેણે મારી ઉપર ઝુલ્મ કર્યો હતો." આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "તેણે તારી ઉપર ઝુલ્મ કર્યો તો તું પણ તેની જેવો થઈ ગયો અને તે વધારે ઝુલ્મ કર્યો. ખરેખર, આ અમલ મારા ચારિત્ર્ય પૈકી નથી અને હું મારા શીઆઓને આવા કાર્યો કરવાનો હુકમ પણ આપતો નથી. તું તારા પરવરદિગાર પાસે

માફીનો ઈચ્છુક બની જા અને ફરીવાર આવું કરીશ નહીં.”

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જો કોઈ માણસ કોઈ મોમીનને એક શબ્દનું પણ મેણું મારશે (એક શબ્દ પણ ખરાબ કહેશે) તો ખુદા તેની ઉપર જન્નતની ખુશ્બુ હરામ કરી દેશે. જન્નતની ખુશ્બુ પાંચસો વરસના અંતર જેટલે દૂરથી આવે છે.” (મુસ્તદરક, કિતાબે હજ, પ્રકરણ ૧૩૧)

આ વિષયમાં ઘણી રિવાયતો મળે છે પરંતુ અત્રે સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરેલ છે.

અહીં બે વાતની સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, (૧) એક તો એ કે જયારે કોઈ મોમીનને ગાળ દઈને તકલીફ પહોંચાડવામાં આવે તો ગાળ દેનારને આખેરતના અઝાબ ઉપરાંત (જેને ગાળ દેવામાં આવી હોય તે) મોમીનને એ વાતનો હક છે કે તે હાકીમે શરઈ પાસે ગાળ દેનાર વિરૂધ્ધ ફરિયાદ કરી શકે છે જેથી તેઓ તેને યોગ્ય લાગે તે સજા કરી શકે. આ વિષે કઝફ (જૂઠ)ના પ્રકરણમાં ઈશારો કરવામાં આવ્યો છે. જો ગાળ દેનાર જેને ગાળ દીધી હોય તેની માફી માંગી લે અને તેને પોતાનાથી રાજી કરી લે તો સજા કરવાની રહેતી નથી. (૨) બીજું એ કે જો પોતે કરેલા ગુનાહ ઉપર શરમીંદગી

અનુભવે અને બારગાહે ખુદાવંદીમાં માફી માંગે તો તેનાથી અઝાબે આખેરત દૂર કરવામાં આવશે.

## કોઈને પણ ગાળો ભાંડવી

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “ગાલ ગલોચ કરવી અને બદઝબાની (કડવા વેણ) અત્યાચાર છે અને અત્યાચારી જહન્નમની સજાને પાત્ર છે.” (કાફી)

મરહુમ મોહકકીક બુઝુર્ગવાર મીરઝા મોહમ્મદ તકી શીરાઝી કુદ્દસ ‘સરાહ મકાસિબ’ના હાંસિયામાં લખે છે : “રિવાયત પ્રમાણે કોઈને પણ દેવામાં આવતી અશ્લીલ ગાળ હરામ છે. જેને ગાળ દેવામાં આવે તે

મુસલમાન હોય કે મોમીન હોય અથવા કાફર હોય અથવા ગુનેહગાર (ફાસિક) હોય નાનો હોય કે મોટો હોય, બલ્કે એમ પણ કહી શકાય કે બાળક હોય કે નાસમજ પણ હોય તો તેને ગાળ દેવી હરામ છે.” અમુક રિવાયતોમાં તો જાનવરોને ખરાબ શબ્દો કહેવા અને ગાળ દેવાની મનાઈ કરવામાં આવી છે.

## જવાબમાં ગાળ દેવી હરામ છે

વિરોધી (ગૈર શીઆ) અથવા કાફરને ગાળ દેવાના સંજોગોમાં પ્રતિક્રિયારૂપે ગાળ દેનારને અથવા બીજા કોઈ મોમીનને ગાળ દેવા માટે કારણરૂપ બની જવાય તો હરામ છે.

આમ, વિશ્વની કોઈ પણ કૌમની પવિત્ર ધાર્મિક વસ્તુઓને ગાળ દેવી જાએઝ નથી. કારણ કે, જે કોમને ગાળ દેવામાં આવશે તે ગાળ સાંભળનાર કોઈ પણ વ્યકિત જવાબમાં દીને ઈલાહીની પવિત્ર વસ્તુઓને ગાળો દે તેવી શકયતા છે. તે સંજોગમાં ગુનાહની જવાબદારી ગાળ દેવાની શરૂઆત કરનાર ઉપર રહે છે. કુરઆને મજીદમાં એ વાતની સ્પષ્ટ રીતે મનાઈ કરવામાં આવી છે.

“અને આ (મુશરિકો) જેની અલ્લાહ સિવાય (ખુદા સમજીને) ઈબાદત કરે છે તેમને તું ખરાબ (ભલુ ભૂંડું) ન કહે. (કારણ) કે (તેમ કરતા) તેઓ પણ દુશ્મનીમાં (સાચા) ખુદાને

સારૂં ખરાબ કહી બેસશે.” (સૂરએ અન્આમ - ૬, આ : ૧૦૭)

તફસીરે ‘મીઝાન’માં લખ્યું છે કે, આ આયત દીની આદાબને સ્પષ્ટ કરીને આપણને તાલીમ આપે છે કે દીની મુકેસાત (પવિત્ર વસ્તુઓ) અને તેવી જ રીતે આદાબે દીનીનો એહતેરામ કરવાથી અપમાન અને હસી મજાકથી સુરક્ષિત રહે છે. આ એક માનવ પ્રકૃતિની માંગ છે કે, તે પોતાના મુકેસાતનો એહતેરામ જાળવી રાખવા માટે લોકોનો સામનો કરવા અને રક્ષણ કરવા માટે તૈયાર થઈ જાય છે. જે હદ ઓળંગી જાય છે અને કયારેક અત્યંત ગુસ્સો તેઓને પવિત્ર વસ્તુઓ વિષે ગમે તેમ

બોલવા માટે મજબૂર કરી દે છે. એવું બની શકે છે કે, મુસલમાન પોતાના પરવરદિગારની અઝમત અને નિશાનીઓનું રક્ષણ કરવા માટે બૂતોને ગાળો દે, જેના જવાબમાં મુશરિકો પણ મજબૂર થઈને પવિત્ર ઈલાહી સ્થાનોનું અપમાન કરે, એટલા જ માટે ખુદા હુકમ આપે છે કે મુશરિકોના ખુદાઓ માટે ગમે તેવા શબ્દો ન વાપરો. કારણ કે, જો તમે જેમ તેમ બોલશો તો તેઓ ઝઘડો કરવા લાગશે અનેતેઓ પણ પવિત્ર ઈલાહી સ્થાનોની તોહીન કરશે અને હકીકતમાં મોમીનો પોતે જ ખુદા ઉપર ધૃષ્ટતા (તોહીન) કરવા માટે જવાબદાર ગણાશે.

# મોમીનને હકીર અને ઝલીલ કરવો

હઝરત ઈમામ જાફર સાદિકે (અલય્હિસ્સલામ) ફરમાવ્યું : "જો કોઈ માણસ કોઈ મોમીનની ગરીબી અને દારિદ્રીને કારણે તેને હલકો અને નીચો સમજશે તો ખુદા તેને કયામતના દિવસે લોકોની સામે તિરસ્કૃત કરી દેશે." (કાફી, બાબુલ ઈમાન વલ કુફ્ર, પાના નંબર ૩૫૩)

આ ઉપરાંત આપ ફરમાવતા હતા કે, "જો કોઈ જરૂરતમંદ અથવા ગેરજરૂરતમંદ મોમીનને ઝલીલ સમજશે તો જયાં સુધી તે એ મોમીનને ઝલીલ સમજવાનું બંધ નહીં કરે ત્યાં

સુધી ખુદા તેને ઝલીલ કરશે અને દુશ્મન સમજશે.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૧)

આપ (અલય્હિસ્સલામ) આ પણ ફરમાવે છે કે, “કયામતનો દિવસ આવશે ત્યારે એક પોકારનારો અવાજ બુલંદ કરશે કે મારા દોસ્તોનું મુખ ફેરવનારાઓ કયાં છે ? આ સાંભળીને કેટલાક લોકો ઊભા થશે, જેમના ચહેરાઓ ઉપર ગોશ્ત નહીં હોય અને કહેવામાં આવશે કે, આ એ લોકો છે કે જેમણે મોમીનોને હેરાન કર્યા અને તેમની સામે તેમના વિરોધિ થઈને તેમની સાથે દુશ્મની કરી અને તેમના દીનને કારણે તેઓ ઉપર બળજબરી કરી. ત્યાર પછી હુકમ આપવામાં આવશે કે તેઓને

દોઝખમાં લઈ જાઓ.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૨)

આ ઉપરાંત આ રિવાયત પણ છે કે :

“બેશક, અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે કોઈ મારા દોસ્તને ઝલીલ કરશે તેણે (જાણે કે) મારી સામે લડાઈનો મોરચો માંડયો અને હું મારા દોસ્તોની મદદ કરવામાં બીજી બધી વસ્તુઓ કરતા વધારે શક્તિશાળી છું.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૧)

અબુ હારૂન કહે છે કે હું ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર હતો ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ)એ હાજર રહેલા લોકોને સંબોધીને ફરમાવ્યું, “તમે મને શા

માટે ઝલીલ કરો છો ? “ આ સાંભળીને એક ખુરાસાની માણસ ઊભો થઈને બોલ્યો : “અમે આપ (અલય્હિસ્સલામ)ને અથવા આપ (અલય્હિસ્સલામ)ની સાથે સંબંધિત હોય તેવી કોઈ પણ વસ્તુને ઝલીલ કરવા માટે ખુદાની પનાહ માંગીએ છીએ.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “હા, બેશક તમે લોકો જ મને ઝલીલ કરનારાઓમાંના એક છો.” તેણે કહ્યું, “ખુદાની પનાહ, જો અમે કયારેય આપને ઝલીલ કર્યા હોય.” ઈમામે ફરમાવ્યું : “તમારી ઉપર અફસોસ છે, શું એવું નથી થયું કે તમે લોકો જહફહની નજદીક હતા ત્યારે એક માણસે તમોને એક માઈલ માટે તમારી સવારી

ઉપર બેસવા દેવાની વિનંતી કરી હતી અને કહ્યું હતું, ખુદાની કસમ, હું પગપાળા ચાલીને બહુ જ થાકી ગયો છું અને મજબૂર થઈ ગયો છું. આ સાંભળીને તમે તેની સામે માથું ઊંચકીને જોયું હતું અને કોઈ ધ્યાન આપ્યું ન હતું. તમે તેને હકીર સમજયો હતો. મોમીનને હકીર સમજનારે મને ઝલીલ કર્યો અને ખુદાની ઈઝઝતનો ખ્યાલ ન કર્યો."

## મોમીનની મલામત કરી રૂસ્વા કરવો

ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) અને ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે, "એ કાર્ય જે માણસને કુફ્રની બહુ જ નજદીક કરી દે છે , તે એ છે કે તે કોઈ માણસને

પોતાનો દીની ભાઈ સમજે અને તેની ભૂલ અને ત્રુટીને એ હેતુથી ગણતો રહે કે ( તે યાદ રાખીને )એક દિવસ તેની ઉપર ધિક્કાર કરી શકાય અને મેણાં મારી શકાય.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૨)

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “અય એવા લોકો, જેઓ જીભથી તો ઈસ્લામનો સ્વીકાર કરો છો; પરંતુ તમારા દિલોમાં ખાલીસ (નિર્મળ) ઈમાન હજુ પ્રવેશ્યું નથી. મુસલમાનોની મઝીમ્મત ન કરો અને તેમના એબ ન શોધો. કારણ કે, જો કોઈ મુસલમાનોના એબ શોધશે તો ખુદા તેના એબ શોધશે તેને

તિરસ્કૃત કરશે, ભલે પછી તેણે ખરાબ કામો ઘરમાં કર્યા હોય.”

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જો કોઈ માણસ કોઈ મોમીનને લાઅનત અને મલામત (ધિક્કાર અને તિરસ્કૃત) કરશે તો ખુદા તેની દુનિયા અને આખેરતમાં લાઅનત અને મલામત કરશે.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૬)

તેવી જ રીતે પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જો કોઈ માણસ કોઈના ખરાબ કામને જાહેર કરે તો તે એવા માણસ જેવો છે, જેણે પોતે જ એ ખરાબ કામ કર્યું હોય અને જો

કોઈ માણસ કોઈ મોમીનની લાઅનત અને મલામત કરશે તો તે પણ મરતાં પહેલાં જ તે બૂરાઈમાં ફસાશે.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૫૬)

એ વાત સ્પષ્ટ રીતે જાણી લેવી જોઈએ કે, મલામત કરવાની હુરમતમાં અને નહીં અનીલ મુન્કર વાજિબ હોવામાં કોઈ ફરક નથી. કારણ કે, વાસ્તવમાં નહી અનીલ મુન્કર, નસીહત, હમદર્દી અને ખેરખ્વાહી છે જેની વિગતનું વર્ણન આગળના પ્રકરણોમાં થઈ ગયું છે અને તે (નહીં અનીલ મુન્કર) લાઅનત અને મલામત (ધિક્કાર)થી જુદી બાબત છે.

ઈમામે જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જો કોઈ મોમીનની વિરૂધ્ધ કોઈ એવી વાતનું વર્ણન કરે, જેનો હેતુ તેને એબદાર બનાવી શરમિંદા કરવાનો હોય, જેથી તે લોકોની નજરોમાંથી ઉતરી જાય તો તેને (તેમ કરનાર માણસને) ખુદા પોતાની દોસ્તી અને વિલાયતની બહાર કરીને શયતાનની વિલાયત તરફ ધકેલી દે છે પરંતુ શયતાન પણ તેને કબૂલ કરતો નથી.” (કાફી, ભાગ - ૨, બાબુર રૂવેયત અલલ મુમીન, ભાગ - ૨, પાના નંબર ૩૫૯)

અલ્લામા મજલિસી આ હદીસનું વિવરણ કરતા ફરમાવે છે કે, “એવા કોઈ બનાવનું

વર્ણન કરવામાં આવે તો મોમીનની બુધ્ધિ અથવા સમજણ ઓછી હોય અને એમ પણ હોઈ શકે છે કે ચારિત્ર્યની બાબત પણ એમાં શામિલ હોય અને વિલાયતનો અર્થ મોહબ્બત અને દોસ્તી હોય અને શયતાન તેને કબૂલ નહીં કરે તેનો અર્થ શયતાનની સરખામણીએ ઈન્સાનની ગુમરાહી અને હલાકત અને શયતાનનું ખુદાથી જુદા થવું છે. અને શયતાન ખુદાથી દૂર થઈ ગયો છે. તેથી શયતાનનો ખુદા પાસે કોઈ સ્વાર્થ નથી. તેથી તેવા માણસથી પણ તે દૂર રહેવા ઈચ્છે છે.”

મોહમ્મદ બિન ફઝીલે ઈમામ મૂસા બિન જાફર (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી : “આપ

પર હું કુરબાન થઈ જાઉં હું મારા મોમીન ભાઈ વિષે એવી વાત સાંભળું છું જે ખરાબ છે અને એક વ્યક્તિ માટે તે વાત અસહય છે. પછી હું મારા તે મોમીન ભાઈને એમ પૂછું કે મેં તારા વિષે આ વાત સાંભળી છે તે સાચી છે ? તો તે વાતને સ્વીકારતો નથી. વાસ્તવમાં મને એક ભરોસાપાત્ર વ્યકિત મારફત આ વાત જાણવા મળી છે.” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “અય મોહમ્મદ, તારા મોમીન ભાઈ વિષે તારી આંખ અને કાનને ખોટા સમજ. એટલે કે, એમ કહી ને તેને માફ કરી દો કે મારી આંખ અને કાનોએ ખોટું જોયું, સાંભળ્યું છે. જો તારા મોમીન ભાઈ વિષે પચાસ માણસો તે વાત કરે

અને તે પોતે તે વાતનો ઈન્કાર કરે તો તમે તમારા મોમીન ભાઈને જ સાચો માનો અને બીજા માણસની વાતોને રદીયો આપી દો. એટલે કે , એમ કહો કે તેઓને સંદેહ થયો છે અને તેની એ ખરાબ વાતને જાહેર ન કરો જેના કારણે તમે તેને ખરાબ, ચારિત્ર્યહીન અને બેઈઝઝત સાબિત કરી શકો. કારણ કે, જો તમે એવું કરશો તો તમારી ગણતરી એવા લોકોમાં થશે જેમના વિષે ખુદાવંદે કરીમ કુરઆનમાં ફરમાવે છે કે “ એ લોકો જેઓ મોમીનો વચ્ચે ખરાબ વાત જાહેર કરે છે, તેમના માટે દુનિયા અને આખેરતમાં દર્દનાક અઝાબ છે.” (હજ,

વસાઈલ, પ્રકરણ ના. ૫૭, ભાગ - ૭, પાના નંબર ૬૦૯)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જો કોઈ માણસ પોતાના ભાઈના એબ જૂએ અને તેના છુપાએલા એબને જાહેર કરવા માટે રસ્તામાં એક ડગલું ભરે તો તેણે જે પહેલું ડગ ઉપાડયું હશે તે પગલું દોઝખમાં મૂકશે અને કયામતમાં ખુદા બધા લોકોની સામે તેના છુપાએલા એબોને જાહેર કરશે.” (હજ, વસાઈલ, ભાગ - ૭, પાના નંબર ૬૦૨)

ઈમામ જાફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જો કોઈ માણસ કોઈ મોમીનની

વિરૂધ્ધ કોઈ હિકાયત બયાન કરે, તેની આબરૂ પર કલંક લગાવે, તેને બેઈઝઝત કરે તો ખુદા તેને એવી જગ્યાએ રાખશે જયાં જહન્નમનું લોહી અને પરૂ હશે.( જે જગ્યાએ ઝિના કરનારાઓના ગુપ્ત ભાગમાંથી નીકળેલી ગંદકી, લોહી અને પરૂ ભેગું થયું હશે).” (મુસ્તદરક, કિતાબે હજ, પ્રકરણ ૧૩૭)

ઈમામે જાફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “જો કોઈ માણસ કોઈ મોમીનના ગુનાહ વિષે જાણતો હોય અને ગુનાહની વાત ગુપ્ત રાખવાના બદલે જાહેર કરી દે અને તે મોમીનની મગફેરત માટે દુવા ન કરે તો તેવો માણસ ખુદાની દ્રષ્ટિએ તે ગુનાહગાર જેવો જ છે

અને તે ગુનેહગારનો અઝાબ તેની ઉપર આવી જાય છે અને તે ગુનાહ કરનારો (સાચો) ગુનેહગાર બક્ષાઈ જાય છે. કારણ કે, દુનિયામાં તેની જે બદનામી અને રૂસ્વાઈ થાય તે (તેના ગુનાહનો) કફ્ફારો બની જાય છે ત્યારપછી આખેરતમાં તેની રૂસ્વાઈ નહીં થાય. કારણ કે, ખુદા બહુ જ દયાળુ છે, તેથી એક ગુનાહ માટે એક માણસને બે વખત સજા કરતો નથી અને તેને બે વખત રૂસ્વા પણ કરતો નથી. “ (હજ, મુસ્તદરક, પ્રકરણ ૧૩૭)

# શે'ર અથવા નસ્ર (કાવ્ય પંકિત)માં મોમીનની મઝીમ્મત કરવી

શેખ અન્સારી (અ.ર.) ફરમાવે છે કે કુરઆન, સુન્નત, ઈજમાઅ, (બહુમતિ) અને અક્કલની રીતે મોમીનની બૂરાઈ કરવી હરામ છે. કારણ કે, મોમીનની બૂરાઈમાં એબ શોધવા, મેણાં મારવા, ગીબત કરવી, મલામત કરવી અને તેની ગુપ્ત વાતોને જાહેર કરી દેવાનો સમાવેશ થાય છે. જે દરેક બાબતો હલાક કરી દેનાર ગુનાહે કબીરા છે. તેથી એ તમામ બાબતોમાં એ વાતનો પણ સમાવેશ થઈ જાય છે અને જો કોઈ એવી બાબત વિષે મોમીનની

બૂરાઈ કરે જે તેનામાં મોજૂદ ન હોય તો તે બોહતાન પણ છે.

ફાસિક મોમીન અને ગૈરફાસિક મોમીનની બૂરાઈ કરવામાં કોઈ ફેર પડતો નથી. બંનેની બૂરાઈ કરવી હરામ છે. આ વિષયમાં ફાસિકોની મઝઝમતમાં જે રિવાયતો મળે છે તેમાં બેઈમાન લોકો અથવા એવા લોકોનો સમાવેશ થાય છે, જેઓ ખુલ્લે આમ ગુનાહ કરતા હોય છે. પરંતુ, ગૈર મોમીનની બૂરાઈ કરવી હરામ નથી. કારણ કે, તે એહતેરામને પાત્ર નથી. તેથી દરેક બિદઅત કરનારાની એ બાબત જે તેનામાં મોજૂદ હોય, તેની મઝીમ્મત

કોઈ તેની જાળમાં ફસાઈ ન જાય એ નિય્યતથી કરવી જાએઝ છે.

## મોમીનને તકલીફ પહોંચાડવી

ખુદાવંદે આલમ સૂરએ અહઝાબમાં ફરમાવે છે : "જે લોકો મોમીન પુરૂષો અને મોમીન સ્ત્રીઓની તેઓએ કાંઈ કર્યા વગર (એટલે કે તેઓથી એવાં ગુનાહ ન થયા હોય જેના કારણે તેઓને તકલીફ આપવામાં આવે) તેમને મુસીબતમાં મૂકે છે. (ઈજા પહોંચાડે છે) તો બેશક, તે ગુનાહ અને ઘણું મોટું જૂઠાણું કરે છે. એટલે કે, બોહતાનના અઝાબને પાત્ર છે અને જાહેરી સજાને લાયક છે (તેઓ ખરેજ દોષારોપણ અને ખુલ્લા ગુનાહોનું બીજો પોતાના

શિરે વહોરે છે).” (સૂરએ અહઝાબ - ૩૩, આ : ૫૮)

ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “ખુદા ફરમાવે છે કે જે કોઈ મારા મોમીન બંદાને તકલીફ પહોંચાડે છે તે મારી વિરૂધ્ધ યુધ્ધની ઘોષણા કરે છે અને જે કોઈ મારા મોમીન બંદાનો એહતેરામ કરે છે તે મારા ગઝબથી નિર્ભય અને સુરક્ષિત રહે છે.” (કાફી, પાના નંબર ૩૫૦)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જેણે કોઈ મોમીનને નારાજ કર્યો તેણે મને નારાજ કર્યો અને મને નારાજ કરનાર તૌરેત, ઝબૂર અને

કુરઆનની રીતે મલઉન થશે. (અને બીજી રિવાયત પ્રમાણે) એવા માણસ ઉપર ખુદા તમામ ફરિશ્તાઓ અને તમામ લોકોની લાઅનત થશે.” (હજ, મુસ્તદરક, પ્રકરણ ૧૨૫)

તેવી જ રીતે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આમ પણ ફરમાવ્યું : “જો કોઈ માણસ કોઈ મોમીનને રંજીદા કરે તો પછી તે આખી દુનિયા તેને આપી દે તો તેના દિલને તોડવાના ગુનાહની પૂર્તિ થઈ શકશે નહીં અને તેને (આપનારને) પણ કોઈ અજ્ર નહીં મળે.”

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ મુજબ ફરમાવ્યું : “જો કોઈ

માણસ કોઈ મોમીનને નાહક તકલીફ પહોંચાડે તો તેણે (જાણે કે) દસ વખત મક્કએ મોઅઝઝમા અને બૈતુલ મામૂરને નષ્ટ કર્યું અને ખુદાના એક હજાર મુકર્રબ ફરિશ્તાઓને કતલ કર્યા." (મુસ્તદરક, કિતાબે હજ, પ્રકરણ ૧૩૫)

આ હદીસથી જાણવા મળે છે કે, મોમીનની ઈઝઝત મક્કા અને બૈતુલ માઅમૂર કરતા દસ ગણી અને ફરિશ્તાઓ કરતા હજાર ગણી વધારે છે.

## પાડોશીને તકલીફ પહોંચાડવાની સજા સખત હોય છે

કેટલાંક સંજોગોમાં અમુક લોકોને તકલીફ પહોંચાડવાનું ખુદાવંદે આલમે

ભારપૂર્વક હરામ ગણાવ્યું છે અને તે માટે દુનિયા અને આખેરતની સખત સજાઓ નિશ્ચિત કરવામાં આવી છે. તેમાં પાડોશીઓના હકનો પણ સમાવેશ થઈ જાય છે.

અન્સાર પૈકી એક માણસ હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે આવ્યો અને અરજ કરી કે : “મેં ફલાણા મોહલ્લામાં એક મકાન ખરીદ્યું છે અને મારો સૌથી નજીકનો પાડોશી એક એવો માણસ છે જેની પાસેથી મને નેકીની કોઈ આશા નથી અને હું તેની ખરાબીથી સુરક્ષિત નથી.” હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ),

હ. સલમાન (ર.), હ. અબુઝર (ર.), અને હ. મીકદાદ (ર.)ને ફરમાવ્યું કે “મસ્જિદમાં જઈને મોટા અવાજે એઅલાન કરો કે જે કોઈના પાડોશી તેની ખરાબીથી સુરક્ષિત અને નિર્ભય નહીં હોય તેનામાં ઈમાન નથી.” તેઓએ ત્રણ વખત આ વાતનું એઅલાન કર્યું. ત્યારપછી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાની સામેના ચાલીસ ઘરોના ચાલીસ દરવાજાઓની તરફ હાથ વડે ઈશારો કર્યો (એટલે કે ચારે બાજૂના ચાલીસ ઘરો) એક બીજાના પાડોશીઓ છે. જેમના હકોને ધ્યાનમાં રાખવા જોઈએ. (કાફી, કિતાબે અશરફ, બાબ હુસ્નુલ જવારે, ભાગ - ૨, પાના નંબર ૬૬૬)

હઝરત ઝહેરા (સલામુલ્લાહે અલય્હા)ના 'મસ્હફ' (હદીસોના સંગ્રહની કિતાબનું નામ)માં છે કે :

જે કોઈ ખુદા અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખતો હોય તે પોતાના પાડોશીને તકલીફ આપતો નથી, મહેમાનનો એહતેરામ કરે છે, સારી વાતો કરે છે અથવા ચૂપ રહે છે. (ઉસૂલે કાફી, ભાગ - ૨, પાના નંબર ૬૬૭)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "જે માણસ પોતાના પાડોશી સાથે સદવર્તન નથી કરતો તે અમારામાંથી નથી." (કાફી, ભાગ - ૨, પાના નંબર ૬૬૮)

હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જે કોઈ પોતાના પાડોશીને તકલીફ આપે તેને ખુદા જન્નતની સુગંધથી (પણ) વંચિત રાખશે અને તેની જગ્યા દોઝખ હશે અને દોઝખ ખરાબ જગ્યા છે. અને જે માણસ પોતાના પાડોશીનો હક અદા નથી કરતો તે અમારામાંથી નથી. જિબ્રઈલ હંમેશા પાડોશીઓની એટલી બધી ભલામણ કરતા હતા કે મને ગુમાન થયું કે (કદાચ) પાડોશી વારસો લેવા માટે હકદાર થનારાઓમાં ગણાઈ જશે.” (વસાઈલ, કિતાબે હજ, પ્રકરણ ૮૬, પાના નંબર ૪૮૮)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું, "જે પોતાના પાડોશીને તકલીફ આપે અને જેનો પાડોશી તેની તકલીફથી સુરક્ષિત ન હોય તે જન્નતમાં નહીં જઈ શકે." આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ગઝવએ તબૂકમાં ફરમાવ્યું હતું કે "જે કોઈ પોતાના પાડોશીને તકલીફ આપતો હોય તે અમારી સાથે ન આવે." (વસાઈલ, કિતાબે હજ, પ્રકરણ ૭૨)

એક દિવસ અસ્હાબે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને અર્ઝ કરી : "અમુક સ્ત્રી દિવસે રોઝા રાખે છે, અને આખી રાત ઈબાદત કરે છે, સદકો આપે

છે; પરંતુ પોતાની જીભથી પોતાના પાડોશીને તકલીફ આપે છે.” ત્યારે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું કે, “તે સ્ત્રીમાં કોઈ ભલાઈ નથી અને તેણી જહન્નમવાસીઓ પૈકી છે.” લોકોએ કહ્યું, “અમુક સ્ત્રી ફકત વાજિબ નમાઝ પડે છે, માહે રમઝાનના રોઝા રાખે છે અને પોતાના પાડોશીને તકલીફ પહોંચાડતી નથી. ત્યારે આપે ફરમાવ્યું કે તે જન્નતના હકદારો પૈકી છે.” (હજ, મુસ્તદરક, પ્રકરણ - ૭૨)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “પાડોશી ત્રણ પ્રકારના હોય છે. (૧) પહેલો એ પાડોશી

જેના ત્રણ હક છે તે એવો પાડોશી છે, જે મુસલમાન હોય અને સગપણ ધરાવતો હોય. (૨) બીજો એ પાડોશી જે મુસલમાન હોય તેના બે હક છે અને (૩) ત્રીજો પાડોશી જે કાફર હોય તેનો હક ફકત પાડોશીઓનો એક હક હોય છે.” (મુસ્તદરક, કિતાબે હજ, પ્રકરણ - ૭૨)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવ્યું કે, “એ મલઉન છે, એ મલઉન છે જે પોતાના પાડોશીને તકલીફ પહોંચાડતો હોય.” (કાફી)

આ ઉપરાંત ફરમાવે છે કે, જયારે બીનયામીન હ. યાકૂબ (અલય્હિસ્સલામ) પાસેથી ચાલ્યા ગયા ત્યારે આપે ફરિયાદ કરી,

“અય ખુદા, શું તું મારી ઉપર રહેમ નથી કરતો કે તેં મારા પુત્રને લઈ લીધો અને મને આંધળો કરી નાખ્યો ? ખુદાએ તેઓ ઉપર વહી નાઝિલ કરી, જો મેં મારી નાખ્યો તો હું તેને જીવતો કરીશ જેથી તારા સુધી પહોંચાડી દઉં; પરંતુ તું તે ઘેટાને યાદ કર જેનું માથું તું કાપીને શેકીને ખાઈ ગયો હતો અને તારો ફલાણા નામનો પાડોશી હતો જેણે રોઝો રાખ્યો હતો, તેમ છતાં તેને તેં કાંઈ આપ્યું ન હતું.” (મુસ્તદરક, કિતાબે હજ, પ્રકરણ ૭૨)

બીજી એક રિવાયતમાં છે કે, ત્યારપછી યાકૂબે (અલય્હિસ્સલામ) એક પ્રથા નક્કી કરી નાખી હતી કે દરરોજ સવારે (તેઓ તરફથી)

એક માણસ તેના ઘરેથી એક ફરસખ (ત્રણ માઈલ) દૂર સુધી જાહેરાત કરતો જતો હતો કે જે કોઈને નાસ્તો કરવાને જરૂર હોય તેઓ યાકૂબ (અલય્હિસ્સલામ)ના ઘરે આવી જાય અને સાંજના વખતે પણ જાહેરાત થતી કે જો કોઈને રાતનું ખાણું ખાવું હોય તે યાકુબ (અલય્હિસ્સલામ)ના ઘરે આવી જાય.

ઉપરની હદીસથી એ વાત સારી રીતે સમજાય છે કે, પાડોશીના હકની અહેમીયત કેટલી છે. પાડોશીના હકો ઘણી હદીસોમાં બયાન કરવામાં આવ્યા છે; પરંતુ અત્રે સંક્ષિપ્તમાં તેનો સારાંશ પ્રસ્તુત કરવામાં આવે છે.

# પાડોશીના હકો

પાડોશી સાથે નેકી અને મહેરબાનીભર્યો વર્તાવ કરો. તેની સાથે ભલાઈ કરવામાં વિલંબ ન કરો. પાડોશીને જે વસ્તુની જરૂરત હોય તે આપવામાં દિલ ટૂંકુ ન કરો, તેને તમારા માલમાં ભાગીદાર સમજો, તેને સલામ કરો, તે જે વાત છુપાવવા માંગતો હોય તેને જાહેર ન કરો, (તેની ઉલટ તપાસ ન કરો) બીમારીમાં તેના ખબર અંતર પૂછો, મુસીબતમાં તેને સાંત્વના આપો, તેના ગમમાં હમદર્દી કરો, તેની ખુશી અને આનંદના પ્રસંગોમાં તેને મુબારકબાદી આપો, તેનો કોઈ એબ (દુર્ગુણ) જાણવા મળે તો તેને છૂપાવી દો. જો તેનાથી

કોઈ ભૂલ થઈ જાય તો તેને માફ કરી દો, જો ઘરની વચ્ચેની (સંયુકત) દીવાલ ઉપર તે કાંઈ કરવા માંગતો હોય તો તેને અટકાવો નહીં. જો તેને પોતાના પાડોશીના મેદાનમાંથી કોઈ પાઈપ કે ગટર પસાર કરાવવી હોય તો તેને રોકો નહીં. ઘરની વસ્તુઓ પૈકી જે વસ્તુઓ તેને જોઈતી હોય તે આપવામાં આનાકાની ન કરો. પોતાના પાડોશીના અહેલો અયાલ ઉપર નજર ન કરો, તેની ગેરહાજરીમાં તેના ઘરથી ગાફિલ ન રહો, તેની ઓલાદ ઉપર મહેરબાની કરો અને તેઓને દીન અને દુનિયાની સારી સારી વાતો કરીને માર્ગદર્શન આપો. પાડોશી મદદ માંગે તો તેની મદદ કરો, તે કર્ઝ માંગે તો તેને કર્ઝ

આપો, તેની રજા વગર તમારા ઘરને તેના ઘર કરતા ઊંચું ન બનાવો કે જેથી તેના ઘરની હવા રોકાઈ જાય, ઘરમાં જે સ્વાદિષ્ટ ખાણું લાવવા (બનાવવા)માં આવે તેમાંથી પાડોશીના ઘરે પણ મોકલો અને તેમ કરવું શકય ન હોય તો છુપાવીને ખાઓ, જેથી પાડોશીઓના બાળકો સુધી તેની સુંગધ ન પહોંચે અને તે (સુગંધી ખાણું ન મળવાને કારણે) અકળાઈ નહીં. કારણ કે, શકય છે કે કદાચ પાડોશી પોતાના બાળકો માટે એવું સ્વાદિષ્ટ લાવી શકતો ન હોય.

## જીવનસાથી (શરીકે હયાત)ને સતાવવા

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જે પત્ની

પોતાના પતિને સતાવતી હોય તો ખુદાવંદે આલમ તેની નમાઝ અને બીજા નેક અમલ ત્યાં સુધી કબૂલ કરતો નથી જયાં સુધી તેણી પોતાના પતિના હકોને અદા ન કરી દે અને તેને પોતાનાથી રાજી ન કરે. ભલે પછી તેણી દરરોજ રોઝા રાખે, ગુલામોને આઝાદ કરે અને અગણિત માલ સદકામાં આપી દે તેમ છતાં તેણી દોઝખમાં જશે.” ત્યારપછી આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે, “જે પતિ પોતાની પત્નીને તકલીફ આપતો હશે તેની સાથે પણ એ જ વ્યવહાર કરવામાં આવશે જેનું પત્ની વિષે વર્ણન કરવામાં આવ્યું છે. જે કોઈ પોતાની પત્નીના

દુર્વ્યવહારને સહન કરીને ખુદા પાસે પોતાની સબ્રનો બદલો માંગે તો તેને દરેક વખતે સબ્ર માટે કરવા બદલ એટલો બદલો મળશે જેટલો હ. અય્યુબ (અલય્હિસ્સલામ)ને તેમની સબ્ર માટે મળ્યો હતો અને તેની પત્નીના દરરોજ દિવસ રાતમાં રેતીના રણના દરેક કણ જેટલા ગુનાહ ગણાશે અને જો તેણી પોતાના પતિને રાજી કર્યા વગર મરણ પામશે તો તેણીને મુનાફીકો સાથે ઊંધા માથે જહન્નમમાં સૌથી નીચેના તબક્કામાં નાખવામાં આવશે. જે સ્ત્રી પોતાના પતિ સાથે સહયોગ નથી કરતી, પતિ તેને ઘરખર્ચ માટે જેટલી રકમ આપે તેના ઉપર સબ્ર નથી કરતી, પતિ ઉપર દબાણ કરીને જે કામ તેનામાં શક્તિ

ન હોય તે કરવા માટે મજબૂર કરે છે, તો ખુદા તેવા નેક અમલને પણ કબૂલ નહીં કરે જે (નેક અમલ)થી જહન્નમની આગ તેનાથી દૂર થાય અને તેણીનો એવો વ્યવહાર ચાલુ રહેશે ત્યાં સુધી ખુદા તેની ઉપર ગઝબનાક રહેશે.” (વસાએલુશ્શિઆ, કિતાબે નિકાહ, પ્રકરણ - ૮૨, પાના નંબર ૧૧૬)

## ફકીરને સતાવવા

અલ્લાહ તઆલા સૂરએ બકરહમાં ફરમાવે છે :

“અય ઈમાન લાવનારાઓ ! તમે તમારા સદકા (દાન, ખૈરાત)ને ઉપકાર

ચડાવીને કે ઈજા પહોંચાડીને વ્યર્થ કરો નહીં.” (સૂરએ બકરહ - ૨, આ : ૨૬૨)

આ પ્રમાણે પણ ફરમાવ્યું : “(સાઈલને ફકીરને ) સારા શબ્દોમાં જવાબ આપી દેજો (તેના આગ્રહ કરવાને કારણે તરછોડશો નહીં.) તેની માફી માંગી લેવી એ ખેરાતથી વધારે સારૂં છે જે ખૈરાત કર્યા પછી તકલીફ આપવામાં આવે.”

“માયાળુ શબ્દો અને ક્ષમાવૃતિ એવા એક દાન કરતા કે જેની પાછળ ઈજા હોય વધારે સારી (બહેતર) છે અને અલ્લાહ બેપરવા (અને) સહનશીલ છે.” (સૂરએ બકરહ - ૨, આ : ૨૬૨)

દાખલા તરીકે, તેનાથી મુખ ફેરવી લેવું અથવા તેની સાથે સખતાઈ ભર્યું વર્તન કરવું અને સદકો આપ્યા પછી તેને કોઈ કામ કરવા માટે મજબૂર કરવો. અથવા સદકો આપવાની જાહેરાત કરી તેની આબરૂ ઘટાડવી.

રિવાયત છે કે નેક કામ કર્યા પછી ઉપકાર કરી દેખાડનાર જન્નતમાં પ્રવેશ નહીં પામી શકે. (લોઆલીયુલ અખ્બાર, પાના નંબર ૨૭૭)

અન્ય એક હદીસમાં ફરમાવ્યું છે કે, તેની ઉપર જન્નત હરામ છે. આ ઉપરાંત ફરમાવ્યું કે :

મોહતાજો ઉપર ઉપકાર કરીને જાહેર કરનાર દુનિયા અને આખેરતમાં મલઉન છે

અને મા બાપ તથા ભાઈઓ અને બહેનો ઉપર અહેસાન કરીને જાહેર કરનાર ખુદા અને તેના ફરિશ્તાઓની રહેમતથી દૂર છે, અને દોઝખની આગથી પાસે છે. તેવા માણસની દુવા કબૂલ થતી નથી, તેની હાજત પૂરી થતી નથી અને ખુદા તેને દુનિયા તથા આખેરતમાં રહેમતની નજરોથી નહીં જૂએ.

# ચુંમાલીસમો ગુનોહ

# મકરો ફરેબ (છળ કપટ)

## મકરો ફરેબ (છળ કપટ) અને વચન ભંગ

ચોથો ગૈરે મન્સૂસ (કુરઆને મજીદની સ્પષ્ટ આયતોથી પ્રમાણિત ન હોય તેવો) ગુનાહે કબીરા, જે ગુનાહ માટે જહન્નમનો વાયદો કરવામાં આવ્યો છે કે વચન ભંગ અને છેતરપીંડી કરવી તે છે. અત્રે જે રિવાયતોનો ફાયદો ઉઠાવવામાં આવ્યો છે તેમાં આ ગુનાહ ની સજા જહન્નમ દર્શાવવામાં આવી છે. ઉસૂલે કાફીમાં કિતાબે ઈમાન વ કુફ્રના પ્રકરણ મકર,

ઉઝર, ખદઅહમાં આ બાબતની છ હદીસો નમૂનારૂપે પ્રસ્તુત કરવામાં આવે છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "જો છેતરપીંડી અને ફરેબ (છળ કપટ) કરવાની સજા જહન્નમ ન હોતે તો બધા લોકોમાં હું સૌથી મોટો ધોકાબાઝ હોત." (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૩૬)

આ ઉપરાંત આપ (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "બેશક, વચન ભંગ કરનાર, ગુનાહ કરનાર અને ખયાનત કરનાર જહન્નમી છે."

'વસાઈલ'માં લખ્યું છે કે પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) ફરમાવે છે : “મુસલમાનો દગો અને ફરેબ આપવો ન જોઈએ. કારણ કે, મેં જિબ્રઈલ પાસેથી સાંભળ્યું છે કે દગો અને ફરેબ આપનાર જહન્નમી છે.”પછી ફરમાવ્યું કે, “જો કોઈ મુસલમાન સાથે દગો કરે અથવા ખયાનત કરે, તેઓ અમારામાંથી નથી.” અને લગભગ આ જ વિષયને લગતી હદીસો નોંધવામાં આવી છે. તેવી જ રીતે મુસ્તદરકમાં આ વિષયને લગતી રિવાયતો નોંધવામાં આવી છે. અમીરૂલ્ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને કહેવામાં આવ્યું કે, આપના વિરોધિ (મોઆવિયાના) હાથમાં જે હકૂમત અને ખિલાફત મજબૂત ન થાય ત્યાં સુધી રહેવા દો અને બરતરફ ન કરો.

આપ (અલય્હિસ્સલામ)એ તેને જવાબમાં કહ્યું :

“દગો અને ફરેબ કરનાર તેમ જ વાયદાનો ભંગ કરનાર બધા જહન્નમી છે.”

## ‘મકર’, ‘ગદ્ર’ અને ‘ખદઅહ’નો અર્થ

‘ગદ્ર’ કે જેનો અર્થ વાયદાનો ભંગ કરવો થાય છે જેનો વિગતવાર ઉલ્લેખ ગુનાહે કબીરા ઉર્દૂ પહેલા ભાગના એકવીસમાં પ્રકરણમાં કરવામાં આવ્યો છે. ‘મકર’ અને ‘ખદઅહ’નો અર્થ એવો થાય છે કે, બીજા માટે એવી રીતે ખરાબ ઈરાદો કરવો જે તે સમજી ન શકે. દાખલા તરીકે, જાહેરમાં તો તેની સાથે ભલાઈ કરવી પણ બાતિનમાં તેની સાથે બૂરાલ કરવી

અથવા જાહેરમાં તેની સાથે મોહબ્બત અને સહયોગ દેખાડવો; પરંતુ બાતિનમાં દુશ્મની રાખી તેનો વિરોધ કરવો. અથવા તો જાહેરમાં એવું દેખાડવું કે તેની સાથે પોતાને કોઈ સંબંધ નથી અને ખાનગીમાં એવી તક શોધતા રહેવી જેનાથી તેને તકલીફ પહોંચાડી શકાય. ટૂંકમાં, મકર અને ખુદઅહ, દુગલાપન (કમીનાપણું) અને મુનાફેકતનો અર્થ દંભ, બે રંગ અથવા બે મોઢાના હોવાનો થાય છે. એટલે કે, જાહેરમાં સારૂં અને બાતિનમાં ખરાબ જેના બે પ્રકાર છે. (૧) પહેલો ખુદા, પયગમ્બર અને ઈમામની સાથે દગો, (કપટ) ચાલબાજી અને વચન ભંગ

અને (૨) બીજા પ્રકાર લોકો સાથે દગાબાજી અને છેતરપિંડી.

## ખુદા સાથે છળ - કપટ અને ચાલબાજી

છળ કપટનો સૌથી ખરાબ પ્રકાર મુનાફિકોનો ખુદાવંદે આલમ સાથેનો દગો છે. એટલે કે, તે લોકો પોતાનું કુફ્ર છૂપાવી રાખતા હતા અને જાહેરમાં ઈસ્લામ અને ઈમાન વ્યકત કરતા હતા. જે વિષે ખુદાવંદે આલમ સૂરએ બકરહમાં ફરમાવે છે કે : "(આમ કહીને) તે લોકો ખુદા અને એહલે ઈમાનને દગો આપે છે (છેતરવા માંગે છે) પરંતુ, ખરેખર તેઓ પોતાના સિવાય કોઈને છેતરતા નથી પણ

તેમને (તેનું) ભાન નથી.” (સૂરએ બકરહ - ૨, આ : ૯)

દગો એ વખતે કહેવાય જયારે જે માણસને દગો દેવામાં આવે તો દગાની વાતથી અજાણ હોય. તો પછી પશ્ન એ થાય છે કે ખુદાની સાથે દગો કેવી રીતે થઈ શકે ? આ પ્રશ્નનો જવાબ એ છે કે, એ લોકો પયગમ્બર અને મોઅમીનોની સાથે દગો કરતા હતા. તે પયગમ્બર અને મોઅમીનો સાથેનો દગો એ જ ખુદા સાથેનો દગો કહેવાય છે અથવા તો એ મુનાફિકો ખુદા સાથે દગો અને છળ કપટ (ફરેબ) એવી રીતે કરતા હતા કે પોતાની મુનાફેકત છુપાવતા હતા અને ઈમાનનો દેખાવ

કરતા હતા. પોતાની જાત સાથે દગો કરવાનો અર્થ એ છે કે દગાથી પયગમ્બર અને મોમીનોને કાંઈ નુકસાન થતું નથી; પરંતુ તેનું નુકસાન તેને (દગો કરનાર) પોતાને જ થાય છે. કેમ કે, તેવો માણસ પોતાની જાતને નેકી અને સઆદતથી વંચિત કરી નાખે છે અને તેના કારણે દુનિયામાં પોતાના માટે રૂસ્વાઈની મુસીબત અને આખેરતમાં અઝાબે ઈલાહીનો સામાન તૈયાર કરે છે.

ખુદા સાથે દગો કરવાનો અર્થ દેખાવ માટે ઈબાદત કરવી પણ થાય છે. જેનું વર્ણન શિર્ક વિષેની ચર્ચાના અંતિમ ભાગમાં કરવામાં આવ્યું છે.

# રૂહાની મરતબાનો દાવો

અમુક લોકો ઉચ્ચ મઝહબી અને રૂહાની મરતબાથી વંચિત હોવા છતાં તેવો મરતબાનો દાવો કરવાનો ખુદા સાથે છળ કપટ કરવાના અર્થમાં સમાવેશ થઈ જાય છે. હકીકતમાં તેવો દાવો કરનારા સબ્ર, શુક્ર, તવક્કલ, મોહબ્બત, રેઝા, તસ્લીમ, ઈખ્લાસ વગેરે જેવી બાબતોથી વંચિત હોય છે. જેમ કે, કોઈ એવો દાવો કરે કે માઅબૂદ (ઈબાદતને પાત્ર) ફકત ખુદા છે અને તેની સિવાય કોઈ માઅબૂદ નથી અને કહેતો હોય કે “ઈય્યાક નઅબોદો” પરંતુ વાસ્તવમાં તે શૈતાનની પૂજા કરતો હોય છે. તે કહે કે ‘અલ્લાહો અકબર’ એટલે કે મારી નજરોમાં ખુદા

દરેક વસ્તુઓથી મહાન (મોટો) અને માનવંત છે. જયારે ખરેખર, માલ હા઼ો઼ે અને દુન્યવી દરજાઓ તેના દિલમાં મોહ નાખીને પડેલા હોય છે અને તે વાતો જ તેની દ્રષ્ટિમાં મહાન હોય છે. જો તેને એમ કહેવામાં આવે કે, ખુદાની ખુશી માટે ફલાણા ગુનાહ કરવાનું છોડી દો અને માલમાંના હકો અદા કરો, તો તે કામ માટે તે તૈયાર થતો નથી. અલબત્ત, જો તેને એ વાતની જાણ થઈ જાય કે, તેમ કરવાથી તેને માલ, ઈઝઝત કે બીજી કોઈ દુન્યવી મરતબાને લગતું નુકસાન પહોંચી શકે તેમ છે તો તે ગુનાહને છોડી દે છે. ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે :

"જયારે તમે નમાઝ માટે ઊભા રહો ત્યારે તમારે માટે જરૂરી છે કે તમે દુનિયાની તમામ વસ્તુઓ જે તેહતેસરાથી (પૃથ્વી - જમીનની નીચેની માટી) લઈને સુરૈયા (આસમાન - સાત સિતારા)ની વચ્ચે છે તે તમામ વસ્તુઓને ખુદાની અઝમતની સામે હલકી સમજો. કારણ કે, તે (નમાઝી) ના દિલમાં તેની તકબીર (અલ્લાહની મહાનતા)ની વિરૂધ્ધની કોઈ વાત છે કે કેમ, તે વાત ખુદા જાણી લે છે. એટલે કે, તે ખુદા સિવાય કોઈ વ્યકિતને અથવા વસ્તુને મહાન સમજતો હોય તો ખુદા તેને (સંબોધીને) ફરમાવે છે કે : અય જૂઠા, શું તું મારી સાથે દગો કરે છે ? મને મારી

ઇઝ્ઝત અને જલાલની કસમ, હું તને મારા ઝિક્રની મીઠાશ, મારી નજદીક પહોંચવા અને મારી મુનાજાતની લઝઝતથી વંચિત રાખીશ.”

## દીની બુઝુર્ગો સાથે દગાબાજી

દીનના બુઝુર્ગો સાથે દગાબાજી કરવી. જેમ કે, કોઈ માણસ એમ કહે કે : “મોઅલીલ વલે અવ્લેયાએકુમ.” “હું આપને અને આપના દોસ્તોને મોહબ્બત કરૂં છું.” પરંતુ, ખરેખર તેને દોસ્તો સાથે કોઈ મોહબ્બત હોતી નથી અને તે અહલેબૈત (અલય્હેમુસ્સલામ) સાથે સંબંધની બિલકુલ અવગણના કરતો હોય છે અથવા તો એમ કહે કે : “અત્તારેકો લીલ ખેલાફે અલયકુમ.” “જે વાત આપને અણગમતી હોય

તેને હું છોડી રહ્યો છું.” હકીકતમાં તેણે હજાર વખત આમ કહ્યું હોય છે. અને તેમ હોવા છતાં તે કામ કરતો હોય છે જેની વિગત જૂઠના પ્રકરણમાં આવી ગઈ છે. તેના ઉદાહરણ પણ આપવામાં આવ્યા છે. (ઉપર અરબીમાં જે ઉદાહરણ આપવામાં આવ્યા છે તે અઈમ્મએ અતહાર (અલય્હિસ્સલામ)ની ઝિયારતમાંથી લેવામાં આવ્યા છે.)

## ખુદાના બંદાઓ સાથે દગાબાજી

છળ કપટ, ચાલાકી, ફરેબકારી, (છેતરપિંડી)ના વિવિધ પ્રકારો છે, જે આખેરતથી અજાણ લોકોમાં પ્રચલિત છે, તે હરામ અને ગુનાહે કબીરા છે અને આ ખરાબી જેટલી વધારે

પ્રમાણમાં હશે તેટલાં જ તેના પરિણામ અને સજા વધારે સખત હશે. ખુદાવંદે આલમ ડસૂરએ ફાતિરમાં ફરમાવે છે :

“અને ખરાબ તદબીર (ની ખરાબી) તે ખરાબ તદબીર કરનાર ઉપર પડે છે.” (સૂરએ ફાતિર - ૩૫, આ : ૪૨) (જો કે ખરાબ ચાલબાજીઓ બીજા કોઈને નહીં પણ તેના કરનારાઓને જ ઘેરી લે છે.)

અર્થાત દરેક દગો કરનારનો દગો સ્વયં તેની જ તરફ પાછો ફરે છે. તેને બીજાઓ વિષે જે કાંઈ વિચાર્યુ હોય છે તે પરિસ્થિતિમાં તે પોતે જ મૂકાય જાય છે. દરેક દગો કરનારની રૂસ્વાઈનું કારણ બને છે અને જેની સાથે દગો

કરવામાં આવ્યો હોય તેની પ્રતિષ્ઠા અને ઈઝ્ઝતમાં વધારાનું કારણ બનશે. અથવા દગો કરનાર દગાના કારણે (પોતાના ખરાબ કાર્યને લીધે) જહન્નમના સૌથી નીચેના તબક્કામાં પહોંચશે અને જેની સાથે દગો કરીને ઝુલ્મ કરવામાં આવ્યો હશે તે તેની ઉપર વિતેલા ઝુલ્મને કારણે જન્નતમાં ઉચ્ચ દરજ્જો મેળવશે અથવા દુનિયા અને આખેરત બંનેમાં તેને ઉચ્ચ દરજ્જો મળશે. અનુભવથી જણાઈ છે કે મોટે ભાગે દગો કરનાર માણસ પોતે જ રૂસ્વા થાય છે અને પોતાના દગાનું નુકસાન પોતાને જ થાય છે. આ વાત એટલી સ્પષ્ટ છે કે તફસીરે મિનહજુસ્સાદેકીનમાં નીચે મુજબની કહેવત

લખી છે જે અરબોમાં પ્રચલિત છે. જે કોઈ પોતાના ભાઈ માટે ખાડો ખોદે તો ખુદા તેને તે જ ખાડામાં ઊંધા માથે નાખી દેશે. એ જ રીતે ઈરાનનો મુહાવરો છે કે કોઈ સાથે બૂરાઈ ન કરો. કેમ કે તે જ બૂરાઈ તમારી સામે પાછી ફરશે.

## બે મુખ બે જીભ

ઈમામે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે :

"જે કોઈ મુસલમાન સાથે બે મુખ અને બે જીભ સાથે મુલાકાત કરશે તો તેવો માણસ કયામતના દિવસે એવી રીતે આવશે કે તેની

આગની બે જીભ હશે.” (કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૪૩)

ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “એ માણસ કેટલો ખરાબ છે જે બે પ્રકારની વાતો અને કમીનાપણું કરે છે. જે પોતાના ભાઈની હાજરીમાં તેના વખાણ અને પ્રશંસા કરે છે અને પીઠ પાછળ તેની બૂરાઈ કરે છે અને તેનું ગોશ્ત ખાય છે. (એટલે કે તેની ગીબત કરે છે) જો તેના ભાઈને કોઈ નેઅમત મળી જાય તો તેની હસદ કરવા માંડે છે અને જો તે કાંઈ મુસીબતમાં ફસાઈ જાય તો તેને છોડી દે છે અને તેની મદદ કરતો નથી.” (ઉસૂલે કાફી, ભાગ - ૨, પાના નંબર ૩૪૩)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “જે માણસ બે મુખવાળો (વિરોધાભાસી બે પ્રકારની વાતો કરનારો) હશે તો કયામતમાં તે અવો હશે જેને બે જીભ હશે. એક પાછળના ભાગે અને એક આગળના ભાગે. તે બંને જીભ આગની હશે. તે જીભમાંથી આગની જવાળાઓ એવી રીતે નીકળતી હશે જે તેના આખા શરીરમાં આગ લગાવી દેશે. કહેવામાં આવશે કે આ એ માણસ છે જે દુનિયામાં બે મુખ અને બે જીભથી કામ કરતો હતો અને તે એ પ્રકારના અઝાબથી ઓળખાશે.” આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “જો કોઈ

મુનાફિક દુનિયામાં બે મુખ અને બે જીભવાળો વ્યવહાર કરતો હશે તો કયામતમાં પણ તેને બે મુખ અને બે જીભ હશે.”

## કરદેહ-એ-ખેશ આયદ પેશ

તફસીરે ‘મિનહજુસ્સાદેકીન’માં ઐતિહાસિક પુસ્તકોના સંદર્ભ આપીને લખ્યું છે કે, બે માણસોએ સંયુકત રીતે પૈસા ભેગા કર્યા. તે પૈસા ચોરાઈ જવાના ભયથી એક ઝાડની બખોલમાં ઊંડે છુપાવી દીધા. તે બંને માણસોમાંથી એક માણસ રાતે છુપાઈને આવ્યો અને બધા જ પૈસા લઈ ગયો. બીજે દિવસે જયારે તે બંને માણસો પૈસા લેવા માટે આવ્યા ત્યારે ત્યાં પૈસા ન હતા. જે માણસ આગલી રાત્રે

પૈસા ચોરી ગયો હતો તેણે બીજા માણસના ખમીસને ગળા પાસેથી (કાંઠલો પકડયો) અને કહ્યું કે, આ પૈસા છુપાવતી વખતે તારી સિવાય બીજું કોઈ હાજર ન હતું. તેથી તે જ આ પૈસા ચોરી લીધા છે. બીજા માણસે ઘણી કસમ ખાધી પરંતુ પહેલો માણસ (સાચો ચોર) તેની વાત ઉપર મક્કમ રહ્યો. તેણે આ બનાવને હાકિમ પાસે રજૂ કર્યો. હાકિમે ચોરી કરનાર (પહેલા) માણસને પોતાની વાતના પૂરાવારૂપે સાક્ષી રજૂ કરવાનું કહ્યું. ત્યારે તેણે કહ્યું કે તે ઝાડ સાક્ષી આપશે કે આ પૈસા તેણે (બીજા માણસે) ચોર્યા છે. તેણે એક યુક્તિ કરી અને આગલી રાતે પોતાના ભાઈને તે ઝાડની બખોલમાં ગુપ્ત રીતે

છુપાઈ જવા કહ્યું. તેથી સવારે જયારે હાકીમ સાક્ષી લેવા માટે આવે ત્યારે તે ઝાડની બખોલમાંથી સાક્ષી આપે કે પૈસા પહેલા માણસે જ ચોર્યા છે. બીજે દિવસે સવારે હાકીમે લોકો સાથે તે ઝાડ પાસે આવીને કહ્યું, અય ઝાડ, એ ખુદા માટે કે જેણે તને પેદા કર્યું છે એ જણાવ કે તારામાં છુપાવવામાં આવેલા પૈસા કોણે ચોર્યા છે ? ત્યારે ચોરના ભાઈએ મોટા અવાજે કહ્યું : પૈસા ફલાણા નામના માણસ (જે નિર્દોષ હતો તેણે) ચોર્યા છે. હાકિમ પોતાના અનુભવથી એ વાત સમજી ગયો કે ઝાડ બોલે તે વાત પ્રકૃતિની વિરૂધ્ધ છે. તેથી તેણે હુકમ કર્યો કે આ ઝાડને સળગાવી દો, જેથી ઝધડાનું મૂળ નાબૂદ

થઈ જાય. ઝાડમાં છૂપાએલો ચોરનો ભાઈ પોતાને સજા થવાના ભયથી બહાર નીકળ્યો નહીં. છેવટે જયારે આગની જવાળાઓ તેના સુધી પહોંચી ગઈ ત્યારે બૂમાબૂમ કરવા લાગ્યો. છેવટે તેને અધમૂઓ બહાર કાઢવામાં આવ્યો. તેને આખી હકીકત પૂછવામાં આવી ત્યારે તેણે પોતાના ભાઈની દગાબાજીની વાત જાહેર કરી દીધી. હાકિમે ચોર પાસેથી બધો માલ લઈને સાચા (પ્રમાણિક) માણસને આપી દીધો અને ચોરને સખત સજા કરી.

મોહદ્દીસે જઝાએરી (અ.ર.) 'ઝહરૂર રબી'માં નોંધ્યું છે કે ઈસ્ફહાનમાં એક માણસ પોતાની પત્નીને દંડાથી માર મારવા માંગતો

હતો. તેણે તેને અમુક ડંડા માર્યા. તે માણસનો ઈરાદો પોતાની પત્નીને મારી નાખવાનો ન હતો. તે પોતાની પત્નીને ફકત સજા કરવા માંગતો હતો; પરંતુ મારના કારણે તેણી આકસ્મિક રીતે મૃત્યુ પામી. પોતાની પત્નીને મૃત્યુ પામેલી જોઈને તે ડરી ગયો તેને થયું કે પોતાના સાસરા પક્ષના લોકો તેને મુશ્કેલીમાં મૂકી દેશે. જયારે તેને આ આફતમાંથી બચવાનો કોઈ રસ્તો ન દેખાયો ત્યારે તે ઘરની બહાર નીકળી ગયો. તેણે પોતાના એક ઓળખીતાને આખી વાત કરી. ત્યારે તેણે આ આફતમાંથી છૂટવા માટે એવો ઉપાય દેખાડયો કે કોઈ ખૂબસૂરત યુવાનને શોધીને તારા ઘરે મહેમાન

તરીકે લઈ જા. પછી તેનું માથું કાપીને તારી પત્નીની લાશની બાજુમાં નાખી દેજે. જયારે તારી પત્નીના સગાં વહાલા આવે ત્યારે તેને કહેજે કે આ યુવાનને મેં મારી પત્ની સાથે ઝિના કરતા જોઈ લીધો જે વાત હું સહન કરી ન શકયો. તેથી, મેં આ બંનેને કતલ કરી નાખ્યા. તે માણસને આ યુક્તિ બહુ જ પસંદ પડી. તે માણસ પોતાના ઘરના પ્રવેશ દ્વાર પાસે બેઠો. અચાનક એક ખૂબસરત નવજવાન ત્યાંથી પસાર થયો. તે માણસે તેને આગ્રહ કરીને પોતાના ઘરમાં લઈ ગયો અને ઘરમાં લાવીને તેને કતલ કરી નાખ્યો. જયારે તે સ્ત્રીના સગાં વહાલા આવ્યા અને તેઓએ બે લાશ જોઈ ત્યારે

પેલા માણસે આખી ઉપજાવી કાઢેલી વાત કરી. તે વાત સાંભળીને સ્ત્રીના સગાં વહાલાંને સંતોષ થયો. દુર્ભાગ્યે જે માણસે તે સ્ત્રીના પતિને આવું કરવાની સલાહ આપી હતી તેનો એક પુત્ર તે જ દિવસે ઘરે પાછો ન ફર્યો. તેથી તે માણસ ખૂબ જ ચિંતાતુર થયો. તે માણસ પેલી સ્ત્રીના પતિના ઘરે આવ્યો અને પૂછયું કે, તેં મારી સલાહ ઉપર અમલ કર્યો કે નહીં ? ત્યારે પેલા માણસે કહ્યું હા. પેલાએ કહ્યું કે, તેં નવજવાનને કતલ કર્યો હોય તેની લાશ દેખાડ. જયારે પેલા માણસે તે નવયુવાનની લાશ પાસે આવીને જોયું તો તે પોતાના જ નવયુવાન પુત્રની લાશ હતી, જેને પોતાની સલાહથી જ કતલ કરી

નાખવામાં આવ્યો હતો. તે માણસે બીજા માટે કૂવો ખોદયો હતો તેમાં તે પોતે જ પડી ગયો. એટલે કે, પોતાના ભાઈને જે ખોટી સલાહ આપી હતી તેનું પરિણામ પોતાને જ ભોગવવું પડયું. ઉપરના બે પ્રસંગો જેવા બીજા ઘણા પ્રસંગો ઈતિહાસની કિતાબોમાં જોવા મળે છે.

આ ઉપરાંત ‘મોહજતુલ બયઝહ’ નામની કિતાબમાં એક હિકાયત નોંધવામાં આવી છે, જે દગા અને ફસાદ બંને બાબતોને લાગુ પડે છે. જેનો ઉલ્લેખ ‘હસદ’ના પ્રકરણમાં કરવામાં આવશે.

## બે મુખ અને બે જીભ હોવાનો અર્થ શું થાય?

(૧) મુનાફિકોના ઘણા પ્રકાર છે. કમીનો માણસ જે બે વિરોધાભાસી વાતો કરતો હોય હંમેશા દુન્યવી ફાયદો મેળવવા માટે અને નિરર્થક વાતો કરતો હોય. જેમ કે, તેવો માણસ એક વાતનો સ્વીકાર કર્યા પછી તેનો ઈન્કાર કરી દે છે અથવા કોઈ વાત વિષેની સાક્ષી આપ્યા પછી તેનાથી ઉલ્ટું નિવેદન કરે છે અથવા કોઈની સામે તેના વખાણ કર્યા પછી તેની પાછળ તેને ખરાબ કહે છે.

(૨) બે મુખ અને બે વાતો કરનારો માણસ એ છે, જે એવા બે માણસના સંપર્કમાં હોય છે જે એક બીજાના દુશ્મન હોય અને તે

બંનેની પાસે જાય ત્યારે બંનેની વાતોનું સમર્થન કરે છે અને આમ કરવું તે મુનાફેકત છે.

(3) બે માણસો પરસ્પર દુશ્મન હોય અને તે બંને એબ બીજાને ખરાબ કહેતા હોય. જો કોઈ માણસ તે બંનેની વાત એક બીજાને કહે તો તે ‘બે મુખવાળા’ હોવાનું (દાંભિક) ગણાઈ છે. આ કામ ચુગલખોરીથી પણ બદતર છે. કારણ કે, જે માણસ વિષે વાત થઈ હોય તેને જઈને તે વાત કહેવામાં આવે તે ચુગલખોરી છે અને જો પહેલા માણસની વાત પણ બીજા માણસને કહેવામાં આવે તો તે ‘બે મુખવાળા’ હોવું ગણાય છે.

(૪) જો કોઈ બે માણસ વચ્ચે દુશ્મની હોય તો તેમની દરેકની મુલાકાત વખતે તેના દુશ્મન વિરોધીની સરખામણીમાં તેની પ્રશંસા કરવામાં આવે તો તે દંભ થયો ગણાય છે.

(૫) જો કોઈ બે માણસ પરસ્પર દુશ્મન હોય અને તે બંનેને એકબીજાનો મુકાબલો કરવામાં સાથ આપવા અને મદદ કરવાનો વાયદો કરવામાં આવે તો તે પણ કમીનાપણું (બે મોઢાની વાતો) છે.

આમ, ઉપર દર્શાવેલ તમામ સંજોગોમાં એવા માણસને મુનાફિક (દાંભિક) અને બે મુખવાળો કહેવાય છે. અલબત્ત, જો કોઈ બે માણસો દુશ્મન હોય અને તેઓની એક બીજાની

વાત બંનેમાંથી કોઈને કર્યા વગર તેઓ સાથે મિત્રતા અને સંબંધ રાખવામાં, તેઓના વખાણ કરવામાં અને તેમને મદદ કરવાનો વાયદો આપવામાં કોઈ વાંધો નથી અને તે કામ ‘બે મુખવાળા’ માણસનું કામ ગણાતું નથી.

## ભેળસેળ પણ લોકો સાથે દગો કરવા સમાન છે

દગાના પ્રકારોમાંથી એક પ્રકાર લોકો સાથેના ખરીદ વેચાણમાં ભેળસેળ કરવી તે છે. એક ચીજમાં તે જ પ્રકારની બીજી ચીજ એવી રીતે ભેળવી દેવી કે ખબર ન પડે. જેમ કે, દૂધમાં પાણી ભેળવવું અથવા એક જ પ્રકારની

સારી અને ખરાબ વસ્તુનું મિશ્રણ કરીને તેને સારી વસ્તુ કહીને વેચવી.

ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મદીનાની બજારમાં એક અનાજ (ઘઉં કે જવ) પાસેથી પસાર થયા, ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તે વસ્તુના માલિકને કહ્યું : આ સારૂં અનાજ છે, તેનો ભાવ શું છે ? આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ઈલ્હામ થયું, (અલ્લાહ તરફથી હ્રદયમાં વાત આવી) તેથી આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તે વસ્તુના

જથ્થાની વચ્ચે હાથ નાખીને એક મૂઠી બહાર કાઢી, તેથી જાણવા મળ્યું કે વચ્ચેનો માલ ખરાબ છે અને ઉપરથી સારો છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : તેં મુસલમાનો સાથે ખયાનત કરી અને ભેળસેળ પણ (કરી).” (વસાઈલ, કિતાબે તિજારત, પ્રકરણ ૧૧૫, ભાગ - ૧૨, પાના નંબર ૨૧૦)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ પ્રમાણે પણ ફરમાવ્યું : “જો કોઈ પોતાના મુસલમાન ભાઈની સાથે ખરીદ વેચાણમાં ભેળસેળ કરે તો તે મુસલમાનોમાંથી નથી અને કયામતમાં તે યહુદીઓની સાથે

પુનર્જીવિત થશે. કારણ કે, મુસલમાનો સાથે સૌથી વધારે ભેળસેળ યહુદીઓ કરે છે.” (વસાઈલ, પ્રકરણ ૧૧૫, ભાગ - ૧૨, પાના નંબર ૨૧૦)

આ ઉપરાંત આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “જો કોઈ પોતાના મુસલમાન ભાઈ સાથે ભેળસેળ કરવાના ઈરાદાથી સૂવે તો તે ખુદાની નારાજગીમાં સૂવે છે અને તેની સવાર થાય ત્યારે ખુદા તેનાથી ગઝબનાક રહે છે અને તે ભેળસેળ કરવાનું બંધ ન કરે, તોબા ન કરી લે ત્યાં સુધી ખુદા તેનાથી નારાજ રહે છે અને જો તે એ જ હાલતમાં મૃત્યુ પામે તો તે દીને

ઈસ્લામ ઉપર મરતો નથી.” ત્યાર પછી આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ત્રણ વખત ફરમાવ્યું, “જાણી લ્યો કે જે મુસલમાન માટે ભેળસેળ કરે છે તે મુસલમાન નથી અને જે પોતાના મુસલમાન ભાઈ સાથે ભેળસેળ કરે છે, ખુદા તેની રોજીમાંથી બરકત ઉઠાવી લે છે, તેની રોજીનો રસ્તો બંધ કરી દે છે અને તેને તેના હાલ ઉપર છોડી દે છે.” (વસાઈલ, ભાગ - ૧૨, પાના નંબર ૨૧૦)

ઈમામે જાફરે સાદિક (અલય્હિસ્સલામ)એ લોટના એક વેપારીને સંબોધીને ફરમાવ્યું : “ભેળસેળ કરવાથી બચો. કારણ કે, જો કોઈ ભેળસેળ કરશે તો તેના

પોતાના માલમાં (તે ખરીદશે તે માલ) પણ ભેળસેળ કરવામાં આવશે અને જો તેની પાસે માલ નહીં હોય તો તેના બાલ બચ્ચા સાથે ભેળસેળ કરવામાં આવશે.” (તિજારત, વસાઈલ, પ્રકરણ - ૧૧૫, ભાગ - ૧૨, પાના નંબર ૨૧૦)

## મોંઘા ભાવે વેચવું એ પણ દગો છે

ખરીદ વેચાણમાં ભેળસેળની જેમ ‘ગબન’ કરવું પણ દગો છે. તેનો અર્થ વેચનાર પોતાના માલની કિંમતમાં દગો કરે છે તે છે. એટલે કે, કોઈ વસ્તુની મૂળ કિંમતની તેના ખરીદનારને ખબર ન હોય તેને તે વસ્તુ વ્યાજબી કિંમત કરતા વધારે કિંમતથી વેચે.

ઈમામ જાફરે સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "કોઈ એવા માણસને છેતરવો જે વસ્તુની મૂળ કિંમતથી અજાણ હોય (અને વેચનાર ઉપર ભરોસો અને વિશ્વાસ રાખતો હોય) તેની પાસેથી દગાથી વધારે કિંમત વસૂલ કરવી એ હરામની કમાણી (સોહત) છે." (વસાઈલ, કિતાબે તિજારત, બાબે ખયાર ૧૬, ભાગ - ૧૨, પાના નંબર ૩૬૩)

હરામ કમાણી કરવાના અર્થ વગેરેની વિગત પ્રકરણ ના. ૨૫ (ગુજરાતી 'ગુનાહાને કબીરા', ભાગ - ૨, પાના નંબર ૧૬૯)માં આવી ગઈ છે.

તે ઉપરાંત આપે ફરમાવ્યું : “કોઈ મોમીન સાથે લેણ દેણમાં દગો કરવો હરામ છે.” બીજી એક રિવાયતમાં આપે ફરમાવ્યું કે, “જો કોઈ તમારી ઉપર ભરોસો કરતું હોય તો તેની સાથે દગો કદી ન કરો . કારણ કે, તેની સાથે દગો કરવો હલાલ નથી.”

લેણદેણમાં ભેળસેળ કરવી હરામ હોવામાં કોઈ શંકા નથી; પરંતુ જે માણસ સાથે ભેળસેળનો વ્યવહાર કરવામાં આવ્યો હોય તેને તે સોદો રદ કરવાનો અધિકાર હોય તો તે વ્યવહાર સહીહ છે. એટલે કે, જે વસ્તુ આપી હોય તે પાછી લઈ લેવામાં આવે, જેમ કે

સોનાનો સોદો થયો હોય અને પિત્તળ આપવામાં આવ્યું હોય તો મૂળ સોદો બાતિલ છે.

અત્રે તવઝીહુલ મસાએલમાંથી ભેળસેળ અને ગબન વિષેના કેટલાક મસઅલા લોકોના ફાયદા માટે પ્રસ્તુત કરવામાં આવે છે.

નોંધ : - વાંચક ભાઈ બહેનો જે તે મરજઅની તકલીદમાં હોય તેમની તવઝીહુલ મસાએલ જોઈને તે પ્રમાણે અમલ કરવા વિનંતી છે. (ગુજરાતી અનુવાદક :) (મરહુમ આયતુલ્લાહ ખુઈ સાહેબ મેઝીલ્લહુ આલીના ફતવા મુજબ )

મસઅલા : - (૨૦૭૯)

જો કોઈ માણસ ચરબી ભેળવેલું ઘી વેચે અને જો તે નક્કી કરી દે, દાખલા તરીકે એમ કહે કે, એક મણ (આ) ઘી વેચી રહ્યો છું, તો તેમાં ચરબીનું જેટલું પ્રમાણ હોય તેટલા પ્રમાણનો સોદો બાતિલ થશે અને વેચનારે ચરબીના પ્રમાણની જેટલી રકમ લીધી હશે તે ખરીદનારનો માલ છે. (જે ખરીદનારને પરત કરે) અને તેમાં જેટલી ચરબી છે, તે વેચનારનો માલ છે અને તેના ગ્રાહકને ઈખ્તયાર છે કે તે ઘીનો સોદો રદ કરી શકે છે જે તેમાં ભળેલું છે. પરંતુ, જો વેચનારે નક્કી કર્યું ન હોય અને તે એક મણ ઘી ની જવાબદારી લઈને દેખાડયા વગર વેચે અને પાછળથી ચરબી ભેળવેલું ઘી

આપે તો ખરીદનાર તે ઘી પાછું આપીને શુધ્ધ ઘી આપવાનો આગ્રહ કરી શકે છે.

મસઅલા : - (૨૧૩૩)

જો ગ્રાહક કોઈ વસ્તુની કિંમતથી અજાણ હોય અથવા નક્કી કરતી વખતે ભૂલ કરે અને બજાર ભાવ કરતા મોંઘુ ખરીદે અને જે પ્રમાણે વધારે આપી ચૂકયો છે, લોકો તેને વધારે કહીને અગત્યતા આપે (મોંઘું સમજતા હોય) તો ગ્રાહક સોદાને રદ કરી શકે છે અને તેવી જ રીતે વેચનારને કોઈ વસ્તુની જાણ ન હોય અથવા તેનાથી ગફલત થઈ જાય અને પછી એટલું સસ્તું વેચી દે જેને સાંભળીને માણસો તેને

અગત્યતા આપે (ઘણું સસ્તું સમજતા હોય) તો તે પણ આ સોદાને ફોક કરી શકે છે.

મસઅલા : - (૨૧૩૨) (અગિયાર હાલતોમાંથી ચોથી હાલત)

જયારે દુકાનદાર અથવા ગ્રાહક બેઈમાની કરીને પોતાના માલને હોય તેના કરતા વધારે ચઢિયાતો દેખાડે, જેનાથી કિંમતમાં ફરક આવી જતો હોય (લોકોની નજરોમાં કિંમત વધી જતી હોય) તેને ‘ખયારે તદલીસ’ કહેવાય છે (તદલીસ એટલે કોઈની સાથે દગો કરવો અથવા વ્યાપારમાં ગ્રાહકને છેતરવો)

# પિસ્તાલીસમો ગુનોહ

# અનાજની સંગ્રહખોરી

## અનાજની (બદનિયત સાથે) સંગ્રહખોરી (એહતિકાર)

લોકોની ખાવાના ઉપયોગમાં આવતી વસ્તુઓ જેમ કે, ઘઉં, જવ, ચોખા અને ઘી ભેગું કરીને તેના મોંઘા થવાના ઈંતેઝારમાં એ હેતુથી રોકી રાખવામાં આવે કે જયારે લોકોને જરૂરત હોય ત્યારે ન મળે અને તેમની જરૂરત પૂરી થઈ ન શકે અને તે વખતે મોંઘા ભાવે વેચીને નાજાએઝ ફાયદો ઉઠાવી શકાય તેને એહતિકાર (સંગ્રહખોરી) કહેવામાં આવે છે. આ કાર્ય હરામ

અને કબીરા ગુનાહો માંહેનું છે જે કાર્ય માટે આતિશે જહન્નમનો વાયદો કરવામાં આવ્યો છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જિબ્રઈલે મને આ ખબર આપી કે મેં જહન્નમમાં એક ખીણ જોઈ, જેમાં ભડકતી આગની જવાળાઓ હતી. મેં જહન્નમના રખેવાળને પૂછયું કે આ કેવા લોકોની જગ્યા છે ? તેણે જવાબ આપ્યો કે ત્રણ પ્રકારના લોકો માટે. (૧) સંગ્રહખોર (૨) શરાબ પીનારા અને (૩) દલાલી કરનારાઓ માટે” (વસાઈલ, કિતાબે તિજારત ૨૭, ભાગ - ૧૨, પાના નંબર ૩૧૪)

આ ઉપરાંત આપે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ફરમાવ્યું : “ગુનેહગાર માણસ જ સંગ્રહખોરી કરે છે.” આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આગળ ફરમાવે છે : “જો કોઈ માણસ લોકોનો ખોરાક (ખાદ્ય પદાર્થ - અનાજ) ખરીદીને ચાલીસ દિવસ સુધી એ હેતુથી સંગ્રહ કરી રાખે કે મુસલમાનોમાં મોંઘવારી વધી જાય તો તે એટલો બધો સખત ગુનેહગાર છે કે જો તે બધો ખોરાક વેચીને તેની રકમ ખૈરાત કરી દેવામાં આવે તો પણ તેણે કરેલ ગુનાહોનો કફ્ફારો થઈ શકતો નથી.” (મુસ્દરક, કિતાબે તિજારત, પ્રકરણ ૨૭, ભાગ - ૨, પાના નંબર ૩૧૪)

અમુક રિવાયતોમાં સંગ્રહખોરોને મલઉન પણ કહેવામાં આવ્યા છે. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “એક રાત્રે બની ઈસરાઈલનો અમુક લોકો ઉપર અઝાબ નાઝિલ થયો, સવાર થતા સુધીમાં તેમના ચાર સમૂહ નાશ પામ્યા હતા. (૧) ઢોલ વગાડનારા (૨) ગીત ગાનારા (૩) સંગ્રહખોરી કરનારા અને (૪) વ્યાજ ખાનારા.” (મુસ્તદરક, કિતાબે તિજારત, બાબ ૨૧)

આ ઉપરાંત આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “જે માણસ ચાલીસ દિવસથી વધારે સમય સુધી સંગ્રહખોરી કરશે તો જન્નતની ખુશ્બુ પણ સુંધી નહીં શકે.

જયારે કે જન્નતની ખુશ્બુ પાંચસો વરસના અંતર સુધી પહોંચે છે. જો જન્નતની ખુશ્બુ પણ સુંઘી નહીં શકે તો પછી જન્નતમાં જવાનો સવાલ જ ઊભો થતો નથી.” (મુસ્તદરક, કિતાબે તિજારત, બાબ ૨૧)

આપ ફરમાવે છે, “જે માણસ મોંઘવારીની પ્રતીક્ષામાં ચાલીસ દિવસ સુધી લોકોનો ખોરાક (અનાજ) અટકાવી રાખે તો તે ખુદાથી જુદો થઈ જશે અને ખુદા તેનાથી વિમુખ થઈ જશે અને તેનો કોઈ સંબંધ ખુદા સાથે રહેશે નહી.” (મુસ્તદરક, કિતાબે તિજારત, બાબ ૨૧)

એ વાતની સ્પષ્ટતા જરૂરી છે કે નીચેના ત્રણ સંજોગોમાં સંગ્રહખોરી હરામ ગણાતી નથી.

(૧) પહેલું :- જયારે લોકોને તે અનાજની આવશ્યકતા ન હોય.

(૨) બીજું :- જરૂરત પડે ત્યારે અનાજ મળી શકે તેમ હોય. એટલે કે, કોઈ વેચતું હોય અને તેની જરૂરત પૂરી થઈ શકે તેમ હોય.

(૩) ત્રીજું :- તે અનાજ મોંઘુ થવાની પ્રતીક્ષા કરતો ન હોય. બલ્કે પોતાના કુટુંબીજનોના વપરાશ માટે અનાજ ભેગું કરતો હોય.

ટૂંકમાં, ઉપરના ત્રણેય સંજોગોમાં અનાજનો સંગ્રહ કરવો હરામ નથી. તે સિવાયના સંજોગોમાં હરામ અને ગુનાહે કબીરા છે હાકિમે શરઅ સંગ્રહખોરને તે અનાજ તેઓ

પોતે રાજી હોય તે કિંમતથી વેચવા માટે મજબૂર કરી શકે છે અને જો તે વધારે કિંમત લેવા માંગતો હોય તો હાકિમે શરઅ પોતાની મન્સુફી મુજબનો ભાવ ચૂકવીને તે અનાજ જરૂરતમંદોને વેચી શકે છે.

# છેતાલીસમો ગુનાહ

## કુર્આને મજીદની બેહુરમતી

કોઈ પણ ગુનાહ ગુનાહે કબીરા છે કે નહીં , તે જાણવાની ચોથી રીત એ છે કે, જે ગુનાહ શરીઅતના વિદ્વાનોની નજરમાં મોટા હોય અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અઈમ્મએ અતહારના જમાનાથી માંડીને પ્રવર્તમાન યુગ સુધી તમામ દીનદાર લોકોની દ્રષ્ટિએ મોટા ગુનાહ હોવાનું સાબિત હોય, તે ગુનાહો ‘ગુનાહે કબીરા’ કહેવાય છે. દીનની એ મોહતરમ અને મુકેસ વસ્તુઓની બેહુરમતી કે તૌહીન

(અપમાન) કરવી, જેનો આદર પવિત્ર મઝહબે ઈસ્લામમાં અનિવાર્ય અને જરૂરી છે, તે ગુનાહે કબીરા છે. કુર્આને મજીદ, કાઅબાએ મોઅઝઝમા, મક્કએ મુકર્રમહ, મસ્જિદો અને ચહારદાહ માસૂમીન (અલય્હિસ્સલામ)ની કબ્ર મુબારક અને રોઝા, તેમ જ સય્યદુશ્શોહદાની પવિત્ર તુર્બતનો એહતેરામ કરવો વાજિબ અને તેની તૌહીન અને બેહુરમતી હરામ છે. અત્રે ઉપર જણાવેલી વસ્તુઓના એહતેરામ વિષેના સંક્ષિપ્તમાં હુકમોનું વર્ણન કરવામાં આવે છે. અલ્લાહ તઆલા આપણને તેના હુકમોનું પાલન કરવાની તૌફીક અતા કરે, આમીન.

કુરઆનનો એહતેરામ કરવો એ મઝહબી જરૂરતો પૈકી એક જરૂરત છે :

દરેક મુસલમાન એ વાત સારી રીતે જાણે છે કે કુર્આને મજીદ એ ખલ્લાકે કાએનાતના પવિત્ર કલામ છે. ઈસ્લામી વિશ્વમાં આ કિતાબ સૌથી વધારે માનવંત અને એહતેરામને પાત્ર છે. બીજી કોઈ પણ વસ્તુ કુરઆન કરતા વધારે મોહતરમ (માનવંત) નથી. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ કુરઆનને સિકલે અકબર (બહુમૂલ્ય) ના નામથી ઓળખાવેલ છે. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : "હું તમો મુસલમાનો વચ્ચે બે

વજનદાર (ભારે) વસ્તુઓ મૂકીને જઈ રહ્યો છું. જેમાંની એક વસ્તુ કુરઆન સિકલે અકબર છે અને મારા વસી (અલી ઈબ્ને અબી તાલીબ અલય્હિસ્સલામ) અને મારા બે પુત્રો હઝરત હસન અને હઝરત હુસૈન (અલય્હિસ્સલામ) અને તેમની ઔલાદ (નવ ઈમામ અલય્હેમુસ્સલામ) સિકલે અસગર છે." (સફીનતુલ બેહાર, ભાગ - ૧, પાના નંબર ૧૩૨)

## શ્રેષ્ઠ સવાબ

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) એક લાંબી હદીસમાં કુરઆનની અઝમત બયાન કરતા ફરમાવે છે, "કયામતના દિવસે કુરઆન કહેશે :

પરવરદિગાર, તારા અમુક બંદાઓએ મારી હુરમતનો સંપૂર્ણ ખયાલ રાખ્યો, મારી હિફાઝત કરી, અને મારી કોઈ બાબતને નકામી ન જવા દીધી. પરંતુ અમુક બંદાઓએ મને નકામું કરી નાખ્યું, મારા હકને અદા ન કર્યો અને મને જૂઠલાવ્યું.” તે વખતે ખુદાવંદે આલમ ફરમાવશે : ‘મને મારી ઈઝઝત અને બુઝુર્ગી તથા ઉચ્ચ સ્થાનની કસમ, આજે હું તારા માટે શ્રેષ્ઠ સવાબ તથા સૌથી ખરાબ અને દર્દનાક અઝાબ મુકર્રર કરૂં છું.’ (અર્થાત કુર્આને મજીદનો હક અદા ન કરનાર માટે સખત અઝાબ છે.) (ઉસુલે કાફી, ભાગ - ૨, પાના નંબર ૫૯૭)

હઝરત ઈમામે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે : “ખુદાવંદે આલમે જબ્બાર ફરમાવે છે કે, મને મારી ઈઝઝતો જલાલ અને બલંદીની કસમ, આજે હું તેઓનો એહતેરામ કરીશ જેમણે તારો (કુરઆનનો) એહતેરામ કર્યો અને જેણે તને ઝલીલ કર્યુ તેને હું ઝલીલ કરીશ.” (ઉસૂલે કાફી, ફઝલે કુરઆન, હદીસ - ૧૪, ભાગ - ૨, પાના નંબર ૬૦૨)

દરેક મુસલમાન એ હકીકતથી પરિચિત છે કે, કુરઆનની તૌહીન કરવી ગુનાહે કબીરા છે. કુરઆનની તૌહીન કરવી હકીકતમાં ખુદાવંદે જહાન અને ખાતેમુલ અંબિયા હઝરત મોહમ્મદ

મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની તૌહીન છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : "કયામતના દિવસે બારગાહે ખુદાવંદીમાં મારી સાથે હાજર થનાર સર્વ પ્રથમ મારા કુટુંબીજનો અને તેની કિતાબ હશે. ત્યાર બાદ મારી ઉમ્મત હાજર થશે, પછી હું મારી ઉમ્મતને પૂછીશ કે તમોએ ખુદા અને મારી અહલેબૈત (અલય્હિસ્સલામ) સાથે કેવો વ્યવહાર રાખ્યો હતો ?"

# કુરઆન અને તેના અહકામની બેઈઝ્ઝતીનો અર્થ

કુરઆનની બેઈઝ્ઝતી થઈ છે કે નહીં, તે જાણવા માટે બેઇઝઝતી કોને કહેવાય તેની જાણકારી મેળવવી જોઈએ. જે વર્તણૂંક અને વાતચીતને જનસાધારણની ભાષામાં કુરઆનનું અપમાન અથવા બેહુરમતી સમજવામાં આવે તે વર્તણૂંક અને વાતચીત હરામ અને ગુનાહે કબીરા છે. એ કાર્યને હરામ અને ગુનાહે કબીરા એ સંજોગમાં માનવામાં આવશે કે કુરઆનની બેહુરમતી અથવા બેઇઝ્ઝતી કરનાર વ્યકિતનો ઈરાદો દીને ઈસ્લામ અને શરીઅતે હઝરત સૈયદુલ મુરસલીન (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ)ની તૌહીન કરવાનો હોય. બીજા શબ્દોમાં કહીએ તો તે વ્યકિતનો અમલ કુફ્ર અને ઈરતદાદ (ધર્મ પરિવર્તન) (પોતાનો મઝહબ છોડી જવા) માટે કારણરૂપ ગણાશે. કારણ કે, કુરઆનની તૌહીન કરવી હરામ છે કુરઆનનો આદર કરવો દીનની જરૂરીયાતોમાંથી એક જરૂરત છે. તેથી, જો કોઈ જાણી જોઈને કુરઆનને પગ નીચે કચડે અથવા તેને નજિસ વસ્તુમાં ફેંકી દે તો તેનો આ અમલ દીનની બેહુરમતી અને કુરઆનની હુરમત જાળવવાનો સ્પષ્ટ ઈન્કાર ગણાશે. એ સંજોગોમાં તે માણસ કાફર ગણાશે અને તેનું રકત વહાવવું મુબાહ ગણાશે. પરંતુ જો તે

માણસ એ વાતનો સ્વીકાર કરે કે ખૂબ જ ગુસ્સા (આવેશ)ની સ્થિતિમાં તેનાથી એ કાર્ય થઈ ગયું છે અને તે કાર્ય કરતી વખતે તેના હોશો હવાસ સ્થિર ન હતા. (તો તે સજાને પાત્ર બનશે કે કેમ તેની જાણકારી નથી) અત્રે કુર્આને મજીદનો એહતેરામ વાજિબ અને તેની બેહુરમતી હરામ હોવા વિષેના દ્રષ્ટિબિંદુઓ તરફ લક્ષ દોરવામાં આવે છે.

(૧) કુર્આને મજીદની બાંધણી (પૂંઠા), ગિલાફ (કવર), તેના પાનાઓ (જેની ઉપર કુરઆનના અક્ષરો કે વાકયો લખ્યા ન હોય) તે બધીજ વસ્તુઓની બેહુરમતી હરામ છે. તેવી જ રીતે કુર્આને મજીદને નજિસ કરવું પણ હરામ છે

અને જો કોઈ કુરઆનને નજિસ કરીને તેનું અપમાન કરવામાં આવ્યું હોય તો તેને પાક કરવું વાજિબ છે.

(૨) નજિસ શાહીથી કુરઆન લખવું હરામ છે. જો નજિસ શાહીથી કુરઆન લખવામાં આવે અથવા તો લખ્યા બાદ નજિસ થઈ જાય તો તેને પાક કરવું વાજિબ છે. જો તે પાક થઈ શકે તેમ ન હોય તો તેને દફન (દરિયામાં દાખલ) કરી નાખવું જોઈએ.

(૩) જો કોઈ કાફરને કુરઆન આપવાથી કુરઆનની બેહુરમતી થાય તેમ હોય અથવા તે કાફર કુરઆનના અક્ષરને સ્પર્શ કરે તેમ હોય તો તેને કુરઆન આપવું હરામ છે. પરંતુ,

કેટલાક આલિમો ફરમાવે છે કે કોઈ પણ હાલતમાં કાફરને કુરઆન આપવું જાએઝ નથી અને તે સંજોગોમાં કાફર પાસેથી કુરઆન પાછું લઈ લેવું વાજિબ છે.

(૪) કુરઆને મજીદ અથવા તેનું કોઈ પાનું, માસૂમીન (અલય્હિસ્સલામ)ની રિવાયત અથવા કોઈ વીંટી જેની ઉપર ખુદાનું નામ કોતરવામાં (લખવામાં) આવ્યું હોય અથવા તુરબતે સૈયદુશ્શોહદા (અલય્હિસ્સલામ) અથવા એ પ્રકારની બીજી વસ્તુઓ જે મઝહબી દ્રષ્ટિએ એહતેરામને પાત્ર હોય, તેવી વસ્તુઓની તૌહીન કરવી હરામ અને એહતેરામ કરવો વાજિબ છે. જો ખુદાના ખાસ્તા તેવી વસ્તુઓ પાયખાના

(સંડાસ)માં પડી જાય તો તેમાંથી તરત જ બહાર કાઢવી અને પાક કરવી વાજિબ છે, ભલે તે માટે ગમે તેટલો ખર્ચ થાય. જયાં સુધી તે વસ્તુઓ બહાર ન કાઢવામાં આવે ત્યાં સુધી તે સંડાસમાં હાજતે જવું (સંડાસ વગેરે કરવું) હરામ છે. જો તે વસ્તુઓ બહાર કાઢવી શકય ન હોય તો તે પાયખાનું વાપરવાનું બંધ કરી દેવું જોઈએ. જેથી બીજું કોઈ ત્યાં નજાસત ન કરે અને ત્યાં વધારે નજાસત ભેગી ન થાય. એહતેરામને પાત્ર મઝહબી પવિત્ર વસ્તુઓ નજિસ થઈ જતાં તેને પાક કરવાની જવાબદારી ફકત તેના માલિક અથવા તે વસ્તુ નજિસ કરનાર ઉપર જ નથી; પરંતુ તે વાત જાણનાર

તમામ મુસલમાનો માટે વાજિબ છે. પરંતુ આ કામ વાજિબે કીફાઈ છે. એટલે કે, જો કોઈ એક વ્યકિત તે કામ કરી નાખે (એટલે કે નજિસ થએલ વસ્તુઓને પાક કરી નાખે) તો બીજાઓ માટે તે કામ વાજિબ રહેતું નથી. પરંતુ જો બધા લોકોને તેની જાણ હોય અને કોઈતે વસ્તુને પાક ન કરે તો બધા માણસો ગુનેહગાર અને જવાબદાર રહેશે.

(પ) જે વ્યકિતને નમાઝ પડવા માટે વઝુ અથવા ગુસ્લ કરવું જરૂરી હોય તેણે કુરઆને મજીદના અક્ષરોને અડવું હરામ છે. તેવી વ્યકિત હાથથી અડે, ચૂંબન કરે કે શરીરના બીજા કોઈ અવ્યવ કુરઆનને અડાડે

તેમાં કશો ફેર પડતો નથી. આ બધી જ બાબતો હરામ છે. આ હુકમના ફુરૂઆત (વિવિધ હુકમો) ઘણાં છે જે જાણવા માટે ‘ઉર્વતુલ વુસ્કા’ની ફસલે વઝુના મસઅલા નો એકથી ઓગણિસનો અભ્યાસ કરવા વિનંતી છે.

(૬) જનાબ શેખ અન્સારી (અ.ર.) મકાસિબે મોહર્રમહમાં ફરમાવે છે કે ફોકહાનો એક સમૂહ એ હુકમની સ્પષ્ટતા કરે છે કે કુર્આને મજીદનું ખરીદ અને વેચાણ કરવું હરામ છે. તેઓએ આ વાતની દલીલરૂપે એક રિવાયત નોંધી છે, જેનું વર્ણન આ પાનાઓમાં કરવાની શકયતા નથી. તેથી ફકત કુરઆનની બાંધણી (બાઈન્ડીંગના પૂંઠા) તેના પાનાઓ અને

કાગળોની નિય્યતથી ખરીદ અને વેચાણ કરવું જોઈએ. એટલે કે, તેને ‘કુરઆનની નિયત ગણવામાં ન આવે.’ અને વેચાણ કરનાર હદિયા તરીકે ખરીદનારને ભેટ આપી શકે છે.

## યાદ રાખવા જેવી એક વાત

જે વ્યકિતને માઅરેફતે ઈલાહી હોય અને તેને પરવરદિગારે આલમની અઝમત અને જલાલનો પરિચય મેળવવાનું પૂરતું સદભાગ્ય પ્રાપ્ત થયું હોય તેવી સઆદતમંદ વ્યકિતની દ્રષ્ટિમાં કુરઆન મજીદ ‘બેહદ અઝીમ’ છે. તેથી, તેવી વ્યકિત કુર્આને મજીદનો અદબ અને એહતેરામ જાળવવામાં જરાપણ પાછી પાની કરતી નથી અને કુર્આને મજીદનો પૂરેપૂરો

અદબ અને એહતેરામ જાળવ્યા પછી પણ પોતાને એ વાત માટે કસૂરવાર સમજશે કે પોતે કલામે ઈલાહીનો જોઈએ તેટલો હક અદા કરી શકતો નથી. એવી માઅરેફત ધરાવનાર વ્યકિત કયારેય પણ વઝુ કર્યા વગર કુરઆનને અડકવાની હિંમત કરતી નથી. એટલે કે, હદસની હાલતમાં તે કુરઆનની બાંધણી (બાઈન્ડીંગના પૂંઠા) કે હાંસિયાને પણ સ્પર્શ કરવો નહીં. નજિસ થએલા હાથથી ભલે સૂકા હોય તો પણ કુરઆન રાખવું નહીં. જો કુર્આને મજીદને હંમેશા સાથે રાખવું હોય તો હંમેશા વઝુ સાથે (બા તહારત) રહેવું. કુર્આને મજીદની તિલાવત કરતી વખતે કુરઆન તરફ પીઠ ન

કરવી, કુરઆનની સામે પોતાના પગ લંબાવીને ન બેસવું, અને કુરઆનની ઉપર બીજી કોઈ વસ્તુને રાખવી નહીં, કુરઆન મજીદની તિલાવત કરતી વખતે અદબપૂર્વક કિબ્લા તરફ મુખ રાખીને બિલકુલ આરામથી હુઝૂરે કલ્બ સાથે, હિકમત અને નસીહતની અસર લઈને ચિંતન અને મનન કરતા કરતા તિલાવત કરવી જોઈએ. કુરઆનમાં એ પરવરદિગારનું ફરમાન છે : “શું આ લોકો કુરઆનમાં (જરા પણ) ચિંતન નથી કરતા ? શું તેઓના દિલો (અંતઃકરણો) ઉપર તાળા પડલાં (લાગી ચૂકયા) છે ?” (સૂરએ મોહમ્મદ - ૪૭, આ : ૨૪)

જો બીજી કોઈ વ્યકિત કુરઆનની તિલાવતમાં મશગૂલ હોય તો તેની તિલાવત સાંભળે અને કુરઆનના એહતેરામ માટે ચૂપ કહે. જે વિષે ખુદાનો હુકમ છે કે, “જયારે કુરઆન પડવામાં આવે ત્યારે તમે તેન ધ્યાન દઈને સાંભળો અને ચૂપ (ચાપ) રહો, જેથી તમારા ઉપર રહેમ કરવામાં આવે.” (સૂરએ આ’અરાફ - ૭, આ : ૨૦૪)

જો કોઈ જગ્યાએ યોજાએલ બેઠકના હાજર રહેલ લોકો કુરઆનનો એહતેરામ જાળવતા ન હોય અને કાન દઈને (ધ્યાનપૂર્વક) સાંભળતા ન હોય તો તેવી જગ્યાએ તિલાવત ન કરવી જોઈએ.

'ગુલઝારે અકબરી' કિતાબના ગુલશન એકાવન અબૂલ વફા હરૂદીએ નોંધ્યું છે કે, તેઓ ફરમાવે છે : "હું બાદશાહે વકતના દરબારમાં તિલાવત કરી રહ્યો હતો ત્યારે ત્યાં હાજર રહેલા લોકો વાતચીત કરવામાં વ્યસત હતા. તે રાત્રે મેં હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને સ્વપ્નમાં જોયા. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ચહેરાનો રંગ બદલાઈ ગયો હતો. આપે મને સંબોધીને ફરમાવ્યું : 'જે મજલિસમાં લોકો કુરઆનની તિલાવત સાંભળતા ન હોય અને પરસ્પર વાતચીતમાં મશગૂલ હોય તેવી મજલિસમાં તું તિલાવત કરે છે. બેશક, આજ

પછી ખુદાની મરજી શામીલ નહીં હોય તો તું (કુરઆનના આદાબ ન જાળવવાને કારણે) કયારેય કુરઆનની તિલાવત કરી શકીશ નહીં.' ત્યારપછી મારી આંખો ખૂલી ગઈ અને હું મૂંગો (બોલવાની શક્તિ વગરનો) થઈ ગયો હતો. પરંતુ આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું હતું કે ઇલ્લા માશાઅલ્લાહ (જો ખુદાની મરજી હોય) તેથી મને આશા હતી કે મારી વાચા (બોલવાની શકિત) પાછી આવી જશે. ચાર મહિના પછી એ જ જગ્યાએ જયાં મેં સ્વપ્ન જોયું હતું ત્યાં જ મને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને સ્વપ્નમાં જોવાનું

સદભાગ્ય પ્રાપ્ત થયું. આપે ફરમાવ્યું : ‘કદ - તુબ્ત’ ‘નિશંક, તે તોબા કરી (લીધી) છે.’ મેં જવાબ આપ્યો, જી હા, યા રસુલલ્લાહ. આપ. (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું : ‘જે માણસ અલ્લાહ તઆલા તરફ (પ્રાયશ્ચિત કરી) પાછો ફરે છે, ખુદાવંદે આલમ તેની મગફેરત કરે છે.’ ત્યારપછી ફરમાવ્યું : ‘તારી જીભ બહાર કાઢ.’ મેં જીભ બહાર કાઢી ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઈશારાની આંગળી મારી જીભને અડાડી અને ચેતવણી આપતા ફરમાવ્યું કે : ‘જયારે તું કોઈ મજલિસમાં કુરઆન પડ (અને તેઓ ન સાંભળે) તો જયાં સુધી બેઠકમાંના

લોકો કલામે રબ્બુલ ઈઝઝતને સાંભળવા માટે તૈયાર ન થાય ત્યાં સુધી તારી તિલાવતને અટકાવી દે.’ જયારે હું ઊંઘમાંથી જાગૃત થયો ત્યારે મારી વાચા આવી ગઈ હતી.” ઉપર જણાવેલ કિતાબના ગુલશન એંસીમાં દીની પવિત્ર વસ્તુઓના એહતેરામ અને તૌહીન વિષે અમુક હિકાયતો નોંધવામાં આવી છે. આ વિષયના વાંચનમાં રસ ધરાવનાર વાંચકોએ ગુલઝારે અકબરીનું વાંચન કરવા વિનંતી છે એ વાત પણ યાદ રાખવી જરૂરી છે કે, જેવી રીતે કુર્આને અઝીમનું અપમાન અને તિરસ્કાર ગુનાહે કબીરા અને હરામ છે, તેવી જ રીતે ચહારદા માસૂમીન (અલય્હિસ્સલામ)થી સંબંધિત

રિવાયતો અને હદીસોના સંગ્રહ જેમ કે, સહીફએ સજજાદીયા વગેરેની બેહુરમતી કરવી હરામ છે. જેમ કે, તેવી કિતાબોને લાપરવાહીથી જમીન ઉપર ફેંકી દેવી, અથવા તેની ઉપર પગ રાખવા વગેરે કાર્યો જે જનસાધારણની દ્રષ્ટિએ તે વસ્તુનું અપમાન તિરસ્કાર ગણાતા હોય તો તેવા કાર્યો હરામ છે.

# સુડતાળીસમો ગુનોહ

## ખાનએ - કાઅબાની બેહુરમતી

કુર્આને પાક પછી ઈસ્લમાની દુનિયામાં કાઅબએ મોઅઝ્ઝમામાંથી વધારે વસ્તુ પ્રિય, માનવંત અને પવિત્ર નથી. દરેક મુસલમાન એ વાત સ્પષ્ટ રીતે જાણે છે કે, ખાનએ-કાઅબાની બેહુરમતી એ ફકત ગુનાહે કબીરા જ નથી પણ અમુક સંજોગોમાં તો તે કુફ્ર અને ઈરતદાદ (ધર્મ પરિવર્તન) માટે પણ કારણરૂપ બની જાય છે. કુરઆનની બેહુરમતીના પ્રકરણમાં પણ આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સદુક (અ.ર.) ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ની રિવાયતમાં નોંધે છે કે : “ખુદાવંદે આલમની નજરોમાં ત્રણ વસ્તુઓ એટલી મોહતરમ છે કે તેની સરખામણીમાં બીજી કોઈ વસ્તુ એહતેરામને પાત્ર નથી. (૧) પહેલું કુર્આને મજીદ જે ખુદાની હિકમતે બાલેગા અને ખુદાનું નૂર છે. (૨) બીજું બયતુલ્લાહ જે લોકો માટે કિબ્લો બનાવવામાં આવ્યો છે. (૩) ત્રીજું આપણા નબીએ આ’ઝમની ઈત્રત એટલે કે આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) વ અજમઈન છે.” (ખેસાલ સદૂક પાના નંબર ૧૪૬)

આ ઉપરાંત આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "ખુદાવંદે અઝ્ઝ વ જલ્લે કાઅબા સિવાય જમીન ઉપર કોઈ એવું મકાન બનાવ્યું નથી જે તેને વધારે પસંદ અને એહતેરામને પાત્ર હોય." (મનલા યહઝરૂલ ફકીહ, ભાગ - ૨, પાના નંબર ૧૭૫)

દરેક સાહેબે ઈમાન અને તમામ મુસલમાનો એ હકીકતને સારી રીતે જાણે છે કે કાઅબએ મોઅઝઝમાની તૌહીન કરવી ગુનાહ છે. બલ્કે તમામ હરમે ઈલાહી અને શહેરે મક્કાનો એહતેરામ કરવો તમામ મુસલમાનો ઉપર વાજિબ અને જરૂરી છે.

## ખાનએ - કાઅબાની હુરમત જાળવવાની તાકીદ

આ ઉપરાંત ખાનએ-કાઅબાની બેહુરમતી કરવી એ ગુનાહે કબીરા હોવાની ‘નસ્સ’ મોજૂદ છે. પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ સ્પષ્ટ રીતે ઈરશાદ ફરમાવે છે કે, “બયતુલ હરામની તૌહીન અને તેની બેહુરમતી કરવાને જાએઝ સમજવું એ ગુનાહે કબીરા છે.”

ખુદાવંદે કરીમ સૂરએ માએદાહમાં ઈરશાદ ફરમાવે છે : “અય ઈમાન લાવનારાઓ ખુદાની નિશાનીઓની બેહુરમતી કરવાને હલાલ ન સમજો. (અલ્લાહની નક્કી કરેલી

નિશાનીઓની અવગણના ન કરો.)” (સૂરએ માએદાહ - ૫, આ : ૨)

તફસીરે ‘મીઝાન’માં લખ્યું છે કે : ‘એહલાલ’ એટલે કોઈ મોહતરમ વસ્તુને લાપરવાહી અને બેદરકારીથી મુબાહ સમજવી અને અલ્લાહની નિશાનીઓનો એહતેરામ કરવાનું છોડી દેવું, તેવો અર્થ થાય છે. એ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે કાઅબએ-મોઅઝઝમા એ અલ્લાહની નિશાની છે. ઈરશાદ છે : “ જે માણસ ખુદાની હુરમતવાળી વસ્તુઓ (ને લગતી આજ્ઞાઓ)નો આદર કરશે તો તેના માટે પરવરદિગારની પાસે ઉત્તમ (બદલો) છે.” (સૂરએ હજ - ૨૨, આ : ૨૮)

અમુક તફસીરકારોની દ્રષ્ટિએ આ આયતે શરીફાના ‘હુરમાતુલ્લાહ’ શબ્દનો અર્થ કાઅબએ મોઅઝ્ઝમા બયતુલ હરામ છે. આ ઉપરાંત મસ્જિદુલ હરામ અને મક્કએ મુકર્રમા જે ‘બલદુલ હરામ’ છે. તેમજ ‘હરામ મહિનાઓ’ (જે મહિનામાં યુધ્ધ કરવું હરામ છે) તથા બીજી હુરમતવાળી વસ્તુઓનો સમાવેશ થાય છે.

## અપમાનના દરજજા

આ પહેલા વર્ણન થઈ ગયું છે તે પ્રમાણે બેહુરમતીના કેટલાંક દરજજા છે. જેમ કે, કુરઆનને ફાડી નાખવું અથવા જાણી જોઈને તેની ઉપર નજાસત લગાડવી કુફ્ર અને ધર્મપરિવર્તન માટે કારણ રૂપ બને છે. પરંતુ

તૌહીનના અમુક બીજા દરજ્જા પણ છે, જેમાંના અમુક નીચે પ્રમાણે છે.

## હરમમાં કુફ્ર (બેદીની) (ઈલ્હાદ)

મક્કાએ મોઅઝઝમામાં કરવામાં આવતા શરીઅતના વિરૂધ્ધના દરેક કાર્યો અને ગુનાહ, જે બયતુલ્લાહ અને બલદુલ હરામના તિરસ્કાર માટે કારણરૂપ બનતા હોય તે અપમાનની વ્યાખ્યામાં ગણાઈ છે. કારણ કે, તેમાં જઈને ઈલાહી કાયદાઓની વિરૂધ્ધ કાર્ય કરવું, તેની અત્યંત બેઈઝ્ઝતી, તેના પ્રત્યે (લાપરવાહી) અને તેની બેહુરમતી છે. અમુક રિવાયતો પ્રમાણે હરમે ખુદામાં કોઈ નેક અમલ કરવાથી બમણો (ડબલ) સવાબ મળે છે. અને તેનાથી

ઉલ્ટું હરમમાં કરવામાં આવતા ખરાબ અમલનો અઝાબ બીજી જગ્યાઓના પ્રમાણમાં બમણો હોય છે.

અહલેબૈત અત્હાર (અલય્હિસ્સલામ)ની રિવાયતોમાંથી એ તારણ કાઢી શકાય છે કે, જો કોઈ હરમમાં એવા ગુનાહ કરે કે જે ગુનાહ માટે હદ કે સજા નિશ્ચિત કરવામાં આવી હોય તો તેને નિશ્ચિત થએલ સજા મળવી જોઈએ. તેનું કારણ એ છે કે, તે કામ હરમે ખુદાની બેહુરમતી માટે કારણરૂપ બન્યું છે. તેથી એ ગુનાહ જે હરમે ખુદામાં કરવામાં આવે તે ગુનાહે કબીરા છે. અમુક ફકીહો જેમ કે, શેખ અહમદ જઝાયરી તેમની કિતાબ આયાતુલ અહકામની કિતાબે

હજમાં પાના નંબર ૧૬૧ ઉપર ફરમાવે છે કે, હરમે ખુદામાં કરવામાં આવતા દરેક ગુનાહ, ગુનાહે કબીરા હોવાની દલીલ એ છે કે તે માટે કુર્આને મજીદમાં અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે. ઈરશાદ છે : "અને જે માણસ હરમમાં ઈલ્હાદ (એટલે કે ઝુલ્મ અને ધૃષ્ટતા દ્વારા કાનૂને ઈલાહી અને હકની વિરૂધ્ધ વર્તન) કરે તો અમે તેને દર્દનાક અઝાબની મજા ચખાડી દેશું. બેશક, જે ઈમાન નથી લાવ્યા તથા લોકોને રાહે ખુદાથી તથા જે મસ્જિદુલ હરામ (માં જવા)થી અટકાવે છે કે જેમાં અમોએ સર્વે લોકોનો હક રાખ્યો છે ત્યાંનો રહેનારો હોય તો પણ તથા બહારનો હોય તો પણ (તેમને

સમાન હક આપ્યો છે) અને (આ છતાં) જે (કોઈ) તેમ ઈચ્છશે તો તેને દુઃખદાયક અઝાબની મજા ચખાડશું.” (સૂરએ હજ - ૨૨, આ : ૨૫)

યાદ રાખો, કે મક્કાએ -મોઅઝ્ઝમાની હદમાં થનાર દરેક ગુનાહ પોતે જ ગુનાહે કબીરા છે. કારણ કે, જે ગુનાહ કરવામાં આવે છે તેના કારણે હરમે ઈલાહી અને બલદે અમનની તૌહીન થાય છે. તેથી હરમની બેહુરમતીના ગુનાહ એ ગુનાહ ઉપરાંતના છે, એટલે કે તે બે ગુનાહે કબીરા ગણાય છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “એ દરેક ઝુલ્મ

જે લોકો મક્કએ-મુકર્રમામાં પોતાની ઉપર કરે છે, જેમ કે, ચોરી અથવા બીજા કોઈ ઉપર ઝુલ્મ અથવા તો કાનૂને ઈલાહીની હદો ઓળંગી જાય છે, તે મારી નજરે ‘ઈલ્હાદ’ છે.” આ જ કારણોસર એહલે તકવા, હરમે ઈલાહીમાં વધારે સમય રોકાવાથી પરહેઝ કરે છે, જેથી હરમમાં કોઈ ગુનાહ ન થઈ જાય અને તે કારણે અઝાબે ઈલાહીમાં ફસાઈ ન જવાય.

કિતાબે ‘વાફી’માં આ રિવાયત સાથે સામ્ય ધરાવતી ઘણી રિવાયતો નોંધવામાં આવી છે.

અલ્લામા મજલીસી (અ.ર.) ઉપરની હદીસના વિવરણમાં ફરમાવે છે કે આ હદીસે

શરીફથી એ વાત સ્પષ્ટ થાય છે કે જે માણસ મક્કામાં ગુનાહ કરવાથી બચી શકતો હોય તેને માટે મક્કાની હદમાં રહેવામાં કોઈ કરાહત (અજુગતી - અણગમાભરી વાત) નથી. કોઈએ હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછયું કે, "મક્કામાં એક પક્ષી છે, જેની તકલીફથી હરમના કબૂતર સુરક્ષિત નથી." ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "તે (પક્ષી)ને પકડીને મારી નાખો. કારણ કે, તેણે હરમમાં 'ઈલ્હાદ' કરેલ છે." (કિતાબે કાફી, કિતાબે હજ, પ્રકરણ ૧૪૧)

એ વાતથી કોઈ અજાણ નથી કે, હરમે ઈલાહીની હદબધી બાજુથી ચાર ફરસખ છે. જે બધું મળીને સોળ ફરસખ થાય છે. (એ ફરસખ ત્રણ માઈલ જેટલું થાય છે) (મસાલિક, કિતાબે હજ પાના નંબર ૧૪૨ )

## હરમ શાંતિની જગ્યા છે

જો કોઈ માણસ હરમની બહાર કોઈ ગુનોહ કરે કે ખયાનત કરે અને ત્યાર પછી હરમમાં પનાહ (રક્ષણ) મેળવી લે તો બીજો કોઈ માણસ તેની ઉપર હાથ મૂકી શકતો નથી. પરંતુ તેની સાથે ઉઠવું બેસવું અને સામાજિક વ્યવહાર તોડી નાખવા જોઈએ, તેની સાથે લેણદેણ સખ્તીપૂર્વક છોડી દેવી જોઈએ. એટલે

સુધી કે, તે જયારે પોતાની મરજીથી હરમ બહાર નીકળી જાય ત્યાર પછી તેને તેના ગુનાહની સજા આપવી જોઈએ. પરંતુ જો કોઈ માણસ હરમની અંદર એ પ્રકારનો ગુનોહ કરે જેનું વળતર, હદ અથવા તઅઝીર કરવી (ચેતવણી - ઠપકો આપવો) જરૂરી હોય તો એ સંજોગોમાં હરમની અંદર જ તેનો કિસાસ (વળતર - બદલો) લઈ શકાય છે. અથવા તેની ઉપર હદ જારી કરી શકાય છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને એવા માણસ વિષે પૂછવામાં આવ્યું કે, “જો કોઈ હરમની બહાર કોઈને કતલ કરે અને પછી તે માણસ હરમમાં દાખલ થઈ

જાય તો ?” (તેની સાથે શું વ્યવહાર કરવો ?) આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “જયાં સુધી તે હરમમાં છે ત્યાં સુધી તેને કતલ કરવામાં નહીં આવે. એવા માણસને ખાવા પીવાનું ન આપવું જોઈએ. તેની સાથે કોઈ પણ પ્રકારની લેણદેણનો વ્યવહાર ન કરવો જોઈએ. તેને રહેવા માટેની જગ્યા ન આપવી જોઈએ. એટલે સુધી કે જયારે હરમની બહાર નીકળી જાય ત્યારે તેની ઉપર હદ જારી કરી શકાય છે.”

ત્યારપછી પ્રશ્ન કરવામાં આવ્યો. “આપ એવા માણસ વિષે શું ફરમાવો છો જે હરમની અંદર કોઈને કતલ કરે અથવા ચોરીનો ગુનોહ કરે ?” ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું :

"એવા માણસ ઉપર હરમમાં જ હદ જારી કરવામાં આવશે. કારણ કે, તેવા માણસના દિલમાં હરમે ખુદા માટે કોઈ હુરમત બાકી રહી નથી."

સમાઅહે ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછયું કે, "કોઈ માણસ પાસે મારો માલ હતો. તે અમુક મુદ્દત સુધી મારાથી છૂપાતો રહ્યો. એટલે સુધી કે, એક દિવસ મેં તેને કાઅબાની આજુબાજુમાં તવાફ કરતો જોયો. તો શું હું તે વખતે તેની પાસે મારા માલની માંગણી કરી શકું છું ?" આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "નહીં, બલ્કે તેને સલામ પણ ન કરો.(જેથી તે તને ઓળખી

જાય)જયાં સુધી તે હરમની બહાર નીકળી ન જાય ત્યાં સુધી તેને ડરાવો નહીં.” (વાફી, કાફીમાંથી નકલ, પાના નંબર ૧૭)

## પ્રાણીઓને ઝબ્હ કરવા અને ઝાડ પાન ઊખાડવા

હરમે ખુદામાં ઊંટ, ગાય, ઘેટાં, અને મુરઘી સિવાય હરમમાં મોજૂદ બીજા કોઈ જાનવરને ઝબ્હ કરવા હરામ છે. પરંતુ સાંપ, વીંછી, ઉંદર, મચ્છર, અને દરેક ઝેરી અને નુકસાનકર્તા પ્રાણી અને જંતુના નુકસાનથી બચવા માટે મારવા જાએઝ છે. તેવી જ રીતે હરમમાં ઉગતા કોઈ ઝાડ અથવા વનસ્પતિને તોડવી પણ હરામ છે. આ વિષયમાં વધારે

જાણકારી માટે મરાજએ – આ’ઝમ (મુજતહીદે – આ’લમ) ના મનાસિકે હજનો અભ્યાસ કરવા વિનંતી છે.

## એહરામ વગર હરમમાં પ્રવેશવું

મક્કાએ - મોઅઝ્ઝમા બલ્કે હરમમાં પણ એહરામ વગર દાખલ થવું જાએઝ નથી. એટલે કે, વર્ષ દરમિયાન જયારે પણ હરમ અને મક્કાએ - મોઅઝ્ઝમા જવાનું થાય ત્યારે મીકાતથી એહરામ બાંધીને એ જ હાલતમાં દાખલ થવું વાજિબ છે. પછી તવાફ, સઈ અને તકસીર પછી એહરામની બહાર નીકળી શકાય છે. પરંતુ જે માણસનો વ્યવસાય હરમ અને મીકાતમાંથી વારંવાર આવવા જવાનો હોય,

જેમ કે ટપાલી, કઠિયારા, ગોવાળ, (જાનવર ચરાવનાર ) ડ્રાઈવર વગેરે આ હુકમમાં અપવાદ છે. તેવી જ રીતે અગાઉના એહરામ અને વર્તમાન એહરામની વચ્ચે એક માસથી ઓછી મુદ્દત પસાર થઈ હોય. આ વિષયના વધુ મસાએલ જાણવા ઈચ્છા ધરાવતા વાચક તવઝીહુલ મસાએલનું વાંચન કરી શકે છે.

અમુક ફોકહાએ - ઉઝઝામ એહરામ બાંધ્યા વગર હરમની હદમાં દાખલ થવાને ગુનાહે કબીરા સમજે છે. જેની વિગત ‘ઈસ્તેહલાલુલ – બય્ત’ ના વિષયમાં બયાન કરવામાં આવી છે.

કિબ્લા તરફ મુખ કે પીઠ કરીને કુદરતી હાજતે જવું :

કિબ્લા તરફ મુખ અથવા તો પીઠ કરીને પેશાબ કે પાયખાના (સંડાસ ) માટે બેસવું હરામ છે. આ હુકમ વસ્તી, વિરાન જગ્યા કે ઈમારતની અંદર પણ લાગું પડે છે એહતિયાત એ છે કે નાબાલિગ બાળકને પણ આ કામ માટે (પેશાબ કે સંડાસ કરવા માટે) કિબ્લા તરફ ન બેસાડવા જોઈએ. અલબત્ત, જો બાળક પોતે એમ કરે તો તેને ચેતવવું (ટોકવું) વાજિબ નથી. પરંતુ જો કોઈ આકિલ અને બાલિગ માણસ એવું કરે તો તે મસઅલા ન જાણતો હોય તો તેને સમજવો જોઈએ. જો મસઅલા જાણતો હોવા

છતાં જાણી બૂજીને એમ કરે તો નહીં અનીલ મુન્કરની દ્રષ્ટિએ તેને એમ કરવાની મનાઈ કરવી વાજિબ છે, જેનું વિગતવાર વર્ણન નહીં અનીલ મુન્કરના પ્રકરણમાં થઈ ગયું છે.

જો કિબ્લાની દિશાથી થોડું ડાબી કે જમણી બાજું ફરી જવામાં આવે, જેને સંપૂર્ણ રીતે કિબ્લાની સામે કે કિબ્લા તરફ પીઠ રાખેલી ગણવામાં ન આવે તો હરામ નથી. આ વિષયની વધારે વિગત માટે મરજા-એ-કિરામના રિસાએલે-અમલીયાનો અભ્યાસ કરવા વિનંતી છે.

# અડતાલીસમો ગુનોહ

# મસ્જિદની બેહુરમતી

જે ઈમારતને મસ્જિદનું નામ આપવામાં આવ્યું હોય, જેને કોઈ એક અથવા બીજા (ગમે તે) ઈસ્લામ સાથે સંબંધિત ફીરકાના લોકોએ બનાવી હોય તેનો એહતેરામ કરવો વાજિબ છે અને તેની બેહુરમતી કરવી એટલે કે, મસ્જિદને ખરાબ કરવી અથવા તેમાં નજાસત નાખીને ગંદી (નજીસ) કરવી ગુનાહે કબીરા છે.દરેક દીનદાર વ્યકિત સ્પષ્ટ અને સારી રીતે એ વાતને જાણે છે કે, મસ્જિદ પરવરદિગારે આલમ સાથે સંબંધિત છે. “વ અન્નલ મસાજેદ લિલ્લાહે”

એટલે કે, મસ્જિદો અલ્લાહના નામ સાથે જોડાએલ છે, તેથી મસ્જિદની બેહુરમતી એ ખુદાવંદે તબારક વ તઆલાની બેહુરમતી સમાન છે.

રાવી અબુ બસીર કહે છે કે, હઝરત અબા અબ્દીલ્લાહ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે, “મસ્જિદોનો એહતેરામ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તેનું શું કારણ છે ?” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “તેનું કારણ એ છે કે : જમીન ઉપર મસ્જિદો એ અલ્લાહનું ઘર છે.” (વસાઈલ, કિતાબુસ્સલાત, પ્રકરણ ૮, ભાગ 3, પાના નંબર ૫૫૭)

રિવાયતમાં છે કે, ખુદાવંદે તબારક વ તઆલાએ ફરમાવ્યું કે, “મસ્જિદ જમીન ઉપર મારૂં ઘર છે. એ બંદાઓ કેટલા સદભાગી છે જેઓ મારા ઘરમાં વઝુ કરે છે અને બાતહારત મારા ઘરમાં મારી ઝિયારત કરે છે. એ સંજોગોમાં ઘરના માલિક (ખુદા) માટે એ જરૂરી છે કે જે તેની ઝિયારત માટે આવે તેનો એહતેરામ કરવામાં આવે. જે લોકો રાત્રિના અંધકારમાં મસ્જિદમાં જવાના ઈરાદાથી પોતાના ઘરની બહાર નીકળે છે તેને એ નૂરની બશારત આપો, જે નૂર હું તેને કયામતના દિવસે આપીશ.” (વસાએલુશ્શિઆ, કિતાબુસ્સલાત, પ્રકરણ ૨૯)

આ ઉપરાંત દરેક મોમીનો મસ્જિદોની બેહુરમતીને ગુનાહે કબીરા સમજે છે. કુર્આને મજીદમાં મસ્જિદોને ખરાબ કરવાને મસ્જિદોની બેહુરમતીનો એક પ્રકાર ગણવામાં આવ્યો છે. તેમ જ ઝુલ્મના દરજ્જાઓ પૈકી મોટો ઝુલ્મ પણ ગણવામાં આવેલ છે.

ઈરશાદ છે : “ એનાથી વધીને બીજો કોણ ઝાલિમ હશે જે ખુદાની મસ્જિદોમાં ખુદાનું નામ લેવાથી અટકાવે અને તેની ખરાબી માટે કારણરૂપ હોય. તથા તે (મસ્જિદો)નો નાશ કરવાનો પ્રયત્ન કરે.” (સૂરએ બકરહ -૨, આયત : ૧૧૪)

અત્રે અમે મસ્જિદો વિષેના કેટલાક હુકમો તેની સનદો (સંદર્ભ) નો ઉલ્લેખ કર્યા વગર સંક્ષિપ્તમાં રજૂ કરી રહ્યા છીએ.

(૧) મસ્જિદોને નજિસ કરવી હરામ છે :

મસ્જિદોને નજિસ કરવી હરામ છે. તેવી જ રીતે, કોઈ એવી નજિસુલ અય્ન વસ્તુને મસ્જિદમાં લાવવી જેનાથી મસ્જિદ નજિસ થવાની શકયતા હોય તો તે પણ હરામ છે. તેનાથી મસ્જિદ નજિસ ન પણ થાય, પરંતુ મસ્જિદની બેહુરમતી થાય તો પણ હરામ છે. અયન નજાસત નહીં પણ નજિસ થએલી વસ્તુને મસ્જિદમાં લઈ જવાનો એ જ હુકમ છે. ભલે પછી તે વસ્તુ સૂકી હોય અને તેના કારણે

મસ્જિદ નજિસ થવાની શકયતા ન પણ હોય તો પણ હરામ છે. પરંતુ જો મસ્જિદ નજિસ ન થાય અને મસ્જિદની બેહુરમતી પણ થતી ન હોય તો જાએઝ છે. તેમ છતાં બિના બર એહતિયાત અય્ન નજિસ વસ્તુને કોઈ પણ સ્થિતિમાં મસ્જિદમાં લઈ જવી ન જોઈએ.

(૨) મસ્જિદની તહારત વાજિબ છે :

(૨) મસ્જિદમાંથી નજાસતને દૂર કરવી તેમ જ મસ્જિદને તૂરત જ પાક કરવી વાજિબ છે, જેથી જનસાધારણની ભાષામાં એવું ન કહેવામાં આવે કે, મસ્જિદ પાક કરવામાં વિલંબ અને ગફલત કરવામાં આવી છે. મસ્જિદને ‘તૂરત જ પાક કરવાનો’ અર્થ એ છે કે જો

નમાઝનો સમય તંગ ન હોય તો પહેલા મસ્જિદ પાક કરી નાખવી જોઈએ. મસ્જિદની જમીન, છત, દીવાલ, મસ્જિદના અંદરનો કોઈ ભાગ અને પાથરણા પાક કરવા માટે કોઈ વિશેષ (જુદો) હુકમ નથી. પરંતુ નજિસ થએલી બધી જ વસ્તુઓ તૂરત જ પાક કરવી વાજિબ છે. અત્રે આ વાતની સ્પષ્ટતા જરૂરી છે કે, ફકત મસ્જિદને નજિસ કરનાર ઉપર મસ્જિદ પાક કરવાની જવાબદારી નથી, પરંતુ એ કામ તમામ મુસલમાનો માટે વાજીબે કીફાઈ છે. જો તે માટે (માલ) ખર્ચ કરવો જરૂરી હોય તો ખર્ચ કરવો વાજિબ છે. જો તે કામ કોઈ એકલા

માણસથી થઈ શકે તેમ ન હોય તો બીજા લોકોની મદદ લેવી વાજિબ છે.

(૩) જનાબત, હૈઝ અને નિફાસની હાલતમાં મસ્જિદમાં રોકાવું :

ગુસ્લે જનાબત વાજિબ હોય તેવી વ્યકિત, તેમ જ હૈઝ અને નિફાસવાળી સ્ત્રીઓએ મસ્જિદમાં રોકાવું હરામ છે. કુર્આને મજીદ ઈરશાદ ફરમાવે છે : “અને ન જનાબતની હાલતમાં એટલે સુધી કે ગુસ્લ કરી લો. પરંતુ ફકત ઉબૂર માટે ઉબૂર એટલે કે એક દરવાજેથી પ્રવેશીને બીજે દરવાજેથી નીકળી જાઓ.” (સૂરએ નીસા - ૪, આ : ૪૩)

પરંતુ મસ્જિદે હરામ અને મસ્જિદે નબવી (અલય્હિસ્સલામ) માંથી જનાબતવાળા માણસ, હૈઝ અને નિફાસવાળી સ્ત્રીઓએ પસાર થવું પણ જાએઝ નથી.

(૪) મસ્જિદની મુસ્તહબ બાબતો :

મસ્જિદમાં દીવો સળગાવવો (અજવાળુ કરવું), મસ્જિદને પાકો પાકીઝા રાખવી, મસ્જિદમાં પ્રવેશતી વખતે પહેલા જમણો પગ અંદર મૂકવો અને બહાર નીકળતી વખતે પહેલા ડાબો પગ બહાર મૂકવો મુસ્તહબ (સુન્નત) છે. મસ્જિદમાં પ્રવેશતી વખતે પગરખાં નજિસ ન હોય તેની ખાતરી કરી લેવી જોઈએ, જેથી મસ્જિદ નજિસ ન થાય. મસ્જિદમાં બાતહારત

(વઝુ અથવા ગુસ્લ કરીને) દાખલ થવું જોઈએ. મસ્જિદમાં શ્રેષ્ઠ વસ્ત્રો પહેરીને, ખુશ્બુ લગાવીને જવું જોઈએ અને મસ્જિદમાં દાખલ થયા પછી બે રકઅત 'નમાઝે તહીય્યત' અદા કરવી જોઈએ.

(૫) મસ્જિદની મકરૂહ બાબતો :

મસ્જિદોમાંથી પસાર થવું મકરૂહ છે, પરંતુ બે રકઅત 'નમાઝે તહીય્યત' અદા કર્યા પછી મસ્જિદમાંથી પસાર થવું જોઈએ અને તેની સાથે બીજી નમાઝો અદા કરે તો તે પણ સારી બાબત છે. મસ્જિદમાં નાક સાફ કરવું કે થૂંકવું ન જોઈએ. મસ્જિદમાં સૂવું, અઝાન સિવાયના હેતુ માટે અવાજ મોટો કરવો, ખોવાઈ ગએલી

વસ્તુ માટે એ'અલાન કરવું, અથવા કોઈ પાસે તે વસ્તુ ન માંગવી, એવા અશઆર પડવા જેમાં વાએઝ કે નસીહત (ઉપદ.શ કે શિખામણ) ન હોય તે મકરૂહ છે. મસ્જિદમાં દુન્યવી કાર્યો બાબતની વાતો અને ખરીદ વેચાણ ન કરવું જોઈએ. ડુંગળી, લસણ અથવા મોંઢામાંથી દુર્ગંધ આવે તેવી વસ્તુ ખાઈને મસ્જિદમાં ન જવું જોઈએ. આ ઉપરાંત બાળકો અને દીવાનાઓને પણ મસ્જિદમાં સ્થાન આપવું ન જોઈએ.

## મસ્જિદની ફઝીલત અને દરજજા

તમામ મસ્જિદોમાં સૌથી વધારે અફઝલ અને અશરફ મસ્જિદુલ હરામ છે. આ મસ્જિદોમાં પડવામાં આવતી નમાઝનો બીજી જગ્યાએ

પડવામાં આવતી નમાઝ કરતા એક લાખ નમાઝ સમાન (વધારે) સવાબ મળે છે. તે પછી મસ્જિદે નબવી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) છે. જેમાં એક નમાઝનો સવાબ બીજી જગ્યાએ પડવામાં આવતી દસ હજાર નમાઝ સમાન છે. ત્યાર પછી મસ્જિદે કૂફા અને મસ્જિદે અકસાનો દરજજો છે., જયાં પડવામાં આવતી એક નમાઝ હજાર નમાઝ સમાન છે. ત્યાર પછી શહેરની જામેઅ મસ્જિદની નમાઝનો સવાબ એકસો નમાઝ જેટલો છે. પછી મોહલ્લાની મસ્જિદ જેની એક નમાઝ પચ્ચીસ નમાઝ જેટલી છે અને સૌથી છેલ્લો દરજજો એ મસ્જિદનો છે, જે બજારમાં આવેલી હોય છે. એ

મસ્જિદોની નમાઝનો સવાબ બાર નમાઝ સમાન છે.

## ઓગણપચાસમો ગુનોહ

## માસુમીન (અલય્હિસ્સલામ)ની કબ્રની બેહુરમતી

દરેક મુસલમાનની દ્રષ્ટિએ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અઈમ્મા (અલય્હિસ્સલામ)ની કબ્રનો એહતેરામ કરવો જરૂરી છે. દરેક દીનદાર લોકો તેની બેહુરમતી અને અપમાનને મોટો ગુનાહ સમજે છે. એ પવિત્ર કબ્રોનો એહતેરામ જરૂરી હોવા વિષે ઘણી રિવાયતો મોજૂદ છે,

પરંતુ અત્રે શેખ મુફીદ (અ.ર.)ની કિતાબ તહેઝીબમાંથી એક રિવાયત નોંધવી પૂરતી સમજીએ છીએ.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને સંબોધીને ફરમાવ્યું : "અય અલી, ખુદાએ તમારી અને તમારી ઓલાદની કબ્રોને બેહિશ્તની ઝમીનના ભાગો પૈકી એક ભાગ બનાવ્યો છે. તેણે પોતાની મખ્લૂકમાંથી જેના દિલ પાક અને સાફ છે તેમના અને ખુદાના બંદાઓ પૈકી મુખ્લિસ બંદાઓના દિલ તમારી તરફ ઢાળ્યા છે. તે લોકો તમારી મોહબ્બતના માર્ગમાં દરેક

પ્રકારની તકલીફ અને ઝિલ્લત (અપમાન)ને સહન કરે છે. એવા લોકો તમારી કબ્રોને આબાદ કરશે અને ખુદાએ અઝ્ઝ વ જલ્લની ખુશનુદી અને તેના રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની મોહબ્બતમાં તમારી કબ્રોની ઝિયારત કરતા રહેશે. અય અલી, એ લોકો જ મારી વાસ્તવિક શફાઅત માટે હકદાર બનશે. તેઓ કયામતના દિવસે મારા હોઝ ઉપર વારિદ થશે અને મારા પાડોશી (સાથીદાર) હશે. અય અલી, જે લોકો તેમની કબ્રોનું નિર્માણ કરે અને તેઓની ઝિયારત માટે આવે તેવા લોકો જાણે કે બયતુલ મુકેસના નિર્માણમાં હ. સુલેમાન (અલય્હિસ્સલામ)ની મદદ કરી. જે માણસ એ

કબ્રોની ઝિયારત કરે તેના માટે સાત ગૈર વાજિબ (વાજિબ ન થઈ હોય તેવી) હજનો સવાબ છે. અને તેના માટે ગુનાહ એવી રીતે માફ કરવામાં આવશે જાણે કે માતાના પેટમાંથી હમણાં જ જન્મયો હોય.”

“અય અલી, તમને એ વાતની બશારત આપવામાં આવે છે કે તમારા દોસ્તોને એ નેઅમતોની બશારત આપો કે જેને કોઈ આંખોએ જોઈ નથી કે ન કોઈ કાનોએ સાંભળી છે કે જે આજ સુધી કોઈ માણસની કલ્પનામાં આવી નથી, પરંતુ અમુક હલકા માણસો એવા હશે કે જેઓ આપની ઝિયારત માટે આવનારને એવી રીતે તૌહીન અને અપમાન કરીને સજા

કરશે જેવી રીતે એક બદકાર સ્ત્રીની તૌહીન કરવામાં આવતી હોય. એવા લોકો મારી ઉમ્મતના ઉપદ્રવી લોકો હશે. એવા લોકોને મારી શફાઅત નહીં પહોંચે અને તે લોક કયારેય પણ હૌઝ પર આવી નહીં શકે.” (કિતાબે વાફી, અબ્વાબે ઝિયારત, પ્રકરણ ૧૭૧, પાના નંબર ૧૯૬)

પવિત્ર રોઝા મુબારકો, ઝિયારતગાહો વિષેની રિવાયતો જાણવા માટે કિતાબે ‘મઝાર’, ‘વાફી’, ‘વસાએલુશ્શિઆ’ અને ‘બેહારૂલ અન્વાર’ના ભાગ બાવીસ (૨૨) નો અભ્યાસ કરવા વિનંતી છે.

માસૂમીન (અલય્હિસ્સલામ)ની કબ્રની તૌહીન કરવી કુફ્ર છે :

હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અઈમ્મએ અત્હાર (અલય્હિસ્સલામ)ની કબ્રોનો એહતેરામ કરવો જરૂરીયાતે દીનમાંથી છે. તેથી તેની બેહુરમતી અને તિરસ્કાર કરવો પણ ગુનાહે કબીરા છે, પરંતુ સહુથી મોટા ગુનાહ કુફ્ર અને શિર્કની હદમાં ગણાય છે. જેમ કે, માસૂમીન (અલય્હિસ્સલામ)ની કબ્રોને તોડવી, તેને નજિસ કરવી, બલ્કે એહતિયાત એ છે કે, જયારે તે નજિસ અને નજાસતની હાલતમાં રાખવાથી

તેની બેહુરમતીનું કારણ બને તેમ ન હોય તો પણ એહતિયાત ન તેને પાક કરવી જોઈએ.

મશહૂર ફોકહાએ કેરામ ફરમાવે છે કે, જનાબતની જેમ જ હૈઝ અને નિફાસની હાલતમાં પવિત્ર કબ્રો પર રોકાવું, જેનાથી પવિત્ર કબ્રોની બેહુરમતી થતી હોય તો તે સંજોગોમાં પણ ત્યાં (મસ્જિદોની જેમ) રોકાવું હરામ છે. બીજા ફોકહા ફરમાવે છે કે, માસૂમીન (અલય્હિસ્સલામ)ના હરમમાંથી પસાર થઈ જવાની નિય્યતથી દાખલ થવું મસ્જિદુલ હરામની જેમ જાએઝ નથી.

# માસૂમીન (અલય્હિસ્સલામ) કબ્રની સામે નમાઝ પડવી

પવિત્ર રોઝા મુબારકમાં નમાઝ પડતી વખતે નમાઝ ગુઝારની પીઠ પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને ઈમામ (અલય્હિસ્સલામ)ની કબ્રોની તરફ ન હોવી જોઈએ. કારણ કે, આમ કરવાથી તે પવિત્ર હસ્તીઓની તૌહીન થાય છે અને નમાઝ બાતિલ થવા માટેનું કારણ બને છે. બલ્કે, કબ્રની પાછળની બાજુએ મોઢું કિબ્લા તરફ રાખીને નમાઝ પડવી જોઈએ. એહતિયાતનો તકાઝો એ છે કે મુતહહરની ડાબી અથવા જમણી બાજુ, કબ્રની સમાંતર પણ નમાઝ ન

પડવી જોઇએ. બલ્કે કબ્રે શરીફાની થોડી પાછળ હટીને નમાઝ અદા કરવી જોઇએ.

હઝરત ઈમામ મૂસા બિન જાફર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "વાજિબ અથવા મુસ્તહબ નમાઝમાં ઈમામ (અલય્હિસ્સલામ)ની કબ્ર ઉપર સિજદો કરવો જાએઝ નથી. બલ્કે કબ્રે શરીફ ઉપર જમણો ગાલ મૂકી શકાય છે. પરંતુ કબ્રની પાસે નમાઝ પડવાના સંજોગોમાં કબ્રે શરીફની પાછળ પુશ્તે - સર (સર મુબારકની સામે) ઊભું રહેવું જોઈએ. કબ્રે શરીફથી આગળ ઊભા રહીને નમાઝ પડવી જાએઝ નથી. કારણ કે, કોઈને પોતાના ઈમામ (અલય્હિસ્સલામ)ની આગળ ઊભા રહીને નમાઝ

પડવાનો હક નથી. અલબત્ત, કબ્રની ડાબી અથવા જમણી બાજુએ ઊભા રહીને નમાઝ પડવામાં કોઈ વાંધો નથી. (એટલે કે, કબ્રે શરીફની આગળ અથવા તો સમાંતર ઊભા રહેવું ન જોઈએ.)" (વસાએલુશ્શિઆ, કિતાબુસ્સલાત, પ્રકરણ ૨૬, ફી મકાનીલ મુસલ્લી.)

હઝરત હુજજત ઈબ્નીલ હસન અલય્હિસ્સલામ શરીફથી રિવાયત છે કે, કબ્રે માસૂમ (અલય્હિસ્સલામ)ની આગળ, ડાબી અને જમણી બાજુએ નમાઝ પડવી જાએઝ નથી. કારણ કે, કોઈ પણ માણસને ઈમામ (અલય્હિસ્સલામ)ની આગળ અથવા સમાંતર

ઊભા રહેવાનો અધિકાર નથી.” સાહેબે કિતાબે ‘વસાઈલે’ બીજી હદીસો કે તેમાં ડાબી અને જમણી બાજુએ ઊભા રહેવાની મનાઈ કરવામાં આવી છે, તેને કરાહત (અણગમા) ઉપર આધારિત ગણાવેલ છે.

અમુક ફોકહાઓ ફરમાવે છે કે, આ ચર્ચાનો મૂળ સિધ્ધાંત એ છે કે જે અમલથી કબ્ર મુબારકની સ્પષ્ટ રીતે બેહુરમતી કે અપમાન થતું હોય તે માસૂમનું ઈમામે હકીકીથી આગળ વધી જવું તે છે. પરંતુ ડાબી અથવા જમણી બાજુએ ઊભા રહેવાથી બેહુરમતી થતી નથી. તેમ છતાં એહતિયાત પર અમલ કરવો વધારે સારી વાત છે.

# પચાસમો ગુનોહ
# ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની કબ્રની બેહુરમતી

હઝરત અબા અબ્દીલ્લાહીલ હુસૈન (અલય્હિસ્સલામ)ની કબ્રે શરીફાની ચારે બાજુથી લઈને જુદી જુદી મતમતાંતરવાળી રિવાયતોના આધારે એક માઈલ અથવા ચાર માઈલ અથવા બાર માઈલ સુધીના વિસ્તારની પવિત્ર માટી જે બીમારો માટેની શફા અથવા તે માટી ઉપર બારગાહે ખુદાવંદીમાં પેશાની રાખવા, સિજદો કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

આ ઉપરાંત એ પવિત્ર માટીમાં કુદરતે ખુદાથી બીજી કેટલીક ખાસ અસરો રાખવામાં આવી છે. તેથી, ખાકે કરબલાને બરકત અને રહેમતવાળી સમજીને આપણા દીની બુઝુર્ગોની પૈરવીમાં તેઓના ફરમાન મુજબ વાપરવામાં આવે છે. શિયાઓની દ્રષ્ટિએ ખાકે કરબલાનો એહતેરામ કરવો જરૂરી છે અને તેની બેહુરમતી કરવી ગુનાહે કબીરા છે. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)થી માંડીને આજ સુધી ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની તુરબત (કબ્રની માટી)ની બેહુરમતી અને તૌહીનને દીને દીની બુઝુર્ગોએ મોટા ગુનાહમાં ગણાવેલ છે. કારણ કે, તુરબતની તૌહીન એ સાહેબે કબ્રની

બેહુરમતીનું પરિણામ છે અને સાહેબે કબ્ર ઈમામ (અલય્હિસ્સલામ)ની તૌહીન ગુનાહે કબીરા હોવાનું સ્પષ્ટ છે, તે માટે કોઈ દલીલ આપવાની આવશ્યકતા નથી.

કરબલાએ મોઅલ્લાની તુરબત લાપરવાહી અને બેહુરમતી કરવા માટે જમીન ઉપર ફેંકવી, અથવા તેનો નાશ કરવો, નજિસ કરવી અને તેવી જ રીતે બીજી રીતે તેની બેહુરમતી કરવી ગુનાહે કબીરા છે. જો કુદરતી હાજતે જતી વખતે કોઈની પાસે તુરબતે સૈયદુશ્શોહદાથી બનેલી તસ્બીહ અથવા સજદગાહ હોય અને તે સંડાસમાં પડી જાય તો તે બહાર કાઢીને પાક કરવી વાજિબ છે. જયાં

સુધી તે બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી તે સંડાસમાં કુદરતી હાજત માટે જવું હરામ છે. જો તે કાઢવાનું શકય ન હોય તો તે સંડાસ કાયમ માટે બંધ કરી દેવી જોઈએ. આ મસઅલાનું વર્ણન કુરઆનની બેહુરમતીના પ્રકરણમાં થઈ ગયું છે.

## તુરબતે હુસૈની (ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની કબ્રની પવિત્ર માટી)ની ફઝીલત

જમીને કરબલાની ઉત્તમતા અને તુરબતે હુસૈનીની ફઝીલત અને તેની મહાન અસર વિષે ઘણી રિવાયતો મોજૂદ છે. અત્રે અમે તુરબતની ફઝીલતની બે રિવાયતો અને તેની બેહુરમતી

કરવાના ખરાબ પરિણામ પર આધારિત બે બનાવો રજૂ કરીને આગળ વધીએ છીએ.

જ. શેખ મુફીદના ઉસ્તાદ જ. શેખ ઈબ્ને ક્વ્લવય પોતાની કિતાબ ‘કામેલુઝ ઝિયારત’માં તેમના ઉસ્તાદના હવાલાથી મોહમ્મદ બિન મુસ્લિમની રિવાયત નોંધે છે. તેઓ કહે છે કે હું મદીનએ મુનવ્વરા ગયો ત્યાં બીમાર પડી ગયો. હઝરત ઈમામ મોહમ્મદ બાકિરે (અલય્હિસ્સલામ) પોતાના ગુલામની સાથે એક વાસણમાં મારા માટે થોડું શરબત મોકલ્યું, જેની ઉપર રૂમાલ ઢાંકેલો હતો. ગુલામે કહ્યું : “આ દવા પી લો, ઈમામ (અલય્હિસ્સલામ)એ મને હુકમ આપ્યો છે કે, આપ આ દવા પી ન લો

ત્યાં સુધી મારે અહીંથી પાછું જવું નહીં. મેં ગુલામના હાથમાંથી તે દવા લઈને પી લીધી. તે એક સ્વાદિષ્ટ શરબત હતું, જેમાંથી મુશ્ક (કસ્તુરી)ની સુગંધ આવતી હતી. ગુલામે કહ્યું કે ઈમામ (અલય્હિસ્સલામ)એ તમોને આ દવા પીધા પછી તેઓ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થવાનો હુકમ આપ્યો છે. મને એ વાતથી આશ્ચર્ય થયું કે હું હાલી ચાલી શકતો નથી કે મારા પગ ઉપર ઊભો પણ રહી શકતો નથી. આપની ખિદમતમાં કેવી રીતે હાજર થઈ શકીશ ? પરંતુ જેવું મેં તે શરબત ગળા નીચે ઉતાર્યું કે તૂરત જ મને એમ લાગ્યું કે જાણે સાંકળથી બંધાએલું મારૂં શરીર મુક્ત થઈ ગયું

છે. હું મારા પગે ચાલીને દરે દૌલતે ઈમામ (અલય્હિસ્સલામ)એ ઉપર હાજર થયો અને ઘરમાં પ્રવેશવાની પરવાનગી માંગી. ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "તારૂં શરીર તંદુરસ્ત રહે, હવે અંદર આવી જા."

હું બયતુશ્શરફમાં રડતો રડતો દાખલ થયો. ઈમામ (અલય્હિસ્સલામ)ને સલામ કરી આપના હાથ અને મસ્તકને ચુંબન કર્યું. આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : મોહમ્મદ શા માટે રડો છો ? મેં અરજ કરી, મૌલા મારી જાન આપ ઉપર ફીદા થાય. હું મારી નિર્બળતા, ગરીબી, રસ્તાનું લાંબુ અંતર, આપથી જુદાઈ અને આપની ખિદમતમાં હાજર રહેવાના ઓછા

સદભાગ્ય પર રડી રહ્યો છું અને વારંવાર જોઈ રહ્યો છું.

ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “જૂઓ, શકિત, સમૃધ્ધિ અને સામર્થ્યની ઓછપથી અમારા શિયાઓ તારી જેમ મુશ્કીલો અને મુસીબતોમાં સપડાએલા રહે છે. પરંતુ, જયાં સુધી તારી ગરીબાઈનો પ્રશ્ન છે, તો મોમીનો આ દુનિયામાં બૂરા લોકો વચ્ચે ગરીબ જ રહે છે, એટલે સુધી કે રહેમતે ખુદાવંદીમાં ન પહોંચી જાય. પરંતુ તારૂં એમ કહેવું કે, “મારૂં મકાન મદીનાથી દૂર છે.” તો તારા માટે જરૂરી છે કે હઝરત અબી અબ્દીલ્લાહીલ હુસૈનન (અલય્હિસ્સલામ)ની પયરવી કર, જે મદીનાથી

દૂર નહેરે ફુરાતના કિનારે અનંત નિંદમાં પોઢી રહ્યા છે. બાકી રહ્યો અમારી મોહબ્બત અને ઝિયારતના શોખની તમન્નાનો પ્રશ્ન, તો ખુદાવંદે કરીમ તારા દિલની કેફીયતથી વાકેફ છે. તે તારી નેક નિય્યતનો બદલો જરૂર અતા ફરમાવશે.

ત્યારપછી આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : શું તું ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની કબ્રની ઝિયારત માટે જાય છે ? મેં અરજ કરી, હા, પરંતુ ખૂબ જ ડર અને ખોફની સાથે. આપે ફરમાવ્યું : જેટલો ખોફ અને સખતી હશે તેનો સવાબ એટલો જ વધારે હશે. (નફસુલ, મહમુમ, પાના નંબર ૨૯૪, હઝાઈસ,

સંપાદક : શેખ શુશ્તરી) જેને ઝિયારતના પ્રવાસમાં વધારે ખોફ હશે તેટલા પ્રમાણમાં તે કયામતના દિવસે ખોફથી સુરક્ષિત રહેશે, અને ગુનાહોથી પાક થઈને પાછો ફરશે. આ ઉપરાંત ફરમાવ્યું : તને શરબત કેવું લાગ્યું ? મેં કહ્યું, હું સાક્ષી આપું છું કે આપ અહલેબૈત, રહેમત અને અવસીયાના વસી છો. જયારે ગુલામ શરબત લઈને આવ્યો ત્યારે મારામાં મારા પગ ઉપર ઊભા રહેવાની પણ શક્તિ ન હતી. હું મારી જીવવાની આશા ગુમાવી બેઠો હતો. જયારે મેં તે શરબત પીધું ત્યારે મને એવું લાગ્યું કે મેં આ પહેલા આવું સ્વાદિષ્ટ, ઠંડું અને સુગંધી શરબત કયારેય પણ પીધું ન હતું.

ગુલામે કહ્યું કે, મારા મૌલાની પાસે ચાલ્યા આવો. મેં નક્કી કર્યું કે ભલે મારો જીવ ચાલ્યો જાય, તો પણ હું કોઈ પણ સંજોગોમાં મારા ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થઈશ. જયારે હું રવાના થયો ત્યારે મને ખયાલ આવ્યો કે મારી બીમારી દૂર થઈ ગઈ છે. હું એ ખુદાનો શુક્ર અદા કરૂં છું કે જેણે આપ (અલય્હિસ્સલામ)ને શિયાઓ માટે રહેમત સમાન બનાવ્યા છે. આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : તે જે શરબત પીધું હતું તે કબ્રે હઝરત હુસૈન (અલય્હિસ્સલામ)ની માટીથી બનાવેલું હતું. એ શ્રેષ્ઠ વસ્તુ છે જેનો હું શફા

(બીમારીઓના ઈલાજ) માટે ઉપયોગ કરૂં છું. (કામીલુઝ ઝિયારત, સંપાદક : ઈબ્ને કવ્લવય)

ખબરદાર, કોઈ પણ વસ્તુને તુરબતે હુસૈન સમાન ન સમજતા. અમે તેને અમારા બાળકો અને સ્ત્રીઓને ખવરાવીએ છીએ અને તેનાથી અગણિત ખૈર અને બરકત અનુભવીએ છીએ. મેં અરજ કરી, મારી જાન આપ પર ફિદા થાય અમે પણ તેને લઈ જઈને અમારા માટે શફા મેળવશું. આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : જયારે લોકો એ તુરબતને કરબલાની હદની બહાર લઈ જાય છે, ત્યારે તેની જાળવણી અને એહતિયાત કરતા નથી અને તેને સાચવીને-બાંધીને રાખતા નથી. તેથી દરેક

જિન અને જાનવર અને બીજી મખ્લૂક જે કોઈ તકલીફમાં હોય છે તે એ માટીને સુંધીને બરકત મેળવે છે. પરંતુ જે માટીથી શફા મળતી હોય તેને એ રીતે મૂકી ન દેવી જોઈએ જેના કારણે તેની અસર ચાલી જાય. જો તેની સાચવણીમાં ગફલત ન થાય તો તેને પોતાના શરીરની સાથે લગાવવાથી અથવા તેને ખાવાથી તૂરત જ શફા (પુનઃતંદુરસ્તી) પ્રાપ્ત થઈ જાય છે. તુરબત બિલકુલ હજરે અસ્વદ સમાન છે. જે શરૂઆતમાં સફેદ યાકૂતની જેમ ચમકતો હતો અને જે બીમાર તેની સાથે સ્પર્શ કરતા તે તૂરત જ તંદુરસ્ત થઈ જતા; પરંતુ જયારે કાફીરો અને જાહીલો તેને અડકવા લાગ્યા ત્યારથી તેનો રંગ

કાળો પડી ગયો અને તેની અસર ઓછી થઈ ગઈ.

મેં અર્ઝ કરી : મારી જાન આપ ઉપર કુરબાન થઈ જાય. તુરબતે મુબારકને કઈ રીતે ઉપાડીને જાળવવી ? ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : તું પણ તુરબતને બીજા લોકોની જેમ ઉપાડે છે અને કોઈ વસ્તુમાં જાળવીને રાખવા (પેક કરવાની) બદલે તારા મેલા થેલામાં નાખી દે છે, જેના કારણે તેની બરકત ચાલી જાય છે.

મેં અર્ઝ કરી, મૌલા આપે યોગ્ય ફરમાવ્યું : પછી આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : શું હું તને થોડી તુરબત દઉં તો તેને

કઈ રીતે લઈ જઈશ ? મેં અર્ઝ કરી, મારા કપડાની વચ્ચે રાખીને લઈ જઈશ ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : તેના નિશ્ચિત કરેલા નિયમ પ્રમાણે જયારે તું પાછો જાય ત્યારે આ શરબતમાંથી જેટલી ઈચ્છા થાય તેટલું શરબત પીજે અને તુર્બતને સાથે ન લઈ જતો. કારણ કે, તારાથી તેની જાળવણી થઈ શકશે નહીં. આં હઝરતે (અલય્હિસ્સલામ) તે શરબત મને બે વખત પીવરાવ્યું. ત્યારપછી તે દર્દ અને બીમારીમાં હું કયારેય ફસાયો નહીં. (મુસ્તનદુશ્શીયા, પાના નંબર ૨૦૨, લેઆલીયુલ અખ્બાર. પાના નંબર ૪૨૫, કુલ્લીયાત

મફાતીહુલ જીનાન, પાના નંબર ૮૭૦ માંથી વાંચવા વિનંતી છે)

## જનાઝાની સાથે તુરબત રાખવી

એક વ્યભિચારી સ્ત્રી હતી. જયારે તેને વ્યભિચારને પરિણામે બાળક જન્મતું હતું ત્યારે તે બાળકને પોતાના કુટુંબની બીકના કારણે ભઠ્ઠીમાં સળગાવી દેતી હતી. તેની માતા સિવાય બીજું કોઈ આ બદકારી વિષે જાણતું ન હતું. જયારે સ્ત્રી મરી ગઈ અને દફન કરવામાં આવી ત્યારે જમીને તેને કબૂલ કરી નહીં અને તેની લાશને જમીનની બહાર ફેંકી દીધી. તેને બીજી જગ્યાએ દફન કરવામાં આવી ત્યારે ત્યાં પણ તેની લાશની એ જ હાલત થઈ. તેના કુટુંબના

લોકોએ આ વાતની જાણ ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને કરી. ઈમામ (અલય્હિસ્સલામ)એ તેની માં ને પૂછયું કે, “તારી દીકરીએ દુનિયામાં કયા કયા ગુનાહ કર્યા છે ?” જયારે તેની માં એ તે સ્ત્રીના ગુનાહોનું વર્ણન કર્યું ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “જમીન તેની લાશને હરગિઝ કબૂલ નહીં કરે, કારણ કે, આ સ્ત્રી (પોતે) મખ્લૂકે ખુદાને અઝાબમાં ફસાવતી હતી, જે કરવાનો હક ફકત ખુદાનો છે. (મખ્લૂકને આતીશે જહન્નમમાં સળગાવીને અઝાબ આપવાનો હક ફકત રબ્બુલ આલમીનને જ છે, બીજા કોઈને એ વાતનો અધિકાર નથી કે તે મખ્લુકે ખુદાને

આગમાં સળગાવે.)” પછી ફરમાવ્યું : “તેની કબ્રમાં થોડી તુરબતે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) રાખી દો. લોકોએ એમ કર્યું. ત્યારપછી જમીન સ્થિર થઈ ગઈ અને તે સ્ત્રીની લાશને જમીને કબૂલ કરી લીધી.” (મુસ્તનદુશ્શીયા, કિતાબે તહારત, પાના નંબર ૨૦૨)

## તુરબતની સાથે મૈયતની તજહીઝ (ગુસ્લે મય્યત પછીની હુનુત) વગેરેની વિધિ

કબ્રમાં મય્યતના ચહેરાની સામે થોડા પ્રમાણમાં તુરબતે હુસયની રાખવી મુસ્તહબ છે. મય્યતને હુનૂત આપતી વખતે મામૂલી પ્રમાણમાં તુરબતે શરીફા કપૂરની સાથે

ભેળવવી પણ મુસ્તહબ છે. પરંતુ ફકત કપાળ અને બંને હાથો ઉપર તુરબત લગાવવી જોઈએ. બંને ગોઠણ અને પગના બંને અંગૂઠાઓ ઉપર ફકત કપૂર મૂકવું જોઈએ. કારણ કે, ઘૂંટણ અને પગની આંગળીઓ પર તુરબતનો સ્પર્શ કરાવવો એ એહતેરામની વિરૂધ્ધ છે.

## તુરબત દરેક બીમારીઓનો ઈલાજ છે

શેખ તૂસી આ'લલ્લાહ મકામોહુ 'આમાલી'માં પોતાના મશાએબે કેરામથી રિવાયત કરે છે કે મોહમ્મદ અઝદીએ કહ્યું કે હું મદીનાની જામેઅ મસ્જિદમાં નમાઝ પડી રહ્યો હતો. મારી બાજુમાં બે માણસો બેઠા હતા. જેમાંના એકે પ્રવાસનો પોશાક પહેર્યો હતો. તે

માણસ બીજા માણસને કહી રહ્યો હતો કે હઝરત હુસૈન (અલય્હિસ્સલામ)ની તુરબત તમામ બીમારીઓ માટે શફા છે. હું એક બીમારી થી પીડાતો હતો. કોઈ દવાથી મને ફાયદો થતો ન હતો. હું મારી જીવવાની આશાથી હતાશ થઈ ગયો હતો. મને મારી મોત સામે દેખાતી હતી. તેવામાં કુફામાં રહેતી એક વૃધ્ધ સ્ત્રી મારી પાસે આવી હું એ વખતે મારી બીમારીમાં તરફડતો હતો. તે કહેવા લાગી કે હું જોઈ રહી છું કે દિવસે દિવસે તારી બીમારીમાં વધારો થતો જાય છે. મેં કહ્યું, હા, એમ જ છે. તેણી કહેવા લાગી કે, જો તું કહે તો હું તારી બીમારીનો ઈલાજ કરૂ અને તને બીમારીમાંથી મુક્ત કરૂ. મેં કહ્યું કે હા, ઈલાજની

જરૂર છે. તેણીએ એક વાસણમાં પાણી નાખીને મને આપ્યું. જેવું મેં તે પાણી પીધું કે તૂરત જ હું તંદુરસ્ત થઈ ગયો અને તે પછી કયારેય બીમાર નપડયો.

અમુક મહિના પસાર થઈ ગયા પછી તે સ્ત્રી ફરી વાર મારા ઘરે આવી. તેનું નામ સલમા હતું. મેં તેણીને ખુદાની કસમ આપીને પૂછયું કે એ વસ્તુ કઈ હતી જે તેણીએ તે વખતે મને દવા તરીકે આપી હતી. તેણીએ જવાબ આપ્યો કે, તે વખતે મારા હાથમાં આ તસ્બીહ હતી. તેના એક દાણાથી મેં તારો ઈલાજ કર્યો હતો. મેં પૂછયું કે, તસ્બીહની વિશેષતા શું છે ?

તેણીએ કહ્યું, આ કબ્રે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની માટી છે.

મેં તેણીને કહ્યું : અય રાફઝીયા, (અય શિયા ઔરત) મેં મારો ઈલાજ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) કબ્રની માટીથી કર્યો ? આ સાંભળીને તે સ્ત્રી ગુસ્સે થઈને ત્યાંથી ચાલી ગઈ. તે વખતે હું ફરીથી તેવો જ બીમાર થઈ ગયો. તે વખતે મારી બીમારી એટલી બધી તીવ્ર હતી કે મને મારા મોતની ખાત્રી થઈ ગઈ.

આ બનાવ કેટલો ચોંકાવનારો છે ! ખરેખર તો ઈલાજની વાત સાંભળીને તે માણસના અંતરના ચક્ષુઓ ખુલી જવા જોઈતા હતા અને હકને ઓળખીને તેણે હકની પયરવી

કરવી જોઈતી હતી. પરંતુ, તેમ કરવાને બદલે તેણે પવિત્ર તુર્બતની તૌહીન કરી અને તૂરત જ તેની બરકતોથી બીમાર પડી ગયો અને નીચેની આયતોનો ચરિતાર્થ બની ગયો.

આ વાતને નીચેની આયત દ્વારા સમર્થન મળે છે :

“અને અમે કુરઆનમાં એ જ વસ્તુઓ ઉતારીએ છીએ જે મોમીનો માટે સ્પષ્ટ શફા (આરોગ્યતા) અને રહેમત છે (પરંતુ નાફરમાન લોકો માટે નુકસાન સિવાય બીજું કાંઈ નથી) (અને એ જ વસ્તુઓ ઝુલ્મગારો માટે હાની મૂકનાર સિવાય કાંઈ નથી.” (સૂરએ બની ઈસરાઈલ - ૧૭, આ : ૮૨)

સઅદીએ કેટલું સુંદર કહ્યું છે કે, અલ્લાહની રહેમતરૂપી વર્ષાના બિંદુની પવિત્રતા અને સુંદરતામાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ જો તે બિંદુ છીપલામાં પડે તો તે કિંમતી મોતી બને છે અને જો તે બિંદુ સાંપના મુખમાં પડે તો કાતિલ ઝેર બની જાય છે.

## તુરબતની બેહુરમતી હલાક કરી નાખે છે

શેખ તુસી (અ.ર.) મજકુર કિતાબમાં મૂસા બિન અબ્દુલ અઝીઝથી નોંધે છે કે, તેમણે કહ્યું કે યુહના નામનો એક નસરાની તબીબ મને મળવા માટે આવ્યો અને કહેવા લાગ્યો, હું તમને દીન અને પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કસમ આપું છું

કે મને કહો કે એ માણસ જે કસ્રે - ઈબ્ને - હરીરહ (કરબલા)માં દફન થએલાં છે અને લોકો જેઓની ઝિયારત માટે જાય છે શું તેઓ તમારા પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના અસ્ફાલમાંથી છે ? મે કહ્યું નહીં, તેઓ અમારા પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના દોહિત્ર હઝરત હુસયન (અલય્હિસ્સલામ) છે. મેં પૂછયું : તમે મને એ કહો કે કસમ આપીને આ પ્રશ્ન શા માટે કર્યો ? ત્યારે તે નસરાની તબીબે કહ્યું કે તેઓએ એક આશ્ચર્યચકિત કરી દે તેવી દાસ્તાન છે કે એક રાતે હારૂન રશીદ મલઉનના ખાદીમ શામુરે મને બોલાવ્યો. જયારે હું તેની પાસે ગયો ત્યારે તે

મને પોતાની સાથે મૂસા બિન ઈસાને ઘરે લઈ ગયો જે ખલિફ઼ાનો નજદીકનો સગો હતો. મેં જોયું કે તે માણસ પથારી ઉપર બેહોશ પડલો હતો. (જેનું નામ મૂસા હતું) તેની સામે એક મોટા વાસણમાં તેના શરીરના ગુપ્ત અવ્યવ (જનનેન્દ્રીય) પડેલા હતા. એ દિવસોમાં હારૂન રશીદે તેને કુફ઼ાથી બોલાવ્યો હતો. શામુરે મૂસાના ખાસ ખાદિમને તેના માલિક વિષે પૂછયું કે તેની આ કેવી હાલત છે ? ખાદિમે જવાબ આપ્યો, એક કલાક પહેલા તો તેની હાલત ઘણી સારી હતી અને પોતાના સાથીદારો સાથે તે વાતચીત કરી રહ્યો હતો. તેના સાથીદારો પૈકી એક માણસ જે બની હાશમમાંથી હતો તેણે

પોતાના અનુભવનું વર્ણન કરતા કહ્યું કે હું ખૂબ જ બીમાર પડી ગયો હતો, કોઈ તબીબના ઈલાજથી મને ફાયદો થતો ન હતો, એટલે સુધી કે મારા કાતિબે (મુનીમે) મને હઝરત હુસૈન (અલય્હિસ્સલામ)ની તુરબતથી ઈલાજ કરવા કહ્યું. મેં તે પ્રમાણે કર્યું અને હું તંદુરસ્ત થઈ ગયો.

મૂસાએ કહ્યું, શું તે માટી (તુરબત) તારી પાસે વધી છે. તેણે કહ્યું : હા, અને તૂરત જ કોઈને મોકલીને થોડી તુરબત મંગાવી. મુસાએ તુરબતની બેહુરમતી કરવાના ઈરાદાથી તે તુરબત પોતાના ગુપ્ત ભાગના છિદ્રમાં નાખી દીધી અને તૂરત જ મૂસાએ એક ચીસ પાડી

અને કહેવા લાગ્યો, "અન્નાર અન્નાર" એટલે કે હું આગમાં સળગી રહ્યો છું. તેણે તૂરત જ એક વાસણ મંગાવ્યું અને બાકીની હકીકત તમે જોઈ રહ્યા છો. તે પ્રમાણે આ વાસણમાં તેની જનનેન્દ્રીયના ટૂકડાઓ પડેલા છે. તેની આ હાલત જોઈને તેના તમામ સાથીઓ નીકળી ગયા અને તેના ઘરમાં રોકકળ સાથે તેના નામના છાજિયા લેવાનું શરૂ થઈ ગયું.

શામુરે કહ્યું : તમે સાચું કહો છો. પરંતુ આજની રાત અહીં જ રોકાઈ જાઓ, જેથી તેની હાલત ઉપર નજર રાખી શકો અને તેનો અંત શું આવે છે તે પણ જોઈ શકો. તે રાતે હું ત્યાં જ

રોકાઈ ગયો. સવાર પહેલાં જ તે જહન્નમ વાસીલ થઈ ગયો.

રાવી લખે છે કે, યુહના નસરાની તબીબ લાંબા સમય સુધી હઝરત સૈયદુશ્શોહદા (અલય્હિસ્સલામ)ની ઝિયારત માટે આવતો રહ્યો. ત્યારપછી તે મુસલમાન અને દીનદાર થઈ ગયો. આ રિવાયત 'બેહારૂલ અન્વાર'ના દસમા ભાગના છેલ્લા પ્રકરણમાં પણ નોંધવામાં આવી છે.

## સાચું સ્વપ્ન

મરહૂમ અલ્હાજ મીરઝા હુસૈની નૂરી નૂરલ્લાહ મરકદહ તેઓની કિતાબ 'દારૂસ્સલામ'માં લખે છે કે, મારો એક ભાઈ

મારી માતાને ઘરે તેની મુલાકાત માટે ગયો. તેની કબા (અરબ દેશોમાં પહેરવામાં આવતી બમણી લંબાઈનું શર્ટ) નીચેના ખિસ્સામાં હઝરત સૈયદુશ્શોહદાઅ (અલય્હિસ્સલામ)ની તુરબતથી બનેલી મોહર (સિજદગાહ) મોજૂદ હતી. જયારે મારી માતાને આ વાતની જાણ થઈ ત્યારે તેણીએ તેને ચેતવતા કહ્યું કે, ખિસ્સામાં તુરબતની મોહર રાખવી એ બેઅદબી અને બેહુરમતી છે. કારણ કે, શકય છે કે બેસતી વખતે તે જાંઘની નીચે આવીને તૂટી જાય. મારા ભાઈએ કહ્યું કે : હા, સાચી વાત છે. અત્યાર સુધી એ રીતે મારી જાંઘની નીચે બે મોહર તૂટી ગઈ છે. તેણે માતાને કહ્યું કે હવે પછી તે

પોતાની કબાના નીચેના ખિસ્સામાં મોહર નહીં રાખે.

મારા વાલિદે બુઝુર્ગવારને આ વાતની જાણકારી ન હતી. આ વાતના થોડા દિવસ પછી તેઓએ સ્વપ્નની હાલતમાં જોયું કે હઝરત સૈયદુશ્શોહદાઅ (અલય્હિસ્સલામ) તેઓના પુસ્તકાલયમાં આવીને તેઓની પાસે બેસી ગયા. તેઓની સાથે લુત્ફો મહેરબાની ભર્યો વર્તાવ કર્યો અને ફરમાવ્યું : તારા ફરઝંદોને બોલાવ, તેઓને હું ઈનામ આપું. મારા પિતાને પાંચ પુત્રો હતા. તેઓએ બધા પુત્રોને બોલાવીને સામે બેસાડયા. ઈમામ (અલય્હિસ્સલામ) અમુક વસ્ત્રો લાવ્યા હતા. ઈમામ (અલય્હિસ્સલામ)એ

દરેકને બોલાવીને એક એક વસ્ત્ર ઈનામ તરીકે આપી રહ્યા. જયારે મારા ભાઈનો વારો આવ્યો, ત્યારે તેણે તુરબતને કબા નીચેના ખિસ્સામાં રાખી હતી. ઈમામ (અલય્હિસ્સલામ)એ ગુસ્સાભરી નજરે તેની સામે જોયું અને મારા પિતા તરફ જોઈને કહ્યું તમારા આ ફરઝંદે અત્યાર સુધીમાં બે વખત મારી તુરબતને પોતાની જાંઘ નીચે દબાવીને તોડી છે. ઈમામ (અલય્હિસ્સલામ) મારા તે ભાઈને પોતાની પાસે પણ ન બોલાવ્યો અને ઈનામ પણ ન આપ્યું, બલ્કે તેનું ઈનામ ઓરડાની બહાર નાખી દીધું. જયારે મારા પિતાની આંખ ખુલી ગઈ ત્યારે તેઓએ મારી માતાને આખી વાત કરી. મારી

માતાએ, મારા ભાઈ સાથે તુરબત વિષે થએલ વાતચીતનું વર્ણન કર્યું. મારા પિતા પોતાના સ્વપ્ન અને બની ગએલી હકીકતની સત્યતા વિષે જાણીને આશ્ચર્ય વ્યકત કરવા લાગ્યા.

અમે હઝરત સૈયદુશ્શોહદાઅ (અલય્હિસ્સલામ)ના પવિત્ર નામ ઉપર, જે ખુદાની રહેમત અને કરમની ઉત્પત્તિનું કેન્દ્ર છે. બારગાહે રબ્બુલ ઈઝઝતમાં દુવા માટે હાથ બલંદ કરીએ છીએ કે અમારા થઈ ગએલા ગુનાહોની તોબા કરવાની અને ભવિષ્યમાં તે ગુનાહોના પુનરાવર્તનથી બચવાની તૌફીક અતા ફરમાવે. (આમીન)

# બે સવાલ - બે જવાબ

આ કિતાબ ગુનાહે કબીરાના પ્રથમ પ્રકાશન પછી અમુક લોકોએ નીચે મુજબના બે સવાલો કર્યા છે.

(૧) જે જે ગુનાહોનું આ કિતાબમાં વર્ણન કરવામાં આવ્યું છે. (જેની સંખ્યા સિત્તેર છે) તે સિવાયના કોઈ કતઈ (સંપૂર્ણ રીતે સાબિત કે એહતેમાલી (સંદેહાત્મક) હોય તેવા સગીરા કે કબીરા ગુનાહો બાકી રહી જયા ખરા ?

(૨) બીજા અમુક લોકોએ પૂછયું કે, જે ગુનાહોનો આ કિતાબમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સિવાય દીને ઈસ્લામમાં બીજા કોઈ ગુનાહ છે કે નહીં ?

અમે ઉપરના બંને સવાલોના જવાબ વિગતવાર આપીએ છીએ. અલ્લાહ તઆલા આપણને ગુનાહોથી બચવાની ગુનાહો કર્યા બદલ શરમીંદગી અનુભવવાની તોફીક અતા ફરમાવે.

## આ ઉપરાંત પણ બીજા ઘણા ગુનાહો છે

એ વાત જાણી લેવી જોઈએ કે, ફોકહાએ ઈસ્લામ રીઝવાનુલ્લાહ અલૈહીમે તમામ વાજિબાત, હરામ, સુન્નત અને મકરૂહ કામોના હુકમો જેનું ઈબાદતમાં વર્ણન કરેલ છે. જેમ કે, નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ, જેહાદ, અમ્ર બિલ માઅરૂફ, નહીં અનીલ મુન્કર વગેરે. આ સિવાય જે મોઆમેલાતની બાબતોમાં તમામ

ખરીદ,વેચાણ, ઈજારા વગેરે અને અકદો - ઈકાઅના વિષયમાં તલાક અને નિકાહ, હદ, દીયત વગેરે વિષયની અગણિત કિતાબો લખવામાં આવી છે.

શૈખ હુર્રે આમેલી (અ.ર.) એ તેમની કિતાબ 'બિદાયહ વ નિહાયહ'માં તહારતથી માંડીને દીયત સુધી દરેક વાજિબાત અને હરામ કામોની વિગતનું વર્ણન કર્યું છે. તેઓ તેમની કિતાબના અંતમાં ફરમાવે છે કે, આ કિતાબમાંવર્ણન કરવામાં આવેલ વાજિબાતની સંખ્યા ૧૫૩૫ (એક હજાર પાંચસો પાંત્રીસ) અને હરામ બાબતોની સંખ્યા ૧૪૪૮ (એક હજાર ચારસો અડતાળીસ) છે. આમ કુલ ૨૯૮૩

(બે હજાર નવસો ત્યાંશી) ઈલાહી હુકમો બયાન કરવામાં આવ્યા છે.

ઉપરની વાતથી સ્પષ્ટ થાય છે કે, ગુનાહે કબીરા પુસ્તકના ભાગોમાં જે ગુનાહોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનું પ્રમાણ માત્ર દસમાં ભાગનું છે. (એટલે કે આ પુસ્તકમાં ઘણા ગુનાહોનું વર્ણન કરવામાં નથી આવ્યું) વાજિબાત અને હરામ બાબતોના હુકમોનું ઉલ્લંઘન ગુનાહે કબીરા છે.

## કેટલાક બીજા ગુનાહે કબીરા હોવાનો સંદેહ છે

જયાં સુધી કબીરા ગુનાહોના સંબંધ છે તો અમે આ કિતાબના પ્રથમ ભાગમાં જણાવી

ગયા છીએ તે પ્રમાણે અમોએ ફકત એવા ગુનાહોનું વર્ણન કર્યું છે જે સ્પષ્ટ અને સંપૂર્ણ સ્વીકૃત રીતે ગુનાહે કબીરા છે. આનો અર્થ એવો નથી કરવાનો કે, ગુનાહે કબીરાની સંખ્યા ફકત આ પુસ્તકમાં જે ગુનાહોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેટલી જ છે. તેથી, જે ગુનાહોનો આ કિતાબમાં ઉલ્લેખ કરવામાં નથી આવ્યો તે તેના અસ્પષ્ટ (મોઘમ) ઉલ્લેખ અને તરદદુદ હોય તે (શંકાસ્પદ) સ્થિતિમાં તે ગુનાહ જ છે. બીજા શબ્દોમાં કહીએ તો જે ગુનાહે સગીરા કે કબીરા હોવામાં સંદેહ બાકી રહેતો હોય તેવા ગુનાહ. એટલે કે, એવા દરેક ગુનાહ જે કબીરા કે સગીરા હોવામાં શંકા અને ગુમાન પેદા થઈ જાય તો

તેવા ગુનાહથી બચવાના પ્રયત્નો કરવા જોઈએ. આ જ પવિત્ર શરીઅતના કાનૂનોને અમલમાં મૂકનારનો મૂળ હેતુ અને હકીકત છે કે દરેક દીનદાર વ્યકિત જે પણ કાર્ય ગુનાહ હોવાની આશંકા હોય તેનાથી બચતા રહેવું જોઈએ.

એ વાત સ્પષ્ટ થાય છે કે, એવા ગુનાહ જે સ્પષ્ટ અને સંપૂર્ણપણે ગુનાહે કબીરા છે, તેની વિગત અત્યાર સુધીમાં ઉર્દૂ ભાષામાં કુલ સાત ભાગમાં અને ગુજરાતી ભાષામાં ત્રણ ભાગમાં ગુનાહાને કબીરા નામની કિતાબમાં વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. તેમ છતાં સદરહુ ગુનાહોની ક્રમાનુસાર યાદી પ્રસ્તુત કરીએ છીએ. આ ઉપરાંત એ મોહર્રમાત (હરામ બાબતો)

જેમાં સામાન્ય રીતે ફસાઈ જવાની શકયતા છે, તેની યાદી પણ પ્રસ્તુત કરવામાં આવે છે.

## સંપૂર્ણ રીતે સાબિત થએલા ગુનાહે કબીરાની યાદી

(૧) ખુદાની ઝાતમાં શિર્ક અને રીયાકારી.

(૨) ખુદાની રહેમતથી નાઉમીદ થવું.

(૩) ખુદાના ગઝબથી લાપરવાહી અને બદગુમાની.

(૪) ખુદાના ગુપ્ત અને અચાનક આવી પડનારા કહર (અઝાબ)થી ન ડરવું.

(૫) ઈન્સાનને કતલ કરવા.

(૬) માં બાપના આક થવું.

(૭) કતએ - રહમ.

(૮) યતીમનો માલ ખાઈ જવો.

(૯) વ્યાજખોરી.

(૧૦) ઝિનાકારી (વ્યભિચાર).

(૧૧) લવાત (સૃષ્ટિ વિરૂધ્ધનું કાર્ય કરવું).

(૧૨) કઝફ (જૂઠ).

(૧૩) શરાબ પીવો.

(૧૪) જુગાર રમવો.

(૧૫) સંગીતના સાધનોમાં તન્મય બની જવું.

(૧૬) ગાવું (ગીત ગાવા).

(૧૭) જૂઠું બોલવું.

(૧૮) ખોટી કસમ ખાવી.

(૧૯) ખોટી ગવાહી આપવી.

(૨૦) સાચી ગવાહીથી પીછેહઠ.

(૨૧) વચનભંગ કરવો.

(૨૨) અમાનતમાં ખયાનત કરવી.

(૨૩) ચોરી - ડાકુગીરી કરવી.

(૨૪) વેચવામાં ઓછું આપવું.

(૨૫) હરામખોરી (હરામ કમાણી કરવી).

(૨૬) હકો અદા ન કરવા.

(૨૭) જેહાદથી ભાગવું.

(૨૮) હિજરત કર્યા પછી કુફ્ર તરફ પાછા ફરી જવું.

(૨૯) ઝાલિમોની મદદ કરવી.

(૩૦) મઝલૂમોની મદદ ન કરવી.

(૩૧) જાદુ - ટોના.

(૩૨) ઇસરાફ (વ્યર્થ ખર્ચ) કરવો.

(૩૩) તકબ્બુર ઘમંડ કરવું.

(૩૪) મુસલમાનો સાથે જંગ કરવી.

(૩૫) મુર્દાર અને સુવ્વરનું ગોશ્ત ખાવું.

(૩૬) જાણીબૂજીને નમાઝ છોડી દેવી.

(૩૭) ઝકાત ન આપવી.

(૩૮) હજને નાચીઝ (હલકી) સમજવી.

(૩૯) વાજિબાતે ઈલાહીમાંથી કોઈ એક વાજિબાતને છોડી દેવી.

જેમકે શેખ હુર્રે આમેલી સાહેબે તેઓની કિતાબ 'બેદાયહ વ નેહાયત'માં કુલ વાજિબાત એક હજાર પાંચસો પાંત્રીસ (૧૫૩૫) ગણાવી છે.

(૪૦) નાના ગુનાહોનું પુનરાવર્તન કરીને ગુનાહોને મામૂલી સમજવા.

(૪૧) વસિયત દ્વારા કોઈ વારસદારને વારસામાંથી વંચિત રાખવા.

(૪૨) ગીબત કરવી.

(૪૩) ચુગલખોરી કરવી.

(૪૪) મોમીનની મજાક કરવી.

(૪૫) મોમીનને ગાળો દેવી અને મેણાં ટોણાં મારવા.

(૪૬) મોમીનોને ઝલીલ કરવા.

(૪૭) મોમીનની અપમાન કરીને રૂસ્વા કરવો.

(૪૮) શે'ર અથવા કાવ્ય પંક્તિમાં મોમીનની મઝમ્મત કરવી.

(૪૯) મોમીનને તકલીફ પહોંચાડવી.

(૫૦) પાડોશીને સતાવવા.

(૫૧) દગો અને ફરેબ આપવા.

(૫૨) બે મુખ - બે જીભ.

(૫૩) અનાજની સંગ્રહખોરી કરવી.

(૫૪) હસદ કરવી.

(૫૫) મોમીન સાથે દુશ્મની રાખવી.

(૫૬) મુસાહીકહ (સ્ત્રીઓએ એક બીજી સાથે બદકામ કરવું).

(૫૭) “દલાલી” અને “દિયારાત” (પોતાની પત્નીને ઝિના વેશ્યાગીરી-વ્યભિચાર કરવા) માટે પ્રોત્સાહન આપવું.

(૫૮) “ઈસ્તીમના” (જાણી બૂજીને નિરર્થક વીર્યસ્ખલન કરવું).

(૫૯) બિદઅત.

(૬૦) નાહકનો હુકમ આપવો.

(૬૧) મોહતરમ મહિનાઓમાં જંગ કરવી.

(૬૨) રાહે ખુદાથી રોકવું.

(૬૩) કુફરાને નેઅમત (નાશુક્રી).

(૬૪) ફિત્નો ફેલાવવો (લોકોને ઉશ્કેરીને અંદરો અંદર લડાવવા).

(૬૫) કાફરોને હથિયાર આપવા.

(૬૬) બોહતાન અને બદગુમાની.

(૬૭) કુરઆનની બેહુરમતી કરવી.

(૬૮) ખાનએ-કાઅબાની બેહુરમતી કરવી.

(૬૯) મસ્જિદોની બેહુરમતી કરવી.

(૭૦) માસુમીન (અલય્હિસ્સલામ)ની કબ્રો અને તુરબતે હુસૈન (અલય્હિસ્સલામ)ની બેહુરમતી કરવી.

## એ ગુનાહો જે ગુનાહે કબીરા હોવાનો સંદેહ છે

(૧) નજિસ વસ્તુઓ ખાવી પીવી.

(૨) જે જગ્યાએ સારા અને ખરાબમાં ભેદ પારખનાર વ્યકિત હાજર હોય ત્યાં શર્મગાહ ઉપરથી કપડાં ઉચા કરવા (એટલે કે શરીરના ગુપ્ત ભાગોને ઉઘાડાં કરવા).

(૩) કોઈ સજાતિય અથવા વિજાતિય (એટલે કે સ્ત્રી બીજી સ્ત્રી અથવા પુરૂષ બીજા પુરૂષના

અથવા પતિ પત્ની સિવાય બીજી કોઈ સ્ત્રી કે પુરૂષ) ના ગુપ્ત અવ્યવો ઉપર નજર કરવી.

(૪) કિબ્લા તરફ મોંઢુ અથવા પીઠ કરીને પેશાબ અથવા સંડાસ કરવું.

(૫) હૈઝ, નિફાસ અથવા જનાબતની હાલતમાં મસ્જિદમાં રોકાવું.

(૬) પુરૂષોએ શુધ્ધ રેશમનાં પોશાક અથવા સોનાનો ઉપયોગ પહેરવામાં કરવો. પુરૂષોએ સોનાની વીંટી પણ પહેરી શકાતી નથી.

(૭) પુરૂષો અને સ્ત્રીઓએ એક બીજાનો (આકાર - પ્રકાર) લાગે તેવો પહેરવેશ પહેરીને દેખાવ જાહેર કરવો.

(૮) પોતાની પત્ની અથવા પતિ સિવાય સ્ત્રી કે પુરૂષને શકકો શુબાહત (વ્હેમ - ભ્રાંતિ) શહવત (કામવાસના)ની નજરોથી જોવું. તે નજર સ્ત્રી ઉપર કે પુરૂષ ઉપર હોય તો પણ તે ગુનાહે કબીરા હોવાનો સંદેહ છે.

(૯) કોઈ બીજાના પત્રને તેની મરજી વગર ખોલવા (વાંચવા અને જોવા).

(૧૦) કોઈ ઘરના માલિકની મંજૂરી વગર તેના ઘરમાં નજર કરવી.

(૧૧) ગુમરાહ કરનાર કિતાબો (પુસ્તકો) અને પ્રકાશનો સુરક્ષિત રાખવાં એવી કિતાબો અને પ્રકાશનનો નાશ કરવો વાજિબ છે.

(૧૨) મુજસ્સમાસાઝી (પ્રતિમાઓ બનાવવી).

(૧૩) અજાણી વ્યકિતના શરીરને સ્પર્શ કરવો.

(૧૪) તકીય્યહ સિવાયના સંજોગોમાં ઝાલિમની પ્રશંસા કરવી અને સ્પષ્ટ રીતે કોઈ વ્યકિતના વખાણ કરવા જે વખાણને પાત્ર ન હોય અને કોઈ એવી વ્યકિતની મઝમ્મત કરવી જે મઝમ્મતને પાત્ર ન હોય.

(૧૫) કોઈ ગુનાહની બેઠકમાં રોકાવું.

(૧૬) સોના અને ચાંદીના વાસણોનો ઉપયોગ કરવો.

(૧૭) નમાઝે જમાઅતને અહમિયત ન આપીને તેમાં શરીક ન થવું.

(૧૮) નમાઝે જમાઅતમાં (તેનો ઈન્કાર કરીને) શીરકત કરવાથી મુખ ફેરવવું. બલ્કે અમુક

ફોકહાએ ઉઝઝામ સ્પષ્ટ રીતે ફરમાવે છે કે એ રીતે ગુનાહે કબીરા હોવાની દલીલ એ છે કે નમાઝે જમાઅતથી મુખ ફેરવનાર અને તેને અહમિયત ન આપનાર માણસની ગવાહી કબૂલ થવાને પાત્ર નથી.

(૧૯) મરાજએ ઉઝઝામના રિસાલએ અમલીયાહ (તવઝીહુલ મસાએલ)માં તહારત, નમાઝ, રોઝા વગેરેના પ્રકરણોમાં જે હરામ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવી બાબતોને છોડી દેવી વાજિબ છે.તેવી જ રીતે વઝુ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ, ખુમ્સ અને ઝકાતની વાજિબાતની અદાએગીમાં ગફલત દાખવવી હરામ છે.

આવી જ રીતે, મોઆમેલાતના પ્રકરણોમાં આપવામાં આવેલ ખરીદ- વેચાણ, ભાડા, બક્ષિશ, ઈજારા, ગસબ વગેરેના હુકમો જાણવા અને તેમાં જણાવવામાં આવેલ હરામ બાબતોને છોડી દેવી વાજિબ છે. એટલે સુધી કે, જો કોઈ વસ્તુ લેવા (વાપરવા) માંગતા હો અને તેનો માલિક શરમીંદગી અથવા મજબૂરીના કારણે તેની રજા પણ આપી દે તો તેનો ઉપયોગ કરવો હરામ છે. કારણ કે, તેમાં ગસબનો હુકમ લાગું પડી જાય છે. આ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખવો જરૂરી છે. ગસબ ગુનાહાને - મુસ્તમિર્રેહ (સતત અસરકર્તા ગુનાહો) માંથી એક ગુનાહ છે. એટલે કે, જયાં

સુધી ગસબ કરવામાં આવેલો માલ તેના માલિકને પાછો સોંપવામાં આવે ત્યાં સધી દરેક ક્ષણે એક નવા ગુનાહની વૃધ્ધિ થતી રહેશે.

તેવી જ રીતે નિકાહ, તલાક, ખાવા પીવાની વસ્તુઓ વિષેની હરામ બાબતોના હુકમો સંપૂર્ણ રીતે જાણી લેવા અને તેનો ઉપયોગ અમલ છોડી દેવો વાજિબ છે. અને તે હુકમની વિરૂધ્ધ આચરણ કરવું તે ગુનાહ છે. મુજતહીદોના અમલીયા રીસાએલમાં આ હુકમોનું વિગતવાર વર્ણન ઉપલબ્ધ છે. તેથી, અમો અત્રે ફકત ઉપરની બાબતોની યાદી રજૂ કરવાનું પૂરતું સમજીએ છીએ.

# તૌબા

જાણકાર લોકો માટે એ વાત છૂપી નથી કે, તૌબા એ ખુદાવંદે કરીમના મહાન ફઝલનો એક મોટો ભાગ અને અલ્લાહની વિશાળ રહેમતનો સૌથી મોટો દરવાજો છે. આ દરવાજો અલ્લાહ તેના બંદાઓ માટે હંમેશા ખુલ્લો રાખે છે અને તે દરવાજો કયારેય પણ બંધ થયો નથી. જો તૌબાનો દરવાજો અને રહેમતના દ્વાર બંધ થઈ જાત તો કોઈ પણ બંદો નજાત ન પ્રાપ્ત કરી શકત. કારણ કે, ગુનાહોમાં સપડાઈ જવું અને ભૂલો કરવી એ બંદાઓની પ્રકૃતિમાં શામીલ છે. અલબત્ત, ઈન્સાન ભૂલોનું પુતળું છે, ખ્વાહીશાતે નફસાની ઈન્સાન સાથે વીંટળાએલી

રહે છે. તેના શરીરના તમામ ભાગો, જાહેરી હોય કે આંતરિક, તેની વાતચિત કે ચારિત્ર્ય સાથે સંબંધિત હોય કે ચિંતન કે કલ્પના સાથે સંબંધિત હોય. બલ્કે બધા જ કાર્યો અને શકિતમાં અરહમુર રાહેમીન એવા ખુદાવંદે કરીમની રહેમત અને તેનું રક્ષણ શામીલ હોય તો ઈન્સાન ગુનાહો અને ભૂલોથી બચી શકે છે.

આ દુનિયામાં કોઈ એવો બંદો કે માનવ નહીં મળી શકે જે પોતાની જાતને કોઈ પણ પ્રકારના ગુનાહ કે ભૂલમાં ફસાવા ન દેવામાં સફળ થઈ ગયો હોય અને પોતાની પ્રારંભિક પ્રકૃતિને પોતાની ઝિંદગીના છેલ્લા શ્વાસ સુધી નવજાત શીશુંની જેવો સ્વચ્છ અને નિર્મળ રાખી

શકયો હોય. ઈન્સાનની વાત જવા દઈએ તો અંબિયાએ કેરામ (અલય્હિસ્સલામ) પણ લગઝીશો (નજીવી ત્રુટીઓ)થી બચી શકયા નથી. પરંતુ પયગમ્બરોની ભૂલ અને આપણી ભૂલમાં જમીન આસમાનનો તફાવત છે. જેનો અંશત : ઉલ્લેખ કરવામાં આવશે.

ખુદાવંદે કરીમ અને રહીમે તૌબાના તમામ રૂહાની દર્દ અને અંતરની બીમારીઓની દવા અને દરેક પ્રકારના ગુનાહોની ગંદકીથી પાક થવાનો શ્રેષ્ઠ અને સહેલો ઉપાય દેખાડયો છે, જેથી કરીને ઈન્સાન ગુનાહોમાં ફસાયા પછી તૌબાની બરકત અને મગફેરતને પાત્ર અને નજાતને લાયક બની શકે. એ બંદાઓ

ખુશનસીબ છે, જેઓ આ રહેમતના દરવાઝાઓની કદર કરીને તેની સુવિધાઓનો ફાયદો ઉપાડે છે અને પરવરદિગારની તૌબા કબૂલ કરવાની મહાન બક્ષિસનો શુક્ર અદા કરે છે અને એ ઈન્સાનો દુર્ભાગી છે જે આ સુવિધા અને બક્ષિસનો લાભ ઉઠાવી શકયા નથી. કયામતને દિવસે જયારે બંદાઓને પૂછવામાં આવશે ત્યારે એ દુર્ભાગી લોકો કહેશે : પરવરદિગાર, હું નાદાન અને બેખબર રહ્યો, હું મારી શહવત, ગઝબ અને ખ્વાહીશાતે નફસાનીમાં ડૂબેલો રહ્યો હતો, હું શૈતાની વસવસાઓની સામે અસહાય અને નિર્બળ બની ગયો હતો. ત્યારે ખુદાવંદે આલમ જવાબમાં

ફરમાવશે કે શું મેં તારા માટે તૌબાના દ્વાર ખોલ્યા ન હતા ? (શું તૌબા ન કરવા માટે) તારી ઉપર કોઈ બળજબરી હતી ? શું તારી ઉપર એવી કોઈ જવાબદારી મૂકવામાં આવી હતી જે તારી શક્તિ અને સામર્થ્ય કરતા વધારે અને મોટી હતી ? શું મેં તૌબા માટેની બહુ કડક શરતો રાખી હતી ? આ પ્રશ્નોના જવાબમાં ગુનેહગાર બંદો કહેશે કે, “ખુદાયા, મારી હાલત ઉપર રહેમ ફરમાવ. તેં તો મારા માટે કોઈ બહાના કે છટકબારી રહેવા દીધી નથી અને જવાબ આપવા માટે મારી જીભ કામ કરતી નથી. તારા પ્રશ્નોથી મારા દિલ ઉપર ભય છવાઈ ગયો છે. તેથી હું તારા સવાલોના જવાબ

આપી શકું તેમ નથી.” (દુવાએ અબુ હમઝા સોમાલી)

## હકીકતે તૌબા

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) (તૌબાની વ્યાખ્યા આપતા) ફરમાવે છે કે, “ગુનાહો ઉપર શરમીંદગી (અનુભવવાનું નામ ) તૌબા છે.” હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, “જયારે કોઈ બંદો કોઈ પ્રકારના ગુનાહ કર્યા પછી (દિલથી) શરમીંદગી અનુભવે છે, તો ખુદાવંદે રહીમ તે બંદો (પોતાની જીભથી) પોતાની ગુનાહના

મગફેરત કરે તે પહેલા તેને માફ કરી દે છે.”
(કાફી, ભાગ - ૨, પાના નંબર ૨૨૭)

આ હદીસથી જાણવા મળે છે કે, ગુનાહની શરમીંદગી અનુભવવી એ જ તૌબાની હકીકત છે અને તેને એ વાતની પ્રતીતિ થાય કે ખુદાએ અઝઝ વ જલ્લની દ્રષ્ટિએ તેની નાફરમાની કરવી સૌથી ખરાબ બાબત છે. ખુદાની નાફરમાની કરવાથી તે નારાજ થાય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને પોતાનો વ્યવહાર કરનાર માણસનું ઉદાહરણ એવા ગુલામ જેવું છે જે ગુલામ પોતાના માલિક (શેઠ કે નોકરીએ રાખનાર)ની મરજી વિરૂધ્ધ ગફલતમાં રહીને કોઈ અમલ કરતો હોય અને

તેને એમ હોય કે તેનો માલિક તેના આ કાર્યથી અજાણ છે. પરંતુ હકીકતામાં તેનો માલિક તેના આ અમલને જોઈ રહ્યો હોય. પાછળથી જયારે એ ગુલામને એ વાતની ખબર પડે કે, તેનો માલિક પોતે તેના અમલને જોઈ રહ્યો હતો ત્યારે તે દિલમાં સખ્ત પસ્તાવો કરવા લાગે છે અને જીભથી પણ પોતાના માલિકની માફી માંગે છે અથવા તો બીજું ઉદાહરણ એવા વેપારીનું આપી શકાય જેને તેના કોઈ શાણા મિત્રે અમુક પ્રકારની લેણદેણ ન કરવાની સલાહ આપી હોય, તેમ છતાં તે પોતાની બધી જ સંપત્તિ તેના એવા સોદામાં રોકી દે અને પછી તેની બધી જ સંપત્તિ તેના સોદામાં ડૂબી જાય અને

તેની ઉપર કર્ઝ પણ થઈ જાય. તેવી પરિસ્થિતિમાં તેને કેટલી શરમીંદગી અને તકલીફ થાય. (તેવી હાલત ગુનેહગાર બંદાની થવી જોઈએ).

ઉપરની વાતની સ્પષ્ઠતા માટે વધુ એક એવા માણસનો દાખલો આપી શકાય કે, જેને (તેની બીમારીના ઈલાજ માટે) ડોકટરે કોઈ ખાસ પ્રકારનો ખોરાક ખાવાની મનાઈ કરી હોય, તેમ છતાં જાણી જોઈને તે ખોરાક ખાય અને બીમારીમાં ફસાઈ જાય અને બીમાર પડયા પછી પસ્તાવો કરે.

અલબત્ત, ખુદાવંદે કરીમની બારગાહમાં દિલથી પસ્તાવો કરવો (શરમીંદગી અનુભવવી)

પૂરતું છે. ઈમામે મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, “બંદો પોતે કરેલા ગુનાહો માટે શરમીંદગી અનુભવે એ વાત તૌબા માટે પૂરતી છે.”

## શરમીંદગી ગુનાહ છોડી દેવા માટે કારણરૂપ બને છે

એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે, પરવરદિગારે આલમ કયામતના દિવસે, અમ્બીયાએ કેરામ અને અઇમ્મએ તાહેરીન અજમઈન (અલય્હિસ્સલામ) દ્વારા, ખુદાના જે હુકમો જે આપણા સુધી પહોંચ્યા છે તે હુકમો ઉપર આપણા ઈમાન અને યકીનનો દરજજો જેટલો ઊંચો હશે તેટલા જ પ્રમાણમાં આપણને

ગુનાહ કરવા માટે શરમીંદગીની લાગણી પણ વધારે અને સખ્ત થશે.

ગુનાહ કર્યા પછી શરમીંદગી અને અફસોસ થાય તો તેવી વ્યકિત માટે જરૂરી છે કે, (સૌ પ્રથમ તો) તે ગુનાહ ફરીથી ન કરવાનો દ્રઢ નિર્ણય કરી લે. જો ગુનાહ કરનાર વ્યકિત તે ગુનાહ છોડી દેવાનો દ્રઢ નિશ્ચય ન કરે તો તેનો અર્થ એ થાય કે વાસ્તવમાં તે વ્યકિતને ગુનાહ કરવામાં કોઈ શરમીંદગી થઈ નથી.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "નિશંક, કોઈ ગુનાહ કર્યા પછી શરમીંદગી (અનુભવનાર વ્યકિત) માટે તે (શરમીંદગી) ગુનાહ છોડવાનું

કારણ બની જાય છે. ગુનાહ માટે શરમીંદગી અને અફસોસ કરનાર માટે જરૂરી છે કે, તે ગુનાહના નિવારણ અને પૂર્તિ માટે પૂરેપૂરા પ્રયત્નો કરે. જો તે ગુનાહ ‘હકકુલ્લાહ’ને લગતા હોય જેમ કે, નમાઝ, રોઝા, હજ અથવા ઝકાત અદા ન કરેલ હોય તો તેની કઝા કરવી જોઈએ. જો તે ‘હકકુન્નાસ’ સાથે સંબંધિત હોય એટલે કે કોઈના માલને લગતો (આર્થિક) હક તેની ઉપર અદા કરવાનો વાજિબ હોય તો, જે તે માલના ખરા માલિકને તે માલ પહોંચાડી દેવો જોઈએ. જો તે માલનો માલિક (વારસદાર) મૃત્યુ પામ્યો હોય તો તેના વારસદારને તે માલ પહોંચાડવો જોઈએ. અને જો તે માલના માલિકના

વારસદારને ઓળખતો ન હોય તો તેના તરફથી તે માલને સદકામાં આપી દેવો જોઈએ.

જો બાકી રહેતો હક ઈઝઝત અને લજજા - મર્યાદાને લગતો હોય, એટલે કે કોઈની ઈઝઝત આબરૂને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોય, કોઈની લાગણી દુભાવવામાં આવી હોય, કોઈની ગીબત વગેરે કરવામાં આવી હોય તો જેને નુકસાન પહોંચાડયું હોય તેની પાસે માફી માંગીને તેને પોતાનાથી રાજી કરી લેવો જોઈએ. જો તે કિસાસ (બદલો કે વળતર) આપવાનો થતો હોય અથવા તો દીયત (દંડ વગેરે) આપવાની થતી હોય તો પોતાની જાતને સંબંધિત વ્યકિતને સોંપી દેવો જોઈએ, જેથી તે

વ્યકિત કિસાસ અથવા તો દીયત લઈ શકે અથવા તો માફ કરી શકે. જો “હદ” જારી કરવી પડે તેવો હક બાકી રહેતો હોય તો તે માટે પોતાની જાતને હકદાર વ્યકિતને સોંપી દેવી જોઈએ, જેથી તે હદ જારી કરાવી શકે અથવા તો માફ કરી દે. પરંતુ જો કોઈથી એવા ગુનાહ થઈ ગયા હોય જે ગુનાહ માટે ખુદાવંદે આલમે હદ (સજા) નિશ્ચિત કરી દીધી છે. જેમ કે, ઝિના (વ્યભિચાર) તો તેવી વ્યકિત માટે વાજિબ નથી કે હાકિમે શરઅ પાસે હદ જારી કરાવવા માટે ગોઠવણ કરે. પરંતુ તૌબાની રીત એ છે કે તે પોતાના ગુનાહ માટે શરમિંદો થઈને ભવિષ્યમાં એ ગુનાહ ન કરવાનો દ્રઢ ઈરાદો કરે અને

વારંવાર ઈસ્તિગફાર કરતો રહે. તો તે પૂરતું છે. તેવી જ રીતે એ ગુનાહે કબીરા જે ગુનાહ માટે “હદ” નિશ્ચિત કરવામાં આવી નથી, જેમ કે, ગાવુ, સંગીત સાંભળવું, ગીબત કરવી વગેરે તો તેવા ગુનાઓ માટે શરમીંદગી અનુભવવી અને ઈસ્તિગફાર કરવો જરૂરી છે. અત્રે એ વાતની સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, જેમ દુનિયામાં કોઈ ગુનેહગાર ઉપર હદ જારી કરી દેવામાં આવે તો આખેરતમાં તેને કોઈ સજા મળવાની શકયતા રહેતી નથી. પરંતુ જો કોઈ ગુનાહ માટે ફકત તૌબા કરવામાં આવે તો તે તૌબા કરનાર માટે જરૂરી છે કે તૌબા કબૂલ થવા અને અઝાબ માફ થવા માટે ખોફો રજા (ભય અને આશા)ની

વચ્ચે રહીને અનિશ્ચિતતાની હાલતમાં અલ્લાહની માડી માંગતો રહે.

આયતે કરીમા અને હદીસોના પ્રકાશમાં એ વાત સ્પષ્ટ થાય છે કે, ગુનાહો માટે શરમીંદગી અનુભવ્યા પછી પણ ઈસ્તિગફાર (ગુનાહ માટે પશ્ચાતાપ) કરવો વાજિબ છે. એટલે કે, બારગાહે ખુદામાં ગુનાહોની મગફેરત માટે ઈસ્તિગફાર અને દુવા કરતો રહે. કુરઆને મજીદ ફરમાવે છે : “અને ખુદા પાસે મગફેરતની દુવા (ક્ષમા) માંગતા રહો. બેશક, ખુદા મહાન બક્ષનાર અને મહેરબાન છે.” (સૂરએ બકરહ - ૨, આ : ૧૯૯)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "ઈસ્તિગફાર કર્યા પછી કોઈ કબીરા ગુનાહ બાકી રહેતા નથી." હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : "ગુનાહોની બીમારીની દવા ઈસ્તિગફાર છે."

હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે : "મને એ વાતનું આશ્ચર્ય થાય છે એ માણસથી જે (ગુનાહોમાં ફસાઈ ગયા પછી નિરાશાની હાલતમાં હેરાન રહે છે જયારે કે) તેની પાસે "ગુનાહોને નાબૂદ કરવાનું હથિયાર" મોજૂદ છે. કોઈએ અર્ઝ કરી કે, "ગુનાહોને નાબૂદ કરવાનું હથિયાર" નો અર્થ શું થાય ?"

ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “ગુનાહોને નાબૂદ કરવાના હથિયાર તૌબા, ઈસ્તિગફાર અને દુવા છે.”

## સંપૂર્ણ તૌબા

કોઈએ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની સામે ‘અસ્તગફેરૂલ્લાહ’ કહ્યું. આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “તારી માં તારા માતમમાં રડે, શું તને ખબર છે કે ‘અસ્તગફેરૂલ્લહ’ શું છે ?” (તે માણસનું “અસ્તગફેરૂલ્લાહ” કહેવું ફકત જીભ પૂરતું મર્યાદિત હતું. તે દિલથી કરવામાં આવતી વાસ્તવિક તૌબાથી અજાણ હતો. આપે ફરમાવ્યું : “અસ્તગફેરૂલ્લાહ” ઉચ્ચ મરતબાવાળી

વ્યકિતઓ અને અગણ્ય લોકોનો મરતબો છે.” ઈસ્તિગફારનો અર્થ અને તેની હકીકત સમજવા માટે અમુક બાબતો જરૂરી છે, જેની વિગત નીચે પ્રમાણે છે :

(૧) અગાઉ થઈ ગએલા ગુનાહો માટે શરમીંદગી અને અફસોસ (પ્રશ્ચાતાપ)કરવો.

(૨) હંમેશ માટે ગુનાહ ન કરવાનો દ્રઢ નિર્ણય.

(૩) લોકોના હક એવી રીતે અદા કરી દેવા કે મરતી વખતે કોઈ પ્રકારનો હક તેની ઉપર બાકી ન રહે અને પાકીઝા હાલતમાં ખુદાની રહેમતમાં પહોંચી જાય.

(૪) જે વાજિબાત છૂટી ગઈ હોય તેને અદા કરે. તેની પૂર્તિ તેના બદલે કરવામાં આવતી કઝા વગેરે અદા કરીને કરે.

(૫) હરામ માલને કારણે શરીર ઉપર ચડેલા માંસ (ચરબી વગેરે)ને આખેરતની યાદથી એવી રીતે પીગળાવી દે કે શરીરની ચામડી હાડકાં સાથે ચોંટી જાય અને ત્યાર પછી નવેસરથી શરીર ઉપર હલાલ ખોરાકનું ગોશ્ત બની જાય.

(૬) પોતાના શરીરને ગુનાહો અને ઐયાશીમાં જે રીતે ડૂબાડી રાખ્યું હતું તેટલાં જ પ્રમાણમાં તેનાથી ઊલ્ટું સતત ઈબાદત કરવાની ટેવની મજા ચખાડે.

જયારે તારામાં ઉપરની છ સિફતો પેદા થઈ જાય ત્યારે તું “અસ્તગફેરૂલ્લાહ” નો વિર્દ પડવા માટે લાયક બની શકે છે. (વસાઈલ, કિતાબે જેહાદ, પ્રકરણ ૮૫, ભાગ ૧૧, પાના નંબર ૩૬૧)

## તૌબા વાજિબ હોવાની દલીલ અને તેની ફઝીલત

ઓલમાએ કેરામે એ બાબતનો એક મત થઈને ફત્વો આપ્યો છે કે, ગુનાહે કબીરા અથવા ગુનાહે સગીરા થઈ જવા પછી તૌબા કરવી વાજિબ છે અને માનવની અક્કલ પણ આ વાતને સ્વીકારે છે. મોહક્કીકે તૂસી (અ.ર.) ‘તજરીદુલ કલામ’માં અને અલ્લામા હીલ્લી

(અ.ર.) તેના વિવરણમાં ફરમાવે છે કે, તૌબા દુનિયા અને આખેરતનું નુકસાન દૂર કરે છે અને દરેક મુશ્કેલી અને નુકસાનને દૂર કરવું અકલી રીતે વાજિબ છે. તેથી તૌબા કરવી એ અકલી રીતે પણ વાજિબ છે. આ વિષે ખુદાવંદે આલમ કુર્આને મજીદમાં ઈરશાદ ફરમાવે છે :

"અને અય (મોમીનો), તમે સઘળાં ખુદાની બારગાહમાં તૌબા કરો, જેથી તમે (સર્વે) મુક્તિ પામો." (સૂરએ નૂર - ૨૪, આ : ૩૧)

આ ઉપરાંત ફરમાવે છે : "અય ઈમાન લાવનારાઓ, ખુદાની બારગાહમાં "તૌબાએ નસુહ" (નિર્મળ તૌબા ફકત ખુદાની ખુશનુદી માટે) કરો. આશા છે કે તમારો પરવરદિગાર

તમારાથી ગુનાહ દૂર કરી દે. (તમારી બૂરાઈઓ ટાળી દે)" (સૂરએ તહરીમ - ૬૬, આ : ૮)

## તૌબાએ નસૂહ શું છે ?

અલ્લામા મજલિસી આઅલલ્લાહો મકામોહુએ 'શર્હે કાફી'માં તફસીરકર્તાઓના હવાલાથી "તૌબએ નસૂહ" ના કેટલાક અર્થ જણાવ્યા છે, જેની વિગત નીચે પ્રમાણે છે :

(૧) ફકત અલ્લાહ તઆલાની ખુશનુદી માટે નિસ્વાર્થ, નિર્લેપ અને નિર્મળ ભાવનાથી તૌબા કરવી. એટલે કે, માત્ર ખુદાના હુકમના વિરોધ અને નાફરમાની વિષે દિલમાં અફસોસ અને શરમીંદગીનો સંપૂર્ણ અહેસાસ કરીને તૌબા કરવી. તૌબાનું કારણ જહન્નમનો ડર કે જન્નતની

લાલચ ન હોવી જોઈએ. મોહકકીકે તૂસી ‘તજરીદુલ કલામ’માં ફરમાવે છે કે, દોઝખના ડરથી ગુનાહો માટે શરમીંદગી કરવી એ તૌબા નથી. (કારણ કે, દોઝખ અને બેહીશ્ત બંને ખુદાની મખ્લૂક છે, જે ખુદાના હુકમ વગર ફાયદો કે નુકસાન પહોંચાડી શકતી નથી).

(૨) તૌબા એવી રીતે કરવી જોઈએ કે તૌબા કરનારની હાલત જોઈને બીજાઓ નસીહત અને બોધપાઠ મેળવી શકે. તેમ જ, લોકોના દિલોમાં તૌબા કરવાનો શોખ અને ઉત્કંઠા પેદા થાય અને તેઓ પણ પોતાના સારા ચારિત્ર્ય અને વાતચીતથી થઈ ગએલા ગુનાહોની ક્ષતિપૂર્તિ કરે અને (બદલો, વળતર

વગેરે આપીને) પોતાની ભૂલોનું નિવારણ કરે. એટલે સુધી કે, દરેક ગુનેહગારને તેવી તૌબાના ચિહ્નો જોઈને તેની સાથે તૌબામાં હરીફાઈ કરવાની પ્રેરણા ઊભી થાય. એ પ્રમાણે તૌબા કરનારે તૌબાનો હક અદા કર્યો ગણાશે. મખ્લૂકે ખુદાને નસીહત સાથે માર્ગદર્શન આપ્યું ગણાશે. જો તૌબા કરનાર પોતાના ચારિત્ર્યમાં નોંધપાત્ર ફેરફાર કરીને બીજાઓ ઉપર પ્રભાવ ન પાડી શકે તો ઓછામાં ઓછું તેને પોતાના નફસની સુધારણા કરવામાં એટલી સફળતા મેળવવી જોઈએ કે તૌબા કર્યા પછી તેણે ગુનાહોથી સંપૂર્ણ રીતે દૂર રહેવું જોઈએ અને જીવનના અંતિમ શ્વાસ સુધી કયારેય પણ કોઈ પ્રકારના

ગુનાહે કબીરા કે ગુનાહે સગીરામાં કદી ફસાવું ન જોઈએ.

(૩) ‘તૌબએ નસૂહ’નો અર્થ ખાલિસ તૌબા થાય છે, જેની વિગત આગળ આવી ચૂકી છે. તેનો બીજો અર્થ એ છે કે, ‘નસૂહ’ શબ્દનું પુનરાવર્તન છે. અરબી ભાષામાં કપડા સીવવા અને કપડાને રફુ કરવા (સાંધવા)ને ‘નસાહત’ કહેવાય છે. તેથી, એ રીતે તૌબા કરીને ગુનેહગાર. પોતાની શર્મો હયા અને દયાનતદારી (સત્યનિષ્ઠા) ના પોશાકને નિર્લજજતા અને લાપરવાહીથી ટૂકડે ટૂકડા કરી નાખ્યો છે તેને તૌબાના ટાંકા અને શરમીંદગીના

દોરાથી રફુ કરે, જેથી તે ખુદા અને તેના દોસ્તોથી નજદીક થઈ જાય.

(૪) 'નસૂહ' તૌબાનો અર્થ એમ પણ શકય છે કે, તે તૌબા કરનારની સિફત હોય જે રીતે નસીહતનો ભાવાર્થ થાય છે એ રીતે 'તૌબાએ નસૂહ'નો અર્થ એ થશે કે નસીહત કરનારની તૌબા. એટલે કે, ગુનાહની દરેક પ્રકારની કલ્પના (વિચાર)ને દિલમાંથી નાબૂદ કરી દેવી અને ગુનાહના અંધકારને તૌબાના વસીલાથી નાબૂદ કરીને નૂરે ઈમાનથી દિલને પ્રકાશિત કરવું.

અલ્લામા આગળ ફરમાવે છે : કોઈ બુઝુર્ગનું સુવાકય (દિલના) અરીસાને

ચમકાવવા માત્ર માટે તેને બહારથી સાફ કરવો પૂરતો નથી; પરંતુ તેમાં ચમક પેદા કરવા માટે ઘસવો પણ જરૂરી છે, જેથી તેની ઉપર જામી ગએલી ગંદકી અને કાળાશ સારી રીતે દૂર થઈ જાય. તૌબા કરનાર માટે જરૂરી છે કે, તે પોતાના દરેક ગુનાહને વિગતવાર ધ્યાનમાં રાખે અને દરેક ગુનાહના બદલામાં એક નેકી બજાવી લાવે, જેથી કરીને તેના ગુનાહની પૂર્તિ થઈ જાય. દાખલા તરીકે, જેટલા ગીત ગાયા હોય અને સંગીતના સાધનોનો જેટલો અવાજ સાંભળ્યો હોય તેટલા પ્રમાણમાં કુરઆન, હદીસ, વાએઝ, નસીહત, દીની મસાએલ અને દીની

તાલીમાના પાઠ સાંભળવાના પ્રયત્ન કરવા જોઈએ.

કુરઆને મજીદના અક્ષરોનો વઝુ અને ગુસ્લ કર્યા વગર સ્પર્શ કર્યો હોય તો તેની પૂર્તિ પૂરેપૂરા એહતેરામ સાથે કુરઆનની તિલાવતથી કરવી જોઈએ. જો જનાબતની હાલતમાં મસ્જિદમાં રોકાયા હોય તો તેના ઇસ્તિગફાર માટે મસ્જિદમાં (દાખલા તરીકે) એઅતેકાફ કરવો જોઈએ. (એઅતેકાફ એટલે ઈબાદત વગેરેના ઈરાદા સાથે રોઝા રાખીને ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી સતત મસ્જિદમાં રહેવુ).

જો હરામ વસ્તુઓ તરફ નજર કરી હોય તો તેના બદલામાં એવી વસ્તુઓ, વ્યક્તિઓ

તરફ નજર કરવી જોઈએ, જે વસ્તુઓ, વ્યક્તિઓ તરફ માત્ર નજર કરવી ઈબાદત હોય. જેમ કે, કુર્આને મજીદના અક્ષરો વગેરે ઉપર નજર કરવી, મા બાપને શફકતની નજરે જોવા, બા કીરદાર (ચારિત્ર્યવાન) મોમીન, સાદાતે કેરામ અને ઈત્રતે આલે અત્હાર (અલય્હિસ્સલામ) વગેરે ને જોવા. જો લોકોના બાકી રહી ગએલા હકોની જવાબદારીમાંથી મુક્ત થવું હોય તો તૌબા અને શરમીંદગી અનુભવ્યા પછી પોતાની જરૂરત કરતા વધારે (બાકી વધેલો) હોય તે માલ સદકામાં આપી દે. કોઈ મોમીનની ગીબત કરી હોય અને તેવા ગુનાહની પૂર્તિ કરવા માંગતો હોય તો તૌબા

કર્યા પછી તે મોમીનની પ્રશંસા અને પ્રશસ્તિ કરવી જોઈએ અને તેની નેક સિફતોને જાહેર કરવી જોઈએ સંક્ષિપ્તમાં દરેક ગુનાહમાં ફસાયા પછી પહેલાં તો તે ગુનાહની તોબા કરવી જોઈએ અને પછી એવી ઈબાદત કરવી જોઈએ જે તે ગુનાહની વિરૂધ્ધની (પૂર્તિ થાય તેવી) બાબત હોય. તેનો અર્થ એ છે કે, દરેક ખરાબીની વિરૂધ્ધની બાબત ભલાઈ અને નેકી હોય શકે છે. તેથી, જેવી રીતે શારીરિક બીમારીઓનો ઈલાજ તેની વિરૂધ્ધની બાબતોથી કરવામાં આવે છે, તેવી જ રીતે રૂહાની બીમારીઓનો ઈલાજ પણ તેની વિરૂધ્ધની બાબતોથી કરવામાં આવે છે.

‘તૌબાએ નસૂહ’ વિષેનું અલ્લમા મજલિસી (અ.ર.)નું બયાન અહીં પૂરૂં થાય છે.

## તૌબાની ફઝીલત

(૧) તૌબા કરનાર ખુદાને ખૂબ જ પ્રિય હોય છે. આપથી કુરઆને મજીદમાં ફરમાવ્યું છે : “નિસંશય, ખુદાવંદે કરીમ બહુ જ વધારે તૌબા કરનારા અને પાક અને સાફ રહેનારાઓને દોસ્ત રાખે છે.” (સૂરએ બકરહ - ૨, આ : ૨૨૨)

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “બેશક, જે રીતે કોઈ પોતાના ખોવાઈ ગએલો માલ પાછો મળી જવાથી ખુશ થાય છે, તેવી રીતે ખુદાવંદે આલમ પોતાના

મોમીન બંદાઓની તૌબાથી ખુશ થાય છે.” (ઉસૂલે કાફી)

(૨) તૌબા કરનારના ગુનાહ નેકીમાં ફેરવાય જાય છે. તૌબાની બરકતથી ફકત ગુનેહગારના ગુનાહની ગંદકી અને અંધકાર દૂર થતો નથી, બલ્કે ઈતાઅતના નૂરથી તેનું દિલ રોશન અને તેની રૂહ પ્રફુલ્લિત બની જાય છે. આ વિષે ઈરશાદે બારી તઆલા છે : “એ લોકો કે જેઓ ખુદા સાથે બીજા માઅબૂદની પૂજા નથી કરતા અને જેઓને જાનથી મારી નાખવા (કતલ કરવા) નું ખુદાએ હરામ ગણાવેલ છે, તેને નાહક કતલ નથી કરતા અને ન તો વ્યભિચાર કરે છે અને જે (કોઈ) માણસ એવું

કૃત્ય કરશે તો તે પોતાના જીવની સજા (બદલો) અવશ્ય ભોગવશે. કયામતના દિવસે તેનો અઝાબ બમણો કરી નાખવામાં આવશે અને તેમાં તે હંમેશા તિરસ્કૃત અને ધિક્કારની હાલતમાં રહેશે, સિવાય એ કે જેણે તૌબા કરી લીધી અને ઈમાન કબૂલ કર્યું અને સારા કામ કર્યા તો પછી એ લોકોની બૂરાઈઓને ખુદા નેકીમાં ફેરવી નાખશે અને ખુદા તો મહાન ક્ષમાવાન અને માફ કરનાર છે.” (સૂરએ ફુરકાન - ૨૫, આ : ૬૮ - ૭૦)

(૩) દુવા કરનાર લોકો ફરિશ્તાઓની દુવાને અને પ્રશંસાને પાત્ર છે : “જે ફરિશ્તાઓ અર્શ (આસમાન)ને ઉઠાવી રહ્યા છે અને જે

તેમની આજુબાજુ (ગોઠવાએલાં) છે (બધા) પોતાના પરવરદિગારની પ્રશંસાની સાથે તસ્બીહ (તારીફનું સ્મરણ) કરી રહ્યા છે અને તેની ઉપર જ ઈમાન ધરાવે છે અને મોમીનો માટે દુવા માંગે છે (અને કહે છે) કે અય મારા પરવરદિગાર, તારી રહેમત, તારી કૃપા અને તારૂં ઈલ્મ દરેક વસ્તુઓ ઉપર વ્યાપી રહેલું છે. માટે જે લોકોએ (સાચા) દિલથી તૌબા કરી લીધી અને તારા (બતાવેલ) રસ્તા ઉપર ચાલ્યા તેઓ (ના ગુનાહ)ને બક્ષી દે અને તેઓને જહન્નમના અઝાબથી બચાવી લે.” (સૂરએ મોમીન - ૪૦, આ : ૭)

“અય અમારા પાલનહાર, તેમને એ સદાબહાર બાગોમાં (કાયમ રહેનારી જન્નતમાં) જેનો (તેઓને) તેં વાયદો કર્યો છે દાખલ કરી દે અને તેમના બાપ દાદઓમાંથી અને તેમની પત્નીઓમાંથી અને તેમના સંતાનોમાંથી જેઓએ નેકી કરી હોય તેમને પણ (બક્ષી) દે. બેશક, તુ જ મહાન સમર્થ (અને) હિકમતવાળો છે.” (સૂરએ મોમીન - ૪૦, આ : ૮ - ૯ )

(૪) તૌબા કરનાર જન્નતી છે : આ વિષે પરવરદિગારે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે : “લોકો જયારે કોઈ અપકૃત્ય કરી બેસે છે અથવા તો પોતાની ઉપર ઝુલ્મ કરે છે ત્યારે ખુદાને યાદ કરીને પોતાના ગુનાહોની માફી

માંગે છે અને અલ્લાહ સિવાય ગુનાહોને કોણ માફ કરી શકે છે અને જે કાંઈ તેઓ કરી ચૂકયા છે તે ગુનાહોનું જાણીબૂજીને પુનરાવર્તન નથી કરતા.”

“તેમનો બદલો તેમના પરવરદિગાર તરફથી માફી છે. તેઓ માટે પરવરદિગાર તરફથી બેહિશ્તના બાગો છે, જેની નીચે નહેરો વહેતી હશે. અને તેમાં તેઓ હંમેશા રહેશે અને સદકાર્યો કરનારા માટે કેવો ઉત્તમ બદલો છે.” (સૂરએ આલે ઈમરાન - 3, આ : ૧૩૫ - ૧૩૬)

(૫) તૌબા લાંબુ આયુષ્ય, રોજીમાં વૃધ્ધિ અને ખુશહાલી માટે કારણરૂપ બને છે : “અને તમારા પરવરદિગાર પાસે મગફેરતની દુવા

(ક્ષમા) માંગો, પછી તેની બારગાહમાં (ગુનાહોની) તૌબા કરો, તે જ તમને એક નિશ્ચિત મુદ્દત (મોત) સુધી સારી રીતે લુત્ફ (ફાયદા) ઉઠાવવા દેશે અને તે દરેક કૃપાદ્રષ્ટિ ધરાવનારને પોતાની કૃપાનો બદલો અર્પણ કરે, જો તમે (તેના હુકમથી) મુખ ફેરવી લીધું તો (તું કહી દે કે) મને તમારા માટે તે મહાન (ખૌફનાક) દિવસના અઝાબનો ભય છે.” (સૂરએ હુદ - ૧૧, આ : 3)

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે : “નાની ઉમરમાં ગુનાહોને લીધે મૃત્યુ પામનાર લોકોનું પ્રમાણ જે લોકો નિશ્ચિત થએલી મુદ્દતમાં મૃત્યુ

પામે છે તેના કરતા વધારે છે.” (સફીનતુલ બેહાર, ભાગ ૧, પાના નંબર ૪૮૮)

એટલે કે ગુનાહોથી ઉમર ઓછી થાય છે અને તૌબાથી જિંદગીમાં વધારો થાય છે. સૂરએ નૂહમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યું : “મેં (નૂહે) કહ્યું, તમારા પરવરદિગારથી મગફેરતથી દુવા માંગો, બેશક તે મહાન ક્ષમાવાન છે. અને તમારી ઉપર આકાશમાંથી મુશળધાર વરસાદ વરસાવશે અને તમને માલ અને ઓલાદમાં મદદ (પ્રગતિ) આપશે અને તમારા માટે બગીચાઓ ઉત્પન્ન કરશે અને તમારા માટે નહેરો (નદીઓ) વહાવશે.” (સૂરએ નૂહ - ૭૧, આ : ૧૦ - ૧૨)

(૬) તૌબા કરવાથી દુવા કબૂલ થાય છે : હઝરત ઈમામ સજ્જાદ (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “એક માણસ પોતાના કુટુંબ સાથે એક હોડીમાં બેઠો. જયારે તેની હોડી મજધારમાં (દરિયાની વચ્ચે) પહોચી ત્યારે તૂટી ગઈ અને તે કશ્તીમાં તેની પત્ની સિવાય બધા લોકો ડૂબી ગયા અને કોઈ બચ્યું નહીં. તે સ્ત્રીએ હોડીના તૂટેલા પાટીયાનો આધાર લીધો. દરિયાની લહેરોએ તેણીને એક ખાડીના કિનારે પહોંચાડી દીધી. તે કિનારા ઉપર એક લૂંટારો રહેતો હતો. તે ખરાબ કામ કરવામાં જરા પણ શરમ રાખતો ન હતો. ખુદાએ હરામ ઠરાવેલા તમામ કામ તે કરતો હતો. જયારે તે લૂંટારાએ તે ખૂબસુરત

સ્ત્રીને જોઈ ત્યારે પૂછયું કે તું માનવજાતમાંથી છે કે પરી છે ? તે સ્ત્રીએ જવાબ આપ્યો કે હું માનવજાતમાંથી છું. ત્યારે તેણે બીજી કોઈ પ્રકારની વાત કર્યા વગર તે સ્ત્રીને પોતાની બાહુપાશમાં ખેંચી લીધી. લૂંટારાના એ વર્તનથી તે સ્ત્રી ધ્રુજી ગઈ. લૂંટારાએ તે સ્ત્રીને ધ્રૂજારીનું કારણ પૂછયું, ત્યારે તે સ્ત્રીએ આસમાન તરફ હાથથી ઈશારો કર્યો અને કહ્યું : હું મારા ખુદાથી ડરૂં છું. લૂંટારાએ પૂછયું કે આ પહેલા કદી આવું કામ કર્યું છે ? ત્યારે તેણીએ જવાબમાં કહ્યું : મારા ખુદાની ઇઝઝતની કસમ, આવું કામ મેં કદાપી કર્યું નથી. તે લૂંટારાએ કહ્યું : તું અત્યાર સુધી ખુદાથી એ માટે ડરે છે તેં આ પહેલા કદી

આવું કામ કર્યું નથી. હવે તારી પાસે કોઈ રસ્તો રહ્યો નથી. કારણ કે, તું મારા તાબામાં મજબૂર છે. તારા કરતા મારે અલ્લાહથી વધારે ડરવાની જરૂર છે. (કારણ કે હું તારી કરતા વધારે ગુનેહગાર છું) આમ કહીને તે લૂંટારો તે સ્ત્રીને હાથ લગાડયા વગર ગુનાહોથી શરમીંદગી અનુભવતો પસ્તાવો કરતો ત્યાંથી પોતાના ઘર તરફ જવા માટે ચાલી નીકળ્યો. તે પોતાના થઈ ગએલા ગુનાહો માટે શરમીંદગી અનુભવતો હતો અને પસ્તાવો કરતો હતો. તે લૂંટારાને રસ્તામાં ચાલતા ચાલતા એક પાદરી સાથે મુલાકાત થઈ ગઈ. બંને રસ્તામાં સાથે ચાલતા રહ્યા. બંને સૂરજની ગરમીથી અકળાતા હતા.

પાદરીએ તે લૂંટારાને કહ્યું કે ખુદા પાસે દુવા કર કે ખુદાની રહેમત આપણા માથા ઉપર છાયો કરે અને આપણે ગરમીથી સુરક્ષિત થઈ જઈએ. તે લૂંટારા યુવાને જવાબ આપ્યો કે, મારા ગુનાહોને લક્ષમાં લેતા મને ખુદા પાસે કાંઈ માંગવાની હિંમત થતી નથી. પાદરીએ કહ્યું : ઠીક, તો હું દુવા કરૂં છું તું આમીન કહેજે. તે યુવાને કહ્યું : ઘણું સારૂં. ત્યારપછી તે પાદરી દુવા કરતો રહ્યો અને લૂંટારો આમીન કહેતો રહ્યો. તે દુવા કર્યા પછી વાદળોએ તે બંને ઉપર છાયો કર્યો. તે દિવસે તે બંનેએ છાયામાં રસ્તો પસાર કર્યો. ચાલતા ચાલતા બંને એવી જગ્યાએ પહોંચ્યા. જયાંથી બંનેના રસ્તા જુદા

પડતા હતા. તે યુવાનને એક દિશામાં જવાનું હતું. જયારે પાદરીને બીજી દિશામાં જવાનું હતું. બંને પોત પોતાના રસ્તા તરફ ચાલવા લાગ્યા. પરંતુ એકાએક તે વાદળ પેલા યુવાનની ઉપર છાયો કરતું તેની સાથે જવા લાગ્યું. પાદરીએ પાછા ફરીને કહ્યું : અય નવજવાન, તું મારાથી વધારે સારો છે, તેથી તારી દુવા કબૂલ થઈ ગઈ છે અને હું તેનાથી વંચિત રહી ગયો છું. હવે તું કહે કે તારી દુવા કબૂલ થવાનું કારણ શું છે ? યુવાને પોતાને ખાડીના કિનારે મળેલી સ્ત્રીનો આખો બનાવ કહી સંભળાવ્યો. પાદરીએ કહ્યું કે, તારા દિલમાં ખૌફે ખુદા અનુભવેલ છે. તેનાથી તારા થઈ ગએલા તમામ ગુનાહ માફ

કરી દેવામાં આવ્યા છે. હવે તું તારા ભવિષ્યની ચિંતા કર.” (ઉસૂલે કાફી, ખૌફો- રજાનું પ્રકરણ,હદીસ નંબર ૮,ભાગ ૨,પાના નંબર ૬૯)

(૭) તૌબા ખુદા તરફથી બશારત અને અલ્લાહની બારગાહમાં કબૂલ થનારો અમલ છે : ખુદાવંદે કાએનાત કુર્આને અઝીમમાં ઈરશાદ ફરમાવે છે : “એ તે જ ખુદા છે જે પોતાના બંદાઓની તૌબા સ્વીકારે છે અને ગુનાહો માફ કરી દે છે. અને તેઓ જે કાંઈ કરે છે તે (સઘળું) સારી રીતે જાણે છે.” (સૂરએ શુરા - ૪૨, આ : ૨૫)

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “ખુદાવંદ અઝ્ઝ

વ જલ્લે દાઉદ (અલય્હિસ્સલામ)ને ફરમાવ્યું : અય દાઉદ, ગુનેહગારોને બશારત (ખુશખબરી) આપો અને સિદ્દીકોને ડરાવો. હ. દાઉદે અર્ઝ કરી, પરવરદિગાર, ગુનેહગારોને કઈ રીતે ખુશબખરી આપું અને સિદ્દીકોને કઈ રીતે ડરાવું ? ફરમાવ્યું : ગુનેહગારોને બશારત આપો કે તેમની તૌબા કબૂલ કરૂં છું અને તેમના ગુનાહોને માફ કરૂં છું અને સિદ્દીકોને ડરાવો કે ખબરદાર, તેઓ પોતાના આમાલ ઉપર ગર્વ અને ઘમંડ ન કરે. કારણ કે, જે બંદાઓ પાસેથી હું બદલો લઈશ તે હલાક થઈ થશે.”

(૮) જે પ્રકારના જેટલા ગુનાહ હોય તેનાથી તૌબા કરીને પાક થઈ શકાય છે. સૂરએ

ઝુમરમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યું : “(અય રસૂલ) તું કહી દે કે, અય મારા બંદાઓ, જેમણે (ગુનાહ કરી) પોતાના જીવો ઉપર (ઈસરાફ) હદ ઉપરાંતનો ઝુલ્મ કર્યો છે, તમો ખુદાની રહેમતથી નિરાશ થશો નહીં. બેશક, ખુદા તમારા તમામ ગુનાહોને (સગીરા હોય કે કબીરા ભલે તે હદથી વધી ગયા હોય) માફ કરી દેશે. બેશક, તે મહા ક્ષમાવાન અને દયાળુ (બંદાઓ ઉપર મહેરબાન) છે અને (તમામ કોશિષોથી ગુનાહોને છોડીને) તમારા પરવરદિગાર તરફ રજૂ થાઓ. તમારા ઉપર અઝાબ આવે (અને તમારી મદદ કરવામાં ન આવે) તે પહેલા તેના તાબેદાર થઈને રહો. પછી તમારી કોઈ સહાય

નહીં કરવામાં આવે.”(એટલે કે તે પછી તે વખતે તમારા માથા પરથી અઝાબ દૂર કરવામાં કોઈ તમારી મદદ કરી શકશે નહીં)” (સૂરએ ઝૂમર - ૩૯, આ : ૫૩ - ૫૪)

આ એ આયત છે, જે નાઝીલ થવા પછી હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પોતાની ગુનેહગાર ઉમ્મત વિષે સંતોષ થયો હતો. એહલે ઈમાન માટે જરૂરી છે કે, યા એબાદી અસ્રફુ લા તક્નોતૂ ઝોનુબ જમીઆ, ગોફુરૂન રહીમુન અયીમ્બુ અસ્લેમુના દ્રષ્ટિકોણ અને તફસીરને સમજવા માટે તફસીરે ‘મિન્હાજુસ્સાદેકીન’ , ‘તફસીરે મીઝાન’, ‘તફસીરે નમૂના’ વગેરે તરફ રજૂ કરે.

જેથી, આ સંબોધનમાં જેટલા લુત્ફો કરમ અને શફકત છૂપાએલી છે તે સ્પષ્ટ થઈ જાય. (ઉર્દૂ અનુવાદક)

હઝરત ઈમામ જાફર સાદિકે (અલય્હિસ્સલામ) પોતાના અમુક અસ્હાબને આ પ્રમાણે કહેતા સાંભળ્યા : "ખુદાએ (લોકો)ની ઉપર લાઅનત કરે જેણે અલી (અલય્હિસ્સલામ) સાથે જંગ કરી." ઈમામ (અલય્હિસ્સલામ)એ આ વાત સાંભળીને ફરમાવ્યું કે : (તેની સાથે) આમ પણ કહો : "પરંતુ તે માણસ કે જેણે તૌબા કરી અને પોતાની હાલતની સુધારણા કરી લીધી."

પછી આપે ફરમાવ્યું : "એ માણસના ગુનાહ જે જેણે હઝરત અલી

(અલય્હિસ્સલામ)ની મદદ ન કરી અને પોતાના તે અમલ ઉપર શરમીંદગી ન અનુભવી, તે માણસના ગુનાહ કરતા વધારે છે કે જેણે હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે જંગ કરી, અને પછી તૌબા અને પ્રશ્ચાતાપ કર્યો હોય.” (વસાએલુશ્શિઆ, કિતાબે જેહાદ, પ્રકરણ ૩૨, હદીસ નં ૧૦, ભાગ ૧૧, પાના નંબર ૨૬૫)

ઉપરની હદીસથી જાણવા મળે છે કે, મોટામાં મોટા ગુનાહ એટલે કે ઈમામ અને વસીએ પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે જંગ કર્યા પછી પણ જો તૌબા કરી લેવામાં આવે તો તે પણ માફીને પાત્ર છે.

(૯) તૌબા તોડી નાખવાના કારણે બાતિલ થતી નથી : જો તૌબા કરનાર વ્યકિત પોતાનો વાયદો તોડી નાખે અને ફરીથી ગુનાહ કરવા માંડે તો તેની અગાઉ કરેલી તૌબા બાતિલ થતી નથી; પરંતુ તેણે નવેસરથી કરેલા ગુનાહો માટે તૌબા કરવી વાજિબ છે. સંક્ષિપ્તમાં તેની ઉપર ખ્વાહીશાતે નફસાની કાબૂ મેળવી લે અને તેની ઉપર શૈતાની વસવસા તેની લાગણીઓને ભડકાવે અને તે જેટલી વખત તૌબા કરીને તોડે અને દરેક વખતે ફરીથી તૌબા કરી લે તો તેના ગુનાહ બક્ષી દેવામાં આવશે. પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “બેશક, ખુદા

ગુનાહોમાં ફસાયા પછી બહુ જ (વધારે પ્રમાણમાં) તૌબા કરનાર ગુનેહગારોને દોસ્ત રાખે છે.”

મોહમ્મદ બિન મુસ્લિમે ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી છે કે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “અય મોહમ્મદ બિન મુસ્લિમ, મોમીનોના થઈ ગએલાં તમામ ગુનાહો જેની તેણે તૌબા કરી લીધી હોય તે માફ છે અને ભવિષ્ય(ના ગુનાહો) માટે તૌબા અને મગફેરત પછી સારા અમલ કરતો રહે. (તો) ખુદાની કસમ, આ ફઝીલત બીજા કોઈને નસીબ થતી નથી, પરંતુ એવા લોકોને કે જેઓ મોમીન (ઈમાનદાર) છે.”

મેં અર્ઝ કરી, “જો મોમીન તૌબા અને ઇસ્તિગફાર કર્યા પછી ફરીથી ગુનાહ કરે અને ફરીથી તૌબા કરે તો ? (તો એ વિષે આપનો શું અભિપ્રાય છે ?)” જવાબમાં આપ (અલય્હિસ્સલામ)એ ઈરશાદ ફરમાવ્યું : “અય મોહમ્મદ બિન મુસ્લિમ, શું તું એમ માને છે કે કોઈ બંદએ મોમીન પોતાના ગુનાહો માટે શરમીંદગી અનુભવીને તૌબા કરે અને ઇસ્તિગફાર કરવા ચાહે તો શું એ પછી ખુદા તેની તૌબા કબૂલ નહીં કરે ? “ મેં કહ્યું : “એ માટે કે કેટલી વખત ગુનાહ કર્યા પછી ખુદાની મગફેરત ચાહે છે !” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “જો મોમીન મગફેરતની ઈચ્છા સાથે

તૌબા કરે અને પોતાના પરવરદિગારની બારગાહમાં વારંવાર રજૂ કરે તો ખુદા પણ તેને પોતાની મગફેરત અને રહેમતની તરફ વારંવાર પાછો ફેરવશે. એ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે ખુદાવંદે જહાન મહાન, માફ કરનાર અને કૃપાળુ છે. એ તૌબા કબૂલ કરે છે અને બદ કીરદારી (ખરાબ ચારિત્ર્યની બાબતે)ને દરગુજર કરે છે. ખુદાના ખ્વાસ્તા તું (કયાંક) મોમીનોને ખુદા (ની રહેમત)થી નિરાશ કરે.”

અબુ બસીર કહે છે કે મેં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી, “મૌલા તૌબા એ નસૂહનો અર્થ શું છે ? તેના વિષે

ખુદાએ શું હુકમ આપ્યો છે ?" આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "આ એવા ગુનાહોની તૌબા છે જે તરફ કયારેય પાછુ ફરવાનું નથી (એટલે કે જે ગુનાહ ફરી કયારેય પણ કરવાના નથી તેની તૌબા છે)" મેં કહ્યું : "અમારામાંથી એવું કોણ છે જે ફરી ગુનાહ નથી કરતું ?" ત્યારે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "અય અબા મોહમ્મદ, એ વાતમાં શક નથી કે ખુદાવંદે અઝ્ઝ વ જલ્લ પોતાના બંદાઓમાંથી એ બંદાને દોસ્ત રાખે છે જે વધારે ફરેબ ખાનાર (ગુનેહગાર) હોય. અને વધારે તૌબા કરનાર હોય." (કાફી, ભાગ ૨, પાના નંબર ૪૩૨)

એક અન્ય હદીસમાં ફરમાવ્યું : “જે માણસ ગુનાહ કરીને પછી તૌબા કરે તેના કરતા જે માણસે ગુનાહ જ કર્યા ન હોય તે અફઝલ છે.” (ઉસૂલે કાફી, બાબુત્તૌબા, હદીસ ૯, ભાગ ૨, પાના નંબર ૪૩૫)

## તૌબાના દ્વાર ઝિંદગીના છેલ્લા શ્વાસ સુધી ખુલ્લા રહે છે

હઝરત મોહમ્મદ બાકીરે (અલય્હિસ્સલામ) ફરમાવ્યું : “હ. આદમ (અલય્હિસ્સલામ)એ ખુદાવંદે આલમને અર્ઝ કરી : પરવરદિગાર, તેં શૈતાનને અમારા (શરીરના) લોહીની જેમ અમારા શરીરમાં વહેતો મૂકયો. તેથી હવે તેનો સામનો કરવા માટે મને

પણ કાંઈક તાલીમ આપ. ફરમાવ્યું : “આદમ, તારી ઓલાદ (ઔલાદે આદમ) માંથી જયારે પણ કોઈ ગુનાહ કરવાનો ઈરાદો કરશે તો તેના નામએ આમાલમાં તે (ગુનાહ) લખવામાં નહીં આવે. જયારે (ખરેખર) ગુનાહ કરશે ત્યારે તેના નામએ આમાલમાં ફકત એક જ ગુનોહ લખવામાં આવશે. અને જો નેકી કરવાનો ઈરાદો કરશે તો તેના હિસાબમાં એક નેકી લખી નાખવામાં આવશે જયારે નેકીનો ઈરાદો કર્યા પછી ખરેખર નેકી કરશે ત્યારે તે એક નેકીના બદલામાં તેને દસ નેકીનો સવાબ આપવામાં આવશે. ત્યારે હ. આદમે (અલય્હિસ્સલામ) આ સાંભળીને કહ્યું : પરવરદિગાર, મારા માટે કાંઈક

વધારો કર. ખુદાવંદે કરીમે ફરમાવ્યું : તમારામાંથી જે કોઈ ગુનાહ કર્યા પછી તેની માફી માંગશે (પ્રશ્ચાતાપ કરશે) તો હું તેને બક્ષી દઈશ. અર્ઝ કરી : ખુદાવંદા, હજુ આમાં વધારો ઈચ્છુ છું. ફરમાવ્યું : તેના માટે મેં તૌબા નક્કી કરી છે. જયાં સુધી ગુનેહગાર માટે એક શ્વાસ બાકી હોય અને (તેટલા સમયમાં) તે તૌબા કરી લે. અર્ઝ કરવા લાગ્યા : પરવરદિગાર, મારા માટે આટલું જ પૂરતું છે.” (કાફી, બાબે તૌબા, ભાગ ૨, પાના નંબર ૪૪૨)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું : “જે માણસ પોતાની મોતના એક વર્ષ પહેલા તૌબા કરી લે

તો ખુદાવંદે આલમ તેની તૌબા કબૂલ કરે છે.” પછી ફરમાવ્યું : “એક વરસની મુદ્દત ઘણી વધારે છે. પોતાની મોતના એક મહિના પહેલા તૌબા કરી લે તો ખુદા તેની તૌબા કબૂલ કરશે.” પછી ફરમાવ્યું : “એક મહિનાની મુદ્દત પણ ઘણી વધારે છે. જો કોઈ એક સપ્તાહ પહેલા પણ તૌબા કરી લે તો ખુદા તેની તૌબા કબૂલ કરે છે.” પછી ફરમાવ્યું : “એક સપ્તાહ પણ વધારે છે, જો કોઈ મરવાના એક દિવસ પહેલા પણ તૌબા કરી લે તો ખુદા તેની તૌબા કબૂલ કરી લે છે.” પછી ફરમાવ્યું : “એક દિવસ પણ વધારે છે. જો આલમે આખેરત (અને મલેકુલ મોત)ને જોવા પહેલા પણ તૌબા કરે તો

પરવરદિગારે આલમ તેની તૌબા કબૂલ ફરમાવે છે.”

અલ્લામા મજલિસી અઅલલ્લાહો મકામોહુએ આ હદીસનું વિવરણ કરતા એ સંદેહ વ્યકત કર્યો છે કે, કદાચ તૌબાના જે પાંચ તબક્કાઓનો ઉલ્લખ કરવામાં આવ્યો છે તે તબક્કા તૌબા અને બારગાહે ખુદામાં તેની કબૂલીયતની અભિવ્યકિત હોય. નહીંતર એ સંપૂર્ણ તૌબા જે દિલથી ગુનાહોના અંધકારને દૂર કરવા ગુનાહોની સપૂર્ણ નાબૂદી અને દિલના અરીસાને એક વરસથી ઓછી મુદ્દતમાં દરેક પ્રકારની આહો બુકા અને નેકીઓના નૂરથી પ્રજવલિત કરવો અશકય છે. જો એક વર્ષમાં

આ ક્ષતિપૂર્તિ થઈ ન શકે તો તે માટે એક માસ અથવા ઓછામાં ઓછું એક સપ્તાહ અથવા તેના કરતા ઓછી મુદ્દત જરૂરી છે.

જયાં સુધી મલેકુલ મોત સાથેની મુલાકાતના સમય સુધી તૌબા કબૂલ થવાની વાતને લાગે વળગે છે, તો અખ્બાર અને રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે તે વખતે તૌબા કરવાનો કોઈ ફાયદો નથી.

શેખ બહાઈ (અ.ર.) કિતાબે ‘અરબઈન’માં ફરમાવે છે કે, મજકુર હદીસમાં ‘આખેરત જોવાનો અર્થ’ મોતના વખતે મલેકુલ મોતને જોવા તે છે અને એ પણ અર્થ હોઈ શકે છે કે, ઈન્સાનને પોતાની મોતનું ઈલ્મ થાય

અને જીવતા રહેવા પ્રત્યે નિરાશ થઈ જાય (ત્યારે તૌબા કરે) એવો અર્થ પણ થાય કે, જાણે કે તે મોતને પોતાની નજરોની સામે અનુભવી રહ્યો હોય અથવા તો કદાચ આખેરત જોવાનો અર્થ મરતી વખતે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અઈમ્મએ અત્હાર (અલય્હિસ્સલામ)ને જોવા તેવો પણ થતો હોય.

ટૂંકમાં, ઓલમાએ કેરામ એ વાત ઉપર એક મત છે કે મોતની ખાતરી થઈ જવા પછી તૌબા કરવી નિરર્થક છે. આ વિષે કુર્આને મજીદમાં સ્પષ્ટ રીતે ઈરશાદ ફરમાવવામાં આવ્યું છે : “અને તૌબા એ લોકો માટે નથી કે

જેઓ (જિંદગીભર) ખરાબ કામો કરતા કહે છે. એટલે સુધી કે જયારે તેમનામાંથી કોઈનું મૃત્યુ આવી જાય (ત્યારે) તે રહે છે કે હવે હું તૌબા કરૂં છું અને (એ જ રીતે) એવા લોકોની તૌબા પણ સ્વીકારાશે નહીં જે કુફ્રની હાલતમાં મરણ પામે છે. એવા જ લોકો માટે તો દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે.” (સૂરએ નિસા - ૪, આ : ૧૮)

“તૌબા કબૂલ કરવી (અને પોતાની મગફેરત તરફ રજૂ કરવું) ખુદા ઉપર લાઝિમ છે. આ માત્ર એ લોકો માટે જ છે, જેઓ અજાણતા ગુનાહ કરે છે પછી જલ્દીથી તૌબા કરી લે છે. ખુદા પણ એવા લોકોની તૌબા કબૂલ

કરી લે છે અને ખુદા તો મહાન જાણનારો (અને) હિકમતવાળો છે.” (સૂરએ નિસા - ૪, આ : ૧૭)

## ગુનાહ કર્યા પછી તૂરત જ તૌબા કરી લેવી વાજિબ છે

આ ઉપરાંત જનાબ શૈખે બહાઈ (અ.ર.) ‘શર્હે અરબઈન’માં ફરમાવે છે કે તૌબા વાજિબે ફોરી (તૂરત જ અદા કરવું પડે તેવું વાજિબ કામ) હોવામાં કોઈ પ્રકારની શંકા કે સંદેહ નથી. કારણ કે, ગુનાહ માણસના શરીરનો જીવલેણ ઝેરની જેમ નાશ કરી નાખે છે. અક્કલની દ્રષ્ટિએ ઝેર ખાનાર માણસે તેના ઝેરની અસર નાબૂદ કરવા માટે તૂરત જ ઈલાજ કરવાના

પ્રયત્નો કરવા વાજિબ છે, જેથી પોતાના શરીરનો નાશ થતો અટકાવી શકે. બિલકુલ તેવી જ રીતે ગુનાહોની બીમારીમાં ફસાએલા દર્દી માટે પણ કોઈ પ્રકારનો વિલંબ કર્યા વગર તૌબા કરવી વાજિબ છે. ગુનાહની બીમારી ઉપચાર થઈ શકે તેવી છે, જેથી ગુનેહગારનો દીન અને દયાનત (ઈમાનદારી) વેડફાઈ ન જાય.

જે ગુનેહગાર તૌબા કરવામાં ગફલત અને લાપરવાહી દર્શાવે છે અને જાણી જોઈને તૌબા કરવામાં વિલંબ કરે છે, તેઓ પોતાની જાતને બે મોટા જોખમની વચ્ચે મૂકી દે છે. જો

કોઈ તે એક જોખમથી બચી જાય તો બીજા જોખમમાં ફસાઈ જવાની ખાત્રી હોય છે.

પહેલું જોખમ :- ગુનાહની તૌબા કરવામાં વિલંબ કરનાર તેની ગફલતની નિંદમાં પોઢેલો હોય અને તે વખતે જ તેને મોત આવી જવાની સંભાવના રહે છે. કારણ કે, મોત માટે કોઈ સમય નક્કી થએલો નથી. જે વિષે કુર્આને મજીદમાં ઈરશાદ છે : "શું એ વસ્તીમાં રહેનારા એ (વાત)થી નિભર્ય છે કે તેઓ ઉપર રાતોરાત (અચાનક) અમારો અઝાબ આવી પહોંચે જયારે તે સૂતા હોય." (શું શહેરવાસીઓ આ (વાત)થી નિભર્ય થઈ ગયા છે કે અમારો અઝાબ તેમને રાત્રિમાં પકડી (નહીં) લે એવી સ્થિતિમાં કે તેઓ

નિંફધીન હોય ? (સૂરએ અઅરાફ - ૭, આ : ૯૭)

“શું એ વસ્તીઓવાળા એ વાતથી નિભર્ય થઈ ગયા છે કે તેઓ ઉપર ધોળા દિવસે અમારો અઝાબ આવી પહોંચે (નહીં પકડી લે) જયારે કે તેઓ (બેખબર) ખેલકૂદમાં વ્યસ્ત હોય.” (સૂરએ અઅરાફ - ૭, આ : ૯૮)

જયારે બંદો અંતિમ શ્વાસ લઈ રહ્યો હોય અને તેનું મોત નિશ્ચિત હોય ત્યારે તૌબાનો દરવાજો બંધ થઈ જાય છે. તે વખતે ગુનેહગાર એક કલાકની મુદ્દત માંગે છે; પરંતુ તેને એક કલાકની મુદ્દત પણ આપવામાં આવતી નથી. રબ્બે જલીલ કુર્આને મજીદમાં ફરમાવે છે :

"અને અમે તમને જે કાંઈ આપ્યું છે તે (અમારી રાહમાં) ખર્ચી નાખો, એ પહેલા કે તમારામાંથી કોઈને મોત આવી જાય અને કહેવા લાગે કે પરવરદિગાર તેં મને થોડી વધારે મોહલત શા માટે ન આપી ? જેથી હું ખયરાત કરત અને નેકી કરનારાઓ (નેક બંદાઓ) પૈકી થઈ જાત."

"અને જયારે કોઈને મોત આવી જાય છે ત્યારે ખુદા તેને હરગિઝ મોહલત નહીં આપે અને તમે જે કાંઈ કરો છો તેનાથી ખુદા વાકેફ છે." (સૂરએ મુનાફેકુન - ૬૩, આ : ૧૦ - ૧૧)

ઉપરની આયતની તફસીરમાં બયાન કરવામાં આવ્યું છે કે, મરનાર તેની સકરાતની હાલતમાં મલેકુલ મૌતને કહેશે કે મને એક

દિવસની મુદ્દત આપ, જેથી હું મારા ગુનાહોની તૌબા કરી લઉં અને આખેરતના પ્રવાસ માટે, પ્રવાસમાં કામ લાગે તેવી વસ્તુઓ (ભાતા) નો પ્રબંધ કરી લઉં. ત્યારે કહેવામાં આવશે કે, તારી દુન્યવી ઝિંદગી પૂરી થઈ ચૂકી છે. ગુનેહગાર કહેશે, ઠીક છે તો પછી મને એક કલાકની મુદ્દત આપી દે. તે કહેશે તારી ઝિંદગીની એક પળ (સેકન્ડ) બાકી રહી નથી. એ વખતે તૌબાનો દરવાજો બંધ થઈ જશે અને તેની રૂહ કબ્ઝ કરી લેવામાં આવશે. તે હજાર અફસોસ અને શરમીંદગી સાથે મૌતના ફરિશ્તાઓને લબ્બૈક કહેશે અને (તે સંજોગોમાં) તેના દિલમાંથી અસલ ઈમાન ચાલ્યું જવાનો પણ સંદેહ છે.

બીજું જોખમ :- ગુનાહોના પડને તૌબાથી પાક ન કરવાના પરિણામે દિલ ઉપર ગુનાહોની કાળાશ એટલી હદે વધી જાય છે, જેને દૂર કરવી અશકય બની જાય છે. કારણ કે, જે રીતે ગરમ હવા (વરાળ) અરીસાને ધૂંધળો કરી નાખે છે, તેવી જ રીતે દરેક ગુનાહ દિલની કાળાશમાં વધારો કરે છે. જેવી રીતે વધારે પ્રમાણમાં ગરમ અને ભેજવાળી હવાથી અરીસામાં કાટ ચડી જાય છે, બિલકુલ તેવી જ રીતે ગુનાહના પુનરાવર્તનથી દિલ ઉપર મેલ અને ગંદકીનો મોટો થર જામી જાય છે અને તેના દિલ ઉપર એક મોહર (સીલ) લાગી જાય છે, જેના કારણે તેનામાં કાંઈ સમજવાની કે

કબૂલ કરવાની ક્ષમતા રહેતી નથી. એવા દિલનું ઉદાહરણ એ અરીસા જેવું છે જેની ઉપર જામી ગએલા કાટને કોઈ પણ રીતે ઘસવાથી તે કાટ દૂર થઈ શકતો નથી અને તેને સાફ કરવો શકય હોતો નથી. એહલેબૈત (અલય્હિસ્સલામ)ની રિવાયતોમાં એવા દિલોને "કલ્બે મનકૂસ" (ઊંધુ કે અવળું દિલ) અને "કલ્બે અસ્વદ" (કાળું દિલ) ના નામથી યાદ કરવામાં આવે છે.

સઅદીએ કેટલું સુંદર કહ્યું છે : (ફારસી કાવ્ય પંકિતનો અનુવાદ) (ગુનાહથી) કાળા (થઈ ગએલા) દિલને વાએઝ અને નસીહતથી ફાયદો થઈ શકતો નથી. જેવી રીતે લોખંડની

ખીલી કાળમીંઢ પત્થરમાં ખોડી શકાતી નથી. જયારે લોખંડને કાટ લાગી જાય છે ત્યારે ધાર કાઢવાથી પણ કાટ દૂર થઈ શકતો નથી.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “ગુનાહથી વધારે કોઈ બાબત દિલને નુકસાન કરતી નથી. જયારે ગુનાહની કાળાશ દિલ ઉપર લાગે છે, ત્યારે તે કાળાશ આખા દિલ ઉપર એવી રીતે છવાઈ જાય છે કે તે દિલના ઉપરનો ભાગ નીચે (ઊંધો) થઈ જાય છે. (અને તે રાહે રાસ્તથી બિલકુલ વિમુખ બની જાય છે)”

બીજી રિવાયતમાં ફરમાવે છે : “એવા (ઊંધા) દિલનો માલિક ફરીથી ખૈર (ભલાઈ)

તરફ પાછો આવી શકતો નથી. આ રિવાયતથી એ વાતની દલીલ પ્રાપ્ત થાય છે કે, તેવો માણસ ગુનાહ છોડતો નથી અને તૌબા પણ કરતો નથી. તેવો માણસ કદાચ પોતાની જીભથી તૌબા કરી લે તો પણ તેનું દિલ તે (ની તૌબા) નું સમર્થન કરતું નથી અને તેની તૌબાનો સ્વીકાર હકીકત ઉપર આધીન ન હોવાથી તેને કોઈ ફાયદો થતો નથી. આ બાબતનું ઉદાહરણ એ છે કે કોઈ મોઢેથી એમ કહે કે "મેં મારા વસ્ત્રો પાક કરી નાખ્યા છે." પરંતુ માત્ર મુખેથી બોલવાથી કદી વસ્ત્રો પાક થઈ શકતા નથી. કયારેક તો એવો માણસ દીની કાર્યોથી એટલો બધો લાપરવાહ થઈ જતો હોય

છે કે તેનું ઈમાન ખતરામાં પડી જાય છે અને તેની આખેરત બરબાદ થઈ જાય છે. કુર્આને મજીદમાં ફરમાવે છે : “પછી જે લોકોએ ગુનાહ કર્યા તેઓનો અંત ખરાબ જ છે. (કારણ કે) એ લોકોએ ખુદાની આયતોને જૂઠલાવી હતી. (તેની મજાક કરતા હતા)” (સૂરએ રૂમ - 30, આ : ૧૦)

## તૌબાના દરજજા

તૌબાનો અર્થ છે પરવરદિગાર તરફ પાછા ફરવું (રૂજૂઅ કરવું) તૌબા કરનારાઓની સ્થિતિને લક્ષમાં રાખીને તેના ઘણા પ્રકાર છે.

(૧) કુફ્રથી ઈમાન તરફ, શક અને ગુમાનથી યકીન અને ઈત્મીનાન તરફ અને

બાતિલ અકીદાથી હક તરફ પાછા ફરવાની તૌબા.

(૨) ગુનાહ સગીરા હોય કે કબીરાથી ઈતાઅત તરફ અને વિરોધ છોડીને હુકમની પાબંદી કરવાની તૌબા.

(૩) ખાલિકે કાએનાતની માઅરેફતમાં ભૂલ અને ખામીની તૌબા. વીતી ગએલા દિવસોમાં ખુદાવંદે જહાનની બંદગી તેના હુકમ પ્રમાણે જે રીતે બજાવી લાવવી જરૂરી હતી, જે રીતે બંદગી કરવી તે ઝાતે પાક માટે યોગ્ય હતી; પરંતુ ગફલત અને લાપરવાહીના કારણે તે દિવસો વીતી ગયા તો હવે તેવી ગફલતને ગુનાહ સમજીને તૌબા કરીને તેની પૂર્તિ કરવી.

મહેબૂબ (ખુદા)ના ઝિક્ર બજાવીને અને તેનાથી જેટલું અંતર વધી ગયું હોય તેટલી નિકટતા તેની ઈતાઅતથી અને ગુનાહોના પડને આહો બુકા (તૌબા - પ્રશ્ચાતાપના) અને આંસુઓના ટીપાઓથી પાક કરી નાખવા જોઈએ. એટલે સુધી કે તૌબાના ઉચ્ચ દરજજા સુધી પહોંચવું શકય બની જાય.

સમજી લ્યો કે, અંબિયાએ કેરામ અને અઈમ્મએ અત્હાર (અલય્હિસ્સલામ)ની તૌબા, તૌબાના ત્રીજા પ્રકાર અને ચોથા પ્રકાર સાથે સંબંધિત છે.

(૪) આ બયાનથી સ્પષ્ટ થાય છે કે, તૌબા તમામ વ્યકિતઓ એટલે સુધી કે ખુદાના

ખાસ બંદાઓ માટે પણ જરૂરી છે. કારણ કે, તે હસ્તીઓ જેમનો દામન કોઈ પણ પ્રકારના ગુનાહથી ખરડાએલો નથી અને જેઓ માસૂમ (પહેલેથી છેલ્લે સુધી દરેક પ્રકારના ગુનાહોથી પાક) છે અને પોતાની ઈબાદતના કમાલ અને માઅરેફત ધરાવતા હોવા છતાં પહેલાના દરજજા અને તે સ્થાન કરતા ઊંચો હોય તેવા વધારે ઊંચા દરજજાની તમન્ના ધરાવે છે. તેઓની દ્રષ્ટિએ તેઓનો પહેલો દરજજો “ઝમ્બ” એટલે કે ગુનાહ છે. એ પવિત્ર હસ્તીઓ તકર્રૂબ અને તૌબાની જે મંઝિલે પણ હોય તેનાથી વધારે ઊંચી મંઝિલ પ્રાપ્ત કરવાનો તેઓનો

હેતુ હોય છે. માસૂમીન (અલય્હિસ્સલામ) તેઓની પહેલી હાલતને ગુનાહ સમજે છે.

(માસૂમીન અલય્હિસ્સલામ સિવાય) સૃષ્ટિના માનવજીવો પૈકી કોઈ પણ વ્યકિત માઅરેફત, ઉબુદીયત અને શુક્રગુઝારીની જે કોઈ મંઝિલ હોય તે મંઝિલ રબ્બુલ આલમીનની શાયાને શાન બની શકે નહીં તેમ ખાત્રીપૂર્વક કહી શકાય છે. અંતઃસરવરે કાએનાત, ફખ્રે મવજૂદાત, રહેમતુલ લીલ આલમીન, સૃષ્ટિની ઉત્પત્તિના કેન્દ્રબિંદુ સમા હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાને કસૂરવાર ગણાવીને ફરમાવે છે : “(પરવરદિગાર) તને ઓળખવાનો જે હક

છે, તેવી જ રીતે અમે તને ઓળખી શકયા નથી અને તારી બંદગી અને ઈબાદત (આરાધના) જે રીતે કરવી જોઈએ તે રીતે કરવાનો હક પણ અદા કરી શકયા નથી.”

## “સઅદી”ની ફારસી કાવ્યપંકિતઓનો ભાવાનુવાદ

(૧) શ્રેષ્ઠ બંદો એ છે કે, બારગાહે ખુદાવંદીમાં પોતાની ભૂલો અને ગુનાહોની (દિલ અને જીભથી) વિવશતા વ્યકત કરે.

(૨) એ સિવાય એ ખુદાએ બુઝુર્ગીની યોગ્ય રીતે બંદગી કરવાની કોઈની ક્ષમતા નથી.

તેથી, દરેક બંદાઓને પોતાની ઈબાદત અને શુક્ર માટે હંમેશા શરમીંદગીની હાલત અનુભવવી જોઈએ અને (તૌબા કરીને) પોતાના વર્તમાન દરજજા કરતા ઊંચા દરજજા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. પરંતુ, આ ભૌતિકવાદના સંજોગોમાં જીવવાના સેંકડો પ્રશ્નો ચિત્રવિચિત્ર પ્રકારની વ્યસ્તતા, હજારો પ્રકારના સ્વભાવ અને ખ્વાહીશોથી દિલને ખાલી કરીને ઝિક્રે ખુદાનો ફૈઝ મેળવવો દુષ્કર છે. એટલું જ પૂરતું છે કે, કોઈપણ વખતે ઝિક્રે ખુદાથી દિલ ખાલી ન રાખવું જોઈએ.

"અલા બેઝીકરીલ્લાહ તત્મઈન્નલ કોલુબ" "જાણી લો કે, ફકત ખુદાના ઝીક્રથી જ

દિલોમાં ઇત્મીનાન અને શાંતિ ઉત્પન્ન થઈ શકે છે.”

આ બધી બાબતો બયાન કરવાનો હેતુ એ છે કે, અઈમ્મએ માસૂમીન (અલય્હિસ્સલામ) તૌબા અને ઈસ્તિગફારની સ્પષ્ટતા થઈ જાય, જેથી કોઈના દિલમાં એ વિષે સંદેહ ઉત્પન્ન ન થાય કે, પયગમ્બરે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું છે : “અને હું દરરોજ સિત્તેર વખત ઈસ્તિગફાર કરૂં છું.” આ તૌબા કોઈ ખતા કે તર્કે અવ્લા (બહેતર વસ્તુને છોડી દેવા)ના કારણે નહીં, પરંતુ ઉપર જણાવેલ પ્રકારો પૈકી ચોથા પ્રકારમાં છે. કારણ કે, પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ)નું પવિત્ર અસ્તિત્વ નજાસતથી પાક છે. બીજા શબ્દોમાં ખુદાએ આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પવિત્ર ઝાતને પાકો પાકીઝા રાખી છે.

## સંપૂર્ણ તૌબાની કેફીયત અને તેના મુસ્તહબ્બાત

આ પહેલા વર્ણન થઈ ગયું છે તે પ્રમાણે પોતાના ગુનાહો માટે સાચા દિલથી તૌબા કરી દર્દે દિલથી શરમિંદા થવું અને અફસોસ કરવો એ જ તૌબા છે. ગુનાહ કરવા બદલ જેટલો વધારે તીવ્ર રીતે પસ્તાવો કરવામાં આવે તેટલાં જ પ્રમાણમાં જ તૌબા કબૂલ થવાની શકયતા

વધારે રહેશે. તૌબાની કબૂલીયત એ વાત સાથે સંબંધિત છે કે, ઈન્સાન પોતાના ગુનાહને મોટા સમજે. ઈન્સાન પોતાના ગુનાહને જેટલા મોટા સમજશે, તેટલા જ પ્રમાણમાં તેની શરમીંદગીની તીવ્રતા વધારે હશે. આ વાતનું ઉદાહરણ એ છે કે, માણસ ઝિંદગીભરની કમાણી અને સંપત્તિ તેની એક નાનકડી ગફલતને લીધે આગમાં બળી જાય તો તેના પરિણામે તેને પોતાની ગફલત ઉપર સખ્ત અફસોસ થશે. ખાસ કરીને, જો સંપત્તિ ઉપરાંત ગફલતને લીધે આગમાં પોતાનું બળી જવાનું પણ જોખમ હોય અને બહાર નીકળવાના તમામ રસ્તા બંધ હોય, તેમ જ આસપાસમાં કોઈ મદદ કરનાર પણ ન

હોય તો તેવા માણસના ડર અને હતાશાનો અંદાઝ કરી શકાય એમ છે ?

તેવી જ રીતે, ગુનેહગારે તે વાત પણ જાણવી જોઈએ કે એક પછી એક ગુનાહ કરતા રહેવાથી તેણે એવી મોટી આગ ભડકાવી છે જેમાંથી નાસી છૂટવું શકય નથી. કોઈ મખ્લૂકમાં એ આગને બૂજાવવાની શક્તિ નથી. કારણ કે, આ આગ ખુદાવંદે કહ્હારના ગૈઝો ગઝબથી ભડકી ઉઠી છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) દુઆએ કોમૈલમાં ફરમાવે છે : "અને આ એ અઝાબ છે જેની સામે આસમાન અને જમીન સ્થિર રહી શકતા નથી. જયારે કે દુનિયાની આગની તીવ્રતા આ આગની

જવાળાઓની તીવ્રતાની સરખામણીમાં હલકી છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત છે : “જો કોઈને દોઝખની આગમાંથી કાઢીને દુનિયાની આગની ભઠ્ઠીમાં નાખી દેવામાં આવે તો તેને શાંતિથી ઊંઘ આવી જશે. અમે આ આગથી ખુદાનું રક્ષણ માંગીએ છીએ જે આગની સામે દુનિયાની આગ હળવી લાગશે.”

## અસહ્ય અઝાબ

બીજી મહત્વની વાત એ છે કે, ગુનેહગાર પોતાના નાના ગુનાહ તરફ નજર ન કરે બલ્કે તેની નજરે પોતાના રબની બુઝુર્ગી ઉપર રહેવી

જોઈએ, જેના ગુનાહ કરવામાં આવ્યા છે અને સાથો સાથ એ વાત જાણી લેવી જોઈએ કે, તેનો અઝાબ એટલો સખ્ત અને તેનો કહર એટલો બધો તીવ્ર હશે કે આસમાનો અને ઝમીનોમાં પણ સહન કરવાની તાકત નહીં હોય, એ વિષે ખુદાવંદે કરીમ સૂરએ મુઝમ્મીલ (આયત નં.૧૨)માં ફરમાવે છે : "બેશક, અમારી પાસે ભારે બેડીઓ પણ છે અને બાળી નાખનારી આગ પણ અને ગળામાં ફસાઈ જનાર ખાણું પણ. (જેને ગળી નહીં શકાય તે ઉલ્ટી કરીને કાઢી પણ નહીં શકાય) અને દુખઃદાયક અઝાબ પણ."

આ સિવાયના પણ કેટલાંક દર્દનાક અઝાબ પણ છે, જેને ખુદા સિવાય બીજું કોઈ જાણતું નથી. “બેશક, તારા પરવરદિગારની પકડ અત્યંત સખ્ત છે.” (સૂરએ બુરૂજ ૮૫ - આ : ૧૨)

કુરઆને મજીદની બેશુમાર આયતમાં અઝાબે ઈલાહીની તીવ્રતા અને તેના કહરની સખ્તાઈની દલીલ છે. તેથી ગુનાહ કરનાર માટે એ જરૂરી છે કે, જયાં સુધી તેને પોતાની જાત ગુનાહોથી પાક થઈ ગઈ હોવાની ખાત્રી ન થઈ જાય ત્યાં સુધી પોતાના ગુનાહો માટે સખ્ત શરમિંદો રહે અને ગુનાહની માફી માટે આહો ફરિયાદ તેમ જ રૂદન કરતો રહે અને ગુનાહો

માફ થવાની ખાત્રી જયારે રહેમતના ફરિશ્તાઓ બશારત આપે ત્યારે જ થઈ શકે છે.

ગુનેહગારની શરમીંદગી, આહ અને ફરિયાદ જહન્નમની આગને ઠંડી કરી નાખે છે, કબ્રના અંધકારને પ્રકાશિત કરે છે, ગુનાહોની ગંદકીને ધોઈ નાખે છે અને તેની કેફીયત ગુનાહ કર્યા પહેલાની સ્થિતિ જેવી થઈ જાય છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે : “ગુનાહોથી તૌબા કરનાર એ માણસ જેવો છે કે જેણે (જાણે કે) અગાઉ કદી પણ ગુનાહ કર્યા જ ન હોય. (કાફી, ભાગ - ૨, પાના નંબર ૪૩૫) કયારેક તો પહેલા કરતા પણ વધારે સારી હાલત થઈ જાય

છે. એટલે કે, ભય (ખુદાના) ખૌફ અને આહો બુકાની અસરથી તેને એટલી બધી સુધારણા નસીબ થાય છે કે તે મહેબૂબે પરવરદિગાર બની જાય છે. “ઈન્નલ્લાહ યોહીબુત્તવ્વબીન.” “બેશક, ખુદાવંદે આલમ તૌબા કરનારાઓને દોસ્ત રાખે છે.” (સુરએ બકરહ - ૨ : આ : ૨૨૨)

આ કારણસર હઝરત સજ્જાદ (અલય્હિસ્સલામ) તેઓની મુનાજાતમાં અર્ઝ કરે છે : “પરવરદિગાર, તુ મને એ તૌબાની તૌફીક અતા ફરમાવ જે મને તારી મોહબ્બતના સ્થાન સુધી પહોંચાડી દે.” (સહીફએ સજ્જાદીયા)

"અને મને તૌબાના ઊચ્ચ દરજજા સુધી ફેરવી દેજે જે મને તારાથી વધારે નજદીક કરી દે." (દુવાએ અબુ હમ્ઝા સોમાલી)

## વધારે શરમીંદગી એ અંબિયાની તૌબા છે

આ પહેલા એ વાતનો ઉલ્લેખ થઈ ગયો છે કે, તૌબા દિલથી શરમિંદા થવાનું નામ છે. તેથી, ગુનાહોના નિવારણને આધાર શરમીંદગીના ઓછા કે વધારે હોવા ઉપર છે. તેથી, શરમીંદગીનો અહેસાસ જેટલો વધારે હશે તેટલી માફી (બક્ષિશ)ની શકયતા વધારે રહેશે. શરમીંદગીમાં વધારો કરવાનો બહેતરીન રસ્તો કુરઆને મજીદની આયતોમાં ખાસ કરીને એ આયતોમાં કે જે હ. દાઉદ (અલય્હિસ્સલામ), હ.

યુનુસ (અલય્હિસ્સલામ) અને હ. અય્યુબ (અલય્હિસ્સલામ) જેવા અમ્બીયાની શાનમાં નાઝિલ થઈ છે, તેની ઉપર ચિંતન અને મનન કરવું જોઈએ. પરંતુ એ વાત યાદ રાખો કે, એ વિધો વિચાર કરતી વખતે એ બાબત ખાસ લક્ષમાં રાખવી જોઈએ કે એ (અંબિયા) મહાન હસ્તીઓના ગુનાહ સામાન્ય માણસ જેવા નથી હોતા. પરંતુ અગાઉ વર્ણન થઈ ગયું છે તે પ્રમાણે પોતાના દરજજા જેવા બલંદ થવા માટે તૌબા કરતા હતા. તેવી જ રીતે દીનના એ બુઝુર્ગોના જીવન પ્રસંગો આ પુસ્તકના અંતમાં અંગૂલીનિર્દેશ કરવામાં આવ્યો છે તેને પણ લક્ષમાં રાખવા જોઈએ.

# તૌબા સંપૂર્ણ થવા માટેના આમાલ

તૌબાની નિય્યત કરવાની સાથે કેટલાક આમાલ બજાવી લાવવા એ વધારે સારી બાબત છે, જેની વિગત નીચે મુજબ છે.

(૧) રોઝા : - ત્રણ દિવસ રોઝા રાખવા. રિવાયત છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પ્રશ્ન કરવામાં આવ્યો કે "અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબાએ નસૂહ કરવાનો શું અર્થ છે ?" આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : "તેનો અર્થ બુધવાર, ગુરૂવાર અને જુમ્આના દિવસે રોઝા રાખવા તે છે."

(૨) ગુસ્લે તૌબા : - સંગીતના પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે એક માણસ જે ગીત અને સંગીત સાંભળ્યા પછી તૌબા કરવા માંગતો હતો તેને હઝરત ઈમામ રઝા (અલય્હિસ્સલામ) એ ફરમાવ્યું : "ઉઠો અને ગુસ્લ કરો."

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું : "એ વાતમાં શક નથી કે, કોઈ બંદો ગુનાહના કામ કરે, જે ગુનાહ ગમે તે પ્રકારના હોય અને જેટલા પણ હોય, (એટલે કે હદથી વધારે પણ કેમ ન હોય ?) ત્યાર પછી શરમિંદો થઈને દુવા કરે તો પણ ખુદાએ અઝ્ઝ વ જલ્લ તેની દુવા કબૂલ કરે છે.

(જયારે પૂછનારનું ધ્યાન ખેંચાયું ત્યારે ફરમાવ્યું :) “તો હમણાં જ ઊભો થઈ જા, ગુસ્લ કર અને જમીન ઉપર પેશાની રાખીને ખુદાની બારગાહમાં સિજદો કર.” (મુસ્તદરકલ વસાઈલ, બાબે તહારત ૧૨)

## બે અથવા ચાર રકાત નમાઝ પડવી

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “જે બંદો ગુનાહ કરે અને પછી ઉઠીને તહારત (વઝુ) કરે અને બે રકાત નમાઝ બજાવી લાવે અને પછી ખુદા પાસે મગફેરત ચાહે તેની તૌબા કબૂલ કરવાની જવાબદારી અલ્લાહની છે. કારણ કે, ખુદાએ પોતે જ તેનો વાયદો કર્યો છે, જે કોઈ ખરાબ

કાર્યો કરે અથવા તે પોતાની ઝાત ઉપર ઝુલ્મ કરે અને તે પછી ઈસ્તિગફાર કરે તો ખુદા મહાન કૃપાળુ છે અને તેની હાલત ઉપર રહેમ કરનાર છે.” (વસાએલુશ્શિઆ, કિતાબે જેહાદ, પ્રકરણ ૮૮, ભાગ ૧૧, પાના નંબર ૩૬૩)

કિતાબે ‘ઈકબાલ’ (કફઅમી)માં ઝિલ્કાદ માસના આમાલના અનુસંધાનમાં લખવામાં આવ્યું છે કે, હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઝિલ્કાદ મહીનામાં રવિવારના દિવસે પોતાના અસ્હાબોને ફરમાવ્યું : “અય લોકો, તમારામાંથી કોણ તૌબા કરવા માંગે છે ?” લોકોએ જવાબ આપ્યો, “અય રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ), અમે બધા તૌબા કરવા માંગીએ છીએ.” પછી આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યું, “બધા ગુસ્લ કરીને વઝુ કરવાની વ્યવસ્થા કરો. પછી ચાર રકાત નમાઝ એવી રીતે બજાવી લાવો કે દરેક રકાતમાં સુરએ હમ્દ પછી ત્રણ વખત સૂરએ તૌહીદ (સૂરએ કુલ હોવલ્લાહ) અને એક વખત સૂરએ મઅ્ઝતૈન (સૂરએ કુલ અઉઝો બે રબ્બીલ ફલક અને સૂરએ કુલ અઉઝો બે રબ્બીન્નાસ) પડવામાં આવે. ત્યારપછી સિત્તેર વખત ઇસ્તિગફાર કરો અને પછી આ પ્રમાણે પડો, “લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ.”

ત્યારપછી આપે એક નાનકડી દુવા પડવાની તાલીમ આપી. જે દુવા આ પ્રમાણે છે : “યા અઝીઝો ગફ્ફારો ઇગ્ફીર ઝોનૂબી વ ઝોનૂબ જમીઈલ મુઅમેનીન ફ ઈન્નહુ લા યગ્ફેરૂઝ ઝોનૂબ ઈલ્લા અન્ત” પછી ફરમાવ્યું, “મારી ઉમ્મતમાંથી જો કોઈ આના ઉપર અમલ કરશે તો આસમાનમાંથી આ પ્રમાણે અવાજ બુલંદ થશે કે તારી તૌબા કબૂલ કરી અને તારા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા. અર્ષે ઇલાહી પરથી એક ફરિશ્તો અવાજ બુલંદ કરશે કે તારી ઉપર, તારી ઔલાદ ઉપર અને તારા અહેલ અયાલ ઉપર ખુદાની રહેમત (થાય). બીજો ફરિશ્તો અવાજ બુલંદ કરશે કે તારા દુશ્મન કયામતના

દિવસે તારાથી રાજી થશે. એક ફરિશ્તો અવાજ આપશે કે અય મોઅમીન બંદા, તારી કબ્ર વિશાળ અને પ્રકાશિત થશે અને એક ફરિશ્તો કહેશે, તારા મા-બાપ તારાથી રાજી થાય અને તારા અમલ (તૌબા)ના કારણે રહેમત અને મગ્ફેરતે ખુદા તેઓની અને તારી ઔલાદ ઉપર થાય અને દુનિયા અને આખેરતમાં તારા રિઝ્કમાં વધારો થાય. ફરિશ્તા જીબ્રઈલે અમીન કહેશે કે, તારી મૌત વખતે ઈઝરાઈલની સાથે આવીને હું તારી શીફારીશ કરી કે તારી રૂહને હળવેથી કબ્ઝ કરે.

અસ્હાબે અર્ઝ કરી, યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), “જો

કોઈ આ અમલને તેના ખાસ દિવસ સિવાય બીજા કોઈ સમયે બજાવી લાવે તો તેના માટે શું હુકમ છે ?" આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : "મેં જે વિગત બયાન કરી તે પ્રમાણે થશે. મેં તમને લોકોને જે વાત કરી છે તે વાત જીબ્રઈલે મને મે'રાજની રાતે શીખવી હતી."

## ઈસ્તિગફાર, તૌબાનું પુનરાવર્તન, વહેલી સવારે તૌબા કરવી

ઈસ્તિગફાર ઉપરાંત અઈમ્મએ તાહેરીન (અલય્હિસ્સલામ)થી મનકૂલ તૌબાની દુવાઓ પડવી જોઈએ. ખાસ કરીને 'સહીફએ સજજાદીયાહ'ની દુવાઓમાંથી એકત્રીસમી દુવા

અને તૌબની ખાસ દુવા પડવી જોઈએ અને તેવી જ રીતે મુનાજાત અને તેમાંથી પહેલી દુવા જે ‘મુનાજાતે તાબેઈન’ના નામથી મશહૂર છે, જેનો અર્થ તૌબા કરનારાઓની દુવા થાય છે, તે પડવી જોઈએ. પરંતુ એ દુવાઓ પડતી વખતે તેના અર્થ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે, તેથી તે દુવા પડનારના દિલની હાલત અને તેના શબ્દો બંનેમાં વિરોધાભાસ પેદા ન થાય. મોટા ભાગે એવું બને છે કે, દુવાઓ મોંઢેથી પડવામાં (રટણ કરવામાં) આવે છે, પરંતુ દુવા પડનારા તેનો અર્થ જાણતા નથી હોતા, તેથી દુવાઓના ઊંડા અર્થ (ભેદ - રહસ્યો) સમજવાથી બેખબર રહી જાય છે.

# તૌબાનું પુનરાવર્તન અને ઈસ્તિગફાર

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી હકીકતમાં કોઈ ગુનાહ ન થયા હોવા છતાં પણ દરરોજ રાત અને દિવસમાં એકસો વખત બારગાહે ઈલાહીમાં તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તૌબા અને ઇસ્તિગફાર ફરમાવતા હતા.” (જેહાદ, વસાઈલ, પ્રકરણ ૯૨, ભાગ ૧૧, પાના નંબર ૩૬૮)

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) વધુમાં ફરમાવે છે કે : “જે બંદો

વધારે પ્રમાણમાં ઈસ્તિગફાર (તલબે મગફેરત) કરે છે, તેનું નામએ આમાલ પ્રકાશિત થઈને આલમે બાલામાં ઊંચુ થાય છે. (કાફી, કિતાબે દુવા, બાબે ઈસ્તિગફાર, ભાગ ૨, પાના નંબર ૫૦૪)

હઝરત ઈમામ રઝા (અલય્હિસ્સલામ) ઈરશાદ ફરમાવે છે : “ઇસ્તિગફારનું ફ્ષ્ટાંત એવાં ઝાડ જેવું છે, જે ઝાડને હલાવવાથી તેના પાંદડા એક પછી એક ખરવા લાગે છે. જે માણસ કોઈ ગુનાહથી ઈસ્તિગફાર કરવા માંગતો હોય, છતાં તે ગુનાહ કરવાનું છોડે નહીં અને તે ગુનાહનું પુનરાવર્તન કરતો રહે તો તે (તેવો માણસ) પોતાના પરવરદિગાર સાથે

મશ્કરી કરનાર જેવો છે.” (કાફી, કિતાબે દુવા, બાબે ઇસ્તિગફાર, ભાગ ૨, પાના નંબર ૪૦૫)

બીજી એક રિવાયત પ્રમાણે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) દરરોજ સિત્તેર વખત ‘અસ્તગફેરૂલ્લાહ’ અને સિત્તેર વખત ‘અતૂબો એલય્હે’ પડતા હતા.

સૈયદ બીન તાઉસ તાબસરાહ પોતાની કિતાબ ‘મહજુદ દઅવત’માં હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે, જે માણસને કોઈ તકલીફ અથવા તો કોઈ પ્રકારનું દબાણ અથવા તંગી અથવા કોઈ મુશ્કેલી કે પરેશાની હોય તે 30,000 (ત્રીસ હજાર વખત)

“અસ્તગફેરૂલ્લાહ વ અતુબો એલય્હે” પડે. બેશક, ખુદાવંદે આલમ તેની તકલીફોને દૂર કરશે. આ હદીસના રાવી કહે છે કે, આ વાત સત્ય અને અનુભવથી સિધ્ધ થએલી છે.

## ઇસ્તિગફાર કરવા માટે વહેલી સવાર (સુબ્હે સાદીક)નો સમય પસંદ કરવો જોઈએ

જો કે તૌબા અને ઇસ્તિગફાર માટે કોઈ નિશ્ચિત સમય મુકર્રર કરવામાં આવ્યો નથી, તેમ છતાં વહેલી સવારનો સમય ખુદાને પસંદ છે અને વધારે ફાયદાકારક છે. રાત્રિના છેલ્લા પહોરથી લઈને સૂર્યોદય સુધીનો સવારનો (પરોઢિયાનો) સમય તૌબા કબૂલ થવાનો અને ગુનાહોથી પાક થવાનો ખાસ સમય વિશેષ

અસર ધરાવે છે. કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ એ સમયે ઇસ્તિગફાર કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

પરવરદિગારે આલમે વહેલી સવારે ઇસ્તિગફાર કરવાની પ્રશંસા કરી છે. ઇસ્તિગફારને મુત્તકીઓ અને બેહિશ્તીઓની સિફત ગણવામાં આવી છે. તેઓના હકમાં ઈરશાદ ફરમાવે છે : "(દુનિયામાં) રાતના બહુ જ ઓછું સૂતા (ઊંઘતા) હતા અને પ્રભાત (ના સમયે)માં ઇસ્તિગફાર કરતા હતા. (ક્ષમા માંગ્યા કરતા હતા)" (સૂરએ ઝારીયાત-૫૧, આ:૧૮) તેવી જ રીતે ફરમાવે છે : "અને પાછલી રાતોમાં (ખુદા પાસે તૌબા) ઇસ્તિગફાર કરનારા

હતા (અને પ્રભાતના સમયે ક્ષમા યાચનારા (તેઓ જ) છે.)” (સૂરએ આલે ઈમરાન - 3, આ : ૧૭)

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે : “ખુદા જયારે જમીનવાળાઓ પર અઝાબ નાઝિલ કરવા ઈચ્છે તો ફરમાવે છે કે, મારી બુઝુર્ગીને દોસ્ત રાખનારાઓ, મારી મસ્જિદોને આબાદ રાખનારાઓ અને રાતના છેલ્લા પહોરમાં ઇસ્તિગફાર કરનારા બંદાઓ ન હોત તો હું તેઓ ઉપર અવશ્ય અઝાબ નાઝિલ કરત.” (વસાએલુશ્શિઆ, કિતાબે જેહાદ, પ્રકરણ ૯૨, ભાગ ૧૧, પાના નંબર ૩૭૫)

જનાબ લુકમાન હકીમ પોતાના ફરઝંદને કહ્યું : "અય મારા ફરઝંદ, તારી પ્રવીણતા અને સ્વમાનની હાલત મુરઘા (જેવા મૂંગા પક્ષી)થી ઓછી ન હોવી જોઈએ, જે વહેલી સવારે જાગી જાય છે અને ઇસ્તિગફાર કરે છે અને તું (બોલતું પ્રાણી હોવા છતાં) ગફલતની નીંદમાં સૂતો રહે છે."

પ્રભાતના સમયની ફઝીલત અને તે સમયના બેશુમાર આમાલ હદીસોની કિતાબોમાં મોજૂદ છે. તેનો ઝિક્ર આ વિષયને અનુરૂપ ન હોવાથી તેમ જ લંબાણના ભયથી આ પુસ્તકમાં પ્રસ્તુત કરવામાં આવેલ નથી.

નમાઝે વિત્ર, (તાક)ની કુનૂતમાં ૭૦ (સિત્તેર વખત) અસ્તગફેરૂલ્લાહ અને ૩૦૦ (ત્રણસો વખત) અલ અફ્વ પડવું મુસ્તહબ છે. ખુદાવંદે જહાંને પોતાના રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને "મકામે મહમૂદ" અતા ફરમાવ્યું અને દરેક મોઅમીન એ સ્થાન સુધી પહોંચવાની આરઝૂ ધરાવે છે અને આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને (સહર ખેઝી) વહેલી સવારની ઈબાદત અને તહજજુદની નમાઝના કારણે ઉચ્ચ મરતબો પ્રાપ્ત થયો. કુર્આને મજીદમાં ખુદાવંદે જલીલ ફરમાવે છે : "અને (અય રસૂલ) રાતના (એક) ખાસ ભાગમાં નમાઝે

તહજ્જુદ પડ. આ સુન્નત તારી ખાસ ફઝીલત (તારા માટે વધારાની) છે. નજદીક છે કે કયામતના દિવસે તને મકામે મહેમૂદ (વખણાએલા સ્થાને) પહોંચાડી દે.” (સૂરએ બની ઈસરાઈલ - ૧૭, આ : ૭૯)

આ વાતનો સારાંશ એ છે કે, જે માણસને કોઈ મરતબો મળ્યો છે તેને વહેલી સવારે ઊઠીને ઈબાદત કરવાની ટેવના પ્રતાપે તે દરજ્જો મેળવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે.

## ફારસી પંકિતઓનો ભાવાનુવાદ

(૧) જે વ્યકિત હકીકતની ખુશ્બુથી પરિચિત છે, તે શબ બેદારી (રાત્રિના અલ્લાહની ઈબાદતમાં જાગવા) માટે ટેવાએલો હોય છે.

(૨) જો ખુદાએ કોઈને શબ બેદારીની તૌફીકથી નવાજેલ હોય તો તે તમામ દુનિયા અને તેમાં મોજૂદ દરેક વસ્તુઓથી બહેતર છે.

## ગફલતની નીંદ્રામાંથી જગાડનાર દસ હિકાયતો

તૌબાના અતિ મહત્વના વિષને લક્ષમાં લઈને અહલે ઈમાન અને સાહેબે તકવા (મુત્તકી) લોકોના જીવન પ્રસંગો, જે ગફલતની નિંદમાંથી જગાવવા અને આ પ્રસંગોને સાંભળનારને અમલ કરવાની પ્રેરણા આપવામાં મહત્વનો ભાગ ભજવે છે. તેથી, અમે અત્રે તૌબા કરનારના એવા પ્રસંગો બયાન કરીએ છીએ. ત્યાર પછી એ પ્રસંગો રજૂ કરી રહ્યા છીએ જે

આ કિતાબમાં પ્રસ્તુત કરવામાં આવેલ અમુક હકીકતોનું સમર્થન કરે છે. અમને એવી મજબૂત આશા છે કે મોહતરમ વાંચકો આ હિકાયતોથી નસીહત અને બોધપાઠ હાંસિલ કરશે.

(૧) શરાબનું સુરકામાં પરિવર્તિત થઈ જવું :

સબ્ઝવારી તેઓની કિતાબ 'મસાબીહુલ કોલુબ'માં લખે છે કે : શરાબની હુરમત (શરાબ ન પીવા) વિષેની આયત નાઝિલ થઈ ત્યારે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તરફથી જાહેરાતનો અવાજ બુલંદ કરવામાં આવ્યો કે : "હવે પછી કોઈ શરાબ પીવે નહીં." યોગાનુયોગ એક દિવસ

હઝરત અહેમદે મુજતબા મોહમ્મદે મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એક ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મુસલમાન હાથમાં શરાબની બાટલી લઈને તે ગલીમાં દાખલ થયો. તેણે જયારે હઝરત સરવરે કાએનાત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને આવતા જોયા કે તરત જ સખત ડરી ગયો. તેણે કહ્યું : "ખુદાયા, મેં તૌબા કરી, હવેથી હું કદી શરાબ નહીં પીઉં, તું મને રૂસ્વા નહીં કરતો."

જયારે હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેની નજદીક આવ્યાં ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)એ તેને પૂછયું કે : “આ બાટલીમાં શું છે ?” તે કહેવા લાગ્યો કે : “આ બાટલીમાં સુરકો છે.” આં હઝરતે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાનો હાથ લંબાવતા ફરમાવ્યું : “થોડો (સુરકો) મારી હથેળી ઉપર નાખી દે.” જયારે એમ કરવામાં આવ્યું ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જોયું કે ખરેખર બાટલીમાં સુરકો હતો. આ જોઈ તે માણસ બેકાબુ બનીને રડવા લાગ્યો. તેણે અર્ઝ કરી : “યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ખુદાની કસમ આ સુરકો ન હતો; પરંતુ શરાબ હતી. આ પહેલા મેં તૌબા કરીને ખુદા પાસે દુવા

માંગી હતી કે મને રૂસ્વા ન કરે તેથી આ પ્રમાણે થયું છે.” રહેમતુલ લીલ આલમીને ફરમાવ્યું, “સાચી વાત છે, જો માણસ તૌબા કરે તો ખુદા તેના ગુનાહોને નેકીઓમાં ફેરવી નાખે છે.”

ઉલાએક યોબેલુલ્લાહો સઈય્યેઆતેહીમ હસનાત

(૨) છેલ્લા શ્વાસ સુધીની તૌબા કબૂલ થાય છે :

કિતાબે ‘કાફી’માં વકતે તૌબાના પ્રકરણમાં ચોથી હદીસ મોઆવીયા બિન વહબથી રિવાયત કરતા કહે છે કે અમે લોકો મક્કા તરફ પ્રવાસ કરી રહ્યા હતા. એક ખુદા પરસ્ત શેખ પણ અમારા સહપ્રવાસી હતા, જે

‘મઝહબે જાફરીય્યાહ’નો સ્વીકાર કરતા ન હતા. સમગ્ર પ્રવાસ દરમિયાન આખા રસ્તે તેઓ આખી નમાઝ પડતા રહ્યા. (મઝહબે અહલેસુન્નતમાં મુસાફરી દરમિયાન આખી નમાઝ પડવી જાએઝ છે) તે માણસનો ભત્રીજો પણ તેમની સાથે હતો, તે મઝહબે શિયાનું અનુસરણ કરતો હતો. પ્રવાસ દરમિયાન તે શેખ બીમાર પડી ગયો. મેં તેના ભત્રીજાને કહ્યું, કાશ તારા કાકા મઝહબે શીયા તરફ ફરી જાત તો કદાચ ખુદા તેને નજાત આપી દેતે. તેના તમામ મિત્રો કહેવા લાગ્યા, ના, આ શેખને તેની હાલત ઉપર મરવા દો. તેના અકાએદ સાચા ન હતા. તેનો ભત્રીજો એ વાતને સહન ન કરી

શકયો. તેણે કહ્યું, અમ્મુજાન, (કાકા) હકીકત તો એ છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી અમુક લોકો સિવાયના બધા લોકો મુરતદ થઈ ગયા હતા. (એટલે કે ઈસ્લામ ધર્મ છોડી દીધો હતો.) આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી તેઓએ અલી ઈબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)ની ઈતાઅત પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની જેમ કરવી જોઈતી હતી અને તે માટે તેઓ જ સૌથી વધારે હકદાર હતા. લોકો ઉપર પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પછી તેઓની પયરવી કરવી

વાજિબ હતી. કહેવાય છે કે આ વાત સાંભળ્યા પછી શેખે ઠંડો નિસાસો નાખ્યો અને કહેવા લાગ્યા : “હું પણ આ હકીકત ઉપર ઈમાન ધરાવું છું.” અને આમ કહેતાની સાથે જ તેની રૂહ પરવાઝ કરી ગઈ. આ બનાવ પછી અમે હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં ઉપસ્થિત થયા. અલી બિન સરાએ ઉપરના બનાવની વિગત ઈમામ સમક્ષ રજૂ કરી. આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “મરનાર બેહિશ્તના લોકો પૈકી છે.” અલી બિન સરાએ અર્ઝ કરી, “ઈમામ (અલય્હિસ્સલામ) એ કઈ રીતે ? તેણે તો છેક મરતી વખતે (છેલ્લી

ઘડીએ) મઝહબે હક સ્વીકાર્યો હતો.” આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું : “એથી વધારે તું તેની પાસેથી શું ઈચ્છે છે ? ખુદાની કસમ, તે બેહિશ્તમાં દાખલ થઈ ચૂકયો છે.” ઉપરના પ્રસંગથી જણાઈ છે કે, હક તરફ પાછા ફરવાનો અને તૌબાનો સમય જીવનના છેલ્લા શ્વાસ સુધી રહે છે. (પરંતુ મૌતની ખાત્રી થઈ જવા પહેલા તૌબા કરી લેવી જોઈએ) તે વિષેનું વર્ણન આ પહેલા થઈ ગયું છે.

(૩) ખોફે ખુદાની સંપૂર્ણ અનુભૂતિ થવી એ જ તૌબા છે :

‘બેહારૂલ અન્વાર’ના ભાગ ૧૫માં બાબુલ ખૌફો રજા, પાના નંબર ૧૧૭ માં

હઝરત અલી ઈબ્નીલ હુસૈન ઝૈનુલ આબેદીન (અલય્હિસ્સલામ)થી રિવાયત નોંધવામાં આવી છે કે આપે ફરમાવ્યું : “બની ઈસરાઈલના લોકોમાંથી એક માણસ કફનચોર હતો. એક દિવસ તેનો એક પાડોશી બીમાર પડી ગયો. તેને મૌત આવી જવાની આશંકા હતી. તેણે તે કફનચોર માણસને બોલાવ્યો અને પૂછયું કે, હું તારો કેવો પાડોશી છું ? કફનચોરે કહ્યું કે, તું મારો નેક પાડોશી છે. તે બીમાર માણસ કહેવા લાગ્યો કે તારી પાસેથી મારી ઈચ્છા છે. કફનચોર કહેવા લાગ્યો કે હું તારી ઈચ્છા પૂરી કરીશ. તે માણસે કફનચોર પાસે બે કફન રજૂ કર્યા અને કહ્યું, આ બે કફનમાંથી તને જે કફન

પસંદ હોય તે લઈ લે, બીજું કફન મારા માટે રાખ, જેમાં મને દફનાવવામાં આવશે. અલબત્ત, મારા દફન થવા પછી મારી કબ્ર ખોદીને મારૂં કફન ચોરતો નહીં અને મારા મૈયતને નગ્ન કરતો નહીં. કફનચોરે તેના બીમાર પાડોશીની વાત માની લીધી અને બીમાર માણસના આગ્રહને વશ થઈને બે કફનમાંથી જે સારૂં હતું તે લઈને ચાલ્યો ગયો.

જયારે તે બીમાર માણસ મૃત્યુ પામ્યો અને તેને દફનાવી દેવામાં આવ્યો ત્યારે કફનચોરે વિચાર્યું કે, આ તો મૃત્યુ પામ્યો છે. મૃત માણસને વાયદાનો ભંગ થવાની ખબર કયાં પડવાની છે ? તેણે કબ્ર ખોદવાનું શરૂં કર્યું.

કબ્ર ખોદયા પછી તે માણસનું કફન ખેંચીને તેને નગ્ન કરી નાખવા ઈચ્છતો હતો. ત્યાં જ તેણે એક ચીસ સાંભળી. મૈયત કહી રહયું હતું કે આવું ન કર. આ સાંભળીને કફનચોર ડરી ગયો અને તેણે મૈયતનું કફન કાઢયું નહીં. તેણે ફરીથી કબ્રને ઢાંકી દીધી. જયારે તે કફન ચોરનો અંતિમ સમય નજદીક આવ્યો ત્યારે તેણે પોતાના પુત્રોને બોલાવીને કહ્યું કે “હું તમારા માટે કેવો બાપ હતો ?’ ત્યારે પુત્રોએ કહ્યું કે, ‘તમે અમારા હકમાં નેક હતા.’ કફનચોરે કહ્યું, ‘હું તમારી પાસે ઈચ્છા રાખું છું.’ ત્યારે તેના પુત્રોએ કહ્યું કે, ‘અમે તમારી ઈચ્છાને પૂરી કરીશું.’ ત્યારે તેણે કહ્યું કે, ‘હું મરી જાઉં પછી

મારી લાશને બાળી નાખજો અને તેની રાખનો અડધો ભાગ દરિયામાં નાખજો અને અડધો ભાગ રણમાં વિખેરી નાખજો.' તેના પુત્રોએ તેની વસિયત ઉપર અમલ કર્યો. પરંતુ ખલ્લાકે કાએનાતે તેની વિખરાઈ ગએલી રાખને ભેગી કરીને તેને ફરીથી જીવતો કર્યો અને તેને પૂછવામાં આવ્યું કે, 'તેં આવી વસિયત શા માટે કરી હતી ?' ત્યારે તેણે કહ્યું કે, 'તારી ઇઝ્ઝતની કસમ, મેં તારા અઝાબના ડરથી આવી વસિયત કરી હતી.' ત્યારે અલ્લાહે ફરમાવ્યું, મેં તને પણ માફ કર્યો અને તારા ખૌફને શાંતિમાં ફેરવી નાખ્યો અને તારી વિરૂધ્ધ જે લોકો (હકના) દાવેદાર હતા તેમને પણ રાજી કરી દીધા.'

ઉપરના બનાવથી સ્પષ્ટ થાય છે કે, કોઈ ગુનેહગાર પોતાના ગુનાહથી શરમીંદગી અને ભોંઠપ અનુભવે અને ખુદાના અઝાબથી ડરતો રહે તો ખુદાવંદે આલમ પણ તેની મગફેરત કરીને તેના દુશ્મનોને પણ રાજી કરી લે છે.

(૪) કોઈને ગુનાહ કરતા રોકવા એ પણ મગફેરત છે :

'રોઝતુ મેનલ કાફી' નામની કિતાબમાં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરવામાં આવી છે કે આપ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે, "બની ઈસરાઈલના લોકો પૈકી એક માણસ એવો હતો

જે દુનિયાની લાલચ અને લઝઝતોથી બિલકુલ અજાણ હતો. તેનો દામન ગુનાહોની ગંદકીથી બિલકુલ સ્વચ્છ અને પવિત્ર હતો. તે નેક માણસની એવી હાલત શૈતાને જોઈ ત્યારે તેણે પોતાના બધા સાથીદારોને પોતાની પાસે બોલાવીને ભેગા કર્યા. જયારે શૈતાનના બધા સાથીદારો ભેગા થઈ ગયા ત્યારે શૈતાને તેઓને સંબોધીને કહ્યું, ‘તમારામાંથી આ નેક માણસને કોણ (પોતાની ચુંગલમાં લઈને સાચા માર્ગથી) ભટકાવી શકશે ?’ એક શૈતાને કહ્યું કે, ‘તેં માણસ મને સોંપી દયો.’ ત્યારે મોટા શૈતાને પૂછયું, ‘તું તેને કેવી રીતે ભટકાવીશ ?’ તેણે જવાબ આપ્યો, ‘સ્ત્રીઓ મારફત.’ ત્યારે મોટા

શૈતાને કહ્યું, 'તેં કામ તું નહીં કરી શકે,' કારણ કે, ઔરતોની ઈઝઝતથી તે માણસ અજાણ છે.' બીજા નાના શૈતાને કહ્યું કે : 'હું તેને એશો આરામ અને ઐયાશીથી બહેકાવીશ. ત્યારે મોટા શૈતાને કહ્યું, 'તું પણ આ કામને લાયક નથી, કારણ કે તેને એશો આરામમાં કશી દિલચસ્પી નથી." તેના એક સાથીએ કહ્યું કે, 'હું તેને નેક કીરદાર અને અમલે ખૈરના કાર્યોથી બહેકાવીશ. ત્યારે મોટા શૈતાને કહ્યું, 'હા તું આ કામને લાયક છે. તે નાનકડો (લઘુ) શૈતાન તૂરત જ પેલા આબિદની ઈબાદતની જગ્યાએ પહોંચી ગયો, ત્યાં જઈને તે આબિદની બાજુમાં ઊભો રહી ગયો અને નમાઝ પડવામાં વ્યસ્ત થઈ ગયો.

સાચા આબિદને ઊંઘ આવતી હતી; પરંતુ શૈતાનને તો ઊંઘ સાથે કોઈ સંબંધ ન હતો. શૈતાન તો સતત નમાઝ પડી રહ્યો હતો.આબિદ નમાઝ પડીને થાકી જતો ત્યારે આરામ કરવા માટે સૂઈ જતો; પરંતુ નાનકડો શૈતાન તો એકધારી ઈબાદત કરવાની ચાલુ જ રાખતો હતો. શૈતાનની સતત ઈબાદત જોઈને આબિદ તેની પાસે ગયો. કારણ કે, શૈતાનની સરખામણીમાં આબિદને પોતાની હેસિયત નીચી અને પોતાની ઈબાદત હલકી લાગી.

આબિદે શૈતાનને પૂછયું કે, “તમને આટલી બધી સતત ઈબાદત કરવાની હિંમત થઈ છે તેની પાછળનું શું રહસ્ય છે ?” નાના

શૈતાને આ પ્રશ્નનો જવાબ ન આપ્યો. આબિદે ફરીવાર તે પ્રશ્ન પૂછયો તેમ છતાં નાના શૈતાને કંઈ જવાબ ન આપ્યો. જયારે આબિદે ત્રીજી વખત તે પ્રશ્ન પૂછ્યો. ત્યારે શૈતાને કહ્યું, "સાચી વાત એ છે કે, મેં ગુનાહ કર્યા અને પછી તૌબા કરી. જયારે પણ મને મારા ગુનાહ યાદ આવે છે ત્યારે મારી ઈબાદતમાં દ્રઢતા આવે છે." આબિદે કહ્યું, "મને એ કહે કે તેં કયા ગુનાહ કર્યા છે, જેથી હું પણ તેની ઉપર અમલ (ગુનાહ) કરીને વધારે ઈબાદતની શક્તિ મેળવું." શૈતાને જવાબ આપ્યો, "શહેરમાં અમુક જગ્યાએ એક તવાયેફ (વેશ્યા) રહે છે તેને જઈને પૂછ અને તેને બે દિરહમ આપીને તારી ઇચ્છા પૂરી કર." આબિદે

કહ્યું, "હું બે દિરહમ કયાંથી લાવું, બે દિરહમ કોને કહેવાય ?" શૈતાને પોતાના પગ નીચેથી બે દિરહમ કાઢીને આબિદને આપ્યા. આબિદ તે દિરહમ લઈને તે ગુનાહનું કામ કરવા માટે શહેર તરફ રવાના થયો. શહેરમાં જઈને તવાયફનું ઠેકાણું પૂછયું. લોકોએ વિચાર કર્યો કે, આબિદ તે તવાયફને કોઈ વાએઝ અને નસીહત કરવા માંગતો હશે, તેથી લોકોએ તેનું ઠેકાણું બતાવ્યું. આબિદે તે તવાયફ સ્ત્રીના દરવાઝા પાસે જઈને તેને બે દિરહમ આપ્યા અને કહ્યું કે, "ઉઠ તૈયાર થઈ જા." તવાયફ ઘરમાં ગઈ અને આબિદને આદરપૂર્વક અંદર બોલાવ્યો. તેણીએ આબિદને કહ્યું કે, "આપના જેવા કાર્ય અને

સ્વભાવ ધરાવતા લોકો મારી જેવી તવાયફ પાસે આવતા નથી. આપને મારી પાસે આવવા માટે કોણે તૈયાર કર્યા ?” તેના જવાબમાં આબિદે પોતાના હેતુનો વિગતવાર વર્ણન કર્યું. ત્યારે તે તવાયફ સ્ત્રીએ કહ્યું કે, “હકીકત તો એ છે કે, ગુનાહ ન કરવા તે તૌબા કરવા કરતા વધારે સહેલું કામ છે. કારણ કે, જે માણસ ગુનાહ કરે છે તેના માટે જરૂરી નથી કે તે તૌબા પણ કરી શકે. મારા ખ્યાલથી તમોને આ રસ્તે ચડાવનાર શૈતાન છે, જે તમોને બહેકાવવા માટે બીજું રૂપ ધારણ કરીને આવ્યો છે. આપ પાછા ફરો, હવે ત્યાં કોઈ નહીં હોય.” આબિદ પોતાની જગ્યાએ પાછો ફર્યો. યોગાનુંયોગ તે જ રાત્રે

પેલી તવાયફ અવસાન પામી. સવાર પડી ત્યારે લોકોએ જોયું કે તેના ઘર ઉપર લખેલું હતું : “આ સ્ત્રીના જનાઝામાં શિરકત કરો, કેમ કે તે જન્નતવાસીઓ પૈકી છે.” લોકો આશંકામાં પડી ગયા અને લોકોની તે હાલત ત્રણ દિવસ સુધી રહી અને તે સ્ત્રીને દફન કરવામાં ન આવી. એટલે સુધી કે, ખુદાવંદે આલમે પોતાના પયગમ્બર હ. મૂસા બિન ઈમરાન (અલય્હિસ્સલામ)ને વહી કરી કે, “ફલાણી સ્ત્રી ઉપર નમાઝે જનાઝા પડો અને લોકોને પણ તાકીદ કરો કે તેઓ પણ તેણીની નમાઝે જનાઝા પડે. કારણ કે, તેણીએ મારા ફલાણા બંદાને ગુનાહ કરતા રોકયો છે, તેથી મેં તેણીના

ગુનાહ માફ કરીને તેના માટે બેહિશ્તને વાજિબ કરી દીધી છે.”

(૫) ખુદાની રહેમત અત્યંત વિશાળ છે :

‘તફસીરે સાફી’માં સૂરએ આલે ઈમરાનના વિવરણમાં રિવાયત કરવામાં આવે છે કે એક દિવસ મઆઝ બિન જબલ રડતાં રડતાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા, તેમણે સલામ કરી, આં હઝરતે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ સલામનો જવાબ આપ્યો અને પૂછયું કે કઈ બાબતે તમને રડાવ્યા ? ત્યારે તેઓએ જવાબ આપ્યો : “યા રસુલુલ્લાહ, બહાર એક નવજવાન ઊભો છે જે

કોઈ સ્ત્રી પોતાના યુવાન પુત્રની મૌત ઉપર રડે એ રીતે આક્રંદ કરી રહ્યો છે. તે આપની ખિદમતમાં આવીને મુલાકાત કરવાની ઇચ્છા ધરાવે છે.” હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ તે યુવાનને પોતાની પાસે હાજર કરવાનો હુકમ આપ્યો.

મઆઝ તે યુવાનને લઈને આવ્યા. તે જુવાને આવીને સલામ કરી, પયગમ્બરે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ સલામનો જવાબ આપ્યો, પછી પૂછયું, “અય જુવાન, તું આટલું બધું રૂદન શા માટે કરે છે ?” તેણે કહ્યું, “હું કેમ ન રડું ? મેં એટલા બધા ગુનાહ કર્યા છે કે, એમાંથી થોડા ગુનાહની પણ

મને સજા આપવામાં આવે તો જહન્નમની જવાળાઓ મને સળગાવી દેવા માટે પૂરતી છે. મને ખબર છે કે, ખુદાવંદે કરીમ મને સજા કરશે અને તેનાથી હું હરગિઝ બચી શકીશ નહીં."

હઝરત રીસાલત મઆબે (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું, "શું તેં ખુદા સાથે કોઈને શિર્ક કર્યા છે ?" તેણે કહ્યું, "હું ખુદા સાથે કોઈને શિર્ક કરવાના ગુનાહથી ખુદાની પનાહ ચાહું છું." પછી ફરમાવ્યું, "શું તેં કોઈને નાહક કતલ કર્યો છે ?" તેણે કહ્યું, "નહીં." પછી આપ (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, "ખુદા તારા ગુનાહોને બક્ષી આપશે, ભલે તારા ગુનાહો

પહાડ જેટલા મોટા હોય.” તે જવાને કહ્યું, “મારા ગુનાહ પહાડો કરતા પણ સખ્ત છે.” રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું, “જો તારા ગુનાહોનો બોજ સાત ઝમીનો, સમુદ્ર, પહાડો, વૃક્ષો અને તમામ મખ્લૂકાત જેટલા હોય તો તે બક્ષી આપશે.” યુવાને જવાબ આપ્યો, “મારા ગુનાહોનો બોજ તે બધાથી પણ વધારે છે” હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું, “ભલે, (તારા ગુનાહ) આસમાનો, સિતારા, અર્શ અને કુરસી જેટલા કેમ ન હોય તો પણ તેને બક્ષી આપશે.” તે યુવાને કહ્યું, “મારા ગુનાહ તે કરતા પણ વધારે છે.” આં હઝરતે

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ગુસ્સે થઈને તેની સામે જોયું અને ફરમાવ્યું, "અય જુવાન, અફસોસ થાય તારી ઉપર, તારા ગુનાહ વધારે મોટા છે કે તારો પરવરદિગાર મોટો છે ?" એ સાંભળીને તે જુવાન સિજદામાં પડી ગયો અને કહેવા લાગ્યો, "મારો પરવરદિગાર એવો બુઝુર્ગ છે કે તેની કરતા બીજી કોઈ વસ્તુ બુઝુર્ગ નથી."

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, "શું ખુદાએ બુઝુર્ગો બરતર તારા મોટા ગુનાહો બક્ષી નહીં દે ?" ત્યારે યુવાને કહ્યું, "નહીં" અને એટલું કહીને તે ચુપ થઈ ગયો.

ત્યારપછી રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું, “વાય થાય તારી ઉપર, (અફસોસ) અય જુવાન, શું તારા મોટા ગુનાહો પૈકી કોઈ એક ગુનોહ મને કહી શકીશ ?” તેણે કહ્યું, “હા, સતત સાત વર્ષ સુધી હું મરનારની કબ્ર ખોદીને તેના કફન કાઢીને ચોરતો અને તેને વેચી દેતો. એક દિવસ અન્સાર પૈકી લોકોની એક છોકરી અવસાન પામી. જયારે તેણીને દફન કરવામાં આવી તો અડધી રાતે મેં તેણીની કબ્ર ખોદી અને તેનું કફન કાઢી લીધું. હું તે દ્ષ્ટ કૃત્ય કરીને પાછો ફરી રહ્યો હતો ત્યાં શૈતાને મને ગુમરાહ કર્યો. મેં તેના શરીરને જોયું અને પછી

તેની સાથે ઝિના કર્યા. જયારે હું તે અધમ કૃત્ય કરીને પાછો ફરી રહ્યો હતો ત્યારે મારી પાછળથી અવાજ આવ્યો કે, ‘અય જુવાન, વાય થાય તારી ઉપર કયામતના દિવસના અઝાબથી. તેં મને નગ્ન કરી અને પછી મારી ઉપર ગુસ્લે જનાબત વાજિબ કર્યું. વાય થાય તારી ઉપર જહન્નમની આગના અઝાબથી’ ત્યારપછી કહેવા લાગ્યો કે, “યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મને આ વાતની ખબર છે કે હું જન્નતની સુગંધ પણ પામી શકીશ નહીં. મારા વિષે આપનો શું અભિપ્રાય છે ?”

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું, “અય ફાસિક, મારી સામેથી દૂર થઈ જા, કયાંક તારી આગ મને દઝાડી ન દે. કારણ કે, તું આગની ઘણો જ નજદીક છે.” આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આ પ્રમાણે વારંવાર કહેતા ગયા એટલે સુધી કે તે માણસ ત્યાંથી ચાલ્યો ગયો. તેણે શહેરમાંથી પોતાના માટે થોડો સારસામાન લીધો અને પછી મદીનાના પહાડોમાં ચાલ્યો ગયો. પહાડોની વચ્ચે તે પોતાના હાથને પીઠ પાછળ બાંધીને ફરિયાદ કરતો હતો, “હું તારો ગુનેહગાર અને ઝલીલ બંદો છું અને મારા કૃત્યો બદલ શરમિંદો છું.

અય ખુદા, હું તારા પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે ગયો અને તેઓએ મને પોતાની પાસેથી દૂર કરી દીધો, તેથી મારા ખૌફમાં વૃધ્ધિ થઈ. તને તારી બુઝુર્ગીની કસમ, મને નિરાશ ન કર અને મને તારી રહેમતમાં શામિલ કરી દે.” તે જુવાન સતત ચાલીસ દિવસ સુધી એ જ હાલતમાં રહ્યો. એટલે સુધી કે જાનવરોને પણ તેની હાલત ઉપર રડવું આવતું હતું. ચાલીસ દિવસ પૂરા થયા પછી તેણે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી. “પરવરદિગાર, તે મારા વિષે શું નિર્ણય કર્યો ? જો તે મને માફ કર્યો હોય તો તારા પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ને તેની ખબર આપ. જો તેં મને માફ ન કર્યો હોય અને મારી ઉપર અઝાબ નાઝિલ કરવાનું નક્કી કર્યુ હોય તો મને જલ્દીથી આગમાં સળગાવી દે થવા મારી ઉપર બીજો કોઈ અઝાબ નાઝિલ કર અને મને કયામતના દિવસે હડધૂત થવાથી મુકિત આપ.” તે જવાને આમ કહયા પછી ખુદાવંદે આલમે પોતાના પયગમ્બર ઉપર નીચેની આયત નાઝિલ ફરમાવી : “એ લોકો કે જેઓ બહુ જ ખરાબ કામ (અપકૃત્ય) કરી બેસે છે અથવા પોતાની ઉપર ઝુલ્મ કરે છે ત્યારે ખુદાને યાદ કરીને તેની મગફેરત ચાહે છે (પોતાના અપરાધની માફી માંગે છે) અને એ ગુનાહો ઉપર શરમિંદા

થઈને તૌબા કરે છે તો પછી ખુદા સિવાય તે ગુનાહોને બક્ષનાર કોણ છે ? (પરંતુ જરૂરી છે કે) આ લોકો પોતાના ગુનાહોની ભયંકરતાને સમજીને તે ગુનાહોનું પુનરાવર્તન કરતા નથી. તેવા લોકો માટે તેમના રબ તરફથી માઅરેફત (ક્ષમા)નો બદલો છે. તથા એવાં (બાગ), બગીચા (છે), જે સ્થાનોની નીચે નહેરો વહે છે, તે લોકો તેમાં હંમેશા રહેશે અને સત્કાર્ય (નેક અમલ) કરનારાઓ માટે આ કેટલો ઉત્તમ બદલો છે.” (સૂરએ આલે ઈમરાન - 3, આ : ૧૩૪-૧૩૫)

ઉપરની આયત નાઝિલ થઈ કે તૂરત જ પયગમ્બર (સ.અવ.) તેમના દૌલતસરાથી

બહાર આ આયતની તિલાવત કરતા મુસ્કુરાહટ સાથે તશરીફ લાવ્યા. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આપના અસ્હાબને ફરમાવ્યું, “કોણ છે જે મને તે તૌબા કરનાર જુવાનની જાણકારી આપે” અસ્હાબે કહ્યું, “યા રસૂલલ્લાહ, તેં ફલાણા પહાડ ઉપર છે.” પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાના અસહાબ સાથે તે પહાડ તરફ જવા માટે રવાના થઈ ગયા. તેઓએ તે જુવાનને બે પહાડોની વચ્ચે ઊભેલો જોયો. તેના બંને હાથ ગરદનની પાછળ બાંધેલા હતા. ચહેરાનો રંગ ગરમીની તીવ્રતાને લીધે કાળો પડી ગયો હતો. વધારે પડતા રૂદનના કારણે

પાંપણના વાળ ખરી ગયા હતા. તે કહી રહ્યો હતો, "ખુદાયા, તેં મને ઘણી બધી નેઅમતોથી નવાજેલ છે અને મારી ઉપર અહેસાન કર્યો છે. કાશ, હું એ વાત જાણી શકત કે મારૂં ઠેકાણું જન્નત છે કે જહન્નમ ? પરવરદિગાર, મારા ગુનાહો તારા આસમાનો, ઝમીનો, તારા અર્શ અને કુરસીથી પણ વધારે છે. કાશ, હું એ વાત જાણી શકત કે તું મને માફ કરી દઈશ અથવા તો કયામતના દિવસે મને રૂસ્વા કરીશ." તે આ પ્રમાણે સતત બોલ્યે જતો હતો અને સાથો સાથ રડતાં રડતાં જમીન ઉપરથી ધૂળ લઈને પોતાના માથા ઉપર નાખતો જતો હતો. તેની આજુ બાજુમાં ભેગાં થએલા જાનવરો અને

પક્ષીઓ પણ તેની હાલત જોઈને રૂદન કરતા હતા. પયગમ્બરે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેની પાસે તશરીફ લઈ ગયા અને હાથ ખોલી નાખ્યા, તેના માથાની ધૂળને સાફ કરી અને ફરમાવ્યું, “અય જુવાન, તને બશારત થાય કે અલ્લાહે તારી તૌબા કબૂલ કરી છે.” પછી આપના અસ્હાબને ફરમાવ્યું, “તમારા ગુનાહોની બક્ષિસ માટે આ જુવાને જેવી રીતે તૌબા કરી છે તેવી રીતે તૌબા કરો અને પછી આપે ફરમાવી અને એ રીતે તે જુવાનને બેહીશ્તની બશારત આપી.

અત્રે એ વાતની સ્પષ્ટતા કરી દેવી જરૂરી છે કે, પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ)એ તે જુવાનને પહેલા પોતાની પાસેથી દૂર કરી દીધો તેનો મકસદ કદાચ એ હોય કે તેના ગુનાહોની તીવ્રતા (અતિશયતા)ને લીધે તે જુવાનને તેના ગુનાહના મોટા અઝાબનો ડર લાગે જે ડર તેના ગુનાહોને બાળી નાખે, તેના ગુનાહોની કાળાશ તેના અશ્રુઓથી ધોવાઈ જાય અને તે ખુદાની રહેમતને પાત્ર થઈ જાય અને એ વિષે જેમ કહેવામાં આવ્યું છે તેમ થયું. શરમીંદગીની કેફીયત જેટલી વધારે હશે તેટલો જ ઈન્સાન રહેમત અને મગ્ફેરતથી વધારે નઝદીક થશે. આ વાતનો સારાંશ એ છે કે હઝરત પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) એ તે જુવાનને પોતાની પાસેથી દૂર કરવો એ તે જુવાન માટે રહેબરીનું કારણ બની ગયું.

(૬) છેલ્લા શ્વાસ સુધી આશા અને ભયની વચ્ચે રહેવું જોઈએ :

‘સફીનતુલ બેહાર’ ભાગ - ૧, પાના નંબર ૧૨૭ ઉપર રિવાયત આપવામાં આવી છે કે, હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ બની કોરયઝહના કિલ્લાને ઘેરી લીધો. બની કોરયઝહ યહૂદી લોકોનો એક સમૂહ હતો જે મદીનાની પાસે રહેતો હતો. તેઓ હંમેશા આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને મુસલમાનોને નુકસાન

પહોંચાડવાના પ્રયત્નમાં રહેતા હતા. પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જોયું કે એ લોકો સાથે જંગ કરવા અને તેઓને કતલ કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

ઘેરો થઈ ગયા પછી કોરેયઝહે સલાહ મશ્વેરા માટે અબૂ લબાબાને તેઓ પાસે મોકલવાની વિનંતી કરી. યહુદીઓની અબુ લબાબા સાથે અગાઉની ઓળખાણ હતી. પયગમ્બરે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અબૂ લબાબાને યહૂદીઓ પાસે જવાનો આદેશ આપ્યો. જયારે અબૂ લબાબા યહૂદીઓ પાસે ગયા ત્યારે બની કોરેયઝહે તેઓને પૂછયું કે, "અમે રસૂલેખુદા (સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમ)નો હુકમ સ્વીકારી લઈએ કે કેમ ? એ વિષે તમારી શું સલાહ છે ?" અબૂ લબાબાએ જવાબ આપ્યો, "બેશક, પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો હુકમ માની લ્યો. કારણ કે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તમને લોકોને કતલ કરી નાખવાનો ઈરાદો ધરાવે છે." આમ કહીને અબૂ લબાબાએ પોતાની ગરદન તરફ નિર્દેશ કર્યો; પરંતુ આમ કહયા પછી તેમણે પોતાના એ અમલ ઉપર શરમીંદગી અનુભવી અને તેમણે મનમાં વિચાર કર્યો કે, (આ તો) મેં ખુદા અને તેના પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

સાથે ખયાનત કરી. મેં રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ગુપ્ત વાતોને છડેચોક જાહેર કરી દીધી. આમ વિચારતા અબૂ લબાબા યહૂદીઓના કિલ્લાની બહાર નીકળી ગયા. અબૂ લબાબાને પોતાના તે કૃત્યથી શરમ લાગી તેથી તેઓ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખિદમતમાં ન ગયા અને સીધા મસ્જિદે નબવી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)માં ગયા અને એક દોરીથી પોતાની ગરદનને મસ્જિદના થાંભલા સાથે બાંધી દીધી. હાલમાં એ થાંભલો હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કબ્રે મુતહહરની પાસે

આવેલો છે અને તે ‘ઉસ્તવાનતુત્તવબાહ’ (તૌબાનો સ્તંથ) ના નામથી મશહુર છે. અબૂ લબાબા કહેવા લાગ્યા કે, “જયાં સુધી ખુદા મને માફ ન કરે અથવા મૌત ન આવે ત્યાં સુધી હું આ થાંભલાથી છૂટીશ નહીં. સહાબાએ આ વાતની જાણ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કરી. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે, “તેઓ મારી પાસે આવે તો હું ખુદા પાસે તેની મગફેરતની સિફારીશ કરતે. પરંતુ હવે જયારે તેણે પોતે ખુદા તરફ રૂજૂઅ કરેલ છે તો તે જ તેના વિષે બહેતર ફેંસલો કરશે.”

અબૂ લબાબા દિવસે રોઝા રાખતા હતા. તેમના જીવવા માટે જરૂરી હોય એટલો જ ખોરાક રાતે તેની દીકરી લઈ આવતી અને જરૂરતના વખતે તેના બંધન ખોલી દેતી અને ફરીથી તેવી જ રીતે બાંધી દેતી. આ રીતે કેટલાંક દિવસો પસાર થઈ ગયા. એક દિવસ જયારે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાના હુજરા (ઈબાદતગાહ)માં તશરીફ રાખી રહ્યા હતા ત્યારે તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર અબૂ લબાબાની તૌબા કબૂલ થવા વિષેની વહી નાઝિલ થઈ. આં હઝરતે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉમ્મે

સલમા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ફરમાવ્યું, "ખુદાએ અબૂ લબાબાની તૌબા કબૂલ કરી લીધી છે." ઉમ્મે સલમા (સલામુલ્લાહે અલય્હા) એ પૂછયું, "શું આપ એ વાતની ઈજાઝત આપો છો કે હું તેમને તેમની તૌબા કબૂલ થવા અંગેની ખબર આપું ?" ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : "હા, અવશ્ય." ત્યારપછી ઉમ્મે સલમા (સલામુલ્લાહે અલય્હા)એ હુજરામાંથી માથું બહાર કાઢીને તેમને તૌબા કબૂલ થવાની બશારત આપી.

અબૂ લબાબાએ કહ્યું : "અલ-હમ્દો લીલ્લાહ," અસ્હાબ થાંભલા સાથેના બંધનો

ખોલી નાખવા માંગતા હતા; પરંતુ તેઓએ તે બધાને રોકયા અને કહ્યું : “ખુદાની કસમ, મને હઝરત રસુલે ખુદમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સિવાય બીજું કોઈ ન ખોલે.” હઝરત રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તશરીફ લાવ્યા અને ફરમાવ્યું : “ખુદાએ તમારી દુવા કબૂલ કરી છે, હવે તમે માના પેટમાંથી તાજાં જન્મેલાં બાળક (નવજાત શીશુ)ની જેમ ગુનાહોથી પાક છો.” ત્યારે અબૂ લબાબાએ કહ્યું : “શું આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મને એ વાતની પરવાનગી આપો છો કે, હું મારી તૌબા કબૂલ થવાનો શુક્ર અદા કરવા માટે મારી

તમામ દૌલત સદકામાં આપી દઉં ?” આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “નહીં.” કહેવા લાગ્યા, “મારી દૌલતનો ૨/3 (બે તૃત્યાંશ) ભાગ આપી દઉં ?” ફરમાવ્યું : “ના.” તેણે પૂછયું : “તો મારી દૌલતનો ૧/3 (એક તૃત્યાંશ) ભાગ આપી દઉં ?” ત્યારે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “તે યોગ્ય છે.” ત્યારપછી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ આયતની તિલાવત ફરમાવી :

“કેટલાક બીજા લોકો એવા પણ છે જેઓએ પોતાના ગુનાહોની કબૂલાત કરી લીધી

છે. તેમણે સદકાર્યોમાં ભેળવી નાખ્યા છે. બનવા જોગ છે કે ખુદા તેઓની દુવા કબૂલ કરે. બેશક, ખુદા, મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.”

“અય રસૂલ ! તેમના માલમાંથી ઝકાત લઈને તે વડે તેમને પણ પાક અને પવિત્ર (ગુનાહોથી પાક સાફ) બનાવી દે અને તેમના માટે રહેમતની દુવા (દુવાએ ખૈર) કર. કારણ કે, તારી દુવા કરવી (તે) તેમના માટે શાંતિનું કારણ બને છે અને અલ્લાહ સાંભળનાર (અને) જાણનાર છે. શું તે આ વાત નથી જાણતા કે, અલ્લાહ જ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે અને અલ્લાહ જ સૌથી મહાન તૌબા કબૂલ

કરનાર (અને) દયા કરનાર છે.” (સૂરએ તૌબા - ૯, આ : ૧૦૨, ૧૦૩, ૧૦૪)

ઉપરના બંને બનાવથી આપણને નસીહત મળે છે કે, તૌબા કરનારે બે બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. પહેલું તૌબા કરનારે પોતાના ગુનાહને કદી હલકા (ઓછા) ન સમજવા જોઈએ. પોતાના ગુનાહ માટે સખત શરમિંદા થવું જોઈએ અને પોતાના રબની રહેમત અને મગ્ફેરતને પોતાના માટે એક અજોડ ખજાનો સમજવો જોઈએ. એટલું જ નહીં, રબની રહેમત અને મગ્ફેરત પ્રાપ્ત કરવા માટે પૂરખુલૂસ (સંપૂર્ણ નિર્મળ ભાવનાથી) કોશિશ કરવી જોઈએ. અને એ વાતની ખાતરી રાખવી

જોઈએ કે પોતે અલ્લાહની રહેમત અને મગ્ફેરતનો મોહતાજ છે અને બીજી વાત એ કે, જયાં સુધી તૌબાની કબૂલીયત અને ગુનાહોની મગ્ફેરતની ખાત્રી ન થઈ જાય ત્યાં સુધી પોતાની તૌબા અને દુવાએ મગ્ફેરત ચાલુ રાખવી જોઈએ. અને સાધારણ રીતે જીવનની છેલ્લી પળ સુધી એ ખાત્રી મળી શકતી નથી.

ઉપરની વાતનો સારાંશ એ છે કે, મરવાની એ પળ કે જયારે મલેકુલ મૌત મરનારને મગ્ફેરત અને બેહીશ્તની ખુશખબરી ન આપી દે ત્યાં સુધી પ્રાયશ્ચિત અને રૂદન ચાલુ રાખવા જોઈએ. આ વિષે આગળના પ્રકરણોમાં વિગતવાર વર્ણન થઈ ચૂકયું છે. ઇન્સાન માટે

એ વાત જરૂરી છે કે, તૌબા વિષે આશા અને ભયની કેફિયતમાં રહે.

(૭) નફસાની ખ્વાહિશોને રોકવાથી નજાત મળે છે :

સૈયદુલ ઓલમા મીર દામાદના દોહિત્ર ફખ્રુલ મોહક્કેકીન સૈયદ મોહમ્મદ અશરફ પોતાની કિતાબ 'ફઝાએલુસ્સાદાત'માં શહીદે સાની (અ.ર.)માંથી અને તેઓ કિતાબે 'મદહશ - ઈબ્ને જવઝી થી નકલ ફરમાવે છે કે, એક સાલેહ માણસ મિસરમાં આવ્યો. ત્યાં તેણે એક લુહારને જોયો જે લાલ ચોળ ગરમ લોઢાને પોતાના હાથથી ભઠ્ઠીમાંથી બહાર કાઢતો હતો અને ભઠ્ઠીની ગરમી તેના હાથ ઉપર કોઈ અસર

કરતી ન હતી. આ જોઈને તેણે વિચાર્યું કે ખુદાનો આ કોઈ મુકર્રબ બંદો હોવો જોઈએ. તેથી તે માણસ તે લુહારની પાસે ગયો અને તેને સલામ કરી અને કહેવા લાગ્યો કે “અય બંદએ ખુદા, તને એ ઝાતની કસમ, જેણે તને આ કરામતથી નવાજેલ છે. તું મારા માટે દુવાએ ખૈર કરી દે.” આ સાંભળીને લુહાર રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, “અય બંદએ ખુદા, તું મારા માટે જે ગુમાન કરે છે તે યોગ્ય નથી. કારણ કે, હું મારી ઝાતને સાલેહીનમાંથી સમજતો નથી.” ત્યારે પેલો માણસ કહેવા લાગ્યો તને આ કામમાં જે કરામત મળી છે તે સાલેહ બંદા સિવાય કોઈને મળવી શકય નથી.

લુહારે કહ્યું કે, "આમ થવાનું કારણ એક વ્યકિત છે." ત્યારે પેલા માણસે કહ્યું કે, "મારી ઉપર અહેસાન કરો અને મને આમ થવાનું (કરામતનું) કારણ જણાવો." ત્યારે લુહાર કહેવા લાગ્યો, "એક દિવસ હું મારી આ દુકાનમાં બેઠો હતો ત્યારે મારી પાસે એક અત્યંત સ્વરૂપવાન અને સુંદર સ્ત્રી આવી. તે સ્ત્રી પહેલા મેં કયારેય પણ જોઈ ન હતી. તે સ્ત્રીએ પોતાની ગરીબાઈ અને પરેશાનીની ફરિયાદ કરી. હું તેનું હુસ્ન જોઈને તેનો આશિક બની ગયો હતો. મેં તે સ્ત્રીને કહ્યું કે, "તું મારી ઈચ્છા પૂરી કર તો હું તારી જરૂરતને પૂરી કરવા તૈયાર છું." તે સ્ત્રી કહેવા લાગી, "ખુદાથી ડરો, હું એવી સ્ત્રી નથી."

મેં કહ્યું, "તો ઠીક, તું જઈ શકે છે." તે સ્ત્રી ખૂબ જ પરેશાનીની હાલતમાં ત્યાંથી ચાલી ગઈ. થોડીવાર પછી તે પાછી ફરી અને કહેવા લાગી કે, "મારી જરૂરતોએ મને તારી પાસે આવવા મજબૂર કરી દીધી. હવે હું (મારી જરૂરત માટે) તારી માંગણી પૂરી કરીશ. હું તે સ્ત્રીની સાથે એક ઘરમાં ગયો. મેં અંદર જઈને દરવાજાને તાળું માર્યું. તે સ્ત્રીએ પૂછયું કે, દરવાજાને તાળું શા માટે માર્યું." મેં કહ્યું, "લોકો આપણા વિષે જાણી ન જાય તે માટે તાળું માર્યું છે." ત્યારે સ્ત્રી કહેવા લાગી, "ખુદાથી કેમ નથી ડરતા ?" ત્યારે મેં કહ્યું કે, "તે ગફુરૂર રહીમ છે." જયારે હું તેની પાસે ગયો ત્યારે મેં જોયું કે, તે સ્ત્રી જોરદાર

પવનના ઝાપટાઓની વચ્ચે ઝાડની નબળી ડાળીઓ ઉપરના ફૂલની જેમ બેચૈન હાલતમાં ધ્રુજી રહી હતી. તેની આંખોમાંથી અશ્રુઓનો સમુદ્ર વહી રહ્યો હતો. મેં પૂછયું કે, "તારી આ કેવી હાલત છે ?" તેણીએ કહ્યું કે, "મને મારા એ ખુદાનો ડર લાગી રહ્યો છે જે હંમેશ હાજર નાજર છે. જો તું મને છોડી દે તો હું તને ખાત્રી આપું છું કે ખુદાવંદે આલમ દુનિયા અને આખેરતની આગ તારી ઉપર હરામ કરી દેશે. તે સ્ત્રીની વાત મારી ઉપર ખૂબ જ અસર કરી ગઈ. મેં મારો બદ ઈરાદો છોડી દીધો. મારી પાસે જે કાંઈ હતું તે સ્ત્રીને આપી દીધું અને કહ્યું કે, ખુદાના ખૌફથી હું તને મુક્ત કરૂં છું. તે સ્ત્રી

રાજી થતી થતી પોતાના ઘરે ચાલી ગઈ. મેં રાતે સ્વપ્નમાં જોયું, તે એક પવિત્ર સ્ત્રી હતા. જેઓના માથા ઉપર યાકૂતનો બનેલો તાજ હતો. તેઓ મને ફરમાવવા લાગ્યા, “ખુદા તને જઝાએ ખૈર આપે.” મેં પૂછયું કે, “બીબી આપ કોણ છો ?” ત્યારે ફરમાવ્યું, “હું એ સ્ત્રીની માં છું, જે તારી પાસે આવી હતી અને જેને તે ખુદાના ખૌફથી મુક્ત કરી દીધી હતી. ખુદા તને દુનિયા અને આખેરતની આગથી સુરક્ષિત રાખે.” મેં પૂછયું કે, તે સ્ત્રીનો સંબંધ કયા ખાનદાનમાંથી હતો ?” તેણે કહ્યું, “એ સ્ત્રી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પવિત્ર નસ્લમાંથી હતી.”

મેં ખુદાનો શુક્ર બજાવ્યો. તે દિવસથી આજ સુધી આગ મને નુકસાન કરતી નથી. મને આશા છે કે હું કદાચ આખેરતની આગથી પણ સુરક્ષિત રહીશ.”

આ બનાવ પરથી સ્પષ્ટ થાય છે કે, જે માણસ પોતાની આતિશે શહેવત (કામ વાસનાની આગ)ને હરામ કાર્યથી સુરક્ષિત રાખે અને સાધન સગવડ હોવા છતાં પણ પોતાના જાતીય આવેશને કાબૂમાં રાખે તો ખુદાવંદે આલમ તેના માટે આતિશ (આગની જવાળાઓ)ને ઠંડી કરી નાખશે અને પોતાની રહેમતમાં જગ્યા આપશે. કુર્આને મજીદ ફરમાવે છે : “અને જે માણસ પોતાના પરવરદિગારની

હજૂરમાં ઊભા થવાથી ડર્યો હશે તથા પોતાના નફસને નાજાએઝ ખ્વાહીશો (મનો કામના)થી અટકાવતો રહ્યો હશે, બેશક તેનું ઠેકાણું બેહીશ્ત છે.” (સૂરએ નાઝેયાત -૭૯ આ : ૪૧)

(૮) હરામ કામ છોડી દેવા અને સાદાતનો આદર કરવો મગ્ફેરત છે :

મજકૂર કિતાબમાં આ બનાવ પણ રિવાયત કરવામાં આવ્યો છે : ઇસ્હાક બિન ઈબ્રાહીમ તાહેરીએ સ્વપ્નમાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને જોયા કે તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવી રહ્યા હતા કે, “કાતિલને છોડી દયો.” હું ખૌફની હાલતમાં ઊંઘમાંથી

જાગી ગયો. મેં મારા નોકરને બોલાવ્યો અને તેને પૂછયું કે, “આ કાતિલ કોણ છે અને અત્યારે તે કયાં છે ?” તેણે કહ્યું, “હાજર છે.” તેણે મારી સમક્ષ એવા માણસને રજૂ કર્યો જે પોતે ગુનાહ કબૂલ કરતો હતો. ઈસ્હાકે તે માણસને કહ્યું કે, “તું આ મામલામાં સાચી હકીકત શું છે તે કહી દે તો તને મુક્ત કરી દઈશ.” તે કહેવા લાગ્યો, “હું બદકાર લોકોના એક સમૂહ સાથે બગદાદમાં કામ કરતો હતો. એક વૃધ્ધ સ્ત્રી અમારા માટે સ્ત્રીઓને (ના જાએઝ કામ માટે) લાવી આપતી હતી. એક દિવસ તે વૃધ્ધ સ્ત્રી પોતાની સાથે એક અત્યંત રૂપાળી છોકરી લઈને આવી. જયારે તે છોકરી અમારી પાસે આવી અને તે આખી

વાત સમજી ગઈ ત્યારે તેણે એક ચીસ પાડી અને બેભાન થઈને પડી ગઈ. જયારે તેને હોશમાં લાવવામાં આવી ત્યારે તેણીએ કહ્યું : “અલ્લાહ અલ્લાહ, ખુદાનો ખૌફ કરો અને મને છોડી દયો. આ બુઢ્ઢીએ મારી સાથે દગો કર્યો છે. ફલાણા મોહલ્લામાં તમાશો થાય છે જે જોવા જેવો છે, એવું કહીને મને પોતાની સાથે લઈ આવી છે. આવા ખોટા બહાના કાઢીને તે મને પોતાની સાથે લઈ આવી છે. ખુદાથી ડરો, હું અવલીયા અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નસ્લમાંથી છું.” મારા મિત્રોએ તે છોકરી વાત ઉપર કોઈ ધ્યાન ન આપ્યું અને તે છોકરી સાથે વાદ વિવાદ

કરવા લાગ્યા. હુરમતે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) માટે મારી ગયરત જાગૃત થઈ ચૂકી હતી. હું મારા મિત્રોના બદઈરાદામાં અડચણરૂપ બની ગયો. તે લોકોએ મને તેમના માર્ગમાંથી દૂર કરવા માટે ઘણો ઝખ્મી કરી નાખ્યો. જે ઝખ્મોના નિશાન આપ જોઈ રહ્યા છો. મેં તે લોકોના સરદાર ઉપર એક મોટો ઘા કર્યો જેના કારણે તે મરી ગયો. હું તે છોકરીને પેલા લોકોના પંજામાંથી છોડાવવામાં સફળ થઈ ગયો. પછી મેં તે છોકરીને તેના ઘરે મોકલી દીધી. તે છોકરી મને દુવા દેવા લાગી કે : "જે રીતે તે મને બચાવી છે તેવી જ રીતે ખુદા પણ તારી મદદ કરશે." એ વખતે અચાનક

બૂમાબૂમનો અવાજ સાંભળીને લોકો દોડી આવ્યા. તેઓએ જોયું કે મારા હાથમાં લોહીવાળું ખંજર હતું અને તેનાથી ઝખ્મી થએલો માણસ (સરદાર) તડપતો હતો. લોકોએ મને પકડી લીધો અને આપની પાસે લઈ આવ્યા.

ઇસ્હાકે કહ્યું , “મેં તને ખુદા અને રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખુશી માટે માફ કરી દીધો.” તે માણસ કહેવા લાગ્યો : “આજથી હું પણ મારા તમામ ગુનાઓની તૌબા કરૂં છું અને એ હસ્તીઓની કસમ, જેની ખુશી માટે તેં મને માફ કરી દીધો છે કે આજ પછી હું કયારેય પણ ગુનાહોના માર્ગમાં એક ડગલું પણ નહીં ભરૂં.

ઉપરના બનાવથી એ વાત સ્પષ્ટ થાય છે કે, પરવરદિગારે આલમે એક માણસે મઝલુમની મદદ કરી હરામ કામ છોડયું, ખુદાની ખુશી અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હુરમતને લક્ષમાં રાખી, તો તેને પોતાના લુત્ફે ખાસ (વિશેષ કૃપા)માં કઈ રીતે શામીલ કરી દીધો ? તેને કતલ થવાથી બચાવી લીધો. એટલું જ નહીં, તેની તૌબાને કબૂલીયતનો શરફ અતા કર્યો.

(૯) કોઈ નાનકડી વાતને પણ હકીર ન સમજો :

મરહૂમ હાજી શૈખ અબ્બાસે કુમ્મી (અ.ર.) તેઓની કિતાબ 'મનાઝેલુલ આખેરત'માં લખે છે કે : ઈબ્ને સમદ નામનો એક માણસ હંમેશા દિવસ રાત હરઘડી પોતાના નફસનો હિસાબ કરતો રહેતો હતો. એક દિવસ તે પોતાની પસાર થએલી ઉંમરના વીતી ગએલા દિવસોનો હિસાબ કરી રહ્યો હતો ત્યારે તેને એ વાતની જાણકારી થઈ કે તેની આયુષ્યના સાંઠ (૬૦) વર્ષ પસાર થઈ ગયા છે. જયારે તેણે પોતાના સાંઠ (૬૦) વરસના દિવસોનો હિસાબ કર્યો ત્યારે તેને એ વાત જાણવા મળી કે તેની ઝિંદગીના એકવીસ હજાર પાંચસો (૨૧,૫૦૦) દિવસ વીતી ગયા છે. તે

કહેવા લાગ્યો, મારી ઉપર અફસોસ થાય, જો મેં આ દિવસોમાં દરરોજ એકથી વધારે ગુનાહ ન પણ કર્યા હોય તો પણ હું એકવીસ હજાર પાંચસો (૨૧, ૫૦૦) ગુનાહો સાથે ખુદા સાથે મુલાકાત કરીશ. આમ કહેતાની સાથે જ તે બેહોશ બનીને પડી ગયો અને તે બેહોશીની હાલતમાં જ મૃત્યુ પામ્યો.

રિવાયતમાં છે કે, એક વખત હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ રણમાં એક એવી જગ્યાએ પડાવ નાખ્યો જયાં દૂર દૂર સુધી કોઈ લીલોતરીનું નામોનિશાન ન હતું. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આપના અસ્હાબને

ફરમાવ્યું, “જાઓ, લાકડીઓ વીણી લાવો.” બધાએ કહ્યું, “આ વખતે આ રણમાં એક લાકડી પણ મળી શકે તેમ નથી.” આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “જે માણસને જે કાંઈ મળે તે વીણીને (શોધી) લાવો.” દરેક સહાબી પોતાને જે કાંઈ મળ્યું તે (તણખલા વગેરે) શોધી લાવ્યા અને પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સામે ભેગા કરતા રહ્યા. જયારે બધા સહાબી લાકડીઓ વગેરે ભેગું કરીને લાવ્યા ત્યારે પયગમ્બરે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું કે, “ગુનાહો પણ આવી જ રીતે ભેગા થાય છે.” આથી જાણવા મળે છે કે,

પયગમ્બરે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) લાકડીઓ ભેગી કરવાનો હુકમ એ માટે આપ્યો હતો કે અસહાબ એ હકીકતથી પરિચિત થઈ જાય કે, એ વખતે બાહ્ય રીતે એમ લાગતું હતું કે રણમાં એક પણ લાકડી નથી, પરંતુ જયારે કોશિશ કરવામાં આવી તો લાકડીઓનો એક ઢગલો ભેગો થઈ ગયો. તેવી જ રીતે બાહ્ય (પહેલી) દ્રષ્ટિએ ગુનાહ દેખાતા નથી. પરંતુ જયારે હિસાબ કરવામાં આવે ત્યારે ખબર પડે છે કે, ગુનાહોનો મા◌ોટો જથ્થો ભેગો થઈ ગયો છે.

ઉપરના પ્રસંગથી સ્પષ્ટ થાય છે કે, ઈબ્ને સમદ તેના જીવનના એક દિવસના એક

લેખે ગુનાહ કર્યા હોવાનું માનીને હિસાબ કર્યો ત્યારે તેને ખબર પડી કે, તેના નામએ આમાલમાં એકવીસ હજાર પાંચસો (૨૧,૫૦૦) ગુનાહ ભેગા થઈ ગયા હતા.

**કત્રુન અલા કત્રીન નહરૂન અલા નહરીન બહરૂન (સઅદી)**

"ટીપું ટીપું ભેગું થઈને દરિયો બની જાય છે અને દરિયામાં દરિયો ભળે તો સમુદ્ર થઈ જાય છે."

(૧૦) ખુદાની રહમતનો અંદાઝ કાઢી શકાતો નથી :

ફાઝીલ નરાકી તેઓની કિતાબ 'મેઅરાજુસ્સાદહ'માં લખે છે કે, બસરામાં

શેઅવાના નામની એક સ્ત્રી રહેતી હતી. શહેરની કોઈ મહેફિલ તેના ફીસ્કો ફુજુર (દુરાચાર) વગરની ખાલી રહેતી ન હતી. એક દિવસ શહેવાના પોતાની કનીઝો સાથે બસરાની ગલીઓમાંથી પસાર થઈ રહી હતી. ત્યારે એક ઘરમાંથી ગીરયા (રૂદન)ના અવાજ બલંદ થઈ રહ્યા હતા. શહેવાના કહેવા લાગી “સુબ્હાનલ્લાહ, આટલા બધા રૂદનનો અવાજ કોનો છે ?” તેણે એ રૂદનની હકીકત જાણવા માટે પોતાની એક કનીઝને તે ઘરમાં મોકલી. તે કનીઝ ઘરમાં ગઈ અને ઘણીવાર સુધી પાછી ન ફરી. તેથી, તેણે પોતાની બીજી કનીઝને મોકલી. તે પણ પાછી ન આવી. ત્યારે ત્રીજી કનીઝને

જલ્દી પાછા ફરવાની તાકીદ કરીને મોકલી. ત્રીજી કનીઝ ગઈ અને તાકીદ અનુસાર પાછી ફરી અને શેહવાનાને કહેવા લાગી કે, “આ રૂદનનો અવાજ કોઈના મૃત્યુ પામવાના કારણે નથી પરંતુ જીવતા માણસો ભેગા થઈને રૂદન અને વિલાપ (માતમ) કરી રહ્યા છે. આ રૂદન ગુનેહગારો, બદકારો અને કાળા કૃત્ય કરનારાઓનું રૂદન અને માતમ છે. આ સાંભળીને શહેવાનાની જિજ્ઞાસામાં વૃધ્ધિ થઈ. તેણીએ કહ્યું, “એ કેફિયત જોવા માટે હું પોતે જ જાઉં છું.” જયારે શહેવાના તે ઘરમાં દાખલ થઈ ત્યારે તેણે જોયું કે એક વાએઝ નસીહત કરી રહ્યો હતો. તેની આજુબાજુમાં કેટલાક લોકો

ભેગા થયા હતા. વાએઝ લોકોને અઝાબે ખુદાથી ડરાવી રહ્યો હતો. શહેવાના તે ઘરમાં પ્રવેશી ત્યારે વાએઝ તેની મજલિસમાં કુરઆને મજીદની આ આયતની તફસીર બયાન કરી રહ્યા હતા.

“કયામતના દિવસે જયારે જહન્નમ ગુનેહગારોને દૂરથી જોશે ત્યારે જોશમાં આવી જશે અને તે લોકો તેના જોર શોરનો અવાજ સાંભળશે અને જયારે તે લોકોને સાંકળથી બાંધીને કોઈ તંગ જગ્યામાં નાખી દેવામાં આવશે ત્યારે તે વખતે વાવય્લાની ફરિયાદ બુલંદ કરશે.”

ઉપરના વર્ણનની શેહવાના ઉપર ઊંડી અસર થઈ. તે વાએઝને કહેવા લાગી, “અય શૈખ, હું પણ આ કાળા કૃત્યો કરનારા અને ગુનેહગારો પૈકી એક છું, શું હું તૌબા કરી લઉં તો મારો પરવરદિગાર મને બક્ષી આપશે ? “વાએઝે જવાબ આપ્યો, “બેશક, પરવરદિગાર તને બક્ષી આપશે. ભલેને તારા ગુનાહ શહેવાના જેટલા કેમ ન હોય ?” તેણીએ કહ્યું કે “અય શૈખ, તે શહેવાના હું જ છું અને વાયદો કરૂં છું કે હવે પછી હું કદીપણ ગુનાહ નહીં કરૂં.” વાએઝે કહ્યું, “ખુદા અરહમર રાહેમીન છે. જો તું સારા અમલ કરીશ તો તને બક્ષી દેવામાં આવશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.” શહેવાનાએ

તૌબા કરી પોતાની કનીઝો અને ગુલામોને આઝાદ કર્યા અને ઈબાદતમાં મશગૂલ થઈ ગઈ અને પોતાના ગુનાહોનું નિવારણ કરવા માટે પ્રયત્ન કરવા લાગી. એટલે સુધી કે તેના શરીરનું માસ ઓગળી ગયું અને તે એકદમ વૃધ્ધ અને અશકત બની ગઈ. એક દિવસ જયારે તે પોતાના શરીર વિષે વિચારી રહી હતી કે, પોતાનું શરીર કેટલું નબળું પડી ગયું છે, ત્યારે તેને વિચાર આવ્યો કે, દુનિયામાં શરીરના માંસની આ હાલત છે તો આખેરતમાં તો શું હાલત થશે ? ત્યારે તેને ગૈબમાંથી અવાજ આવ્યો કે વિશ્વાસ રાખ અને આવી જ રીતે મારી

બારગાહમાં બંદગી ચાલુ રાખ એટલે સુધી કે તને કયામતમાં નેક બદલો આપવામાં આવશે.

## ફારસી પંકિતનો અનુવાદ

અમારી રહેમતના દરવાજા ઉપર એવો કોઈ માઅરેફત ખ્વાહ (વિવશ) નથી આવ્યો જે તેના તમામ ગુનાહ માત્ર શરમીંદગીના પૂરથી ધોવાઈ ગયા ન હોય.